ચોથી શ્રેણી

પુસ્તકઃ ૧૬

ગુરૂવાર, તા. ૧૭મી જુલાઇ,૨૦૧૪
આષાઢ ૨૬, ૧૯૩૬ શાકે

થી

મંગળવાર, તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪
આષાઢ ૩૧, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

### સત્તાવાર અહેવાલ
### તેરમી ગુજરાત વિધાનસભા
### ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૧૬)** **ચોથી શ્રેણી**

| વિષય | અ નુ ક્ર મ ણિ કા | પાના નંબર | |
|---|---|---|---|


**તા. ૧૭મી જુલાઇ,૨૦૧૪ / આષાઢ ૨૬, ૧૯૩૬ શાકે** **ઃ ૨૬, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ | ૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૬૫ | ૮૫ |
| બિન સરકારી વિધેયકો | ૮૬ | ૧૦૪ |

**તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૨૭, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૦૫ | ૧૨૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૧ | ૧૭૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૯ | ૧૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૮૧ | ૨૨૧ |

**તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૩૦, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૨૨ | ૨૩૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૯ | ૩૨૦ |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬) | ૩૨૧ | ૩૨૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૩૨૪ | ૩૬૯ |

**તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૩૧, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૭૦ | ૩૮૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૮૪ | ૪૬૨ |
| શોકદર્શક ઉલ્લેખ | ૪૬૩ | ૪૬૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૬૫ | ૪૬૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૬૭ | ૫૧૦ |

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૭મી જુલાઇ,૨૦૧૪**
**આષાઢ ૨૬, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અદ્યક્ષશ્રી વજુભાઇ વાળા અદ્યક્ષસ્થાને**

## અદ્યક્ષશ્રીની જાહેરાત

અદ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, ગઇકાલે મેં જે કહ્યું હતું કે હું રેકર્ડ તપાસી અને પછી વાત કરીશ. સૌથી પહેલાં તો મારે એ કહેવાનું કે, કોઇપણ ધારાસભ્ય બોલતા હોય ત્યારે અદ્યક્ષને ઉદ્દેશીને જ કહેવાનું, આક્ષેપ હોય એવા શબ્દો ના હોય બિન સંસદીય શબ્દ પણ ના હોવા જોઇએ અને શબ્દો બોલતી વખતે તમારી બોડી લેંગ્વેજ છે એ પણ તમારે પ્રોપર રાખવી જોઇએ. ગઇકાલે જે કંઇ રીતે તે બનાવ બન્યો ગુસ્સામાં, આવેશમાં ગમે તે રીતે હોય પણ હું સૌરભભાઇ સહિત તમામને સૂચના આપું છું કે, ભવિષ્યમાં બોડી લેંગ્વેજ છે તે તમે પ્રોપર રાખજો. બીજી જે વાત હતી કે •(xxxxxx)આ પ્રકારના શબ્દો એક પ્રકારનો આક્ષેપ હોઇ એટલે એ પણ હું રેકર્ડ ઉપરથી કાઢી નાંખુ છું. ભાઇશ્રી સૌરભભાઇએ કહ્યું હતુ કે, (xxxxxx) આવું કોઇપણ સભ્યએ બીજા અન્ય સભ્ય માટે થઇને કહેવાનો કોઇ હક્ક અને અધિકાર નથી. ભવિષ્યમાં તમામ લોકો આની પૂરેપૂરી તકેદારી રાખશો અને ત્રીજી વાત છે જે સૌરભભાઇએ કહ્યું હતું કે, (xxxxxx) આ પણ શબ્દનો પ્રયોગ યોગ્ય નથી. એટલે આ ત્રણેય વસ્તુ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. અને ફરીથી કહું છું કે તમામ લોકોએ અદ્યક્ષની સામે જોઇને જ બોલવાનુ છે, સામે પક્ષે જોવાનું નથી. ભવિષ્યમાં આપણુ હાઉસ શાંતિથી અને સુમેળભર્યા વાતાવરણમાં ચાલે અને પોતાના વિચારો બરાબર મક્કમતાથી, લોકશાહી પધ્ધતિથી કોઇપણ બિન લોકશાહી શબ્દો અને આક્ષેપાત્મક શબ્દો વાપર્યા સિવાય તમે તમામ લોકો પૂરેપૂરી કાર્યવાહીમાં ભાગ લો એવી આપને વિનંતી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અદ્યક્ષશ્રી, આપે સાહેબ રૂલિંગ આપ્યું પણ હું તેમાં કહેવા માગુ છું કે, મેં છેલ્લા ઘણાં વર્ષોથી આ વિધાનસભાની અંદર સભ્ય તરીકે અને મંત્રી તરીકે કામગીરી બજાવી છે પણ કોઇપણ સભ્યનું મેં કયારેય અપમાન કર્યુ નથી. આપે જે રૂલિંગ આપ્યું અને ગઇકાલે હું બોલ્યો તેમાં પણ વિરોધપક્ષના નેતા માટે કયારેય કોઇ અપમાનજનક શબ્દો બોલ્યો ના હતો. પરંતુ આ હાઉસની ગરિમા જાળવવી આપણાં સૌની જવાબદારી છે. મારે એટલુ જ કહેવું છે કે, મારો વિરોધપક્ષના નેતાનું અપમાન કરવાનો કયારેય કોઇ ઇરાદો નથી, એ ઇરાદો હતો નહીં, પ્રવચન કર્યુ નથી અને વડિલ વ્યકિત છે અને Constitutional position છે આ મને સંપૂર્ણપણે ઘ્યાનમાં છે એટલે ફરીથી એક વખત કહું કે કોઇ જગ્યાએ એમનું અપમાન કરવાનો મારો કયારેય ઇરાદો હતો નહીં આટલી સ્પષ્ટતા મારે હાઉસના સભ્યશ્રીઓને કહેવાની છે.

## તારાંકિત પ્રશ્નો

**વિજયનગર તાલુકા ખાતે ન્યાયાલયના સ્ટાફ કવાર્ટસનું બાંધકામ**

* ૧૦૭૨૧ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા ખાતે ન્યાયાલયના સ્ટાફ કવાર્ટસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત | (૧) હા, જી. |

• આ શબ્દો માનનીય અદ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૧,૪૬,૯૦,૦૦૦/-.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૨૩-૦૧-૧૪ થી શરૂ કરેલ છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વિજયનગર ખાતે આ જે સ્ટાફ કવાર્ટર્સ બનવાના છે તે કઇ કેટેગરીના છે? અને ન્યાયાલયના સ્ટાફ કવાર્ટર્સ બનાવવાની શું જરૂરિયાત ઉભી થઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિજયનગર તાલુકા ખાતે જે સ્ટાફ કવાર્ટર્સ બનાવવાના છે તે સી કેટેગરીના છ યુનિટ બનાવવાના છે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ન્યાયિક સ્ટાફની પસંદગી મેરિટના આધારે કરે છે. એટલે ગુજરાતના કોઇપણ ખૂણેથી વ્યકિતની તેમાં પસંદગી થઇ શકે છે. વિજયનગર જેવા સ્થાનની અંદર સ્ટાફ માટે સરળતાથી મકાન મળતાં નથી અને ન્યાયિક ક્ષેત્રે સરળતાથી અપડાઉન કરવા માટે તેને પરમિશન મળતી નથી. આ જે સ્ટાફ હોય છે તેને કોઇપણ આરોપીનું ૨૪ કલાકમાં પ્રોડકશન હોય કે સિવિલ લાવવાના સંદર્ભમાં પણ અચાનક કામગીરીની જરૂરિયાત થાય, એટલે એ સ્ટાફ કોર્ટની નજીકના અને ઇજીલી અવલેબલ હોય તો આ પ્રમાણેના સ્ટાફ કવાર્ટર બનાવવાથી તાલુકા મથકે હાજર રહે અને ન્યાયિક પ્રક્રિયાની અંદર સરળતા ઉભી થાય એટલે સ્ટાફ માટે બનાવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિજયનગર એ ટ્રાયબલ તાલુકો છે અને આ વિજયનગર ખાતે કોર્ટ ઘણા સમયથી ચાલે છે ત્યારે આ કોર્ટનું બિલ્ડીંગ બનાવવા માટે રાજય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી અને કામ જો મંજૂર થયેલું હોય તો એ કયા તબકકે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટાફ કવાર્ટર્સ માટેનો સવાલ છે. આ રાજય સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટ દ્વારા રાજય સરકારને જયાં જયાં ન્યાયિક ઇન્ફ્રાસ્ટ્રકચરની આવશ્યકતા હોય એ તમામ આવશ્યકતા પરિપૂર્ણ કરવામાં જયારે નામદાર હાઇકોર્ટ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવશે ત્યારે ઝડપથી એ દિશાની અંદર વિજયનગરના તાલુકા કોર્ટ માટે આગળ વધશું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ કામના ટેન્ડરો કયારે બહાર પાડવામાં આવ્યાં અને આ શા ભાવે કામ આપવામાં આવ્યું, એમાં કેટલી એજન્સીઓ ભાગ લીધો...

અધ્યક્ષશ્રી : આમાં ભાવ અને એ બધુ જુદું જુદું હોય તમે વિગતવાર નહીં પણ ટોટલ માગો. ભાવ એટલે તમે શાના માગો છો? ટેન્ડરના, મજૂરીના શાના માગો છો?

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ પૂછું છું અને આ કામના ભાવનું પૂછું છું અને આ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની વાત પ્રમાણે આ કામના ટેન્ડર તા.૧૮-૯-૨૦૧૩ના રોજ પાડવામાં આવ્યા, એમાં કુલ બે પાર્ટીઓએ ભાગ લીધો અને એમાં મૂળ અંદાજિત ટેન્ડરની કિંમત ૧.૬૪ કરોડ રૂપિયાની હતી અને બંને કામનું ટેન્ડરીંગ કર્યું, સીવીલ જજના કવાર્ટર સાથેનું એમાં ૧૬.૪૩ લાખની કિંમત ઓછી આવી છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ ટેન્ડર..

અધ્યક્ષશ્રી : એ તો ઓછા ભાવને આપવાની પધ્ધતિ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું એ પ્રમાણે ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીમાં આ કામ પૂર્ણ થવાનો અંદાજ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સી કેટેગરીના છ કવાર્ટર બનાવવાના છે ત્યારે આ કવાર્ટરની કામગરીની વાત એમણે કહી કે, ૨૦૧૫માં પૂર્ણ કરવામાં આવશે પણ એમાં ટોટલ ખર્ચો કેટલો થવાનો છે? કારણ કે અત્યારે એમણે ૧,૪૬,૯૦,૦૦૦/- રૂપિયાની રકમ ફાળવી છે તો ૨૦૧૪-૧૫માં કોઇ વધારાની રકમ ફાળવી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હા, ૨૦૧૫માં રકમ ફાળવેલી છે અને મેં અગાઉ એની વાત કરી એ પ્રમાણે આ ટેન્ડર ૧.૪૮ કરોડનું થયેલું, એમાં ૯.૯૮ ટકા જેટલો ઘટાડો થયો છે અને આ ટેન્ડરની અંદર સિવિલ જજના કવાર્ટરનું ૩૧.૪૦ લાખ રૂપિયાનો પણ આની અંદર સમાવેશ થાય છે.

**વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ**

* ૧૦૭૦૦ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૧,૮૫,૬૦,૯૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) જમીનની ફાળવણી થયેથી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી ત્વરીત શરુ કરવામાં આવશે. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વાપી ખાતે જે કોર્ટ ચાલે છે એ કાયમી કોર્ટ છે કે કેમ્પ કોર્ટ છે? જો એ કેમ્પ કોર્ટ હોય તો કયારે કાયમી કરશો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વાપી ખાતે જે કોર્ટ ચાલે છે એમાં એક કોર્ટ કેમ્પ કોર્ટ છે અને આ એક કોર્ટ કાયમી કરવા ચાલુ વર્ષના નાણાકીય બજેટની અંદર નવી બાબત તરીકે સૂચવવામાં આવેલ છે, જે મંજૂર થયે આ કેમ્પ કોર્ટને કાયમી કોર્ટની અંદર પરિવર્તિત કરવામાં આવશે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોના બાંધકામ માટે જે ટેન્ડરો આવ્યાં એમાં બીલો ટેન્ડર કેટલાં આવ્યા અને એબાઉ ટેન્ડર કેટલા આવ્યા? એમાંથી બીલો ટેન્ડરને મંજૂર કરવામાં આવ્યું છે કે એબાઉને કરવામાં આવ્યું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ટેન્ડર સંદર્ભમાં તાંત્રિક મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલે છે અને તાંત્રિક મંજૂરી મળ્યા બાદ ડીટીપી મંજૂર કર્યા બાદ ટેન્ડરની પ્રોસેસ કરવામાં આવશે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વાપી ખાતે આ ટેન્ડરો કયારે બહાર પાડવામાં આવેલ છે અને આ કામ કયારે શરૂ કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કામમાં સરકારશ્રી દ્વારા તા.૨૯-૫-૨૦૧૪થી રૂ. ૧,૮૫,૬૦,૯૦૦/-ની વહીવટી મંજૂરી આપી છે અને વહીવટી મંજૂરી આપ્યા બાદ આ ટેન્ડરની પ્રક્રિયા હવે હાથ ઉપર ધરવામાં આવશે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : હું જાણવા માગું છું કે સરકાર જે લોએસ્ટ ટેન્ડર હોય એના જ ભાવ મંજૂર કરે છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે લોએસ્ટ ટેન્ડર હોવાને કારણે માનો કે ૧ કરોડનું કામ હોય અને ૧૦ ટકા ઓછા ભાવનું ટેન્ડર હોય તો  તો એ કવોલીટીનું કામ કરતા નથી કારણ કે જે તે સમયે ૨૦૧૩-૧૪ ના બજેટમાં એની જોગવાઇ કરી હોય અને ૨૦૧૪-૧૫ માં કામ કરે તો ભાવ ડિફરન્સ તો વધતો જવાનો જ છે. તો આ લોએસ્ટ ટેન્ડર ભાવથી કામ સારું કેવી રીતે કરી શકશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : રાજય સરકાર દ્વારા જુદા જુદા ટેન્ડર મંજૂર કરવા માટેની પ્રક્રિયા છે. સમગ્ર ગુજરાતમાં જે કોર્ટનાં મકાનો થાય છે એ ઉત્તમ પ્રકારનાં મકાનો થાય છે. આ પ્રમાણેની કોઇ ગેરરીતિ કે કામની ગુણવત્તાના સંદર્ભમાં કયારેય કોઇ પ્રશ્ન  આવ્યો નથી.

શ્રી રમણલાલ ના. પાટકર : વાપી એ વિશ્વની એક ઔદ્યોગિક નગરી છે અને એને તાલુકાનો દરજ્જો મળ્યો છે. તો ન્યાય માટે ખૂબ જ મુશ્કેલી પડતી હતી. તો મારે એ જાણવું છે કે કોઇપણ આ ન્યાયિક કોર્ટના અધિકારીઓ માટે આવાસો બાંધવાનો આ કેમ્પ થયો છે એ કોર્ટને કાયમી આપવાથી શું ફાયદો થશે એ જાણવું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આ વાપી એ ઔદ્યોગિક રીતે બહુ ઝડપથી પ્રગતિશીલ થતો તાલુકો છે અને એના કારણે આ સરકારનો એક અભિગમ છે કે લોકોને સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે એ માટે જરૂરી આનુષંગિક ઇન્ફ્રાસ્ટ્રકચર અને જરૂરી કોર્ટોની સ્થાપના કરવાનો અભિગમ છે અને એ અભિગમ પ્રમાણે કેમ્પ કોર્ટ હોય ત્યાં જે કેસો ચાલતા હોય એ કેસો દાખલ કરવા માટે પક્ષકારોને જિલ્લા મથકે જવું પડે છે અને તે જ રીતે કેમ્પ કોર્ટમાં જે નાણાં જમા થાય...

અધ્યક્ષશ્રી : આમાં તો આવાસોનો સવાલ હતો એના બદલે કોર્ટ ઉપર આવી ગયા? જે પ્રશ્ન પૂછયો હોય એના વિષે જ જવાબ આપો, નહીંતર ઘણી સમસ્યા ઉભી થાય છે. જે પ્રશ્ન પૂછયો હોય એને લગતો જ જવાબ આપો.

**વ્યારા તાલુકા ખાતે કોર્ટ બિલ્ડીંગને જિલ્લા કક્ષાની કોર્ટમાં તબદીલ કરવા બાબત**

* ૧૦૭૧૭ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકા ખાતે કોર્ટ બિલ્ડીંગને જિલ્લા કક્ષાની કોર્ટમાં તબદીલ કરવા અંગેના વિસ્તરણના કામને નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) વ્યારા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે રૂ.૫,૫૫,૦૧,૧૦૦/-અને બે નંગ લીફ્ટના કામ માટે રૂ.૨૫,૨૭,૧૯૩/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ અને ત્યાર બાદ રૂ.૬,૯૯,૬૨,૫૮૧/- ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૬-૦૨-૨૦૧૩ થી શરૂ કરીને તા.૫-૦૨-૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. |

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : મારે જાણવું છે કે વ્યારા ખાતે કઇ કક્ષાના કેટલા જજ સાહેબ છે? નવી કેટલી કોર્ટનું વિસ્તરણ શા માટે કરવાનું છે અને આ નવી કોર્ટો થવાથી પ્રજાને શું ફાયદો થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : વ્યારા ખાતે પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની ૧, એડીશનલ ડિસ્ટ્રીકટ સેશન્સ જજની ૧, પ્રિન્સીપલ સિવિલ જજની ૧, ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટની ૧, સિવિલ જજ અને જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની ૪ એમ કુલ ૮ જગ્યા સાથે આ કોર્ટ કાર્યરત છે. તાપી જિલ્લો જાહેર થતાં જિલ્લા કક્ષાની કોર્ટની કામગીરી કરવાની હોવાથી હાલની કોર્ટ જિલ્લા કોર્ટ ખાતે તબદીલ કરવાની થાય છે. એટલે જૂની ૪ અને નવી ૮ એમ કુલ ૧૨ કોર્ટોનો સમાવેશ થાય છે અને એના કારણે ત્યાં વ્યારા મથકે આટલી આટલી સુવિધાઓ ઉભી કરવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : મારે જાણવું છે કે વ્યારા તાલુકા ખાતાના આ કામનાં ટેન્ડરો કયારે બહાર પડવામાં આવેલ હતાં, એમાં કુલ કેટલી એજન્સીઓ ભાગ લીધો હતો અને આ કામ શા ભાવે આપવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : વ્યારા તાલુકા ખાતેનાં આ કામ અંગે તા. ૨૮-૮-૨૦૧૨ ના રોજ ટેન્ડર બહાર પડવામાં આવેલ હતાં અને એમાં કુલ ત્રણ એજન્સીઓએ ભાગ લીધો હતો અને આ કામ રૂ. ૪,૮૩,૦૫,૦૫૭ ની કિંમતે એક યોગેશ કન્સ્ટ્રકશન કંપનીને, સૂરતને આપ્યું છે અને એ ટેન્ડરની મૂળ કિંમતના ૪.૭૭ ટકા ઓછું એટલે કે રૂ. ૨૪,૦૦,૩૮૦ ની ઓછી રકમથી આપવામાં આવ્યું છે. આ કામ

ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ પૂર્ણ થયેલ છે અને આ સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે આવડું મોટું કામ ફકત એક જ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરીને કોર્ટને હવાલે કરવામાં આવ્યું છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ટેન્ડર મંજૂર થયા પછી વહીવટી સુધારેલ ખર્ચને મંજૂરી આપવાના કારણો શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટનું નવું બિલ્ડીંગ છે, કોર્ટનું બિલ્ડીંગ બનાવતી વખતે ત્યાંના નામદાર ડિસ્ટ્રીકટટ જજને તેમના સંદર્ભમાં નાના મોટા સુધારા જે તે વખતે ઘ્યાનમાં આવે તો તેના આધારે આગામી દિવસોમાં વધારે સારી સુવિધા ઉપલબ્ધ થાય તેના માટે નાના સુધારા કરવામાં આવે છે અને તેના કારણે રીવાઇઝ પ્લાનને મંજૂરી આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, બે લીફટનો ખર્ચ ૫ કરોડ ૫૫ લાખ થયો, ત્યારબાદ ૨૫ લાખ રૂપિયા વહીવટી મંજૂરી પેટે થયો, અને ત્યારબાદ સુધારેલી વહીવટી મંજૂરી ૬ કરોડ ૯૯ લાખ રૂપિયા છે, એટલે આ બિલ્ડીંગનો ટોટલ ખરેખર ખર્ચ કેટલો થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, છાપેલા જવાબમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે ૫,૫૫,૦૧૧૦૦ (પાંચ કરોડ, પંચાવન લાખ એક હજાર અને એકસો). ઉપરાંત બે લીફટના કામ માટે ૨૫,૨૭,૧૯૭ ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે, આમાં મૂળ બાંધકામ અને લીફટ એ બન્ને અલગ અલગ છે અને એમાં લોએસ્ટ બીડર હતા તેમણે ૪.૮૪ કરોડનું બાંધકામ માટેનું બીડ કર્યું હતું. એટલે ૪.૪૭ ટકા મૂળ ટેન્ડર કરતા ઓછા ભાવે આ કામ પૂર્ણ કરવામાં આવશે.

**વડગામ ખાતે ન્યાયતંત્રના કર્મચારીઓ માટે આવાસોનું બાંધકામ**

* ૧૦૭૨૩ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ ખાતે ન્યાયતંત્રના કર્મચારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૩,૦૯,૩૧,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી ત્વરીત શરુ કરવામાં આવશે. |

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડગામ ખાતે આ ન્યાયતંત્રના કોર્ટના આવાસો બનાવવા જઇ રહ્યા છીએ એમાં ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા અને કેટલી એજન્સીઓએ એમાં ભાગ લીધો અને શા ભાવે આ કામ આપવામાં આવ્યું છે અને કોનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે? અને આ કામ કયારે પૂરું થવાનું છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગીથી મારે વધારાનો પ્રશ્ન એ પૂછવો છે કે જયારે કોર્ટ બને છે અને કોર્ટ બની ગયા પછી કાર્યરત થઇ જાય છે ત્યાર પછી બે ત્રણ વર્ષ પછી તેના ન્યાય તંત્ર માટેના આવાસો બને છે. એટલે હાઇકોર્ટમાં કહીને એવી કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે જેથી કોર્ટના બિલ્ડિંગની સાથે જ આવાસો પણ બની જાય તેવું કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું એમાં વડગામ ખાતે ૩૦–૧૧–૨૦૧૩ના રોજ ટેન્ડર બહાર પાડવામાં આવેલ, ૩ એજન્સીઓએ ભાગ લીધેલો, પસંદ થયેલા બીડર પૈકી જી. પી. ચૌધરીને ૨.૭૫ કરોડની કિંમતે આ કામ આપવામાં આવેલ છે. એટલે મૂળ કિંમત કરતા ૬૯.૭૯ લાખ નીચા ભાવે કામ કરવામાં આવ્યું છે. આ કામના ટેન્ડર મંજૂર થયા બાદ કામગીરી ટેન્ડરની સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવનાર છે. માનનીય સભ્યશ્રી જગરુપસિંહે કહ્યું કે કોર્ટની સાથે જ તેના આવાસો પણ બનવા જોઇએ, પણ આ આખી પ્રક્રિયા એવી છે કે નામદાર હાઇકોર્ટના આદેશ પ્રમાણે ડિસ્ટ્રીકટટ જજ કલેકટર સાથે સંકલન કરીને જે તે જગ્યા પસંદ કરતા હોય છે, અને તે પસંદ કરેલી જગ્યામાં

કોર્ટ કેમ્પસ ઉપરાંત ન્યાયીક સ્ટાફ ક્વાર્ટર માટેની એક સાથે જરૂરી જગ્યા ઉપલબ્ધ થાય અને તે પ્રમાણે પ્રપોઝલ આવે તો આ રાજય સરકાર માને છે કે કોર્ટ બિલ્ડીંગ અને રહેઠાણ એક જ જગ્યાએ હોવા જોઇએ. અને નામદાર હાઇકોર્ટ દ્વારા આ પ્રમાણે એક સાથે કરવાની પ્રપોઝલ આવશે તો આપણે તમામ વ્યવસ્થા એક સાથે કરવા તૈયાર છીએ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ન્યાયતંત્રના કર્માચારીઓના આવાસો જે તાલુકામાં કોર્ટો કાર્યરત છે ત્યાં બનાવવાના બાકી છે એ આવાસો તથા જયાં ન્યાયતંત્રની તાલુકા કક્ષાએ કોર્ટો મંજૂર થયેલ છે ત્યાં કોર્ટોના મકાનો નથી તો એ આવાસો અને મકાનો કયારે બનાવવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અગાઉ પણ કહ્યું તેમ નામદાર હાઇકોર્ટ દ્વારા જયારે જયારે આવી પ્રપોઝલ આપવામાં આવશે ત્યારે આ રાજય સરકાર એના સંદર્ભમાં જરૂરી વહીવટી મંજૂરી આપીને આગળની પ્રક્રિયા હાથ ધરશે.

**પાટણ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ**

* ૧૦૭૪૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં પાટણ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૧,૮૮,૭૨૮. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૧,૮૮,૭૨૮ વિદ્યાર્થીઓને રૂા.૫૪૬.૩૨ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) એક પણ નહીં. |

શ્રી નાગરજી હ. ઠાકોર : પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી ચૂકવવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે શિષ્યવૃત્તિમાં ચાલુ વર્ષે સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ, જો હા, તો કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ૩૧–૩–૧૪ની સ્થિતિએ રાધનપુર તાલુકામાં ૨૪૮૦૯ અરજીઓ મળી હતી અને એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જયારે એની પાછળ ૭૨.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે આ શિષ્યવૃત્તિમાં કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ, અગાઉ શિષ્યવૃત્તિ ધોરણ ૬ થી ૮ની કન્યાઓને ૨૫૦ રૂપિયા આપવામાં આવતી હતી એમાં બીજા ૫૦૦ નો વધારો કરીને રૂપિયા ૭૫૦ કરવામાં આવી છે. એ જ રીતે ધોરણ ૯ થી ૧૦ની કન્યાઓને ૪૦૦ રૂપિયા આપવામાં આવતા હતા એમાં બીજા ૩૫૦નો વધારો કરીને હવે રૂપિયા ૭૫૦ કરવામાં આવ્યા છે. આમાં ૬ થી ૧૦ ની માત્ર કન્યાઓ માટે આ શિષ્યવૃત્તિમાં ચાલુ વર્ષે વધારો કરવામાં આવેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં ૨૫૦ રૂપિયા તથા ૪૦૦ રૂપિયા આપતા હતા એમાં વધારો કરીને ૭૫૦ રૂપિયા કર્યા છે. અહીંયા જવાબમાં જણાવેલ છે એ મુજબ ૧,૮૮,૭૨૮ વિદ્યાર્થીઓને રૂપિયા ૫૪૬.૩૨ લાખની શિષ્યવૃત્તિ ચૂકવેલ છે. આમાં વિદ્યાર્થીઓની સંખ્યાને રકમ સાથે ભાગીએ તો ૨૮૯ રૂપિયા લેખે એક બાળકને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. આપની ચોપડીમાં છાપવામાં આવેલ છે. સન ૨૦૧૪માં ૪૫૦ અને ૬૫૦ આપવામાં આવ્યા છે તો ઓછા આપવાના કારણો શું?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય સભ્યશ્રીને જણાવું કે આ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ છે એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને આપવામાં આવતી હોય છે. એનો હિસાબ જુદો હોય

છે અને ભારત સરકાર તરફથી પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ આપવામાં આવતી હોય છે એના ધોરણો જુદા હોવાને કારણે આ સહાયમાં તફાવત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સન ૨૦૧૪–૧૫ની બૂક છે એની ઝેરોક્ષ પણ મારી પાસે છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : મારે માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જે અતિ પછાત જ્ઞાતિ છે એવી ૨૪ જ્ઞાતિઓને અલગ રીતે પસંદ કરવામાં આવી છે. એ ૨૪ જ્ઞાતિને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે એના ધોરણો જુદા હોય છે. આ ૨૪ જ્ઞાતિઓને વધારે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : પાટણ જિલ્લાના પાટણ તાલુકામાં ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરી અને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : મેં અગાઉ પણ સ્પષ્ટ જણાવેલ છે. પાટણ જિલ્લાની અંદર જે અરજીઓ આવી છે એ તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. પાટણ તાલુકામાંથી ૫૭૯૧૯ અરજીઓ આવી હતી એ બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એના માટે ૧૭૦.૪૬ લાખની ચૂકવણી પણ કરી દેવામાં આવેલ છે.

**આહવા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીના નિવાસનું બાંધકામ**

* ૧૦૭૦૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લાના આહવા તાલુકા ખાતે ન્યાયિક અધિકારી નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૪,૨૨,૪૨,૯૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૦૪–૦૩–૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં ૪ કરોડ ૨૨ લાખ રૂપિયા ન્યાયિક અધિકારીઓને રહેવા માટેના મકાનો ડાંગ જિલ્લામાં બનવાના છે. ડાંગ જિલ્લો એ ખૂબ જ હરિયાળી વનથી ભરાયેલો છે. એટલે સરકારી અધિકારીઓને ત્યાં રહેવા માટેની વ્યવસ્થા કરી આપવી પડે એ અભિગમ સરકારે રાખ્યો છે તેને હું આવકારું છું. ડાંગ જિલ્લામાં ૪ કરોડ ૨૨ લાખના ખર્ચે કવાર્ટર બને છે તે બનાવવાની જરૂરિયાત શા માટે ઉભી થઇ? કેટલા મકાનો બનવાના છે? કઇ કઇ કેટેગરીના બનવાના છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ સરકારે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને ડાંગ જેવા જિલ્લામાં પણ સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ થાય એ પ્રમાણે ડાંગ જિલ્લો જાહેર કર્યો અને ડાંગ જિલ્લા પછી રેવન્યુની સાથે સાથે ન્યાયિક જિલ્લો પણ જાહેર કરેલ છે અને ન્યાયિક જિલ્લો જાહેર થાય તેની સાથે સરકાર દ્વારા ડિસ્ટ્રીકટ કોર્ટની સ્થાપના માટે પણ જોગવાઇ કરેલ છે. ડિસ્ટ્રીકટટ કોર્ટની જોગવાઇ થાય એટલે ત્યાં પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટટ એન્ડ સેશન્સ જજ, એડિશનલ ડિસ્ટ્રીકટટ જજ, પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ, ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, સિવિલ જજ અને જી.એમ.એફ.સી. આ પ્રમાણેની જગ્યાઓની પણ આવશ્યકતા થાય છે. આ જગ્યાઓ ઉપર ફરજ બજાવતા ન્યાયિક અધિકારીઓ માટે નિવાસની વ્યવસ્થા પણ આવશ્યક છે. આહવા ખાતે કુલ ૬ કોર્ટની જોગવાઇ કરી છે. આ જોગવાઇને લઇ, આહવા ખાતે ન્યાયાધિશો અને સ્ટાફ એમ કરીને કુલ ૮ કવાર્ટર્સ મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડાંગ જિલ્લાનો આહવા તાલુકો આદિવાસી વિસ્તાર છે. જયાં ન્યાયિક અધિકારીઓ માટે નિવાસ માટે રૂપિયા સવાચાર કરોડ જેવી માતબર રકમ વાપરવામાં આવનાર છે. આદિવાસી તાલુકામાં જેમ ડોકટર જતાં નથી તેમ ન્યાયિક અધિકારીઓ જશે કે કેમ, કે મકાનો ખાલી રહેશે એ હું જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા જયારે નામદાર હાઇકોર્ટ દ્વારા જયારે કોઇ પણ નવી કોર્ટની સ્થાપનાની મંજૂરી માગવામાં આવે અને એ નવી કોર્ટની સ્થાપનાની સાથે જરૂરી ન્યાયાધિશ અને સ્ટાફનું જે મહેકમ તેની મંજૂરી માગવામાં આવે તો રાજય સરકાર દ્વારા આ જરૂરી મહેકમને મંજૂર કરવાનું કામ રાજય સરકારનું છે. આ મંજૂરી મેળવ્યા બાદ નામદાર હાઇકોર્ટના પરામર્શમાં તેમના સ્ટાફ રીક્રુટમેન્ટ સેલ દ્વારા તેમાં જરૂરી ભરતી કરવામાં આવે છે અને નામદાર હાઇકોર્ટ દ્વારા સ્ટાફ રીક્રુટમેન્ટ સેલ દ્વારા જે માનવસંપદા જોઇએ તે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે છે એટલે આ પ્રમાણેના જે નિયુકત કરેલા જજો હોય એટલે ગુજરાતની જયુડિશિયરી સેવામાં તકલીફ પડતી નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ ન્યાયિક અધિકારીના નિવાસસ્થાન આહવા તાલુકા ખાતે છે એ કામનું ટેન્ડર કયારે બહાર પડવામાં આવેલ અને તેમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધેલ છે અને બીજો પ્રશ્ન છે કે આ કામ છે એ શા ભાવે કઇ એજન્સીને આપવામાં આવેલા? તે ટેન્ડર કરતા વધારે રકમ હતી કે ઓછી રકમ હતી? અને આ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આહવા તાલુકા ખાતેનું આ કામનું ટેન્ડર તા. ૭-૨-૨૦૧૪ના રોજ બહાર પાડવામાં આવેલ. ત્યાં બીજી કોઇ એજન્સીઓએ બહુ રસ દાખવ્યો નહોતો. તેમાં માત્ર એક જ એજન્સીએ ભાગ લીધો હતો. આ કામ ૩,૯૧,૨૫,૭૨૮ની કિંમતે દિવ્યેશ બિલ્ડર-રાજકોટને આપવામાં આવ્યું છે. ડી.ટી.પી.ની કિંમત કરતા ૬,૩૩,૮૯૩ની ઓછી રકમનું ટેન્ડર થયેલ. એટલે ૧.૬૧ ટકાનો તફાવત આવેલ છે અને આ કામ ફેબ્રુઆરી-૨૦૧૫ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, માનીનય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ન્યાયિક અધિકારીના નિવાસ અને કોર્ટ બિલ્ડીંગ એ બંને સંલગ્ન છે. આ સભાગૃહના સભ્યશ્રીએ કીધું કે કોર્ટ બિલ્ડીંગ થયા પછી ન્યાયિક અધિકારીના નિવાસ બનાવવા જોઇએ તો ડાંગ જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ માટે ૨ વર્ષથી જમીનની માગણી કરેલ છે હજી સુધી જમીનની માગણી સંતોષાઇ નથી તે પહેલા ન્યાયિક અધિકારીનું બિલ્ડીંગ બનાવવાનું કામ મંજૂર થયું છે તો એની સાથેસાથે એ જમીનની માગણી સંતોષાય અને પછી આ કામ શરૂ કરવામાં આવે તો બન્ને સાથે થાય એવું કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં આહવા તાલુકામાં આ કોર્ટ ચાલુ છે અને આહવા તાલુકાના ન્યાયિક અધિકારીઓ માટેના કવાર્ટર છે. આ ડાંગ અને જે જંગલ વિસ્તારમાં આવેલા જિલ્લાઓમાં જમીન મેળવવી એ અત્યંત જંગલનો અને ફોરેસ્ટનો વિસ્તાર હોવાના કારણે અત્યંત અઘરું પડે છે એના માટે ડાંગ જિલ્લાના કયા સ્થાન માટે માનનીય સભ્યશ્રીએ કોર્ટની જમીન માટેની પ્રક્રિયા બાકી છે એ મારા ધ્યાનમાં નથી. આના માટેની જમીન અંગેનો કોઇ મુદ્દો હશે તો સરકાર એમાં સરળતાથી, ઝડપથી એ જમીન ઉપલબ્ધ થાય એના માટે પ્રયત્નો કરશે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આ ટેન્ડરની અંદર ફકત એક જ ટેન્ડર આવ્યું હતું. એલ.૧ની અંદર લોએસ્ટ હોવાને કારણે મંજૂર કરવામાં આવ્યું છે. તો એલ.૧ એક જ જો ટેન્ડર હતું તો સરકારના કોઇ નીતિ નિયમો છે કે એની સાથે નેગોસિએશન કરેલું હોય અને નેગોસિએશન કરવા માટેની કોઇ પદ્ધતિ છે કે કેમ? બીજો એક પ્રશ્ન કે આ ટેન્ડરની અંદર અંદાજીત રકમ જે મંજૂર થઇ છે અને વધારાનું જે કામ કરશે એની અંદર કેટલા ટકા સુધી વધારાના પેમેન્ટ કરશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જયારે ટેન્ડર મંગાવવામાં આવે અને એક જ બીડર બીડ કરે તેવા સંજોગોમાં આવા બીડરનું ટેન્ડર સામાન્ય રીતે જે ઓથોરીટીને તે મંજૂર કરવાની સત્તા હોય તેનાથી એક સ્ટેજ ઉપરની ઓથોરીટી તેને મંજૂરી આપી શકે છે. રાજય સરકારના નિયમ પ્રમાણે આ કામ કરવામાં આવ્યું છે. વધારાના કામ માટે કોઇ માગણી મૂકવામાં આવી નથી.

અધ્યક્ષશ્રી : આમાં ૪-૩-૧૪ થી શરૂ કર્યુ છે હવે પછી વધારાનું કામ થશે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અંદાજીત એસ્ટીમેટ થયો છે, અંદાજીત એસ્ટીમેટ મુજબ વધારાનું કામ થાય તો સરકાર કેટલા ટકા સુધી ચૂકવી શકે? આ અંદાજીત એસ્ટીમેટ છે. આ ફાઇનલ એસ્ટીમેટ હોતું નથી તો કેટલા ૫ ટકા, ૧૦ ટકા , ૧૫ ટકા, કેટલા ટકા સુધી હોય?

અધ્યક્ષશ્રી : ટેન્ડર આવી ગયું હોય એટલે ફાઇનલ રકમ હોય. એની અંદર એકસેસ કામ કરાવે તો એના ભાવ નકકી હોય, સરકારના નોર્મસ પ્રમાણે જ આપે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ફાઇનલ નહીં અંદાજીત એસ્ટીમેટ હોય એના કરતા વધારે કામ થાય તો ૫ ટકા, ૧૦ ટકા એ પ્રમાણે ચૂકવવાનું હોય છે.

અધ્યક્ષશ્રી : આ ન્યાય માટેનો પ્રશ્ન છે તમે બાંધકામનો પૂછો છો આ જુદો સવાલ છે . ન્યાયતંત્ર માટે મકાન બાંધે એ બાંધકામવાળા બાંધે, એ એની પ્રોસીઝર પ્રમાણે બાંધે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ટેન્ડર છે અને ટેન્ડર પ્રમાણેનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : જે ટેન્ડર આપે ને એ કોર્ટના જજને ખબર ના હોય રેતી, ચૂના સીમેન્ટનો શું ભાવ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ તો કમિટી નકકી કરતી હોય, ટેન્ડર તો કમિટી નકકી કરે અને કમિટીને અધિકાર હોય છે. એની સાથે નેગોશીએસન પણ સરકારના હિતમાં કરી શકે. એલ.વન સાથે સરકારના હિતમાં નેગોસિએશન કરી શકે.

અધ્યક્ષશ્રી : એવું ના હોય, ભાઇ, તમારા જ્ઞાનમાં છે આવું કંઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછયું ટેન્ડર પ્રક્રિયાની મંજૂરીની સત્તા કોને આપવામાં આવે છે અને કેટલી રકમની આપવામાં આવી છે, એમાં ૨૫ લાખ સુધીની સત્તા કાર્યપાલક ઇજનેરને આપવામાં આવી છે. ૨૫ લાખથી ૧ કરોડ સુધીની અધિક્ષક ઇજનેરને આપવામાં આવી છે. અને એક કરોડથી ૫ કરોડ સુધીના મુખ્ય ઇજનેર માર્ગ મકાનને આપવામાં આવી છે અને ૫ કરોડથી ઉપરના કામની સત્તા રાજય સરકારને આપવામાં આવી છે. આ કામની અંદર કોઇ રીવાઇઝની માગણી કરવામાં આવેલી નથી.

**બારડોલી તાલુકા ખાતે નવી કોર્ટનું બાંધકામ**

* ૧૦૭૬૮ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકા ખાતે નવી કોર્ટના બાંધકામ માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે? | (૨) તા. ૧૭–૧૨–૨૦૧૧ ના રોજ રૂા.૫,૮૪,૨૯,૦૦૦/-ની અને ત્યાર બાદ તા.૧૬–૦૭–૨૦૧૩ ના રોજ રૂા.૬,૫૦,૮૨,૩૦૮/- ની સુધારેલી મંજૂરી આપવામાં આવેલ છે. |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, બારડોલીખાતે એડિશનલ, ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્શ જજશ્રીની કેમ્પકોર્ટ ચાલે ચાલે છે તેને કાયમી કરવા માટે કાંઇ વિચારણા કરેલી છે કે કેમ? અને આનાથી પ્રજાને શું ફાયદો થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલી ખાતે ૬ કરોડ ૫૦ લાખના ખર્ચે જે વ્યવસ્થા થવાની છે એમાં મને આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે આ એડિશનલ, ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્શ જજશ્રીની કેમ્પકોર્ટ ચાલે છે, એ કેમ્પકોર્ટને ચાલુ સાલે નવી જોગવાઇ કરીને એને કાયમી કોર્ટ કરવા માટે આ રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. સમગ્ર રાજયની અંદર અંજાર, મહુવા, દિયોદર, વાંસદા અને ઇડર, એના ઉપરાંત બારડોલી ખાતે પણ આ કેમ્પકોર્ટને કાયમી કોર્ટ કરવાનો આ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ ૨૯ દિવસની કેમ્પકોર્ટ છે એની જગ્યાએ કાયમી કોર્ટ થતાં તે જગ્યાએ કેસો દાખલ થાય છે એટલે પક્ષકારોને કેસો દાખલ કરવા માટે જિલ્લા મથકે જવું પડતું નથી અને અનેક સિવિલ દાવાઓની અંદર નાણાં ઉપાડવાના હોય છે એ નાણાં પણ એ કોર્ટમાંથી જ ઉપાડી શકશે. એટલે બારડોલીના લોકોને ન્યાય લેવા માટે જિલ્લા મથકનું આખું ટ્રાન્સપોર્ટેશન, સમય એ અટકી શકે એટલે કેમ્પકોર્ટ કાયમી કોર્ટ કરવાના કારણે અનેક ફાયદાઓ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે અગાઉ બારડોલી ખાતેના સેશન્સ કેસો તથા સિવિલ કેસોની અપીલ કઇ કોર્ટમાં ચાલતી હતી અને હાલ ક્યાં ચાલે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી બારડોલી ડિવિવઝનના સેસન્શ કેસો તથા તેના સિવિલ કોર્ટની અપીલો જે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં થઇ શકે તે વ્યારાખાતે એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજશ્રીની કોર્ટમાં દાખલ થતી પરંતુ રાજ્ય સરકારના સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળી શકે તે માટે આને અલગ ન્યાયિક જિલ્લો જાહેર કરતા હવે સુરત જિલ્લા મથકે તબદીલ થયેલ, પરંતુ ઉપરોક્ત કેસોમાં જે પક્ષકારો વ્યારા જતા ત્યારબાદ તેઓને જિલ્લા મથક સુરત જવું પડતું હતું તેના સ્થાને આ પક્ષકારોને બારડોલીની અંદર ન્યાય મળી શકશે, જેથી એમના નાણા અને સમય એ બંનેનો બચાવ થશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, એસ.ટી. અરજદાર હોય અને બી.પી.એલ. યાદીમાં હોય એમને કોર્ટફીમાંથી મુક્તિ આપવામાં આવે છે પણ સરકારશ્રીના ૨૦૧૩ પછી એવો કોઇ પરિપત્ર થયો નથી એના કારણે એસ.ટી. અરજદાર જે બી.પી.એલ. હોય એને કોર્ટફી હાલ ભરવી પડે છે તો આવો પરિપત્ર રદ કરવામાં આવેલ છે કે કેમ? કે પરિપત્ર નીમ થયેલ છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો બારડોલી સાથે આનુષંગિક પ્રશ્ન નથી. કાયદા વિભાગની માગણીના જવાબ વખતે એમનો હું જવાબ આપીશ.

શ્રી વાસણભાઇ  ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કીધું તેમ અંજાર ખાતે બેસતી કેમ્પકોર્ટને કાયમી કરવાનું મંજૂર કરવામાં આવ્યું છે તો આનું જે મહેકમ મંજૂર થાય છે એના માટે આ વખતે ૨૦૧૩-૧૪ના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે કે કેમ?

પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,

**અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલયો**

* ૧૧૮૦૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા સરકારી કુમાર છાત્રાલયો કાર્યરત છે, | (૧) ૧. |
| (૨) ઉક્ત છાત્રાલયોમાં કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૭૫. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૩) ૭૫. |
| (૪) છાત્રાલયમાં શી સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી કુમાર છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો, બુકબેંક, સામાયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગુ છું કે, અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલય અમરેલી જિલ્લામાં એક મંજૂર કરેલ છે અને શરૂ છે અને એમાં ૭૫ વિદ્યાર્થીઓ અનુસૂચિત જાતિના ભરતી કરવામાં આવેલા તો આ યોજના કયારથી શરૂ કરવામાં આવી? અને એક વિદ્યાર્થીદીઠ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ  અને આ છાત્રાલયમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૧૯૫૬–૫૭થી ચાલુ છે. અમરેલી ખાતે કુમાર છાત્રાલયમાં કુલ ૭૫ વિદ્યાર્થીઓની સભ્ય સંખ્યા છે. આ ૭૫ વિદ્યાર્થીઓ પાછળ થનાર તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલીમાં અનુસૂચિત જાતિના જે કુમાર છાત્રાલયો છે એ ૧૯૫૬ થી કાર્યરત છે અને તેમાં ૭૫ વિદ્યાર્થીઓ છે તો આટલા વર્ષો સુધી એક જ કુમાર છાત્રાલય છે તો બીજા કુમાર છાત્રાલય ત્યાં મંજૂર કરી અનુસૂચિત જાતિના લોકોને વધારે મદદરૂપ થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછયું કે આ યોજના કયારથી અમલમાં છે? આ યોજના ત્યારથી અમલમાં છે. આ છાત્રાલય ૧૯૫૬ થી ચાલુ નથી.

અધ્યક્ષશ્રી : એમ કહે છે કે વધારે છાત્રાલય કરો તો વધારે વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તો તમે નવા છાત્રાલયો કરવા માગો છો કે કેમ? અથવા જૂના છાત્રાલયોની કેપેસીટી વધારવા માગો છો કે કેમ? કરમશીભાઇનો સવાલ બહુ સીધો સાદો હોય છે. એનો સવાલ કોઇ ન સમજી શકે તો કયાંય કોઇ ન સમજી શકે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં કુમાર છાત્રાલય–૧ છે અને કન્યા માટે ત્રણ છાત્રાલય છે અને આગામી દિવસોમાં રાજય સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ માટે સમરસ છાત્રાલય કરવાની યોજના અમરેલી જિલ્લામાં કરવાના છીએ.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલીમાં કુલ છાત્રાલય પૈકી સરકારી મકાનમાં અને ભાડાના મકાનમાં ચાલતા કેટલા છાત્રાલયો છે અને કેટલું ભાડું ચૂકવવામાં આવે છે અને વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશનું ધોરણ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કુમાર છાત્રાલય ચાલે છે એ સરકારી મકાનમાં છે. ત્રણ કન્યા છાત્રાલયો ભાડાના મકાનમાં છે. અમરેલી ખાતેના કન્યા છાત્રાલયમાં ૧૫૦૦૦ માસિક ભાડુ આપવામાં આવે છે. સાવરકુંડલા ખાતેના છાત્રાલયમાં ૯૯૦૦ રૂપિયા ભાડુ ચૂકવવામાં આવે છે અને બગસરા ખાતેના કન્યા છત્રાલયમાં ૭૮૭૯ રૂપિયા ભાડુ ચૂકવવામાં આવે છે. આની અંદર જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે એમાં મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી, આયુર્વેદીક, ડિપ્લોમા, ડીગ્રી, આ બધા માટેની સો એ ૨૦ ટકા અનામત છે. અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી હોય તો ૧૦, ધોરણ–૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહ હોય તેવા બાર વિદ્યાર્થીઓ, સામાન્ય પ્રવાહના આઠ વિદ્યાર્થીઓ, સ્નાતક કક્ષાએ સાયન્સના ૨૦, કોમર્સના ૧૨ અને આર્ટસના આઠ એમ ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જે સરકારી શીડયૂલ કાસ્ટના છાત્રાલયો ચાલતા હોય કે જનરલ જે છાત્રાલયો ચાલતા હોય એનો ખર્ચ સરકાર ઉપાડતી હોય છે પણ વિદ્યાર્થીદીઠ ૧૦૦૦ રૂપિયા ભોજન માટે આપવામાં આવે છે અને જે પ્રાઈવેટ છાત્રાલયો ચાલે છે એ પ્રાઈવેટ છાત્રાલયો જે ૧૦૦૦ રૂપિયા ભોજન પેટે સરકાર તરફથી આપવામાં આવે છે એના લીધે એનું ટેક્ષ બિલ, એનું લાઇટ બિલ કે અન્ય ખર્ચા છે એ ખર્ચા પણ પ્રાઇવેટ છાત્રાલયોવાળા આ ખર્ચામાંથી ઉપાડતા હોય છે. જેના લીધે જે વિદ્યાર્થીઓ ભણતા હોય છે, જેના હકકના હજાર રૂપિયા હોય છે એની સામે હકક એનો મળી શકતો નથી તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે પ્રાઈવેટ છાત્રાલયો છે એ પ્રાઈવેટ છાત્રાલયોને પણ સરકાર ટોકનરૂપે જો દસ હજાર રૂપિયા ભાડુ એવરેજ ગણીએ ત્રણ છાત્રાલયનું સરકારીનું તો ટોકનરૂપે કંઇ આપવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જવાબ છે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય માટેનો. ગ્રાન્ટ ઈન એઇડ છાત્રાલયોમાં એક વિદ્યાર્થીદીઠ રાજય સરકાર તરફથી ભોજન બિલ પેટે ૧૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. એના મકાનનું ભાડું અલગથી ચૂકવવામાં આવે છે અને સમયાંતરે રાજય સરકાર એમાં વધારો પણ કરે છે. આના પહેલા ૨૦૧૨ સુધીમાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના વિદ્યાર્થીઓને માસિક રૂ.૬૦૦ આપવામાં આવતા હતા. અત્યારે ૧૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. અને સમયાંતરે રાજય

સરકાર આમાં વધારો કરતી હોય છે. સરકારી છાત્રાલયમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એના માટેનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે કુમાર છાત્રાલયમાં પ્રવેશના ધોરણો શા છે? અને વિદ્યાર્થીઓની સલામતિની શું વ્યવસ્થા કરવામાં આવી છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : મેં અગાઉ કહ્યું તે પ્રમાણે મેડિકલ, એન્જિનિયરિંગ, ડિગ્રી, ડિપ્લોમા, આયુર્વેદિક આ પ્રમાણેના વિદ્યાર્થીઓ માટેની ૨૦ ટકાની અનામત જોગવાઇ છે. અનુસ્નાતકમાં ૧૨, વિજ્ઞાન પ્રવાહમાં ૧૨, સામાન્ય પ્રવાહના ૮, અને સ્નાતક કક્ષા સાયન્સમાં ૨૦ અને કોમર્સમાં ૧૨, આર્ટસમાં ૮ આ પ્રમાણે વિદ્યાર્થીઓની હોય છે. છાત્રાલયો માટે ગુજરાત સિક્યોરિટી ગાર્ડની વ્યવસ્થા રાજય સરકારની એજન્સી મારફત કરવામાં આવે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : છાત્રાલયની અંદર રમત ગમતની સુવિધા આપવામાં આવે છે, જે સારી બાબત છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રમત ગમતની અંદર અધતન કહી શકાય તેવાં સાધનો ઉપલબ્ધ કરાવવા માગો છો કે કેમ? અને આ બાળકોને નિષ્ણાત સ્પોર્ટસના ટીચર અથવા નિષ્ણાત વ્યકિત દ્વારા તાલીમ મળી રહે તેવી છાત્રાલયમાં વ્યવસ્થા કરી છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ છાત્રાલયમાં બાળકોને રહેવાની, જમવાની સુવિધા માટે છે. એમણે ભણવાનું અન્ય શાળામાં છે. જે તે શાળાની અંદર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ આ કામ કરે છે. આ વિભાગમાં એને આનુષંગિક જેટલી જરૂરિયાત છે, તે માટે બુકબેન્ક જોઇએ, પુસ્તકો જોઇએ, પીવાનું શુદ્ધ પાણી જોઇએ, ઇન્ડોર, આઉટ ડોર ગેમ જોઇએ, એટલે એ રહે છે, એટલા પુરતી સમય મર્યાદામાં જેટલી જરૂરિયાત છે એટલું આ આ છાત્રાલયને આપવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી છાત્રાલય અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો એ બંને વચ્ચે જમણવારના ખર્ચની બાબતમાં કોઇ તફાવત છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : મેં અગાઉ કહ્યું તેમ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં ૯૦ ટકા રાજય સરકાર આપે છે અને ૧૦ ટકા સંચાલકે પોતે ખર્ચ ભોગવવાનો હોય છે. પહેલા ભોજન બિલમાં કહ્યું તે પ્રમાણે ૨૦૧૨ સુધી ૬૦૦ રૂપિયા આપતા હતા. અત્યારે વિદ્યાર્થી દીઠ ૧,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. રાજય સરકાર હસ્તકના છાત્રાલયના ભોજન બિલનો તમામ ખર્ચ રાજય સરકાર પોતે ભોગવે છે.

**હાંસોટ તાલુકા ખાતે ન્યાયિક અધિકારી નિવાસનું બાંધકામ**

* ૧૦૭૦૪ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા ખાતે ન્યાયિક અધિકારી નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૪૧,૩૫,૩૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૨૭–૦૫–૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાંસોટ ખાતેના આ કામે જે ટેન્ડર બહાર પાડ્યું તે કેટલી રકમનું, કોનું મંજૂર થયું હતું અને કેટલી રકમનો ડિફરન્સ આવેલ છે. આ કામ કયારે પૂર્ણ થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાંસોટ ખાતેનું આ કામ રોયલ બિલ્ડર સુરતને એના સૌથી નીચા ભાવ એટલે ૩૬.૯૮ લાખ આવવાના કારણે એમની પસંદગી થયેલ છે. ૩૯.૮૮ લાખની સામે ૩૬.૯૮ લાખ આવેલ, એટલે ૭.૨૮ ટકા નીચું આવેલ છે, એટલે ૨.૯૦ લાખ નીચું આવેલ છે. આ કામ

૨૭–૫–૨૦૧૪ ના રોજ શરૂ થયેલ છે અને ૨૬–૪–૨૦૧૫ ના રોજ પૂર્ણ થવાનો અંદાજ છે.

શ્રી અરૂણસિંહ અ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું જાણવા માગું છું કે ટેન્ડરનાં કામ માટે વહીવટી મંજૂરી બાદ અન્ય કઇ કઇ મંજૂરી આપવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ટેન્ડરનાં કામમાં વહીવટી મંજૂરી બાદ તાંત્રિક મંજૂરી આપવામાં આવે છે. એના પછી એના ડ્રાફ્ટ, ટેન્ડર પેપર મંજૂર કરવામાં આવે છે. એની જાહેર નિવિદા બહાર પાડવામાં આવે છે. ટેન્ડર આવ્યા બાદ ટેન્ડર ખોલી અને ૪ કરોડના ઉપરના કામ માટે ટેકનિકલ બીડ ખોલ્યા બાદ ક્વોલિફાય થયેલ ઇજારદારશ્રીના પ્રાઇસ બીડ ખોલવામાં આવે છે. સૌથી નીચો ભાવ ભરનાર ઇજારદારનું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

**દ્વારકાધીશ મંદિરના પૂજારીઓના પગાર અને વિકાસલક્ષી કામો પાછળ કરેલ ખર્ચ**

* ૧૧૯૪૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા સંચાલિત દ્વારકાધીશ મંદિરની સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ની આવક કેટલી થઇ હતી,

**જવાબ**

(૧) શ્રી દ્વારકાધીશ મંદિરમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ આવક થઇ હતી.

સને ૨૦૧૨–૧૩ રૂ.૭,૯૦,૦૭,૮૫૮/-

સને ૨૦૧૩–૧૪ રૂ.૭,૪૧,૦૮,૫૧૮/-

(૨) ઉક્ત વર્ષોમાં આ આવક પૈકી કેટલી આવક પૂજારીઓને પગાર અને તેના હિસ્સા પેટે ચૂકવવામાં આવી તથા કેટલી રકમ વિકાસલક્ષી કામોમાં ખર્ચ કરવામાં આવી,

(૨) ઉક્ત વર્ષોમાં થયેલ આવકની વહેંચણીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંદિરમાં થયેલ કુલ આવક | ચેરીટી ફંડનો હિસ્સો રૂપિયા (૨ % લેખે) | વહીવટી ફંડનો હિસ્સો રૂપિયા (૧૫ % લેખે) | પૂજારીઓને તેના હિસ્સા પેટે ચુકવવામાં આવેલ રકમ રૂપિયા (૮૩% લેખે) |
|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૭,૯૦,૦૭,૮૫૮ | ૧૫૮૦૧૫૭ | ૧૧૬૧૪૧૫૫ | ૬૫૮૧૩૫૪૫ |
| ૨૦૧૩–૧૪ | ૭,૪૧,૦૮,૫૧૮ | ૧૪૮૨૧૭૮ | ૧૦૮૯૩૯૫૦ | ૬૧૭૩૨૩૯૦ |

ટ્રસ્ટ ફંડમાંથી થતી આવકમાંથી મંદિર વ્યવસ્થાપન માટેના મહેકમનું ખર્ચ અને યાત્રિકોની સુવિધાઓ માટે ખર્ચ કરવામાં આવે છે.

(૩) આ મંદિરની આવકનો મોટો હિસ્સો પૂજારીઓના પગાર અને તેના હિસ્સા પેટે ચૂકવવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ આ બાબતના નિરાકરણ માટે સરકારે ઉચ્ચ કક્ષાએ શા પગલાં હાથ ધર્યા છે ?

(૪) સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ૮૩ ટકા જેટલી રકમ પૂજારીઓના પગારમાં, ૨ (બે) ટકા રકમ ચેરીટી ફંડમાં એમ કરીને ૮૫ ટકા જેટલી આવક આમાં જાય છે. પાછળ ૧૫ ટકા જેટલી રકમ વહીવટી કામોમાં કે વિકાસના કામોમાં વધે છે. દ્વારકા હિન્દુઓનું મોટું યાત્રાધામ છે. ચારધામની જાત્રાનું સ્થળ છે. ચાર શંકરાચાર્યો પૈકી એક શંકરાચાર્યની પીઠ પણ દ્વારકા ખાતે છે. લાખો શ્રદ્ધાળુઓ દેશ અને પરદેશથી દર્શને આવે છે. એટલા માટે હું સરકારને પૂછવા માગું છું કે આ યાત્રાધામના વિકાસ માટે, મંદિરના વિકાસ માટે અને યાત્રાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો. તેમાં કયા કયા કામો કર્યા? આની આવક સિવાય રાજ્ય સરકારના બીજા ફંડમાંથી આ વિકાસના કામો કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર જયાં કરોડો હિન્દુઓની આસ્થા સંકળાયેલી છે તેવા તમામ આસ્થા કેન્દ્રોના રક્ષણ માટે, તેના જતન માટે કોઈપણ જગ્યાએ એક રૂપિયાની કરકસર કરતી નથી. જયાં આવશ્યકતા છે તે જરૂરી તમામ વસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ દ્વારકાના વિકાસ અંગેની ચિંતા કરી છે. આ રાજય સરકારે છેલ્લા ત્રણ વર્ષની અંદર મારી પાસે માહિતી ઉપલબ્ધ છે તેમાં જુદા જુદા ત્રણ ફેઇસની અંદર આ રાજય સરકાર દ્વારા ૭૧.૮૫ કરોડના કામ હાથ ઉપર લીધા છે અને પૂર્ણ કરવામાં આવ્યા છે. તેમાં દ્વારકા મંદિરની આસપાસના પરિસરની વિકાસ યોજનામાં ૨.૭૮ કરોડ, દ્વારકા મંદિરની રોશની અને દ્વારકાધીશ મંદિરના એપ્રોચ રોડ પરના બ્યુટીફીકેશનમાં ૧.૦૦ કરોડ રૂપિયા, પાર્કીંગ અને જુદી જુદી એમીનીટીઝ માટે ૧૬.૮૮ કરોડ રૂપિયા, પેકેજ–૨ ની અંદર જૂના ગોમતી ઘાટને નવીનીકરણ કરી નવો ગોમતીઘાટ અને તેના કીર્તિસ્તંભ માટે ૧૯.૬૯ કરોડ રૂપિયા, ડેવલપમેન્ટ ઓફ સમુદ્રનારાયણ બીચ, આર્ચીક ગેટ, પાર્ક વે અને તેના ઇલેકટ્રીફીકેશન માટે ૧૭.૫૩ કરોડ રૂપિયા, રાવલા તળાવના વિકાસ માટે ૮.૭૦ કરોડ રૂપિયા, નાગેશ્વર અને ગોપી તળાવની આસપાસ ૨.૨૦ કરોડ રૂપિયા, મંદિર પરિસર તેમજ યાત્રાળુઓની સુરક્ષા માટે, સર્વેલન્સ માટે સીસીટીવી કેમેરા સહિત ૩.૦૦ કરોડ રૂપિયા આમ આ રાજય સરકારે ત્રણ વર્ષમાં ૭૧.૮૫ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ દ્વારકાધીશ માટે કરવામાં આવ્યો છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવકની વહેંચણી બાબતે કોઇ સમિતિની રચના કરેલ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, આ દ્વારકાધીશના મંદિરમાંથી થતી આવકના હિસ્સાઓના સંદર્ભમાં ગાયકવાડ સરકાર દ્વારા ટ્રસ્ટના બંધારણ પ્રમાણે ટ્રસ્ટનો હિસ્સો ૧૫ ટકા હતો અને પૂજારીઓનો હિસ્સો ૮૫ ટકા હતો. ત્યારબાદ ૧૯૫૨માં મુંબઇ સરકાર વખતે જૂના પરિપત્ર પ્રમાણે તેના ૨૦ ટકા કરવામાં આવ્યા. ત્યારબાદ પૂજારીઓએ કોર્ટમાં કેસ દાખલ કર્યો. ત્યારબાદ ૧૯૭૬માં ચુકાદો આવ્યો અને ૩૧–૩–૧૯૮૧ સુધી ૧૫ ટકા રકમ ટ્રસ્ટના હિસ્સા તરીકે લેવાય એવી બંને પક્ષોએ સમજૂતિ કરેલ. અત્યારે ચેરીટી કમિશ્નર પોતે ૨(બે) ટકા, ટ્રસ્ટનો હિસ્સો ૧૫ ટકા અને પૂજારીઓનો હિસ્સો ૮૩ ટકા એમ મંદિરમાંથી જુદી જુદી રીતે થતી આવકની આ પ્રમાણે ૧૦૦ ટકામાં વહેંચણી કરવામાં આવે છે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું. એક તો આપે ત્રણ વર્ષ માટે ૭૮ કરોડનો ખર્ચ કર્યો છે એમ કહો છો પણ ત્યાં સ્થળ ઉપર જે રીતે પરિસ્થિતિ છે એમાં વિકાસ માટે આ ખર્ચ ઓછો દેખાય છે વિકાસ માટે વધારે નાણાં ફાળવવાની જરૂરિયાત લાગે છે. બીજું જ્યારે આપણે રાજકીય અવલોકનોથી ઉપર ઉઠીને પણ આ દેવસ્થાનોની સુરક્ષા માટે વધારે જરૂરિયાત કરવી પડશે. ગયા વર્ષના કેગના અહેવાલમાં કહેવાયું છે કે નાઇટ પેટ્રોલિંગ પણ દ્વારકાધીશની આજુ બાજુ આ સરકાર કરતી નથી. અક્ષરધામ એનો દાખલો છે કે આપણે કેટલી સુરક્ષા આપીએ છીએ? આ સંજોગોમાં રાત્રિ પેટ્રોલિંગ થઇને ત્યાં સુરક્ષા વધે એના માટે સંબંધિત વિભાગને કહીને આ દેવસ્થાનની ચિંતા સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ દ્વારકાનો વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજય સરકાર દ્વારા આ દ્વારકાના વિકાસ ઉપરાંત ચાલુ વર્ષે બજેટમાં બેટ દ્વારકા માટે પણ ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. આ સરકાર એ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ચાલતી સરકાર છે. જયાં જયાં હિન્દુઓના આસ્થા કેન્દ્રો છે એ હિન્દુઓના આસ્થા કેન્દ્રોનું રક્ષણ કરવું એ આ સરકારની જવાબદારી છે. આ રાજયની ૬ કરોડની પ્રજાની શાંતિ, સલામતી અને સુરક્ષા ઉપરાંત આપણા આરાધ્યદેવ ભગવાનની સુરક્ષા કરવા માટે આ રાજય સરકાર કોઇ કસર રાખવા માગતી નથી. સી.સી.ટી.વી. કેમેરા, નાઇટ પેટ્રોલિંગ ઉપરાંત જરૂરી પોલીસ ફોર્સના આધાર ઉપર દ્વારકાની અંદર સલામતીને સુરક્ષા માટેના પુરતા પગલાં લેવામાં આવ્યા છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણા માનનીય શક્તિસિંહજીએ વાત કરી, ૪૦ હોડીઓ મંદિરના રક્ષણ માટે, દરિયા કિનારાના રક્ષણ માટે ખરીદવા માટે કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપી હતી

એમાંથી જે ન્યુઝીલેન્ડથી સારી ગુણવત્તાવાળી હોડીઓ એકદમ સ્પીડી બોટો ખરીદવાની હતી એ સરકારે ખરીદી નહીં અને એ રકમ જે પાછી ગઇ એમાં સરકાર શું કહેવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં હોડીનો પ્રશ્ન આવતો નથી.

**લીમખેડા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓના નિવાસોનું બાંધકામ**

* ૧૦૭૦૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓના નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૧,૪૭,૭૦,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૨૮-૫-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, લીમખેડામાં કોર્ટો ચાલુ કરવા માગે છે એ કોર્ટો કઇ કઇ કક્ષાની છે? અને ત્યાં શું કામગીરી થઇ રહી છે, અને જે ટેન્ડરો બહાર પાડ્યા છે એ ટેન્ડરોમાં લોએસ્ટ કયું ટેન્ડર હતું, અને કઇ કંપનીને આ કામગીરી આપવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનીનય અધ્યક્ષશ્રી, લીમખેડા ખાતે હાલ સિનિયર સિવિલ જજની કોર્ટ ૧, અને સિવિલ જજની ૩ એમ કુલ ૪ કોર્ટો અત્યારે કાર્યરત છે. જે પૈકી સિનિયર સિવિલ જજની એક કેમ્પ કોર્ટ છે, એટલે કે લિંક કોર્ટ છે અને એના માટે કુલ ૪ કવાર્ટર્સની મંજૂરી આપવામાં આવી છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે, આ લીમખેડા ખાતે અગાઉ ક્યાં કવાર્ટર બનાવેલ હતું અને હાલમાં ક્યાં બનાવવામાં આવી રહેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, આ લીમખેડા ખાતે ડી-૧ પ્રકારનું માત્ર એક જ કવાર્ટર ઉપલબ્ધ હતું અને હાલના ક્વાર્ટર જે કોર્ટ કમ્પાઉન્ડ છે ત્યાં જ બાંધવામાં આવ્યું છે, એટલે જૂનું ક્વાર્ટર્સ હતું એની બાજુમાં જ આ કવાર્ટર્સ બાંધવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. એક મિનિટ શાંતિ રાખો, બધા બેસો.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**પોરબંદર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૦૭૬૨ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪ માં પોરબંદર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૧૭૪૯. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની સાયકલ મંજૂર કરી, સાયકલો ભેટ આપવામાં આવી, અને | (૨) ૧૭૪૯ અરજી મંજૂર કરી,<br>૧૭૪૯ સાયકલો આપવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) એક પણ નહીં. |

---------

**ચોટીલા તાલુકા ખાતે ન્યાયિક કર્મચારીઓના મકાનનું બાંધકામ**

* ૧૦૭૦૭ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકા ખાતે ન્યાયિક કર્મચારીઓના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ|.૬,૧૪,૪૮,૫૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) આ કામની તાંત્રિક મંજૂરી મળ્યે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી સત્વરે શરૂ કરવામાં આવશે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૦૭૪૯ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૫૧૨૧. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજી મંજૂર કરી સાયકલો આપવામાં આવી, અને | (૨) ૫૧૨૧ અરજી મંજૂર કરી, ૫૧૨૧ કન્યાઓને સાયકલો આપવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી છાત્રાલયો**

* ૧૦૭૫૯ **ર્ડા. ટી. ડી.માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે, અને | (૧) ૦૨(બે). |
| (૨) આ છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે ? | (૨) તમામ. |

---------

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન–યોજના હેઠળ સહાય**

* ૧૦૬૯૨ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨. |
| (૩) કેટલી અરજીઓની લોન ચૂકવવામાં આવી ? | (૩) ૧૨. |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય**

* ૧૨૦૫૯ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાંથી કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૨૭ |
| ૨ | ખાનપુર | ૭ |
| | કુલ | **૧૩૪** |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તેમજ કેટલી નામંજૂર કરવામાં આવી ? | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૨૦ | ૭ |
| ૨ | ખાનપુર | ૬ | ૧ |
| | કુલ | **૧૨૬** | **૮** |

---------

**જામનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ**

* ૧૦૭૫૭ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં જામનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૧,૯૧,૧૩૫. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી, અને | (૨) ૧,૯૧,૧૩૫ વિદ્યાર્થીઓને રૂ.૫૧૦.૪૮ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

**મહેસાણા જિલ્લાની આશ્રમશાળાઓમાં અપૂરતી સુવિધા**

* ૧૧૯૪૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં વસ્તીના ધોરણે આશ્રમશાળાઓની અપુરતી સુવિધા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા,તો ઉક્ત સ્થિતિએ ક્યા તાલુકામાં આશ્રમશાળાઓની અપુરતી સુવિધા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારનું ક્યા તાલુકામાં નવી આશ્રમશાળાઓ કેટલા ખર્ચે શરૂ કરવાનું આયોજન છે ? | (૩) ના, જી. |

---------

**ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવા છાત્રાલયો શરૂ કરવા બાબત**

૧૧૩૪૨ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં અનુસૂચિત જાતિના માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સરકાર તરફથી કોઈ છાત્રાલયની સુવિધા કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેવા છાત્રાલયની સુવિધા કરવા સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેવી કાર્યવાહીની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો કોઈ કાર્યવાહી ન થઈ હોય તો કાર્યવાહી ન થવાના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## મુખ્યદંડકશ્રીનો પ્રસ્તાવ

સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા બાબત

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ગઇકાલે ગૃહની સેવા બજાવવામાંથી બે દિવસ માટે સસ્પેન્ડ કરાયેલા સભ્ય શ્રી માનસિંહભાઇ ચૌહાણ તથા શ્રી અશ્વિનભાઇ કોટવાલનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇએ રજૂ કરેલ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી માનસિંહભાઇ ચૌહાણ તથા માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. નેકસ્ટ

પોઇન્ટ ઓફ ઓર્ડર

કામગીરી અંદાજપત્રો સમયસર રજૂ કરવા અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : સંસદીય પ્રણાલિકાઓ પુસ્તક ભાગ–૨ ના પાના નંબર–૬૨૪, આપણી છઠ્ઠી અંદાજ સમિતિના ૨૫માં અહેવાલ પારા–૧૦ અને જાહેર ખર્ચ ઉપર વિધાનસભાના અંકુશના પાના નંબર–૧૯ અને ૨૦ તથા તારીખ ૬–૩–૧૯૯૨ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા આદેશના આધાર ઉપર હું મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રજૂ કરું છું. એના સમર્થનના આધાર ઉપર એ છે કે માગણીઓ ઉપરની આપણે ત્યાં ચર્ચા શરૂ થઇ તારીખ ૧૧–૭–૧૪ના રોજથી, જે ભૂતકાળના નિર્ણય અને અંદાજ સમિતિના ૨૫માં અહેવાલના પારા ૧૦ મુજબ કામગીરી અંદાજપત્ર માગણીઓ પરની ચર્ચા શરૂ થાય એ પહેલાં અમને મળી જવા જોઇએ. કેટલાક વિભાગોના કામગીરી અંદાજપત્રો ગઇકાલે સાંજે મારા ખાનામાં પ્રાપ્ત થયા છે. પહેલાં તો એવી પ્રથા હતી, ૨૫માં અહેવાલ પહેલાં કે બજેટ પ્રકાશનોની સાથે જ આપવા પડે. પરંતુ ત્યારબાદ સરકારની વિનંતી ઉપર અંદાજ સમિતિના ૨૫માં અહેવાલમાં નિર્ણય થયો કે અંદાજપત્રોના પ્રકાશનોની સાથે નહિ પણ માગણીઓની ચર્ચા શરૂ થાય એ પહેલાં કામગીરી અંદાજપત્રો મળવા જ જોઇએ. અમને કામગીરી અંદાજપત્રો સમયસર ના મળે તો એ સભ્યશ્રીના અધિકાર ઉપરની તરાપ છે. અમારી ચર્ચામાં અમે એ કામગીરી અંદાજપત્રોનો ભાગ ના લઇ શકીએ એ સંજોગોમાં જેમ ભૂતકાળમાં માનનીય મનોહરસિંહજી જાડેજાએ તારીખ ૬–૩–૯૨ના રોજ મુદ્દો ઉપસ્થિત કરેલો અને એ વખતના માનનીય અધ્યક્ષશ્રીએ આને ગંભીરતાથી લઇને સરકારને કડક સૂચના આપી હતી. હું અપેક્ષા રાખું છું કે માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ આપનો એવો આદેશ આવે કે કામગીરી અંદાજપત્રો કમસેકમ અમને માગણીઓ પરની ચર્ચા શરૂ થાય એના એક દિવસ પહેલાં તો મળે જ એવી વ્યવસ્થા થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : સામાન્ય રીતે જે વિભાગની માગણી હોય એના ૩ દિવસ અગાઉ કામગીરી અંદાજપત્રો રજૂ કરવાના હોય છે, એટલે આ રીતનો શિરસ્તો રહેલો છે છતાં પણ આમાં કોઇ વિશેષ સૂચના આપવાની થશે તો હું સરકારને મારી લેખિત સૂચના મોકલાવી દઇશ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**માગણી ક્રમાંક–૫૪**

**માહિતી અને પ્રચાર પ્રભાગ**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (મુખ્યમંત્રીશ્રી વતી હવાલો ધરાવતા માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૮,૦૨,૯૭,૦૦૦ ની માગણી ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર રીબડીયા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માગણી ક્રમાંકઃ ૮૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૭,૭૨,૨૪,૦૦૦ની માગણી ક્રમાંકઃ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૨૨,૮૮,૮૧,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૭,૦૬,૬૭,૦૦૦ની માગણી ક્રમાંકઃ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૯૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **ગુરૂવાર, તા. ૧૭-૭-૨૦૧૪ (પાંચમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪** | | |
| ૧ | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂ. ૭૯,૦૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પા.નં.૧૮ થી ૨૦ | ૧૦૦ | પ્રજાના સાચા અને વાજબી પ્રશ્નોની યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(નિરંજન પટેલ) |
| ૨ | -- " -- | ૧૦૦ | માહિતી નિયામક હસ્તકની જિલ્લા કચેરીમાં સ્ટાફની અનિયમિતતા દૂર કરી કચેરીઓને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(પરેશ ધાનાણી અને ઈશ્વરભાઈ પટેલ) |
| ૩ | -- " -- | ૧૦૦ | માહિતી નિયામકની કચેરી દ્વારા સત્ય હકીકતો પ્રસારિત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ ખરાડી<br>(પુનાભાઈ ગામીતલબળવંતસિંહ રાજપુત અને ભોળાભાઈ ગોહેલ) |
| | | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯** | | |
| ૪ | ૨૦૫૨-સચિવાલય | ૧૦૦ | જીસ્વાનની કામગીરી પૂરતી | શ્રી રમેશભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | ...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧–STP–૧૨<br>વિજ્ઞાન....વિભાગ<br>રૂ.<br>૧લ૧૧લ૫૮લ૭૪લ૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પા.નં.૫ થી ૬ | | સુવિધાઓ સાથે અદ્યતન બિલ્ડીંગમાં કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ચાવડા<br>(હીરાભાઇ પટેલ) |
| ૫ | –– " –– | ૧૦૦ | જીસ્વાન નેટવર્કની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ<br>(રામસિંહ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ૨૦૫૨–સચિવાલય ...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧–STP–૧૨<br>વિજ્ઞાન....વિભાગ<br>રૂ. ૧૯૧૧૯૫૮૯૭૪૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પા.નં.૫ થી ૬ | ૧૦૦ | ઇન્ટરનેટ સેવાઓ વારંવાર ખોરવાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| ૭ | —— " —— | ૧૦૦ | હલકી કક્ષાના કોમ્પ્યુટરોની ખરીદી થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઇ ચૌધરી (ગ્યાસુદ્દીન શેખ) |
| ૮ | —— " —— | ૧૦૦ | વિભાગોના ઠરાવો–પરિપત્રો સત્વરે વેબ સાઇટ ઉપર અપડેટ થાય તેનુ મોનીટરીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ (તેજશ્રીબેન પટેલ) |
| ૯ | —— " —— | ૧૦૦ | વારંવાર જીસ્વાનની કનેકટીવીટી ખોરવાતા કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ (અનિલ જોષીયારા) |
| ૧૦ | —— " —— | ૧૦૦ | જીસ્વાનમાં અપૂરતા તેમજ બિન અનુભવી સ્ટાફના કારણે કામગીરી ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ (નટવરસિંહ ઠાકોર) |
| **રમત ગમતલ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ<br>માગણી નં ૯૮** | | | | |
| ૧૧ | ૨૨૦૪– ખેલકૂદ...સેવાઓ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–યુવક.....નિયામક<br>રૂ.૧૯૪૨૯૩૩૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પા.નં.૧૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના યુવાનોને રમત ગમત માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ (ઈન્દ્રનીલ રાજયગુરૂ) |
| ૧૨ | —— " —— | ૧૦૦ | યુવા ખેલાડીઓને રમતગમત માટે જરૂરી પ્રોત્સાહન પુરૂં પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા (શૈલેષ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | -- " -- | ૧૦૦ | જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ રમતગમતના અદ્યતન મેદાનો તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (પુંજાભાઇ વંશ) |
| ૧૪ | -- " -- | ૧૦૦ | રમતગમત માટે ખેલાડીઓને અપાતા પ્રવાસ ભથ્થાની રકમમાં વધારો કરવા તેમજ જરૂરી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતભાઇ ચૌધરી (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૫ | -- " -- | ૧૦૦ | જુદી જુદી રમતો માટે જરૂરી અનુભવી કોચની નિમણુંક કરી રમતવીરોને તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી (સી.કે.રાઉલજી) |
| ૧૬ | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પુરાતત્વ<br>...મોજણી<br>રૂ.૩૯૭૬૯૯૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પા.નં.૨૯ થી ૩૧ | ૧૦૦ | પ્રાચીન ઇમારતોમાં રહેલી અમૂલ્ય વસ્તુઓની જાળવણીમાં રખાતી બેદરકારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ (અશ્વિન કોટવાલ) |
| ૧૭ | -- " -- | ૧૦૦ | જૂની અને ઐતિહાસિક ખંડેર બનેલી વાવોની સમયસર મરામત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પૂનમભાઇ પરમાર (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૮ | -- " -- | ૧૦૦ | અપૂરતી નાણાકીય ફાળવણીના કારણે પ્રાચીન અવશેષોની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઇ વાઘેલા (જશુભાઇ બારડ) |
| *૧૯ | -- " -- | ૧૦૦ | પ્રાચીન ઐતિહાસિક મકાનો તોડી કોમર્શીયલ બિલ્ડીંગો થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (બળદેવજી ઠાકોર) |
| ૨૦ | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૫ - જાહેર ગ્રંથાલયો<br>૦૧-ART-૨-ગ્રંથાલય વિકાસ<br>રૂ.૧૫૯૦૪,૧૧૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પા.નં. ૩૪-૩૫ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં રખાતા પુસ્તકોની યોગ્ય જાળવણી માટે પુસ્તકોનું રજીસ્ટર રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા (ગૌતમભાઇ ચૌહાણલ કરમશીભાઇ પટેલ) |
| ૨૧ | -- " -- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | (રાઘવજી પટેલ) |
| *૨૨ | | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાંથી મૂલ્યવાન પુસ્તકોની થતી ચોરીઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઈ ચૌધરી (મીતેષભાઈ ગરાસીયા) |
| ૨૩ | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ ૧૦૭-સંગ્રહાલયો ૦૨-ART-૧ સંગ્રહાલયનો વિકાસ રૂ. ૮૯૧૩,૨૩૯૦૦૦ અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૪૧-૪૨ | ૧૦૦ | સંગ્રહાલયોમાં સંગ્રહ કરેલ મૂલ્યવાન વસ્તુઓની જાળવણી/સફાઈ કરાવવામા તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદ જાવીદ પીરજાદા (જોઈતાભાઈ પટેલ) |
| ૨૪ | -- " -- | ૧૦૦ | સંગ્રહાલયોમાં અપૂરતા સ્ટાફને કારણે મૂલ્યવાન અવશેષોની જાળવણી/ દેખરેખ રાખવામાં તથા મુલાકાતે આવનાર મુલાકાતીઓને યોગ્ય જાણકારી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગેંદાલભાઈ ડામોર (મોહનસિંહ રાઠવા) |

*      **આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જે માહિતી પ્રસારણની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

**"પહેલાં એ કહેતી હતી કે કાર ચલાવતા મને ડર લાગે છે,**
**હવે બિન્દાસ કાર ચલાવે છે હવે ડર લોકોને લાગે છે."**

લોકોએ ડરવું ના જોઇએ જો એક ગુજરાતના મહિલા સરકારનું ડ્રાઈવીંગ કરી શકતા હોય તો એક મહિલા કારનું ડ્રાઈવીંગ કેમ ના કરી શકે ?

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની કામગીરી એટલે સરકારની યોજનાઓની માહિતી આપવાની કામગીરી, એનું પ્રસારણ કરવાની કામગીરી. નહીં કે કોઇ વ્યકિત વિશેષ માટે સ્પેસિફિક કોઇ કામ કરવાની એમની જવાબદારી હોય. ભગવાન બુધ્ધ જયારે નાના હતા ત્યારે તેમને ગરીબ માણસ, દુઃખી માણસ, વૃધ્ધ માણસ કે મૃત્યુ પામેલો માણસ બતાવવામાં આવતો નહોતો. એમના પિતાશ્રીને ચિંતા હતી કે એમને વૈરાગ્ય આવી ના જાય પરંતુ અહીં પણ એ રીતે જ કરવામાં આવે છે. •(xxxxxx)

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## લોકશાહીના ધબકારા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ લોકશાહીના ધબકારાની (અંતરાય) એક મિનિટ સાંભળોને ભાઇ, મેં કયાં કહ્યું કે અસંસદીય છે? સાંભળો તો ખરા ભાઇ, હું કયાં બોલ્યો છું? તમે કાન સાફ કરાવો ભાઇ, હું એમ બોલ્યો જ નથી સાહેબ. મારું એમ કહેવાનું છે કે, લોકશાહીના ધબકારા આપના વિધાનસભા કાર્યક્ષેત્રની બાબત છે, આપના ત્યાંથી સીડીની એડીટીંગ થઇને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પ્રસિધ્ધ કરવામાં આવે છે એમાં સરકારનો કોઇ રોલ નથી. માનનીય તેજશ્રીબેને એમ કહ્યું કે, (xxxxxx) તો આ વાત યોગ્ય નથી એમ મારું કહેવું છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો છે એ કાઢી નાખું છું, એટલા માટે કે અહીં અમારે સ્ક્રુટીની થઇને જાય છે આમાં સરકારનો કોઇ રોલ નથી. વિપક્ષને પણ એટલું જ વનથર્ડ, ટુ થર્ડનો રેશિયો લઇને હું આપું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના ધારાસભ્યોને પણ મતવિસ્તાર હોય છે, અને એ પણ ગુજરાતની જ પ્રજામાંથી ચૂંટાઇને અહીં ધારાસભામાં આવતા હોય છે. એ લોકોને પણ પોતાના પ્રતિનિધિઓ વિધાનસભામાં શું કરે છે એ જાણવાનો અને લોકોને કહેવાનો એ અધિકાર હોય છે એટલે પારદર્શક વહીવટ થાય તો અમને વધારે આનંદ થાય. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ તા. ૧૩-૭-૧૪ના દિવસે કેન્દ્રીય માહિતી અને પ્રસારણના મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરજી આવ્યા હતા. એમણે પત્રકાર પરિષદ કરેલી, ત્યારે પણ આપણા મીડીયાના મિત્રોએ એમને પ્રશ્ન પૂછેલા, એમાંનો એક પ્રશ્ન આ હતો કે, લોકસભામાં લોકસભાની કાર્યવાહી લાઇવ બતાવવામાં આવે છે તો શું લોકસભામાં પણ હવે ગુજરાત મોડલ અનુસરવામાં આવશે? આ શું બતાવે છે? વિરોધપક્ષ તો હંમેશા ગ્રામ રિયાલીટીમાંથી પ્રશ્નો કાઢી અને પોતાના પ્રશ્નોને વાચા આપવા પ્રયત્ન કરતા હોય છે. તો સરકાર શું કામ આંખ મિચામણા કરવા માગે છે? હમણાં જ કેન્દ્રના અધિકારીઓ આવ્યા, તો પુંસરી ગામ જોવા માટે લઇ ગયા હતા. તે તો ઓલરેડી ડેવલપ હતું જ, તો સારું સારું બતાવવાનું અને ખરાબ હોય એના ઉપર પડદો પાડી દેવાનો આ નીતિ સારી ન કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, એકવાર પૂર્વ કેબીનેટ મંત્રી ટી.એચ.આર. સુબ્રમણ્યમ...

અધ્યક્ષશ્રી : વાંચીને નહીં કહેવાનું. હાઉસમાં વાંચ્યા વગર બોલો. તમે આંકડા રીફર કરી શકો, કોઇ વાકય રીફર કરી શકો પણ આખું પ્રવચન વાંચીને નહીં કહેવાનું. તમે વાંચ્યા વગર જે કહેવું હોય એ કહી શકો છો. બાકીના સભ્યશ્રીઓ પણ ધ્યાન રાખે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી રેલયાત્રા કરી રહ્યા હતા, ત્યારે એમણે ટ્રેનની બારીમાંથી ઝૂંપડપટ્ટી વિસ્તાર જોયો. એમને અરેરાટી થઇ, એમને ખૂબ જ દુઃખ થયું અને એમણે એમના પી.એ.ને કહ્યું કે મારે આમાં કંઇ સમસ્યાઓનું સમાધાન કરવું જોઇએ અને ફેરફાર કરવો જોઇએ તો એમના પી.એ.એ તરત કહ્યું કે, આપ ટ્રેનની બારીનો પડદો જ બંધ કરી દો તો સમસ્યાઓ આપોઆપ ઉકેલાઇ જશે. તો માનનીય અધ્યક્ષશ્રી, પડદો જ બંધ કરી દેવાનો? શું સરકારની આવી માનસિકતા હોય છે? ગાંધીજીએ પણ સાત બૂરાઇઓ કહેલી.

અધ્યક્ષશ્રી : ફરીથી પણ તમે વાંચીને જ બોલો છો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : મુદ્દા તો જોવા પડે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ તમે લખો અને પોઇન્ટ ઉપર તમે બોલો. કોઇ આંકડાકીય હોય તો ચોકકસ લખો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તરણેતરના મેળામાં એવી એક વાર્તા છાપવામાં આવેલી કે, તરણેતરના મેળામાં એક નાનું બાળક એની માને પૂછતું હોય કે, મા- મા આ હેલિકોપ્ટરમાંથી ઉતર્યા એ કોણ હતા? ત્યારે પણ એવું કહેવામાં આવે કે, એક દાઢીવાળા ભગવાન છે.

અધ્યક્ષશ્રી : આ વાર્તાઓ રહેવા દો ને, વાર્તા પછી આ બાજુથી પણ કહેશે. તમે માગણીઓ ઉપર બોલો.આપણી માગણીઓ છે એની અંદર વસ્તુ હોય એની સાથે રીલેવન્ટ હોય એ તમે બોલો. તરણેતરના મેળાની અંદર આમ થયું, દીકરો આમ બોલ્યો અને મા આમ બોલી એવી વાર્તા કરશો નહીં, હું અહીંથી પણ કોઇને વાર્તા નહીં બોલવા દઉં. વાર્તા કહેવાની મનાઇ છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ જે મોટા મોટા હોર્ડિંગ્સ લગાવે છે, બસો પાછળ પણ જે હોર્ડિંગ્સ મૂકે છે, આપ પોતે પણ અવલોકન કરતા હશો કે એમાં મંત્રીશ્રીઓના અને મુખ્યમંત્રીશ્રીના મોટા ફોટા હોય અને યોજનાઓના નામ હોય એ યોજનાઓનું નામ તો કયાંક ખૂણેખાંચરે સંતાઇ જતું હોય અને યોજનાનું નામ તો વંચાતું પણ ના હોય.

અધ્યક્ષશ્રી : સરકાર પ્રચાર કરી શકે. જે કરવો હોય એ, એમાં કોઇ સવાલ નથી. કોનો મોટો કરવો અને કોનો નાનો કરવો એ સરકારે જોવાનું છે. પછી એ લોકો પણ કહેશે કે કેન્દ્રના પોસ્ટરો કેવડા હોય છે એ. (અંતરાય) બહેન, એક મિનિટ, સાંભળો, એક મિનિટ,આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? (અંતરાય) ના હોય તો પછી જવાબમાં એ કહેજો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ અધિકારીઓને માહિતી અને પ્રસારણ ખાતા મારફતે બીજા રાજયમાં પ્રવાસમાં મોકલવામાં આવે છે. એ સરકારી ખર્ચે પ્લેનમાં જાય છે અને હોટેલમાં ઉતરે છે, તો એમને ત્યાં સરકારની યોજનાઓનો પ્રચાર અને પ્રસાર કરવાનો હોય છે, કોઇ વ્યકિતગત કોઇ પક્ષનો પ્રચાર કરવાનો હોતો નથી. જેમ સમડી હોય એ આકાશમાં ઉંચે ઉડતી હોય છે ત્યારે એની નજર તો નીચે ધરતી ઉપર હોય છે અને પર્વતારોહકની દ્રષ્ટિ હંમેશાં ઉપર હોય છે. એમ અધિકારીઓએ પણ પોતાના નિર્ણયો કરવાના હોય છે એ સ્થાનને જોઇને નહીં, પરંતુ મૂલ્યોને જોઇને કરવાના હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હમણાંની જ વાત કરું તો આપણા માનનીય સી.એમ. સાહેબ જયારે પી.એમ. બનવા જઇ રહ્યા હતા અને વિધાનસભામાં પ્રોગ્રામ રાખ્યો હતો ત્યારે •(xxxxxx)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં જે એક દિવસનું સત્ર બોલાવવામાં આવ્યું હતું એ આપના અધિકારની બાબત છે (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ (અંતરાય) પણ તમે શું કામ ઉભા થાઓ છો? એમને બોલવા દો ને? (અંતરાય) માનનીય ગણપતભાઇ,આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે અને જો પોઇન્ટ ઓફ ઓર્ડર હશે તો ચર્ચા થશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ગણપતસિંહ વે. વસાવા (સંસદીય મંત્રીશ્રી) : હા સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે આ પાસ આપવાનો અધિકાર વિધાનસભાનો છે. કોને પાસ આપવા કે ન આવા એ આપનું કાર્યાલય નક્કી કરે છે. (અંતરાય)કયા પત્રકારોને પાસ આપવા એ આપનું કાર્યાલય નકકી કરે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હું એ જોઇ લઇશ અને રિલેવન્ટ નહીં હોય તો કાઢી નાંખીશું. ચાલુ કરો, બહેન આગળ ચાલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી,

" વિજ્ઞાપનસે ખરીદી હુઇ હર ચીજ મહંગી પડતી હૈ,
કયોંકી ઉસકે દામમેં વિજ્ઞાપનકા ખર્ચ ભી જૂડ જાતા હૈ,
લેકીન અબકી બાર તો લોગોને સરકાર હી વિજ્ઞાપનવાલી ચુન લી હૈ,
તો મહંગાઇ તો બઢની હી હૈ, ઉનકા માર તો ખાના હી હૈ."

અધ્યક્ષશ્રી : એક જ મિનિટ છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પત્રકારો માટે એ.સી. બસ માટે ૨૩ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે એને હું આવકારું છું, •(xxxxxx) આપણે પાંચ મિનિટ પણ ના રહી શકીએ એવું વાતાવરણ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના ક્ષેત્રની વાત હોય એ તે કહી શકે છે, પરંતુ વિધાનસભાનું કાંઇ ના બોલી શકે. તો એ રેકર્ડ ઉપરથી કાઢી નાંખજો.

અધ્યક્ષશ્રી : હા, એ રેકર્ડ ઉપરથી કાઢી નાંખીશું. વિધાનસભા વિશે ના બોલાય, એ અધ્યક્ષશ્રીના પરવ્યુમાં આવે છે. (અંતરાય) હવે વચ્ચે કોઇ વાત નહીં, માનનીય સભ્યશ્રીને આગળ બોલવા દો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની યોજનાઓની માહિતી માટે "ગુજરાત" કરીને એક મેગેઝીન બહાર પાડવામાં આવે છે એની ૧ લાખ કોપી બહાર પાડવામાં આવે છે. એમાં પણ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સરકારના મંત્રીશ્રીઓના ઉદ્‌ઘાટન કરતા હોય એવા જ ફોટાઓ હોય છે અને યોજનાઓની માહિતી ઓછી હોય છે. જો એમાં એ ફોટાઓ સારા ના આવે તો ૧ લાખ કોપી પસ્તીમાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજન કર પણ જે છેલ્લા ૨ વર્ષમાં ડબલ થઇ ગયો છે એ ઘટાડવો જોઇએ અને રાજય સરકારે પત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના જે અમલમાં મૂકી છે એ પણ આટલી બધી મોંઘવારીમાં ઓછી છે.

અધ્યક્ષશ્રી : બહેન, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમત ગમત અને સાંસ્કૃતિક બાબતોના મંત્રીશ્રી જે એમના વિભાગની માગણી ક્રમાંક ૯૮ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમતની બાબતમાં હું મારા થોડાક વિચારો રજૂ કરવા માગું છું કે પરંપરાથી આદિ અનાદી કાળથી રમતોનું મહત્વ રહેલું છે. કૃષ્ણ લીલામાં પણ કૃષ્ણ ભગવાન બચપણમાં તેમના મિત્રો સાથે ગેડીદડો રમતા હતા એ પણ આપણે જોયું છે. શંકર ભગવાન પણ નટરાજના રૂપમાં ખૂબ સારું એવું નૃત્ય કરતા અને રમતનો એક આપણને એવો અહેસાસ કરાવતા, આ ઉપરાંત અસંખ્ય દેવ દેવીની લાક્ષણિક જે તસ્વીરો હોય તેની અંદર પણ રમત ગમતની તસ્વીરો આપણને જોવા મળે છે, મહાભારત યુદ્ધની અંદર પણ ભીમ અને દુર્યોધનની ગદા યુદ્ધની લડાઇ હોય, મલ્લ યુદ્ધ હોય તે પણ આપણે જોયું છે. મહાભારતની અંદર અર્જુન, દ્રોણાચાર્ય અને એકલવ્યની બાણવિદ્યાની જે વાત હતી તે પણ આપણે જોઇ છે. અને અર્જુને બાણવિદ્યા દ્વારા જ સતિ દ્રૌપદીને મેળવ્યા હતા, રામાયણમાં પણ રામ ભગવાન ખૂબ સારી બાણવિદ્યા જાણતા અને એમણે સીતા માતાને મેળવ્યા હતા. આમ આ બધી વસ્તુમાં પરંપરાથી રમતનું મહત્વ હતું. સ્વામી વિવેકાનંદ પણ એમની વાતની અંદર કહેતા કે બે હાથ જોડીને પ્રાર્થના કરતા બાળક કરતા રમત રમતું બાળક મને વધારે પસંદ છે. એવું એ પણ કહેતા. એટલે જન્મથી જ બાળકની સાથે ભગવાને રમત મુકેલી છે. બાળક જયારે નાનું હોય ત્યારે એની પાસે તમે સોનાની કોઇ લખોટી મૂકો, બિસ્કીટ મૂકો, તો એ બિસ્કીટ હશે એ મોં માં લઇ લેશે, પણ બિસ્કીટ, સોનું અને સાથે જો ગેડીદડો તમે મૂકશો તો એ બધાને બાજુ પર રાખી અને પહેલા ગેડી દડાને મહત્વ આપશે. આમ રમત ગમતનું વર્ષોથી મહત્વ છે. રમત ગમતની અંદર એનો ઇતિહાસ જોઇએ તો જયારે ભારત દેશ આઝાદ નહોતો ત્યારે પૂજય મોટાએ પુરાણી બંધુઓને ખડતલ, આઝાદી માટે લડે, મજબૂત યુવાનોની જરૂર છે એના ભાગરૂપે અખાડા પ્રવૃત્તિ એમણે શરૂ કરાવી હતી. અને તેના કારણે ખૂબ ખડતલ, મજબૂત યુવાનો તૈયાર થતા અને અંગ્રેજો સામે લડતા, ત્યારબાદ જયારે આપણે આઝાદી મેળવી ત્યારે આ પ્રવૃત્તિને રમત ગમતના ભાગમાં જોડી દીધી. અને રાજ પીપળાની અંદર પુરાણી બંધુએ છોટુભાઇ પુરાણી વ્યાયામ વિદ્યાલય કરી, અને આધુનિક ઢબની રમત ગમતની તાલીમ મળે એ માટે ત્યાં શિક્ષણ કર્યું. ત્યાં સૌથી પ્રથમ સી.પી.એડ. અને ડી.પી.એડ. એ બે ચાલુ કર્યા, ત્યાર પછી આઝાદીની અંદર પણ રમત ગમતની અંદર અગાઉ આટલી બધી સગવડો નહોતી, આટલું બધું પ્રોત્સાહન નહોતું તે છતાં પણ રમત ગમતની પ્રવૃત્તિ ખૂબ સારી રીતે ચાલતી હતી. મારે દુઃખ સાથે કહેવું છે કે આજે બજેટની અંદર રમત ગમતની અંદર ખૂબ જોગવાઇ કરી છે. આ વખતના બજેટની અંદર પણ માનનીય મંત્રીશ્રીએ ૩૫૫ કરોડ રમત ગમતની અંદર ફાળવ્યા છે. એમાં ૨૦ કરોડ જે આંતરરાષ્ટ્રીય કોચ હોય છે, રમત ગમતમાં સારા ખેલાડીઓ તૈયાર થાય એમને સારી તાલીમ આપે, તે માટે એમણે ફાળવ્યા છે. ૧૦ કરોડ બરોડાની અંદર વિશ્વ કક્ષાનું સારામાં સારી સ્પોર્ટસ યુનિવર્સિટી થાય તેના માટે એમણે ફાળવ્યા છે, અને વિવેકાનંદ જીમ ગામડાંમાં તૈયાર થાય તેના માટે પણ એમણે ૯ કરોડ ફાળવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું એવું કહેવું છે કે આજે આટલી બધી રકમની ફાળવણી, આટલા બધા ઇનામ, આટલા બધા એવોર્ડસ આ બધું આપવા છતાં આપણે આજે રમત ક્ષેત્રે કયાં છીએ? આપણાથી આગળ નાના નાના રાજયો છે. હરીયાણા, પંજાબ, મણીપુર, મણીપુરની વસતિ તો લગભગ મારા ખેડા જિલ્લા જેટલી પણ નથી. પણ એ રાજયોની અંદર જે રમત ગમતનું મહત્વ છે, રમત ગમત માટેની સગવડો છે, તેના પ્રમાણમાં આપણે ત્યાં ખૂબ મોટું બજેટ ફાળવવામાં આવે છે તે છતાં રમત ગમતની અંદર યોગ્ય જે

લક્ષ્યાંક આપણને મળવો જોઇએ તે મળતો નથી. મારે એમ કહેવું છે કે સન ૧૯૯૫ પહેલા પણ રમતગમત પ્રવૃત્તિ થતી હતી. જયારે આજે રમતગમત માટેની બાબતો સતત ઘટતી જાય છે. સ્કૂલ લેવલે પણ આવી પ્રવૃત્તિઓ થતી હતી. પ્રાથમિક શાળામાં સી.પી.એડ શિક્ષક હતા જે નાના બાળકોને રમતગમતની પ્રવૃત્તિ કરાવતા હતા. એ જ રીતે માધ્યમિક શાળામાં બી.પી.એડ શિક્ષકો તાલીમ આપતા હતા જયારે કોલેજ લેવલે શારીરિક શિક્ષક જે અધ્યાપક હોય એ તાલીમ આપતા હતા. આજે રમતગમતની પાછળ આટલું બધું રોકાણ કરવા છતાં પણ આપણે એમાં ખૂબ જ પાછળ છીએ.

ખેલકૂદમાં સન ૨૦૧૧–૧૨માં આ સરકારે ૫૦,૪૩,૩૪,૦૭૯ ખર્ચ કર્યો હતો. જયારે ૨૦૧૨–૧૩માં ૧૦,૭૮,૬૭,૦૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. એ જ રીતે ૨૦૧૩–૧૪માં ૧૮,૯૩,૨૯,૭૧૬નો ખર્ચ કરવામાં આવ્યો હતો એમ કુલ ૮૦,૧૫,૧૦,૮૬૨ રૂપિયાનો ખર્ચ કરવા છતાં રમતગમતની અંદર આપણે કોઇ સિદ્ધિ હાંસલ કરી શકયા નથી.

સન ૧૯૯૫ પહેલાની વાત કરું તો તે વખતે પણ ચાર્લ્સ બોરોવિયો હોય કે માલવીઆ હોય કે બીજા ખેલાડીઓ હતા એ ઇન્ટરનેશનલ લેવલે ગુજરાત માટે એવોર્ડ લાવતા હતા અને ગુજરાતનું નામ રોશન કરતા હતા. આજે આપણે આટલા બધા મેળાવડા કરીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મંત્રીશ્રી સાયન્સ અને ટેકનોલોજીની માગણી નંબર ૮૯ લઇને આવ્યા છે તેને હું મારુ સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરુ છું.

આ રાજય Best Governed State of India, Model State of India, Growth Engine of India અને સાથે સાથે સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રે એક મોર્ડન રાજય તરીકે પ્રસ્થાપિત થયું છે. સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટનો એક સર્જનાત્મક, ઉત્સાહી અને સાહસિક અભિગમ ખૂબ અસરકારક અને સમયસરનો છે.

આ તબક્કે હું પહેલાની વાત કરવા માગું છું. સાયન્સ અને ટેકનોલોજીની વાત કરું ત્યારે વિકસીત દેશો યાદ આવે જાપાન, જર્મની, ચાઇના, યુ.કે. નું એ વખતે એવું કહેવું હતું કે ગુજરાત અને ટેકનોલોજી, ગુજરાત અને સાયન્સ? પરંતુ સન ૨૦૦૨માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે સત્તા સંભાળી ત્યારથી આ વિભાગે જોત જોતાની અંદર દેશ જ નહિ પણ દુનિયાની અંદર આ વિભાગની ગણના થાય છે. એનું ઉદાહરણ આપું તો છેલ્લા ત્રણ વાયબ્રન્ટ ગુજરાતમાં યોજાયા એમાં મને કહેતા આનંદ થાય છે કે એમાં ૧૨૧ દેશોએ ભાગ લીધો હતો અને વિકસીત દેશો જેવા કે જાપાન,ચાયના, જર્મની, યુકે વગેરેએ ભાગ લીધો હતો એનું મૂળ કારણ ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતે વિકાસ કર્યો છે. સાથે સાથે ગુડ ગવર્નન્સ પોલિટિકલ સ્ટેબિલિટી, પોલિટિકલ વીલ, સારી પોલીસીઓના નિર્ણય અને આપણું અદ્યતન સાયન્સ એન્ડ ટેકનોલોજીનું ડિપાર્ટમેન્ટ આના માટે કારણભૂત છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના શબ્દો હતા. "We cannot promise you the moon, but yes, we can promise platform from where you can reach the height of success." ચાંદ તારા નથી બતાવતા પણ એવું પ્લેટફોર્મ આપીશ કે અહીંથી તમે વિકાસ કરી શકો છો. કે I T + I T = I.T. – Indian Talent + Information Technology = India Tomorrow અને એક બીજો પણ મંત્ર હતો કે I T + B.T. = B.T. Information Technology + Bio Technology = Bharat Tomorrow. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપ જોશો તો એ દેશમાં–વિદેશોમાં ભાષણો કરે છે ત્યારે સ્પીડ, સ્કીલ અને સ્કેલ ઉપર ભાર મૂકયો છે. યુવાનોમાં એવી સ્કીલ હોવી જોઇએ કે સાયન્સ અને ટેકનોલોજી સાથે દેશ અને દુનિયાના જે કંઇ પડકારો છે તેની સામે આ રાજયનો અને દેશનો યુવાન ઉભો રહી શકે. સ્કેલ એવો હોવો જોઇએ કે આપણી પાસે એવા ઉદ્યોગો હોવા જોઇએ, સાહસિક અભિગમો હોવા જોઇએ કે જેનાથી આવનારા દિવસોમાં જે કંઇ આપણે પ્રગતિ કરવાના છીએ તેમાં તે કામ લાગી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિમાન્ડ, ડેમોગ્રાફી અને ડેમોક્રસી આ ત્રણે તાકાતોને આપણે સામૂહિક રીતે લઇને આવતીકાલની પેઢીઓનું ઘડતર કરવાની તેમણે વાત કરી છે. ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સની સાથે સાથે જી.આઇ.એલ. દ્વારા E-Governance, E-tendering, E-procurement, One Day Governance, HMIS, SWAGAT Online - ફરિયાદ નિવારણ જેવા અનેક કાર્યક્રમો આપ્યા છે. તેમાં કોઇ પણ પ્રજા ટેકસીસ ભરી શકે, ટેન્ડર જોઇ શકે. પેમેન્ટ કરી શકે. માહિતીની આપ-લે કરી શકે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં જ કૃષિ મહોત્સવમાં જે કિસાનો માટેનું KISAN PORTAL જે જાહેરાત કરી છે એ સાયન્સ અને ટેકનોલોજીને આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ગૌરવ અપાવે તેવી બાબત છે તેવું વિશ્વગ્રામ સેટેલાઇટ ટેકનોલોજી સાથે જોડાયું , ઇ-ગ્રામ કોમ્પ્યુટર નેટવર્ક સાથે ગામડાંઓમાં ઝડપી સરકારી સેવાઓ પહોંચાડી શકાય, સ્વાગત ઓન લાઇન, ગ્રામ અને તાલુકાના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવી શકે. ગ્રામ પંચાયત બ્રોડ બેન્ડ ઇ-કનેક્ટિવીટી સુવિધાઓ સાથે આજે ઉપલબ્ધ છે. ખેડૂતોના પ્રમાણપત્રો જેવા કે ૭/૧૨, ૮/અના ઉતારા છે તેમને પ્રમાણપત્ર, ચારિત્ર્યના પ્રમાણપત્ર, ટેકસ કલેકશન, વિભાગની માહિતી, ગામડાંના જે વિદ્યાર્થીઓ છે તેમને દસમા કે બારમા ધોરણના એપ્લીકેશન ફોર્મ પણ મેળવી શકે છે. હમણાં જ માનનીય મંત્રીશ્રી વસુબહેને જાહેરાત કરી હતી થોડા દિવસ પર Know Your University, KnowYour College - આ પણ સાયન્સ અને ટેકનોલોજીને આભારી છે. મને કહેતા પણ ગૌરવ થાય કે એશિયાનું સૌથી વિશાળ V-Sat નેટવર્ક આપણે કહી શકીએ. જે દેશમાં પ્રથમ વખત નીચેની ચાર સુવિધા સાથે ગુજરાતની ગ્રામપંચાયત સાથે ઉપલબ્ધ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક-૫૪ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા અને માગણીને અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. આ જ્ઞાનના યુગમાં મહિતીનું આદાનપ્રદાન કરવું એ અનોખી બાબત છે. સમગ્ર વિશ્વ આજે માહિતીના યુગમાં જીવે છે. લોકો માટે લોકો વડે ચૂંટાયેલી સરકારની લોકકલ્યાણની યોજનાઓની વિગત રાજયમાં સામાન્યમાં સામાન્ય ગરીબ માણસોને મળે તે હેતુસર આ માહિતી અને પ્રસારણ વિભાગ કામ કરી રહ્યો છે. આ વિભાગ ગામડાંઓમાં પ્રદર્શન, ડાયરા, લોકનૃત્ય, ભવાઇ અને મનોરંજન થકી કામ કરી રહ્યો છે. જેમાં ૨૦૧૩-૧૪માં ડાયરા જેવી અન્ય પ્રવૃત્તિઓના ૧૫૩૫ કાર્યક્રમો થયા અને પ્રદર્શનના ૬૨૦૦ કાર્યક્રમ થયા. જેમાં ૨૬ લાખ લોકોએ ભાગ લીધો હતો. સાથે સાથે પ્રકાશનો દ્વારા, બેનર્સ-હોર્ડિંગ્સ દ્વારા, બસ પેનલ્સ દ્વારા, ફિલ્મ શો દ્વારા પણ આ લોક કલ્યાણની માહિતી આ વિભાગ આપી રહ્યો છે. છેલ્લા ૧૨ વર્ષથી આ વિભાગ સુંદર કામ કરી રહ્યો છે. અને આજના ટેકનોલોજીના યુગમાં સોશીયલ મીડીયા, ઇલેકટ્રોનિક મિડિયા અને ન્યુઝપેપર્સ અને ટેલીવીઝનના માધ્યમથી આ વિભાગ સુંદર કામગીરી કરી રહ્યો છે. આ ફકત સરકાર અને પ્રજા વચ્ચેનું સાધન છે એવું નથી પરંતુ લોકોની જે અપેક્ષા હોય છે એ વર્ણનોને ફીડબેક કરીને રાજય સરકાર સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ કરી રહ્યો છે. દેશમાં કોઇપણ રાજયમાં કોઇપણ પક્ષની સરકાર હોય એ બહુમતિમાં હોય કે ના હોય પણ ફકત સરકાર ચલાવે રાખવી, ટકાવી રાખવી, હોતા હૈ ચલતા હૈ વાળી સરકાર, નિષ્ક્રિય સરકાર અને લોક જાગૃતિ વગરની સરકારનો કોઇ અર્થ નથી અને ભારતીય જનતા પાર્ટીની આ સરકારના શાસકોને એ મંજૂર નથી. જાગૃત સરકારની ફરજ છે કે સરકારના દરેક વિભાગને લોકસેવાના કામમાં જોતરવા જોઇએ, લોકજાગૃતિ માટે અમારી સરકારે આ વિભાગને કામે લગાવ્યો છે. અગાઉ પણ આ વિભાગ હતો, પણ એ વિભાગને કામ કરવા દેતા નહતા અથવા તો લોકોને સરકારની માહિતી આપવા માગતા નહોતા.

આજથી ૨૫ વર્ષ પહેલા ગામડા કે શહેરમાં મહદ્અંશે ઉજળીયાતોનું શાસન હતું. આ લોકોનો રાજય કરવાની માનસિકતાનો થોડોક ખ્યાલ આપવા માગુ છું. આ સમયકાળ દરમ્યાન સામાન્ય લોકોને સરકારની

યોજનાનો લાભ આપવા માટે કોઈપણ અધિકારી જાય તો એને આ કામ કરવા દેતા ન હતા અને કહેતા કે આ લોકોને જાગૃત કરવાની કંઇ જરૂર નથી. એનું કારણ હતું એમને ચિંતા હતી કે જો આ ગરીબ સામાન્ય માણસ આ યોજનાનો લાભ લેશે તો આર્થિક રીતે પગભર થશે અને આર્થિક રીતે પગભર થશે તો એમના ખેતરોમાં કામ કોણ કરશે? એમના ઘરે સાફસફાઇ કોણ કરશે અને જાગૃત થશે તો સરકાર સામે દલીલ કરતા થશે. આ એમને ચિંતા હતી. અને આવા લોકોને જે દશામાં છે એ જ દશામાં રાખવા માગતા હતા. આવી માનસિકતા સાથે અગાઉના શાસકોએ ૪૦ થી ૫૦ વર્ષ સુધી કામ કર્યુ હતું. આવી માનસિકતા સાથે રાજય કરવું એ ભારતીય જનતા પાર્ટીની સરકારને મંજૂર નથી અને સૌનો સાથ અને સૌના વિકાસનું સૂત્ર લઇને ચાલતી આ સરકાર ગરીબોના બેલી અને ગરીબોના મસીહા નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાવાળી સરકાર અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારે, સરકારના પારદર્શક વહીવટને લોકો સમક્ષ મૂકયો છે અને લોકકલ્યાણ વિભાગની માહિતિનો લાભ આપ્યો છે. આ કામ માહિતી અને પ્રસારણ વિભાગ કરી રહ્યો છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, રમતગમતના વિભાગમાં સરકારશ્રીએ જે રકમની માગણી મૂકી છે એના મારા સમર્થનમાં હું મારી વાત કહેવા માગુ છું. રાજકારણમાં ગમે તેટલી રમત હોય એ રમો વાંધો નહીં પણ રમતમાં રાજકારણ મારા મિત્રો ના લાવશો. અને માટે જ હું મારા મિત્રોને વિનંતી કરીશ કે એની જે કાપદરખાસ્ત મૂકી હોય એમાં તાત્કાલિક કાપ મૂકીને દરખાસ્ત પાછી લઇ લેશો. ૨૫૦૦ વર્ષ પહેલા એક ઓલમ્પિયા નામના નાના ગામમાંથી ઓલમ્પિકની રમતની શરૂઆત થઇ હતી. કોઇક કારણસર ૧૪૦૦ વર્ષનો ગાળો વીતી ગયો અને એ રમત બંધ થઇ ગઇ. ૧૮૯૬માં ફરી એ રમત ચાર–ચાર વર્ષના આંતરે શરૂ થઇ. હું ધ્યાન એટલા માટે દોરવા માગુ છું કે તેના પહેલાના, ૮૦ વર્ષ પહેલા વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ–૨ અને મહારાજા ખંડેરાવે ૧૨૧ પહેલવાનો રમતગમત માટે તૈયાર કર્યા હતા આ પ્રજાને તૈયાર કરવા માટે અને તે પણ એ જમાનામાં વાર્ષિક ખર્ચ લગભગ ૩ લાખ રૂપિયાનો કે જેની આજે કિંમત ગણીએ તો કરોડોમાં થાય. જે રાષ્ટ્ર નિર્બળ હોય એ રાષ્ટ્ર ઉપર કોઇપણ ચડાઇ કરી શકે, એ સાંસ્કૃતિક ચડાઇ હોઇ શકે અને એ શારીરિક પણ ચડાઇ હોઇ શકે. માટે વડોદરાની વાત કરું કારણ કે વડોદરા એ માનનીય મુખ્યમંત્રી, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કર્મભૂમિ રહેલી છે. આથી સ્પોર્ટસ બાબતમાં એમના સ્પષ્ટ વિચારો અંકૂર થયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં શરીરમાં ૨૦૬ હાડકાં, ૯૦૦ સ્નાયુઓ, ૭૦૦ શીરાઓ અને ૨૪ ધમનીઓ છે આને જો કસરત અને વ્યાયામ ના મળે અને વ્યાયામને ઉત્તેજન આપવાની ફરજ સરકારની છે. આઝાદી પછીનો વચ્ચેનો એક ગાળો એવો ગયો કે આઝાદી પહેલા વડોદરામાં ૧૭–૧૭ વ્યાયામશાળાઓ અને વ્યાયામશાળાની વાત કરું તો શિવાજીના સમયમાં ગુરુ રામદાસ સ્વામીએ ૧૨૦૦ હનુમાન મંદિર બનાવેલા અને હનુમાન મંદિર બનાવવાનું પ્રયોજન એના અખાડા સાથેનું હતું અને વીર–સશક્ત–સ્નાયુબદ્ધ મરાઠાઓ તૈયાર કર્યા, માટે મરાઠાઓને મોગલો જીતી ના શક્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, આજ અગર શિવાજી ના હોતા તો આજ હમ હિન્દુ ના હોતે. શરીર–શૌષ્ઠવ રાજ્યનું હોવું જોઇએ અને એના માટેના પ્રયત્નો સરકારના હોવા જોઇએ. એ આપણે શિવાજી મહારાજના સમયથી સ્વીકારતા આવ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભાણવડની અંદર બાદશાહ એક અબ્દુલ તાનાશાહ કરીને હતા. એણે શિવાજી મહારાજને પોતાને ત્યાં આમંત્રણ આપ્યું કે મારે ત્યાં હાથીની એક રસાકસી છે, સાઠમારી છે એ જોવા આવો. એમણે ખૂબજ ઉદ્ધત રીતે શિવાજીને કીધું તમારી પાસે આવો વિકરાળ હાથી નહિ હોય, ત્યારે શિવાજી મહારાજે પોતાના બાલસખા – બાલમિત્ર એક તંત કરીને હતા. તંતની સામે ઇશારો કર્યો અને તંત રંગમંચમાં કૂદી પડ્યો અને હાથીની સૂંઢને તલવારના એક ઝાટકે કાપી નાંખી. શિવાજી મહારાજે દાખલો પૂરો પાડ્યો કે તારા વિકરાળ હાથીની સામે મારો સશક્ત મરાઠો ઊભો છે, માટે આ રાષ્ટ્રની ધરોહર રમતગમતને પ્રોત્સાહન આપવા ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પરિપાટી માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ અહીંયા મૂકી છે એ પરિપાટી આજે માનનીય મુખ્યમંત્રીશ્રી આપણા આનંદીબેન ચલાવી રહ્યાં છે. ૨૦૧૩ની અંદર ઇન્ટરનેશનલ કક્ષાનું આઉટડોર સ્ટડિયમ માનનીય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય મોદીજીએ ઉદ્‌ઘાટન કરેલું અને હજુ હાલમાં જ ૧૦ દિવસ નથી થયાં માનનીય આનંદીબેને ત્યાં આગળ ઇન્ડોર સ્ટડિયમ કેટલું સુંદર છે! મિત્રોને કહીશ કે– એ જોવા માટે આવે. કસરતનો ફાયદો શું હોય છે? એક નાનો દાખલો આપું. માનનીય અધ્યક્ષશ્રી, એક ૨૨–૨૪ વર્ષના બે યુવાનો અમદાવાદથી વડોદરા સ્કૂટર ઉપર જવા નીકળ્યાં. ૩૫ વર્ષ પહેલાની વાત છે અને સ્કૂટર ૮૦ની સ્પીડમાં જતું હતું અને ટાયર ફાટ્યું. ટાયર ફાટ્યાં પછી એ સ્કૂટર ૭૦ ફૂટ ઘસડાયું. પાછળ બેઠેલો વ્યક્તિ આગળ ઉછળીને પડ્યો અને આગળ બેઠેલા હતા એ બેહોશ થઇ ગયા, અમને ફ્રેક્ચર થયું. આગળનો વ્યક્તિ જીવતો આપની સામે ઊભો છે, એનું કારણ છે કે વડોદરામાં, સૌરાષ્ટ્રમાં અમે અખાડામાં ૧૫ વર્ષની ઉંમરે જતા અમને પડવાની એક પ્રક્રિયા શીખવાડતાં કે પડવું કેવી રીતે? પડાય તો આજે પીઠનું હાડકું છે એ સાહેબ ઢાલ જેવું મજબુત હોય છે. એના આધારે એ શરીરની અંદર વળી જાય અને રમત ગમતના કારણે માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આપની સમક્ષ જીવતો જાગતો ઊભો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમતની એક કરૂણ વાત પણ કહેવા માગુ છું કે, એક સ્પર્ધાની અંદર સાત બહેનોએ દોડમાં ભાગ લીધો. દોડમાં ભાગ લેતાં લેતાં એક બહેન રસ્તામાં પડી ગઇ. એ બહેન પડી જતા બાકીની ૬ બહેનો ઊભી થઇ ગઇ, એ બહેનને ઊભી કરીને સાતેય બહેનોએ હાથમાં હાથ મિલાવીને એ જ્યાં રેસની લાઇન પૂરી થતી હતી ત્યાં સુધી દોડીને પહોંચ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને હું અભિનંદન આપવા માગુ છું અને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. સાહેબ, વિશ્વની અંદર ૨૦૧૩માં ૩૩ લાખ પાર્ટીસિપેટે ભાગ લીધેલો અને આજે શબ્દ વાપર્યો છે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ કે 'ખેલ મહાકૂંભ' આવી કલ્પના આ પહેલાના શાસકોને આવી છે ખરી? અરે, હું માત્ર ગુજરાતની વાત નથી કરતો, સમગ્ર રાષ્ટ્રની અંદર આવી કલ્પના કોઇને આવી નથી એવી કલ્પના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કોતરી છે અને આખું હિન્દુસ્તાન એમાં બેઠું થવા જઇ રહ્યું છે. આપણું રાષ્ટ્ર જ્યારે યુવા રાષ્ટ્ર છે ત્યારે હું એવી અપેક્ષા રાખું છું કે ઓછામાં ઓછું પક્ષાપક્ષીથી પર થઇને કોંગ્રેસના મિત્રો આ કાપદરખાસ્ત પાછી ખેંચી લે. ધન્યવાદ.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગમાં માનનીય મંત્રીશ્રી જે વધારાની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. માનવ જીવનમાં રમતનું આગવું મહત્વ છે. તન અને મનની તંદુરસ્તી માટે રમત ખૂબ જરૂરી છે ત્યારે આવી રમતો માટે આપણે ત્યાં જે રીતના મેદાનો હોવા જોઇએ એ હોતા નથી. વાયકા યોજના અંતર્ગત એ મેદાનોની જે રીતે જાળવણી થવી જોઇએ, જે રીતે સુવિધા હોવી જોઇએ એ સુવિધા હોતી નથી ત્યારે રમત ગમત વિભાગમાં યુવાનો, યુવતીઓ અને બાળકોને આપણે જે રીતે કૌશલ્ય ખીલવવા જોઇએ એ કૌશલ્યો આપણે ખીલાવી શકતા નથી ત્યારે આપણે ત્યાં દર વર્ષે ખેલ મહાકુંભો યોજાય છે પરંતુ એ ખેલ મહોત્સવમાં જે રીતે આપણા યુવાનો ભાગ લેવા જોઇએ અને એ ખેલ મહાકુંભોમાં આપણા ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે રીતે એમણે ઉજળો દેખાવ કરવો જોઇએ એ ઉજળો દેખાવ કરી શકતા નથી ત્યારે આવા ખેલ મહાકુંભોમાં કરોડો રૂપિયા ખર્ચાય છે એ યોગ્ય નથી એવું મને લાગે છે ત્યારે આપણે ત્યાં યોગ્ય પ્રતિભાઓ નથી એવું નથી, આપણે ત્યાં અનેક પ્રતિભાઓ એવી છે આપણા ગુજરાતમાં એ પ્રતિભાઓને બહાર લાવનાર અત્યારે કોઇ નથી એવું મને લાગે છે ત્યારે મારા વલસાડ જિલ્લાના છેવાડાના ધરમપુર તાલુકાની વાત કરવા માગું છું.

મારા ધરમપુર તાલુકામાં ૨૦ થી ૨૫ કિલોમીટર દૂર જંગલ એરીયામાં ૨૦૦૭માં એક નોન ગ્રાન્ટેડ સ્કુલ શરૂ કરવામાં આવી અન એ નોન ગ્રાન્ટેડ સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓ, બી.પી.એલ. કુટુંબના અને ગરીબ કુટુંબના વિદ્યાર્થીઓએ એડમિશન લીધા અને ત્યાં ૨૦૦૭માં એ સ્કૂલ શરૂ થઇ ત્યારપછી અનેક રમતોત્સવમાં એ શાળાએ ભાગ લીધો અને જિલ્લા કક્ષાએ ખો ખોની બહેનોની ટીમે પ્રથમ ક્રમ મેળવ્યો અને સતત પાંચ વર્ષ સુધી ત્યાંની સ્કૂલે રમતગમત ક્ષેત્રે પાંચ વર્ષ સુધી પ્રથમ ક્રમ મેળવી ત્યાંનો શીલ્ડ પણ એ

શાળાએ મેળવ્યો. એ જ રીતે અનેક રમતોમાં આ શાળાએ ભાગ લીધો અને રાજ્ય કક્ષા સુધી એમણે આ રમતોત્સવમાં ભાગ લીધો. રાજ્યકક્ષા ગ્રામિણ મહોત્સવમાં ઉંચી કૂદમાં પ્રથમ ક્રમ મેળવ્યો. લાંબી કૂદમાં બીજો ક્રમ મેળવ્યો અને ગોળા ફેંકમાં પણ બીજો ક્રમ આ શાળાએ મેળવ્યો. એ જ રીતે રાજ્યકક્ષા શાળાકીય વિભાગમાં મહિલા રીલે દોડમાં ૪૦૦ મીટરમાં પણ આ શાળાની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમ મેળવ્યો છે ત્યારે મારે કહેવું ઘટે કે આ શાળાએ ચારથી પાંચ વર્ષમાં જ આટલી પ્રવૃત્તિ કરીને રાજ્યકક્ષા સુધી એમણે ક્રમ મેળવ્યો છે. પરંતુ આ શાળાને અને આ બાળકોને અત્યાર સુધી પ્રોત્સાહન આપનાર કોઇ નથી ત્યારે મારે કહેવું ઘટે કે આ બાળકોના અચ્છે દિન ક્યારે આવશે?

એ જ રીતે મારા ૧૭૮ ધરમપુર વિધાનસભા મત વિસ્તારમાં બ્લાઇન્ડ ક્રિકેટરો આજે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે અને એ લોકો દરેક દેશમાં રમવા માટે જાય છે અને અનેક વાર એ લોકો ક્રિકેટ મેચ જીતીને આવે છે ત્યારે છેલ્લા ૨૦૧૧-૧૨માં ઓસ્ટ્રેલિયામાં બ્લાઇન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ રમાયો. એ વર્લ્ડ કપમાં મારા વિસ્તારના બે ખેલાડીઓ રમ્યા હતા અને એ વર્લ્ડ કપ ફાઇનલમાં આપણા ભારતની ટીમ વર્લ્ડ ચેમ્પિયન બની હતી અને એ વર્લ્ડ કપમાં મારા વિસ્તારનો એક આદિવાસી ખેલાડી મેન ઓફ ધી મેચ બનેલો પરંતુ એ ખેલાડીને આજ સુધી આ સરકારે કે કોઇએ પ્રોત્સાહન આપ્યું નથી અને એનું સન્માન પણ કરવામાં આવ્યું નથી ત્યારે મારે કહેવું છે કે આ સરકાર રમતવીરોને પ્રોત્સાહન આપવાની મોટી મોટી ગુલબાંગો ફેંકે છે, પરંતુ અત્યાર સુધી આવા ખેલાડીઓને કોઇ પ્રોત્સાહન આપ્યું નથી અને આ વિસ્તારના ગરીબ અને નબળા સ્થિતિના વિદ્યાર્થીઓ આજે દયનીય સ્થિતિમાં જીવી રહ્યા છે,ત્યારે મારે આ સરકારને કહેવું ઘટે આવા ગરીબ વિદ્યાર્થીઓને તમે ક્યારે મદદ કરવા માગો છો.

દરેક જિલ્લામાં રમત ગમતની કચેરીઓ ખોલાય છે અને આ કચેરીઓમાં રમત ગમત અધિકારીઓ હોતા નથી અને એની સાથે કોઇપણ હોતા નથી. ત્યારે આવી કચેરીઓમાં રમત ગમત અધિકારીઓ નીમાય, કોચ પણ નીમાય. રમત ગમતનું મેદાન બને અને યોગ્ય ખેલાડીઓ આપણા ગુજરાતમાં વધે અને તે રીતની કાર્યવાહી કરવી જોઇએ. એ જ રીતે રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગમાં દર વર્ષે યુવક મહોત્સવ ઉજવાય છે એમાં પણ જે રીતે આપણા ખેલાડીઓને, રમતવીરોને રમાડવા જોઇએ તે થતું નથી, ત્યારે આપણે આ યુવક મહોત્સવ યોગ્ય રીતે રાજ્ય લેવલે યોજાય અને સારામાં સારી પ્રતિભા ઉપસે તેવી કામગીરી કરવી જોઇએ. એ જ રીતે આખા ગુજરાતમાં આદિવાસી મહોત્સવ ઉજવાય છે. આદિવાસી મહોત્સવ ગુજરાતમાં એક જ જગ્યાએ યોજાવાના લીધે જે રીતે ખેલાડીઓએ ભાગ લેવો જોઇએ તે રીતે ભાગ લેતા નથી. એમાં યુવક મહોત્સવની રીતે દરેક તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએ, જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધી અને ઝોન કક્ષાથી રાજ્ય કક્ષા સુધી જઇને આદિવાસી મહોત્સવ ઉજવાય તો જ સારામાં સારા ખેલાડીઓ ભાગ લઇ શકે અને ઉજળો દેખાવ કરી શકે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પુનમભાઇ પરમાર.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રીશ્રી માગણી નં.૫૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માહિતી અને પ્રસારણ મહેસૂલ ખર્ચ રૂપિયા ૬૮.૦૨ લાખ, છેલ્લાં ૩ વર્ષમાં મનોરંજન કર અને સુખ સુવિધા કરની આવક વર્ષ ૨૦૧૧-૧૨ માં મનોરંજન કરની આવક ૭૬.૪૨ લાખ, સુખ સુવિધા કરની આવક ૫૧.૦૨ લાખ કુલ આવક ૧૨૭.૭૪ કરોડ. ૨૦૧૨-૧૩માં મનોરંજન કરની આવક ૧૨૫.૭૬ કરોડ, સુખ સુવિધા કરની આવક ૫૯.૮૯ કરોડ કુલ આવક ૧૮૪.૬૫ કરોડ. ૨૦૧૩-૧૪ માં મનોરંજન કરની આવક ૧૩૩.૯૨ કરોડ, સુખ સુવિધા કરની આવક ૬૮.૨૨ કરોડ કુલ આવક ૨૦૨.૧૪ કરોડ કુલ મનોરંજન કરની આવક ૩૩૬.૧૦ કરોડ, સુખ સુવિધા કરની કુલ આવક ૧૭૮.૧૩ કરોડ કુલ આવક ૫૧૪.૨૩ કરોડ. મનોરંજન કરમાં છેલ્લાં ૩ વર્ષના આંકડાઓ પ્રમાણે મનોરંજન કરમાં વધારો થયેલ છે. ૨૦૧૧-૧૨ ની આવક કરતા ૨૦૧૩-૧૪ માં વધારો નોંધાયો છે. વર્ષ-૨૦૧૪-૧૫ માં માહિતી નિયામક કચેરીની કામગીરી માટે આ અંદાજિત રૂપિયા ૧૨.૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જ્યારે પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરવા માટે આગામી વર્ષમાં અંદાજિત ૬૬ કરોડ ૨૮ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. ૨૦૧૨-૧૩ માં

પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરવા માટે માહિતી વિભાગ દ્વારા રૂપિયા ૨૭ કરોડ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ગુજરાત સાપ્તાહિક અને અન્ય મુદ્રિક પ્રકાશનોમાં ૨૦૧૪–૧૫ માં કોઇ જ જોગવાઇ કરવામાં આવી નથી. આગામી વર્ષમાં સમૂહ રેડિયો અને ટેલિવિઝન દ્વારા પ્રચાર કરવા માટે રૂપિયા ૭.૦૮ કરોડ ખર્ચ્યા છે, ત્યારે માહિતી કેન્દ્ર ૨૦૧૨–૧૩ નો ખર્ચ ૧૨૪ કરોડ, ૨૦૧૪–૧૫ નો ખર્ચ ૧.૪૭ કરોડ વધારો ૦.૨૩ કરોડ ક્ષેત્ર પ્રચાર ૮.૪૨ કરોડ એમાં આ વખતે ૯.૪૭ કરોડ કુલ વધારો ૧.૦૫ કરોડનો. પ્રકાશનમાં ૨૦.૮૧ કરોડ તેમાં ૬૨.૧૮ કરોડ. કુલ વધારો ૪૧.૨૭ કરોડ. સમૂહ રેડિયો ૪૧.૨૭ કરોડ તેમાં ૦૭.૦૮ કરોડ.

હમણાં અમારા તેજશ્રીબેન બોલતા હતા. સાચુ બોલતા હતા. સરકારના વહીવટમાં કોઇ કૌભાંડ હોય કે ભ્રષ્ટાચાર હોય તો તેને કંટ્રોલ કરવાનું અને રોકવાનું કામ ઇલેક્ટ્રોનિક મીડિયા કરતું હોય છે ત્યારે આ સરકાર ખૂબ સારો અને બિનભ્રષ્ટાચારી વહીવટ કરતું હોય તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ભલામણ કરવાની છે કે •(xxxxxx) ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રીને એ કહેવાનું છે કે (xxxxxx) રોકવાનું કામ..

અધ્યક્ષશ્રી : જે કંઇ કહેવું હોય તે સરકારને કહો. અધ્યક્ષને કંઇ નહીં કહો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : (xxxxxx)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂર્ણ થાય છે. ઇલેક્ટ્રોનિક્સ મીડિયાને બહાર રાખેલ છે તે અધ્યક્ષના પરિક્ષેત્રમાં આવે છે. એટલે આ બધા શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવામાં આવે છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી નં.૯૮ જયારે મારો વિભાગ લઇને આવ્યો છે ત્યારે તે માગણીઓ ઉપર આ ગૃહના વિદ્વાન સભ્યો શ્રી ગૌતમભાઇ, શ્રી રાજેન્દ્રભાઇ અને શ્રી ઇશ્વરભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમના ઉમદા સૂચનો પણ કર્યા. તેમણે સામાન્ય અંગુલીનિર્દેશ પણ કર્યો કે હજી આગળ વધો. હું મારા તમામ વિદ્વાન સભ્યોના સૂચનોને આવકારું છું. માનનીય ગૌતમભાઇએ કૃષ્ણથી લઇને અંબુભાઇ પુરાણી સુધીનો ખેલ જગતનો ઇતિહાસ કર્યો અને સાથોસાથ અંગુલીનિર્દેશ પણ કર્યો કે આજે આપણે કયાં છીએ? શ્રી રાજેન્દ્રભાઇએ ઓલમ્પીયાથી લઇને ઓલમ્પિક સુધીની વાત કરી અને શરીરનું મહત્વ સમજાવ્યું. કસરત કરવાથી કેવો ફાયદો થાય છે તેના માટે પોતાનો સ્વઅનુભવ પણ કહ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ઇશ્વરભાઇએ મેદાનોની ચિંતા કરી. ખેલકૂદને હજી વધારે પ્રોત્સાહન આપવાના સૂચનો પણ કર્યા. આ તમામ સૂચનોને હું આવકારું છું. ખેલકૂદનું અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું મહત્વ આદિકાળથી ચાલતું આવે છે. આપણા પ્રાચીન ઋષિમુનીએ એક ખૂબ સરસ સંસ્કૃત શ્લોક આ સંદર્ભમાં કહ્યો છે. શરીર માધ્યમ ખલુ, ધર્મ સાધનમ્. અર્થાત શરીર બધા ધર્મોનું સાધન છે. તેનાથી પણ આગળ વાત કરું તો શરીર બધા ધર્મોનું સાધન તો છે પણ શરીર બધા કર્મોનું પણ સાધન છે. આ વાતને આગળ લઇને જયારે તમામ કર્મો અને તમામ બાબતોમાં રમત ગમતના અને કસરતના માધ્યમ દ્વારા, કલાના માધ્યમ દ્વારા તેની અસર તન અને મન ઉપર પડતી હોય ત્યારે અત્યારના આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના વિકાસની ઇમારત બનાવવા માટે જે પાંચ પિલ્લરની કલ્પના કરેલી. અને પ પિલ્લરના આધાર ઉપર આ રાજયનો વિકાસ કરવાની સંકલ્પના કરેલી એ જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ, જનશક્તિ, ઉર્જાશક્તિ અને જળશક્તિ. હું આ વાત એટલા માટે કહેવા માગુ છું કે, આને આપણા વિકાસ સાથે શરીરને સીધો સંબંધ છે. શક્તિ તો જ્ઞાનશક્તિ છે એ તન અને મન જો આપણા સ્વસ્થ હોય તો જ્ઞાનશક્તિ વધારે વિકસે, આપણું શરીર મજબૂત હોય તો રક્ષાશક્તિ સાર્થક થાય અને ઉર્જા તો સ્વયં શક્તિનું સ્વરૂપ છે. જળ પણ એક શક્તિનું સ્વરૂપ છે. આપણે વાત વાતમાં કહીએ છીએ કોઇ સામાન્ય માણસ હોય અને ક્યાંય પહોંચી ન શકતો હોય ત્યારે આપણે કહીએ છીએ કે, આ પાણી વગરનો માણસ છે. તો આ પાંચેય શક્તિના માધ્યમ દ્વારા સમાજનો વિકાસ થાય અને શરીર જો શુદ્ધ થાય, તન શુદ્ધ–મન શુદ્ધના માધ્યમ દ્વારા આ રાજયનો વિકાસ થાય એ માટે તે વખતના માનનીય મુખ્ય મંત્રીશ્રી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેલ મહાકુંભની યોજના કરેલી. ગુજરાતનો સમાજિક ક્ષત્રનો સૌથી મોટો ઉત્સવ એટલે ખેલ મહાકુંભ અને ખેલકુંભના જે પરિણામો આવ્યા એ અત્યારે આપણી સમક્ષ છે.

હમણા સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી કે આપણે આ રમત ગમતની અંદર ગુજરાત ક્યાં છે? પહેલા ગુજરાત ક્યાં હતું એની મને ખબર નથી, રમત ગમત ક્ષેત્રની અંદર પહેલા ગુજરાત ક્યાં હતું એના ઈતિહાસની મને ખબર નથી પણ અત્યારે ગુજરાત રમત ગમત ક્ષત્રમાં ક્યાં છે એની જાણકારી છે. કુ. લજ્જા ગોસ્વામી, રાઈફલ શુટિંગ આઈ.એસ.એસ.એફ. વર્લ્ડકપ ૨૦૧૩માં સિલ્વર મેડલ, કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૦માં સિલ્વર મેડલ લાવ્યા, કુ. અંકીતા રૈના, ટેનિસ, વર્લ્ડ રેન્કીંગ ૨૮૮ નેશનલ રેન્ક નંબર વન ૨૦૧૨–૧૩ ફેડરેશન કપ ટુર્નામેન્ટમાં ભારત તરફથી રમેલ. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, કુ. માના પટેલ, સ્વિમિંગમાં જુનિયર નેશનલ ૨૦૧૩માં ૫૦ મીટર, ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરમાં બેકસ્ટ્રોકમાં નવા નેશનલ રેકર્ડ સ્થાપિત કર્યા. હરમીત દેસાઇ, ટેબલ ટેનિસ વર્લ્ડ રેન્કીંગ ૧૨૩, સાર્કકપ આયાનમેન સિંગલમાં ગોલ્ડ મેડલ, અંકીત રાજપરા, ચેસ વર્ષ ૨૦૧૪માં ફ્રાન્સમાં રમાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થઈને ગ્રાન્ડ માસ્ટરનું બિરુદ મેળવેલ. માનનીય અધ્યક્ષશ્રી, રૂપેશ શાહ, બિલિયર્ડ વર્ષ ૨૦૧૩, બિલિયર્ડ ચેમ્પિયનશીપ ગોલ્ડ મેડલ, એશિયન બિલિયર્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૩માં ગોલ્ડ મેડલ, ઓક્ટોબર ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્દિ ખેલ મહાકુંભ અને ખેલકૂદને ગુજરાત સરકાર કેટલું મહત્વ આપે છે એ આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભની અંદર જુદી જુદી ૨૧ રમતો રમવામાં આવે છે અને આ રમતો માત્ર કોઇ શહેરી ક્ષેત્ર પુરતી નહીં પણ ગામડાંથી શરૂ થાય છે. ૧૨ વર્ષની વય જૂથની ઉપરના બધા જ ગામડાની અંદર ખેલકૂદ શરૂ થાય, બીજી પ્રતિયોગીતા તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ થાય અને આ રમતના માધ્યમ દ્વારા ગામડાની અંદર છેવાડે બેઠેલા આપણા ગુજરાતના નાના બાળકોની અંદરનું રમત પ્રત્યેની સ્કીલ એને બહાર લાવવાનું કામ આ ખેલ મહાકુંભના માધ્યમ દ્વારા થયું છે. બે વર્ષથી આ રાજય સરકાર ખેલ મહાકુંભની અંદર જે વિશિષ્ટ પ્રતિભાવાળા ખેલાડીઓ હોય એને એકત્ર કરીને ૧૦૦૦ આવા ખેલાડીઓને વિશિષ્ટ તાલીમ આપવાનું કાર્ય આ રાજય સરકાર કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, આ બજેટની અંદર ગુજરાતમાં વિશ્વ કક્ષાનું રમત ગમતનું સંકુલ કરવાની જાહેરાત કરી છે. વડોદરા જિલ્લાના પાદરા ખાતે જમીન પસંદ કરી લેવામાં આવી છે અને બજેટની અંદર પણ એની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે આ જોગવાઇ કરવામાં આવી ત્યારે યુ.જી.સી.એ પણ આમાં ૫ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જે એક હજાર ખેલાડીઓ ગામડામાંથી આવતા હોય એના માટે વિશ્વ કક્ષાના કોચ પણ રાખવામાં આવ્યા છે. હમણાં હોકીના જાદુગર આપણે ત્યાં કહેવાય છે તે શ્રી ધનરાજ પિલ્લાઇને હોકીની રમત માટે ગુજરાત સરકારે એમને રોક્યા છે. બીજી રમતો માટે પણ બીજાને રોક્યા છે. ત્યારે આ રાજ્યની અંદર આવતા દિવસોમાં અચ્છે દિન આયેંગે. મેં જે વાત કરી કે તાલુકાથી જિલ્લા સુધી અને જિલ્લાથી રાજ્ય સુધી રમતગમત ઉપરાંત સંસ્કૃતિ, એ માટે સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન. સંગીત નાટકને પ્રોત્સાહન. મને આનંદ થાય છે કે પુરાતત્ત્વમાં થોડાક દિવસ પહેલાં જ રાણકી વાવને વિશ્વ વિરાસત તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. આ પહેલાં ચાંપાનેરના કિલ્લાને પણ વિશ્વ વિરાસત તરીકે ઘોષિત કરવામાં આવેલ. આ આપણું ગુજરાતનું ગૌરવ છે ત્યારે ગુજરાતમાં રમતગમત, કલા સંસ્કૃતિ, વૈભવના ઉત્થાનમાં પ્રવૃત્ત આ વિભાગની માગણી નંબર–૯૮ અંદાજપત્રીય જોગવાઇ સમાજના સર્વ વર્ગોમાં સકારાત્મક વિધેયાત્મક ગુણોના અભ્યુદય માટે ફાળવેલી છે તે જોગવાઇઓ ધ્યાને લેતા માનનીય સભ્યશ્રીઓ તેમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી આ માગણી યથાવત મંજૂર કરે એવી હું આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું. જ્યારે રાજ્ય સરકાર રમતગમત ક્ષેત્રે આટલું લક્ષ્ય સેવતી હોય ત્યારે ફરી એકવાર વિનંતી કરીને કહુ છું કે માનનીય સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્તો રજૂ કરેલી છે તે પાછી ખેંચી લે તેવી હું અપેક્ષા રાખું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( મુખ્યમંત્રીશ્રી વતી હવાલો ધરાવતા માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી: ) માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહ સમક્ષ કોંગ્રેસના માનનીય ધારાસભ્ય શ્રીમતી તેજશ્રીબેન, પુનમભાઇ અને ભરતભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. રાજ્યનું માહિતી વિભાગ એ સેવા એ જ સાધના અને શબ્દોની આરાધનાના મંત્રના આધાર ઉપર ચાલે છે. રાજ્યના માહિતી વિભાગની સાથે એમાં પ્રજાની વેદના, સંવેદના, આશા, અપેક્ષા આજ અને આવતીકાલનું પ્રતિબિંબ ગુજરાતના માહિતી વિભાગ દ્વારા મળે છે. આ એ માહિતી વિભાગ છે, છેલ્લાં તેર વરસથી અત્યારે જે દેશના વડાપ્રધાન છે તે માનનીય નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ આ માહિતી વિભાગે કામ કરેલું છે. આજથી દસ વરસ પહેલાં આ વિભાગનું બજેટ ૧૭ કરોડ રૂપિયા હતું. આજે એ બજેટમાં વધારો કરીને ૧૨૭ કરોડ રૂપિયા સુધી પહોંચાડ્યું છે. આ એ માહિતી વિભાગ છે, એ માહિતી વિભાગના માધ્યમથી ગુજરાતના અંતરિયાળ વિસ્તાર માટે કૃષિ મહોત્સવ અને કૃષિ મહોત્સવની સાફલ્ય ગાથા સમાજની વચ્ચે રજૂ કરી છે. આ એ માહિતી વિભાગ છે, જેના માધ્યમથી કુપોષણ સામે સમાજને લડાઇ કરવા માટે એને જાગૃત કરવા માટેનું કામ કર્યું છે. આ એ માહિતી વિભાગ છે, કે જેણે ગુજરાતના બેરોજગાર યુવાનોને રોજગારી મેળવવા માટે રોજગાર વિશેષાંકના અંકના માધ્યમથી એને રોજગારી પૂરી પાડવાનું કામ કર્યું છે. આ એ માહિતી વિભાગ છે, જ્યારે સમગ્ર દેશની અંદર છેલ્લાં દસ વરસમાં દેશ અંધકારની ગર્તામાં ધકેલાઇ ગયો હતો. દેશની અંદર મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, આતંકવાદ જેવી સમસ્યાઓ હતી, આ દેશની અંદર કોઇ શાસન જેવી વ્યવસ્થા છે કે નહિ તે ખબર નહોતી પડતી. એવા સંજોગોમાં આ માહિતી વિભાગે ગુજરાત મોડેલ સમગ્ર દેશ અને દુનિયાની અંદર ઉજાગર કર્યું છે અને એના કારણે સમગ્ર દેશની અંદર પરિવર્તન લાવવામાં કોઇ કારણ હોય તો એ ગુજરાતનું માહિતી તંત્ર છે. હું માહિતી વિભાગના સૌ અધિકારીઓને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. એમણે આ દેશની સેવા કરી છે અને માનનીય નરેન્દ્રભાઇ મોદીના હાથમાં આ દેશનું શાસન સોંપ્યું છે. એના કારણે હું અભિનંદન આપું છું. તેજશ્રીબહેને પોતાની ચર્ચામાં કહ્યું કે માહિતી વિભાગ એ કારની ઝડપે ચાલે છે પણ હું એમ કહું છું કે આ માહિતી વિભાગ કારની ઝડપે નથી ચાલતું આ માહિતી વિભાગ જેટ પ્લેનની ઝડપે ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તેજશ્રીબહેન એક મહિલા ધારાસભ્ય, એક મહિલા મુખ્યમંત્રીની તેજસ્વીતા તેઓ સ્વીકારી શકતા નથી. તેમણે પત્રકારોની ચિંતા કરી. હું તેમને યાદ કરાવવા માગુ છું કે, જયારે ૧૯૮૫માં ગુજરાત સમાચારના માલિકે એ વખતની સરકારને પત્ર લખ્યો કે અમને રક્ષણ આપો, અમારા ઉપર હુમલો થવાની શકયતા છે. તેમણે બીજો પત્ર લખ્યો ૧૦મી એપ્રિલે કે અમારા ઉપર જાનનો હુમલો થવાની શકયતા છે. ૨૨મી એપ્રિલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે શાંતિ રાખોને, વચ્ચે કોઇ સભ્ય હોય તે કદાચ બોલે તો કોઇએ આમ આમ હાથ કરીને નથી બોલવાનું. બહાર જવાની તૈયારી રાખજો. કોઇ હાથના એકશન નહીં કરે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આખે આખું ટોળુ ગુજરાત સમાચારની સામે પેટ્રોલ લઇને, હથિયારો લઇને ભેગું થયુ. ગુજરાત સમાચારને સળગાવવાનું ષડયંત્ર કરવાવાળા કોણ હતા ? આજે પત્રકારોના હિતોની વાતો કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, આ જસ્ટીસ દવે કમિશનના અહેવાલની અંદર લખેલું છે. કટોકટીના કાળા દિવસો આપણને સૌને યાદ છે. કટોકટીમાં એ વખતનું જે કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ જે.સી.શાહનું જે પંચ રચાયુ હતુ તે પંચની અંદર...

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહ કેન્દ્રની અને તેની વાતો મૂકો, આપણે ગુજરાતનું કંઇ હોય તો એ તમે કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતની જ વાત કરવા માગુ છું કે એ વખતના માહિતી પ્રધાન પત્રકારોને બોલાવીને દબાણપૂર્વક સરકારની પ્રશંસા કરવાની ફરજ પાડતા હતા. આ ગુજરાત સરકારને કેટલા અન્યાય થયા છે (અંતરાય) હું રેકર્ડ ઉપર મૂકવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : શેના અંગેનું છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જસ્ટીસ જે.સી.શાહ કમિશનમાં તેમના કરેલા તારણો.

અધ્યક્ષશ્રી : એ તો કમિશન આખું રેકર્ડ ઉપર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રીની જે વાત કરી તે રેકર્ડ ઉપર મૂકે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું રેકર્ડ ઉપર મૂકવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : એ તમે રેકર્ડ ઉપર મૂકજો પણ જે કંઇ હશે તે કેન્દ્રની વાત મૂકો. આ ૨૦૧૪–૧૫નું બજેટ છે તો તમે બજેટ ઉપર જ આવો. તેમાં કોઇ કેન્દ્રના અને તેના ઉલ્લેખ નછૂટકે કરવા પડે તો વાત જુદી છે અને ભૂતકાળની વાતો પણ ભૂલી જાવ. તમે બજેટમાં એમ કહો કે હું ૨૦૧૪–૧૫નું રજૂ કરું છું અને ૨૦૦૧ની તમે વાતો કરો. ટોટલ હાઉસ માટે થઇને આ બધું કોન્ટ્રાડીકટરી છે અને આખા હાઉસમાં કોઇએ ના બોલવું જોઇએ. તમે બજેટ ઉપર જ આવો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આર.ટી.આઇ.દ્વારા એક મંત્રી તરીકે આકાશવાણી અને દુરદર્શનમાં ગુજરાત સરકારના નકારાત્મક કેટલા અહેવાલો આવ્યા એની મેં વિગતો એકત્રિત કરી. અને તે વિગતો એકત્રિત કરવામાં એપ્રિલ–૨૦૧૩માં ૩૨.૪૬ ટકા રાજ્ય સરકારની કામગીરીને નકારાત્મક રીતે રજૂ કરવાનું કામ આકાશવાણી દ્વારા કરવામાં આવ્યુ. એ રીતે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહ, આકાશવાણી છે તે કેન્દ્રના હાથમાં છે. માહિતી અને પ્રસારણ તમારા ખાતામાં, તમારા બજેટમાં આવે છે ? તમારા બજેટમાં જે આવતું હોય એટલું જ બોલો આ વિવાદાસ્પદ વાત મૂકો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી ખાતાના કારણે ગુજરાતની આજે બ્રાન્ડ ઇમેજ બની છે. અને બ્રાન્ડ ઇમેજના કારણે દેશ અને દુનિયાની અંદર ગુજરાતનું એક આગવુ સ્થાન થયુ છે. આ વખતના બજેટમાં એક સોશિયલ મિડિયા સેલ શરૂ કરવાનું છે અને આ સોશિયલ મિડિયા સેલના માધ્યમથી ફેસબુક, ટ્યુટર, યુ ટ્યુબ અને વોટસઅપના માધ્યમથી રાજ્ય સરકાર પોતાના કરેલા કામોને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવાની છે. આ ૨૦૧૪ની ચૂંટણીમાં જોયું કે સમગ્ર દેશની અંદર સોશિયલ મિડિયા એટલા સુધી પહોંચી ગયુ કે નાના બાળકને પૂછો તો એવું કહે કે, **અબકી બાર મોદી સરકાર,** મોટા વડિલને પૂછો તો એવું કહે કે, **અબકી બાર મોદી સરકાર.**

અધ્યક્ષશ્રી : ભાઇ, અહીંયા સૂત્રો બોલાવવાનું બંધ કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અબકી બારનું સૂત્ર પહોંચી ગયુ હતુ. સોશિયલ મિડિયાની અંદર આવી તાકાત છે. માનનીય અધ્યક્ષશ્રી, સોશિયલ મીડીયાના માધ્યમથી રાજ્યની કામગીરી લોકો સુધી પહોંચાડવા માટેનો આપણે પ્રયાસ કરીએ છીએ. Global Nation. World is a global village. અને ગુજરાત એક એવું રાજ્ય છે કે એને કરેલા કામોના માટે દેશ અને દુનિયા જાણવા માટે ઇચ્છે છે. રોજગાર સમાચારની સાથે સાથે આપણે profitable book બનાવીએ છીએ અને એ profitable book ના માધ્યમથી સમગ્ર દેશની અંદર ગુજરાતની વિશિષ્ટતાઓ આપણે લોકો સમક્ષ જાહેર કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક ભારત શ્રેષ્ઠ ભારત એના સ્વપ્ન સાથે આ રાજ્યના મુખ્ય મંત્રીશ્રી જે તે વખતે ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે. એ પ્રસિધ્ધિમાં કોઇનો હકક હોય તો આ ગુજરાત સરકારના માહિતી તંત્રના કારણે છે. લોકશાહીમાં સત્ય પણ નગારે વગાડીને જ કહેવું જોઇએ અને આ રાજ્ય સરકારની સારી કામગીરી ગુજરાત એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની આ વાતને પ્રેસ નોટ દ્વારા ઇંગ્લીશ, ગુજરાતી અને હિન્દીના માધ્યમથી E-mail

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

દ્વારા અને આ રાજય સરકારની કામગરીના સંદર્ભમાં •(xxxxxx) તો ગુજરાતનું માહિતી ખાતું એની q u i c k r e s p o n s e ટીમના માધ્યમથી એ જે કોઇ સમાચારો હોય એને તાત્કાલિક ખંડન આપીને ગુજરાત સરકારની સાચી વાત રજૂ કરવાનું કામ આ રાજયના વહીવટી તંત્ર દ્વારા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇનું એક સૂચન હતું કે આપણે c a p a c i t y b u i l d i n g કરીને માહિતી ખાતાની એક પોતાની તાકાત ઉભી થાય અને આ c a p a c i t y b u i l d i n g માધ્યમથી આપણે o w n h o u s i n g a d v e r t i s e m e n t બનાવતા અને એ o w n h o u s i n g a d v e r t i s e m e n t બનાવતા અને માનનીય અધ્યક્ષશ્રી, કયા પ્રકારની જાહેરાતો કે આપણું રાજય કે આ ગુજરાતના છ કરોડ લોકોનું હિત સંકળાયેલું છે, એવા રાજયને કોઇ અન્યાય કરવા માટેનો પ્રયત્ન કરે તો એની જાહેરાત (xxxxxx) એના કારણે લોકો સુધી અને માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે આજે ગુજરાતમાં ૨૬–૨૬ સીટોની અંદર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. (અંતરાય) માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં અમારું મેઇન સોશિયલ મીડીયાના સંદર્ભમાં ૫૦ લાખની આ વખતે કરી છે અને સાથે સાથે ગુજરાતી, હિન્દી, ઇંગ્લીશ m a s s E m a i આ બધા જ ૬૮ કરોડ રૂપિયા પૈકીના આ વખતના બજેટના જે સમાવેશ કરેલા છે મારો મૂળ વિષય એની સાથે જ આખી વાત સન્માનનીય સભાગૃહને સમજાવવા માટેનો હતો.

શ્રી શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીએ સોશિયલ મીડીયાની જે વાત કરી એ સોશિયલ મીડીયા એ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો ભાગ છે અને હું આજે એ સાયન્સ એન્ડ ટેકનોલોજીની માગણીઓ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા નદી કિનારે વિકાસ થતો હતો. અમદાવાદ હોય કે અન્ય શહેરો આપણે જોઇએ છીએ કે વડોદરા, સુરત તો એવી માન્યતા હતી કે નદી કિનારે અને ત્યાં જ વિકાસ થાય પછી હાઇવે ઉપર વિકાસ થવા માંડ્યો, આ માનનીય નરેન્દ્રભાઇએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને ઇન્ફરમેશન ટેકનોલોજીએ હાઇવે બનાવી દીધો અને એ હાઇવે ઉપર ટેકનોલોજીના સાધન દ્વારા આ રાજયનો દરેક નાગરિક પોતાના વ્યવસાયની અંદર ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુમાં વધુ સફળ થાય, લાભ થાય એના માટેની એક ભૂમિકા તૈયાર કરી. એક પુલ તૈયાર કર્યો. માનનીય દુષ્યંતભાઇ કહેતા હતા કે, ચંદ્ર ઉપર અમે લઇ નહીં જઇએ પણ ચંદ્ર ઉપર જવા માટેનું પ્લેટફોર્મ ચોકકસ રાજયની સરકારે, માનનીય નરેન્દ્રભાઇએ તૈયાર કરી આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૨ વર્ષમાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આ વિભાગ પોતાના હસ્તક રાખીને દેશમાં શ્રેષ્ઠ કામગીરી આ સાયન્સ અને ટેકનોલોજીમાં કરી છે. જયાંસુધી આ વિભાગ મેં સંભાળ્યો નહોતો ત્યાંસુધી મને પણ ખબર નહોતી કે નરેન્દ્રભાઇ આ રાજયના મજૂરથી માંડીને વેપારી સુધી, વિદ્યાર્થીથી માંડીને યુનિવર્સિટી સુધી, ગ્રાહકથી માંડીને વેપારી સુધી એ તમામે તમામ લોકોને કેવી રીતે આ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઉપયોગમાં આવે, એની સગવડતાઓ કેવી રીતે વધે, એની સુવિધાઓ કેવી રીતે વધે અને એના માટે ૬ સંસ્થાઓની સ્થાપના કરેલી છે એમાં એક ગુજરાત ઇન્ફોર્મેટિક લિમિટેડ છે, બીજી ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી છે, ત્રીજી ગુજરાત સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચોથી ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ઓફ સ્પેસ એપ્લીકેશન સેન્ટર , પાંચમી સંસ્થા એ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી અને છઠ્ઠી સંસ્થા એ ઇન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ છે. આ બધી સંસ્થાઓ સામાન્ય માણસને કેવી રીતે કામમાં આવે અને આ રાજયનો વિકાસ કેવી રીતે થાય એ બન્નેને ધ્યાનમાં રાખીને આ છેલ્લા ૧૨ વર્ષમાં આ વિભાગે જે કામગીરી કરી છે અને એનો અનુભવ આપણને બધાને થયો છે. સફળ થવા માટે ડેટા જોઇએ, માહિતી જોઇએ, તાત્કાલિક જોઇએ એ બધું જ તાત્કાલિક તૈયાર ને તૈયાર જ મળે કે જયારે આપણી પાસે સાયન્સ એન્ડ ટેકનોલોજીનાં સાધનો હોય. આ રાજયનો વિદ્યાર્થી હોય, શિક્ષક હોય, વેપારી હોય, વકીલ હોય,ખેડૂત હોય, ડોકટર હોય, એ બધાને આ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખૂબ ઉપયોગી થાય છે. એના કારણે તો રસ્તા કે મકાનો એ પણ આના દ્વારા આજે ખૂબ ઝડપથી તૈયાર થઇ શકે છે. નીચે સુધી આ ટેકનોલોજીનો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઉપયોગ કેવી રીતે થઇ શકે એના માટે આ વિભાગ ખૂબ જ સુંદર કામગીરી કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ રાજયના વહીવટમાં પણ આ કેવી રીતે ઉપયોગમાં આવે છે, એના જીવન જરૂરિયાતનાં સાધનો, એ.ટી.વી.ટી.ઇ–ધારા, વેલ્યુ એડેડ ટેકસ સિસ્ટમ, જિલ્લા કલેકટર, મ્યુનિસિપલ કોરપોરેશન, ઇ–મમતા, મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજના, એ બધું જ આ જીસ્વાન દ્વારા ૩૩ જિલ્લા અને. ૨૪૮ તાલુકાઓ સુધી આ સાયન્સ એન્ડ ટેકનોલોજી મારફતે થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સિવિલ સપ્લાય વિભાગમાં પણ આપણને બધાને ખબર છે કે ભૂતિયાં અને બોગસ કાર્ડ એ જાતનું અગાઉ ઘણું ચાલતું હતું. આ વિભાગની મદદથી આજે રાજયમાં એકપણ ભૂતિયું કાર્ડ નથી કારણ કે. આપણે બારકોડેડ રેશન કાર્ડ આપીએ છીએ અને બાયોમેટ્રીક પદ્ધતિને કારણે ખોટો ના લઇ જાય અને સાચો રહી ના જાય એ બધી સુવિધાઓ મળી શકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાગત કાર્યક્રમની વાત કરું તો આ કાર્યક્રમને ઇન્ટરનેશનલ એવોર્ડ મળ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અહીં બેઠાં બેઠાં રાજયના કોઇપણ અરજદારને સંબોધન કરી શકે છે, એની ફરિયાદ સાંભળી શકે છે અને એને મદદ કરી શકે છે. તો આ પણ એક આ ટેકનોલોજીનું પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં શિક્ષકોની નિમણૂક થાય એમાં ગેરરીતિ થવાના ઘણા પ્રસંગો અને ફરિયાદો મળતી હતી. આ ટેકનોલોજીના અમલ પછી ૧૯૯૮ થી આજસુધી વિદ્યા સહાયકની ભરતી થાય છે એમાં એકપણ ફરિયાદ નહીં, આ વખતે તો શિક્ષકોની બદલીઓ પણ કરી તો એમાં પણ એકપણ ફરિયાદ નહીં. તો આ બધું આ કોમ્પ્યુટર સિસ્ટમને લીધે આ થઇ શક્યું છે. લોકોમાં એમ થયું છે કે આનાથી જે થવાનું છે એ સાચું જ થવાનું છે. આ સિસ્ટમને કારણે ઇ ટ્રાન્ઝેકશન સિસ્ટમ અને એ ઇ ટ્રાન્ઝેકશનને કારણે પગાર, સહાયના ચેકો, દસ્તાવેજો આ દેશભરમાં અને રાજયમાં જરૂરિયાતની વસ્તુઓ બધું જ ખાસ કરીને પેપરલેસ એડમિનીસ્ટ્રેશનના ભાગરૂપે આ વિભાગે ખૂબ મોટી કામગીરી કરી છે. મને કહેતા એ વાતનો આનંદ છે કે આખા દેશની અંદર ઇ–ટ્રાન્ઝેકશન ચાલે છે પણ ગુજરાતમાં ૩૯,૧૬,૦૬,૭૨૩ ઇ ટ્રાન્ઝેકશન આ વહીવટનો જે કંઇ ભાગ છે એમાં થયા છે, એટલે ૬,૪૮૫ એક હજારે આ ટ્રાન્ઝેકશન થયા છે, આ વિભાગને ૧૨૧ એવોર્ડ આ કામ માટે મળ્યા છે. અહીંયા આ વિભાગનો બાયસેક છે, ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટયૂટ, આ ઇન્સ્ટિટયૂટ દ્વારા આ રાજયના ગરીબમાં ગરીબ વિદ્યાર્થીને કેવી રીતે સહાય મળે, માર્ગદર્શન મળે, ભવિષ્યમાં જેઇઇ ની મોંઘી પરીક્ષાની ટયૂશન ફી, એ લાખ બે લાખ રૂપિયા હોય છે, મારા વિભાગ દ્વારા આ વિભાગનો ઉપયોગ કરીને ભવિષ્યમાં ડીટીએચ ડાયરેકટ ટુ હોમ નો ઉપયોગ કરીને આ વિભાગ દ્વારા ગરીબ વિદ્યાર્થીને પોતાના ઘરે અહીં બાયસેકમાંથી કોઇ નિષ્ણાત અને અનુભવી શિક્ષક કે પ્રોફેસર એમને માર્ગદર્શન આપે અને તેનું કામ થાય એ કોઇ વેપારીને પણ આપણે એવી રીતે બોલાવીને રાજયના વેપારીને વેટ અંગેનું માર્ગદર્શન આપી શકીએ, ખેડૂતને પણ એના ભવિષ્યમાં ખેતરમાં શું વાવવું છે, વરસાદ ઓછો પડયો છે, વધારે પડયો છે એ બધી બાબતોમાં માર્ગદર્શન આપી શકીએ, સૌથી વધારે અગત્યની બાબત ધરતીકંપ અંગેની આગાહી, અત્યારે આખા દેશની અંદર આ કામગીરી માત્ર ગુજરાતમાં સૌથી શ્રેષ્ઠ થાય છે. અને આખા રાજયમાં કોઇ પણ જગ્યાએ ધરતીકંપ થયો હોય તો વીઘીન સેકન્ડ આપણને આપણા આ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિભાગમાં ખબર પડી જાય છે. દેશમાં થયો હોય તો વીઘીન મિનીટસ, દસ કે પંદર મિનીટમાં ખબર પડે છે અને વિશ્વમાં કયાંય થયો હોય તો અડધો કલાકમાં આપણને ખબર પડે છે. આ વિભાગ દ્વારા ભવિષ્યમાં અમે એ દિશામાં જઇ રહ્યા છીએ કે થયા પછી આપણને ખબર પડે છે તો થયા પહેલા ખબર પડે એ દિશામાં રીસર્ચ આ વિભાગ દ્વારા થઇ રહ્યું છે. ભવિષ્યમાં નાગરિક સુવિધાઓ માટે આ વિભાગ દ્વારા દરેક ક્ષેત્રના દરેક વ્યકિતને આ વિભાગ કેવી રીતે મદદરૂપ થઇ શકે તે માટે અનેકવિધ સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે. મારા કોઇ સાથી સભ્યોએ આની ટીકા નથી કરી બધાએ આ માગણી સ્વીકારી છે. મારા સૌ સાથીઓને મારી વિનંતી છે કે વિના વિરોધે ૮૯ નંબરની માગણીનો સ્વીકાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, કાપ દરખાસ્તો પાછી ખેંચો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની માગણી

ક્રમાંક ૮૯ ઉપરની મારા પક્ષના સભ્યશ્રીઓ તરફથી રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૦ પાછી ખેંચવાની હું સભાગૃહ પાસે પરવાનગી માગું છું.

પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૦ પાછી ખેંચું છું.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૦ પાછી ખેંચવામાં આવે છે. હવે હું પ્રથમ માગણી ક્રમાંક ૮૯ મત પર મૂકીશ.

માગણી ક્રમાંક ૮૯ મત પર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૩, ૧૧ થી ૧૮, ૨૦, ૨૧, ૨૩ અને ૨૪ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૫૪ અને ૯૮ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિન સરકારી વિધેયકો

સચિવશ્રી: ત્રણની પેટા બાબત (અ) દાખલ કરવા માટેના વિધેયકો, (૧) માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્ય.. માનનીય સભ્યશ્રી ગેરહાજર.

સચિવશ્રી: (૨) માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ.... માનનીય સભ્યશ્રી ગેરહાજર.

સચિવશ્રી: (૩) માનનીય સભ્યશ્રી ભૂષણ ભટ્ટ... માનનીય સભ્યશ્રી ગેરહાજર.

ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪

**ગુજરાત રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેનું વિધેયક**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૧૪

**ગુજરાત રાજયમાં કુશળ અથવા બિન કુશળ કામ કરવા ઇચ્છતી તમામ વ્યકિતઓને રોજગારીની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત રોજગારી બાંયધરી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત રોજગારી બાંયધરી વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક, ૨૦૧૪

**રાજય સેવક દ્વારા લોકોને થતા અપમાન અને માનહાનિમાંથી તેમને રક્ષણ આપવા માટે અને વ્યકિતના ગૌરવની સુદ્રઢતા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સચિવશ્રી : મેં અગાઉ કોલ આઉટ કરેલ, પરંતુ અત્યારે માનનીય સભ્યશ્રી હાજર છે એટલે ફરીથી કોલ આઉટ કરું છું. વિધેયક નંબર-૧, માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્ય...

ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક, ૨૦૧૪

**કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેની માળખાકીય રચનાને સહાયરૂપ થવા ફંડ ઉભું કરવા માટેનું અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેનું વિધેયક.**

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

ડો. નીમાબેન બી. આચાર્ય: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૪**

**રાજયના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪**

તા. ૧૭મી જુલાઇ,૨૦૧૪
બિન સરકારી વિધેયકો

**ગુજરાત રાજ્યમાં જાહેર સંપત્તિને કરાતું નુકસાન અને તોડફોડ માટે શિક્ષા તેમજ વળતર માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઇ કરવા માટેનું વિધેયક.**

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૮**

**ગુજરાત બિન–નાશવંત કચરો(નિયંત્રણ) વિધેયક,૨૦૧૩**

**ગુજરાત રાજ્યમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળમાં બિન–નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૩નું ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક હું એટલા માટે લાવ્યો છું કે આપણાં જાહેર જીવનમાં સામાન્ય રીતે રોજેરોજની પ્રવૃત્તિઓમાં શહેર અને નગરોમાં અલગ અલગ પ્રકારે કચરો રોજ ઉત્પન્ન થતો હોય છે. તેમાં કચરાના બે પ્રકાર હોય છે. એક નાશવંત કચરો અને એક બિન–નાશવંત કચરો. સ્વાભાવિકપણે દુનિયામાં અને ખાસ કરીને આપણાં દેશવાસીઓ જયારે અપેક્ષા ગુજરાત ઉપર રાખી રહ્યા છે ત્યારે મારી આ સભાગૃહને અને મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાને વિનંતી છે કે આ મારું બિલ સર્વાનુમતે પસાર કરવામાં આવે એના માટેના હું મારા વિચારો રજૂ કરું છું.

હું જે વિષય લઇને આવ્યો છું એ વિષય આપણા જીવનમાં સુખસગવડો માટે જે અગવડરૂપ બનવાનો છે જેના માટે આપણે સવારથી સાંજ સુધી સવારે ઉઠયા ત્યારથી આપણે સુવા જઇએ ત્યાં સુધી જે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ એમાં મોટા ભાગે બિન નાશવંત કચરાનો સમાવેશ થાય છે. દા.ત. સવારે ઉઠતાની સાથે ટૂથપેસ્ટનો આપણે ઉપયોગ કરીએ તો એનું જે પ્લાસ્ટીકનું પેકિંગ છે એનો પણ બિન નાશવંત કચરામાં સમાવેશ થાય છે. એવી જ રીતે આ બધી જે પ્રોડકટ છે એ પેટ્રોલીયમ પ્રોડકટમાંથી બનેલી વસ્તુઓ છે અને એ આ બધી વસ્તુઓ આ જમીન ઉપર વર્ષોના વર્ષ સુધી પડી રહે છે અને એને કોઇ ઉધઇ પણ ખાતી નથી એનો કોઇપણ રીતે નિકાલ પણ થતો નથી. આજે મંદિરમાં જઇએ તો ત્યાં પણ પ્રસાદ અત્યારે પ્લાસ્ટિકની બેગમાં આપવામાં આવે છે. તમાકુની પડીકીઓમાં પણ પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોય છે. પાનના મસાલા એ પણ પ્લાસ્ટિકમાં બંધાતા થયા છે. પહેલાના જમાનામાં દૂધ, દહીં, માખણ જેવી વસ્તુઓ માટીના વાસણોમાં મળતી હતી તો આજના યુગમાં આધુનિક યુગમાં આજે એ પ્લાસ્ટિકની બેગોમાં મળતું થયું છે ત્યારે આ બેગો નિકાલ કરવાનો કોઇ ઉપાય હોય તો એના માટે મારે આ વિધેયક લાવવું પડયું છે. પીવાનું પાણી એ પણ અત્યારે પ્લાસ્ટિકની બેગો અને પ્લાસ્ટિકની બોટલોમાં મળતું થયું છે. મને યાદ છે ત્યાં સુધી મારા વડવાઓ શાકભાજી લેવા જતા હતા તો ઘરેથી સરસ મજાની કપડાની થેલી લઇને જતા હતા પણ આજના યુગમાં આ યુવાન દોસ્તોને કપડાની થેલી લઇને જતા શરમ આવે છે અને શાકભાજી પણ પ્લાસ્ટિકની બેગોમાં લઇને ઘરે ઘરે કચરો લઇને આવતા થયા છે. આ બધો કચરો આખરે ખેડૂતોના

ખેતરોમાં અને મારા આદિવાસી ભાઇઓના જંગલોમાં જઇને અટકે છે અને એના લીધે આ બધી જમીનની ફળદ્રુપતા ઉપર અસર થાય છે. એના લીધે પાકને પણ નુકસાન થાય છે અને મારા જંગલો વિકસતા પણ અટકી રહ્યા છે. વધારામાં એ પણ કહેવું છે પ્રાણીઓ માટે કે આ કચરો ગમે ત્યાં નાખવાથી આપણું અબોલા પશુધન, ગાયો જયારે પોતાનો ચારો લેવા જતી હોય છે ત્યારે એને કંઇ ખબર હોતી નથી એટલે એ પણ આ પ્લાસ્ટિક પોતાના ખોરાકની સાથે આરોગી જાય છે અને એના લીધે એને વધારે પડતું એના જીવનમાં નુકસાન થતું હોય છે અને એના કારણે છેવટે આ બધા અબોલા પશુઓ મૃત્યુ પામતા હોય છે અને જયારે આપણી સંસ્કૃતિમાં ગાય માતાને આપણે પૂજીએ છીએ ત્યારે આવી ગાય માતાનું મૃત્યુ આવું કચરો ખાવાથી ન થાય એ માટે હું આ બિલ લાવવા માગુ છું.

આપણે નાનું સરખું ઘર બનાવવાનું હોય તો પહેલાના જમાનામાં ઘરના માટે પણ માટીની પાઇપલાઇનો, ગટરના માટે માટીની પાઇપ લાઇનોનો ઉપયગ થતો હતો, આજના યુગમાં એ બધું ભુલાઇ ગયું છે અને પ્લાસ્ટિક, પ્લાસ્ટિક અને પ્લાસ્ટિક સિવાય કોઇ આરો નથી રહ્યો ત્યારે હું એ કહેવા માગુ છું, સવારે ઉઠીએ ત્યાંથી સાંજ સુધી પ્લાસ્ટિકનો ઉપયોગ કરીએ છીએ અને એના માટે આ સભાગૃહને હું વિનંતી કરુ છું કે એવો કાયદો બનાવીએ જેના આધારે રાજયમાં આના પર પ્રતિબંધ મૂકાય અને આપણામાંથી પ્રેરણા લઇ બાકીના રાજયો પણ આને અનુસરે એવી મારી લાગણી છે. આ કચરો ગમે ત્યાં ફેકવાથી જયારે વરસાદની સીઝન હોય ત્યારે ગમે ત્યાં ગટરોમાં જઇને ભરાતું હોય છે અને આ ગટરો ઉભરાય જેના કારણે મનુષ્યની શારીરિક તકલીફો પણ વધારતું આ પ્લાસ્ટિક છે એટલે મારા વિધેયકથી આ પ્રકારના બિન જવાબદાર લોકોને કંઇક દંડ થઇ શકે અને એક કલ્ચર ચેઇન્જ લાવી શકાય એ ઉદ્દેશથી જ આ વિધેયક લાવવા માગુ છું. ધન્યવાદ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ પટેલ જે ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રકણ) વિધેયક લઇને આવ્યાં છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ ઉપર સૌથી મોટી અસર એ પ્રદૂષણથી થતી હોય છે અને પ્રદૂષણનો જે નિકાલ હોય છે એમાં ખાસ કરીને જે પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે એ પ્લાસ્ટિક પ્રદૂષણની અંદર સૌથી વધારે ફાળો આપતી વસ્તુ છે અને એના ભાગરૂપે પર્યાવરણમાં સૌથી મોટી અસર થાય છે. રાજ્યની અંદર ખાસ કરીને દિલ્હીની અંદર પ્લાસ્ટિકની બેગો ઉપર અમુક થીકનેસની જગ્યાએ અમુક થીકનેસની જ બેગનો ઉપયોગ કરવાનો એવું દિલ્હીની અંદર એક બિલ પસાર થયેલું છે એમાં. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બિલ એવું બિલ છે કે ગુજરાતને સાચા મોડલ તરીકે આપણે જ્યારે વાત કરીએ છીએ ત્યારે પ્લાસ્ટિકનો બાન એ ગુજરાત રાજ્યથી શરૂઆત થઇ છે તેના ભાગરૂપે હું મારા ટેકાની વાત કરું છું. કારણ કે આના લીધે અશોકભાઇએ વાત કરી કે, માણસ સવારે ઊઠે ત્યારથી સાંજ સુધીમાં અસંખ્ય એવી વસ્તુ છે – ખાસ કરીને ખાદ્ય વસ્તુઓ કે જ્યાં આ પ્લાસ્ટિકનો સૌથી વધારે ઉપયોગ થતો હોય છે. એ શાકભાજીની લારી હોય કે કોઇ કઠોળના પેકિંગ હોય કે પછી કોઇ અનાજના પેકિંગ હોય કે મસાલાના પેકિંગ હોય, પાનનો કોઇ પેકિંગ હોય એ તમામ જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે અને પ્લાસ્ટિકના લીધે પરિસ્થિતિ એવી થતી હોય છે કે રેલવે સ્ટેશન જઇએ કે બસ સ્ટેન્ડે જઇએ કે જાહેર રોડ ઉપર ફરીએ ત્યાં અવારનવાર પ્લાસ્ટિકનો કચરો આપણને જોવા મળે છે અને આના લીધે જે શહેરી વિસ્તારો ની અંદર આજે પ્લાસ્ટિક ગટરોની લાઇનમાં–સ્ટ્રોમ ડ્રેનેજની લાઇનમાં જાય છે અને પ્લાસ્ટિક ત્યાં જઇને અટકે છે તેને લઇને ખાસ કરીને ચોમાસાની અંદર પ્લાસ્ટિકના અટકાવવાથી પાણીના ભરાવાનો પ્રશ્ન ખૂબ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

ખાસ કરીને વાત કરી ગાયોની કે જ્યારે ગૌચર ના રહ્યું, એના ભાગરૂપે સવારે ઊઠીને એમ કહેવાય કે 'પહેલી રોટલી ગાયની અને છેલ્લી રોટલી એ શ્વાનની' આજે પરિસ્થિતિ ઉંધી થઇ ગઇ છે. નોકરીમાં માણસને કામ–ધંધે જવાનું હોય એટલે બહેનો સવારે ઊઠીને પહેલી રોટલી ઘરવાળાને આપી દે છે, એટલે બિચારો ગાય જેવો થઇ ગયો છે અને છેલ્લી રોટલી મારાથી બોલાશે નહિ. નહિતર બહેનો મને ચોટી પડશે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, રોટલી ગાયને આપવાની પ્રથા હતી. રોટલી ગાયને આપતાં હતાં. આજે પણ હું

જાહેર સ્થળો ઉપર જોઉં છું કે, હું પોતે પણ કરું છું કે રોડ ઉપરથી નીકળ્યાં હોય ત્યારે એક જગ્યાએ લારીવાળો ઊભો હોય છે અને એને ૫૦–૧૦૦ રૂપિયા આપીએ એટલે આપણો હાથ અડાડીને ગાયને ઘાસ આપીએ છીએ. આજે સિટીની અંદર એવી પરિસ્થિતિ છે કે એટલું બધું પ્લાસ્ટિક કચરાની અંદર વધી ગયું છે. આજે હું ફોરેનમાં ઘણા બધા કન્ટ્રીમાં ફર્યો છું. દરેક જગ્યાએ પ્લાસ્ટિક ઉપર ટોટલી બાન છે. અમેરિકાની વાત કરું તો અમેરિકામાં કચરાની ફાળવણીમાં ત્રણ પ્રકારની સિસ્ટમ હોય છે – એ લાકડું હોય, પ્લાસ્ટિક હોય કે કાગળ હોય જેમ શાકભાજીની લારી પર શાક લેવા જાવ તો પ્લાસ્ટીકની થેલી આપે પણ જે મોટા મોલો છે, જયાં મોટા શોપીંગ થતા હોય છે ત્યાં પહેલા કાગળની બેગો આપવામાં આવી હતી હવે એ મોલોની અંદર પરિસ્થિતિ બદલાઇ છે તમે કપડા કે કોઇ વસ્તુ ખરીદો તો તમને પ્લાસ્ટીકની થેલી આપે છે અને એના પૈસા લે છે કે આ પ્લાસ્ટીકની થેલી તમારે જોઇતી હોય તો એના પૈસા આપો. આ પ્રકારની પરિસ્થિતિ જયારે મોટા મોલોમાં ઉભી થઇ છે ત્યારે મારી આપ સૌને વિનંતી છે અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી છે કે સ્વસ્થ ગુજરાત અને તંદુરસ્ત ગુજરાતની જો આપણે વાત કરતા હોઇએ, વેસ્ટમાંથી જો બેસ્ટ બનાવવું હોય તો માનનીય અશોકભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એને આપણે સૌ સર્વાનુમતે મંજૂરી આપીએ એવી હું વિનંતી કરું છું.

શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ જે બિન નાશવંત કચરા અંગેનું વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. આપણે સૌ જાણીએ છીએ કે રાજયનો વિકાસ થતો હોય ત્યારે એની સાથે એની સમસ્યા પણ જોડાતી હોય. જે વિધેયક લઇને માનનીય સભ્યશ્રી આવ્યા છે. બિન નાશવંત કચરો એટલે કે non-biodegradable garbage આપણા સમાજની રચનામાં સામાન્ય માનવીના જીવનમાં પણ પ્લાસ્ટીક મહત્વનો ભાગ ભજવતો હોય છે. આપણે સવારથી સાંજ સુધી પ્લાસ્ટીકની પ્રોડકટ યુઝ કરતા હોઇએ છીએ. આ બિન નાશવંત કચરાની જે સમસ્યા છે આખા રાજય, દેશ અને હવે દુનિયા પણ એનો ભોગ બની રહી છે ત્યારે આપણે બધાએ જાગૃત થવાની જરૂર છે અને એનો ઉપયોગ અને નિકાલ કેવી રીતે લાવવો એની ચિંતામાં આપણે છીએ. આ બિલની સૂચિત જોગવાઇમાં બિન નાશવંત કચરા અંગે પ્રબંધો કરવામાં આવેલા છે જે આવકારદાયક છે. બદલાતા સમય અને નાગરિકોની જીવન શૈલીમાં બદલાવ આવે છે અને નાગરિકોના જીવન ધોરણમાં સુધારા સાથે બિન નાશવંત કચરો ઉત્પાદન પણ વધારે થયો છે. કોઇ ધાર્મિક પ્રસંગો હોય કે તહેવારો હોય તેમજ કોઇપણ કાર્યક્રમ હોય તેમાં પ્લાસ્ટીકનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થવા માંડયો છે અને તેમાંથી પણ બિન નાશવંત કચરાનું ઉત્પાદન થતું હોય છે. આવા બિન નાશવંત કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા એ સમયની માંગ છે. આવા બિન નાશવંત કચરાને યોગ્ય રીતે છૂટો પાડવામાં ન આવે એના કારણે વરસાદી પાણીના રસ્તાઓ, જાહેર માર્ગો, ગટરો તેમજ જમીનની અંદર જે ગ્રાઉન્ડ વોટર આપણે કહીએ છીએ ગ્રાઉન્ડ વોટર લેવલ જળવાતું નથી અને પાણી નીચે સુધી પહોંચે છે તે પહોંચી શકતું નથી એના લીધે પાણીની જે આપણને માંગ છે એ પૂરી થતી નથી એટલે હું કહેવા માગું છું કે ગ્રાઉન્ડ વોટર રીચાર્જીંગમાં અવરોધ ઉભો થાય છે તેમજ આવા બિન નાશવંત કચરાને ખુલ્લામાં સળગાવતા તેનાથી ઉદભવતા ઝેરી વાયુઓ પર્યાવરણ તેમજ માનવ જાતના આરોગ્યને નુકસાન કરે છે. માનનીય સભ્યશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલા વિધેયકમાં પ્લાસ્ટીક કચરાને એકત્રિત કરવાની જોગવાઇઓ સામેલ છે તેમજ આ બિન નાશવંત કચરાને જાહેરમાં ગમે ત્યાં ફેંકતા લોકોને અટકાવવા માટે દંડની જોગવાઇઓ પણ છે જેના થકી બિન નાશવંત કચરાની સમસ્યા બાબતે સુધારો થવાની શકયતા રહે છે તેમજ આપણી આસપાસ આવા બિન નાશવંત કચરાના ફેલાવાથી જોવા મળતા અણગમતા દ્રશ્યો નિવારી શકીશું.

અધ્યક્ષશ્રી : હવે તો જોયા વગર બોલો. આ ટેવ નહીંતર પાંચ વર્ષમાં કયારેય નહીં છૂટે. ઘરનાને કાંઇક કહેવું હશેને તો લખીને કહેવું પડશે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક મોડલ સ્ટેટ છે, પર્યાવરણની ચિંતા કરી છે અને કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ અંગેનો એક આખો વિભાગ આપણે ચાલુ કર્યો છે ત્યારે ચોકકસ કહી શકાય કે આ રાજય સરકાર આ વિધેયક માટે ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. હજુ પણ

પ્લાસ્ટીકના વપરાશ માટેની સમજ છેક લોકો સુધી પહોંચાડવી પડશે અને તો એની સમસ્યામાંથી આપણે થોડા અંશે રાહત મેળવી શકીશું. ઘણા વર્ષોથી જનભાગીદારીના અમુક કાર્યક્રમો તથા એન.જી.ઓ. થકી આપણે ઘણા લોકોને પ્રશિક્ષિત કર્યા છે. સભ્યશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ વિધયેકમાં બિન નાશવંત કચરાથી ઉભી થતી સમસ્યાનું નિવારણ કરી શકવાને સહાયરૂપ બનીશું તેવો ચોક્કસ વિશ્વાસ છે. આ વિધેયક થકી હકારાત્મક સુધારા થશે તેવી આશા છે. આ વિધેયકનો ઉદેશ સારો છે એના થકી પર્યાવરણની સુરક્ષા વધશે એટલા માટે હું આ વિધેયકને આવકારું છું.

હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સભ્યશ્રી અશોકભાઇ પટેલ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮ સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો વિધેયક લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

આ બિન નાશવંત કચરો જેનો નાશ ન થઈ શકે એવો કચરો અને છતા મારા અલગ વિચારથી કહું તો આને બંધ કરવો મુશ્કેલ છે, કારણ કે આ કચરો માનવ જીવનનો એક ભાગ બની ગયો છે. આજે આ પ્લાસ્ટિકની પ્રોડક્ટ પછી પી.વી.સી., પ્લાસ્ટિક, પોપલીન હોય આ બધી પ્રોડકટ એવી છે કે જે માનવ જીવનનો એક ભાગ છે. હર હંમેશ દુકાનદારથી માંડીને વ્યક્તિ પણ પોતાના ખિસ્સાથી માંડીને ઘરમાં તેનો ઉપયોગ કરતી હોય છે, તે સંજોગોની અંદર સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાતની આપણે વાત કરતા હોઇએ તો છેક મહાનગરપાલિકા હોય નગરપાલિકા હોય, નાની ગ્રામ પંચાયતો હોય, બે–પાંચ હજારની વસતિવાળા સામૂહિક રહેતા ગામડા કે દરેક જગ્યાએ પાનના ગલ્લા, દુકાન, ઘર હોય તો એનો નિકાલ એ રીતે કરવો જોઇએ કે જેથી આ બિન નાશવંત કચરાનો જે ઉપયોગ કરીએ તો મોટા ભાગે જે બિન પાલતુ પ્રાણીઓ છે તે આ કચરો ખાય એમાં ય ખાસ કરીને જે નાયલોનની થેલીઓ છે, ત્યારે એનાથી બહુ મોટુ નુકસાન થતું હોય છે અને જીવનનો અંત પણ આવતો હોય છે. જે પાલતુ પ્રાણી છે તે ઓછા પ્રમાણમાં આનો ઉપયોગ કરે, કારણ કે માલિક તેનું ઘ્યાન રાખતો હોય છે. એટલે એનો વધુ ઉપયોગ બિન પાલતું પ્રાણીઓમાં થતો હોય છે, પરંતુ જે આપણે રખડતા ઢોર જેનો કોઇ માલિક નથી હોતો. રસ્તા ઉપર રાત્રિના સમયે તમે જુઓ તો રસ્તામાં આરામ ફરમાવતા હોય છે અને એને ખાવાનું ન મળે તે સંજોગોમાં આનો ઉપયોગ બિન પાલતું પ્રાણી કરતા હોય છે. એનાથી એમને અનેક પ્રકારના રોગ થતા હોય છે. આગળ વધીને કહું તો કેટલીક વખત ગરીબ માણસોના બાળકો સવારમાં આ કચરો આ થેલી ભેગી કરવા માટે એક થેલો લઇને નીકળતા હોય અને આખો દિવસ રસ્તા ઉપર પડી રહેલ થેલીઓ કે જેની ઉપર માખીઓ બેહેલી હોય અને તેને હાથથી પકડે અને લઇ જાય છે, ત્યારે તેના આરોગ્યને પણ નુકસાન થતું હોય છે. આ બધા સંજોગોની અંદર જેમ આગળ કહ્યું તેમ આનો વપરાશ બંધ કરી દેવાનું કામ અશક્ય છે, કારણ કે ઓફિસથી વ્યક્તિ ઘરે જતી હોય અને મોબાઇલના યુગમાં જાણ કરવામાં આવે કે શાકભાજી લેતા આવજો, ત્યારે શાકભાજી દુકાનવાળા પ્લાસ્ટિકની થેલીમાં શાકભાજી વળગાડે. પાન ખાનારા લોકો, મસાલો ખાનારા લોકો પાનની દુકાન ઉપર મસાલો હાથમાં ચોળીને તે મસાલાની થેલી નીચે નાખી દેતા હોય છે. અમારા જેવા જે નગરમાંથી આવીએ છીએ, ત્યાં બધા કચરો સવારમાં સફાઇ કામદાર આવે અને એ કચરાને ખુલ્લી ગટરમાં નાખતા હોય છે. પરિણામે ત્યાં જે કચરો, થેલી નાખી હોય ત્યાં કોઇને કોઇ જગ્યાએ અડચણો ઉભી થાય અને ઘણી બધી ગંદકી ફેલાતી હોય છે.

આ બધા સંજોગોની અંદર આનો નિકાલ કરવા માટેનું એક વ્યવસ્થા તંત્ર ઉભું કરવું જોઇએ. કારણકે મોટા શહેરોની અંદર વ્યવસ્થા કરવામાં આવે છે છતાં સંપૂર્ણ સફળતા મળતી નથી. નાના શહેરોમાં આ કામને સફળતા અપાવવી બહુ મુશ્કેલ હોય છે. છતાં થોડાક કાયદા બનાવીને અને થોડાક શિક્ષાત્મક પગલાં ભરીને તથા આ સત્તાઓ છેક નગરપાલિકા સુધી હોવા છતાં તે કરી શકે છે પણ તેનો અમલ કરવામાં આવતો નથી. આનો અમલ થાય તે માટે વ્યવસ્થિત તંત્ર ગોઠવવામાં આવે તો નજીકના ભવિષ્યમાં સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાત, આરોગ્યમય ગુજરાતની વ્યવસ્થા ઉભી કરી શકીશું. એટલા માટે આમાં બીજી શિક્ષાત્મક જોગવાઇઓ છે. તે સાથે અશોકભાઇના આ બિલને સમર્થન આપું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન અને પર્યાવરણમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી અશોકભાઇ પટેલ જે બિન નાશવંત કચરા અંગેનું બિલ લઇને આવ્યા છે અને બિલ ઉપર ચારેક

જેટલા સભ્યોમાં માનનીય શ્રી અશોકભાઇ, માનનીય શ્રી શૈલેષભાઇ, શ્રીમતી મનીષાબેન અને શ્રી હીરાભાઇએ ખૂબ સારા સૂચનો કર્યા છે. આ પ્લાસ્ટિકનો કચરો સમગ્ર હિન્દુસ્તાનમાં આપણે જોઇ રહ્યા છીએ કે શહેરી વિસ્તારમાં વિશેષ કરીને વધારે પ્રશ્નો આવનારા દિવસોમાં ઉભા થશે. તેના મૂળભૂત જે ઉદ્દેશો છે કે આ કચરાને જાહેર સ્થળો ઉપર અને આનંદપ્રમોદના સ્થળો ઉપર ફેંકવામાં આવે છે તેનો યોગ્ય નિકાલ થાય. ખૂબ સારા સૂચનો માનનીય સભ્યશ્રીઓ દ્વારા મળ્યા છે. આના માટે જે મહાનગરપાલિકાઓ છે તેમને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. ત્યાંથી તેનો યોગ્ય નિકાલ પણ થઇ રહ્યો છે. તે જ પ્રમાણે ભારત સરકાર દ્વારા પણ વિશેષ કાયદાઓ બનાવવામાં આવેલ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેન્ડલીંગ ૨૦૦૨ તથા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ હેન્ડલીંગ ૨૦૧૨ આવા કાયદાઓ બનાવવામાં આવેલ છે. સભ્યશ્રીએ જે ચિંતા કરી પ્લાસ્ટિકની બેગની તો તેમાં ૨૦૧૧થી તેના ઉપર બાન મૂકવામાં આવ્યો છે. પ્લાસ્ટિકની જે બેગ છે તેની જાડાઇ ૪૦ માઇક્રોન કરતાં ઓછી હોય અને સાઇઝ ૮ બાય ૧૨ ઇંચ કરતાં ઓછી હોય તેવી પ્લાસ્ટિકની થેલીઓના વપરાશ કરવા ઉપર પ્રતિબંધ મૂકયો છે. લોકોમાં જાગૃતિ આવી શકે તેના માટે અનેક કાર્યક્રમો સરકાર દ્વારા થાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કાર્યક્રમો કરવામાં આવે છે. આ કામગીરી ગુજરાત સરકારમાં સારી રીતે ચાલી રહી છે.

રાજય સરકાર દ્વારા આના ઉપર યોગ્ય પગલાંઓ સમયાંતરે ભરવામાં આવી રહ્યા છે. પ્લાસ્ટિક રૂલ્સના ભંગ બદલ ૨૦૧૪ સુધીમાં ૨૨૬ જેટલા એકમોને બંધ કરવાના રાજય સરકારે આદેશ આપ્યા છે. ૧૬૭ જેટલા એકમોને નોટીસો આપી છે. ૧૧૪૨ જેટલા એકમોને કારણદર્શક નોટીસો પણ આપવામાં આવી છે. બાયોમેડિકલ વેસ્ટ આપણા માટે એક સમસ્યા છે. તેના માટે પણ રાજય સરકારે અત્યાર સુધી ૩૧ જેટલા હેલ્થકેર યુનિટોને બંધ કરવાના આદેશો આપ્યા છે. મહાનગરપાલિકાઓ સિવાય જિલ્લાઓમાં નાની મધ્યમ કક્ષાની નગરપાલિકાઓ આવેલ છે તેમાં પણ કચરામાંથી ખાતર બનાવવા માટે રાજય સરકારે ૯૩ જેટલા પ્લાન્ટોનું આયોજન કરેલ છે. તેમાંથી ૭૬ જેટલા પ્લાન્ટો અત્યારે નગરપાલિકાઓમાં કાર્યરત છે અને તેમાંથી ખાતર બનાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચિત વિધેયકમાં માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એમાં સજાની જોગવાઇ ખૂબ જ ઓછી છે જયારે અત્યારના સમયમાં પર્યાવરણ અધિનિયમ ૧૯૮૬ની કલમ ૧૫ હેઠળ સૂચિત નિયમોના ભંગ બદલ ૫ વર્ષની સજા અને રૂપિયા ૧ લાખનો દંડ અને તે સતત ભંગ કરે તો દરરોજ ૫ હજારના દંડની જોગવાઇ કરવામાં આવેલી છે. આમ માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી તરફથી વિધેયકમાં જે જોગવાઇઓ સૂચવવામાં આવેલી છે એના કરતા પણ વ્યાપક પ્રમાણમાં હાલમાં રાજય સરકાર અસરકારક રીતે કામ કરી રહી હોય ત્યારે આ બધા સંજોગો જોતા સૂચિત વિધેયકની હાલમાં કોઇ જરૂર જણાતી હોય એવું મને લાગતું નથી, જેથી આ વિધેયક પાછું ખેંચી લેવા હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના બધા જ સભ્યશ્રીઓએ મારા આ વિધેયકને સમર્થન આપ્યું છે એ બદલ બધાનો આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૧૩નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૧૩નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચી લઉં છું

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૯ સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની અંદર પ્રદૂષણ બાબતમાં ઘણી ચિંતા થઇ રહી છે. એર પોલ્યુશન અને વોટર પોલ્યુશન બાબતમાં ગુજરાત સરકાર જાગૃત છે પરંતુ અવાજ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણ બાબતમાં જે પગલાં લેવાવા જોઇએ એ પગલાં કોઇ પણ સંજોગોમાં લેવાયા નથી એવું મારું માનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રદૂષણ અટકાવવા માટે રાજય સરકારે નિયમો બનાવ્યા છે. પરંતુ આ નિયમોમાં ફેરફાર કરીને અધિનિયમ બનાવવો જોઇએ અને એને કાયદાના રૂપમાં રૂપાંતર થવો જોઇએ એવું મારું સ્પષ્ટપણે માનવું છે. ધ્વનિ પ્રદૂષણ માનવતાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખતરનાક છે. ટ્રાફિકનો અવાજ હોય, લાઉડ સ્પીકરનો અવાજ હોય, લગ્ન પ્રસંગે ડી.જે.નો અવાજ હોય, ફટાકડાનો અવાજ હોય કે મશીનરીનો અવાજ છે એ બાબતમાં પણ આપણે ચિંતિત છીએ. ભલે કોઇ ગમે તે કહે હું તહેવારો કે ઉત્સવોનો વિરોધી નથી પરંતુ જયારે એક ટેબલની અંદર જે સાંભળવાની ક્ષમતા છે એને ડેસિબલ તિવ્રતાનો ઉપયોગ કરવામાં આવે છે. જો તમે ૩૦ થી ૫૦ ડેસિબલનો અવાજ દરેક માણસને સાંભળવાનું ગમે છે. ૮૦થી ઉપરની ડેસિબલની જે તિવ્રતા હોય તો માણસના સ્વભાવમાં ચીડિયાપણું આવે છે, ૯૦ થી સહન શક્તિનો નાશ થાય છે, ૧૨૦ ડેસિબલથી કાનમાં દર્દની શરૂઆત થાય છે, ૧૩૦ ડેસિબલની ઉપરના અવાજથી ચક્કર પણ આવે છે અને ૧૩૦ની ઉપર ૧૪૦ ડેસિબલ અવાજ હોય તો કાનનો પડદો પણ ફાટી જાય છે. હું આપને સાયન્સે જે પ્રૃવ કર્યું છે એ બાબતમાં મારા વિચારો પણ વ્યકત કરું છું કે, ૮૦ ડેસિબલથી ઉપરનો અવાજ સાંભળીને બહેરાશ પણ આવે છે. અહીંયા ગૃહમાં ઘણા સિનિયર સીટીઝન મેમ્બર છે અને બહાર પણ છે. સામાન્ય રીતે ૮૦ થી ઉપરના ડેસીબલનો જો અવાજ આવે તો ધીરે ધીરે બહેરાશની શરૂઆત થાય છે. સિનિયર સીટીઝનો જે આરામ કરતા હોય છે. જેમ ઉંમર થાય તેમ લગભગ ચારથી પાંચ કલાક ઉંઘ આવતી હોય છે. ડી.જે.ના અવાજથી આગળ ચાલીને વાત કરું તો બીજા બધા લગ્નપ્રસંગમાં પણ જે અવાજ થાય છે તેમાં જો પાંચ કલાક જેટલી ઉંઘ સિનિયર સીટીઝનને આવતી હોય ત્યારે એ જ વખતે જ્યારે આની શરૂઆત થાય તો ઉંઘમાં ઘણી ખલેલ પડે. આ અંગેનો કોઇ અધિનિયમ નથી કે કાયદો નથી. આ ઉંઘ બગડવાના કારણે હું એમ માનું છું કે એની અસર એમના શરીર ઉપર પડતી હોય છે. વિદ્યાર્થીઓ બારમા ધોરણમાં ભણતા હોય અને એ પરીક્ષા આપી રહ્યા હોય છે ત્યારે લાઉડસ્પીકરના જે અવાજ થાય છે તેના કારણે એમને ઘણી તકલીફ પડતી હોય છે. ભવિષ્યમાં એ નાગરિક વૈજ્ઞાનિક બનવાનો હોય, જ્યારે આપના જેવો બાહોશ અધ્યક્ષ પણ ભવિષ્યમાં બનવાનો હોય તે વખતે ચિંતાનું વાતાવરણ હોય અને તે સમયે આ ડી.જે.ના અવાજ, માઇકના અવાજને લીધે એનું ભણવાનું બગડે છે અને એના ભણતર પર પણ એની ચોક્કસ અસર થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને જે વાત કરી છે તે ચોંકાવનારી વાત ગૃહને જણાવવાની મારી ફરજ છે. મારી બહેનો અને માતાઓ જ્યારે અહીંયા છે ત્યારે ભવિષ્યની પેઢીને આપણે શું આપવા જઇ રહ્યા છીએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને એક માહિતી આપી છે માતાના ગર્ભની અંદર ૧૫ થી ૬૦ દિવસની અંદર જે ગર્ભ ડેવલપ થતો હોય એની આ સિસ્ટમ ઉપર આ ઘોંઘાટ અને અવાજની અસર થતી હોય એને સાયન્સે પ્રુવ કર્યું છે. મારા સાથી મિત્ર વિદ્વાન શ્રી દુષ્યંતભાઇ સાથે આજે જ વાત થઇ અને ગઇકાલે ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં એક લેખ હતો કે સાત ટકાથી વધુ જે હાર્ટએેટેકના દર્દીઓ છે એ કારની અંદર સતત જે ડ્રાઇવીંગ કરે છે એ અવાજ અને પ્રદૂષણને લીધે સાત ટકા હાર્ટએેટેકના દર્દીઓ એ ફક્ત આ અવાજ પ્રદૂષણને લીધે થાય છે એ કાલે જ આપણે પેપરમાં જોયું છે. કોરોનરી હાર્ટ ડીસીઝ હોય, હાઇપર ટેન્શન હોય, અનિદ્રાનો રોગ હોય, હીલીંગ લોસીસ હોય, હીલીંગ ડિસ્ટર્બન્સ હોય એ તમામ રોગો અવાજ અને પ્રદૂષણના કારણે થાય છે. સાહેબ આ બિલ જ એવું છે એટલે અવાજ કરવો પડે તેમ છે. અવાજ અટકાવવા માટે પણ અવાજ કરવો પડે તેમ છે. ફેકટરીની અંદર જે લૂમ્સ છે, ટેક્સટાઇલ્સની અંદર લૂમ્સ હોય અને ફેકટરીમાં બાકીના બધા જે અવાજો થતાં હોય છે એના માટે હીયરીંગ ડિવાઇસ કામદારોને ન આપી શકીએ? એને માટેનો કાયદો ના બનાવી શકીએ? ફોરેનમાં જે પરિસ્થિતિ છે, ફોરેનમાં ઘણા વિકસીત દેશોની અંદર ટ્રાફિકની સમસ્યા છે પરંતુ ત્યાં એ લોકો કોઇ દિવસ હોર્ન મારતા હોતા નથી. ટૂંક સમય પહેલાં હું જ્યારે નવસારી સ્ટેશનથી મારા

ભાણેજને ઘરે મૂકવા જતો હતો તે વખતે મારે ૩૦ થી ૪૦ વખત હોર્ન મારવાનો પ્રસંગ થયો ત્યારે એણે મને એમ કહ્યું કે મામા, ૨૦ વરસથી હું અમેરિકામાં છું અત્યારસુધીમાં તમે જેટલા હોર્ન માર્યા એટલા મેં ૨૦ વરસમાં અમેરિકામાં નથી માર્યા. આ રીતેની જ્યારે પરિસ્થિતિ છે ત્યારે મારી પોતાની અંગત માન્યતા એવી છે કે, આનાથી ઘણી આડ અસર થાય છે અને ભવિષ્યની પેઢીની આપણે ચિંતા કરતા હોઇએ તો એના માટે ચોક્કસ કાયદો બનાવવો જોઇએ એવું મારું સ્પષ્ટપણે માનવું છે. એ કાયદો પણ વ્યવસ્થિત હોવો જોઇએ. ધારો કે લગ્નપ્રસંગે કે તહેવાર પ્રસંગે જે ફટાકડાઓ ફોડતા હોય એ પણ અમુક નિશ્ચિત થયેલા ડેસીબલમાં હોવા જોઇએ. ડી.જે. સાઉન્ડનું મ્યુઝિક પણ નિશ્ચિત સમયના ડેસીબલમાં હોવું જોઇએ. એ રીતે મારું સ્પષ્ટપણે માનવું છે. આભાર.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૯ સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ અટકાવવા માટેનું વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. હા હું સમર્થન આપું છું એમણે બહુ સારી વાત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ બીજા બધા પ્રદુષણો છે તેમ અવાજનું પ્રદુષણ તે પણ આરોગ્ય માટે હાનિકારક છે તે ખૂબ સારી રીતે સવિસ્તાર તેમણે જે સમજાવ્યુ તે જ હું વાત કરવા માગુ છું. ઘણી વખત ટ્રાફિક જામ હોય તો પણ પાછળથી એટલા બધા હોર્ન વગાડવામાં આવે છે આપણા દેશમાં કે આપણા રાજયમાં અને લોકો જુએ છે કે આગળ એટલો બધો ટ્રાફિક છે કે ગાડીને કોઇ કૂદાવીને તો જઇ શકવાનું જ નથી. છતાંય ટ્રાફિકનો વોલ્યુમ એટલો બધો હોય છે અને સાથે સાથે હોર્નનો, એ અવાજનું પ્રદુષણ કે જેને ઘોંઘાટ કહેવામાં આવે છે તે કરવામાં આવે છે ત્યારે તેની કોઇ ચિંતા કરતુ નથી કે આની હેલ્થ ઉપર કેટલી અસર થાય. એ જ રીતે ટી.વી.ના વોલ્યુમ કે રેડિયોના વોલ્યુમ ઘરમાં, હોટલોમાં કે કોઇપણ રૂમોમાં એટલા બધા મૂકવામાં આવે છે કે તેની કોઇ પડોશીની ચિંતા કરતુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ભાઇએ જેમ વાત કરી જેમ લગ્ન પ્રસંગ હોય, તો એના પોતાના લગ્નમાં તેનો જે આનંદ હોય એ વ્યકત કરતા હોય છે, પણ તેના લીધે બીજા લોકોને શું તકલીફ પડશે તેની કોઇ ચિંતા કરતું નથી. આ પ્રમાણે અત્યારે ખાસ જે આધુનિક યુગમાં મોબાઇલ કોઇ પણ અગત્યની મિટિંગ હોય કે વિધાનસભા હોય છતાંય ભૂલમાં કોઇના ફોન ચાલુ રહી જાય અને રીંગો વાગવા માંડે, જયારે ખૂબ અગત્યની મિટિંગ હોય ત્યારે મોબાઇલની રીંગનો અવાજ પણ પ્રદુષણ હોય એવું લાગી રહ્યું હોય છે. એટલે આ પ્રમાણે જેમ એમણે વાત કરી ડી.જે.,ઘણી વખત મોડી રાત સુધી નવરાત્રિના ગરબા તેમાંય ચોક્કસ સરકારે નિયમો બનાવ્યા જ છે પણ ઘણી વખત તેનો અમલ થતો હોતો નથી. ઘણી વખત રાજકીય પાર્ટીઓ પોતે આવેશમાં આવી જોરજોરથી માઇકો અને લાઉડ સ્પીકરનો જે રીતે ઉપયોગ કરી રહી છે તે પ્રમાણે વિદ્યાર્થીઓ અને પેશન્ટોની ચિંતા કરવામાં આવતી નથી. ખાસ તો મારે એ પણ કહેવાનું કે, ઘણી વખત આ તો હું જસ્ટ વાત કરું છું કે ઘણાંને આમાંથી નહીં હોય તો પણ કે, પત્ની પણ જો વધારે પડતું બોલતી હોય તો ઘણાને અવાજનું પ્રદુષણ હોય એવું લાગતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે ઘણી વખત અવાજના લીધે માણસો આ પ્રદુષણના લીધે ગુસ્સે થઇ જતાં હોય છે. આ ગુસ્સાના લીધે બ્લડપ્રેસર વધે છે, અને તેના લીધે પાલ્પીટેશન અને હાર્ટ રેઇટ વધે છે. તેના લીધે માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ ૭ ટકા cardiac arrest અને હૃદયના રોગો વધવાની શકયતા વધારે રહે છે. અને એના લીધે જ માણસ વધારે ગુસ્સે થાય એના લીધે થઇ અને જે vicious cycle બને છે, ડિપ્રેશનનો શિકાર બને છે અને સ્ટ્રેસનું લેવલ વધે છે. એના લીધે ઘરમાં ઝઘડા અને ગુસ્સાનું જે પ્રમાણ વધે છે તે આખી vicious cycle હોય છે. એટલે માનનીય સભ્યશ્રી જે વિધેયક લાવ્યા છે તે ખૂબ સારી બાબત છે અને ચિંતાની બાબત છે. તો આ જે જોગવાઇઓ કરી છે તે પ્રમાણે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આ વિધેયક સર્વાનુમતે અને બધા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મંજૂર કરે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્ય માનનીય પિયુષભાઇ જે બિલ લઇને આવ્યા છે ખૂબ જ ગંભીર વિષય આજે આ સત્રની અંદર કદાચ તેને

ગંભીરતાથી લેવામાં નથી આવતો પરંતુ અતિશય ગંભીર વિષયનું બિલ લઇને આવ્યા છે અને તેના સમર્થનમાં હું મારી વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વોઇસ પોલ્યુશન એટલે કે કેવું ? અવાજ કર્કશ, અણગમતો અને ઉંચી માત્રામાં હોય. કદાચ નીચી માત્રામાં પણ હોય પરંતુ અણગમતો અને સતત લાંબા સમય સુધી હોય આવુ વોઇસ પોલ્યુશન હોય છે. આ વોઇસ પોલ્યુશનના ઘણાં બધા ઉદાહરણો મારા બન્ને સાથી સભ્યોએ આપ્યા છે પરંતુ સાયલેન્સર વગરના વાહનો અને એરહોર્નવાળા વાહનો જે વગાડવામાં આવે છે, ચલાવવામાં આવે છે તેના કારણે ડી.જે.અને ફટાકડા અને આ બધાની જે વાત કરી આના કારણે પણ પ્રદુષણ ઉભું થતું હોય છે અને આ પ્રદુષણ સાથે આપણી જે સંસ્કૃતિ છે એ સંસ્કૃતિની જો હું વાત કરું તો આપણી સંસ્કૃતિ એક ભારતીય સંસ્કૃતિ, વેદો અને ધર્મોની સંસ્કૃતિ છે. આપણી સંસ્કૃતિ શાંતિની સંસ્કૃતિ છે. વિશ્વના કોઇ દેશોની અંદર શાંતિ યજ્ઞ નથી. આપણે કોઇ સારું કામ કરીએ તો ગ્રહ શાંતિ કરીએ છીએ. વિશ્વના કોઇ દેશોની અંદર શાંતિ પ્રાર્થના નથી પણ આપણી પાસે શાંતિ પ્રાર્થના છે. વિશ્વના કોઇ દેશોની અંદર શાંતિ મંત્ર નથી પણ આપણી પાસે શાંતિ મંત્ર છે.

**ધ્યો હો શાંતિ હી, અંતરીક્ષ ગુણ શાંતિ હી,**
**પૃથ્વીઃ શાંતિ હી,રાપહઃ શાંતિ હી,**
**વનસ્પતય શાંતિ હી, વિશ્વદેવાય શાંતિ હી,**
**બ્રહ્મઃ શાંતિ હી, સર્વગુણ શાંતિ હી,**
**શાંતિ રેવ શાંતિ. ઓમ શાંતિ**

આપણા મંત્રની અંદર બધી જ જગ્યાએ છેલ્લે ઓમ્ શાંતિ પણ કહેવામાં આવે છે. આપણી ધર્મની સંસ્કૃતિ શાંતિની સંસ્કૃતિ છે અને આ શાંતિની સંસ્કૃતિની અંદર આ વોઇસ પ્રદૂષણ આપણા માટે ખૂબ જ વિઘાતક છે અને આપણા માટે શરમજનક બાબત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આપણે પણ આપણે બધા જોઇએ છીએ કે આપણે કોઇ પણ જગ્યાએ જયારે ખૂબ થાકી ગયા હોય તો કયાં જઇએ છીએ? એવી જગ્યાએ જઇએ છીએ કે જયાં શાંતિ મળે. કોઇ નદી કિનારે, પર્વતોમાં, જંગલોમાં જયાં કંઇપણ ડિસ્ટર્બન્સ ના હોય ત્યાં જવાથી આપણને શું મળે છે? આપણને કામ કરવાની વધારે તાકાત મળે છે. આપણને વધારે આપે છે સ્ટ્રેસ છે એમાંથી રિલેક્સ અનુભવીએ છીએ. આપણા સમયની અંદર આપણને વધારે કામ કરવાની તાકાત મળે છે આ રીતે આપણે બધા જ શાંતિનો અનુભવ કરીએ છીએ અને શાંતિ એ સ્વાભાવિક વસ્તુ છે અને અશાંતિ ઉભી કરવામાં આવતી વસ્તુ છે. સ્વાભાવિક વસ્તુનો આપણે સ્વીકાર કરીએ. સ્વાભાવિકતા છે જે છે આપણા પ્રદેશની અંદર આપણા રાજયની અંદર, આપણી આજુબાજુમાં પથરાય એવા પ્રયત્ન કરીએ. આ જે વોઇસ પોલ્યુશન છે એના માપદંડ છે એ માપદંડ ડેસિબલમાં ગણાય છે. મારા સાથી સભ્યશ્રીએ વાત કરી કે, ૩૦–૪૦ કે વધુમાં ૫૦ ડેસિબલ સુધી માણસને એ ગમતો અવાજ છે પણ એના માટે પણ પરમીસિબલ ડેસિબલ છે. સામાન્ય રીતે દિવસ અને રાતના ડેસીબલ અલગ અલગ પરમીસિબલ કરેલા છે. સામાન્ય રીતે દિવસે ૭૫ અને રાત્રે ૭૦, વાણિજ્યિક વિસ્તાર હોય તો દિવસે ૬૫ અને રાત્રે ૫૫, જો રહેઠાણવાળો વિસ્તાર હોય તો દિવસે ૫૫ અને રાત્રે ૪૫ અને શાંત વિસ્તાર હોય ત્યાં દિવસે ૪૦ અને રાત્રે ૩૦ જેટલું હોય તો એ પરમીસિબલ ડેસિબલ ગણાય છે. (અંતરાય) શાંત વિસ્તારની મેં જે વાત કરી એ પરમીસિબલ ડેસીબલ ૩૦ અને ૪૦ છે એ મેં ઘરની શાંતિની વાત કરી. આપણે જો આ વિધેયક લઇને આવ્યા છે એના માટે વાત કરું તો આપણને આપણા વિદ્યાર્થીઓની ચિંતા હોય એટલે કે વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા હોય, ભણતા હોય ત્યારે ડિસ્ટર્બન્સ થાય, એના ભવિષ્યની ચિંતા હોય તો આ વિધેયક આપણે પસાર કરવું જોઇએ. મરણ પથારીએ બેઠેલા આપણા દર્દીના જીવનની જો ચિંતા હોય તો આ વિધેયકની અંદર આપણે વિચાર કરવો જોઇએ. સીનીયર સીટીજન કે જેને ઘોંઘાટના કારણે તકલીફ પડે છે અને એને કાનમાં ધાક પડી જાય અથવા તો કાયમી બહેરાશ આવે છે એની જો ચિંતા હોય તો આપણે આ કામ કરવું જોઇએ. કારખાનાની અંદર કામ કરતા મજૂરો કે જે સતત અવાજની અંદર કામ કરે છે અને આ એટલા માટે બને છે કે કારખાનાનો માલિક જે છે

એ સસ્તા અને અવાજ કરતા મશીનો રાખે છે અને આના કારણે અવાજનું પ્રદૂષણ બનતું હોય છે જો આની ચિંતા કરતા હોય તો આ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે હું WH Oનો એક રિપોર્ટ છે એ પણ હું આપની સમક્ષ રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે જે કંઇ પ્રદૂષણ ઉભા થાય છે એમાં WH Oનો એક રિપોર્ટ છે એની અંદર કહેવામાં આવ્યું છે કે, કાર્ડીયોવાસ્ક્યુલર જે પ્રોબ્લેમ છે એ ઘણા કારણોસર આ કાર્ડીયોવાસ્ક્યુલર પ્રોબ્લેમ થતો હોય છે. એમાંનું એક કારણ આ અવાજનું પ્રદૂષણ છે. WH Oનો બીજો એક સર્વે છે કે સગર્ભા સ્ત્રીના ગર્ભમાં રહેલો જે બાળક છે એનો વિકાસ ન થતો હોય તો એના ઘણા કારણોમાંનું એક કારણ આ અવાજ પ્રદૂષણ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ભવિષ્યના બાળકની ચિંતા કરવાની છે. આપણે વિદ્યાર્થીઓની ચિંતા કરવાની છે, વડીલોની ચિંતા કરવાની છે. કારખાનેદાર મજૂરોની પણ ચિંતા કરવાની છે અને આ વોઇસ પોલ્યુશનને કારણે સામાન્ય રીતે બધી જ જગ્યાએ હાઇબ્લડ પ્રેશર, સ્ટ્રેસ, અનિંદ્રા, બહેરાશ અને હાર્ટ પ્રોબ્લેમ જે થતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી એવી વિનંતી છે કે, રાજય સરકાર પાસે કદાચ કાયદાઓ છે, કેન્દ્ર સરકારના પણ કદાચ કાયદાઓ હશે પરંતુ જે મારા સાથી સભ્યશ્રીએ વિધેયકમાં કહ્યું છે કે આનો અધિનિયમ બનાવવો જોઇએ, અધિનિયમની અંદર કડક રૂલ્સ અને રેગ્યુલેશન બનાવવા જોઇએ. જેવી રીતે એર પોલ્યુશન અને વોટર પોલ્યુશનની અંદર જે રીતે એની સજાપાત્ર ગુનો બને છે એવી જ રીતે આની અંદર સજાપાત્ર ગુનો બનાવવો જોઇએ અને આ રીતે સમાજની અંદર મારા અહીંયા ભાઇઓ અને પિતાઓ બેઠા છે એ બધાને વિનંતી કરૂં કે, આ બધા જ લોકોને આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરવા માટેની હું અપીલ કરું છું અને આના કારણે આપણા સમાજની અંદર શાંતિનું એક વાતાવરણ સ્થપાશે, આપણી જે ધાર્મિક સંસ્કૃતિ છે એ શાંતિની સંસ્કૃતિ ફરી પ્રસ્થાપિત થશે એટલા માટે આ વિધેયકને પસાર કરવા માટેની અપીલ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય પ્યુિષભાઇ જે સૌથી વધારે અવાજ કરે છે એ જયારે અવાજ પ્રદૂષણનું બિલ લઇને આવ્યા છે ત્યારે મારે એને સમર્થન આપવું કે મારા વિચારો રજૂ કરવા એ મને સમજાતું નથી. સમર્થન આપીશ તો સરકાર એમ કહેશે કે આને માટેના કાયદા ઘણાબધા છે તો આ વિધેયક પાછું ખેંચી લો. ખાસ કરીને અવાજનું પ્રદૂષણ આપણને બધાને હાસ્ય આવે કે કોઇ ખૂબ મોટા અવાજે બોલતું હોય તો એ આપણા માટે પ્રદૂષણ છે, પરંતુ જયારે કુદરતે જેને જયારે ચાબખો માર્યો છે એવા બહેરા-મૂંગા લોકો છે એના માટે આ અવાજ એ આપણા માટે પ્રદૂષણ છે એ તેમના માટે કુદરતી રીતે આશીર્વાદરૂપ સો ટકા ફળદ્રુપ નીવડી શકે તેમ છે. લતા મંગેશકરનો અવાજ બધાને ગમે, પરંતુ લલિતા પવારનો અવાજ તો કોઇને પણ ના ગમે, શાહરૂખખાનનો અવાજ બધાને ગમે, પરંતુ અમરીશપૂરીનો અવાજ બધાને ના ગમે. તો અવાજની પણ વ્યાખ્યા હોય છે. અવાજ એ ફકત માઇકના માધ્યમથી, હોર્નના માધ્યમથી કે ફટાકડાના માધ્યમથી માપવાનું સાધન નથી. પિયુષભાઇ પોતે પરણી ગયા, તેજશ્રીબેન પરણી ગયાં એટલે ફટાકડા ના ફોડવા જોઇએ એ એમ કહે છે તો હું એનો વિરોધી છું કારણ કે સ્વાભાવિક છે કે સારો પ્રસંગ હોય તો બધા લોકો ફટાકડા ફોડતા હોય છે. (અંતરાય) મારા ઘેર પણ છોકરો તૈયાર થઇ ગયો છે અને એ આર્કિટેકટ એન્જિનીયર થઇ જાય એટલે એને પરણાવીશું ત્યારે ફટાકડા ફોડીશું ત્યારે તમને ચોકકસ બોલાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વોઇસ પ્રદૂષણની જયારે વાત છે ત્યારે સરકારના કાયદા છે એનો અમલ કેવી રીતે કરવો એ ખાસ જરૂરી છે. ખાસ કરીને હોસ્પિટલની જગ્યા હોય, સ્કૂલ અને કોલેજ હોય કે કોઇ ધાર્મિક સ્થળ હોય આ જગ્યાઓએ અવાજ વધારે હોય તો સ્વાભાવિક છે કે બધાને ગમતું નથી. હાઇકોર્ટના પણ ચુકાદાઓ છે. મહોત્સવની વાત કરતા હોય ત્યારે સરકાર પણ જયારે મહોત્સવો કરતી હોય ત્યારે અને આપણી નવશક્તિઓ અહીં બેઠી છે ત્યારે નવરાત્રીમાં સ્વાભાવિક જો અવાજ વગરના માતાજીના ગરબા થાય તો એ નવરાત્રી આપણા માટે નકામી છે. સો ટકા કદાચ કોઇ પરીક્ષાનો સમય હોય એના લીધે કોઇ જગ્યાએ ડિસ્ટરબન્સ થતું હોય તો એ ખોટું છે, પરંતુ જયારે સાચા ગરબા થતા હોય, નવરાત્રીમાં માતાજીના સાચા ભકતો જયારે ગરબા ગાતા હોય તો હાઇકોર્ટનો ચુકાદો હોવા છતાં પણ પોલીસની મીઠી નજર તળે મોડેસુધી

ગરબા ચાલતા હોય છે અને એ ચાલવા દેવા જોઇએ, પરંતુ ડી.જે. કે કોઇ ડાન્સ ચાલતા હોય તો ત્યાં સો ટકા થોડીક કડકાઇથી એનો અમલ થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, શાંતિની વાત થઇ,પરંતુ આ હાઉસમાં આટલી બધી બહેનો છે એમાંથી કોઇનું નામ શાંતાબેન નથી. હોર્નની માનનીય પિયુષભાઇએ વાત કરી તો અમેરિકામાં ન્યુયોર્ક સીટીમાં જઇએ તો આપણને ખબર પડે કે આ હોર્ન વાગે છે બાકી બીજી બધી સીટીમાં હું ફર્યો તો કયાંય હોર્ન જ નહીં. હોર્ન મારો એટલે સામી વ્યક્તિને એક અપમાન જેવું લાગે, પરંતુ હોર્નની પ્રક્રિયા મુજબ આજે એમ્બ્યુલન્સ હોય અને એ એમ્બ્યુલન્સ સાયરન મારે તો એમાં રહેલ દર્દી એ સમયસર દવાખાને પહોંચી શકે અને એને સારવાર મળી શકે એટલા માટે એ જરૂરી છે. ખાસ કરીને રાજયમાં કોઇ વી.વી.આઇ.પી.. કે વી.આઇ.પી આવ્યા હોય ત્યારે એમને ગાઇડ કરવા માટે એક સ્થળેથી બીજા સ્થળે પોલીસ એમને લઇ જતી હોય અને એ પોલીસ સાયરન વગાડીને એમને બીજા સ્થળે સમયસર પહોંચાડી શકે એટલા માટે એ જરૂરી છે. સવાલ ત્યાંસુધીનો છે હું માનું છું ત્યાં સુધી કે આ અંગે સરકારની જે પણ કોઇ ગાઇડલાઇન્સ હોય, પરંતુ એના ભાગરૂપે ખાસ કરીને મેં કહ્યું એમ ધાર્મિક સ્થળો, સ્કૂલ કે કોલેજો અને હોસ્પિટલો એવી જગ્યાઓએ સો ટકા એનો બાન મૂકવો જોઇએ. (અંતરાય) જેઠાભાઇ, આ ધાર્મિક સ્થળોમાં ગાયો અને ભેંસો અને ગૌચર પણ આવી જાય.

ખાસ કરીને હું સીટીની વાત કરું તો હું અમદાવાદ શહેરમાંથી આવું છું. અમદાવાદ શહેરમાં લોકોને હોર્ન મારવાની કેમ જરૂર પડે છે?ચાર રસ્તા હોય કે માણેક ચોક જેવા કોઇ અન્ય ગીચ વિસ્તાર હોય ત્યાં આ હોર્ન વગાડવાની જરૂર કેમ પડે છે કે ટ્રાફિકની સમસ્યા હલ થવી જોઇએ, સરકારની પ્રાથમિકતા કોઇના અવાજ ઉપર કોઇને ચૂપ કરવા માટે હોવી જોઇએ, પણ તેની સામે જે કાયદાઓ છે, અમદાવાદ શહેરમાં એટલા માટે સમસ્યા થાય છે કે ટ્રાફિકના લીધે લોકોને એક સ્થળે થી બીજા સ્થળે પહોંચવું હોય ત્યારે તેમને હોર્નનો ઉપયોગ કરવો પડે છે. એટલે કાયદાના ભાગ રૂપે પણ ટ્રાફિકની સમસ્યા જો હલ કરવામાં આવે તો અવાજની સમસ્યા ઓછી થઇ જશે. માનનીય નીતિનભાઇ અને બીજા મિત્રો કાયમ કહેતા હોય છે કે વિપક્ષ હંમેશા વિરોધ જ કરે છે. અમે આના પહેલાના બિલમાં સર્વાનુમતે ટેકો આપવાની વાત કરી હતી ત્યારે માનનીય મંત્રીશ્રીએ તેને ખારીજ કરી નાખ્યું. હું આમાં પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ બિલ ઉપર ગંભીરતાથી ચર્ચા કરીને, ગંભીરતાથી વિચારીને, કાયદા તો છે જ, પણ એકટ નહીં પણ એકશનમાં આપ આવો તેવી વિનંતી છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇ ગુજરાત અવાજ પ્રદૂષણનું જે વિધેયક લઇને આવ્યા છે એ બિલ ઉપર સભ્યશ્રી તેજશ્રીબહેન, વિભાવરી બહેન, શૈલેષભાઇ વગેરે સભ્યોએ અવાજના પ્રદૂષણ બાબતમાં ઘણી બધી ચિંતાઓ કરી છે. અવાજનું પ્રદૂષણ વિશેષ કરીને જોઇએ તો કોમર્શીયલ ઉદ્યોગો, રહેણાક વિસ્તારોમાં વાહન વ્યવહાર, લાઉડ સ્પીકરનો ઉપયોગ, લોકો દ્વારા લગ્ન પ્રસંગે તેમજ દિવાળી અને અન્ય તહેવારોમાં જે ફટાકડા ફોડવામાં આવે છે ત્યારે અને ચૂંટણીઓ દરમિયાન જે જાહેરસભાઓ અને સરઘસો થાય છે તેના દ્વારા આ અવાજનું પ્રદૂષણ થતું હોય છે. આ બિલનું જે હાર્દ છે અને માનનીય સભ્યશ્રીએ બિલમાં જે વાત કરી છે કે ગ્રાહ્ય પ્રમાણ કરતા વધારે પ્રમાણમાં જો અવાજ કરવામાં આવે તો એવા સંબંધિત વ્યકિતને લેખિત આદેશ આપીને તેનું પાલન કરાવવાનું સૂચન કર્યું છે. પ્રચારના માધ્યમો દ્વારા શિક્ષણ આપવા માટેના સૂચન કરવામાં આવેલ છે, અને કાયદાનો ભંગ કરે તો તેને ૫૦૦ રૂપિયાનો દંડ થાય એ પ્રકારના માનનીય સભ્યશ્રીના બિલમાં સૂચનો છે. ત્યારે મારે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે કે આના માટે પણ સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકાર દ્વારા કાયદા બનાવવામાં આવેલા છે, અને આ કાયદાઓનું અસરકારક અમલીકરણ સમગ્ર રાજયમાં થઇ રહ્યું છે. માનનીય શૈલેષભાઇએ વાત કરી એ પ્રમાણે હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળો અને સક્ષમ અધિકારી દ્વારા શાંત વિસ્તાર જાહેર કરવામાં આવ્યા હોય તો ત્યાં સો મિટરની અંદર કોઇ પણ જાતનું અવાજનું પ્રદૂષણ ન થાય તેની અમલવારી કરવામાં આવે છે. રાત્રિના સમયે પરવાનગી વગર રાત્રિના ૧૦ વાગ્યા થી સવારના ૬ વાગ્યા દરમિયાન કોઇપણ પ્રકારના

ઇન્સ્ટ્રુમેન્ટ અથવા અવાજને મોટો કરતા કોઇ સાઉન્ડ એમ્પ્લીફાયરનો ઉપયોગ કરવા ઉપર પણ આ ગુજરાત રાજયમાં પ્રતિબંધ છે.

આ ઉપરાંત અસાધારણ સંજોગો સિવાય રહેણાંક વિસ્તારમાં રાત્રીના ૧૦–૦૦ થી સવારના ૬–૦૦ વાગ્યા સુધી હોર્ન વગાડવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. રાત્રીના ૧૦–૦૦ વાગ્યાથી સવારના ૬–૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ફટાકડા ફોડવા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. આ અવાજ પ્રદૂષણ અટકાવવા માટે વિશેષ કરીને જિલ્લા કલેકટરશ્રીઓ અને પોલીસ ડિપાર્ટમેન્ટને વિશેષ સત્તાઓ આપવામાં આવેલી છે. આ અધિનિયમ ૧૯૮૧માં અવાજનો ઉલ્લેખ હવાના પ્રદૂષણ તરીકે કરવામાં આવેલો છે અને તેના ભંગ બદલ કાયદાની કલમ ૩૧(૧) અને ૩૭ મુજબ કાર્યવાહી કરી શકાય છે. જેમાં ઓછામાં ઓછી એક વર્ષની સજા કરવામાં આવે છે, છ મહિનાની સજા કરવામાં આવે છે અને છ વર્ષ સુધીની પણ સજા કરવામાં આવે છે સાથે સાથે દંડની પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

એ જ પ્રમાણે મોટર વ્હીકલ એકટ ૧૯૯૮ના નિયમ ૧૧૯ મુજબ ભયાનક કે ગભરાવી મૂકે તેવો કોઇપણ હોર્ન ન વગાડી શકે તેવી જોગવાઇ પણ કરવામાં આવેલ છે. એ પ્રમાણે રાજય સરકાર દ્વારા વિવિધ સંસ્થાઓ અને એન.જી.ઓ. દ્વારા અનેક કાર્યક્રમો કરીને પ્રજામાં જાગૃતિ આવે તેવા પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી છે, એમના સૂચનો આવ્યા છે, હાલના કાયદાઓ છે એની અમલવારી થઇ રહી છે ત્યારે માનનીય સભ્યશ્રી દ્વારા સૂચિત વિધેયક લાવવામાં આવ્યું છે એની હાલમાં કોઇ જરૂરિયાત જણાતી નથી અને જે કાયદો છે એનો રાજય સરકાર કડકાઇથી અમલ કરાવશે. તેથી મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે તેઓ આ બિલ પાછુ ખેંચી લે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્ય ડો. તેજશ્રીબેન તથા શ્રીમતી વિભાવરીબેને પોતાનું અભ્યાસુ અને પ્રેરક વ્યકતવ્ય આ બિલ ઉપર કર્યું. માનનીય શૈલેષભાઇએ ૫૦–૫૦ ટકા ટેકો આપ્યો એવું મને લાગે છે. જયારે માનનીય મંત્રીશ્રી ગણપતભાઇએ ખૂબજ વિસ્તારપૂર્વક જવાબ આપ્યો. કાયદામાં શું શું જોગવાઇ છે એ બાબત વિસ્તારપૂર્વક ગૃહને જણાવી એ જવાબથી મને સંતોષ થયો છે. તેથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૯ – સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક પરત ખેંચવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ :**માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૯ – સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

## સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક * ૧૪

ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૩

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી કાયદાની રચના ૧૯૦૪માં થઇ અને ખાસ કરીને ગુજરાતમાં ૧૯૮૯માં ગાયકવાડ મહારાજા સ્ટેટની સહકારી મંડળીઓની શરૂઆત થયેલ અને

* વિધેયક, ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતની સાડા છ કરોડની જનતામાં આજે ૪૯ ટકા મહિલાઓ છે અને ૫૪,૨૩૯ સહકારી મંડળીઓ છે. તેના જે સભાસદો છે તે ૧,૭૫,૦૦,૦૦૦થી વધુ સંખ્યા છે. મારો બિલ લાવવાનો હેતુ છે કે સમગ્ર ભારતમાં જે રીતે પંચાયતથી માંડીને લોકસભા સુધી દરેક ક્ષેત્રમાં આજે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. ગુજરાતમાં આટલી મોટી પ્રવૃત્તિ ચાલતી હોય, બહેનો માટેની અનામત હોય છે, નાના અને સિમાન્ત ખેડૂતો માટેની આજે નવા કાયદાની જોગવાઇમાં કંઇક કરી છે. મારે કહેવું છે કે સમગ્ર ગુજરાતમાં જયારે ૧,૬૧,૦૦૦થી વધુ અનુસૂચિત જનજાતિના ખેડૂતો છે અને ૪,૮૮,૦૦૦ આદિજાતિના ખેડૂતો છે, તેની જે સંખ્યા છે, ૭ ટકા મુજબ ૪૦ લાખથી વધારે છે. આદિજાતિમાં ૧૪ ટકા પ્રમાણે ૮૦ લાખથી વધારે સભ્યસંખ્યા છે. તો આ સમગ્ર જગ્યાએ અનામત હોય અને ખાસ કરીને સહકારી પ્રવૃત્તિ છે તેમાં જે વર્ષોથી પરંપરા છે કે દરેકનો સાથ–સહકાર લઇને ચાલતા હોઇએ છીએ. તાલુકા સંઘ હોય, માર્કેટયાર્ડ હોય, જિલ્લા સંઘ હોય, બેંકો હોય દરેક ક્ષેત્રે આજે અનામતનો અભાવ, જે પ્રતિનિધિત્વ મળવું જોઇએ એ આજની તારીખે મળતું નથી. તેના કારણે ઘણી વખત એવું થતું હોય છે કે એક સામાન્ય માણસને, એક નાના ખેડૂતને મહિલા પ્રતિનિધિ નહીં હોવાના કારણે, અનામત નહીં હોવાના કારણે એ લોકોને જે ન્યાય મળવો જોઇએ એ આજની તારીખમાં મળતો નથી. આપણે માર્કેટયાર્ડથી માંડીને બીજે બધે જોઇએ છીએ, સહકારી ક્ષેત્રે તેને કંઇકને કંઇક વિકાસ કરવાની તક મળે તે આજના ધોરણે મળતી નથી. માટે હું સરકારને ખાસ કરીને વિનંતી કરવા માગું છું કે કોઇ પણ સંજોગોમાં જે રીતે બીજે અનામત છે એ રીતે અહીં અનામત જળવાય તો મને એમ લાગે કે ગુજરાતમાં આપણે સારી પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. (અંતરાય) તમારી શું પ્રવૃત્તિ છે, કેવી રીતે મદદ થાય, બીજી કંઇ પ્રવૃત્તિ હોય તેના બાબતે તરત કહેવાય કે અમે આ લોકોનો ઉદ્ધાર કરીએ છીએ. આજે ગુજરાતના ૨૧ ટકા લોકોની ચિંતા કરવાની જયારે હું વાત કરતો હોઉં ત્યારે બેઠાં બેઠાં એમ કહેવાય કે ન કરાય, તેમાં બહેનો માટેની પણ મેં વાત કરી છે. મેં નાના સિમાન્ત ખેડૂતોની વાત કરી છે. નીતિનભાઇ સાહેબ, આપની માફક બધાને ૧૦૦–૧૦૦ વીઘા જમીન નથી હોતી...

અધ્યક્ષશ્રી : તેમાં નાના, સિમાન્ત ખેડૂતો અને એ જ છે. ફકત આ બન્ને કલમમાં બહેનો ઉમેરવી એટલું જ છે આમાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બહેનો ઉમેરવી અને..

અધ્યક્ષશ્રી : બીજું તો છે જ. એમાં એક વધારો કર્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બીજું છે. હું એની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : એમાં સિમાન્ત ખેડૂતોની અંદર એક 'મહિલા' શબ્દ ઉમેરવો અને બે બેઠક રીઝર્વ છે તેને બદલે ત્રીજી બેઠક મહિલા માટે. બે જ વસ્તુ છે આ બિલમાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અધિનિયમ કલમ–૭૪(ખ)માં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત આદિજાતિ, નાના ખેડૂતો, સિમાન્ત ખેડૂતો હોય તેવી વ્યક્તિઓની કેટલીક મંડળીઓની સમિતિમાં બે બેઠકો અનામત રાખવા માટેની...

અધ્યક્ષશ્રી : એ શબ્દને બદલે, એટલે ત્રણને બદલે આટલા કરવા. ઉમેરવું. એમાં મહિલા જ ઉમેરવાનું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ઉમેરવાની જ વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એ છે કે આ બધાને સંપૂર્ણ ન્યાય મળે, આપણે જયારે કોઇપણ વાત કરતા હોઇએ ત્યારે સાડા છ કરોડ લોકોની વાત કરતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : એના કરતા તમે એમ જ કહી દોને કે તેત્રીસ ટકા તમે ડીકલેર કર્યા છે એમાં બેને બદલે ત્રણ રાખો. થઇ જાયને તેત્રીસ ટકા. એમનું જ કીધેલું એમને જ કહોને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :હા, હા, માનનીય અધ્યક્ષશ્રી, એ જ વાત કરુ છું એટલે માનનીય સહકાર મંત્રીને કહું કે ખાસ કરીને હમણા કેન્દ્રએ કાયદો સુધાર્યો છે એની અંદર પણ ઘણા બધા સુધારા લાવ્યા છે તો મારી આપને વિનંતી છે કે આમાં પણ આપ ચોકકસપણે સુધારો કરીને આ અનામતો દાખલ કરો એવી મારી વિનંતી છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ જે બિન સરકારી વિધેયક ક્રમાંકઃ નં. ૧૪ – સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક લાવ્યા છે એમાં મારો સૂર પૂરાવુ છું. આપણો દેશ એ ઋષિ અને કૃષિનો દેશ છે. આપણા દેશની અંદર સહકારની પણ એક સંસ્કૃતિ છે. આપણા દેશમાં જે વિકાસ થયો એ સહકારનો એક ભાગ છે. આપણું ગુજરાત દેશની અંદર સહકારમાં મોડલરૂપ જાહેર થયું છે. ગુજરાતની અંદર ખૂબ મોટા પ્રમાણમાં સોસાયટીઓ બનેલી છે. એક રાજય સહકારી બેંક, એક કૃષિ ઔદ્યોગિક, ૧૮ જિલ્લા સહકારી બેંક, ઘણી બેંકો છે, ૧૯૫૧ સહકારી સોસાયટીઓ છે. ગ્રાહક સહકારી મંડળીઓ ૭૮, હાઉસિંગ સોસાયટી ૩૫૯૫, મજૂર સોસાયટી ૧૨૩, માર્કેટ યાર્ડ આ બધા મળીને ૭૦,૦૭૯ સહકારી મંડળીઓ આવેલી છે અને એ સહકારી મંડળીઓની અંદર ..

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, આ સહકારી મંડળીઓ કેટલી છે એનું નથી, આમાં મહિલાને દાખલ કરો બે જ કલમ છે, સહકાર ઉપર બોલવાની જરૂર નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ, આજે આપણે કયાં છીએ એ કહેવું પડેને, પ્રસ્તાવ તો મૂકવો પડેને, હાલ કૃષિ ધિરાણ આપતી સહકારી મંડળીઓની મારે વાત કરવી છે કે સહકારી યોજનાના અમલમાં એમને ખબર નહીં હોય કે અનુસુચિત જાતિ, જનજાતિ ખેડૂતોને સહકારી મંડળીમાં સભાસદ બનવું હોય તો માત્ર એક રૂપિયા ટોકનથી સહકારી સભ્ય બની શકાય. મારે બીજી પણ વાત કરવી જોઇએ કે એક રૂપિયા ટોકનથી સભ્ય બન્યા પછી સરકાર એને સભાસદ તરીકે અને એની અંદર સરકાર સભાસદ દીઠ ૨૦૦ રૂપિયે શેરમૂડી એ પણ સરકાર નાખે છે. એ જે વિધેયક લઇને આવ્યા છો એની હું વાત કરી રહ્યો છું. એની અંદર આ વર્ષની વાત કરું તો ૧૨,૯૦,૦૦૦નો ખર્ચ કર્યો છે. એની અંદર આદિજાતિ, અનુસૂચિત જનજાતિ અને નાના સીમાંત ખેડૂતો મળીને ૬,૦૪,૫૦૦ નવા સભાસદો બન્યા છે. શ્રી બલવંતિસંહજી જે વાત લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું પરંતુ એમણે જે વાત મૂકી છે એની હું વાત કરું તો બલવંતસિંહ મહિલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, નાના તથા સિમાંત ખેડૂતો વિવિધ વિસ્તારલક્ષી પ્રવૃત્તિઓમાં વધુને વધુ જો કોઇના પ્રોત્સાહનનો ભાગ હોય તો મહિલાઓનો છે. આ મહિલાઓ અનુસૂચિત જાતિ માટે બેઠકો અનામત રાખવાની લાગણી એ પ્રસ્તુત વિધેયક લઇને આવ્યા છે, આ અંગેની વિગતો ધ્યાને લેવા માટે હું આપનું ધ્યાન દોરું છું. ગુજરાતમાં સને ૨૦૦૧માં મહિલા દુધ ઉત્પાદન મંડળી ૮૦૦ હતી એ આજે વધીને ૨૨૪૦ થઇ છે અને સભાસદોની વાત કરું તો ૪૭૪૩ થઇ છે. આ મહિલા શકિતની દિશામાં આગવું પ્રદાન છે. શ્વેત ક્રાંતિ લાવ્યા છીએ રાજયની મહત્વના ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી સિવાય કયારેય સિદ્ધિ હાંસલ થઇ શકવાની નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું જોઇએ કે, કિસાન ક્રેડિટકાર્ડની અંદર ૯૫૨૦૭ કિસાન ક્રેડિટકાર્ડ મહિલાઓને આપ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, જે વિધેયક લઇને આવ્યાં છે એની હું વાત કરું તો બાબત જોતા સહકારી પ્રવૃત્તિ મહિલા અનુસૂચિત જાતિ અને આદિજાતિ ૧૯૬૧ ૭૪(ખ) બિનસરકારી વિધેયક રજૂ કર્યુ છે. પરંતુ કલમ ૭૪(ખ)ની જોગવાઇ સને ૨૦૧૩માં ગુજરાત સહકારી મંડળી સુધારા અધિનિયમ ૧૯૬૧માં સુધારા અધિનયમ દ્વારા રદ કરવામાં આવેલ છે અને આ જે ૭૪(૧), ૭૪(ખ)(૧)ની જોગવાઇના આધાર મુજબ જે મુજબની મંડળીની સ્થાપક સમિતિ અનુસૂચિત જાતિ અથવા આદિજાતિ માટેના સભ્યો માટે એક બેઠક સાહેબ. (અંતરાય) મહિલાઓ માટે બે બેઠક સાહેબ. (અંતરાય) અનુસૂચિત જાતિ માટે એક બેઠક સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, (અંતરાય) તમે કાંઇ જુદો કાગળ લઇને આવ્યાં છો? આમાં એ આવતું જ નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ, હું એ જ વાત કરું છું,

અધ્યક્ષશ્રી : આ મહિલાઓ માટેનું જ છે. (અંતરાય)

શ્રી બાબુભાઇ જ. પટેલ : હું વગર કાગળિયે, અનુસૂચિત જનજાતિ માટે એક બેઠક (અંતરાય) મહિલાઓ માટે બે બેઠક, આ મંડળીની અંદર સેવા સહકારી મંડળીઓની વાત મૂકી છે. અનુસૂચિત જનજાતિ માટે એક બેઠક મહિલા માટે, મહિલા માટે બે બેઠક અને નાના સીમાંત ખેડૂતો માટે જે હોય એમાં એક બેઠક ફાળવવી. આ વાતની અંદર હું અનુમોદન આપતો નથી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સભ્યશ્રી બલવંતસિંહ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક ૨૦૧૩ લઇને આવ્યાં છે એના ઉપર મારા બે સૂચનો કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી, એમનું હાર્દ એટલું જ છે કે સહકારી માળખાની અંદર બહેનોનું પ્રતિનિધિત્વ હોવું જોઇએ. કેન્દ્ર મારફતે જે નવો એકટ આવ્યો. એ એકટ ગુજરાત વિધાનસભાની અંદર પણ પસાર થઇ ગયેલો છે. એની અંદર એસ.ટી., એસ.સી., નાના ખેડૂતો અને સીમાંત ખેડૂતો અને બહેનોની પણ અંદર વાત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે એકટ આવ્યો છે ત્યારે એકટ ઉપર સરકાર નિયમો બનાવીને જ્યારે બાયલોઝ બનાવશે ત્યારે દરેક મંડળીને બાયલોઝનો અમલ એ રીતે કરવો પડશે એવું ફરજીયાત છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી બહેનોને એટલા માટે સભ્યશ્રીની લાગણી છે કે પશુપાલનના ધંધાની અંદર વધારેમાં વધારે બહેનો હોય છે ત્યારે દરેક દૂધ મંડળીઓની અંદર બે બહેનોને પ્રતિનિધિત્વ મળવું જોઇએ એમાં હું પણ સંમત છું. મારે પણ મારા અમૂલ ડેરીના બોર્ડની અંદર બે બહેનોનો સમાવેશ કરેલો છે. અગાઉના વર્ષોની અંદર પણ એસ.ટી., એસ.સી. બહેનોનો પરિપત્ર થયો હતો પણ એનો અમલ અત્યાર સુધી નથી થતો ત્યારે હું એવું માનું છું કે, આ એકટ આવ્યો છે અને એકટ ઉપરથી બાયલોઝ બનીને નિયમો બને ત્યારે બહેનોનો દરેક સહકારી માળખાની અંદર સમાવેશ થાય એવું કડક વલણ અપનાવો એવી વિનંતી માનનીય મંત્રીશ્રીને એટલા માટે કરું છું કે, કેટલીક મંડળીઓ એનો અમલ નથી કરતી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સરકારની અંદર જે બજેટ લઇને આવ્યાં છે એની અંદર પણ જે બહેનોની મંડળીઓ છે એ મંડળીઓની અંદર બહેનોની મંડળીઓ ડબલ કરવાની વાત કરી છે એ એક સારી વાત કરી છે કે બહેનોને એક સારુ પ્રતિનિધિત્વ મળે. ગુજરાતનું નેતૃત્વ જ્યારે એક બહેન કરી રહ્યાં હોય ત્યારે સહકારી માળખાની અંદર બહેનોને પણ પ્રતિનિધિત્વ મળે એવું મારા સભ્યશ્રી વિધેયક લઇને આવ્યા છે એની લાગણી છે, એનું હાર્દ છે એની સાથે હું સંમત થાઉં છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા રજૂ કરવામાં આવેલા બિન સરકારી વિધેયક ૨૦૧૩ના ગુજરાત સહકારી મંડળીના અધિનિયમમાં સુધારા નકારવા માટે હું વિનંતી કરવા માટે આવેલો છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યએ સૂચવેલી જોગવાઇ ૯૭માં બંધારણીય સુધારાના સંદર્ભમાં થયેલા ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧માં સુધારા દ્વારા કાયદા નિયત કરવામાં આવેલા છે. નવા સુધારાની હવે કોઇ જરૂરત રહેતી નથી. વર્ષ ૨૦૧૧માં કેન્દ્ર સરકાર દ્વારા ૯૭માં બંધારણીય સુધારા અંતર્ગત સહકારી પ્રવૃત્તિને લગતા જરૂરી સુધારા કરવામાં આવેલા છે. બંધારણીય સુધારાના સંદર્ભમાં ગુજરાત રાજયની સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ એકટ ૧૭/૨૦૦૦માં તેરથી સુધારો કરવામાં આવ્યો બળવંતસિંહજી, જે વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલો છે અને માનનીય રાજયપાલશ્રી તા. ૧૨-૪-૧૩ના રોજ તેને અનુમોદન આપતો આ રાજયપાલે સુધારો પણ કરેલો છે. રાજયપત્રમાં તા.૧૫-૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલો છે. મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સભ્ય માટે નવી જોગવાઇઓ પણ દાખલ કરવામાં આવેલી છે. હું આનંદ અને લાગણી અનુભવું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે કાયદાનો સુધારો કરી સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ અને નાના સિમાંત ખેડૂતોનો પ્રતિનિધિ પણ આપવામાં આવેલો છે. જોગવાઇ સહકારી કલમ-૭૪(૧) (ખ) બળવંતસિંહભાઇ, આ કલમ લખેલી છે એટલે જોશો તો ખ્યાલ આવશે. આ કલમમાં દરેક સહકારી બેંકો, સહકારી મંડળીઓ, સહકારી સંસ્થાઓ, સમગ્ર ગુજરાતમાં કાયદાનું અમલીકરણ કરવામાં આવેલું છે. માત્ર

વાતો નહીં, અમલીકરણ કરવામાં આવેલું છે. સંવિધાન–૯૭માં સુધારા અધિનિયમ–૨૦૧૧ની સહકારી મંડળીને લગતા ભાગ–૯ સંવિધાન દાખલ કરેલું છે. સુસંગત રહી ભારતીય જનતા પાર્ટીની સરકારે આનો અમલ ૧૯૬૧માં ઘણા સુધારા ૨૦૧૩માં કરેલા છે.

આ સુધારાથી હું એવું માનુ છું કે સમાજના જુદાજુદા વર્ગને મંડળીની વ્યવસ્થાપક સમિતિના પ્રતિનિધિ તરીકે ઉપરાંત કલમ–૨૮ –ક સભાસદોની ફરજોનો પણ એક પેરેગ્રાફ કરીને સુધારવામાં આવેલો છે. ૨૮–ખ થી સહકારી શિક્ષણ તાલીમની જવાબદારી રાજય સરકારે લીધી અને સુધારો પણ કરવામાં આવેલો છે. કલમ–૭૧ મંડળીના સત્તાધિકાર આપવામાં જુદાજુદા પત્રકોનો પણ સુધારો કરવામાં આવેલો છે. કલમ–૭૪(૧) (ગ) વ્યવસ્થાની કમિટી મુદત વ્યવસાયી નિષ્ણાતો બોર્ડમાં કો–ઓપરેટીવ એકટમાં ભરૂચ ડીસ્ટ્રીકટથી લઇ સમગ્ર ગુજરાતમાં આ કાયદાનું અમલીકરણ પણ કરવામાં આવેલ છે. માત્ર વાત કરવાની નહીં, એનું અમલીકરણ કરવાનું. કલમ–૭૪–ગ–૧ સહકારી મંડળી બોર્ડની ચૂંટણી માટે સરકાર દ્વારા ગોઠવેલું વ્યવસ્થિત તંત્ર સહકારી કાયદામાં સુધારો પણ કરવામાં આવેલો છે. આનંદની લાગણી અનુભવું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે કાયદામાં જરૂરી સુધારા કરી સહકારી પ્રવૃત્તિમાં કયાંય કોઇ દિવસ હસ્તક્ષેપ કરવામાં આવેલો નથી. સભાસદોથી, સભાસદો માટે, સભાસદો વડે ચાલતી બાબતનું મહત્વ આપવામાં આવ્યું છે. હમણા વિપક્ષના સભ્યો, મારા મિત્રો બોલે છે કે કોંગ્રેસમાં તો (અંતરાય) વાત સાચી છે. ૨૦૦૦ની સાલમાં જિલ્લા કોંગ્રેસનો પ્રમુખ હતો અને ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકનો પણ ચેરમેન હતો ત્યારે આ ગુજરાતની સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકાર માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીજી જેઓ આજે દેશના, રાષ્ટ્રના વડાપ્રધાન છે.

અધ્યક્ષશ્રી : બસ હવે એનો જવાબ નથી દેવો.

શ્રી અરૂણસિંહ અ. રણા : સાહેબ મારે જવાબ તો આપવો પડે. (અંતરાય) સાહેબ મારી સાત જ મિનિટ (અંતરાય) હું આજે કહેતા આનંદ અનુભવું છું કે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ ભાઇશ્રી અમિત શાહ, અહીં આગળ મોજુદ ભુપેન્દ્રસિંહજી, શંકરભાઇએ સહકારી પ્રવૃત્તિને કયારેય પણ લૂણો લાગે એવું કામ નથી કરેલું. કોંગ્રેસનો પ્રમુખ હોવા છતાં પણ માધુપુરા બેંક જયારે દિવસે ને દિવસે જયારે તૂટતી હતી ત્યારે મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર સત્ય છૂપાવ્યું નથી.

અધ્યક્ષશ્રી : અરૂણસિંહભાઇ, તમારે આ બિલ વિશે જે બોલવું હોય એ બોલી લો. જે બેઠા બેઠા બોલે એનો જવાબ ન આપવાનો હોય.

શ્રી અરૂણસિંહ અ. રણા : મને બોલવા દો.(અંતરાય) મારા મિત્ર. મને બોલવા દો. સાચી વાતમાં ટેવાવું પડશે.

અધ્યક્ષશ્રી : હવે જે બોલ્યા એને છૂટયા પછી કાનમાં કહી દેજો. અત્યારે બિલ ઉપર આવો.

શ્રી અરૂણસિંહ અ. રણા : તમને ખ્યાલ હશે. તમે ભારતીય જનતા પાર્ટી ઘણી ઘણી વાર વાતો કરો છો. અમે સાંભળીએ છીએ. તમારી વાતો એમ છે કે સૌનો સાથ સૌનો વિકાસ સૌ ભારતીય જનતા પાર્ટીએ કરેલો છે. માત્રને માત્ર વાતો કરીને ટીવી ઉપર આવીને..

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી બાબુભાઇ.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી બલવંતસિંહભાઇ જે બિન સરકારી વિધેયક દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૭૪(ખ) માં જે સુધારા સુચવવા માગે છે, તેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ અને નાના અને સિમાંત ખેડૂતો અને મહિલાઓ માટે કુલ ૩ બેઠકો અનામત રાખવાની જોગવાઇ કરવાનો સુધારો સુચવવા માગે છે. સહકારી મંડળીઓના વહીવટમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ નાના અને સિમાંત ખેડૂતો અને મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાની સરકારની સામાન્ય નીતિ રહેલી છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૭૪(ખ) નીચે મુજબ છે. કલમ–૭૪(ખ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અને નાના અને સિમાંત ખેડૂતો માટેની કેટલીક મંડળીઓની સમિતિમાં બેઠકો અનામત રાખવા બાબત. રાજય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેવી મંડળી અથવા તેવા

વર્ગની મંડળીની સમિતિમાં ૨ બેઠકો નીચે મુજબ અનામત રાખવામાં આવશે. મંડળીના કાર્યક્ષેત્રમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વસ્તી ધ્યાનમાં લઇને રાજય સરકાર નિર્દિષ્ટ કરે તે પ્રમાણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓની એ બંનેની વ્યક્તિઓ માટે એક બેઠક, નાના અને સિમાંત ખેડૂતો હોય તેવી વ્યક્તિઓ માટે એક બેઠક આ આપણે જૂનો ૧૯૬૧ નો કાયદો હતો તેમાં ૭(ખ) ની આ જૂની જોગવાઇ હતી. આ જોગવાઇ હું માનું છું કે આપણે ગઇ સાલ જે ૧૯૧૩નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ માં સુધારો આપણે લઇ આવ્યા ત્યારે આ ૭(ખ) રદ કરેલી છે અને એને બદલે આપણે નીચે મુજબ જોગવાઇઓ કરેલી છે.

સને ૧૯૧૩ માં ગુજરાતની સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧માં સુધારો કરી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ, નાના અને સિમાંત ખેડૂતો અને મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાની જોગવાઇ કલમ–૭૪ પેટા કલમ ૧(ખ), પેટા કલમ–૧ અને પેટા કલમ–૨ માં કરવામાં આવેલ છે, જે જોગવાઇઓ નીચે મુજબ છે. ૭૪(૧)(ખ)(૧) પેટા કલમ–૧(ખ) અને (૧) માં સભ્ય તરીકે વ્યક્તિઓની બનેલી અને અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિ અને મહિલાઓ આવા વર્ગના અથવા કક્ષાના સભ્યો ધરાવતી દરેક મંડળીના વ્યવસ્થાપક સમિતિમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે એક બેઠક અને મહિલાઓ માટે ૨ બેઠક અનામત રાખવામાં આવેલી છે. માનનીય સભ્યશ્રી એક મહિલાની વાત કરે છે, જયારે આપણે ગઇ સાલ ૯૭ નો સુધારો લઇ આવ્યા એમાં આપણે મહિલાઓ માટે બે બેઠકની જોગવાઇઓ કરેલ છે. ૭૪(૧)(ખ) ની પેટા કલમ–૨ નાના ખેડૂતો અને સિમાંત ખેડૂત હોય તેવી વ્યક્તિઓ માટે એક બેઠક અનામત રાખવામાં આવેલ છે. જયારે અહીયા આપણી માગણી ૩ બેઠકની છે, ત્યારે આપણે અગાઉથી ૪ બેઠકો ૨ મહિલાઓ માટે એક આદિજાતિ અથવા તો અનુસૂચિત જાતિ અને એક નાના અને સિમાંત ખેડૂતો માટે આ રીતે ૩ ને બદલે ૪ વ્યક્તિની જોગવાઇ કરેલી છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ કલમ–૭૪(૧)(ખ) ની જોગવાઇઓ મુજબ મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્ય માટે એક બેઠક અને મહિલા માટે ૨ બેઠક અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે કલમ–૭૪(૨) ની જોગવાઇ મુજબ મંડળીના વ્યવસ્થાપક સમિતિમાં ખેડૂતો અને સિમાંત ખેડૂતો હોય તેવી વ્યક્તિઓ માટે એક બેઠક અનામત રાખેલી છે. સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે રાજય સરકારે તમામ પ્રયત્નો હાથ ધરવાની નીતિ અખત્યાર કરેલી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને સહકારી ધિરાણ માળખામાં સંપૂર્ણપણે આવરી લઇ તેમની આર્થિક જરૂરિયાત સંતોષવાના પ્રયાસરૂપે રાજયમાં આવા લોકોને ધિરાણ મંડળીના સભાસદો બનાવવાના રહે છે. પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે મંડળીના સભાસદો બનવા માટે શેરફાળો આપવા માટે શક્તિમાન હોતા નથી. આથી આવા વર્ગના ભાઇ–બહેનોને રૂપિયા બસો લેખે શેર મૂડીની સહાય પેટે આપવાની યોજના છે. આવા સભાસદોને મંડળીના સભાસદ બનાવી મંડળી મારફત તેમની આર્થિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. છેલ્લા દસ વર્ષમાં અનુસૂચિત જાતિના આવા ૨૯ હજાર કરતાં વધુ ખેડૂત ભાઇ બહેનોને અને ૮૮ હજાર કરતાં વધુ અનુસૂચિત જનજાતિ આદિજાતિના મારા ખેડૂત ભાઇઓને શેરમૂડી સહાયની યોજના હેઠળ ખેતી વિષયક સહકારી મંડળીઓ મારફતે આવરી લેવામાં આવેલ છે. રાજયમાં સહકારી માળખા દ્ધારા ખેડૂતોને સમયસર ધિરાણ મળી રહે તે માટે ૧૬ લાખ ૨૫ હજાર ૬૫૪ ખાતેદારોને કિસાન ક્રેડીટકાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેમાં ૬૪ હજાર ૦૬૭ અનુસૂચિત જાતિના અને ૧ લાખ ૨૦ હજાર ૪૮૧ અનુસૂચિત જનજાતિના ખેડૂતોનો સમાવેશ થાય છે. જયારે આ ખેડૂત ખાતેદારો પૈકી ૮ લાખ ૬૬ હજાર ૬૮૨ નાના અને સીમાંત ખેડૂતો છે. જયારે ૯૫ હજાર ૩૭૨ મહિલા ખાતેદારો છે. આમ આ રાજય સરકાર સહકાર ક્ષેત્રમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના અને સીમાંત ખેડૂતો અને મહિલાઓ માટે તેમના પ્રતિનિધિત્વથી માંડીને વિકાસ માટે સતત ચિંતિત છે. આ વખતના બજેટની અંદર પણ મહિલાઓ માટેની જે સહકારી દૂધ મંડળી બનશે તેની અંદર ૩૦૦ વાર જગ્યા અને પાંચ લાખ સુધીની બાંધકામની સહાય પણ આપવામાં આવશે. મારે માનનીય સભ્યશ્રીને વિનંતી

કરવાની છે કે આપે જે સુધારા સૂચવેલ છે તેના કરતાં સારા સુધારા આ રાજય સરકારે ૨૦૧૩માં કરેલા છે એટલે આપને વિનંતી છે કે આપનું આ બિનસરકારી વિધેયક પાછુ ખેંચી લો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે જવાબ આપ્યો અને તેમાં વિદ્વાન મુરબ્બીશ્રી બાબુભાઇ, શ્રી અરુણસિંહજી અને રામસિંહ પરમાર સાહેબે સૂચનો કર્યા છે. કેન્દ્ર સરકારે આના નિયમો બનાવી દીધેલા છે. તેનો અમલ થાય તથા મારી જે જોગવાઇ છે તે જોગવાઇ પૂર્ણ કરે. માટે હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું અને પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૪ સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક મંજૂર કરવા માટે સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૫૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર તા.૧૮મી જુલાઇ ૨૦૧૪ના રોજ સવારના ૮.૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૨૭, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**પી.ટી.સી. સાથે ગ્રેજ્યુએટને પ્રાથમિક શિક્ષકનો વિકલ્પ સ્વીકારી ધો. ૬ થી ૮ માં નિમણૂંક**

* ૧૨૩૬૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પી.ટી.સી. સાથે ગ્રેજ્યુએટ (સ્નાતક) પ્રાથમિક શિક્ષકનો વિકલ્પ સ્વીકારી, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૬ થી ૮ માં નિમણૂંક આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બી.સી.એ. ની સ્નાતક ડિગ્રી ધરાવતા પી.ટી.સી. શિક્ષકને વિકલ્પ સ્વીકારતા હોવા છતાં ઉચ્ચ પ્રાથમિક ધોરણ-૬ થી ૮ માં નિમણૂંક આપવામાં આવે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) નિયત કરેલા વિષયોમાં સ્નાતકની પદવી હોય તેવા પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક ધોરણ-૬ થી ૮માં નિમણુંક આપવામાં આવે છે બી.સી.એ. ની પદવી તે મુજબના વિષયોની ન હોવાથી તેવા પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે નિમણૂંક આપી શકાય તેમ નથી. |

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પી.ટી.સી. કોલેજોમાં અભ્યાસ કરવામાં સન્માનનીય ગૃહના લગભગ બધા સભ્યશ્રીઓને ખ્યાલ હશે કે, •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે પ્રશ્ન પૂછો. જયારે વિભાગ ઉપર ચર્ચા આવેને ત્યારે આપ બધુ બોલજો. તમે સીધો પ્રશ્ન પૂછો. તમે જે કાંઇ શબ્દો બોલ્યા એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત કરવા જઇ રહ્યો છું કે, પી.ટી.સી. દરમિયાન જે તકલીફો વેઠીને વિદ્યાર્થી પી.ટી.સી. થાય છે પણ પી.ટી. સી. થયા પછી અહીંયા જવાબમાં આપ્યું છે કે, પી.ટી.સી.માં જે ગ્રેજયુએટ થાય છે એ પી.ટી.સી. ગ્રેજયુએટને ધોરણ ૬ થી ૮ સમાવેશ કરવામાં આવે છે જયારે બી.સી.એ. કરેલ હોય એવા શિક્ષકને એમાં સમાવેશ કરવામાં આવતા નથી તો આટલી મહેનત કરીને પી.ટી.સી. કર્યા પછી બી.સી.એ. કર્યું હોય તો એવા વિદ્યાર્થીને સરકારશ્રી અત્યારે દરેક સ્કૂલમાં કોમ્પ્યુટર આપે છે, લેબ આપે છે તો એમાં કોમ્પ્યુટરના શિક્ષક તરીકે આ પી.ટી.સી.માં

અધ્યક્ષશ્રી : એને તમે દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રી રમેશભાઇ મ. ચાવડા : હા, એમને દાખલ કરવા માગો છો કે કેમ? આ મહત્વનો પ્રશ્ન છે કે, ખૂબ લોકો આમાં...

અધ્યક્ષશ્રી : બંને લોકોને તમે સમઅધિકાર આપવા માગો છો કે નહીં? એવી જ વાત છે ને?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૬ થી ૮માં કોમ્પ્યુટરનો ઉપયોગ માત્ર એક સાધન તરીકે થાય છે, વિષય તરીકે નહીં. આર.ટી.ઈ.ના નિયમ પ્રમાણે જે વિષયોનો સમાવેશ ધોરણ ૬ થી ૮માં કરવામાં આવ્યો છે એ તમામ વિષયોના સ્નાતકોને આપણે વિદ્યાસહાયક તરીકે કે શિક્ષક તરીકે ભરતી કરીએ છીએ જયારે બી.સી.એ. એટલે બેચલર ઓફ એપ્લીકેશન છે અને એ વિષય પ્રાથમિકમાં નહીં હોવાથી તેમાં એના શિક્ષકોને આપણે દાખલ કરતા નથી.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક વિભાગમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવા માટે વિકલ્પના ધોરણો કયા છે અને બીજો પ્રશ્ન છે કે આ ધોરણો કયારે નકકી કરવામાં આવ્યા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગના તા. ૨૭–૪–૧૧ના ઠરાવ પ્રમાણે એઆરએ ૧૧–૧૦– ૨૨૩–ક અને ત્યાર બાદ વારંવારના સુધારાઓ તા. ૧૪–૭–૨૦૧૧, તા. ૩–૫–૨૦૧૨ તથા તા. ૧૮–૫–૨૦૧૨ના સુધારા ઠરાવ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના ગણિત, વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાનના વિદ્યાયક સહાયકો– શિક્ષકો માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવા માટેના વિકલ્પ આપેલા હોવા જોઇએ. એમનો બીજો પ્રશ્ન એ છે કે, વિકલ્પના ધોરણો શું છે? તો એ ધોરણો શિક્ષણ વિભાગના તા. ૧૯–૨–૨૦૧૪ના ઠરાવ અન્વયે વિકલ્પના ધોરણ નકકી કરવામાં આવેલ છે.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હજુ આ શિક્ષકોને પ્રાથમિક શાળામાં સમાવવામાં આવ્યા નથી એ વાત સાચી છે? અને બીજો પ્રશ્ન મારો એ છે કે, જે ભરતી કરેલ શિક્ષકોને વેતન ફીકસ પગારથી કે પૂરા પગારથી ચૂકવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ.વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષકોને એટલે કયા? તેઓશ્રી બી.સી.એ.ની જો વાત કરતા હોય તો મેં પહેલાં મારો જવાબ આપી દીધો છે. પી.ટી.સી. ગ્રેજયુએટ જે છે એ પી.ટી.સી. ગ્રેજયુએટમાં બી.સી.એ.ની વાત હોય તો એનો જવાબ મેં આપી દીધો છે. આ વિષયનો એમાં સમાવેશ ના થતો હોવાથી એ થઇ શકે તેમ નથી. પગારનો એમનો બીજો પ્રશ્ન છે તો પ્રશ્ન એ પગાર સંબંધિત પ્રશ્ન નહીં હોવાથી પગાર બાબત બીજો પ્રશ્ન પૂછશે તો જવાબ મળશે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : મારે જાણવું છે કે બી.કોમ. પી.ટી.સી. કરેલ હોય અથવા બી.આર.સી. પી.ટી.સી. કરેલ હોય તો એમનો શિક્ષકોમાં સમાવેશ કરવામાં આવે છે. તેમનો વિષય સમાજવિદ્યા અને સામાજીક વિજ્ઞાન હોય તો આપવામાં આવે છે અને આ બી.સી.એ. પી.ટી.સી. કરેલ હોય તો એમનો સમાવેશ થતો નથી, તો આ શા માટે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જે લાયકાતનાં ધોરણો નકકી થયેલાં છે તેમાં સ્નાતકમાં ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટોની,ઝીઓલોજી અને ભૂસ્તર વિજ્ઞાન આટલા વિષયોના નિયત ધોરણે સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે એનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો નથી એટલે તેમનો એમાં સમાવેશ થતો નથી.

શ્રી સી. કે. રાઉલજી : મારે જાણવું છે કે ધોરણ ૬ થી ૮ નો ઉચ્ચ પ્રથમિક શિક્ષણમાં સમાવેશ કર્યો છે, તો છેલ્લા ૧ વર્ષથી ગ્રેજયુએટ અંગ્રેજી માધ્યમના શિક્ષકોના અભાવે ગુજરાતની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજીના શિક્ષકો નથી મહેકમની દ્રષ્ટિએ, તો આ અંગે કોઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ? એક વર્ષથી અંગ્રેજી માધ્યમના શિક્ષકો નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ મહેકમનો પ્રશ્ન નથી એટલે અત્યારે એનો જવાબ આપી શકાય તેમ નથી.

**જેતપુર તાલુકામાં નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ**

* ૧૦૯૬૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની કેટલી અરજીઓ મળેલ છે, | (૧) સને ૨૦૧૩–૧૪નાં વર્ષમાં રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં નવા બારકોડેડ રેશનકાર્ડ માટેની ૨૪૮૧ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે, અને કેટલી પડતર છે, અને | (૨) ૨૦૪૯ અરજીઓનો નિકાલ થયેલ છે અને ૩ અરજીઓ પડતર છે. |
| (૩) અરજીઓ પડતર રહેવાના મુખ્ય કારણો શાં છે ? | (૩) અરજીઓ પડતર રહેવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.<br>–અરજદાર ચૂંટણીકાર્ડની ઓનલાઈન યાદીમાં નામ ધરાવતાં ન હોવાને કારણે<br>–અરજદારો દ્વારા બાયોમેટ્રીક્સ ન આપવાના કારણે. |

એચબી–૨૪૮–૧ ...લાલ શી. અમૃતિયા : મારે જાણવું છે કે તા. ૩૧–૩–૧૪ ના રાજ જેતપુર તાલુકામાં રેશન કાડના ૩ અરજીઓ પડતર છે તો એ કયા સ્ટેજે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે આજની તારીખે નવાં રેશન કાર્ડ જેતપુર તાલુકામાં કયા સ્ટેજે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય સભ્યશ્રીએ વાત કરી છે તો એમાં રેશન કાર્ડની ૩ અરજીઓ પડતર હતી , પરંતુ આજની તારીખે એ તમામે તમામ અરજીઓનો નિકાલ થઇ ગયો છે. રેશન કાર્ડ જે છે એ આજની તારીખે તો કુલ ૨૬૫૩ અરજીઓ મળી છે એમાં મંજૂર થયેલ અરજીઓ ૨૧૫૦ છે, રદ થયેલ ૪૫૨ છે અને બાકી અરજીઓ ૧૬ છે.

શ્રી ઇશ્વરસિંહ પટેલ : મારે જાણવું છે કે આ બારકોડેડ રેશનકાર્ડ પ્રોજેકટ ની રાષ્ટ્રીય સ્તરે કોઇ નોંધ લેવાઇ છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આખા દેશમાં બારકોડેડ રેશનકાર્ડમાં આ રાજય પ્રથમ છે અને આની અંદર માનનીય નામદાર હાઇકોર્ટે તા. ૨૭–૧૦–૧૦ ના રોજ એક રીટ પિટીશન દાખલ થઇ હતી એમાં નિર્દેશન કરવામાં આવ્યું અને હાઇકોર્ટે એને અનુમોદન આપીને નિકાલ કરીને એવું કહેવામાં આવ્યું છે કે આ યોજના આખા રાજયમાં ખૂબ સારી યોજના છે. એવી જ રીતે સુપ્રીમ કોર્ટમાં તા. ૧૪–૯–૧૧ ના રોજ રીટ પિટીશન દાખલ થઇ અને આ કોમ્પ્યુટર અને મોડેલ કોમ્પોનન્ટ–૨ નો આ પ્રોજેકટ છે એના કારણે રાજયને ગુજરાત મોડેલ તરીકે અનુસરવા આખા દેશને કહ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બહુ લંબાણમાં નહીં, ફટાફટ જવાબ આપો. ડિટેઇલ્સમાં ના કહેવું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા,સી.એસ.આઇ. નિહિલેન્ડ ઇન ગર્વમેન્ટ એવોર્ડ ૨૦૧૧–૧૨ માં એવોર્ડ ઓફ એકસેલન્સી પ્રોજેકટની આ રાજય સરકારને આધુનિક ટેકનોલોજીના સંદર્ભે બનાવવા માટે પણ એવોર્ડ આપ્યો છે. રાષ્ટ્રીય કક્ષાનો કેન્દ્ર સરકાર તરફથી ૨૦૧૩–૧૪ માટે નેશનલ ઇ–ગર્વનન્સ એવોર્ડ અને એકસીલન્સી ઇન ગર્વનમેન્ટ ઇન પ્રોસેસ રિ–જનરેટ માટેનો પણ એવોર્ડ કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવ્યો છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જસદણ અને વીંછીયા એ બન્ને તાલુકામાં બાર કોડેડ રેશન કાર્ડ વિભાજન કરવા માટે મામલતદાર તરફથી અલગ અલગ પોલીસી હોય તેમ જુદા જુદા ડોકયુમેન્ટ માગવામાં આવે છે. વીંછીયાના મામલતદાર ઇરાદાપૂર્વક બાર કોડેડ વિભાજન ન થાય તે માટે પોલીસ અભિપ્રાય પણ માગવામાં આવે છે. તો એવા કોઇ પુરાવા માગે તો એ આપવા કે નહીં અને તેમાં છૂટછાટ આપવા માગે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : કોઇ પણ અરજદાર માટે રેશન કાર્ડ લેવા માટે ફોર્મ નંબર ૨ નકકી કરવામાં

આવેલ છે અને ફોર્મ નંબર ૨ ભરે ત્યારે એમાં નકકી થયેલ છે કે કયા પુરાવા લેવા જોઇએ. ચૂંટણી કાર્ડ ઓળખ કાર્ડ તરીકે લેવામાં આવે છે, રહેઠાણનું વીજળીનું બિલ, ઘર વેરાની પહોંચ, મકાન ભાડે લીધેલ હોય તો તેનો પુરાવો, આવકનો દાખલો આ બધા પુરાવા આપે તો તેમને રેશનકાર્ડ આપવામાં આવે છે. એવું નથી કે અલગ અલગ પુરાવાઓ માગવાના હોય છે, પણ માનનીય સભ્યશ્રી અમારા ધ્યાન ઉપર લાવશે તો અમે જરૂર મદદરૂપ થઇશું.

અધ્યક્ષશ્રી : એવું કાંઇ હોય તો મંત્રીશ્રીને કહેજો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં કેટલા કાર્ડનું વિતરણ કરવાનું બાકી છે, અને રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો કેટલી છે?

અધ્યક્ષશ્રી : આ ફકત જેતપુર તાલુકા પૂરતો જ પ્રશ્ન છે. આખા રાજકોટ જિલ્લાનો નથી. ફકત જેતપુર તાલુકા પૂરતું પૂછવાનું હોય તો પૂછો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય મંત્રીશ્રીએ ગુજરાત મોડેલની વાત કરી, આ રેશન કાર્ડ જે ઇશ્યુ થાય છે એમાં સમગ્ર દેશમાં આ ગુજરાત મોડેલનો અમલ કરવાની વાત કરે છે. તો મારે એ જાણવું છે કે આ રેશન કાર્ડ ઇશ્યુ થયા છે એમાં ગંભીર ભૂલો હોય છે. અમુક તો અકલ્પનીય ભૂલો હોય છે. તો તેને સુધારવા માટે સરકારે શું પગલાં લીધા છે અને કોન્ટ્રાકટર વિરૂદ્ધ કોઇ પગલાં લીધા છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, નવી કોઇ પણ વસ્તુ દાખલ થાય એટલે કોઇક ભૂલ થવાની શકયતાઓ હોય છે. ભૂલ થઇ હોય તો તેને સુધારવા માટેનું આયોજન પણ છે. ભૂલ સુધારવા માટે ફોર્મ ભરી અને અરજદારે તાલુકામાં આવવાની પણ જરૂર નથી. ફકત ફોર્મ ભરીને દુકાનદારને આપી દે તો પણ સુધારી આપવામાં આવે છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નવા રેશન કાર્ડ માટે ચૂંટણી ઓળખ કાર્ડ આપવું ફરજિયાત છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : આપણે રાજયમાં ભારતીય નાગરિકને જ રેશન કાર્ડ આપવા તેવું નક્કી કરેલ છે. એટલા માટે ભારતીય નાગરિકની ઓળખ માટે ભારત સરકાર તરફથી ચૂંટણી ઓળખ કાર્ડ આપવામાં આવેલા હોવાથી આપણે તેનો આધાર લેવાનું ફરજિયાત બનાવ્યું છે. કારણ કે તેનાથી ફોટો આઇડેન્ટી થઇ શકે અને આપણે ત્યાં ૯૮ ટકા લોકોની પાસે ચૂંટણી કાર્ડ છે.

**મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

* ૧૦૯૫૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૮૨૭ |
| (૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) કુલ રૂ. ૫૬,૫૪,૦૦૦/- |

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના કયારે શરૂ કરવામાં આવી અને આ યોજનાનો હેતુ શું છે અને તેના ફાયદા શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સાક્ષરતા દર વધારવા માટે આ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના ૨૦૦૨-૨૦૦૩ માં શરૂ કરવામાં આવી. આ યોજના શરૂ થઇ તે વખતે શહેરોમાં બી.પી.એલ. કુટુંબોની દીકરીઓ હોય અને તે પહેલા ધોરણમાં દાખલ થાય તે વખતે એક હજાર રૂપિયાના બોન્ડ આપવામાં આવતા હતા. ત્યાર પછી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ થી આ યોજનાની અંદર ૨૦૦૦ રૂપિયા આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાથી ખૂબ મોટો લાભ થયો છે. જે તે વખતે આ યોજના શરૂ થઇ તે વખતે ૨૦૦૧ ના સેન્સેસ પ્રમાણે ૬૯.૯૭ નો સાક્ષરતાનો દર હતો. આ યોજના શરુ થયા પછી

૭૯.૩૧ ટકા જેટલો સાક્ષરતા દર વધ્યો છે અને એના ફાયદા જોઇએ તો આખા દેશમાં સાક્ષરતા દર વધ્યો છે એના કરતાં ગુજરાતમાં ૨ ટકા કન્યા કેળવણીમાં સાક્ષરતા દર વધ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ૨૮૨૭ બતાવી છે તો ખરેખર સન ૨૦૧૩–૧૪માં લક્ષ્યાંક કેટલો હતો, ઓછો થયો તો ઓછો થવાના કારણો શું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમાં કોઇ લક્ષ્યાંક નથી હોતો પરંતુ જે ગામમાં ૩૫ ટકા કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર હોય એ ગામોની દીકરીઓને આપવામાં આવે છે. એટલે કોઇ લક્ષ્યાંક હોતો નથી.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવા માટે વિદ્યાર્થીનીઓની કુલ સંખ્યા કેટલી હતી, તાલુકાવાર બોન્ડની સંખ્યા કેટલી, એમને નિયમિત ચૂકવણી થાય એના માટે કોઇ મોનિટરીંગ કરવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સન ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૨૮૨૭ની સંખ્યા છે. એમણે તાલુકાવાર માહિતી માગી છે તો મહેસાણા તાલુકામાં ૩૩૬, વિસનગર ૨૬૫, વિજાપુરમાં ૨૨૮, વડનગરમાં ૨૮૩, ખેરાલુમાં ૨૨૮, સતલાસણા ૪૬૫, કડીમાં ૫૦૩, ઉંઝામાં ૬૧ બેચરાજીમાં ૩૫૮ છે. અને મોનિટરીંગની વ્યવસ્થા ગોઠવાયેલી છે જ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મહેસાણા જિલ્લામાં ૨૮૨૭ દીકરીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે. આ બોન્ડ આપ્યા પછી કેટલા વર્ષમાં એ પાકે છે, માની લો કે બે હજાર રૂપિયા આપ્યા પછી એને પાકતી તારીખે કેટલા રૂપિયા મળે, આ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાના ધોરણો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિદ્યાલક્ષ્મી બોન્ડ એનું નામ છે. આ બોન્ડના ધોરણો જણાવું તો શહેરોમાં બી.પી.એલ. કુટુંબની દીકરીને અને ગામડાંની અંદર ૩૫ ટકા કરતાં ઓછો મહિલાઓનો સાક્ષરતા દર હોય એ ગામને આપવામાં આવે છે. જે દીકરી ધોરણ ૧ માં દાખલ થાય અને ૮ પૂર્ણ કરે એને આપવામાં આવે છે. એક હજાર રૂપિયા મળતા હતા ત્યારે ૧૭૩૪ રૂપિયા અને ૨૦૦૦ રૂપિયા શરૂ કર્યા પછી વ્યાજ પ્રમાણે ૩૮૯૩ રૂપિયા મળે છે.

**સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા**

* ૧૧૦૧૦ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૧૦૨૯ શાળાઓમાં. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે, | (૨) કન્યાઓ માટે ૨૨૦ અને કુમાર માટે ૬૮. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં આ શૌચાલયો બનાવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છુ કે સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓ આવેલી છે. તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્યા અને કુમારો માટેની શૌચાલયોની સુવિધાવાળી કેટલી શાળાઓ છે, અને તારીખ ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કન્યા અને કુમારો માટે કેટલા શૌચાલયો આવેલા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સુરત જિલ્લામાં શાળાઓની સંખ્યા તાલુકાવાઇઝ બતાવું તો

બારડોલી તાલુકામાં ૧૦૯, ચોર્યાસી તાલુકામાં ૧૦૩, કામરેજ તાલુકામાં ૭૧, મહુવામાં ૧૪૧, માંડવીમાં ૨૦૬, માંગરોળમાં ૧૨૫, ઓલપાડમાં ૧૨૨, પલસાણામાં ૪૬, ઉમરપાડામાં ૧૦૬ એમ કુલ ૧૦૨૯ શાળાઓ આવેલી છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે કુમાર અને ટોઇલેટની જરૂરિયાતવાળી શાળાઓ અને ટોઇલેટ ધરાવતી શાળાઓ અને એવી રીતે કન્યાઓની જરૂરિયાતવાળી શાળાઓ અને ટોઇલેટ ધરાવતી શાળાઓ. તમામ શાળાઓમાં ટોઇલેટની વ્યવસ્થા છે જ.

શ્રી હીરાભાઇ પટેલ :શાળાઓની અંદર શૌચાલયો બનાવવામાં આવે છે પરંતુ એ બનાવ્યા પછી ઘણી બધી શાળાઓમાં પાણીના અભાવે તાળા મારી દેવામાં આવે છે. સફાઇ કામના અભાવે પણ આ કામ કરવામાં આવે છે. તો સફાઇ કામ માટે કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ સુરત જિલ્લાનો જ પ્રશ્ન છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : એને લગતી જ વાત છે સાહેબ.

અધ્યક્ષશ્રી : સુરતમાં પાણીનો અભાવ છે કે કેમ**?**

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી**,** સુરત જિલ્લામાં પાણીની સ્થિતિ ખૂબ સારી છે એટલે પાણીના અભાવે કોઇ ટોયલેટ બંધ હોય એવી કોઇ ફરિયાદ મળેલી નથી અને રાજય સરકાર તરફથી સરકારી પ્રાથમિક શાળાઓમાં ટોયલેટની સફાઇ માટે શાળા દીઠ પ્રતિવર્ષ રૂ. ૪૮૦૦ની સહાય શાળા વ્યવસ્થાપન સમિતિને આપવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : હું જાણવા માગું છું કે સુરત જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુમાર અને કન્યાઓ માટે કુલ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો**?**

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સુરત જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં જે શૌચાલયો બનાવવામાં આવ્યા તેની વિગતોમાં ૨૦૦૯માં કન્યા અને બન્નેનો સરવાળો ભેગો કહું છું. ૧૦૬ શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં ૪૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૧૦-૧૧માં ૫૦ શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં ૨૯.૯૧ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૧૧-૧૨માં કુલ ૩૬૮ શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં ૧૭૫.૧૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૧૨-૧૩માં ૧૭૮ શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં ૨૨૩.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને ૨૦૧૩-૧૪માં ૧૧૦ શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં ૧૪૪.૯૩ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : બસ**,** બસ. આટલા વર્ષોની જરૂર નહીં**,** આ એક જ વર્ષનું પૂછ્યું છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી**,** હું જાણવા માગુ છું કે ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો**?**

અધ્યક્ષશ્રી : ૨૦૧૨-૧૩ નહીં**,** ૨૦૧૩-૧૪નું જ પૂછો. સવાલ ૨૦૧૩-૧૪નો હોય અને તમે છેક ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં જાવ છો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી**,** સુરત જિલ્લામાં શાળાઓમાં શૌચાલય બનાવવા માટે વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૮.૭૩ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી યોગેશ પટેલ : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું**,** તેમણે જવાબ આપ્યો કે ૧૦૨૯ શાળાઓ છે અને બધી શાળાઓમાં શૌચાલયો છે. પરંતુ બન્યા છે ૨૨૦ કન્યાઓ માટે અને વિદ્યાર્થીઓ માટે ૬૮ જ છે. કુલ સંખ્યા જ ૨૮૮ છે. તો મને લાગે છે કે ત્રણગણા શૌચાલયો ઓછા છે. મંત્રીશ્રી શું કહેવા માગે છે**?**

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય સભ્યશ્રીનો સવાલ હતો એ એક વર્ષમાં કેટલા બનાવ્યા તેનો હતો. જે બાકી હતા અને ધોરણો કરતા થોડાક ઓછા હતા ત્યાં બનાવવામાં આવ્યા છે. ધોરણો કરતા ઓછા હોય તેને ધોરણો પૂરતા કરવા માટે બનાવવામાં આવેલા હતા એટલે કોઇ શાળા અત્યારે એવી બાકી નથી કે જયાં શૌચાલયો ન હોય.

**દાહોદ જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

* ૧૦૯૮૮ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં દાહોદ જિલ્લાના વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૨૩૯. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ. ૪૦૯.૦૭ લાખ. |

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ડેરી ઉદ્યોગમાં ગુજરાત જયારે અગ્રેસર છે અને તેના માટે કામધેનુ યુનિવર્સિટી પણ બનાવવામાં આવી છે જેથી કરીને વિશ્વને ડેરી ઉદ્યોગના નિષ્ણાતો પ્રાપ્ત થાય. તો તેના માટે સંકલિત ડેરી વિકાસ યોજનાનો હેતુ શું છે અને આ યોજનાના અમલીકરણથી દાહોદ જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં બે વર્ષમાં કેટલો વધારો જોવા મળેલ છે**?**

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના આદિવાસી કુટુંબોને આર્થિક રીતે પગભર કરવાના હેતુથી અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલા કુટુંબોની વાર્ષિક આવક વધારો કરી પશુપાલનને પૂર્ણકાલિન રોજગારી તરીકે વિકસાવવાનો હેતુ છે. સંકલિત ડેરી વિકાસ યોજનાથી દાહોદ જિલ્લાના દૂધ ઉત્પાદનમાં છેલ્લા બે વર્ષમાં વર્ષ ૨૦૧૨–૧૩માં ૭.૬ લાખ લીટર અને ૨૦૧૩–૧૪માં ૪.૫૬ લાખ લીટર દૂધનો વધારો થયેલ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળા પશુ આપવામાં આવે છે અને બલ્ક મિલ્ક યોજનામાં કુલર આપવામાં આવે છે. જ્યાં ડેરી હોય, મિલ્ક કલેક્શન સેન્ટર હોય ત્યાં કેટલી જગ્યાએ કુલર આપવામાં આવેલ છે? બલ્ક મિલ્ક સેન્ટર હોય ત્યાં કેટલી જગ્યાએ કુલર મૂકવામાં આવેલ છે અને કેટલા દૂધાળા પશુ આપવામાં આવ્યા છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર દૂધાળા પશુ આપવાની યોજનાનો છે. આપે જે બલ્ક મિલ્કનો પ્રશ્ન પૂછ્યો તે અલગ છે. અહીંયાં માત્ર દૂધાળા પશુ આપવાની યોજનાની વાત છે. (અંતરાય) એની તાલુકાવાર માહિતી જોઇતી હોય તો એનો જવાબ મારી પાસે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દૂધાળા પશુ આપવની યોજના છે એ ઘણી સારી યોજના છે. પણ એની અંદર ગાય અને ભેંસ માટે વધુમાં વધુ રકમ નક્કી કરેલ છે એ રકમમાં અત્યારે ગાય કે ભેંસ સારું દૂધ આપતા મળતા નથી જેના કારણે લાભાર્થીઓને પૂરો લાભ મળતો નથી. તો સરકારે જે અપસેટ પ્રાઇઝ નક્કી કરેલ છે એ વધારવા માગે છે કે કેમ? છૂટા છવાયા વન બંધુ આદિવાસીઓ છે એમને ટ્રાયબલ અધિકારીઓ છે એ લાભ આપતા નથી. તો છૂટાછવાયા વન બંધુ આદિવાસીઓ છે એમને સરકારશ્રી લાભ આપવા માગે છે કે કેમ? એની સ્પષ્ટતા કરે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન છે કે યુનિટ કોસ્ટ છે એ ઓછી છે અને પશુઓની કિમત વધારે છે. આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ સાહેબ દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫માં જુની યુનિટ કોસ્ટ રૂ.૩૯૪૦૦/– હતી એમાં વધારો કરીને આ વખતે રૂ.૫૪૪૦૦/– યુનિટ કોસ્ટ કરવામાં આવેલ છે. લાભાર્થીને રૂ.૩૨૪૦૦/–ની સબસિડી આપવામાં આવશે અને આ લાભ ગુજરાતના તમામ બી.પી.એલ., એ.પી.એલ. આદિવાસીઓ અને છૂટાછવાયા આદિવાસી ખેડૂતોને આપવામાં આવશે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત દાહોદ જિલ્લામાં દૂધાળા પશુઓ આપવામાં આવે છે એમાં પાત્રતાના ધોરણો શું છે અને આ યોજના ઉપર બીજી કોઇ સહાય આપવામાં આવે છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થી

આદિવાસી હોવો જોઇએ. એ પછી બી.પી.એલ. હોય, એ.પી.એલ. હોય એ તમામ ખેડૂતોને એનો લાભ આપવામાં આવે છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં વનબંધુ ડેરી વિકાસ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે અને કેટલા પ્રકારની સહાય આપવામાં આવે છે? લાભાર્થી દીઠ કેટલી સહાય આપવામાં આવે છે અને એ વધારવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સહાય વધારવાની વાત કરી છે. તો સહાયમાં વધારો કર્યો છે. પહેલાં રૂ.૧૭૪૦૦/-ની સહાય હતી એ વધારીને રૂ.૩૨૪૦૦/- કરી છે. દાહોદ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૩૯૭ પશુઓ આપવામાં આવેલ છે અને એની પાછળ રૂ.૭૨.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને તેની પાછળ કેટલી ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં દાહોદ તાલુકામાં ૩૯૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને એમાં દેવગઢ બારીયામાં ૪૪ લાભાર્થી, દાનપુરમાં ૬૭ લાભાર્થી ફતેપુરા તાલુકામાં ૬૨૦ લાભાર્થીઓ, ગરબાડામાં ૩૦૬ લાભાર્થી, લીમખેડામાં ૨૯૪ લાભાર્થીઓ અને ઝાલોદમાં ૫૧૧ લાભાર્થીઓ આમ દાહોદ જિલ્લામાં ૨૨૩૯ પશુ આપવામાં આવેલ છે અને એનો ખર્ચ થયો છે ૪૦૯.૭ લાખ રૂપિયા.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે વનબંધુ કલ્યાણ યોજનામાં જે દાહોદ જિલ્લામાં ટ્રાયબલમાંથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને ડી.આર.ડી.આઇ.માંથી કેટલી ફાળવવામાં આવી એ મારે જાણવું છે. મારો બીજો પ્રશ્ન એ છે કે દાહોદ જિલ્લામાં આ યોજનામાંથી બહેનોને કેટલો લાભ મળ્યો છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં જે લાભ આપવામાં આવેલ છે, કુલ ૨૨૩૯ લાભાર્થીઓ એમાંથી સૌથી વધારે ૧૯૫૩ બહેનોને લાભ આપવામાં આવ્યો છે અને માત્ર ૨૮૬ ભાઇઓને લાભ આપવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

* ૧૦૯૪૬ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૬ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૯૩૮૮ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૮૭૪૩<br>ખાલી બેઠકો ૬૪૫ |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં જે ૧૬ ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજ આવેલી છે તે પૈકી સરકારી કેટલી, અનુદાનિત કેટલી અને સ્વનિર્ભર કેટલી? અને બીજો પ્રશ્ન મારો એ છે કે આ સરકારી અનુદાનિત તેમજ સ્વનિર્ભર કોલેજોમાં જનરલ કેટેગરી વિદ્યાર્થીઓના ફીના ધોરણ શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકાર એકદમ પારદર્શકતાથી ચાલી રહી છે. ગઇ ૧૧મી તારીખે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની તમામ સ્વનિર્ભર સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં ફીના ધોરણો પ્રાધ્યાપકોની લાયકાતો, બધી જ માહિતી પોર્ટલ ઉપર મૂકીને એનું ઉદ્‌ઘાટન કર્યુ છે

એટલે સમગ્ર વિગતો પોર્ટલ ઉપર છે છતાં પણ માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે પ્રવેશના ધોરણો શું છે અને કેટલી બેઠકો છે તો સરકારી કોલેજોમાં ૧૮૬૦ બેઠક છે. અનુદાનિત એક પણ નથી. સ્વનિર્ભરમાં ૭૫૨૮ અને કુલ ૯૩૮૮ બેઠકો અમદાવાદ જિલ્લાની ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજમાં આપવામાં આવેલી છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયમાં એન્જિનિયરીંગમાં બેઠકો ખાલી રહેવાના કારણો શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયનો સવાલ છે પરંતુ સામાન્યતઃ કોઇપણ જિલ્લામાં આ કોલેજો હોય ત્યારે એને ખાલી રહેવાના કારણો એ છે કે વિદ્યાર્થીઓને એનું સ્થળ દૂર પડતું હોય, સંસ્થાની જે શાખ હોય એમાં એડમિશન મળતું ના હોય, ફીનું ધોરણ એને ધ્યાનમાં લઇને લોકો પસંદગી કરતા હોય છે. ઇજનેરી શાખામાં મોટા ભાગે મીકેનીકલ અને સીવીલમાં જવા માગતા હોય છે. એટલા માટે જગ્યાઓ ખાલી રહેતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કુલ ૧૬ કોલેજો છે ૯૩૮૮ બેઠકો છે તો ૧૬ કોલેજોમાંથી સરકારી કોલેજોની અંદર ફીનું શું ધોરણ છે અને જે પ્રાયવેટ સ્વનિર્ભર કોલેજો છે ત્યાં ફીનું શું ધોરણ છે એ જાણવું છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ફીના ધોરણોમાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં ૧૫૦૦ રૂપિયાની ટયુશન ફી અને બાકીની ફી અલગ હોય છે. સ્વનિર્ભર કોલેજો છે એમાં ફીના ધોરણ અલગ અલગ છે. જે પ્રાયવેટ કોલેજો છે ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજ એમાં ફીનું ધોરણ નીરમામાં ૧ લાખ રૂપિયા, અમદાવાદ ઇન્સ્ટીટયૂશન ઓફ ટેકનોલોજીમાં ૫૨,૦૦૦ રૂપિયા, ઇન્ડસ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીમાં ૬૧,૦૦૦, હસમુખ ગોસ્વામી કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં ૫૦,૦૦૦, એલ.જે. ઇન્સ્ટીટયૂશન ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીમાં ૫૯,૦૦૦, નરનારાયણ શાસ્ત્રીમાં ૫૨,૦૦૦ સાલ ઇન્સ્ટિટ્યુટ ૫૬૦૦૦, સિલ્વર ઓફ કોલેજ ૫૭૦૦૦, સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યુટ ઓફ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ ૪૨૦૦૦, ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફેમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ૧ લાખ, અમીરાજ કોલેજ ૫૫૦૦૦, સાલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ૫૫૦૦૦, રાય યુનિર્વસિટી ૪૫૦૦૦, અને આઇ.આઇ.ટી.આર.એ.એમ., અમદાવાદમાં ૫૫૦૦૦ ના પ્રવેશના ધોરણો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, સરકારીનું તો કીધું. આ પ્રાઇવેટનું પણ કીધું.

શ્રી શૈલેષ મ. પરમાર : મેં કિલઅર પ્રશ્ન પૂછ્યો હતું, માનનીય મંત્રીશ્રીએ માહિતી આપી સ્વનિર્ભર કોલેજોની પણ સરકારી કોલેજમાં આપે કીધું કે ૧૫૦૦ રૂપિયા ફીનું ધોરણ, બાકીની પણ ફી લેવાય છે એના ધોરણો મારે જાણવા છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : બાકીની જે ફી છે એ લાયબ્રેરી, લેબોરેટરીની હોય છે એ પાછળથી આપી દઇશ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં અનામત માટેની શું જોગવાઇ છે? તેમજ આર્થિક રીતે અનામત કક્ષાના વિદ્યાર્થીઓ છે એના માટેની ફીના ધોરણો શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ માટે ૭%, અનુસૂચિત જનજાતિ માટે ૧૫%, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય એના માટે ૨૭%, શારીરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે 3% અને સૈના કાર્યરત તથા કાર્ય નિવૃત્તના સંતાનો માટે ૧% અનામતનું ધોરણ હોય છે. આર્થિક રીતે પછાતમાં ફીનું કોઇ અલગ ધોરણ નથી. પરંતુ એ.આઇ.સી.ટી. નવી દિલ્હીની યોજના અંતર્ગત માન્ય સંસ્થાઓ જે હોય એમાં ૫% બેઠકો ખાલી રાખવામાં આવે છે અને આ યોજના અંતર્ગત જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે એને ફ્રી પ્રવેશ આપવામાં આવે છે એટલે ટ્યુશન ફી હોય છે. અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે પણ ફીનું ધોરણ કોઇ નથી. એમાં પોસ્ટ મેટ્રિકનું કાર્ડ આપવામાં આવે છે અને આવા ઉમેદવારોને શિક્ષણ ફી જે હોય એ સ્કોલરશીપ પેટે મળે છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સ્વનિર્ભર કોલેજોમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે કોઇ પધ્ધતિ છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર કોલેજો હોય એના ફીના ધોરણોમાં નિયમિતતા જાળવી શકાય એટલા માટે નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ અન્વયે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ફી નિયમન સમિતિની રચના કરી છે અને આ ફી નિયમન સમિતિમાં નિવૃત્ત ન્યાયમૂર્તિ (અંતરાય)

અધ્યક્ષશ્રી : બસ, બસ. જગદીશભાઇ.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂછવા માગુ છું કે સ્વનિર્ભર કોલેજોના પ્રવેશના ધોરણો કયા કયા છે? અને તેમની કેટલી બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા, મેનેજમેન્ટ ક્વોટા દ્વારા અને એન.આર.આઇ. ક્વોટાની બેઠકો હોય છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશના ધોરણો ૭૫% એ પ્રવેશ સમિતિ મારફતે ભરવામાં આવે છે. ૨૫% મેનેજમેન્ટને આપવામાં આવે છે અને ૧૫% એ એન.આર.આઇ. ક્વોટામાં હોય છે અને એ સિવાય ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યુટેશન ઓફ ઇર્ન્ફમેશન ટેકનોલોજીમાં ૫૦% બેઠકો પ્રવેશ સમિતિ મારફતે અને ૫૦% એ.આઇ.ઇ.ઇ.ઇ. મારફતે ભરવામાં આવે છે. નિરમા યુનિર્વસિટીની ૫૦% બેઠકો એ પણ પ્રવેશ સમિતિથી ભરવામાં આવે છે. ૩૫% બેઠકો એ.આઇ.ઇ.ઇ.ઇ.થી ભરવામાં આવે છે અને ૧૫% એન.આર.આઇ. થી ભરવામાં આવે છે.

**અમદાવાદ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન માટેની અરજીઓ**

* ૧૧૫૫૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ વિભાજન માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ વિભાજનની નીચે મુજબની અરજીઓ આવેલ છે.

| **તાલુકાનું નામ** | **રેશનકાર્ડ વિભાજનની આવેલ અરજીઓ** |
|---|---|
| દેત્રોજ | ૨૧૧૫ |
| દસ્ક્રોઈ | ૩૪૦ |
| ધંધુકા | ૪૩૬ |
| ધોલેરા | ૦ |
| ધોળકા | ૦ |
| બાવળા | ૨૦૦૫ |
| માંડલ | ૨૪૫ |
| વિરમગામ | ૧ |
| સાણંદ | ૬૧૮ |
| **કુલ** | **૫૭૬૦** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા અને કેટલા રેશનકાર્ડ વિભાજન કરવાના બાકી છે, અને

**જવાબ**

(૨) તે પૈકી તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ નીચે મુજબના રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા અને બાકીમાં છે.

| **તાલુકાનું નામ** | **વિભાજન કરેલ રેશનકાર્ડ** | **વિભાજન બાકી રેશનકાર્ડ** |
|---|---|---|
| દેત્રોજ | ૧૯૪૦ | ૧ |
| દસ્ક્રોઈ | ૨૭૯ | ૩ |
| ધંધુકા | ૩૨૯ | ૨ |
| ધોલેરા | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| ધોળકા | ૦ | ૦ |
| બાવળા | ૧૯૫૦ | ૨ |
| માંડલ | ૧૯૬ | ૦ |
| વિરમગામ | ૦ | ૦ |
| સાણંદ | ૩૧૯ | ૧૨૨ |
| **કુલ** | **૫૦૧૩** | **૧૩૦** |

(૩) બાકી હોય તો તેના કારણો શાં છે અને કયાં સુધીમાં રેશનકાર્ડ વિભાજન કરવામાં આવશે ?

(૩) રેશનકાર્ડ વિભાજનની અરજીની ચકાસણી માટે અને ખૂટતા આધાર–પુરાવાઓને કારણે અરજી પડતર રહેલ છે. ચકાસણી પૂર્ણ થયે તથા અરજદાર તરફથી ખૂટતા આધાર–પુરાવાની પૂર્તતા થયેથી કાર્ડધારકના ફિંગરપ્રિન્ટ અને ફોટા મેળવીને બનતી ત્વરાએ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એ જાણવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડની જે માહિતી માગી હતી તેમાં ખરેખર દરેક તાલુકામાં રેશનકાર્ડ આપવામાં તો આવ્યા પણ એમાં સાણંદ તાલુકામાં ૬૧૮ હતા એમાંથી ૩૦૦ આપ્યા એટલે ૫૦% રેશનકાર્ડની અરજીઓ રદ કરી તો આ કયા કારણોસર અરજીઓ રદ કરી? અને એ અરજીઓ રદ કરવામાં ખરેખર બીજા તાલુકાઓમાં ઓછી થઇ છે તો સાણંદ તાલુકામાં વધારે રદ થઇ તો એમાં મને એવું લાગે છે કે •(xxxxxx) જેવું કાંઇ હોય તો ખરેખર (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દ (xxxxxx) રદ કરું છું. તમે ડાયરેકટલી તમારા તાલુકાનો સવાલ કરો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : કહું છું કે ૬૧૮ અરજીઓમાંથી કયા કારણોસર ૫૦% અરજીઓ રદ કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : બસ. તમે બાકીના એમને પ્રશ્ન પૂછવા ઘો. ભાઇ, આટલી બધી અરજીઓ તમે રિજેક્ટ કરો છો, એના કારણો શું હોય છે ? એકમાં બે હજાર, એકમાં એકવીસ સો અને એના તાલુકામાં છસો છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) અને સાહેબ એમને ખબર છે કે, આ અરજીઓ આવવાનું કામ સતત રહેતું હોય છે. કોઇ એક દિવસે અરજીઓ આવતી નથી, રોજેરોજ આવતી અરજીઓ છે અને એમના સાણંદ તાલુકામાં (અંતરાય)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય આમાં. પ્રશ્નોત્તરીમાં ન હોય, તમે બેસો. એ એનો જવાબ કહેશે એ. જવાબ રહી જશે તો હું બીજીવાર ચાન્સ આપીશ. (અંતરાય ) (xxxxxx) એવા શબ્દો કોઇએ ન બોલવા અને આ રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સાણંદ તાલુકામાં ૬૧૮ અરજીઓ આવી છે, એમાંથી ૩૧૯ મંજૂર કરવામાં આવી છે, ૧૭૭ રદ કરવામાં આવી છે અને ૧૨૨ અરજીઓ જે બાકી હતી એ આજની તારીખે ૧૨૨–૧૨૨ અરજીઓનો નિકાલ પણ કરવામાં આવ્યો છે. એ પચાસ ટકા ઉપર બાકી છે અને ભ્રષ્ટાચાર કર્યો છે એવી જે એમની વાત છે તો સાહેબ, આખા દેશની અંદર આ બાર કોડેડ રેશન કાર્ડની સિસ્ટમ માત્ર ગુજરાતમાં છે, રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે અને આવી કોઇ ગેરરીતિ થઇ નથી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે આ બાર કોડેડ રેશન કાર્ડ આપવામાં આવે છે એ એકદમ હલકી ક્વોલિટીના અને બિલકુલ, એક–બે વખત આઘા પાછા કરે એટલે એ ફાટી જાય એવી પરિસ્થિતિવાળા એના કાગળો હોય છે. બીજું કોઇ પણ અરજદાર જાય આ રેશન કાર્ડ માટે તો જે ફિંગર પ્રિન્ટ લેવામાં આવે છે એ ફિંગર પ્રિન્ટ માટે એક વખત જાય એટલે કહે કે, મશીન બંધ છે, બીજી વખત જાય તો કહે કે, ઇ–ધરા ઓપરેટર નથી, ત્રીજી વખત જાય તો (અંતરાય) એટલે અરજદારોને જે આ મુશ્કેલીઓ પડે છે એ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મુશ્કેલીઓ દૂર કરવા માગે છે કે કેમ ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર દ્વારા જે બાયોમેટ્રિક પદ્ધતિ કરવામાં આવી છે. સાહેબ, આ બાયોમેટ્રિક પદ્ધતિમાં જે મુશ્કેલીઓ પડે છે એના માટે રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે, પંદર વર્ષથી કોઇ પણ કુટુંબનો સભ્ય હોય એ તમામના અમે અંગુઠાની છાપ લઇએ છીએ, એ ફિંગર પ્રિન્ટ લઇએ છીએ એના કારણે મુશ્કેલીઓ પડતી હતી કે, વૃદ્ધ માણસ ના આવે તો હવે એ મુશ્કેલીને દૂર કરવામાં આવી છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીને હુ આપના માધ્યમથી પૂછવા માગુ છું કે, જે કાર્ડ વિભાજન થાય છે, એ કાર્ડ બી.પી.એલ.કાર્ડ હોય અને વિભાજન થયા પછી જો એ.પી.એલ. થતા હોય તો એને બી.પી.એલ. કરવા માગે છે કે કેમ ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધયક્ષશ્રી, સભ્યશ્રીની જે લાગણી છે, સાહેબ આમાં રેશન કાર્ડનું જ્યારે ફોર્મ ભરવામાં આવે છે ત્યારે કુટુંબની જુદી જુદી વિગતો એમાં લેવામાં આવે છે. એ કઇ કેટેગરીનો છે એ મામલતદાર કક્ષાએ અને ઝોન અધિકારી કક્ષાએ એનું નક્કી થતું હોય છે. આમાં એવું નથી હોતું કે, બી.પી.એલ. કાર્ડ હોય એને એ.પી.એલ. જ કરી દઇએ છીએ. બી.પી.એલ. કાર્ડ હોય અને એની પાત્રતામાં આવતું હોય તો આપણે એને બી.પી.એલ. જ આપીએ છીએ પણ બી.પી.એલ. કાર્ડ પાત્રતામાં ન આવતું હોય, ધારો કે, એની કુટુંબની આવક ગ્રામ્ય કક્ષાએ ૩૨૪ રૂપિયા જે નક્કી કરવામાં આવી છે અને શહેરી કક્ષાએ ૫૦૧ નક્કી કરવામાં આવ્યું છે, આ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે, આ ધારાધોરણોમાં આવતા હોય તો આપણે એને બી.પી.એલ. કાર્ડ આપીએ છીએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જ્યારે આ પુરવઠાનો સવાલ છે ત્યારે બારકોડેડ લાવીને સરકારે ખૂબ સુંદર કામગીરી કરી છે એના અનુસંધાને રેશન કાર્ડ વિભાગની પ્રક્રિયામાં મૂળ કાર્ડ હોય એને પાછળથી એનું કાર્ડ બદલાઇ જાય છે અથવા તો એનું જે ફોર્મ આવે છે એ કયા પ્રકારનું હોય છે ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મૂળ કાર્ડ હોય, તે મૂળ કાર્ડ આપણે બદલતા નથી પહેલાં તો. બી.પી.એલ. હોય તો બી.પી.એલ. જ આપીએ છીએ, એ.પી.એલ. હોય તો એ.પી.એલ. આપીએ છીએ. એમનો પ્રશ્ન એવો છે કે, બી.પી.એલ. કાર્ડ આપે પણ જ્યારે એ અલગ કરવા માગતા હોય ત્યારે ઘણીવાર એ એ.પી.એલ. થઇ જાય એવી પણ ફરિયાદ મળતી હોય છે. સાહેબ, આવું કોઇ હોય તો અમે ફરીથી ફોર્મ –૬માં સુધારાનું ફોર્મ બહાર પાડેલું છે, એ ભરીને આપે તો એમનને ફરીથી એવી ભૂલ સુધારીને પણ અમે આપીએ છીએ. અને એમનો જે બીજો પ્રશ્ન છે કે, આવા રેશન કાર્ડ માટે ભૂલ ન થાય એના માટે શું કરવામાં આવે છે ? તો સાહેબ, એ ભૂલ ન થાય એના માટે પહેલી જ ફોર્મમાં એના બધા નિયમો નક્કી કર્યા છે. એની આવક મર્યાદા એ બધું પ્રિસ્ક્રાઇબમાં ફુલ પ્રુફ આપે છે તો એ પ્રમાણેના રેશન કાર્ડ અમે આપીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે બી.પી.એલ. કાર્ડ જે ધરાવે છે અને અલગ કરે પછી એ.પી.એલ. આપવામાં આવે છે એને બી.પી.એલ. પાત્રતા ધરાવતા હોય તો આપવામાં આવે છે. એ હકકીત સાચી નથી.

અધ્યક્ષશ્રી : તમે સવાલ જ પૂછો. એ હકીકત સાચી છે કે નથી એવું નિરૂપણ કરશો નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પિતાનું બી.પી.એલ. યાદીમાં નામ હોય અને દીકરો અલગ થાય અને રેશન કાર્ડ અલગ કરાવે તો એને એ.પી.એલ. આપવામાં આવે છે. પાત્રતા ધરાવતા હોવાછતાં પણ એને એ.પી.એલ. આપવામાં આવે છે તો જે પિતા બી.પી.એલ. પાત્રતા ધરાવે અને દીકરો અલગ કાર્ડ ધરાવે એને એ.પી.એલ. આપવાને બદલે બી.પી.એલ. આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પુંજાભાઇને મારે જણાવવાનું છે કે કોઇપણ દીકરો બાપથી અલગ થતો હોય તો સાહેબ, મેં પહેલા પણ કીધું કે પહેલા મૂળ મેળવ્યું હોય ત્યારે બી.પી.એલ. હોય પણ પાછળથી કોઇ નોકરી મેળવી હોય, કોઇ ધંધો કરતો હોય તો એમની આવક વધી ગઇ

હોય તો એવા સંજોગોમાં આપણે એ.પી.એલ. કરીએ છીએ. છતાંય પુંજાભાઇને એવું લાગ્યું કે આ બી.પી.એલ. પાત્રતા ધરાવતા હતા અને એ કેટેગરીમાં આવે છે અને એવા કોઇ એમના ધ્યાનમાં હોય તો મારા ધ્યાન ઉપર મુકે અને આજે પણ એ સુધારા માટેની સૂચના અમારા વિભાગને આપી છે.

**પાલનપુર તાલુકાના જંગલ વિસ્તારમાં પૂર સંરક્ષણ દિવાલ અંગે**

* ૧૧૯૫૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પેડાગડા પંચાયતમાં આવતા અમરપુરા ગામના ખેડૂતોની જમીન નજીકના રક્ષિત જંગલ વિસ્તારનું પાણી પુર રૂપે આવવાથી મોટા પાયે જમીનનું ધોવાણ થઈ રહ્યું છે તે હકીકત થી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) અને (૨) ખેડૂતોની જમીનમાં કુદરતી રીતે ભૌગોલીક કારણોસર થતા ધોવાણ અટકાવવાની કોઈ યોજના હાલ વન વિભાગમાં અમલમાં નથી. |
| (૨) જો હા, તો જંગલ વિસ્તારમાં પૂર સંરક્ષણ દિવાલ ઊભી કરી ખેડૂતોની જમીનમાં ધોવાણથી થતું નુકસાન અટકાવવા સરકારે શું આયોજન કર્યું છે, અને | |
| (૩) તે સમસ્યાના ઉકેલ માટે આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વેળાગરા ગ્રામ પંચાયતના પેરા પરા અમરાપુરાની અંદર ખેડૂતોની જમીનનું ધોવાણ થાય છે. ઘણા સમયથી માનનીય મુખ્યમંત્રીશ્રી ફરિયાદ નિવારણમાં પણ ફરિયાદ કરેલ છે. કલેકટરમાં પણ રજૂઆત કરેલ છે તો વન વિભાગે આ કામગીરી કરતા સબંધિત વિભાગ સમક્ષ ધોવાણ થતું અટકાવવા માટેની કાર્યવાહી કરવા કોઇ દરખાસ્ત કે રજૂઆત કરેલ છે કે કેમ? અને જો ના કરી હોય તો સબંધિત વિભાગમાં રજૂઆત કરી આ ધોવાણ અટકાવવાની કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિસ્તારમાંથી પાણી બહાર આવે છે એ અભ્યારણ્ય વિસ્તાર છે અને વર્ષો જુનું કુદરતી કોતર છે અને અભ્યારણ્ય વિસ્તારમાં નામદાર સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ જ આપણે કામ કરી શકીએ છીએ અને આવી પ્રોટેકશન વોલ બનાવવા માટે વન વિભાગમાં કોઇ જોગવાઇઓ પણ નથી, છતાં પણ ખેડૂતોનો જયારે પ્રશ્ન છે ત્યારે માનનીય ધારાસભ્યશ્રીએ અમારા વન વિભાગના અધિકારીશ્રી અને કલેકટરશ્રીને જે રજૂઆત કરી છે એ ધ્યાને લેતાં આવનારા દિવસોમાં લગભગ બે જગ્યાએ આ પાળો બનાવવી પડે એમ છે પરંતુ અભ્યારણ્યને લગતી કાયદાકીય જોગવાઇઓ ઉપરાંત સુપ્રીમ કોર્ટ તરફથી આવી બાબતમાં આપવામાં આવેલ માર્ગદર્શનને અનુકૂળ અમે સમગ્ર પાસાઓને તપાસીને એનો નિર્ણય કરીશું. અભ્યારણ્ય વિસ્તાર છે એટલા માટે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કોઇપણ ખાતાના કોઇપણ કામને કારણે કોઇપણ વ્યકિતને અસર થતી હોય તો જે તે ખાતાએ એ અસરગ્રસ્તને મદદ કરવી જોઇએ આવો રાઇટ ઓફ રિપેરીયનનો નિયમ છે અને આ નિયમ અંતર્ગત જંગલ ખાતાએ ખેડૂતોની જે જમીનું ધોવાણ જંગલ ખાતાના વનના હિસાબે થાય છે એમાંથી જે પાણી આવે છે એના કારણે ત્યારે જંગલ ખાતાએ કોઇ ચોકકસ યોજના હાથ ધરી અને માનનીય સભ્યશ્રીએ જે માગણી કરી એ મુજબ ખેડૂતોની જમીનનું ધોવાણ અટકાવવા માટેની કોઇ યોજના કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જો દિવાલ ન બનાવી શકાય તો પાણીનો સંગ્રહ થાય એ રીતે જંગલ ખાતામાં ચેકડેમ બનાવવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન આપને પૂછવા માગું છું કે વર્ષોવર્ષ લાખો કરોડો રોપાઓ રોપવામાં વન વિભાગ પૈસા ખર્ચે છે. અમારે ત્યાં બનાસકાંઠા જિલ્લામાં એક પ્રાઈવેટ ખેડૂતે ૩૦૦ રોપા ચંદનની ખેતી કરી છે તો સરકાર રોપાઓમાં ખર્ચો કરે છે તો કોઇ ખેડૂતને

પ્રોત્સાહિત કરી.ઇમારતી લાકડા કે ચંદનની ખેતી માટે પ્રાઇવેટ કંપનીઓને ખર્ચો કરી ખેડૂતો ચંદનની ખેતી કરે છે. તો વન વિભાગ આમાં રસ લઇ ખેડૂતોને પ્રોત્સાહિત કરી આગળ વધવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ યોજના અલગ છે. ખેડૂતોને પ્રોત્સાહિત કરીએ છીએ. એના માટેની યોજના અલગ છે.

**અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૦૯૩૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે, | (૧) ૧૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) ૫ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે ? | (૩) એક પણ અરજી ના મંજૂર થયેલ નથી. |

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં આ વિદ્યાદીપ યોજના દ્વારા ૧૬ અરજીઓ આવેલ છે, એમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વીમા કવચના એક વિદ્યાર્થી દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવે છે અને પ્રિમિયમ કોના દ્વારા અને કઇ સંસ્થા દ્વારા ચૂકવવામાં આવે છે? કાયમી અપંગતા થાય તો તેમાં શું ચૂકવવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટેની આ યોજના છે. એમાં વિદ્યાર્થીને તા. ૧૫–૩–૨૦૦૦ ના ઠરાવની જોગવાઇ અન્વયે વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૫,૦૦૦ ની રકમનું વીમા કવચ પૂરું પાડવામાં આવતું હતું. ત્યારબાદ સરકારશ્રીના તા. ૧–૪–૨૦૧૩ ના ઠરાવથી રૂપિયા ૫૦,૦૦૦ ના રકમનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે, એટલે આ વીમા કવચની રકમ ડબલ કરવામાં આવી છે. એમનો જે બીજો પ્રશ્ન હતો કે વિદ્યાર્થીઓને વીમા કવચ પ્રિમિયમનું ચુકવણું રાજય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા વીમા નિયામકની કચેરી ગુજરાત રાજય ગાંધીનગરને કરવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન જે વળતરના ધોરણો છે. વિદ્યાદીપ યોજના અંતર્ગત વિદ્યાર્થી જો અકસ્માતમાં મૃત્યુ પામે અગર તો કાયમી અપંગતા પામે તો વીમા કવચના ૧૦૦ ટકા અને અકસ્માતના કારણે કોઇ એક અંગ ગુમાવવામાં આવે તો ૫૦ ટકા વળતર આપવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વીમા રક્ષણ આપવા માટેની કઇ યોજના અમલમાં છે. હાલમાં યોજનાને કઇ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજનાનો અમલ કયા વર્ષથી કરવામાં આવેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વીમા રક્ષણ આપવા બાબતની વિદ્યાદીપ યોજના હાલમાં અમલમાં છે. હાલમાં આ યોજનાને ગુજરાત સામૂહિક જુથ જનતા અકસ્માત યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજનાનો અમલ તા. ૧૫–૩–૨૦૦૨ ના ઠરાવથી કરવામાં આવેલ છે.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ વિદ્યાદીપ યોજનાના અમલ માટે નોડલ ઓફિસરની કામગીરી કોણ કરે છે? મંજૂર થયેલ વીમા રકમ કોના દ્વારા ચૂકવવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : વિદ્યાદીપ યોજનાના અમલ માટે નોડલ ઓફિસર તરીકેની કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કરે છે. મંજૂર થયે વીમા રકમ વારસદારોની અરજી મંજૂર થયેથી વીમા નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા ચૂકવવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જિલ્લા

શિક્ષણ પ્રાથમિક અધિકારી દ્વારા વીમા કંપનીને દરખાસ્ત પહોંચી ગયા પછી વીમા કંપની તરફથી કેટલા સમયની અંદર આ મંજૂર કરવાની હોય છે? કેટલા સમયમાં આનો નિકાલ કરવાનો હોય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખી યોજનાની અંદર અરજી કર્યા પછી સમય મર્યાદાના કોઇ ધોરણો નિયત કરવામાં આવેલ નથી, પરંતુ જે અરજીની સાથે જે પૂર્તતા કરવાની હોય તે પૂર્તતા થાય તરત જ વીમા કંપની આ ચુકવણું કરે છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યાદીપ યોજના અંતર્ગત વર્ષમાં કેટલી રકમનું સરકાર પ્રિમિયમ ભરે છે. જે પ્રિમિયમ ભરે છે, એટલી જ રકમ સાથે સાથે વિદ્યાદીપ યોજના અંતર્ગત લાભાર્થીને કેટલી રકમ પરત આપીએ છીએ?

અધ્યક્ષશ્રી : પ્રિમીયમની રકમ અને વીમામાં મળેલી રકમ કહી દો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પ્રાથમિક શાળાના તમામ બાળકોને વીમામાં કવર કરે છે. દરવર્ષે અઢી કરોડ રૂપિયા વીમાના પ્રિમીયમ તરીકે ચૂકવવામાં આવે છે. અકસ્માતે મૃત્યુ થાય અગર તો અપંગ થાય તેમાં જે વળતરની રકમ આવે તે વળતરની રકમની વિગત અમારી પાસે નથી. જેટલા કેસો આવે તે પ્રમાણે પાત્રતા પ્રમાણે વળતર ચૂકવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે જયારે પ્રાથમિક શાળામાં બાળકો ૧ થી ૮ માં અભ્યાસ કરતા હોય તથા આઠમું ધોરણ પાસ થયા પછી તેમનું પરિણામ આવી જાય અને ધોરણ-૯માં પ્રવેશ ન મેળવ્યો હોય તે દરમ્યાન વેકેશનમાં આવા કોઇ બાળકનું અકસ્માતે મૃત્યુ થાય તો તેવા બાળકોને કોઇ લાભ આપવા માગો છો કે કેમ**?**

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાની અંદર જેનું નામાંકન હોય તેવા જ બાળકોને આમાં રક્ષણ મળે છે. જયારે તેનું નામાંકન રદ થાય એટલે તે શાળાનો વિદ્યાર્થી નહીં રહેતો હોવાથી ત્યારપછી આને અકસ્માત થાય તો તેને વીમાનું કવચ મળતું નથી.

**ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

* ૧૦૯૪૭ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૩૭૩ |
| (૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૭,૪૬,૦૦૦/- |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૩-૧૪માં વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવનારની કુલ સંખ્યા કેટલી છે અને ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં તાલુકાવાઇઝ આપેલ બોન્ડની સંખ્યા કેટલી છે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪માં ૩૭૩ વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવનાર દીકરીઓની સંખ્યા છે. ગાંધીનગરમાં ૨૨, કલોલમાં ૧૮૯, માણસામાં ૮૧ અને દહેગામમાં ૮૧ છે.

**છોટાઉદેપુર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટેની અરજીઓ**

* ૧૦૫૭૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. અને અંત્યોદય યોજના અન્વયે બારકોડેડ રેશનકાર્ડ મેળવવા છેલ્લા બે વર્ષમાં કેટલા અરજદારોએ અરજી કરી, | (૧) અરજદારોએ રેશનકાર્ડ મેળવવા માટે કેટેગરીવાર અલગ અરજી કરવાની રહેતી નથી પરંતુ રેશનકાર્ડ મેળવવાની અરજીનું નિયત ફોર્મ ભર્યેથી, અરજીની વિગતો ચકાસીને મળવાપાત્ર કેટેગરીનું રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. તે મુજબ તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા નીચે મુજબની અરજીઓ મળેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ક્વાંટ | ૭૪૦૭ |
| ૨ | છોટાઉદેપુર | ૬૧૫૪ |
| ૩ | જેતપુર | ૪૪૬૩ |
| ૪ | નસવાડી | ૨૧૧૩ |
| ૫ | બોડેલી | ૦ |
| ૬ | સંખેડા | ૨૯૮૨ |
| | **કુલ :-** | **૨૩૧૧૯** |

(૨) તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી બારકોડેડ રેશનકાર્ડ અપાયા,

(૨) તાલુકાવાર અરજીઓ મંજુર કરી આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ** |
|---|---|---|
| ૧ | ક્વાંટ | ૬૧૩૬ |
| ૨ | છોટાઉદેપુર | ૫૮૦૦ |
| ૩ | જેતપુર | ૩૯૦૧ |
| ૪ | નસવાડી | ૧૮૧૨ |
| ૫ | બોડેલી | ૦ |
| ૬ | સંખેડા | ૨૬૦૮ |
| | **કુલ :-** | **૨૦૨૫૭** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) તાલુકાવાર પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીઓ** |
|---|---|---|
| ૧ | ક્વાંટ | ૪ |
| ૨ | છોટાઉદેપુર | ૫૬ |
| ૩ | જેતપુર | ૫ |
| ૪ | નસવાડી | ૭ |
| ૫ | બોડેલી | ૦ |
| ૬ | સંખેડા | ૧૧ |
| | **કુલ :-** | **૮૩** |

(૪) કેટલી અરજી કયા કારણોસર નામંજૂર થઈ ?

(૪) તાલુકાવાર નામંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નામંજૂર કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ક્વાંટ | ૧૨૬૭ |
| ૨ | છોટાઉદેપુર | ૨૯૮ |
| ૩ | જેતપુર | ૫૫૭ |
| ૪ | નસવાડી | ૨૯૪ |

| | | |
|---|---|---|
| ૫ | બોડેલી | ૦ |
| ૬ | સંખેડા | ૩૬૩ |
| | **કુલ :–** | **૨૭૭૯** |

નીચે મુજબનાં કારણોસર અરજીઓ નામંજુર કરવામાં આવી.

– અરજીમાં અપૂરતી વિગતો

– જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં ન આવ્યા હોય

– રેશનકાર્ડ ધારકના ફીંગરપ્રિન્ટ અને ફોટા આપવા આવ્યા ન હોવાને કારણે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અંત્યોદય યોજના અને બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે ૨૩૧૧૯ અરજીઓ છ તાલુકામાંથી આવી. તે પૈકી ૮૩ જેટલી અરજીઓ પડતર છે. તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે. ૨૭૭૯ અરજીઓ અપૂરતી વિગતો, જરૂરી આધાર પુરાવા પૂરા પાડવામાં આવ્યા ન હોવાથી તથા ફીંગર પ્રિન્ટ અને ફોટા પાડવામાં આવ્યા ન હોવાથી નામંજૂર થઇ છે તો આ બધા પુરાવા આપ્યા પછી આ ૨૭૭૯ અરજીઓ મંજૂર કરવામાં આવશે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ૮૩ અરજીઓ પડતર છે તેમ કહેલ છે તો તેમાં કોઇને કોઇ પુરાવા પૂરા પાડવામાં આવ્યા નથી તેના કારણે પડતર છે. આ અરજીઓ પડતર છે એટલે એવું નથી કે આપણે તેને રદ કરીએ છીએ. તેઓ પુરાવાની પૂર્તતા કરી આપે તો આપણે તે અરજીઓ મંજૂર કરીએ છીએ. બીજો પ્રશ્ન છે કે ૭૩૩ જેટલી અરજીઓ પેન્ડીંગ છે તેમાં બારકોડેડના કારણે પેન્ડીંગ છે તેવું કહેવામાં આવે છે. એવા બારકોડેડના કારણે પેન્ડીંગ હશે અને મોટા જથ્થામાં હશે તો તાલુકા મથકેથી જે તે ગામોમાં મોકલીને ફરીથી બારકોડેડ કરવાની જરૂર પડશે તો બારકોડેડ લઇને કરવામાં આવશે અને છૂટાછવાયા અને ઓછી સંખ્યા હશે તો તાલુકા કક્ષાએ મામલતદાર કચેરીએ જશે તો ત્યાં પણ તેના બારકોડેડ ફીંગર પ્રિન્ટ લેવામાં આવશે. ત્યાંથી પૂર્તતા કરીને ઝડપથી તેનો નિકાલ થાય તેવું કરવામાં આવશે.

શ્રી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બોડેલી તાલુકામાં ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બારકોડેડ રેશનકાર્ડ મેળવવાની એકપણ અરજી ન હોવાના કારણો શું છે અને બોડેલી તાલુકામાં કેટલા સસ્તા અનાજની દુકાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે**?** કયા કયા તાલુકામાંથી સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે બોડેલી તાલુકામાં એકપણ અરજી આવી નથી. આ બોડેલી તાલુકો જુન–૨૦૧૪માં નવો શરૂ થયો છે. એટલા માટે ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ જે વિગતો માગી છે એટલા માટે કોઇ અરજી આવેલ નથી. તાલુકાવાર વિગત જોઇએ તો..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

* ૧૦૯૪૮**શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૬૯૩૬. |

(૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ?

(૨) રૂ. ૧,૩૮,૭૨,૦૦૦/—

**ભાવનગર અને તળાજા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

* ૧૦૯૭૫ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ભાવનગર અને તળાજા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ભાવનગર જિલ્લાના ભાવનગર અને તળાજા તાલુકામાં અનુક્રમે ૦.૫૩ લાખ અને ૦.૬૦ લાખ મળી કૂલ ૧.૧૩ લાખ રોપાનું વાવેતર કરેલ છે.

(૨) કૂલ રૂ. ૪૩.૫૮ લાખ.

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સસ્તા અનાજના વિતરણમાં ગેરરીતિઓ**

* ૧૧૧૧૯ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજના વિતરણમાં ગેરરીતિઓ કે હલકી ગુણવત્તાનો જથ્થો મળતો હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરીયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજના વિતરણમાં ગેરરીતિઓ અંગે મળેલ ફરિયાદોની તાલુકાવાર વર્ષવાર વિગતો દર્શાવાતું **પત્રક** સામેલ છે. હલકી ગુણવત્તાનો જથ્થો મળતો હોવા અંગેની કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) મળેલ ફરિયાદો અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી :

(અ) જૂનાગઢ જિલ્લામાં મળેલ કુલ ૪૦ ફરિયાદો અન્વયે કરાયેલ તપાસોમાં જણાયેલ ક્ષતિઓ પરત્વે નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

I . રૂ◌ા. ૭૬,૨૯૨/–ની કિંમતનો જથ્થો કબજે કર્યો.

I . રૂ◌ા. ૭૬,૨૯૨/– ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

I . રૂ◌ા. ૭૫,૦૦૦/–ની પરવાના અનામત રાજ્યસાત કરી.

V . ૧૧ પરવાના રદ કર્યા.

V . ૭ કોર્ટ કેસ કર્યા.

/I . ૪ પી.બી.એમ. કેસ કર્યા.

(બ) ગીર સોમનાથ જિલ્લામાં મળેલ કુલ ૧૫ ફરિયાદો પૈકી ૮ ફરિયાદો અન્વયે કરાયેલ તપાસોમાં જણાયેલ ક્ષતિઓ પરત્વે નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

I . રૂ◌ા. ૧,૧૭૫/–ની કિંમતનો જથ્થો કબજે કર્યો.

I . રૂ◌ા. ૧,૧૭૫/–ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

I . રૂ◌ા. ૬,૧૫૦/–ની પરવાના અનામત રાજ્યસાત કરી.

V . રૂા. ૩,૩૫૭/–નો દંડ કર્યો.

**પત્રક**

**(અ) જુનાગઢ જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | પ્રથમ વર્ષ તા. ૧/૬/૧૧ થી તા. ૩૧/૫/૧૨ | બીજું વર્ષ તા. ૧/૬/૧૨ થી તા. ૩૧/૫/૧૩ | ત્રીજું વર્ષ તા. ૧/૬/૧૩ થી તા. ૩૧/૫/૧૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૫ | ૦ | ૧ | ૬ |
| ૨ | વંથલી | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | માણાવદર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૪ | વિસાવદર | ૦ | ૨ | ૦ | ૨ |
| ૫ | ભેસાણ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૬ | મેંદરડા | ૦ | ૭ | ૨ | ૯ |
| ૭ | માળીયા | ૧ | ૫ | ૪ | ૧૦ |
| ૮ | કેશોદ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૯ | માંગરોળ | ૧ | ૧ | ૧ | ૩ |
| | **કુલ** | **૧૦** | **૧૮** | **૧૨** | **૪૦** |

**(બ) ગીર સોમનાથ જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | પ્રથમ વર્ષ તા. ૧/૬/૧૧ થી તા. ૩૧/૫/૧૨ | બીજું વર્ષ તા. ૧/૬/૧૨ થી તા. ૩૧/૫/૧૩ | ત્રીજું વર્ષ તા. ૧/૬/૧૩ થી તા. ૩૧/૫/૧૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉના | ૧ | ૩ | ૧ | ૫ |
| ૨ | કોડીનાર | ૦ | ૨ | ૩ | ૫ |
| ૩ | વેરાવળ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૪ | સુત્રાપાડા | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | તાલાલા | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૧** | **૮** | **૬** | **૧૫** |

---------

### વાંસદા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૧૦૯૭૬ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાંસદા તાલુકામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૨૨૫૦ હેક્ટર અને ૧૦૪૦ હેક્ટર મળી કુલ ૩૨૯૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કૂલ રૂા. ૬૫૬.૫૭ લાખ. |

---------

### અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

* ૧૦૯૫૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, | (૧) ૧૭૧૫. |

અને

(૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૩૪,૩૦,૦૦૦/-

---------

## અમદાવાદ જિલ્લામાં જ્ઞાન પ્રજ્ઞા કાર્યક્રમ દ્વારા બાળકોને શિક્ષણ

* ૧૧૦૨૦ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અન્વયેના પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન-પ્રજ્ઞા કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી શાળાઓમાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે, | (૧) ૩૪૧. |
| (૨) તે હેઠળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું, અને | (૨) ૪૭૦૨૮. |
| (૩) તે હેઠળ ઉકત સ્થિતિએ કેટલા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો ? | (૩) ધોરણ-૧-૨ અને ધોરણ ૩-૪નો સમાવેશ કરવામાં આવ્યો. |

---------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં કેરોસીનનો કાળા બજાર અટકાવવા અંગે

* ૧૧૩૦૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ થતા કેરોસીનનો પુરવઠો અપ્રમાણસર અને તોલમાપ ખાતાએ નિયત કરેલ માપ સિવાયના સાધન દ્વારા ભરીને વિતરણ કરવામાં આવે છે અને કેરોસીનનો કાળાબજાર કરવામાં આવે છે તે સરકાર જાણે છે, | (૧) કેરોસીનનો પુરવઠો પ્રમાણસર તથા તોલમાપ ખાતાએ નિયત કરેલ સાધનથી જ વિતરણ કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો આવા ઈસમો સામે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોની સામે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાશનધારકોને પુરતી માત્રામાં કેરોસીન મળે અને સસ્તા અનાજની દુકાનધારકો પુરતો જથ્થો વિતરણ કરે અને કેરોસીનની કાળાબજારી ન થાય તે માટે રાજ્ય સરકાર ક્યા પગલાં લેવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નર્મદા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે

* ૧૦૯૫૦ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૨૭૫ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને | (૨) ૧૯૪ |
| (૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો કેટલા છે | (૩) |

?

| વિષય | સંખ્યા |
|---|---|
| ગણિત–વિજ્ઞાન | ૧૨૬ |
| સામાજીક વિજ્ઞાન | ૬૮ |

---------

**રાજકોટ જિલ્લામાં ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

* ૧૦૯૪૫ **શ્રી પ્રવીણભાઈ માંકડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૪ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૮૧૦૦ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીપ્લોમા ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો : ૫૮૯૯.<br>ખાલી બેઠકો : ૨૨૦૧. |

---------

**ડાંગ જિલ્લામાં ઈકોટુરિઝમના વિકાસ માટેની યોજના**

* ૧૧૦૦૮ **શ્રી કનુભાઈ મો. દેસાઈ(પારડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં ઈકોટુરિઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) (૧) મહાલ (કેમ્પ સાઈટ) (૨) ગીરાધોધ (૩) પંપા સરોવર (જારસોળ) (૪) દેવીના માળ (૫) અંજનકુંડ સ્થળો પસંદ કરવામાં આવ્યા છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૬.૧૫ લાખ. |

---------

**રાજ્યમાં કેન્દ્ર સરકારના ખાદ્ય સુરક્ષા કાયદાનો અમલ**

* ૧૦૬૪૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેન્દ્ર સરકારના ખાદ્ય સુરક્ષા કાયદાનો અમલ રાજ્ય સરકારે કરેલ છે કે કેમ, | (૧) ખાદ્ય સુરક્ષા કાયદાનો અમલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| (૨) જો ના, તો કયા કારણોસર આ કાયદાનો અમલ કરવામાં આવ્યો નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કાયદા અન્વયે સરકાર લોકોને રાજ્યની અન્ય કઈ યોજના દ્વારા ખાદ્ય સુરક્ષા પૂરી પાડવા માંગે છે ? | (૩) ખાદ્ય સુરક્ષા કાયદા અન્વયે કાયદામાં દર્શાવેલ યોજનાઓ દ્વારા જ ખાદ્ય સુરક્ષા પુરી પાડવાની રહે છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે આદિવાસીઓને જમીનના હક્ક પત્રકો**

* ૧૨૩૩૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે કેટલા આદિવાસીઓને કેટલા હેક્ટર જમીનના હક્ક પત્રકો તાલુકાવાર આપવામાં આવ્યા,

(૧)

| | **તાલુકો** | **લાભાર્થી** | **હેક્ટર જમીન** |
|---|---|---|---|
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૦૭૫ | ૪૩૦.૦૨ |
| | વિજયનગર | ૨૭૧ | ૧૪૧.૫૩ |
| અરવલ્લી | ભિલોડા | ૧૧૦૮ | ૩૮૨.૯૮ |
| | મેઘરજ | ૯૦ | ૧૨૨.૭૬ |

(૨) કેટલાને હક્ક પત્રકો આપવાના બાકી છે,

(૨) આદેશપત્રો આપવાના બાકી નથી.

(૩) બાકી રહેવાના શાં કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ક્યાં સુધીમાં બાકીનાને હક્ક પત્રકો આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોને ખાસ તાલીમ**

* ૧૧૦૧૬ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાકીય વર્ષ–૨૦૧૩–૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં શાળા બહારના કેટલા બાળકોને ખાસ તાલીમ આપવામાં આવી, અને

(૧) ૪૭૭૧.

(૨) આ ખાસ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા. ૩૩૬.૨૧ લાખ.

---------

**વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

* ૧૦૯૫૯ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષઃ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૧) ૪૦૯૪

(૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ?

(૨) રૂા. ૮૧,૮૮,૦૦૦/–

---------

**વડોદરા જિલ્લામાં શાળાઓને મંજૂરી**

૧૦૯૩૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજીઓને મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર શાળાઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **માધ્યમિક** | **ઉચ્ચત્તર માધ્યમિક** |
| ૧ | કરજણ | ૦૨ | ૦૦ |
| ૨ | વડોદરા | ૦૫ | ૦૭ |
| ૩ | પાદરા | ૦૧ | ૦૧ |
| ૪ | વાઘોડીયા | ૦૧ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | છોટા ઉદેપુર | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૦૯** | **૦૯** |

(૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? (૨)

| **ક્રમ** | **તાલુકો** | **ના મંજૂર શાળાઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **માધ્યમિક** | **ઉચ્ચત્તર માધ્યમિક** |
| ૧ | વડોદરા | ૧૫ | ૦૩ |
| ૨ | પાદરા | ૦૪ | ૦૧ |
| ૩ | વાઘોડીયા | ૦૨ | ૦૦ |
| ૪ | છોટા ઉદેપુર | ૦૨ | ૦૦ |

---------

**અમદાવાદ શહેર – જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે શૌચાલયો**

૧૦૫૩૮ **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર – જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે શૌચાલયો તૈયાર થયેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર– જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટેના તૈયાર થયેલા શૌચાલયોની વિગત દર્શાવતું પત્રક–૧ આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

| **ક્રમ** | **સ્થળ** | **શૌચાલય વાળી શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪૫૪ |
| **અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કન્યાઓ માટેના શૌચાલય વાળી શાળાની વિગત** | | |
| ૧ | બરવાળા | ૩૭ |
| ૨ | બાવળા | ૬૧ |
| ૩ | સીટી | ૫૦ |
| ૪ | દસક્રોઈ | ૧૮૬ |
| ૫ | દેત્રોજ | ૭૦ |
| ૬ | ધંધુકા | ૮૨ |
| ૭ | ધોળકા | ૯૪ |
| ૮ | માંડલ | ૪૯ |
| ૯ | રાણપુર | ૩૯ |
| ૧૦ | સાણંદ | ૧૧૨ |
| ૧૧ | વિરમગામ | ૯૯ |
| **ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કન્યાઓ માટેના શૌચાલય વાળી શાળાની વિગત** | | |
| **ક્રમ** | **તાલુકો** | **શૌચાલય વાળી શાળાની સંખ્યા** |
| ૧ | દહેગામ | ૨૧૭ |
| ૨ | ગાંધીનગર | ૧૭૨ |
| ૩ | કલોલ | ૧૧૩ |
| ૪ | માણસા | ૯૬ |

(૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને

(૨) એક પણ શાળામાં બાકી નથી.

(૩) બાકી શાળાઓમાં ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત અને માંડવી તાલુકામાં વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

૧૦૯૯૧ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સુરત જિલ્લાના સુરત અને માંડવી તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

(૧) સુરત - ૭૯.
માંડવી - ૬૭૩.

(૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ઼. ૧૮.૫૦ લાખ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ઇકોટુરિઝમના વિકાસ માટેની યોજના**

૧૦૯૮૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ઇકોટુરિઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ પોળો સ્થળને પસંદ કરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૩) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ દરમ્યાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ઼. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૫.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૧.૦૦ |
| **કુલ** | **૧૬.૦૦** |

---------

**રાજકોટ જિલ્લામાં જ્ઞાન-પ્રજ્ઞા કાર્યક્રમ દ્વારા બાળકોને શિક્ષણ**

૧૧૦૨૧ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન અન્વયેના પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન-પ્રજ્ઞા કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી શાળાઓમાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે,

(૧) ૪૩૦.

(૨) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું, અને

(૨) ૩૮૦૨૬.

(૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ કેટલા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો ?

(૩) ધોરણ-૧-૨ અને ધોરણ ૩-૪ નો સમાવેશ કરવામાં આવ્યો.

---------

**ભૂંડ અને રોઝના ત્રાસથી થતું નુકશાન અટકાવવા માટે ફેન્સિંગ તારની વાડ બનાવવાની યોજના**

૧૧૫૫૧ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની જમીનમાં ભૂંડ અને રોઝના ત્રાસથી ઊભા પાકને થતું નુકશાન અટકાવવા માટે ફેન્સિંગ તારની વાડ બનાવવાની યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી અરજીઓ તાલુકાવાર મળી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ તાલુકાવાર અરજીઓ નીચે મુજબ છે. |

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | ગાંધીનગર | ૪૦ |
| | | માણસા | ૧૩ |
| | | દહેગામ | ૦૨ |
| | | કલોલ | ૧૮ |
| | | **કુલ** | **૭૩** |
| ૨. | મહેસાણા | મહેસાણા | ૧૭ |
| | | વિસનગર | ૧૪ |
| | | ઉંઝા | ૨૩ |
| | | વિજાપુર | ૨૧ |
| | | કડી | ૦૦ |
| | | વડનગર | ૧૪ |
| | | ખેરાલુ | ૦૭ |
| | | સતલાસણા | ૦૪ |
| | | બેચરાજી | ૦૬ |
| | | **કુલ** | **૧૦૬** |
| ૩. | સાબરકાંઠા | ઈડર | ૧૭ |
| | | વડાલી | ૧૦ |
| | | વિજયનગર | ૦૪ |
| | | ખેડબ્રહ્મા | ૦૬ |
| | | **કુલ** | **૩૭** |

ત્રણ જિલ્લાની કુલ અરજીઓ ૨૧૬

(૩) તે પૈકી કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો તેમજ બાકી રહેલી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

(૩) જિલ્લાવાર લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૧૮ |
| ૨. | મહેસાણા | ૫૯ |
| ૩. | સાબરકાંઠા | ૦૦ |
| | કુલ | ૭૭ |

બાકી રહેલ લાભાર્થીઓને તેમના ક્રમ મુજબ લાભ આપી તેમની અરજીનો નિકાલ કરવામાં આવશે.

---------

## ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો-૮ શરૂ કરવા અંગે

૧૦૯૫૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૮૪૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક | (૨) ૭૨૬ |

કરવામાં આવી છે, અને

(૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે ?

(૩)

| ગણિત વિજ્ઞાન | સામાજીક વિજ્ઞાન | ભાષા | કુલ |
|---|---|---|---|
| ૪૧૮ | ૧૯૧ | ૧૧૭ | ૭૨૬ |

---------

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૧૦૦૧ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં મહેસાણા જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૭ અને ૧૭ અરજીઓ મળી કુલ ૨૪ અરજીઓ મંજુર કરી.

(૨) કુલ રૂ. ૮.૪૦ લાખ.

---------

**ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

૧૦૯૭૭ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ ઉમરપાડા તાલુકામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૧૩૯૦ હેકટર અને ૧૭૬૦ હેકટર મળી કુલ ૩૧૫૦ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂ. ૯૭૭.૧૩ લાખ.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યા માટે શૌચાલય**

૧૦૬૨૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે શૌચાલયો તૈયાર થયેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટેના તૈયાર થયેલા શૌચાલયોની વિગત નીચે મુજબ છે.

| જામનગર જિલ્લો | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | શૌચાલયવાળી શાળાની સંખ્યા |
| ૧ | ધ્રોલ | ૬૭ |
| ૨ | જામજોધપુર | ૧૧૩ |
| ૩ | જામનગર | ૨૧૦ |
| ૪ | જોડીયા | ૭૧ |
| ૫ | કાલાવાડ | ૧૧૪ |
| ૬ | લાલપુર | ૧૩૭ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | |
| ક્રમ | તાલુકો | શૌચાલયવાળી શાળાની સંખ્યા |
| ૧ | ભાણવડ | ૧૨૧ |
| ૨ | દ્વારકા | ૮૮ |
| ૩ | જામખંભાળીયા | ૨૦૫ |

| | | |
|---|---|---|
| ૪ | જામકલ્યાણપુર | ૨૦૮ |

(૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને

(૨) એક પણ શાળામાં બાકી નથી.

(૩) બાકી શાળાઓમાં ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૦૯૪૪ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને

(૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ?

**જવાબ**

(૧) ૧૧ કોલેજો.

(૨) ૬૩૯૦ બેઠકો.

(૩) કુલ ભરાયેલ બેઠકોઃ ૫૬૨૭
ખાલી બેઠકોઃ ૭૬૩.

---------

**રાજકોટ જિલ્લામાં રેશનીંગ કાર્ડ અલગ કરવાની બંધ કામગીરી**

૧૦૫૮૧ **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રેશનીંગ કાર્ડ અલગ કરવાની કામગીરી લાંબા સમયથી બંધ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને આ કામગીરી કેટલા સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રેશનીંગ કાર્ડ અલગ કરવાની કામગીરી લાંબા સમયથી બંધ હોવાની હકીકત સાચી નથી. રેશનકાર્ડ વિભાજનની કામગીરી ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં રાઈટ ટુ ફૉરેસ્ટ એક્ટ હેઠળ અરજીઓ**

૧૦૫૮૨ **પ્રો. હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલા ઈસમોને જમીન સનદો આપવામાં આવી,

(૨) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર હોવા માટે ક્યા કારણો છે ?

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જમીનની સનદો નહીં પણ આદેશપત્ર આપવાની જોગવાઈ છે.

| | મળેલ અરજીઓ | આપેલ આદેશપત્રો |
|---|---|---|
| દાહોદ | ૨૦૧૫૦ | ૩૦૪૭ |
| પંચમહાલ | ૧૧૬૭૨ | ૨૨૮૪ |
| મહીસાગર | ૧૧૯૯૪ | ૧૦૧૧ |

(૨) બાકીની અરજીઓ પુનઃ સમીક્ષા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના**

૧૦૯૬૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નર્મદા ઇકોટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ,

(૧) નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા જિલ્લા પંચાયત નર્મદા હેઠળની તથા ખાતાકીય નેશનલ પાર્ક સેન્ચ્યુરીનાં સદરે મળતી ગ્રાન્ટમાંથી ઇકોટુરીઝમના વિકાસના કામો કરવામાં આવે છે.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) નર્મદા વન વિભાગ હેઠળ સગાઈ, સામોટ, ઝરવાણી, વિસલખાડી, દેવમોગરા તથા જૂનારાજ સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૩) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) રૂ. ૪૬.૮૫ લાખ.

---------

**દાહોદ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

૧૧૦૧૯ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ અંતિત દાહોદ જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી વિદ્યાલય ચાલે છે,

(૧) ૭

(૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૨) ૬૦૪

(૩) તે ક્યા વયજુથની વિદ્યાર્થીનીઓ છે ?

(૩) ૧૦ થી ૧૬ વર્ષ.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાની ઘટ**

૧૨૦૭૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકો અને ઓરડાની ઘટ છે, અને

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ છે.

| **આણંદ જિલ્લો** | | | **ખેડા જિલ્લો** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકો** | **ખુટતા ઓરડાની સંખ્યા** | **શિક્ષકોની ઘટ** | **તાલુકો** | **શિક્ષકોની ઘટ** | **ખુટતા ઓરડાની સંખ્યા** |
| આણંદ | ૮૯ | ૫૬ | બાલાસિનોર | ૦ | ૬૪ |
| આંકલાવ | ૨૧ | ૩૨ | કપડવંજ | ૦ | ૩૭ |
| બોરસદ | ૪૪ | ૮૧ | કઠલાલ | ૦ | ૩૩ |
| ખંભાત | ૭૦ | ૯૫ | ખેડા | ૦ | ૫ |
| પેટલાદ | ૬ | ૪૫ | મહેમદાવાદ | ૫ | ૩૪ |
| સોજીત્રા | ૧૩ | ૧૯ | મહુધા | ૮ | ૩૩ |
| તારાપુર | ૨ | ૩૨ | માતર | ૧૨૮ | ૧૧ |
| ઉમરેઠ | ૨૩ | ૨૦ | નડીયાદ | ૧૮ | ૮૮ |
| - | - | - | ઠાસરા | ૧૦૧ | ૫૧ |
| - | - | - | વીરપુર | ૦ | ૩૭ |

(૨) આ શાળાઓમાં ક્યારે શિક્ષકોની ઘટ અને ઓરડાઓની ઘટ પૂરી કરવામાં આવશે?

(૨) આ ઓરડાઓની ઘટ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલદી પૂરી કરવામાં આવશે.

---------

**નવસારી જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર**

૧૧૦૦૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩

(૧)

અને ૨૦૧૩-૧૪માં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

| વર્ષ | ચેરનું વાવેતર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૨૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૫.૪૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૩.૬૫ |

---------

**પાટણ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૦૫૪૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ બાબતે કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) આ અરજીઓ પૈકી કેટલા અરજદારોને બારકોડેડ રેશનકાર્ડમાં ઇસ્યુ કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટેની કુલ ૨૦૮૧૦ અરજીઓ મળી.

(૨) ૧૭ અરજદારોને બારકોડેડ રેશનકાર્ડ ઇસ્યુ કરવાના બાકી છે.

---------

**કચ્છ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૯૩૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં કચ્છ જિલ્લામાં કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે, | (૧) ૪૩૯૬ |
| (૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૮૭,૯૨,૦૦૦/- |
| (૩) કન્યાદીઠ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે ? | (૩) રૂ. ૨૦૦૦/- |

---------

**પંચમહાલ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોને ખાસ તાલીમ**

૧૧૦૧૫ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પંચમહાલ જિલ્લામાં શાળા બહારના કેટલા બાળકોને ખાસ તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૧૭૮ |
| (૨) આ ખાસ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૬૫.૮૧ લાખ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

૧૧૦૧૮ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ અંતિત સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ચાલે છે, | (૧) ૯ |
| (૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૫૧૦ |
| (૩) તે ક્યા વયજુથની વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૧૦ થી ૧૬ વર્ષ. |

---------

તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૯૬૦ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૧૯૪ |
| (૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે? | (૨) રૂ. ૪૩,૮૮,૦૦૦/– |

---------

**ખાનગી શાળામાં ગરીબ પરિવારના બાળકો માટે ૨૫ ટકા બેઠકો અનામત રાખવા બાબત**

૧૦૮૮૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એકટની જોગવાઇઓ મુજબ ખાનગી શાળામાં ગરીબ પરિવારના બાળકો માટે ૨૫ ટકા બેઠકો અનામત રાખી પ્રવેશ આપવાની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) કાર્યવાહી ચાલુ છે. |
| (૨) ઉપરોક્ત જોગવાઇનો અમલ ક્યારથી લાગુ કરવામાં આવશે, અને | (૨) જુન–૨૦૧૪ થી દરેક જિલ્લા માટે સંખ્યા નિયત કરવામાં આવેલ છે. |
| (૩) ઉપરોક્ત જોગવાઇ અનુસાર પ્રવેશ મેળવવાની પધ્ધતિ શું હશે ? | (૩) જિલ્લા કક્ષાએથી કેન્દ્રીય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. |

---------

**પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો–૮ શરૂ કરવા અંગે**

૧૦૯૫૪ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૪૯૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે, અને | (૨) ૪૦૯ |
| (૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે? | (૩) ગણિત/વિજ્ઞાન:– ૧૭૩<br>ભાષા:– ૭૮<br>સામાજીક વિજ્ઞાન:– ૧૫૮ |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં માધ્યમિક શાળાઓ બંધ કરવા બાબત**

૧૧૩૨૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ઉંટવાળા–ખત્રીવાડા–જરગલી માધ્યમિક શાળાઓ બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો બંધ કરવાના કારણો શાં છે, અને આ ગામોના વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે માટે પુનઃ આ શાળાઓ સરકાર શરૂ કરવાનું આયોજન છે ? | (૨) આ શાળાઓને RMSA યોજના હેઠળ ભારત સરકારની મંજુરીની અપેક્ષાએ શરૂ કરવામાં આવેલ. પરંતુ આ શાળાઓને ભારત સરકારે નામંજુર કરાતાં આવી શાળાઓ પૈકી જે શાળાઓના ધોરણ–૧૦ ના પરિણામ |

૫૦% કરતાં ઓછા હોય તેવી શાળાઓના વિદ્યાર્થીઓને નજીકની અન્ય માધ્યમિક શાળાઓમાં સમાવવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં જંગલની જમીનોની સનદો**

૧૦૫૭૧ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર કાયદા ૨૦૦૬ અન્વયે કેટલા લાભાર્થીઓને જંગલની જમીનો આપી સનદો આપવામાં આવી, અને | (૧) વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અન્વયે સનદ નહીં પણ આદેશપત્ર આપવાની જોગવાઈ છે. વલસાડ જીલ્લામાં નીચે મુજબ આદેશપત્ર આપવામાં આવેલ છે.<br>ધરમપુર ૫૦૭૦<br>કપરાડા ૭૧૫૩<br>ઉમરગામ ૭૬૧ |
| (૨) તે અન્વયે બાકી રહેલા લાભાર્થીઓને જમીન કેટલા સમયમાં આપવામાં આવશે? | (૨) માન્ય થયેલ દાવા પેટે કોઈ આદેશપત્ર આપવાના બાકી નથી. |

---------

**ઈડર અને વડાલી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાઓનું વાવેતર**

૧૦૯૭૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ઈડર અને વડાલી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સાબરકાંઠા જિલ્લાના ઈડર અને વડાલી તાલુકામાં અનુક્રમે ૧.૪૫ લાખ અને ૦.૫૧ લાખ મળી કુલ ૧.૯૬ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂા. ૬૧.૨૨ લાખ. |

---------

**ઉમરેઠ અને મહેમદાવાદ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૧૧૦૦૪ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના ઉમરેઠ અને મહેમદાવાદ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના હેઠળ કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ખેડા જિલ્લાના ઉમરેઠ અને મહેમદાવાદ તાલુકામાં અનુક્રમે ૪૭ હેકટર અને ૪૭ હેકટર મળી કુલ ૯૪ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂા. ૩૮.૬૧ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ઈકોટુરિઝમના વિકાસ માટેની યોજના**

૧૦૯૭૯ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ઈકોટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં દાંતા તાલુકામાં કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) દાંતા તાલુકામાં બાલારામ–અંબાજી વન્યજીવ અભયારણ્યને પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના | (૩) રૂા. ૬.૬૨ લાખ. |

પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

---------

**સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે**

૧૦૯૫૮ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) ૪૬૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે? | (૨) ૧૬૦ |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના પછાત તાલુકા મથકોએ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવા અંગે**

૧૧૭૩૦ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં તાલુકા મથકોએ સાયન્સ પ્રવાહ ચાલુ કરવાની જાહેરાત કર્યા પછી તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના કયા કયા પછાત તાલુકા મથકોએ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવામાં આવી, અને | (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા મથકે એક વિજ્ઞાનપ્રવાહની શાળા ૨૦૧૨ થી શરૂ કરવામાં આવી. |
| (૨) એમાં શાળાવાર અને તાલુકાવાર વિજ્ઞાન પ્રવાહ માટે કેટલા શિક્ષકોની ભરતી કયારે કરવામાં આવી? | (૨) વિજયનગર તાલુકામથકની શાળામાં એક શિક્ષકની જગ્યા ભરાયેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં ગરીબોને રીફાઈન્ડ આયોડીન યુક્ત મીઠાનું વિતરણ**

૧૦૯૬૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગરીબોને રીફાઈન્ડ આયોડીન યુક્ત મીઠાનું વિતરણ કેટલું કરવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગરીબોને ૮૯૯૮.૪૦ ક્વિન્ટલ રીફાઈન્ડ આયોડીન યુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા સ્થળે વિતરણ કરવામાં આવ્યું? | (૨) વ્યાજબી ભાવની દુકાનેથી કરવામાં આવે છે. |

---------

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૦૯૯૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અમરેલી જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૬ અને ૧૫ મળી કુલ ૨૧ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) કુલ રૂ઼ા. ૬.૦૬ લાખ. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૦૯૪૨ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૫ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૨૩૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) કુલ ભરાયેલ બેઠકોઃ ૧૦૨૮<br>ખાલી બેઠકોઃ ૧૩૧૨ |

---------

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે**

૧૦૯૫૧ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૭૯૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે, અને | (૨) ૯૬૦ |
| (૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે? | (૩) |

| ભાષા | ગણિત વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | કુલ |
|---|---|---|---|
| ૪૫૯ | ૩૦૩ | ૧૯૮ | ૯૬૦ |

---------

**ખંભાળીયા તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ**

૧૦૯૬૬ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં તા. ૩૧/૧૨/૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કુલ ૧૯૫૨ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ થયો, અને | (૨) ૧૯૩૩ અરજીઓનો નિકાલ થયો. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે ? | (૩) ૧૯ અરજીઓ પડતર છે. |

---------

**રાજ્યમાં ડીગ્રી અભ્યાસક્રમની કોલેજો શરૂ કરવા અંગે**

૧૦૯૩૯ **શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ડીગ્રી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો શરૂ કરવામાં આવી, | (૧) છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯ નવી ડીગ્રી ઈજનેરી કોલેજો શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) વર્ષવાર રાજ્યમાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકોમાં કેટલો વધારો થયો, અને | (૨) પ્રવેશ વર્ષ ૨૦૧૨માં બેઠકોમાં થયેલ વધારો: ૯૮૩૦<br>પ્રવેશ વર્ષ ૨૦૧૩માં બેઠકોમાં થયેલ વધારો: ૯૧૮૮ |

(૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ?

(૩) મંજુર બેઠકો : ૬૨૯૬૧
ભરાયેલ બેઠકો : ૫૨૧૮૩
ખાલી બેઠકો : ૧૦૭૭૮

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૧૦૧૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે,

(૧) તમામ ૧૦૫૫ પ્રાથમિક શાળાઓમાં

(૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં તારની વાડ બનાવવાની યોજના**

૧૧૬૬૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે ભૂંડ અને રોઝના ત્રાસથી ઊભા પાકને થતું નુકશાન અટકાવવા માટે ફેન્સિંગ તારની વાડ બનાવવાની યોજના છે કે કેમ,

(૧) હા જી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાંથી કેટલી અરજીઓ મળી અને મળેલ અરજીઓ અન્વયે કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો તેમજ બાકી રહેલી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે, અને

(૨) અરજીઓ અંગેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | મળેલ અરજી | નિકાલ કરેલ અરજી | લાભાર્થીની સંખ્યા | બાકી અરજીની સંખ્યા |
|---|---|---|---|---|
| રાજકોટ | ૧૬ | ૦૧ | ૦૩ | ૧૫ |
| મોરબી | ૨૧ | ૦૫ | ૪૫ | ૧૬ |
| **કુલ** | **૩૭** | **૦૬** | **૪૮** | **૩૧** |

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) ખર્ચની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| રાજકોટ | ૨૦૧૩-૧૪ | ૧.૨૧ |
| મોરબી | ૨૦૧૩-૧૪ | ૭.૪૩ |
| **કુલ** | | **૮.૬૪** |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી કોલેજો**

૧૦૯૪૦ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૪ કોલેજો

(૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને

(૨) ૨૨૫૦ બેઠકો

(૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ?

(૩) કુલ ભરાયેલ બેઠકો : ૧૪૨૯
ખાલી બેઠકો : ૮૨૧

---------

## ભરૂચ જિલ્લામાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો

૧૦૯૪૧ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૪ કોલેજો |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૧૮૬૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમા ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો : ૧૭૯૯<br>ખાલી બેઠકો : ૬૧ |

---------

## આણંદ જિલ્લામાં કાંટાળી તારની વાડ કરવા સબસીડી માટેની અરજીઓ

૧૦૫૬૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રોઝ અને જંગલી ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકને બચાવવા માટેની કાંટાળી તારની વાડ કરવા સબસીડી મેળવવા છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

**જવાબ**

(૧) નીચેની વિગતે અરજીઓ મળેલ છે.

| તાલુકાનું નામ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૩૧–૫–૧૪ સુધીમાં | કુલ |
|---|---|---|---|---|
| આણંદ | ૦૫ | ૦૬ | ૦૩ | ૧૪ |
| આંકલાવ | ૦૮ | ૦૪ | ૦૦ | ૧૨ |
| બોરસદ | ૨૯ | ૩૬ | ૦૦ | ૬૫ |
| ખંભાત | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૫ |
| પેટલાદ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ |
| સોજીત્રા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| તારાપુર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ઉમરેઠ | ૨૫ | ૧૫ | ૦૦ | ૪૦ |
| **કુલ** | **૭૧** | **૬૭** | **૦૩** | **૧૪૧** |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) એક પણ અરજી મંજુર કરવામાં આવી નથી. પરંતુ અગાઉના સને ૨૦૦૫–૦૬ના વર્ષની પડતર અરજીઓ પૈકીની ૪૭ અરજીઓ સને ૨૦૧૨–૧૩માં મંજુર કરી રૂા. ૭,૪૮,૭૮૬/–ની સહાય ચુકવવામાં આવી. જ્યારે સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં ઉક્ત લાભાર્થીઓને બીજા હપ્તા પેટે રૂા. ૫,૦૦,૦૦૦/–ની સહાય ચુકવવામાં આવેલ છે.

(૩) બાકી પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે અને જે અરજીઓ નામંજૂર થઇ છે તેના કારણો શાં છે ?

(૩) ફાળવેલ બજેટ મર્યાદામાં રજીસ્ટરના અગ્રતાક્રમ મુજબ આવતી અરજીઓનો નિકાલ કરવામાં આવશે. કોઈ અરજીઓ ના મંજૂર કરવામાં આવેલ નથી. જેથી કારણો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો–૮ શરૂ કરવા અંગે

૧૦૯૫૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૯૯૦ |
| (૨) ઉક્ત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે, અને | (૨) ૨૯૪ |
| (૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે ? | (૩) |

| **વિષયવાર વિદ્યાસહાયકો** | **વર્ષ ૨૦૧૨-૧૩** | **વર્ષ ૨૦૧૩-૧૪** |
| --- | --- | --- |
| ગણિત-વિજ્ઞાન | ૫૩ | ૬૪ |
| સામાજીક વિજ્ઞાન | ૮૪ | ૦૦ |
| ભાષા | ૯૩ | ૦૦ |

---------

## રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

૧૦૯૯૮ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં રાજકોટ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં અનુક્રમે ૭ અને ૧૫ મળી કુલ ૨૨ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂા. ૬.૨૫ લાખ |

---------

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા

૧૧૦૨૨ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૭૯૭ પ્રાથમિક શાળાઓમાં |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે, | (૨) કન્યાઓ માટે ૪૦૦ અને કુમાર માટે ૧૨૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં આ શૌચાલયો બનાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૧૫૬૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કેટલી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) |

| વિભાગનું નામ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|
| માધ્યમિક વિભાગ | ૦૧ | વર્ષ ૨૦૧૧ થી |
| ઉચ્ચત્તર | ૦૩ | વર્ષ ૨૦૦૮થી |
| માધ્યમિક વિભાગ | ૦૧ | વર્ષ ૨૦૧૨ થી |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે વિષયવાર શિક્ષકોની ઘટ કેટલી અને આ ઘટ સત્વરે ભરવા સરકારે શાં પગલાંઓ લીધા ? | (૨) |

| વિભાગનું નામ | વિષય | શિક્ષકની ઘટ |
|---|---|---|
| માધ્યમિક વિભાગ | અંગ્રેજી | ૧ (એક) |
| ઉચ્ચત્તર માધ્યમિક | રસાયણ વિજ્ઞાન | ૧ (એક) |
| | ભૌતિક વિજ્ઞાન | ૧ (એક) |
| | જીવ વિજ્ઞાન | ૨ (બે) |

ખાલી જગ્યાઓ ભરવા નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

---------

**બનાસકાંઠા જિલાલામાં સાંસ્કૃતિક વન બનાવવા અંગે**

૧૦૯૭૧ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સરકાર ધ્વારા તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સાંસ્કૃતિક વન બનાવવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તે કયા સ્થળે બનાવવામાં આવેલ છે ? | (૨) બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે કોટેશ્વર રોડ ઉપર ''માંગલ્ય વન'' નામે સાંસ્કૃતિક વન બનાવવામાં આવેલ છે. |

---------

**જી.સી.ઇ.આર.ટી. દ્વારા કાર્યક્રમો**

૧૦૯૩૮ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારના પ્લાન (ઇડીએન–૧૨) અન્વયે વર્ષ ૨૦૧૨–૧૩માં જી.સી.ઇ.આર.ટી.દ્વારા કયા કાર્યક્રમો કરવામાં આવ્યા છે, અને | (૧) નીચે જણાવ્યા મુજબના કાર્યક્રમો કરવામાં આવેલ છે. – <br>તાલીમ / સેમિનાર / કેપેસીટી / બિલ્ડીંગ / મીટીંગ / વર્કશોપ <br>– શૈક્ષણિક સંશોધનો <br>– ગણિત વિજ્ઞાન મેળા <br>– બાળ મેળા અને લાઇફ સ્કીલ મેળા <br>– રમતોત્સવ <br>– ઈકો ક્લબ |
| (૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૮,૭૧,૭૭,૮૭૭– ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા**

૧૧૦૦૯ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૪) તે ક્યાં સુધીમાં શૌચાલયો બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તમામ ૯૩૪ શાળાઓમાં

(૨) કન્યાઓ માટે ૨૯૬ અને
કુમાર માટે ૧૨૪

(૩) શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવી એકપણ શાળા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપવા અંગે**

૧૧૫૩૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા વ્યક્તિઓને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા અને કેટલાને આપવાના બાકી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ અને કેટલાને આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડની વિગતનું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

**(અ) અરવલ્લી જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ | આપાવના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|---|---|
| ૧ | ધનસુરા | ૯૦૮૪ | ૧ |
| ૨ | બાયડ | ૨૭૦૭૬ | ૧ |
| ૩ | ભીલોડા | ૨૫૯૯૪ | ૧૩ |
| ૪ | મેઘરજ | ૨૦૩૭૮ | ૨૬ |
| ૫ | માલપુર | ૨૨૮૨ | ૦ |
| ૬ | મોડાસા | ૨૯૫૮૨ | ૨૪ |
| | **કુલ** | **૧૧૪૩૯૬** | **૬૫** |

**(બ) સાબરકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ | આપાવના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૩૮૩૩૬ | ૨૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧૬૪૧૮ | ૪ |
| ૩ | તલોદ | ૧૩૨૦૧ | ૬ |
| ૪ | પ્રાંતિજ | ૨૩૫૪૧ | ૧૮ |
| ૫ | પોશીના | ૧૩૯૫૦ | ૦ |
| ૬ | વડાલી | ૫૬૫૩ | ૦ |
| ૭ | વિજયનગર | ૧૯૭૪ | ૨ |
| ૮ | હિંમતનગર | ૩૮૬૨૯ | ૨ |
| | **કુલ** | **૧૫૧૭૦૨** | **૫૩** |

(૨) જો બારકોડેડ રેશનકાર્ડ ઉપરોક્ત સ્થિતિએ ન અપાયા હોય, તો તેના કારણો કયા છે, અને

(૩) કેટલા સમયમાં આ રેશનકાર્ડ આપવામાં આવશે ?

(૨) અરજદારો બાયોમેટ્રીક આપવા રૂબરૂ ન આવવાના કારણે અરજીઓ પેન્ડીંગ છે.

(૩) અરજદારો દ્વારા બાયોમેટ્રીક આપ્યેથી બનતી ત્વરાએ.

---------

**મહેસાણા અને વિસનગર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાઓનું વાવેતર**

૧૦૯૭૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના મહેસાણા અને વિસનગર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મહેસાણા જિલ્લાના મહેસાણા અને વિસનગર તાલુકામાં અનુક્રમે ૧.૪૪ લાખ અને ૦.૮૭ લાખ મળી કુલ ૨.૩૧ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૮૦.૮૧ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખાનગી શાળાઓને લઘુમતિ શાળાનો દરજ્જો**

૧૧૩૪૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાંથી, ખાનગી ટ્રસ્ટો સંચાલિત શાળાઓને લઘુમતિ શાળાનો દરજ્જો આપવા સરકાર સમક્ષ કેટલી દરખાસ્તો આવેલ છે, અને | (૧)<br>– ખાનગી પ્રાથમિક શાળાઓ માટે એકપણ નહીં<br>– ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે એક પણ નહીં<br>– નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળા માટે એક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે બે અરજી મળેલ છે. |
| (૨) આ પ્રત્યેક દરખાસ્ત મંજૂરી માટે કયા તબક્કે, કયા સત્તાધીશ સમક્ષ પડતર છે અને એવી દરખાસ્તને આખરી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૨)<br>– નોન–ગ્રાન્ટેડ માધ્યમિક શાળા માટેની અરજી કમિશનરશ્રી, શાળાઓ પાસે પડતર છે.<br>– નોન ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે મળેલ બે અરજી પૈકી એક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા પાસે અને એક કમિશનરશ્રી, શાળાઓ પાસે પડતર છે.<br>– આ અરજીઓની નિયમોનુસાર ચકાસણી કરી જેમ બને તેમ જલદી મંજૂરી આપવામાં આવશે. |

---------

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૧૦૧૨ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૧૧૭૧ શાળાઓમાં |
| (૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં વિદ્યાસાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

૧૦૯૯૦ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી | (૧) ૪૮૧૬ |

| | |
|---|---|
| કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને | |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૧૮.૫૬ લાખ |

---------

**માંડવી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાઓનું વાવેતર**

૧૧૦૦૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ૫૨,૦૦૦ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કૂલ રૂા. ૨૫.૫૧ લાખ |

---------

**રાજકોટ જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે ઘાસ ગોડાઉનો**

૧૦૯૯૬ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે કેટલા ઘાસ ગોડાઉનો આવેલા છે, | (૧) કૂલ–૨૨ ગોડાઉનો આવેલા છે. |
| (૨) મેળવેલ ઘાસ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો જથ્થો ગોડાઉનોમાં સંગ્રહાયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ કૂલ–૩૫.૪૬ લાખ કિલોગ્રામ જથ્થો ગોડાઉનોમાં સંગ્રહાયેલ છે. |
| (૩) કેટલો જથ્થો ખુલ્લામાં રાખેલ છે ? | (૩) ઘાસનો કોઈ જથ્થો ખુલ્લામાં રાખેલ નથી. |

---------

**વલસાડ જિલ્લામાં અદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે પ્રોજેક્ટ**

૧૦૯૮૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઇ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૫૩૫ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૪૮૦.૨૧ લાખ |

---------

**આણંદ જિલ્લામાં જંગલ વિસ્તાર બહારના વૃક્ષોની ગણતરી**

૧૦૯૯૪ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ જંગલ વિસ્તાર બહારના વૃક્ષોની ગણતરી ક્યારે કરવામાં આવી, અને | (૧) જંગલ વિસ્તાર બહારના વૃક્ષોની ગણતરી વર્ષ ૨૦૧૩માં કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા વૃક્ષોની ગણતરી થયેલ છે ? | (૨) તેમાં કૂલ ૨૧૧.૭૦ લાખ વૃક્ષોની ગણતરી થયેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મૉડેલ ફેર પ્રાઇસ શોપમાં ફેરવવા બાબત**

૧૦૯૬૩ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઇસ શોપમાં ફેરવવામાં આવેલ છે, અને | (૧) જૂનાગઢ જિલ્લામાં તમામ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઇસ શોપમાં બે વર્ષ અગાઉથી ફેરવેલ હોઈ, તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં 'શૂન્ય' પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઇસ શોપમાં ફેરવવામાં આવેલ છે. |
| (૨) કેટલી દુકાનોને મોડેલ ફેર પ્રાઇસ શોપમાં ફેરવવાની બાકી છે ? | (૨) એકપણ દુકાનને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવાની બાકીમાં નથી. |

---------

**ઝઘડીયા અને વાલીયા તાલુકામાં વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

૧૦૯૮૯ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં ભરૂચ જિલ્લાના ઝઘડીયા અને વાલીયા તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને | (૧) ઝઘડીયા-૬૮૫<br>વાલીયા-૭૮૫ |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ. ૩૬.૧૭ લાખ |

---------

**ગરબાડા તાલુકામાં ધો-૧૨ પછી કોલેજના અભ્યાસ માટે કોલેજો શરૂ કરવા અંગે**

૧૦૫૭૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં ધો.૧૨ પછી કોલેજના અભ્યાસ માટે કેટલી કોલેજો આવેલ છે, અને | (૧) શુન્ય |
| (૨) તે અન્વયે ઉક્ત તાલુકામાં કોઇપણ કોલેજો ન હોય તો સરકારનું કોલેજ શરૂ કરવાનું આયોજન છે કે કેમ ? | (૨) ચાલુ નાણાકીય વર્ષમાં કોઈ આયોજન નથી. |

---------

**સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષામાં સારા દેખાવ માટે આયોજન**

૧૦૯૮૨ **શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૯૮. |

---------

**ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર**

૧૦૯૭૮ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા હેક્ટરમાં રોપા વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુલ-૪૧૮૬.૫૮ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? — (૨) તેની પાછળ કૂલ રૂ. ૧૧૪૮.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે**

૧૦૯૫૩ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૪૭૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે, અને | (૨) ૭૧૫ |
| (૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યા સહાયકો છે ? | (૩) |

| **ક્રમ** | **ગણિત વિજ્ઞાન** | **સામાજિક વિજ્ઞાન** | **ભાષા** |
|---|---|---|---|
| | ૨૪૯ | ૨૮૮ | ૧૭૮ |

---------

**ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ માર્ગ અને પુલના સદરમાં ગ્રાન્ટમાં વધારો**

૧૧૭૧૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ માર્ગ અને પુલના સદરમાં રસ્તા કે પુલની ૩૦ લાખની મર્યાદા બાંધેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેમાં સરકાર ગ્રાન્ટમાં કોઇ વધારો કરવા માંગે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો ગુજકેટની પરીક્ષામાં સારા દેખાવ માટે આયોજન**

૧૦૯૮૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં વર્ષમાં સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહીસાગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજના તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૧૬૨. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદન**

૧૨૦૪૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વૃક્ષો કાપવા માટેની મંજૂરીઓ આપવામાં આવી,

(૧) નીચે મુજબ વૃક્ષો કાપવાની મંજુરીઓ આપવામાં આવી છે.

| અ.નં. | તાલુકાનું નામ | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૬૯૮ |
| ૨ | માણસા | ૧૨૮૧ |
| ૩ | દહેગામ | ૮૦૮ |
| ૪ | કલોલ | ૩૯૨૪ |
| | **કુલ** | **૧૨૭૧૧** |

(૨) જિલ્લામાં ગેરકાયદેસર-બિન પરવાનગી વૃક્ષ છેદન કરતા તથા લાકડાની હેરાફેરી કરનાર કેટલા ઈસમો પકડવામાં આવ્યા,

(૨) કુલ ૭૭ ઈસમો પકડવામાં આવ્યા.

(૩) પકડાયેલ ઈસમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા,

(૩) વન વિભાગ દ્વારા પકડાયેલ ઈસમો સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ જુદી જુદી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે તથા મહેસૂલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા-૧૯૫૧ હેઠળ પગલાં ભરવામાં આવેલ છે.

(૪) વૃક્ષ છેદન પ્રવૃત્તિ અટકાયત દરમિયાન કેટલું લાકડું પકડવામાં આવ્યુ, અને

(૪) ઈમારતી ૨.૪૫૨ ઘ.મી.
જલાઉ ૧૮૮.૦૬ કિવન્ટલ

(૫) કુદરતી રીતે પડી ગયેલ વૃક્ષોની હરાજી કરી કેટલી રકમની ઉપજ તાલુકાવાર મેળવવામાં આવી?

(૫) હરાજીથી નીચે મુજબ તાલુકાવાર ઊપજ મેળવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | ઉપજેલ રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૬,૧૫૦/- |
| ૨ | માણસા | ૩,૪૧,૯૦૧/- |
| ૩ | દહેગામ | ૬,૯૫,૫૦૦/- |
| ૪ | કલોલ | -- |
| | **કુલ** | **૧૧,૦૩,૫૫૧/-** |

---------

## રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અંતર્ગત શાળાઓની મંજૂરી

૧૦૯૨૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

૨૦૧૨-૧૩ના વર્ષમાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) યોજના અંતર્ગત રાજ્યમાં કેટલી શાળાઓ શરૂ કરવા ભારત સરકારને દરખાસ્તો કરવામાં આવેલ છે?

૫૧૫.

---------

## જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકામાં ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતી કન્યાઓને અનાજ

૧૨૩૧૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકામાં ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓને ૬૦ કિલો અનાજ આપવાની યોજનાનો તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી અમલ કરવામાં આવ્યો નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૧) (૨) (૩) અને (૪) શિક્ષણ વિભાગના તા. ૨૪-૧૨-૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓ/શરતો મુજબ રાજ્યના આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૮માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે વાર્ષિક ૬૦ કિલોગ્રામ અનાજ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જામનગર જિલ્લાનું કોઈ પણ ગામ આદિજાતિ

(૨) જો હા, તો તાલુકાવાર કેટલી આદિવાસી કન્યાઓ આવા લાભથી વંચિત રહેલ છે,

(૩) સરકાર તરફથી મળતી સહાયથી વંચિત રાખનારા સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) સહાયથી ઉક્ત સમયમાં વંચિત રહેલા વિદ્યાર્થીનીઓને સહાય ચૂકવાય તે માટે ઉચ્ચકક્ષાએ કોને જવાબદારી સોંપવામાં આવી છે?

વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં સરકારી, અર્ધસરકારી તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં ખાલી જગ્યાઓ**

૧૦૫૨૧ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સરકારી, અર્ધસરકારી તેમજ ગાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં ટીચીંગ સ્ટાફ, નોનટીચીંગ સ્ટાફ અને આચાર્યશ્રીઓની ખાલી જગ્યાઓ ભરવા સરકાર તરફથી કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) ઉક્ત સ્થિતિએ કોલેજોમાં કેટલા શૈક્ષણિક સ્ટાફની ઘટ છે, અને | (૨) શૈક્ષણિક સ્ટાફમાં, આચાર્ય-૦૨ જગ્યાઓ તથા મદદનીશ વ્યાખ્યાતાઓની-૪૦ જગ્યાઓની ઘટ છે. |
| (૩) તેમાં ભરતી કરવા અંગે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ? | (૩) ભરતીની કાર્યવાહી ચાલી રહેલ છે. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ**

૧૦૯૮૪ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૬૯.૧૯ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે? | (૨) ૪૦૫૫૪. |

---------

**જૂનાગઢ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોને ખાસ તાલીમ**

૧૧૦૧૭ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં જૂનાગઢ જિલ્લામાં શાળા બહારના કેટલા બાળકોને ખાસ તાલીમ આપવામાં આવી, અને | (૧) ૨૫૦૧. |
| (૨) આ ખાસ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૧૬૭.૪૦ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૦૯૪૩ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ કેટલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૩ કોલેજો.

(૨) આ કોલેજોની મંજૂર થયેલ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને

(૨) ૯૫૪ બેઠકો.

(૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડિગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે?

(૩) કુલ ભરાયેલ બેઠકો : ૭૬૦
ખાલી બેઠકો : ૧૯૪

---------

## પાટણ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૦૯૩૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩માં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવનાર કન્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૧૨૯૪ |
| ૨ | સિધ્ધપુર | ૧૫૮ |
| ૩ | ચાણસ્મા | ૧૫૯ |
| ૪ | હારીજ | ૬૨૪ |
| ૫ | સમી | ૧૨૬૨ |
| ૬ | રાધનપુર | ૧૧૧૩ |
| ૭ | સાંતલપુર | ૧૩૮૪ |
| | **કુલ** | **૫૯૯૪** |

(૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૧,૧૯,૮૮,૦૦૦/-

(૩) કન્યાદીઠ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે?

(૩) રૂ. ૨૦૦૦/-.

---------

## કોડીનાર તાલુકામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડની મળેલ અરજીઓ

૧૦૯૬૭ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડ તા.૩૧-૧૨-૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની ૮૯૯ અને અલગ રેશનકાર્ડ માટેની ૩ અરજીઓ મળેલ.

(૨) કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે, અને

(૨) નવા રેશનકાર્ડ માટેની ૮૯૯ અને અલગ રેશનકાર્ડ માટેની ૩ અરજીઓનો નિકાલ થયેલ છે.

(૩) કેટલી અરજીઓ બાકી છે?

(૩) એક પણ અરજી બાકી નથી.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં એકલવ્ય રેસીડિન્સીયલ ગર્લ્સ અને મૉડેલ સ્કુલમાં શિક્ષણ મેળવતા બાળકોની સંખ્યા

૧૧૭૧૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી એકલવ્ય રેસીડિન્સીયલ ગર્લ્સ અને મૉડેલ સ્કુલ કાર્યરત છે. તેમાં શિક્ષણ મેળવતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧)

| શાળાનો પ્રકાર | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| એકલવ્ય ગર્લ્સ | ૧૩ | ૧૬૩૪ |

| | | |
|---|---|---|
| રેસીડેન્સીચલ સ્કુલ | | |
| એકલવ્ય મોડેલ સ્કુલ | ૨ | ૨૦૮ |

(૨) તે અન્વયે સ્કુલ દીઠ મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ઉપર ડેહલી વેજીસ ઉપર સ્થાનિક કમીટી દ્વારા નિમણુંક કરવામાં આવે છે,

(૨) ૧૦.

(૩) ઉક્ત સ્થિતિએ આ શિક્ષકોના મહેનતાણામાં વધારો કરવાનું આયોજન છે કે કેમ ?

(૩) તા. ૧૦/૧૦/૨૦૧૩થી મહેનતાણામાં વધારો કરવામાં આવેલ છે.

---------

**ડાંગ જિલ્લામાં વન વિભાગના રોજમદારોને કાયમી કરવા અંગે**

૧૨૦૪૧ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧.૦૫.૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ઉત્તર અને દક્ષિણ ડીવીઝન વન વિભાગમાં કેટલા રોજમદારો ફરજ બજાવે છે તેમાંથી કેટલા કર્મચારીઓ કાયમી થવાને પાત્ર છે, અને

(૨) જે રોજમદારોને કાયમી કર્યા છે તેમને એરીયર્સની કેટલી રકમ ચૂકવી અને કેટલાને ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧.૦૫.૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ઉત્તર અને દક્ષિણ ડીવીઝનમાં નીચે મુજબની વિગતે રોજમદારો ફરજ બજાવે છે.

| **અ. નં.** | **વિભાગ** | **રોજમદારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ડાંગ ઉત્તર | ૨૪૨ |
| ૨ | ડાંગ દક્ષિણ | ૫૩૮ |
| | **કુલ** | **૭૮૦** |

તેમાંથી કોઈ કર્મચારી કાયમી થવાને પાત્ર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મોરવા હડફ તાલુકામાં વન અધિકાર કાયદા અન્વયે જમીનની માગણી**

૧૧૯૯૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં વન અધિકાર કાયદા અન્વયે જમીનની માગણીના કેટલા દાવા તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દાવાનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) બાકીના દાવાનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૦૬ દાવા પુન: સમીક્ષા હેઠળ છે.

(૨) ૪૩૯.

(૩) નિયમાનુસાર શક્ય તેટલી જલ્દી.

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં કોમ્પ્યુટરથી વંચિત પ્રાથમિક શાળાઓ**

૧૨૩૬૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ કોમ્પ્યુટરોથી વંચિત છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કોમ્પ્યુટરથી વંચિત શાળાઓની વિગત દર્શાવતું **પત્રક** નીચે મુજબ છે.

**અમદાવાદ જિલ્લો :–**

| **તાલુકાનું નામ** | **પ્રાથમિક શાળાઓની સંખ્યા** | **કોમ્પ્યુટરથી વંચિત શાળાઓની સંખ્યા** |
|---|---|---|

| | | |
|---|---|---|
| માંડલ | ૪૯ | ૦ |
| દેત્રોજ | ૭૧ | ૦ |
| સાણંદ | ૧૧૩ | ૧ |
| વિરમગામ | ૧૦૧ | ૦ |
| સીટી | ૫૧ | ૧૭ |
| દશક્રોઈ | ૧૮૯ | ૧૨ |
| ધંધુકા | ૮૫ | ૪ |
| ધોળકા | ૧૦૪ | ૮ |
| રાણપુર | ૪૧ | ૪ |
| બાવળા | ૬૪ | ૧ |
| બરવાળા | ૩૭ | ૨ |
| **કુલ** | **૯૦૫** | **૪૯** |

**મહેસાણા જિલ્લો :–**

| તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટરથી વંચિત શાળાઓની સંખ્યા |
|---|---|---|
| બેચરાજી | ૫૭ | ૦ |
| કડી | ૧૩૭ | ૨૮ |
| ખેરાલુ | ૭૪ | ૦ |
| મહેસાણા | ૧૬૨ | ૦ |
| સતલાસણા | ૬૪ | ૧૧ |
| ઉંઝા | ૬૮ | ૬ |
| વડનગર | ૬૭ | ૨ |
| વિજાપુર | ૧૦૨ | ૦ |
| વિસનગર | ૯૧ | ૩ |
| **કુલ** | **૮૨૨** | **૫૦** |

(૨) જે શાળાઓમાં કોમ્પ્યુટર અપાયા છે ત્યાં કોમ્પ્યુટરના વિષયમાં સ્નાતક શિક્ષકોની ભરતી કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેઓને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં કોમ્પ્યુટર શિક્ષક તરીકે ક્યાં સુધીમાં નિમણૂંક આપવામાં આવશે ?

(૨) કોમ્પ્યુટર લેબ ફાળવેલ શાળાઓમાં ૫ (પાંચ) શાળાદીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે જેની મદદથી શાળાના શિક્ષકો કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ આપે છે.

(૩) તમામ શાળાઓમાં પાંચ શાળાદીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૧૦૦૦ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૨૭ અને ૧૬ મળી કુલ ૪૩ અરજીઓ મંજુર કરી.

(૨) કુલ રૂ. ૬.૫૫ લાખ.

---------

**નાનોદરા સરકારી માધ્યમિક શાળામાં શિક્ષણ ગણનો અપૂરતો સ્ટાફ**

તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

૧૧૫૫૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે આવેલ નાનોદરા સરકારી માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની પૂરતી સંખ્યા હોવા છતાં શાળામાં શિક્ષકગણનો પૂરતો સ્ટાફ નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સરકારી માધ્યમિક શાળામાં પૂરતા શિક્ષકોનો સ્ટાફ ક્યારે ભરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૧૯૫૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નિર્ધારીત ધોરણ પ્રમાણે તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા ઓરડાની જરૂરીયાત છે, | (૧) ૧૮૭૩૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ઓરડાઓ ઉપલબ્ધ છે, | (૨) ૧૭૫૫૮. |
| (૩) કેટલા ઓરડાની ઘટ છે તથા ઘટના શાં કારણો છે, અને | (૩) ૧૧૭૩ ઓરડાની ઘટ છે તથા ઓરડાની ઘટ આર.ટી.ઈ. એક્ટની અમલવારી કરવાથી અને ધોરણ–૮નો ઉચ્ચતર પ્રાયમરીમાં સમાવેશ કરવાને કારણે. |
| (૪) ઘટતા ઓરડાઓનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૪) તબક્કાવાર જેમ બને તેમ જલ્દી. |

---------

**વેરાવળ ખાતે આવેલ સરકારી બોયઝ સ્કુલના મકાન નવા બનાવવાની કાર્યવાહી**

૧૨૦૬૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે આવેલ સરકારી બોયઝ સ્કુલના મકાનને તોડી નાખી નવા બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે, અને | (૧)<br>• આ શાળાના બાંધકામ માટે નકશા અંદાજોની સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.<br>• માર્ગ અને મકાન વિભાગ દ્વારા જરૂરી વહીવટી/ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને મકાન બાંધકામની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થવાની ધારણા છે ? | (૨) તે અન્વયે અંદાજે રૂ઼ા. ૫,૩૩,૪૮,૬૦૦/–નો ખર્ચ થવાની ધારણા છે. |

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાકી કામો**

૧૦૫૭૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ મળી, | (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે. |

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ ગ્રાન્ટ રૂ઼ા. લાખમાં** |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૬૧૩.૧૩ |
| ૨ | જેતપુરપાવી | ૬૫૮.૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | ક્વાંટ | ૧૪૦૧.૩૨ |
| ૪ | નસવાડી | ૫૩૯.૮૪ |
| ૫ | સંખેડા | ૭૬૭.૯૦ |

(૨) તે પૈકી કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયા, (૨) રૂા. ૩૬૫૭.૧૨ લાખના ૭૯૩ કામો.

(૩) કેટલા કામો બાકી છે, અને (૩) ૯.

(૪) બાકી કામો કેટલા સમયમાં પુરા થશે ? (૪) જેમ બને તેમ જલ્દી.

---------

**નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૧૦૧૩ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૭૪૦ શાળાઓમાં. |
| (૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં રેશનકાર્ડમાં ખામીઓ સુધારવા અંગે**

૧૧૩૦૯ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ મેળવવા માટે કે રેશનકાર્ડમાં ખામીઓ/ભૂલો સુધારવા, નામો કમી કરવા કે વધારવા માટે લોકોને મુશ્કેલી ન પડે તે માટે શહેરમાં દરેક વોર્ડદીઠ કચેરીઓ ખોલવા રાજ્ય સરકાર માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં આવી કચેરીઓ કાર્યરત કરવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

---------

**સાગબારામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

૧૧૦૦૫ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના સાગબારામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૬૦૯ હેક્ટર અને ૩૬૫ હેક્ટર મળી કૂલ ૯૭૪ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કૂલ રૂ. ૨૪૫.૩૯ લાખ. |

---------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૧૦૧૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની | (૧) તમામ ૯૯૫ શાળાઓમાં. |

સુવિધા ઉપલબ્ધ છે,

(૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ ના પાઠ્યપુસ્તકોના ભાવમાં વધારો**

૧૦૬૪૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ના પાઠ્યપુસ્તકોના વર્ષવાર ભાવ શું છે?

(૧) સામેલ **પત્રક** મુજબ

**પત્રક**

**વર્ષ ૨૦૧૩ના પાઠ્યપુસ્તકોના સેટના ભાવ (રૂપિયામાં)**

| **ધોરણ** | **ગુજરાતી માધ્યમ** | **અંગ્રેજી માધ્યમ** | **હિન્દી માધ્યમ** | **મરાઠી માધ્યમ** | **સીંધી માધ્યમ** | **ઉર્દુ માધ્યમ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૬ | ૬૭ | ૫૫ | ૫૫ | ૫૫ | ૫૫ |
| ૨ | ૫૦ | ૬૧ | ૫૧ | ૫૧ | ૫૨ | ૪૬ |
| ૩ | ૬૭ | ૭૮ | ૬૯ | ૭૪૧ | ૬૨ | ૭૦ |
| **ધોરણ** | **ગુજરાતી માધ્યમ** | **અંગ્રેજી માધ્યમ** | **હિન્દી માધ્યમ** | **મરાઠી માધ્યમ** | **સીંધી માધ્યમ** | **ઉર્દુ માધ્યમ** |
| ૪ | ૯૫ | ૯૯ | ૮૬ | ૯૨ | ૯૨ | ૯૧ |
| ૫ | ૯૭ | ૭૧ | ૬૯ | ૭૩ | ૬૯ | ૬૮ |
| ૬ | ૪૦૦ | ૨૩૮ | ૨૪૩ | ૨૪૨ | ૨૪૧ | ૨૧૦ |
| ૭ | ૪૩૦ | ૨૪૬ | ૨૪૯ | ૨૫૫ | ૨૫૯ | ૨૩૦ |
| ૮ | ૪૯૦ | ૨૬૩ | ૨૬૨ | ૨૬૦ | ૨૫૭ | ૨૨૪ |

**વર્ષ ૨૦૧૪ના પાઠ્યપુસ્તકોના સેટના ભાવ (રૂપિયામાં)**

| **ધોરણ** | **ગુજરાતી માધ્યમ** | **અંગ્રેજી માધ્યમ** | **હિન્દી માધ્યમ** | **મરાઠી માધ્યમ** | **સીંધી માધ્યમ** | **ઉર્દુ માધ્યમ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૭ | ૬૭ | ૫૫ | ૫૫ | ૫૫ | ૫૫ |
| ૨ | ૧૩૩ | ૬૧ | ૫૧ | ૫૧ | ૫૨ | ૪૩ |
| ૩ | ૧૫૯ | ૭૮ | ૬૯ | ૭૧ | ૬૨ | ૭૦ |
| ૪ | ૨૩૧ | ૯૯ | ૮૬ | ૯૨ | ૯૨ | ૯૧ |
| ૫ | ૨૪૬ | ૭૧ | ૬૯ | ૭૩ | ૬૯ | ૬૮ |
| ૬ | ૪૦૦ | ૨૪૩ | ૨૪૩ | ૨૪૨ | ૨૪૧ | ૨૧૦ |
| ૭ | ૪૩૦ | ૨૫૧ | ૨૪૯ | ૨૫૫ | ૨૫૯ | ૨૩૦ |
| ૮ | ૪૯૦ | ૨૬૮ | ૨૩૨ | ૨૬૦ | ૨૫૭ | ૨૨૪ |

(૨) ઉક્ત સ્થિતિએ આ વર્ષે પાઠ્ય પુસ્તકોના ભાવમાં વધારો થયેલ છે કે કેમ અને જો હા, તો તેના કારણો કયા છે, અને

(૨) હા, જી. નવો અભ્યાસક્રમ અમલમાં આવવાને કારણે પુસ્તકોની સાઈઝ, કદ, લેમીનેશન તેમજ બાઈન્ડીંગ અને કાગળોની કિંમત વધવાને કારણે પુસ્તકોની કિંમતમાં વધારો થયેલ છે.

(૩) આ અંગે સરકાર શાં પગલાં લેવા માંગે છે?

(૩) પાઠ્ય પુસ્તકોની કિંમત **''નહી નફો નહી નુકસાન''** ના ધોરણે નિર્ધારીત કરવામાં આવેલ છે. તેમજ અન્ય પ્રકાશનોની સરખામણીમાં ઓછી કિંમતે પાઠ્ય પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

---------

**ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય સરકારે ફાળવેલ રકમ**

૧૨૩૩૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય સરકારે ફાળવવાની થતી ૧૦ ટકા રકમ જિલ્લાવાર કેટલી ફાળવવામાં આવી?

(રૂા. લાખમાં)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ (૫ ટકા લેખે) | વર્ષ ૨૦૧૩–૧૪ (૧૦ ટકા લેખે) |
|---|---|---|
| વલસાડ | ૨૩૪.૩૬ | ૧૫૬.૩૨ |
| નવસારી | ૩૦૦.૦૦ | ૨૮૮.૦૭ |
| તાપી | ૧૩૦.૦૦ | ૩૬૭.૪૦ |
| પંચમહાલ | ૨૩૧.૩૫ | ૪૫.૯૧ |
| દાહોદ | ૦૦.૦૦ | ૨૮૪.૪૪ |
| ડાંગ | ૦૦.૦૦ | ૧૭૪.૦૦ |
| સાબરકાંઠા | ૭૭.૬૪ | ૬૮.૮૪ |
| બનાસકાંઠા | ૧૦૪.૨૯ | ૧૦૨.૩૬ |
| છોટા ઉદેપુર | ૦૦.૦૦ | ૨૨૮.૯૯ |
| નર્મદા | ૧૬૬.૦૦ | ૨૦૬.૩૩ |
| ભરૂચ | ૪૨.૦૦ | ૨૪૭.૯૧ |
| સુરત | ૫૪૬.૧૨ | ૧૨૭૩.૨૮ |
| અમદાવાદ | ૦૦.૦૦ | ૧૨.૦૧ |
| ગાંધીનગર | ૦૦.૦૦ | ૧૪.૩૦ |
| આણંદ | ૦૦.૦૦ | ૭.૫૯ |
| રાજકોટ | ૦૦.૦૦ | ૯.૦૬ |
| ભાવનગર | ૦૦.૦૦ | ૬.૪૦ |
| જામનગર | ૦૦.૦૦ | ૩.૪૦ |
| જુનાગઢ | ૦૦.૦૦ | ૧.૭૯ |
| રાજ્ય કક્ષાએ શૈક્ષણિક હેતુ માટે | ૦૦.૦૦ | ૨૦૦.૦૦ |

---------

**અમદાવાદ શહેર–જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં ભેળસેળ અંગે ફરિયાદો**

૧૦૫૪૦ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર–જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં ભોજનની નબળી ગુણવત્તા કે ભેળસેળ અંગે કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે આ ખોરાકની ગુણવત્તા અંગે તેના નમુનાઓ કઈ લેબોરેટરીમાં તપાસ માટે ક્યારે મોકલવામાં આવ્યા, અને

(૩) તપાસ રીપોર્ટ આવ્યો હોય તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન વિસ્તારમાં આવેલ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનામાં ભોજનની નબળી ગુણવત્તા કે ભેળસેળ અંગે બે ફરિયાદો મળેલ હતી. અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવી ફરિયાદો મળેલ નથી.

(૨) ફરિયાદો સંબંધમાં ખોરાકની ગુણવત્તા અંગે તેના નમુનાઓ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આરોગ્ય ખાતાની લેબોરેટરીમાં ચકાસણી અર્થે તા. ૨૩–૮–૧૨ તથા તા. ૧૮–૭–૧૩ના રોજ મોકલવામાં આવેલ.

(૩) તા. ૨૩–૮–૨૦૧૨ના રોજ મોકલાવેલ નમૂનાનો રીપોર્ટ તા. ૬–૯–૧૨ ના રોજ મળેલ છે, જે મુજબ જથ્થાની ગુણવત્તા નિયત ધોરણોની કસોટીએ ખરી ઉતરેલ જણાય છે. તેમજ તા. ૧૮–૭–૨૦૧૩ના રોજ મોકલેલ તેલના નમૂનાનો રીપોર્ટ તા. ૨૯–૭–૨૦૧૩ના રોજ મળેલ છે. જે મુજબ તેલની ગુણવત્તા નિયત ધોરણો પ્રમાણેની જણાયેલ નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગામના સરપંચોને માનદ્ વન્ય પ્રાણી વોર્ડનની નિમણૂંક**

૧૧૦૦૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ગામના સરપંચોને તારીખ ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં માનદ્ વન્યપ્રાણી વોર્ડનની નિમણૂંક આપવામાં આવી? ૧૧૮.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓની અછત**

૧૧૫૫૨ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે, પીવાનું પાણી, શૌચાલય અને રમત ગમતનું મેદાન જેવી પ્રાથમિક સુવિધા ન હોય તેવી કેટલી શાળાઓ આવેલી છે.

(૨) આ પૈકી આવી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ સત્વરે ઉભી કરવા સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ ઉક્ત જિલ્લાની શાળાઓમાં ઉપલબ્ધ થશે?

**જવાબ**

(૧) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક સુવિધા ન હોય તેવી શાળાઓની સંખ્યા

| ક્રમ | જિલ્લો | શાળાનો પ્રકાર | પીવાનું પાણી | શૌચાલય | રમત ગમતનું મેદાન |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | સરકારી પ્રાથમિક | ૦૦ | ૦૦ | ૪૫ |
| | | સરકારી માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | ગ્રાન્ટેડ માધ્યમિક | ૦૦ | ૦૧ | ૧૬ |
| ૨ | મહેસાણા | સરકારી પ્રાથમિક | ૦૦ | ૦૦ | ૧૭૪ |
| | | સરકારી માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | ગ્રાન્ટેડ માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૩ |

(૨) પ્રાથમિક શાળાઓમાં જમીન ઉપલબ્ધ થયેથી મેદાનની વ્યવસ્થા કરવામાં આવશે જ્યારે બીન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓએ રમત ગમતનું મેદાન, પીવાના પાણીની સુવિધા તથા શૌચાલયોની વ્યવસ્થા જાતે કરવાની હોઈ તે અંગે વેળાસર જરૂરી સુચનાઓ આપવામાં આવશે.

(૩) ખંડ (૨) માં જણાવ્યા મુજબ.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં બાંધકામ માટેની અરજીઓ**

૧૦૬૨૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સી.આર.ઝેડ) માં બાંધકામ કરવા માટે કોના તરફથી કેટલી જમીનમાં કેટલું બાંધકામ કરવા માટેની અરજીઓ મળી,

**જવાબ**

(૧) જામનગરમાં-૨ અરજી વર્ષ ૨૦૧૩માં

(૧) મે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ સિક્કા,જામનગર

-જેટી માટેના ત્રણ બર્થ (૩૫૦મી X ૧૦૦મી) (૩૦૦મી X ૧૦૦મી) (૩૦૦મી X ૭૦૦મી)

-મલ્ટી પર્પઝ જેટી બે બર્થ (૪૦૦મી X ૨૫મી) ની બે

-ટર્નિંગ સર્કલ

-એડીશનલ નેવીગેશન ચેનલ

-ઈન્ટેક અને આઉટ ફોલ ફેશીલીટી

(૨) મે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લીમીટિડ, સિક્કા જામનગર

-હયાત જેટીની પાસે ડ્રેઝીગ (૨.૫ લાખ ઘન મીટર)

-પાઈપ લાઈન

-એમોનિયા સ્ટ્રોરેજ ટેંક (૨ નંગ-૧૦૦૦૦ મેટ્રિક ટન

કેપેસીટી)
–ફોસ્ફોરીક એસીડ સ્ટૉરેજ ટેંક (૩ નંગ ૧૦૦૦૦ મેટ્રિક ટન કેપેસીટી

દેવભુમિ દ્વારકામાં–૪ અરજીઓ વર્ષ ૨૦૧૩માં ૨ અને ૨૦૧૪–૨ મળી કુલ–૪

(૧) મુખ્ય વન સંરક્ષક શ્રી મરીન નેશનલ પાર્ક, ફૉરેસ્ટ ડિપાર્ટમેંટ–જામનગર
નરારા ખાતેના મરીન ઈન્ટર પ્રિટેશન સેન્ટરમાં સુધારો કરવા માટે

(૨) મુખ્ય વન સંરક્ષક શ્રી મરીન નેશનલ પાર્ક, ફૉરેસ્ટ ડિપાર્ટમેંટ–જામનગર
દરીયાઈ કાચબાના સંરક્ષણ કરવા હેચરી માટે

(૩) વાડીનાર ઓઈલ ટર્મિનલ લિમિટેડ–જામનગર
બે વધારાના બર્થ (૩૦૦ X ૨૫) માટે વાડીનાર, જામનગર ખાતે

(૪) મે. RSPL Limited ગામ–કસુંગા, દેવભૂમિ દ્વારકા ખાતે દરિયાનું પાણી લેવા માટેની પાઈપ લાઈન ૧૦૨૬ મીટર તેમજ શુધ્ધ કરેલા પાણીના નિકાલ કરવા માટેની પાઈપ લાઈન ૨૦૦૦ મીટર

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કોને ક્યારે મંજૂરી આપવામાં આવી અને કોની અરજીઓ નામંજુર કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) કોસ્ટલ રેગ્યુલેશન ઝોન વિસ્તારમાં ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેંટ ઓથોરીટીને પરવાનગી પાત્ર પ્રવૃતિને મંજૂરી આપવા માટે ભલામણ કરવાની સત્તા છે.
વર્ષ ૨૦૧૩મા મે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ સિક્કા, જામનગર માટે તા. ૧૧–૦૬–૨૦૧૩ અને મે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કમિકલ લીમીટેડ, સિક્કા જામનગર માટે તા. ૧૨–૦૨–૨૦૧૪ના રોજ ભારત સરકારને ભલામણ કરવામાં આવેલ છે.
ચાર અરજીઓ પડતર છે.

(૩) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીની હવે પછી મળનાર મિટીંગમાં પડતર અરજીઓ અંગે નિર્ણય કરવામાં આવશે.

---------

**મહીસાગર જિલ્લામાં ચેકડેમ, વન તલાવડીઓ અને અનુશ્રવણ તળાવો બનાવવા**

૧૦૫૮૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં છેલ્લા બે વર્ષ દરમિયાન વન વિભાગ દ્વારા કયા કયા ગામોમાં ચેકડેમ અને વન તલાવડીઓ અને અનુશ્રવણ તળાવો બનાવવામાં આવ્યા, અને

(૧)

| અ. નં. | વર્ષ | તાલુકાનું નામ | ગામનું નામ | વન તલાવડી | ચેક ડેમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | સંતરામપુર | સીમલીયા | ૦ | ૩ |
| ૨ | | વીરપુર | ચીખલી | ૦ | ૪ |
| ૩ | | | સાલૈયા | ૦ | ૨ |
| ૪ | | | નાસરોલી | ૦ | ૧ |
| ૫ | | | વિરપુર | ૦ | ૧ |
| ૬ | | | રસુલપુર | ૧ | ૧ |
| ૭ | | | આસપુર | ૧ | ૦ |
| | | | **કૂલ** | **૨** | **૧૨** |
| ૧ | ૨૦૧૩–૧૪ | ખાનપુર | વાવકુવા | ૩ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | | બાલાશિનોર | રસોડા | ૧ | ૦ |
| ૩ | | | કરણપુર | ૧૦ | ૦ |
| ૪ | | વિરપુર | ભરોડી | ૩ | ૧ |
| ૫ | | | બારોડા | ૦ | ૧ |
| ૬ | | | કોયડમ | ૦ | ૧ |
| ૭ | | | નાસરોલી | ૧ | ૦ |
| | | | **કૂલ** | **૧૮** | **૩** |

છેલ્લા બે વર્ષમાં અનુશ્રવણ તળાવ બનાવવામાં આવેલ નથી.

(૨) આ અંગે કૂલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૨) કૂલ રૂ. ૬૫.૩૩ લાખ.

---------

**નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

૧૦૯૮૬ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૧ (એક).

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૧૦૮.

---------

**દાહોદ જિલ્લામાં ડીગ્રી અને ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૧૯૩૩ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી અને ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ડીગ્રી ઈજનેરી કોલેજ ૦૧
ડિપ્લોમા ઈજનેરી કોલેજ ૦૧
-----------------
કુલ કોલેજો ૦૨

(૨) તેમાં મંજૂર થયેલ ડીગ્રી અને ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને

(૨) ડીગ્રી ઈજનેરી બેઠકો ૪૮૦
ડિપ્લોમા ઈજનેરી બેઠકો ૭૮૦
-----------------
કુલ બેઠકો ૧૨૬૦

(૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી અને ડીપ્લોમા ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ?

(૩) ડીગ્રી ઈજનેરી ભરાયેલ બેઠકો ૪૬૦
ડિપ્લોમા ઈજનેરી ભરાયેલ બેઠકો ૭૬૨
----------------------
કુલ ભરાયેલ બેઠકો ૧૨૨૨

ડીગ્રી ઈજનેરી ખાલી બેઠકો ૨૦
ડિપ્લોમા ઈજનેરી ખાલી બેઠકો ૧૮
----------------------
કુલ ખાલી બેઠકો ૩૮

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં મોનીટરીંગ અને માર્ગદર્શન માટે શાળા વ્યવસ્થા સમિતિની રચના**

૧૨૦૭૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષાએ મોનીટરીંગ અને માર્ગદર્શન માટે શાળા વ્યવસ્થાની પુનઃ રચના કરવામાં આવી છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરેલ શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૫૦ |
| ૨ | ઉમરેઠ | ૧૨૦ |
| ૩ | બોરસદ | ૨૨૫ |
| ૪ | આંકલાવ | ૯૯ |
| ૫ | પેટલાદ | ૧૭૨ |
| ૬ | સોજિત્રા | ૬૧ |
| ૭ | ખંભાત | ૧૬૨ |
| ૮ | તારાપુર | ૫૪ |
| | કુલ | ૧૧૪૩ |

(૨) ઉક્ત સમિતિની મુદત કેટલા વર્ષની હોય છે તેની પુનઃરચના કેટલા સમયમાં કરવાની થાય છે, અને

(૨) સમિતિની મુદત બે વર્ષની હોય છે. બે વર્ષે પુનઃરચના કરવાની થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આ સમિતિ મારફતે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૩)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સમિતિ મારફતે થયેલ ખર્ચ** | |
|---|---|---|---|
| | | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** |
| ૧ | આણંદ | ૮,૫૧,૮૬,૨૬૯ | ૨,૩૪,૬૦,૫૮૦ |
| ૨ | ઉમરેઠ | ૨,૨૫,૦૬,૯૫૪ | ૧,૫૪,૪૬,૩૩૦ |
| ૩ | બોરસદ | ૫૪,૧૩,૫૧૯ | ૪૪,૦૪,૭૨૮ |
| ૪ | આંકલાવ | ૨,૭૩,૪૯,૮૩૭ | ૩,૬૨,૧૩,૩૪૧ |
| ૫ | પેટલાદ | ૧૫,૩૦,૫૨૨ | ૧૯,૪૧,૫૬,૭૭૫ |
| ૬ | સોજિત્રા | ૧,૫૯,૪૦,૪૪૯ | ૧૦,૨૭,૯૩૦ |
| ૭ | ખંભાત | ૩૦,૭૮,૦૨૦ | ૨,૬૫,૨૯,૮૧૧ |
| ૮ | તારાપુર | ૧,૭૮,૧૦,૩૦૧ | ૪૩,૫૭,૫૮૩ |
| | કુલ | ૧૭,૮૮,૧૫,૮૮ | ૩૦,૫૫,૯૭,૦૭ |

---------

## પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના રીપેરીંગ માટેની અરજીઓ

૧૧૦૫૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના રીપેરીંગ માટે તાલુકાવાર કુલ કેટલી શાળાઓની અરજીઓ સરકારને મળેલ છે, અને

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના રીપેરીંગ માટે તાલુકાવાર કુલ નીચે મુજબ ૧૧૩ શાળાઓની અરજીઓ સરકારને મળેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૩૨ |
| ૨ | હારીજ | ૬ |
| ૩ | પાટણ | ૧૨ |
| ૪ | રાધનપુર | ૭ |
| ૫ | સમી | ૧૪ |
| ૬ | સાંતલપુર | ૧૫ |
| ૭ | સિધ્ધપુર | ૨૭ |

| | કુલ | ૧૧૩ |
|---|---|---|

(૨) કેટલી શાળાઓના રીપેરીંગ કામ મંજૂર કરવામાં આવ્યા, કેટલો ખર્ચ થયો ?

(૨) ૭૨ શાળાઓના અને રૂા. ૨૧૦.૦૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**કચ્છ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર**

૧૧૦૦૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૧)

| વર્ષ | ચેરનું વાવેતર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૫૮૪૮ |
| ૨૦૧૩–૧૪ | ૫૯૩૦ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૦૫૫.૨૦ |
| ૨૦૧૩–૧૪ | ૧૨૦૬.૭૧ |

---------

**અમરેલી અને કુંકાવાવ તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કામોને મંજૂરી**

૧૦૮૮૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અમરેલી અને કુંકાવાવ તાલુકાના કયા કયા ગામોમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કુલ કેટલા કામોને મંજૂર કરવામાં આવ્યા અને તે અંગે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે,

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અમરેલી અને કુંકાવાવ તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જુદા જુદા ગામોમાં કુલ ૪૭૪ કામો મંજૂર કરવામાં આવ્યા અને તે અંગે ૧૪૦૬,૧૯ લાખની મંજૂરી આપવામાં આવી ગામ વાઇઝ વિગત દર્શાવતું ***પત્રક–૧** આ સાથે સામેલ છે.

(૨) ઉપરોક્ત મંજૂર કરેલા કામો પૈકી કુલ કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે, અને કેટલા પડતર છે,

(૨) તમામ ૪૭૪ કામો પૂર્ણ થયેલા છે અને એકપણ કામ પ્રગતિમાં કે પડતર નથી.

(૩) મંજૂર કામો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના દાખલા મેળવવા માટેની અરજીઓ**

૧૧૩૨૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જન જાતિના દાખલાઓ મેળવવા વર્ષવાર કેટલી અરજીઓ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર આવી,

(૧) સામેલ **પત્રક** મુજબ

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે વર્ષવાર અરજીઓ મંજૂર કરવા કેટલી મીટીંગો મળી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મળેલ બેઠક | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૧–૬–૧૨ થી | ૧૪ | ૩૯૨ |

| | | | |
|---|---|---|---|
| | ૩૧-૫-૧૩ | | |
| ૨ | ૧-૬-૧૩ થી ૩૧-૫-૧૪ | ૧૬ | ૧૬૫૫ |

(૩) તે અન્વયે કેટલી અરજીઓ નામંજુર કરી, તેના કારણો શાં છે ?

(૩)

| ક્રમ | વર્ષ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ | ૯૧૪ |
| ૨ | ૧-૬-૧૩ થી ૩૧-૫-૧૪ | ૧૦૭૧ |

ના મંજૂરના કારણોઃ-

(ક) અરજદારો દ્વારા પૂરતા આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી

(ખ) વારસાઈ આંબો સુસંગત ન હોવાથી

**પત્રક**

| ક્રમ | ગીર સોમનાથ જીલ્લાના તાલુકા | તા. ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ સુધીમાં મળેલ અરજીઓ | તા. ૧-૬-૧૩ થી ૩૧-૫-૧૪ સુધીમાં મળેલ અરજીઓ | જુનાગઢ જીલ્લાના તાલુકા | તા. ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ સુધીમાં મળેલ અરજીઓ | તા. ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૪ સુધીમાં મળેલ અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વેરાવળ | ૦૮ | ૩૬ | જુનાગઢ | ૧૦૭ | ૯૩ |
| ૨ | તલાલા | ૩૮૧ | ૧૨૦૮ | વંથલી | ૪૦ | ૧૧૯ |
| ૩ | સુત્રાપાડા | ૧૨ | ૧૩ | ભેંસાણ | – | ૦૧ |
| ૪ | કોડીનાર | ૦૮ | – | માણાવદર | ૬૦ | ૭૪ |
| ૫ | ઉના | ૧૦ | ૧૧ | વિસાવદર | ૩૯ | ૯૩ |
| ૬ | ગીર ગઢડા | – | – | કેશોદ | ૨૩૫ | ૪૯૪ |
| ૭ | | | | માંગરોળ | ૨૫૩ | ૨૭૧ |
| ૮ | | | | માળીયા હાટીના | ૧૬૨ | ૪૪૧ |
| ૯ | | | | મેંદરડા | ૧૫ | ૬૭ |
| | કુલ | ૪૧૯ | ૧૨૬૮ | કુલ | ૯૧૧ | ૧૬૫૩ |

---------

**વલસાડ જિલ્લામાં નવી સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવા અંગે**

૧૦૫૭૩ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ગ્રાન્ટેડ સાયન્સ કોલેજો કેટલી છે,

(૨) તે અન્વયે ધોરણ-૧૨ સાયન્સના કેટલા વિદ્યાર્થીઓ આ કોલેજમાં એડમીશનથી વંચિત રહી ગયા છે, અને

(૩) રાજ્ય સરકાર વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ નવી સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવાનું આયોજન કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૦૧ (એક)

(૨) પ્રથમ વર્ષ બી.એસસી. માં જૂન-૨૦૧૩ માં ૨૮૪૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અરજી કરેલ જે પૈકી ૧૫૦૩ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયેલા હતા.

(૩) હા, જી. ભિલાડ ખાતે સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજનું એક્ષટેન્શન સેન્ટર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગામના સરપંચોને માનદ્ વન્ય પ્રાણી વોર્ડનની નિમણૂંક**

૧૦૯૯૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ગામના સરપંચોને તારીખઃ ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં માનદ્ વન્યપ્રાણી વોર્ડનની નિમણૂંક આપવામાં આવી ?

**જવાબ**

૩૨૮

---------

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો**

૧૧૯૨૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) ૨ (બે).

(૨) ૭૫.

---------

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ**

૧૧૯૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૧૪૨ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ◌ા. ૧૪.૨૦ લાખ. |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં પોલીટિકનીક તથા ડિગ્રી એન્જીનિયરીંગ કોલેજો**

૧૧૬૬૨ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ પોલીટિકનીક તથા ડીગ્રી એન્જીનિયરીંગ કોલેજોમાં કોલેજવાર સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે, | (૧) *પત્રક–અ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) *પત્રક–બ સામેલ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) સરકારી ઈજનેરી કોલેજો/સરકારી પોલીટિકનીકો ખાતે વર્ગ–૧ની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. વર્ગ–૨ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ચાલુ છે. વર્ગ–૩ ના વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ સીધી ભરતી/બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે જ્યારે વર્ગ–૪ ની જગ્યાઓ આઉટ સોર્સીંગ એજન્સી મારફત જરૂરીયાત મુજબ ભરવાની કાર્યવાહી ચાલુ છે. |

(*પત્રકa સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં નવા બારકોડેડ રેશનકાર્ડમાં ભૂલો**

૧૦૫૬૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા બારકોડેડ રેશનકાર્ડ બનાવવા અંગેની કઈ એજન્સીઓને કામગીરી સોંપવામાં આવી, અને | (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા બારકોડેડ રેશનકાર્ડ બનાવવા અંગેની કામગીરી મે. ગુજરાત ઈન્ફોટેક લી., અમદાવાદને સોંપવામાં આવેલ છે. |
| (૨) આવી એજન્સીઓ દ્વારા બારકોડેડ રેશનકાર્ડમાં થયેલી ભૂલો હોય તેમ છતાં અરજદારને નાણાં ચૂકવી ભૂલો સુધરાવવી પડતી હોય સરકાર દ્વારા એજન્સીઓ પાસેથી સદર ભૂલો પેટે કેટલી રકમ વસૂલી ? | (૨) બારકોડેડ રેશનકાર્ડમાં ક્ષતિઓ વિનામૂલ્યે સુધારી આપવામાં આવે છે. એજન્સીને નોટીસ આપવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક વન બનાવવા અંગે**

૧૦૯૭૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં સરકાર ધ્વારા તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સાંસ્કૃતિક વન બનાવવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તે કયા સ્થળે બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના મોજે જેપુરા (પાવાગઢ) ખાતે ''વિરાસત વન'' નામે સાંસ્કૃતિક વન બનાવવામાં આવેલ છે.

---------

**નવસારી જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળામાં ખાલી જગ્યાઓ**

૧૧૫૬૩ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર ઉચ્ચ પ્રાથમિક શાળામાં કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | જલાલપોર | ૨૭ |
| ૨ | નવસારી | ૦૦ |
| ૩ | ગણદેવી | ૦૪ |
| ૪ | ચિખલી | ૧૪ |
| ૫ | વાંસદા | ૬૯ |
| | **કુલઃ** | **૧૧૪** |

છેલ્લા એક વર્ષથી ખાલી છે.

(૨) તબક્કાવાર ભરવામાં આવશે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૦૯૯૯ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં સાબરકાંઠા જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૬ અને ૧૭ મળી કુલ ૨૩ અરજીઓ મંજુર કરી.

(૨) કુલ રૂ. ૬.૪૭ લાખ.

---------

**દાંતા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

૧૦૯૭૦ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ દાંતા તાલુકામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ

**જવાબ**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ૧૪૩૮ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

છેલ્લા નાણાકીય વર્ષમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? (૨) કુલ રૂા. ૪૨૬.૭૨ લાખ.

---------

**બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૧૧૩૪૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ કેટલી છે,

(૧)

| **ક્રમ** | **જીલ્લો** | **ગ્રાન્ટેડ** | **નોન ગ્રાન્ટેડ** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૨ | ૨૫ | ૩૭ |
| ૨ | સાબરકાંઠા | ૨૯ | ૦૬ | ૩૫ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૪૬ | ૭૭ |
| ૪ | પાટણ | ૧૫ | ૦૯ | ૨૪ |
| | **કુલઃ** | **૮૭** | **૮૬** | **૧૭૩** |

(૨) આ જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની નવીન ગ્રાન્ટેડ શાળાઓને મંજૂરી આપવાનું સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત ખરી, અને

(૨) અને (૩) : ના, જી.
નવીન ગ્રાન્ટેડ શાળાઓની મંજૂરી આપવામાં આવતી નથી. પરંતુ, નિયત માપદંડો સંતોષાતા હોય તેવી શાળાઓને નિયમોનુસાર સળંગ એકમમાં ધોરણ-૧૧ના ગ્રાન્ટેડ વર્ગની મંજૂરી આપવામાં આવે છે.

(૩) જો હા તો, તેની વિગતો શી છે અને જો ના, તો તેનાં શાં કારણો છે ?

---------

**વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત ડાંગ જિલ્લામાં શાળાઓ માટેની અરજીઓ**

૧૦૯૯૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત ડાંગ જિલ્લામાં શાળાઓ માટે કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૧) ૮ (આઠ).

(૨) આ જિલ્લાની શાળાઓ માટે કુલ કેટલા હેક્ટર જમીન ડાયવર્ટ કરવામાં આવી ?

(૨) ૧૮.૧૪ હેક્ટર.

---------

**દાહોદ જિલ્લામાં ટ્યુશન કરતા પકડાયેલ શિક્ષકો સામે પગલાં**

૧૦૫૭૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા પ્રાથમિક શાળામાં કયા તાલુકામાં કેટલા શિક્ષકો છેલ્લા એક વર્ષમાં ટ્યુશન કરતા પકડવામાં આવ્યા, અને

(૧) એકપણ નહીં.

(૨) પકડાયેલ શિક્ષકો સામે શાં પગલાં લેવાયા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો**

૧૦૯૮૫ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૨ (બે)

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૩૯૧.

---------

**વલસાડ જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૧૧૭૧૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) વર્ગ–૨ – ૪
વર્ગ–૩ – ૪૦
વર્ગ–૪ – ૩૫

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરાયેલી છે, અને

(૨)

| **વર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| ૨ | ૧ | ૩ |
| ૩ | ૨૩ | ૧૭ |
| ૪ | ૩૫ | – |

(૩) ખાલી પડેલ જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) શક્ય તેટલી જલ્દી ભરવામાં આવશે.

---------

**ગાંધીનગર જિલ્લામાં સ્મશાન સગડીઓ આપવા બાબત**

૧૨૦૫૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કયા ગામોને સ્મશાન સગડીઓ આપવામાં આવી,

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ નીચેની વિગતે સ્મશાન સગડીઓ આપવામાં આવી.

| **વર્ષ** | **તાલુકો** | **ગામ** | **ફાળવેલ સ્મશાન સગડીની સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ગાંધીનગર | ગલુદણ | ૧ |
| | કલોલ | ભાઉપુરા | ૧ |
| | માણસા | સમી | ૧ |
| | દહેગામ | ભાદરોડ, નવાનગર | ૨ |
| | **કુલઃ** | | **૫** |
| ૨૦૧૩–૧૪ | ગાંધીનગર | વાસન, પોર | ૨ |
| | કલોલ | સોજા | ૧ |
| | માણસા | હિંમતપુર, ચરાડા | ૨ |
| | દહેગામ | – | ૦ |

| | કુલઃ | ૫ |
|---|---|---|

(૨) પ્રત્યેક સ્મશાન સગડીઓ દીઠ લાભાર્થી ગ્રામ પંચાયત પાસેથી કેટલી રકમ ફંડ પેટે લેવામાં આવે છે અને રાજ્ય સરકાર તરફથી કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) કોઈ રકમ ફંડ પેટે લેવામાં આવતી નથી. રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતને સ્મશાન સગડી વિના મુલ્યે આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લામાંથી કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલી મંજૂર કેટલી નામંજૂર કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં ૨૦ અને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૨૬ અરજીઓ આવી. અગાઉની ૯ પેન્ડીગ અરજીઓ ઉમેરતા કુલ ૫૫ અરજીઓ પૈકી ૧૦ અરજીઓ મંજૂર કરી. કોઈ પણ અરજી નામંજૂર કરવામાં આવી નથી.

---------

**સર્વ શિક્ષા અભિયાન મિશન હેઠળ ભારત સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૧૨૩૧૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સર્વ શિક્ષા અભિયાન મિશન હેઠળ તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર તરફથી વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળી,

(૨) કેટલી રકમ વર્ષવાર વર્ષના અંતે વણ વપરાયેલ રહી, અને

(૩) કેટલી રકમ ભારત સરકારને પરત કરવામાં આવી અથવા પરત કરાવાની બાકી છે ?

**જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન મિશન હેઠળ તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારને છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ભારત સરકાર તરફથી નીચે મુજબ વર્ષવાર ગ્રાન્ટ મળી.

(રૂા. લાખમાં)

| યોજના | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| એસએસએ | ૧૧૮૨૮૫.૭૯ | ૬૨૦૯૬.૮૦ |

(૨) વર્ષવાર વર્ષના અંતે વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| યોજના | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| એસએસએ | (-) ૧૯૩૭૨.૬૦ | (-) ૨૬૨૬.૩૯ |

(૩) સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં ભારત સરકારને કોઈ રકમ પરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, કારણ કે ભારત સરકાર ગત વર્ષની વણવપરાયેલ રકમ ધ્યાને લઈને ચાલુ વર્ષની ગ્રાન્ટની ફાળવણી કરે છે.

---------

**ખેડા જિલ્લામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૦૮૯૮ **શ્રી ગૌતમભાઈ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકીની આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળામાં-શૂન્ય
ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં-૨૫૯

(૨) જેમ બને તેમ જલ્દી.

---------

**આણંદ જિલ્લામાં ખાનગી માલિકીની જમીનમાં ફાર્મ ફૉરેસ્ટ્રી હેઠળ વાવેતર**

૧૦૯૯૫ **શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં આણંદ જિલ્લામાં

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં અનુક્રમે ૨૦૦ હેક્ટર અને ૨૫૦ હેક્ટર મળી કૂલ ૪૫૦

ખાનગી માલિકીની જમીનમાં કેટલા હેક્ટરમાં ફાર્મ ફોરેસ્ટ્રી હેઠળ વાવેતર કરવામાં આવ્યું, અને

હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું.

(૨) તેની પાછળ સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવી ?

(૨) કુલ રૂ।. ૫.૪૧ લાખની સહાય કરવામાં આવી.

---------

**છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૧૧૭૧૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા રોપાઓ જીવંત છે, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં અનુક્રમે ૫.૬૧ લાખ અને ૧૦.૦૭ લાખ મળી કૂલ ૧૫.૬૮ લાખ રોપાનું વાવેતર કરેલ છે. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકો** | **વાવેતર કરેલ રોપા (લાખમાં)** | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **કુલ** |
| છોટા ઉદેપુર | નસવાડી | ૦.૩૭ | ૦.૫૯ | ૦.૯૬ |
| | છોટા ઉદેપુર | ૦.૫૬ | ૦.૭૩ | ૧.૨૯ |
| | કવાંટ | ૦.૪૩ | ૦.૪૨ | ૦.૮૫ |
| | પાવી જેતપુર | ૦.૫૯ | ૦.૮૬ | ૧.૪૫ |
| | બોડેલી | ૦.૦૪ | ૦.૧૧ | ૦.૧૫ |
| | સંખેડા | ૦.૩૬ | ૦.૫૫ | ૦.૯૧ |
| | કુલઃ | ૨.૩૫ | ૩.૨૬ | ૫.૬૧ |
| વડોદરા | વડોદરા | ૦.૪૮ | ૦.૩૨ | ૦.૮૦ |
| | સાવલી | ૦.૫૧ | ૦.૭૯ | ૧.૩૦ |
| | ડેસર | ૦.૩૧ | ૦.૧૦ | ૦.૪૧ |
| | વાઘોડીયા | ૦.૮૫ | ૦.૮૬ | ૧.૭૧ |
| | ડભોઈ | ૦.૭૯ | ૦.૭૯ | ૧.૫૮ |
| | કરજણ | ૦.૭૯ | ૦.૯૨ | ૧.૭૧ |
| | પાદરા | ૦.૬૭ | ૧.૦૨ | ૧.૬૯ |
| | શિનોર | ૦.૫૬ | ૦.૩૧ | ૦.૮૭ |
| | કુલઃ | ૪.૯૬ | ૫.૧૧ | ૧૦.૦૭ |
| | **એકંદર કુલઃ** | **૭.૩૧** | **૮.૩૭** | **૧૫.૬૮** |

(૨) ઉક્ત સ્થિતિએ ૧૩.૬૯ લાખ રોપા જીવંત છે તેમજ તેની પાછળ કૂલ રૂ।. ૬૦૬.૦૮ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

---------

**ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે જંગલની જમીન આપવા અંગે**

૧૨૦૪૨ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે જંગલની જમીન મેળવવા સંદર્ભમાં કેટલા લાભાર્થીઓને જમીન આપવામાં આવી, અને

(૨) કેટલા લાભાર્થીઓને હજુ જમીન આપવાની બાકી છે, તેઓને કેટલા સમયમાં આ જમીન ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) માન્ય થયેલ ૬૪૫ દાવેદારોને જમીનના આદેશપત્ર આપવામાં આવ્યા છે.

(૨) ૫૮૮૦ દાવાઓ પુન:સમીક્ષા હેઠળ છે. જે પૈકી જે દાવાઓ નિયમ મુજબ માન્ય થશે તે અંગેના આદેશો જેમ બને તેમ જલ્દી આપવામાં આવશે.

---------

**કડાણા તાલુકામાં વન અધિકાર કાયદા અન્વયે જમીનની માગણી**

૧૧૯૯૩ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં વન અધિકાર કાયદા અન્વયે જમીનની માગણીના કેટલા દાવા તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દાવાનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) બાકીના દાવાનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મંજુર થવા પાત્ર તમામ અરજીઓ મંજુર કરેલ છે. જ્યારે ૪૨૧૭ દાવા પુન:સમીક્ષા હેઠળ છે.

(૨) ૩૬૨

(૩) નિયમાનુસાર શક્ય તેટલી જલ્દી.

---------

**અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપવા બાબત**

૧૧૫૬૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રેશનીંગના બારકોડેડ કાર્ડ કેટલા ઈસમોને આપવામાં આવ્યા, અને

(૨) આ બારકોડેડ રેશનકાર્ડમાં વ્યાપક ક્ષતિઓ રહેવા પાછળના કારણો શાં હતા અને તે સુધારવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ રેશનીંગના બારકોડેડ કાર્ડ આપવામાં આવ્યા.

| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ** |
|---|---|
| દેત્રોજ | ૧૯૫૦૭ |
| દસ્ક્રોઈ | ૫૪૮૭૨ |
| ધંધુકા | ૨૨૭૮૧ |
| ધોલેરા | ૯૧૦૫ |
| ધોળકા | ૪૪૯૬૬ |
| બાવળા | ૩૧૯૮૯ |
| માંડલ | ૧૨૩૫૯ |
| વિરમગામ | ૩૭૭૫૫ |
| સાણંદ | ૩૭૭૨૯ |
| **કુલ :** | **૨૭૧૦૬૩** |

(૨) અરજદાર દ્વારા ભરાયેલ ફોર્મ નં. ૧ માં અધુરી વિગતો ભરાયેલ હોવાથી તેમજ ડેટાએન્ટ્રીમાં તથા પ્રિન્ટમાં થયેલ ભુલોનાં કારણે ક્ષતિઓ રહેવા પામેલ. ક્ષતિવાળા રેશનકાર્ડમાં ભુલો વિનામૂલ્યે સુધારી આપવામાં આવે છે. એજન્સીને નોટીસ આપવામાં આવે છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૦૫૭૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ(બારકોડેડ) માટે અને રેશનકાર્ડ જુદા કરવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ (બારકોડેડ) માટે અને રેશનકાર્ડ જુદા કરવા માટેની નીચે મુજબની અરજીઓ આવેલ.

| **તાલુકાનું નામ** | **નવા રેશકાર્ડ માટેની અરજી** | **રેશનકાર્ડ જુદા કરવાની અરજી** |
|---|---|---|
| ક્વાંટ | ૪૯૭૧ | ૨૪૩૬ |

| | | |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૩૯૫૦ | ૨૨૦૪ |
| જેતપુર | ૨૯૮૯ | ૧૪૭૪ |
| નસવાડી | ૧૭૮૩ | ૩૩૦ |
| સંખેડા | ૨૯૦૨ | ૭૩ |
| **કુલઃ** | **૧૬૬૦૨** | **૬૫૧૭** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા નવા રેશનકાર્ડ અને કાર્ડ જુદા કરી આપવામાં આવ્યા,

(૨) નીચે મુજબના નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા અને રેશનકાર્ડ જુદા કરી આપવામાં આવ્યા.

| તાલુકાનું નામ | નવા રેશકાર્ડ આપવામાં આવ્યા | રેશનકાર્ડ જુદા કરી આપવામાં આવ્યા |
|---|---|---|
| ક્વાંટ | ૪૦૬૨ | ૨૦૭૪ |
| છોટા ઉદેપુર | ૩૬૭૭ | ૨૧૨૩ |
| જેતપુર | ૨૪૯૪ | ૧૪૦૭ |
| નસવાડી | ૧૫૦૬ | ૩૦૬ |
| સંખેડા | ૨૫૪૧ | ૬૭ |
| **કુલઃ** | **૧૪૨૮૦** | **૫૯૭૭** |

(૩) કેટલી અરજીઓ બાકી છે, અને

(૩) નવા રેશનકાર્ડ માટેની ૫૬ અરજીઓ અને રેશનકાર્ડ જુદા કરી આપવાની ૨૭ અરજીઓ બાકી છે.

(૪) નવા રેશનકાર્ડ અને રેશનીંગ કાર્ડ જુદા ન કરી આપવાના કારણો શાં છે ?

(૪) નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ જુદા ન કરી આપવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજીમાં અપૂરતી વિગતો

(૨) જરૂરી આધાર-પુરાવા પુરા પાડવામાં ન આવ્યા હોય.

(૩) રેશનકાર્ડ ધારકના ફીંગર પ્રિન્ટ અને ફોટા આપવામાં આવ્યા ન હોય.

---------

**નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષા માટેની તાલીમ**

૧૧૯૨૪ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો નવસારી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૯૩.

છે ?

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૧૩૧૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા નથી, | (૧) એક પણ નહીં |
| (૨) કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ શૌચાલયની વ્યવસ્થા નથી, અને | (૨) એક પણ નહીં |
| (૩) દરેક શાળામાં શૌચાલયની વ્યવસ્થા ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૧૯૩૨ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૨ કોલેજો |
| (૨) તેમાં મંજૂર થયેલ ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે; અને | (૨) ૧૨૩૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડિપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૧૧૬૦<br>ખાલી બેઠકો ૭૦ |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ**

૧૧૫૫૩ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ સામે કયા વિષયના કેટલા શિક્ષકોની શાળાઓમાં ઘટ છે, | (૧) સામેલ ***પત્રક** ૧ થી ૬ મુજબ % |
| (૨) આ શિક્ષકોની ઘટ ક્યારથી છે, અને આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા, અને | (૨) ખાલી જગ્યાઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે. |

| **વર્ષ** | **ખાલી જગ્યાઓ (જિલ્લાવાર)** | |
|---|---|---|
| | **ગાંધીનગર** | **મહેસાણા** |
| ૨૦૦૮–૦૯ | ૦૦ | ૦૬ |
| ૨૦૦૯–૧૦ | ૦૫ | ૦૬ |
| ૨૦૧૦–૧૧ | ૦૦ | ૧૪ |
| ૨૦૧૧–૧૨ | ૬૭ | ૫૮ |
| ૨૦૧૨–૧૩ | ૩૬ | ૧૧૪ |
| ૨૦૧૩–૧૪ | ૬૯ | ૧૦ |

| | |
|---|---|
| | આચાર્ય અને શિક્ષકોની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. |
| (૩) કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૩) શક્ય તેટલી જલ્દી. |

(***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## જામનગર જિલ્લામાં રેશનકાર્ડ ધારકોની ફીંગર પ્રિન્ટ ન મળવા અંગે

૧૦૬૨૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા રેશનકાર્ડમાં ધારકોની ફીંગર પ્રિન્ટ મળતી ન હોવાના કારણે મુશ્કેલી ઉભી થાય છે તેનાથી સરકાર વાકેફ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આવી ક્ષતિઓ સુધારવા સરકારનું શું આયોજન છે ? | (૨) રેશનકાર્ડ ધારકોની ફીંગરપ્રિન્ટ નહીં ઓળખાવાના કારણે ગરીબ લોકોને થતી હાલાકીના કાયમી નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા નીચે પ્રમાણે આયોજન કરવામાં આવેલ છે.<br>(૧) રેશનકાર્ડ ધારકના કુટુંબના ૧૫ વર્ષથી વધુ ઉંમરના તમામ સભ્યોના ફીંગર પ્રિન્ટ મેળવવામાં આવે છે.<br>(૨) મામલતદાર કચેરી/ઝોનલ કચેરીએ પણ કાર્ડધારકો ફીંગર પ્રિન્ટ અને ફોટા આપી શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે.<br>(૩) કનેક્ટીવીટી હોય તેમજ ઇ–ગ્રામ કાર્યરત હોય અને ૮૦% થી વધુ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ ત્યાં જ કુડ કુપનથી જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.<br>(૪) કોઇ કારણસર કુપન ના નીકળી શકે તેવા કિસ્સાઓમાં મહિનાની ૨૦ તારીખ પછી કુપન વગર પણ વિતરણની વ્યવસ્થા અને મંજૂરી આપેલ છે.<br>(૫) કનેક્ટીવીટી અને ફીંગરપ્રિન્ટના પ્રશ્નોને ધ્યાને લઇ કુડકુપન પધ્ધતિથી વિતરણ કરવામાંથી કલેક્ટરશ્રી મુક્તિ આપી શકે છે.<br>(૬) ઇન્ટરનેટ કનેક્ટીવીટી તથા ઇ–ગ્રામ વ્યવસ્થા નથી ત્યાં હેન્ડ લેન્ડ ટર્મીનલ યાંત્રિક ઉપકરણ વાજબી ભાવના દુકાન સંચાલકો વસાવે તે બાબત વિચારણામાં છે. |

---------

## આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી

૧૨૦૭૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેટલી ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં ફાળવી, અને | (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |

| યોજના | ૨૦૧૨-૧૩ | ૧૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ તા. ૩૧-૫-૧૪ |
|---|---|---|---|
| એસએસએ | ૭૬૦૩.૦૫ | ૪૩૧૧.૩૨ | ૭૩૫.૩૨ |

(૨) તે પૈકી તાલુકાવાર કયા હેતુ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૨) માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા નિયત થયેલ નાણાકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે તે મુજબ જિલ્લાકક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી સને ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ તેમજ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ એસએસએ અંતર્ગત આણંદ જિલ્લામાં એનેક્ષર-એ મુજબનો ખર્ચ કરવામાંઆવેલ છે. %

**એનેક્ષર-એ** (રૂ. લાખમાં)

| નં. | પ્રવૃત્તિ (કામો) | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| | એસએસએ | | | |
| ૧ | ટ્રાન્સપોર્ટ/એસકોર્ટ | ૧.૪૨ | ૨૯.૯૭ | ૦.૦૦ |
| ૨ | ન્યુ ટીચર્સ સેલેરી (શિક્ષક પગાર) | ૬૪૭.૩૭ | ૯૦૧.૦૬ | ૦.૦૦ |
| ૩ | બ્લોક રીસાર્સ સેન્ટર (બ્લોક સંસાધન કેન્દ્ર) | ૯૯.૩૨ | ૧૮૧.૬૬ | ૪૩.૦૨ |
| ૪ | કલ્સ્ટર રીસાર્સ સેન્ટર (કલસ્ટર સંસાધન કેન્દ્ર) | ૩૨૬.૫૬ | ૨૬૬.૩૫ | ૪૦.૧૧ |
| ૫ | કેલ ઇન ઇનોવેશન | ૫૯.૫૨ | ૬૦.૭૭ | ૪.૦૮ |
| ૬ | લાઇબ્રેરી | ૭૧.૨૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | સીવીલ વર્કસ (બાંધકામ વિભાગ) | ૪૫૮૧.૫૭ | ૧૪૦૫.૭૯ | ૩૨૬.૧૯ |
| ૮ | ઇજીએસ/એઆઇઇ શિક્ષણ ગેરંટી યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | સ્પેશિયલ ટ્રેનિંગ | ૪૩.૮૯ | ૧૦૮.૭૬ | ૦.૦૦ |
| ૧૦ | ફ્રી ટેક્ષ બુક | ૪૩૮.૩૫ | ૮૪.૨૦ | ૦.૦૦ |
| ૧૧ | ઇનોવેટીવ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૨ | આઇ.ઇ.ડી.(વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ) | ૨૨૩.૭૩ | ૧૨૮.૦૦ | ૪.૯૬ |
| ૧૩ | સ્કુલ મેઇન્ટેનન્સ | ૧૧૯.૨૮ | ૧૨૦.૧૩ | ૦.૦૦ |
| ૧૪ | મેનેજમેન્ટ અને એમ.આઇ.એસ. | ૩૮૮.૨૮ | ૨૪૬.૬૨ | ૧૭.૭૯ |
| ૧૫ | આર એન્ડ ઇ (સંશોધન, મૂલ્યાંકન, સંચાલન અને નિરીક્ષણ) | ૧.૧૮ | ૨.૨૩ | ૦.૦૦ |
| ૧૬ | સ્કુલ ગ્રાન્ટ | ૧૦૯.૯૨ | ૧૦૭.૯૫ | ૦.૦૦ |
| ૧૭ | ટીચર્સ ગ્રાન્ટ | ૩૭.૭૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | ટીચર્સ ટ્રેનિંગ | ૧૮૪.૬૫ | ૬૧.૩૧ | ૦.૦૦ |
| ૧૯ | ટી.એલ.ઇ. (શિક્ષકોને શીખવવાના સાધનો) | ૩૯.૦૦ | ૬.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | કોમ્યુનીટી મોબીલાઇઝેશન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | એસ.એમ.સી./પી.આર.આઇ. ટ્રેનિંગ (શાળા પ્રબંધન(વ્યવસ્થાપક) મંડળ) પંચાયતી રાજ સંસ્થા | ૬૭.૬૪ | ૧૮.૧૨ | ૦.૦૦ |
| ૨૨ | મેજર રીપેરીંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| નં. | પ્રવૃત્તિ (કામો) | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ૨૩ | ઇનોવેટીવ હેડ | ૨૯.૬૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૪ | સ્ટેટ કમ્પોનેન્ટસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૫ | એનપીઇજીઇએલ<br>પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ | ૧.૪૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૬ | કે.જી.બી.વી. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલઃ-** | **૭૪૭૧.૮૨** | **૩૭૨૮.૯૨** | **૪૩૬.૧૫** |

---------

**પાટણ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૧૦૬૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી અનુદાનની અને નોન ગ્રાન્ટેડ ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા આ ખાલી જગ્યાઓ કયાં સમય સુધી ભરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | અનુદાનિત શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ | | | નોન ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
| પાટણ | ૨૮ | ૧૪ | ૪૨ | ૦૩ | ૧૫ | ૧૮ |
| સિધ્ધપુર | ૨૫ | ૧૧ | ૩૬ | ૦૨ | ૦૬ | ૦૮ |
| ચાણસ્મા | ૧૮ | ૦૮ | ૨૬ | ૦૧ | ૦૦ | ૦૧ |
| હારીજ | ૧૬ | ૦૬ | ૨૨ | ૦૩ | ૦૦ | ૦૩ |
| સમી | ૧૨ | ૦૪ | ૧૬ | ૦૬ | ૦૪ | ૧૦ |
| રાધનપુર | ૧૪ | ૦૮ | ૨૨ | ૦૩ | ૦૧ | ૦૪ |
| સાંતલપુર | ૦૯ | ૦૩ | ૧૨ | ૦૪ | ૦૦ | ૦૪ |
| **કુલઃ** | **૧૨૨** | **૫૪** | **૧૭૬** | **૨૨** | **૨૬** | **૪૮** |

(૨) અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીની કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીની કાર્યવાહી ચાલુ છે; ભરતી બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ ભરવા અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. નોન ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભરતી સરકાર દ્વારા કરવામાં આવતી નથી.

---------

**આરક્ષિત જંગલ વિસ્તારની હદથી બહાર વિકાસ કામોને મંજૂરી**

૧૦૮૮૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આરક્ષિત જંગલ વિસ્તારની હદથી બહાર કેટલા અંતર સુધી, કેવા પ્રકારના અને કયા કયા હેતુસરના કામોને વિકાસ મંજૂરી આપી શકાય નહીં, અને

(૨) ઉપરોક્ત નિયમોની મર્યાદામાં રહીને સુચિત ક્ષેત્રની અંદર ''ઇકો ફ્રેન્ડલી ટુરીઝમ ડેવલપમેન્ટ

**જવાબ**

(૧) આરક્ષિત જંગલ વિસ્તારની હદથી બહાર ૫૦ મીટર સુધી સલામત અંતર રાખવાની નીતિ વન ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.

(૨) ''ઇકો ફ્રેન્ડલી ટુરીઝમ ડેવલપમેન્ટ પોલીસી'' ને ઉપરોક્ત નીતિ લાગુ પડતી નથી પણ વન અને પર્યાવરણ

પોલીસી'' બનાવવા રાજ્ય સરકરનું શું અને કેવા પ્રકારનું આયોજન છે ?

વિભાગના તા.૩૧-૦૧-૨૦૦૭ના ઠરાવથી અમલમાં આવેલ ઈકો ટુરીઝમ પોલીસીની મર્યાદામાં રહી ઈકો ટુરીઝમની કામગીરી કરી શકાય છે.

---------

**ગીર પૂર્વ વન વિભાગને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૩૨૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં વર્ષવાર ગીર પૂર્વ વન વિભાગને કયા હેતુ માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **ફાળવેલ રકમ(રૂા.લાખમાં)** |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૭૪૭.૩૭ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૮૬૪.૨૮ |
| ૩. | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ) | ૩૩૨.૬૫ |
| | **કુલઃ** | **૧૯૪૪.૩૦** |

ઉક્ત ગ્રાન્ટના હેતુની વિગત દર્શાવતું **પત્રક-૧,** આ સાથે સામેલ છે.

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી વર્ષવાર કયા પ્રકારના કુલ કેટલા કામો શરૂ કરી પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) શરૂ કરી પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગતો **પત્રક-૨** માં સામેલ છે.

(૩) કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે અને કેટલી ગ્રાન્ટ વપરાયા વગરની રહી છે ?

(૩) કોઇ કામો પૂર્ણ કરવાના બાકી નથી. વપરાયા વગરની ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **વપરાયા વગરની ગ્રાન્ટની રકમ (રૂા.લાખમાં)** |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૧૪.૪૪ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૯.૪૨ |
| | **કુલઃ** | **૨૩.૮૬** |

(***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજૂરી**

૧૧૯૩૧ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર શાળાઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **માધ્યમિક** | **ઉચ્ચતર માધ્યમિક** |
| ૧ | કાંકરેજ | ૦૩ | ૦૧ |
| ૨ | ડિસા | ૦૧ | ૦૦ |
| ૩ | ધાનેરા | ૦૨ | ૦૦ |
| ૪ | પાલનપુર | ૦૨ | ૦૩ |
| ૫ | થરાદ | ૦૦ | ૦૧ |
| ૬ | વડગામ | ૦૦ | ૦૧ |

(૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકો | નામંજૂર શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| ૧ | ડિસા | ૦૧ | ૦૦ |
| ૨ | પાલનપુર | ૦૨ | ૦૬ |
| ૩ | વડગામ | ૦૦ | ૦૪ |
| ૪ | ધાનેરા | ૦૦ | ૦૧ |
| ૫ | દાંતા | ૦૦ | ૦૧ |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ**

૧૧૬૬૩ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ સામે ક્યા ક્યા વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨) આ શિક્ષકોની ઘટ ક્યારથી છે, અને આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક–૧ થી ૫ મુજબ.

(૨) ખાલી જગ્યાઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ખાલી જગ્યાઓ (જિલ્લાવાર) | |
|---|---|---|
| | રાજકોટ | મોરબી |
| ૨૦૦૮–૦૯ | ૨૦ | ૧૦ |
| ૨૦૦૯–૧૦ | ૧૭ | ૧૮ |
| ૨૦૧૦–૧૧ | ૧૫ | ૦૮ |
| ૨૦૧૧–૧૨ | ૩૦ | ૦૭ |
| ૨૦૧૨–૧૩ | ૭૫ | ૩૪ |
| ૨૦૧૩–૧૪ | ૧૬૦ | ૩૩ |

બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં

(૩) શક્ય તેટલી જલદી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં ખાસ અંગભુત યોજના પાછળ ખર્ચ**

૧૦૫૭૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લાના વન વિભાગને ખાસ અંગભુત યોજનામાં કેટલી ગ્રાન્ટ છેલ્લા બે વર્ષ દરમ્યાન ફાળવી, અને

(૨) તે અન્વયે આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ ક્યા કામોમાં ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે રૂ.૬૫.૬૬ લાખ અને રૂ.૯૬.૪૮ લાખ મળી કુલ રૂ.૧૬૨.૧૪ લાખની ગ્રાન્ટ ફાળવી.

(૨) સને ૨૦૧૨–૧૩ માં રૂ.૬૫.૬૪ લાખ અને સને ૨૦૧૩–૧૪ માં રૂ.૯૬.૪૮ લાખ મળી કુલ રૂ.૧૬૨.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. (વિગતવાર પત્રક–૧ સામેલ છે.)

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## દાહોદ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૧૯૩૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૧૬૬૭૩. |
| (૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂ.૩,૩૩,૪૬,૦૦૦/–. |

---------

## વાંસદા તાલુકામાં વિજ્ઞાનપ્રવાહની શાળાઓને મંજૂરી

૧૧૫૬૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં વિજ્ઞાનપ્રવાહની કેટલી શાળાઓ મંજૂર થયેલ છે, આ તમામ શાળાઓમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રવાહની કુલ–૦૯ શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકીની ૦૧ નોન ગ્રાન્ટેડ શાળા બંધ છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સંવર્ગવાર મહેકમની મંજૂર જગ્યાઓ/ ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૫ | ૦૩ |
| ૨ | મદદનીશ શિક્ષક | ૨૯ | ૧૨ |
| ૩ | સિનિયર કારકુન | ૦૮ | ૦૩ |
| ૪ | જુનિયર કારકુન | ૦૯ | ૦૨ |
| ૫ | પટાવાળા | ૦૫ | ૦૦ |
| ૬ | લેબ.પ્યુન | ૦૫ | ૦૪ |
| ૭ | હેડ ક્લાર્ક | ૦૩ | ૦૧ |
| | **કુલ** | **૬૪** | **૨૫** |

નોન ગ્રાન્ટેડ શાળાઓની જગ્યાઓ સરકારશ્રી દ્વારા ભરવામાં આવતી નથી.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૨) ૦૪ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. બાકીની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

---------

## વલસાડ જિલ્લામાં જ્ઞાન પ્રજ્ઞા કાર્યક્રમ દ્વારા બાળકોને શિક્ષણ

૧૧૯૨૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વશિક્ષા અભિયાન અન્વયેના પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન–પ્રજ્ઞા કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૩–૧૪ ની સ્થિતિએ કેટલી શાળાઓમાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે, | (૧) ૧૬૦. |
| (૨) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું, અને | (૨) ૧૬૧૬૭. |
| (૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ કેટલા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો ? | (૩) ધોરણ ૧–૨ અને ધોરણ ૩–૪ નો સમાવેશ કરવામાં આવ્યો. |

---------

તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં ફીંગર પ્રિન્ટ વગર રેશનીંગનો જથ્થો આપવા બાબત**

૧૦૫૭૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ગરીબ આદિવાસી વર્ગ મજુરી માટે બહારગામ જતો રહેતો હોવાથી ફીંગર પ્રિન્ટ વિના રેશનીંગનો અનાજનો જથ્થો મેળવી શકતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,<br>(૨) જો હા, તો ઘરના કોઇ પણ સભ્યને ફીંગર પ્રિન્ટ વગર રેશનીંગનો લાભ મળે તે માટે આ પ્રથા બંધ કરી જુની પધ્ધતિ ચાલુ રાખવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૧) અને (૨)<br>રેશનકાર્ડ ધારક કુટુંબના ૧૫ વર્ષથી ઉપરની વયના કોઇ પણ સભ્ય અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી શકે, તે માટે ૧૫ વર્ષથી ઉપરની વયના તમામ સભ્યોના ફીંગર પ્રિન્ટ મેળવવામાં આવે છે. ફીંગર પ્રિન્ટ મેચ ન થવાના કારણે કુપન ન નીકળી શકે તો બારકોડેડ રેશનકાર્ડ આધારે અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. જૂની પ્રથા ચાલુ રાખવાની કોઇ વિચારણા નથી. |

---------

**ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા**

૧૧૯૨૮ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૩૭૮ શાળાઓમાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે, | (૨) કન્યાઓ માટે ૧૭૨ અને<br>કુમાર માટે ૪૪. |
| (૩) કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં આ શૌચાલયો બનાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં વિજ્ઞાનપ્રવાહની કોલેજો**

૧૧૭૧૩ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કુલ કેટલી કોલેજો છે, | (૧) કુલઃ ૦૨ (બે). |
| (૨) તે પૈકી સરકારી, ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડ કોલેજો કેટલી છે, અને | (૨) સરકારીઃ ૦ (શૂન્ય)<br>ગ્રાન્ટેડઃ ૦૧ (એક)<br>નોન–ગ્રાન્ટેડઃ ૦૧ (એક). |
| (૩) નવી વિજ્ઞાન પ્રવાહની કોલેજ આપવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | (૩) ભિલાડ ખાતે સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજનું એક્ષટેન્શન સેન્ટર આગામી શૈક્ષણિક સત્રથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં, પાકા ઓરડાઓ/મકાન**

૧૨૦૫૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પાકા ઓરડાઓ/મકાનો નથી,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પાકા ઓરડાઓ/મકાન ન હોય તેવી એકપણ શાળા નથી.

(૨) આ શાળામાં પાકા ઓરડાઓ/મકાન ક્યારે બનાવવામાં આવશે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાની કેટલી શાળાઓમાં જુના ઓરડાઓ તોડવા માટેની મંજૂરીઓ માંગવામાં આવી અને કેટલી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૧૪ શાળાઓમાં જુના ઓરડાઓ તોડવા માટેની મંજૂરીઓ માંગવામાં આવી અને ૭૩ શાળાઓમાં મંજૂરી આપવામાં આવી.

(૪) જુના ઓરડાઓ તોડી સરકાર નવા ઓરડાઓ બનાવવા માંગે છે કે કેમ ?

(૪) હા, જી.

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં અંત્યોદય કાર્ડ**

૧૧૭૧૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા ગ્રાહકોને કેટલા અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા ગ્રાહકોને અનુક્રમે ૨૯૩૫૦ અને ૧૮૨૫૮ અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યા.

(૨) કેટલા ગ્રાહકોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) વડોદરા જિલ્લામાં ૯૪૦૫૭ અને છોટાઉદેપુર જિલ્લામાં ૫૨૭૯૭ કુટુંબોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૩) અંત્યોદય કાર્ડ ધારકોને અનાજમાં કઇ વસ્તુ અને શાં ભાવે આપવામાં આવે છે?

(૩) અંત્યોદય કાર્ડ ધારકોને નીચે દર્શાવ્યા મુજબના પ્રમાણભાવથી અનાજ આપવામાં આવે છે.

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો કિ.ગ્રા. | ભાવ (રૂ. પૈસા) (પ્રતિ કિલો) |
|---|---|---|---|
| ઘઉં | - | ૧૯.૦૦ | ૨.૦૦ |
| ચોખા | - | ૧૬.૦૦ | ૩.૦૦ |
| ખાંડ | ૩૫૦ ગ્રામ | - | ૧૩.૫૦ |
| આયોડાઇઝડ મીઠું | ૬ વ્યક્તિ સુધી | ૧.૦૦ | ૧.૦૦ |
| | ૬ વ્યક્તિથી વધુ વ્યક્તિ | ૨.૦૦ | ૧.૦૦ |

---------

**ડાંગ જિલ્લામાં સિઝન હોસ્ટેલોની મંજૂરી**

૧૨૦૪૩ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય શિક્ષણમંત્રી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સિઝન હોસ્ટેલો કેટલી મંજૂર કરવામાં આવી,

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ ૧૨૭
વર્ષ ૨૦૧૩-૧૪ ૧૭૫

(૨) તે અન્વયે દરેક હોસ્ટેલોમાં છાત્રોની સંખ્યા કેટલી છે, અને

(૨) *પત્રક મુજબ.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૩) વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૩,૮૭,૪૭,૭૧૬/-નો અને વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૯,૭૪,૧૨,૬૬૬/-નો ખર્ચ

થયેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ (ગુજસેલ)ના સન ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપ મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૦-૨૦૧૧ વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## શિક્ષણ વિભાગના જાહેરનામા

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેના જાહેરનામા

(૧) તા.૧૯-૬-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચ-એસએચ-૧૪--૨૦૧૪-પીવીએસ-૧૦૨૦૧૩-૩૧૭/એસ

(૨) તા. ૨૫-૬-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચ-એસએચ-૧૬--૨૦૧૪-પીવીએસ-૧૦૨૦૧૨-૧૪૨/એસ

(૩) તા. ૪-૭-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચ-એસએચ-૧૭--૨૦૧૪-પીવીએસ-૧૦૨૦૧૨-૧૪૨/એસ

(૪) તા. ૫-૭-૨૦૧૪ના ક્રમાંક-જીએચ-એસએચ-૧૯--૨૦૧૪-પીવીએસ-૧૦૨૦૧૩-૩૧૭/એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા**

શ્રી સૌરભભાઇ પટેલ (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૭ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેના જાહેરનામા

(૧) તા.૨૮-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૨૭-બીએસઇ-૧૯-૨૦૧૨-૨૦૫૫૨૧-મ(૩)

(૨) તા.૨૮-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૨૬-બીએસઇ-૧૯-૨૦૧૧-૨૨૨૬૮૦-મ(૩)

(૩) તા.૨૮-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૨૮-બીએસઇ-૧૯-૨૦૧૧-૨૬૧૨૪૨-મ(૩)

(૪) તા.૩૧-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૩૩-બીએસઇ-૧૯-૨૦૧૦-૭૪૯૭૯૧-મ(૩)

(૫) તા.૩૧-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૩૪-જીએસઇ-૧૯-૨૦૧૩-૨૧૫૬૬૫-મ(૩)

(૬) તા.૩૧-૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૩૫-જીએસઇ-૧૯-૨૦૧૨-૫૨૭૦૬૧-મ(૩)

(૭) તા.૫-૨-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચઆર-૨૦૧૪-૪૫-બીએસઇ-૧૯-૨૦૧૨-૨૦૫૫૨૧-મ(૩) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો**

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયે

(ક) રાજય સરકારે નાણાકીય વર્ષ સન ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(ખ) રાજય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે નાણાકીય વર્ષ સન ૨૦૧૩-૨૦૦૧૪ દરમ્યાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ સન ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન જે તે સંસ્થાઓ/વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**માગણી ક્રમાંક ૨**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૩૫,૨૩,૬૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૦૬,૮૨,૦૩,૦૦૦ની માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાક ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૩**

**નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ પ્રભાગ**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૬,૪૭,૫૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫૬,૨૬,૬૭,૦૦૦ની માગણી ક્રમાંક–૩ રજૂ કરું છું.

**માગણી નંબર–૩ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૪**

**પશુપાલન અને ડેરી વિકાસ પ્રભાગ**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૨૧,૮૩,૯૯,૦૦૦ની માગણી ક્રમાંક–૪ રજૂ કરું છું.

**માગણી નંબર–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૫**

**સહકાર પ્રભાગ**

શ્રી બાબુભાઇ બોખીરીયા (સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૯,૦૮,૮૧,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૫,૧૬,૬૭,૦૦૦ની માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

**માગણી નંબર–૫ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૬**

**મત્સ્યોદ્યોગ પ્રભાગ**

શ્રી બાબુભાઇ બોખીરીયા (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૪,૮૧,૯૦,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૩૮,૦૨,૦૦૦ની માગણી ક્રમાંક–૬ રજૂ કરું છું.

**માગણી નંબર–૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૫૭**

**શ્રમ અને રોજગાર વિભાગ**

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૧૦,૨૭,૫૩,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૮૯,૧૪,૮૦,૦૦૦ની માગણી ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

**માગણી નંબર–૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ઠાકોર: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **શુક્રવાર, તા. ૧૮–૭-૨૦૧૪ (છઠ્ઠો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં ૨** | | |
| ૧ | ૨૪૦૧–પાક ...... વ્યવસ્થા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ....... કચેરી<br>રૂ. ૮લ૯૧લ૯૮લ૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૦ – ૧૧ | ૧૦૦ | ખેડૂતોને કૃષિ પેદાશના પોષણક્ષમ ભાવો મળે તેવી કાયમી વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨* | -- " -- | ૧૦૦ | કેસર કેરી જેવા પાકમાં કમોસમી વરસાદના કારણે થતા આર્થિક નુકશાનને ધ્યાને લઇ કેસર કેરીના પાકનો પણ પાક વિમા યોજનામાં સમાવેશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જસુભાઇ બારડ |
| ૩ | -- " -- | ૧૦૦ | બટાટા–ડુંગળી જેવા પાકના ભાવ એકદમ ઘટી જાય ત્યારે તેની સરકાર દ્વારા વ્યાજબી ભાવે ખરીદી કરી ખેડૂતોને થતા આર્થિક નુકશાનથી બચાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | -- " -- | ૧૦૦ | કૃષિ મેળાઓમાં અધિકારીઓ વ્યસ્ત રહેવાના કારણે વહીવટી તંત્રની ખોરવાતી જતી કામગીરીની બાબત નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૫ | -- " -- | ૧૦૦ | ભારે વરસાદ કે અછતના લીધે ખેડૂતોના પાકને થતા નુકશાન અંગે સર્વેની કામગીરી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૬ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને જરૂરીયાતના સમયે પૂરતા પ્રમાણમાં ખાતર/બિયારણ પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૭ | -- " -- | ૧૦૦ | કૃષિ પાકમાં થતા નુકશાનના કારણે યોગ્ય અને સમયસર વળતર ન મળતા ખેડૂતોએ કરવી પડતી આત્મહત્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૮ | ૨૪૦૧-પાક ...... વ્યવસ્થા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-કૃષિ....... કચેરી<br>રૂ. ૮૯૯૧૯૯૮૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૦ - ૧૧ | ૧૦૦ | પાક વીમા માટેના જરૂરી સાચા અંદાજો કેન્દ્ર સરકારને સમયસર મોકલવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૯ | ૨૪૦૧-પાક.... વ્યવસ્થા<br>૧૧૦-પાક વીમો<br>૦૧-ગુજરાત...... વીમા યોજના<br>રૂ. ૯૯૪૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૪૯ | ૧૦૦ | પાક વીમાના સાચા અંદાજો સત્વરે રજૂ ન કરાતા પાક વીમાની રકમો અપૂરતી અને મોડી મળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૧૦ | -- " -- | ૧૦૦ | પાક વીમાની રકમો મંજૂર થયા પછી સત્વરે ખેડૂતોને તે રકમ ચૂકવાય તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| | | **માગણી નં ૩** | | |
| ૧૧* | ૨૪૦૨-<br>ભૂમિ......સંરક્ષણ<br>૧૦૨- ભૂમિ સંરક્ષણ<br>૨૬-SLC ૧૦ | ૧૦૦ | ગામ તળાવોને શુધ્ધ કરવામાં ytથતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મીતેશભાઇ ગરાસીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | ગામ....યોજના<br>રૂ. ૨૯૭૧૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૮૩ થી ૮૫ | | | |
| ૧૨* | ૨૪૦૨–ભૂમિ.... સંરક્ષણ<br>૧૦૨– ભૂમિ સંરક્ષણ<br>૨૮–SLC–૧૮<br>ગુજરાતના.... પ્રવેશ<br>રૂ. ૧૯૪૦૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૮૩ થી ૮૫ | ૧૦૦ | દરિયાના ખારા પાણીથી જમીનમાં વધતા જતા ક્ષારનુ પ્રમાણ સત્વરે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| **માગણી નં ૪** | | | | |
| ૧૩ | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧..ANH–૧–<br>પશુપાલન... વિસ્તરણ<br>રૂ. ૭૯૩૭૯૫૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૯૦–૯૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આવેલ પશુ દવાખાનાઓ અદ્યતન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૧૪ | -- " -- | ૧૦૦ | પશુઓના આરોગ્ય માટે જરૂરી નાણાની ફાળવણી ન થતાં પશુ આરોગ્ય સારવાર ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૧૫ | -- " -- | ૧૦૦ | પશુઓની સંખ્યા સામે પશુ દવાખાનાઓની સંખ્યા તેમજ સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| **માગણી નં ૫** | | | | |
| ૧૬ | ૨૪૨૫– સહકાર<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–COP–૨૧–<br>સહકારી...અધિકારી<br>રૂ. ૭૯૨૮૯૪૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૮૯–૧૯૦ | ૧૦૦ | નાણા ધિરાણની મંજૂરી આપી હોય તેવા શાહુકારોને ત્યાં સતત ચેકીંગ રાખી ગેરરીતિઓ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | -- " -- | ૧૦૦ | ઉંચા વ્યાજે તથા મંજૂરી વગર નાણા ધીરનાર દ્વારા થતી ઉઘરાણીને કારણે બનતા આત્મહત્યાઓના બનાવો અટકાવવા અને જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૮* | -- " -- | ૧૦૦ | નાણા ધીરનારને કેટલી રકમના ધિરાણ માટે અને તે અંગે લેવાના વ્યાજ માટે આપેલ મંજૂરી અંગે સ્પષ્ટ લેખિત માહિતી દર્શાવવાનું ફરજીયાત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૧૯ | -- " -- | ૧૦૦ | સહકારી મંડળીઓમાં નફાનું વધતું જતું પ્રમાણ અટકાવી સહકારના ઉદ્ધેશો સિધ્ધ થાય તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૦* | -- " -- | ૧૦૦ | સહકારી બેંકોના હોદ્ધેદારોએ કરેલ ગેરરીતિ સામે ત્વરીત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૧* | -- " -- | ૧૦૦ | સહકારી બેંકોમાં ચાલતી નાણાકીય ગેરરીતિઓ સામે સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્ધીન શેખ |
| **માગણી નં ૬** | | | | |
| ૨૨ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૨લ૬૩લ૭૧લ૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૫૩ | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટેના તળાવોની ફાળવણીમાં થતી ગેરરીતિઓની તપાસમાં વિલંબ નિવારી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (ઇન્દ્રનીલ રાજયગુરૂ) |
| ૨૩ | -- " -- | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ (રામસિંહ પરમાર) |
| ૨૪ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૧૦૩-દરિયાઇ મત્સ્યોદ્યોગ<br>રૂ. ૨૫લ૫લલ૩૬લ૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૬૦ થી ૧૬૩ | ૧૦૦ | વિદેશી એજન્સીઓ દ્વારા ભારતીય દરિયાઇ સીમામાં ઘુસી ભારતીય માછીમારોને બોટો સાથે ઉઠાવી ન જાય તે માટેની સઘન વ્યવસ્થા રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (માનસિંહ ચૌહાણ) |
| ૨૫ | -- " -- | ૧૦૦ | ભારતીય માછીમારો દરિયાઇ સરહદ બહાર ન જાય તેવું કાયમી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા (રમેશભાઇ ચાવડા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | ૫૦૫૧–બંદરો.....જોગવાઇ<br>૦૨–નાના બંદરો<br>૨૦૦– અન્ય.... બંદરો<br>રૂ. ૧૭૯૭૧૯૩૫૯૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૨૫૦–૨૫૧ | ૧૦૦ | નાના બંદરોના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨૭ | -- " -- | ૧૦૦ | બંદરોના વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઇ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવીણભાઇ રાઠોડ |
| | | **શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં ૫૭** | | |
| ૨૮* | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧ – શ્રમ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૧–LBR–૧–શ્રમ આયુકત<br>રૂ.૯૯૧૫૯૮૨૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં.૭ –૮ | ૧૦૦ | રાજ્યમાં સ્થપાતા નવા ઉદ્યોગોમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી મળે તેવું યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરજાદા |
| ૨૯ | -- " -- | ૧૦૦ | મજૂરોના હિતોને ધ્યાનમાં લઇ નિર્ણયો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજી પટેલ (મણીભાઇ વાઘેલા) |
| ૩૦ | -- " -- | ૧૦૦ | શ્રમ આયુકત કચેરી દ્વારા શ્રમિકોના પ્રશ્નોની રજૂઆતોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (પૂનમભાઇ પરમાર) |
| ૩૧ | -- " -- | ૧૦૦ | શ્રમ આયુકતની કચેરીની કામગીરીને સંગીન બનાવી મજૂરોના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર<br>( છનાભાઇ ચૌધરી ) |
| ૩૨ | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજ..... સલામતી<br>૦૪–LBR–૧૩ મુખ્ય ...મહેકમ<br>રૂ. ૩૯૭૯૯૧૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં.૧૫–૧૬ | ૧૦૦ | ફેકટરી, કારખાના અને ઉદ્યોગોમાં વપરાતા બોઇલરોની નિયમિત ચકાસણીઓ કરાવી બોઇલરોના કારણે થતા અકસ્માત મૃત્યુના બનાવો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (કામીનીબા રાઠોડ ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩ | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૨ – રોજગાર<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૭૯૬૨૯૧૫૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૨૭ –૨૮ | ૧૦૦ | રોજગારીની તકો વધે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી.કે. રાઉલજી (અમિત ચૌધરી) |
| ૩૪ | –– " –– | ૧૦૦ | સરકારી નોકરીઓમા ભરાતી જગ્યાઓ માટે રોજગાર વિનિમય કચેરીઓમાંથી નામો મંગાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (પ્રહલાદભાઇ પટેલ) |
| ૩૫ | –– " –– | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલા યુવાનોને રોજગારી ન મળી હોય તેવા બેરોજગારોને રોજગારી ભથ્થુ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૩૬ | –– " –– | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓ પાછળ કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા | ડાં. તેજશ્રીબેન પટેલ (નટવરસિંહ ઠાકોર) |
| ૩૭ | ૨૨૩૦–શ્રમ.....રોજગાર<br>૧૦૧–<br>ઔદ્યોગિક.....સંસ્થા<br>૦૧–EMP–૧–<br>સરકારી......યોજના<br>રૂ. ૩૯૩૫૯૫૫૯૨૧૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૩૩–૩૪ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કરાતી વસ્તુઓની ખરીદીમાં થતી ગેરરીતિઓ અંગે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોહનસિંહ રાઠવા) |
| ૩૮ | –– " –– | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અપૂરતા સ્ટાફને કારણે કામગીરી ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જોઇતાભાઇ પટેલ) |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર પોતાના ખાતાની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને જગનો તાત કહેવાય છે અને આપણે કહીએ છીએ ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી, પણ હવે આ ક્રમ ઉલટો થઇ ગયો છે. રાજયમાં ખેડૂતો બેહાલ થઇ ગયો છે, ખેતીની કોઇ દરકાર લેતું નથી અને તેના પરિણામે રાજયમાં ખેતીની ભયંકર દુર્દશા થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે, જો ઉત્તમ ખેતી હોય તો આ રાજયના ખેડૂતો ખેતી છોડીને બીજા વ્યવસાયમાં શું કામ જાય? જો ખેતીમાં પૂરતું વળતર મળતું હોય તો સ્વભાવિક છે કે કોઇ ખેડૂત ખેતીનો

ધંધો છોડે નહીં. પણ છેલ્લાં ૨૦૦૧ થી ૨૦૧૧ના સુધીના આંકડા હું આપને આપું એકલા ગાંધીનગર તાલુકામાં ૯૬૦૫ ખેડૂત ખાતેદારો મટી ગયા, ખેતીનો ધંધો છોડી દીધો. કલોલ તાલુકામાં ૫૦૫૩ ખેડૂતો ખેડૂત તરીકે નાબૂદ થઇ ગયા છે. માણસા તાલુકામાં ૧૨૭૨ ખેડૂતો ખેતી કરતા મટી ગયા છે, ખેડૂત ખાતેદાર તરીકે નાબૂદ થઇ ગયા છે. સાહેબ,શું કામ થાય છે? રાજયમાં સિંચાઇની સગવડતા નથી અને આકાશી વરસાદ ઉપર ખેતીનું તંત્ર આધારિત છે. દુષ્કાળ આવે, હવામાન ખરાબ હોય અને ખેડૂતનો પાક નિષ્ફળ જાય ત્યારે આ પાક જે નિષ્ફળ ગયો છે તેની સામે કોઇ વળતર આપે એવી પણ આ રાજય સરકાર કોઇ વ્યવસ્થા કરતી નથી અને તેના પરિણામે ખેડૂતોને ખેતી ઉપરનો ભરોસો ઉઠતો જાય છે, સરકાર ઉપર તો ભરોસો છે નહીં અને તેના પરિણામે ખેડૂતો ખેતી છોડી રહ્યાં છે. પરિણામ શું આવ્યું? પરિણામ એ આવ્યુ કે ઉપર આભ અને નીચે ધરતી, ખેડૂતોનું કોઇ છે નહીં. વાતો કરે છે કે ખેતીમાં અમે સમૃદ્ધ થયા આવી જુદી જુદી વાતો કરે કે કિસાન જગનો તાત, કૃષિ મહોત્સવ યોજે. પણ સાહેબ આવી જો પરિસ્થિતિ હોય રાજયના ખેડૂતો આપઘાત ના કરે. પાક નિષ્ફળ જાય, લીધેલી લોન ચૂકવવામાં નિષ્ફળ જાય આવા સંજોગોમાં ખેડૂત કયાં જાય ? સરકારનું તો કોઇ રક્ષણ નથી. સરકાર ખેડૂતોની કોઇ દરકાર કરતી નથી અને તેના પરિણામે આર.ટી.આઇ. હેઠળ મને જે માહિતી મળી છે તે મુજબ •(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ ૪૮૯ ખેડૂતોનો જે આંકડો છે તે તમે કયાંથી મેળવ્યો તે અહીંયા રજૂ કરજો નહીંતર આ વસ્તુ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રેકર્ડ રજૂ કરીશ. સાહેબ, (xxxxxx) આ રાજયમાં લઠ્ઠાકાંડ થાય અને લઠ્ઠો પીતાં કોઇ મરી જાય તો તેને સરકાર વળતર આપે છે. જયારે મારી સામી પાટલીએ બેઠેલાં મિત્રો આ મુદ્દે બહુ ઉહાપોહ કરતાં ખેડૂતોમાં જઇ પણ ખેડૂતનો દીકરો ખેતી નિષ્ફળ જાય અને એવા કોઇ આકસ્મિક સંજોગો બને અને હતાશ થઇને આપઘાત કરે ત્યારે આ રાજય સરકાર તેને કોઇ સહાય કરતી નથી. કહેવાય છે શું ? અમે ખેડૂતોના હામી છીએ અને ખેડૂતો પણ બિચારા ભોળા છે કે આંખો મીંચીને આ લોકોને ટેકો આપ્યા કરે છે. પણ હવે ધીરે ધીરે વાસ્તવિકતા આ રાજયના ખેડૂતો સમજતા થયા છે. આ સરકાર વારંવાર ખેતીના વિકાસ દરની વૃદ્ધિની વાતો કરે છે. મને નવાઇ લાગે છે કે, ગુજરાત સરકારના અંદાજપત્ર પ્રકાશન પાના નંબરઃ૩૪ના પાના નંબરઃ૧૧ ઉપરની વિગતો છે તે હું આપની સમક્ષ રજૂ કરું છું. સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના આંકડા જોઇએ તો ઘઉંના વાવેતરમાં ૧૪.૯૮ ટકાનો ઘટાડો થયો છે વાવેતર વિસ્તારમાં. મગફળીમાં ૧૨.૧૮ ટકાનો ઘટાડો થયો છે વાવેતર વિસ્તારમાં. અને ઉત્પાદનમાં ઘઉંમાં ૧૮.૭૭ ટકાનો ઘટાડો થયો છે અને મગફળીમાં ૨૪ ટકાનો ઘટાડો થયો છે. રાજયમાં તેલીબિયાં અને અનાજનું ઉત્પાદન ઘટે, વાવેતર વિસ્તાર ઘટે અને છતાંય આ લોકો એમ કહે કે, અમારો વિકાસ વૃદ્ધિ દર દેશમાં સૌથી ઉંચો છે તો આ એમનો વિકાસ દર કયાંથી કાઢે છે? એનો અંદાજ એ તો મને સમજાણો નહીં પણ હું ૨૦૦૯-૧૦ના આંકડા આપું તો ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૦.૧૮ ટકા હતો એની સામે યુ.પી.માં ૨૧.૩૬ ટકા હતો, રાજસ્થાનમાં ૧૬.૮૧ ટકા હતો. ઓરિસ્સામાં ૧૫.૭૯ ટકા હતો. ઝારખંડ અને બિહાર કે જે પછાત રાજયો કહી શકીએ ત્યાં ઝારખંડમાં ૧૧.૯૮ ટકા અને બિહાર ૨૦.૩૦ ટકા તો એ રાજયોનો વિકાસ દર જો આટલો ઉંચો ગુજરાત કરતાં હોય છતાંય મારા મિત્રો એમ કહે કે, અમારો ગુજરાતનો વિકાસદર ઉંચો છે. કૃષિમાં અમે ગુજરાત મોડલ, વિકાસમાં અમે ગુજરાત મોડલ, તો ગુજરાત મોડલ કયાંથી કાઢી આવે છે એ ભગવાન જાણે? એની તો મને ખબર નથી પડતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની વાતો કરે છે કે ખેડૂતોને અમે પાક વીમાનું રક્ષણ આપીએ છીએ. રક્ષણ કેવું આપે છે એ હું કહું તો ૨૦૧૨-૧૩ના ખરીફ પાકમાં, સાહેબ અમારા ત્યાં દુષ્કાળ પડ્યો અને કપાસનો અમે મગફળીનો પાક નિષ્ફળ ગયો. ખેડૂતોએ પાક વીમા યોજનાના પ્રિમિયમના પૈસા ભર્યા હતા તો વીમો કેટલો મળ્યો? જામનગર તાલુકામાં મગફળીનો ૨૬.૪૪ ટકા, કપાસનો ૨૩.૬૮ ટકા, ધ્રોળ તાલુકામાં મગફળીનો ૩૦.૬૯ ટકા અને કપાસનો ૧૫.૨૯ ટકા, જોડિયામાં મગફળીનો ૩૮.૨૮ ટકા અને

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કપાસનો ૩૨.૫૬ ટકા, કાલાવાડમાં કપાસમાં ૨૫.૫૫ ટકા, મોરબીમાં ૪ ટકા, વાંકાનેરમાં શૂન્ય ટકા. સાહેબ, આ રાજય સરકાર ખેડૂતોના હિતની રખેવાળીનો દાવો કરે, ખેડૂતોનો પાક નિષ્ફળ જાય, એ પાક વીમા યોજનાનાં નાણાં અપાવવાની જવાબદારીમાં રાજય સરકારનો મોટો ભાગ હોય છે. રાજય સરકારે શું કર્યું? અમે રજૂઆતો કરી કે પાક વીમાના નાણાં મેળવવામાં અમને આ નિષ્ફતા મળી છે તો તમે અમને મદદ કરો. રાજયના કૃષિ મંત્રીશ્રીએ ધરાર ના પાડી દીધી કે અમે અમારી કોઇ જવાબદારી નથી. ઉલટાનું એણે એમ કહ્યું મારા વિધાનસભાના પ્રશ્નના જવાબમાં કે, રિડક્શન ફેકટરના હિસાબે આ તફાવત આવ્યો છે અને ખેડૂતોને અન્યાય થયો છે. સાહેબ, રિડક્શન ફેકટરના નામનું આમાં કોઇ તત્વ જ નથી. હું આર.ટી.આઇ. હેઠળ વીમાના નાણાં કઇ રીતે મેળવવાં એના માટેની હું ગાઇડલાઇન પણ લઇ આવ્યો છું. એમાં રિડક્શન ફેકટર નામનું કોઇ તત્વ નથી એટલું જ નહીં પણ વીમાના નાણાં જો ખેડૂતોને ઓછા મળ્યા હોય તો રાજય સરકાર આ કમિટી સમક્ષ અપીલમાં પણ જઇ શકે છે. હું માનનીય કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જો તમે ખેડૂતોના સાચા હામી હોય તો, જો તમે તમારા દિલમાં ખેડૂતોનું હિત હોય તો તમે આ કમિટી સમક્ષ અપીલમાં કેમ ના ગયા? તમે અપીલમાં નથી જતા, બહાનુ તમે આમાં કેન્દ્ર સરકારનું કાઢી નાખો છો અને સાહેબ, જો સફળતા મળે તો કહે કે અમે કર્યું અને નિષ્ફળતા મળે તો કહે કે કેન્દ્રના ખાતે, આપણા લોકોનો જબરજસ્ત ટેકો મેળવતી આ ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારના કૃષિ લક્ષી કામોની આ માહિતી છે.

હવે શું થયું એ તમને કહું તો પાક વીમા યોજનામાં સુધારો આવ્યો. ચૂંટણી ટાણે સરકારે બહુ મોટા ઉપાડે જાહેરાત કરી કે અમે જૂની યોજના ચાલુ રાખીશું. પાક વીમાના પ્રિમિયમના દરોમાં કોઇ વધારો નહીં થાય, ચૂંટણી વહી ગઇ, ખેડૂતોએ એમની વાત ઉપર વિશ્વાસ પણ મૂક્યો. અમારું ધોવાણ પણ કરી નાખ્યું પછી શું થયું? પછી હમણાંની વાત કરું તો આ લોકોએ કપાસના વીમાના પ્રિમિયમના દરો નકકી કર્યા એ ૧૭.૬૯ ટકા, સાહેબ, અગાઉના દરો સાડાબાર ટકા હતા. નવા દરો નકકી કર્યા એટલું જ નહીં પણ કપાસના પાક વીમા યોજનામાં રાજય સરકારની કોઇ હિસ્સેદારી જ નથી. કેન્દ્રની હિસ્સેદારી નીકળી ગઇ, બધું જ વીમા કંપનીના હવાલે, તો વીમા કંપની એ તો ખાનગી કંપની છે. એ તો નફો કરવા માટે ધંધો કરે છે. સરકાર છે એ ખેડૂતો જો સરકાર જો આમાં હિસ્સેદાર હોય તો એ ખેડૂતોનું હિત જુએ. એકલા વીમા કંપનીઓના હવાલે આ કામકાજ મૂકીને ખેડૂતોને અન્યાય કર્યો છે. મારે એ પણ કહેવું છે કે હમણાં પાક વીમા યોજનાનાં પ્રિમિયમનાં નાણાં ભરવાની છેલ્લી તારીખ ૩૧–૭–૨૦૧૪ છે. હમણાં સરકારે એક પરિપત્ર કર્યો છે કે ઇ–ધારા મારફતે ખેડૂતોએ આ પ્રિમિયમનાં ફોર્મ ભરવાનાં છે. તો આ રાજયના લગભગ ૧૮ લાખ ખેડૂતો છે. એ ખેડૂતોએ આ ફોર્મ ભરવા માટે બારકોડેડ રેશનકાર્ડ ફરજીયાત છે અને ૫૦ ટકા જેટલા ખેડૂતો પાસે આજે આવાં બારકોડેડ રેશનકાર્ડ જ નથી. એની પાસે મોબાઇલ હોવો જરૂરી છે અને મોટાભાગનાં પંચાયતનાં કોમ્પ્યુટરો તો આજે બંધ હાલતમાં એવા સંજોગોમાં એ કેવી રીતે આ પાક વીમા યોજનાનાં ફોર્મ ભરી શકવાના છે એ મોટો સવાલ છે. માનનીય કૃષિમંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બાબતમાં પણ વિચાર કરજો અને આ કમસે કમ રાજયનો કોઇ ખેડૂત પાક વીમો લેવા માગતો હોય તો એ વહીવટી કારણોસર એનાથી વંચિત ના રહી જાય અને સાથોસાથ બીજી પણ એક વિનંતી છે કે ૧૨ ટકા, ૧૫ ટકા અને ૧૭ ટકા વીમાનું પ્રિમિયમ લઇએ અને વીમો તો કોઇનો પાકતો નથી. વર્ષોથી ખેડૂતો આનું પ્રિમિયમ ભરે છે અને એમને પાક વીમાના નાણાં તો મળતાં નથી. તો આના માટે જે ખેડૂતો વીમો ભરવા ના માગતા હોય તો એને માટે ફરજીયાત વીમા યોજના દાખલ ના કરે, જે ભરવા માગતા હોય એના માટે બરાબર છે, પરંતુ આ વીમા યોજના સ્વૈચ્છિક પ્રમાણે હોવી જરૂરી છે. જે ખેડૂતો ખાલી ખાલી પ્રિમિયમ ભરે રાખે અને કયારેય એમને વીમો ના મળવાનો હોય. (અંતરાય)

મારે એ પણ કહેવું છે કે અહીંયાં સોઇલ હેલ્થ કાર્ડની વાત કરવામાં આવી છે. તો આ સોઇલ હેલ્થ કાર્ડ એ એક એવી ચીજ છે કે માણસનું બ્લડ એકવાર તપાસાઇ જાય અને એ કયા ગ્રુપનું છે એનો એ, એ પોઝિટીવ, કે બી ગ્રુપનું છે એ ખ્યાલ આવી જાય પછી એમાં કોઇ ફેરફાર થતો નથી જયારે આ સોઇલ હેલ્થ કાર્ડ એવી વસ્તુ છે કે દરવર્ષે એમાં ફેરફાર થતો જાય છે. એટલે આ સોઇલ હેલ્થ કાર્ડ ૧૦ વર્ષે એકવાર અપાય છે એ ખરેખર તો દર વર્ષે એ આપવાં જોઇએ અને એવું થાય તો એ જમીનમાં કયાં તત્વો છે અને એ વર્ષે ખેડૂતે એમાં કયો પાક વાવવો કે કયું ખાતર નાંખવું એ નકકી થઇ શકે. તો માનનીય કૃષિ મંત્રીશ્રીને મારી વિનંતી છે

કે સામેની ગેલેરીમાં પણ અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો બેઠા છે એ આ જાણે છે. ૧૦ વર્ષ સુધી એકનું એક તત્વ જમીનમાં ના રહે. તો આનો સારી રીતે ઉપયોગ થઇ શકે એટલા માટે આ ૧૦ વર્ષના બદલે દર વર્ષે આ સોઇલ હેલ્થ કાર્ડ અપાય એ જરુરી છે.

તો આ બધા સંજોગો જોતાં મને લાગે છે કે આ રાજય સરકારના હૈયે ખેડૂતોનું હિત વસેલું નથી અને એટલા માટે માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એનો હું વિરોધ કરીને વિરમું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી નંબર ૪, ૫ અને ૫૭ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું છું. આ ૪ અને ૫ માગણી જે છે એના ઉપર મારું એક સૂચન એ છે કે ઘણી વખત સરકારના નીતિ નિયમો પ્રમાણે જે કાયદાઓ અને નિયમો ઘડાય છે એની સાથે બરાબર છે, પરંતુ ઘણી વખત અધિકારીઓ સીધો પરિપત્ર કાઢીને ખરેખર જે તાલુકામાં જે તે સંસ્થાને નુકસાન કરવા માગતા હોય એવું થાય છે. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તા. ૨૩–૪–૨૦૧૪ ના રોજ એક પરિપત્ર કાઢવામાં આવ્યો એમાં કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકાર દ્વારા ખેડૂતોને અપાતા તમામ લાભો તથા સબસિડી તાલુકા કક્ષાએ સહકારી સંઘો મારફત વિતરણ કરતા હતા એના બદલે એગ્રો મારફત આપવાનું નકકી કરવામાં આવ્યું છે. ત્યારે હું માનું છું કે આવી સહકારી સંસ્થાઓ સાથે ખેડૂતો રાતદિવસ વ્યવહાર કરતા હોય છે, ખાતર અને બિયારણ આવી સંસ્થાઓમાંથી જ લેતા હોય છે. તો શામાટે આ એગ્રો મારફતે લેવાનું કહેવામાં આવ્યું છે? આનાથી તો ખેડૂતોને મુશ્કેલી પડશે અને સંસ્થાઓને નુકસાન થશે. તો અગાઉની જે વ્યવસ્થા છે એ રીતે જ રાખવામાં આવે અને આનો અમલ ના કરે એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલનની પણ જયારે અહીં વાત કરવામાં આવી છે ત્યારે, માનનીય મંત્રીશ્રીએ બજેટમાં પણ બહુ સારી વાત કરી છે. બહેનો માટે મંડળીઓ ડબલ કરવાની વાત પણ કરી છે. અને દૂધ મંડળીઓની બાબતમાં જમીન આપવાની પણ વાત કરી છે તેમજ દૂધના ભાવો મળી રહે તેના માટે પણ એમણે વાત કરી છે. મકાનો માટે ૫૦ ટકા રકમ આપવાની વાત પણ કરી છે. પણ મારે વિનંતી એ કરવી છે કે પશુપાલનનો વ્યવસાય એ ગ્રામ્ય લેવલે પૂરક ધંધા તરીકે બહેનો કરતી હોય છે. એન.ડી.ડી.બી.ના સર્વે પ્રમાણે ગુજરાતમાં ભેંસો અને ગાયો, ઓરિજિનલ ગાયો અને ભેંસો છે તેની દૂધની એવરેજ અઢી લીટર છે. એટલે એક દિવસના પાંચ લીટર છે. આ પાંચ લીટરમાં કોઇ ખેડૂતનો ઉદ્ધાર થાય નહીં, આપણી ગિરની ગાયો બ્રાઝીલવાળા કે ડેન્માર્ક વાળા લઇ ગયા હોય અને એ જ આપણી ગિરની ગાય બ્રાઝીલની અંદર એક દિવસનું ૫૦ લીટર દૂધ આપતી હોય એવું બ્રીડ એમણે તૈયાર કર્યું છે. અને તેના કારણે દૂધનું ઉત્પાદન ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં વધ્યું છે. અત્યારે પણ બ્રાઝીલ દૂધ ઉત્પાદન ક્ષેત્રે નંબર ૧ ઉપર છે. એટલે મારી સરકારને વિનંતી છે કે ખેડૂતોને દૂધના ભાવો ગમે એટલા આપણે આપીશું, અમે સંઘ મારફત આપીશું તો પણ ખેડૂતોને એ પોષાવાનું નથી, આજે જયારે અછતની પરિસ્થિતિ હોય, ઘાસ–ચારો મોંઘો હોય, ત્યારે તેમને એ પોષાતું નથી. હવે સંઘને, અમોને ડાયરેકટ ડોઝ લાવવા દેતી નથી. તો સંઘો મારફતે બહારથી ડોઝ લાવી અને અહીં રસીકરણ કરવામાં આવે તો તેના કારણે દૂધનું ઉત્પાદન વધે અને તો જ ખેડૂતોને પોષાય. બીજી મારી ખાસ વિનંતી એ છે કે સહકારી માળખામાં મેં જોયું છે કે ફકત કાગળ ઉપર જ મંડળીઓ ચાલતી હોય છે. રાજકારણ માટે જ જે મંડળીઓ ચાલે છે તેવી મંડળીઓને વહેલામાં વહેલી તકે પરિપત્ર કરી અને રદ કરવી જોઇએ. ફકત રાજકારણ માટે જ ચાલે છે, કોઇ કાર્યવાહી થતી નથી, કોઇ ચોપડા નથી, કોઇ દુકાન પણ નથી, ફકત મત માટે ચાલતી હોય તેવી મંડળીઓને સહકારી માળખાના શુદ્ધિકરણ માટે વહેલામાં વહેલી તકે રદ કરવી જોઇએ તેવી મારી વિનંતી છે.

બીજો એક ખૂબ જ અગત્યની રોજગાર ઉપરની હું વાત કરવા માગું છું. જયારે ચૂંટણીઓ આવે એટલે વચનો અપાય, ચૂંટણી ઢંઢેરામાં પણ વચનો અપાતા હોય છે, જે શિક્ષિત બેરોજગારો છે તેમને રોજગારી આપવા માટેના પણ ચૂંટણી ઢંઢેરામાં વચન ખૂબ આપેલા છે. પણ મેં જોયું તે પ્રમાણે આ સરકારે શિક્ષિત બેરોજગારો માટે બજેટમાં જે વાત કરી છે તેમાં ભરતી મેળા કરવામાં આવશે તેમ કહેલું છે. ભરતી મેળામાં ચાલુ વર્ષે ૩ લાખ યુવક યુવતિઓને રોજગારી આપવાનું નકકી કરેલ છે. પણ ભરતી મેળા એટલે હું માનું છું

ત્યાં સુધી દરેક કારખાના હોય નાની મોટી ફેકટરીઓની અંદરથી જેને કોઇને ટ્રેઇનિંગની જરૂર હોય, જે આઇ.ટી.આઇ. થયેલા હોય તેવા મિત્રોને એક જગ્યાએ બોલાવીને તેમને પસંદ કરવામાં આવે, ઇન્ટર્વ્યુ લેવામાં આવે અને ત્યાર પછી કાગળ આપીને એપ્રેન્ટીસ તરીકે બીજી મોટી સંસ્થામાં મોકલી આપવમાં આવે છે. પણ આ એપ્રેન્ટીસ એ રોજગારી નથી. નોકરી નથી. ફકત તેમને વર્ષ કે બે વર્ષની ટ્રેઇનિંગ આપવામાં આવે છે અને ત્યાર પછી તેમને છૂટા કરી દેવામાં આવે છે. આ રોજગારી નથી. રોજગારી બાબતમાં ખરેખર સરકારે વાત કરી છે તેવી અહીં રોજગારી મળતી નથી. અને મોટી મુશ્કેલી છે. અને છતાં પણ સરકારે એવું નક્કી કર્યું છે કે વિદેશમાં નોકરી માટે અને તેના માટેનું માર્ગદર્શન મળે એટલા માટે અમદાવાદ, વડોદરા, રાજકોટ ખાતે એક ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટસ એન્ડ કેરીયર્સ ગાઇડન્સ સેન્ટર સ્થાપવાનું નકકી કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી પરદેશ જવાની વાત છે ત્યાં સુધી આપણે ટ્રેઇનિંગ આપ્યા પછી એમની પરિસ્થિતિને કારણે ત્યાં જવા માટે ઘણી મુશ્કેલી પડે છે. આપે પરદેશની જે ટ્રેઇનિંગ આપવી હોય તેનો મને વાંધો નથી પણ હાલની પરિસ્થિતિમાં હું જોતો આવ્યો છું કે જે વાલીઓએ પોતાના દીકરાને ભણાવ્યા, મહેનત મજૂરી કરી, દેવું કર્યું, ઘરેણા વેચી દીધા અને દીકરાને ભણાવીને પોસ્ટ ગ્રેજ્યુએટ કે એન્જિનિયર બનાવ્યો, પણ નોકરી મળતી નથી. અને જયાં નોકરી લેવા જાય છે ત્યાં મને લાગે છે કે આજની તારીખમાં નોકરી માટે દસ થી પંદર લાખ રૂપિયાના ભાવો બોલાય છે. માંડ માંડ એના દીકરાને ભણાવ્યો છે અને દસ થી પંદર લાખનો ભાવ બોલાતો હોય ત્યારે એમને નોકરી મળતી નથી. અને નોકરી મળતી નથી ત્યારે તેની સાથે બીજો પ્રશ્ન પણ વચ્ચે આવી ગયો. એને નોકરી નથી મળતી એટલે એને છોકરી મળતી નથી. જયાં જઇએ ત્યાં એક જ વાત, નોકરી તો છોકરી. નોકરી નહિ તો છોકરી નહિ. આ પરિસ્થિતિની અંદર એના મા–બાપને એમ થાય કે નોકરી મળતી નથી એટલે દીકરી મળતી નથી ત્યારે એનુ ભવિષ્ય શું થવાનું? શું એને વાંઢા રહેવાનું? સરકારે આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ. હું માનુ છું ત્યાં સુધી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બેઠા છે ત્યારે એ પણ ગામડાં અને શહેરોમાં જઇને બહેનોની મિટિંગો કરે છે. દીકરીઓને પણ માર્ગદર્શન આપવા માટે પ્રયત્ન કરે છે ત્યારે કહે છે કે દીકરીઓ તમે ખૂબ ખૂબ ભણો અને ભણીગણીને લગ્ન કરો તો સારો છોકરો પસંદ કરજો, રીજેકટ માલ નહિ લેતા. હું માનુ છું કે મુખ્યમંત્રીશ્રીએ આ વાત કરી એ સાચી છે. અત્યારે દરેક મા–બાપને દીકરા કે દીકરીને ભણાવવા માટે બહુ ઉત્સાહ છે, બહુ જ મહેનત કરે છે એ એન્જિનિયર, ડોકટર કેવી રીતે બને, મિડિયમ અંગ્રેજીમાં કેવી રીતે ભણે એના માટે મહેનત કરે છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી દીકરીઓને સલાહ આપે છે એ વાત સાચી છે. રીજેકટ માલની વાત કરી કે ગમે તેવો છોકરો પસંદ નહિ કરતા, તમારુ ભવિષ્ય બને તેવો છોકરો પસંદ કરજો તેનો અર્થ એવો થયો કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી દસ પંદર વર્ષ પહેલા ગુજરાતમાં બેઠા હોત તો ઘણો ફાયદો થયો હોત.

મેં અહીંયા ભરતી મેળાની વાત કરી. સન ૨૦૧૩–૧૪માં ૮૪૭ ભરતી મેળા થયા. એની અંદર ૧,૨૪,૪૯૩ લોકોને રોજગારી આપવા માટે ઓર્ડર આપવામાં આવ્યા છે પરંતુ ખરેખર મેં કહ્યું તેમ ભરતી મેળામાં એપ્રેન્ટિસના જ ઓર્ડર આપવામાં આવે છે. એક વર્ષની ટ્રેનિંગ અને દૈનિક રોજ ઉપર રાખવામાં આવે છે તેથી એ કાયમી રોજગારી નથી, એટલા માટે મેં આ વાત કરી છે. આપણે પાંચ વર્ષ પહેલા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ખૂબજ એમ.ઓ. યુ.કરીને ગુજરાતમાં બહારથી ઉદ્યોગપતિઓને આમંત્રણ આપીને તેઓ અહીંયા ઉદ્યોગ શરૂ કરે જેથી રોજગારીની તકો ઉભી થાય એના માટે બોલાવ્યા. એમ.ઓ. યુ. કર્યા એની સાથે ઉદ્યોગપતિઓ સરકાર મારફતે ઘણી સગવડો મેળવે છે. સસ્તા ભાવે જમીન, પાણી, વીજળી તથા વગર વ્યાજની લોન પણ આપીને ઉદ્યોગોને બોલાવ્યા છે. એમ.ઓ.યુ.કર્યા પછી કેટલા ઉદ્યોગો શરૂ થયા અને એની અંદર આપણા નિયમ પ્રમાણે ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવાની વાત છે તો એ પ્રમાણે નોકરીઓ આપવામાં આવી છે કે કેમ એ મારે જાણવું છે. હમણાં મંત્રીશ્રી કહેતા હતા કે ઉદ્યોગો એટલા બધા આવ્યા છે કે એમને માણસો મળતા નથી. હું માનુ છું કે અત્યારે બેરોજગારો મોટા પ્રમાણમાં છે. મિકેનિકલ એન્જિનિયર, સિવિલ એન્જિનિયરો એટલા બધા બેકાર ફરે છે જેના કારણે આપણને પણ મુશ્કેલી પડે છે.

અમૂલના ચેરમેનના કારણે બેરોજગારોને એમ થાય કે રામસિંહભાઇ એશિયાની સૌથી મોટામાં મોટી ડેરી લઇને બેઠા છે ત્યારે ત્યાં નોકરી મળે. મારી પાસે રોજના સો જણ આવે છે, હું જાણુ છું છતાં બધાને મદદ કરી શકતો નથી. (માનનીય નીતિનભાઇ પટેલ બેઠા બેઠા કંઇક બોલતા) અમૂલ ડેરીમાં છેલ્લા ૩૦ વર્ષથી બેઠો છું, છેલ્લા ૧૫-૨૦ વર્ષથી ચેરમેન તરીકે બેઠો છું. અમૂલ ડેરી એટલે ખેડૂતોનું સહકારી માળખું છે એની અંદર મારા સભાસદો છે, મારા ખેડૂતો છે એમને પ્રાયોરિટી આપીને એમની પાસેથી અરજીઓ લઇને ભરતી કરતા હોઇએ છીએ. (અંતરાય) માનનીય નીતિનભાઇ, અમારા અમૂલમાં સભાસદોને પ્રાયોરિટી આપીએ છીએ, જો ખેડૂતનો દીકરો ન મળે તો અમે જાહેરાત આપીએ છીએ. આજની તારીખમાં મેં જાહેરાત આપી છે, મેનેજર લેવલના માણસ લેવાના હોય તો દસ વર્ષનો અનુભવ હોય એવાને લેવાની જાહેરાત આપી છે. તમારા મનમાં એમ હોય કે અમૂલમાં એવું હશે, છેલ્લા ૨૫ વર્ષથી હું બેઠો છું એક જગ્યાએ પણ જો ભષ્ટાચારની વાત કરવામાં આવે તો ચેરમેન તરીકે જ નહિ પણ ધારાસભ્ય તરીકે રાજીનામું આપવાની મારી પૂરેપૂરી તૈયારી છે અને એ રીતે સંસ્થા ચલાવુ છું. માનનીય નીતિનભાઇ એક મંત્રીશ્રી તરીકે બોલતા હોય ત્યારે ખૂબ વિચારીને બોલવું જોઇએ. અમૂલ તો અમૂલ જ છે એમાં કોઇ ફેરફાર નથી.

હાલની પરિસ્થિતિમાં મેં કહ્યું એ પ્રમાણે નોકરીની બાબત કહેવામાં અહીં આવ્યું, વચ્ચે તલાટીઓની ભરતી થવાની હતી. જાહેરાત આપી. હું માનું છું ત્યાં સુધી દસેક લાખ અરજીઓ આવી. તેમાં ૧૦થી ૧૨ લાખનો જે ભાવ પડ્યો, કુદરતની મહેરબાની હતી તેના કારણે આ સ્કેન્ડલ પકડાઇ ગયું. એ ભાઇ પણ પકડાઇ ગયા. આગળ શું થયું મને કંઇ ખબર નથી, (અંતરાય) પણ સરકારની સક્રિયતા નહીં, માનનીય મંત્રીશ્રી હું કહું કે આ બાજુની સરકાર હોય કે આ બાજુની સરકાર હોય. વચેટીયાઓ તો કાયમ માટે ફરતા જ હોય છે. એક સરકારમાં નથી કહેતો, પણ એ વચેટીયાઓને કારણે સરકાર બદનામ થાય, જેણે પૈસા ૧૦ લાખ આપ્યા છે એને અત્યારે પણ પૈસા પાછા મળ્યા નથી. કોણ પાછા અપાવવાનું છે, એની સામે કેટલા પગલાં લીધા તેના માટે પણ સરકારે ખૂબ વિચાર કરવો જોઇએ એવું હું માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષિત બેરોજગારનો પ્રશ્ન જયારે ઉપસ્થિત થયો છે ત્યારે નમ્રપણે એક અપીલ કરું કે આ બાબતમાં ખૂબ ગંભીરતાપૂર્વક શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે એ માટે વિચારવું જોઇએ. એક બીજી વાત કરું કે રાજયમાં જે મોટા યુનિટો છે તેમાં આજની તારીખમાં ૧૦-૧૫ વર્ષની નોકરીવાળા મિકેનિકલ એન્જિનિયર, ઇલેકટ્રિકલ એન્જિનિયરને છૂટા કરવામાં આવ્યા છે. તેની સામે તેને કેટલો લાભ થયો એ નોકરી મેળવી ત્યારે તે ગાડી લાવ્યો, મકાન બનાવ્યું, લગ્ન કર્યું અને ૧૫ વર્ષ પછી તેને છૂટા કરી દીધા. શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિવસે દિવસે તેમાં પણ વધતી જાય છે. એટલું જ મારે કહેવું છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર(અંજાર) : माननीय अध्यक्ष महोदय जी मैं आज इस सदन में हमारे गुजरात की पनौती पुत्री मातातुल्य श्रीमती आनंदी बेन पटेल के नेतत्व में हमारे वित्त मंत्री श्री सौरभभाई, एवं पशुपालनमंत्री श्री बाबूभाई जो डिमांड नंबर ४ लेकर आए हैं उसके समर्थन में अपनी बात रखना चाहता हूँ। यह भारत की परंपरा रही है कि पशुपालकों के उपर और भारत देश के लाखों करोडो किसानों की और पशुपालकों की नीतियों पर आधारित रहनेवाला देश है। हम लोग सामान्य रुप से हमारी यह परंपरा रही है कि यथा राजा तथा प्रजा। मुझे आज यह कहते हुए बहुत खुशी हो रही है कि गुजरात के पनौते पुत्र देश के अति प्रिय प्रधानमंत्री श्री नरेन्द्र मोदीजी ने गुजरात की १२ साल तक शासन सम्हालते हुए ऐसे मूँगे पशुओं की भी उन्होंन चिन्ता की है और इतना ही नहीं २०१२ -२०१३ -२०१४ में हमारे इस बजट में हमारे कषि और पशुपालन मंत्री ने श्री बाबूभाई ने ३२१ करोड का प्रावधान किया हैं। इसलिए मैं पशुपालन और कषिमंत्री का बहुत बहुत आभार व्यक्त करता हूँ ,और उनका अभिनंदन करता हूँ। सामान्य रुप से हम लोग बहुत बात करते है कि गाय हमारी माता है उसमें ३३० करोड देवताओं का वास है हमारे श्रध्दा का केन्द्र मानते है। लेकिन आज तक किसी भी सरकार ने गाय माता को बचाने के लिये आज तक कोई प्रावधान नहीं किया है। लेकिन गुजरात की भारतीय जनता पार्टी की सरकार ने और तत्कालीन मुख्यमंत्री श्री नरेन्द्र मोदी ने इस गौ हत्या करनेवालों के ऊपर पासा जैसी कानूनी कार्यवाही करने का प्रावधान इस सरकार ने इस सदन में किया है इतना ही नहीं उसमें जो वाहन का जो हेराफेरी में उपयोग होता है ,उस साधन को राज्यसात करने का जो प्रावधान किया हे यह बात मुझे कहते हुए खुशी हो रही है कि यह जो पशुालन और डेरी विकास है अभी विरोध पक्ष के वरिष्ठ सदस्य रामसिंहजी परमार बता रहे थे दूध के भाव के बारे में ,दूध के उत्पादन के बारे में,। माननीय अध्यक्षजी मैंने भी २० साल तक कंडला में दूध बेचा है। १९७१ में मैने दूध बेचने की शुरुआत की थी। मैने पढाई छोड दी थी और उस समय मैं दो रुपए में किलो दूध बेचने कंडला जाता था। मेरे गॉव से कंडला तकरीबन ७५ किलोमीटर था आज १२ साल के अंदर जो गुजरात ने जो पशुपालन के अंदर और डेरी के अंदर प्रगति की हैं जो गतिशीलता लाई है उसपर मैं एक उदाहरण दूँ कि हमारे कच्छ के ऊपर जो विश्वास डेरी होने के कारण,सरहद होने के कारण, और अमूल डेरी के कारण आज एक लीटर का

पशुपालक को चालीस रुपया मिलता है। यह फर्क नहीं तो क्या है यह विकास नहीं है तो क्या है आज हिन्दुस्तान के कई ऐसे राज्य है जहॉ मरीजों के ईलाज के लिये सरकार के पास पैसा नहीं है मात्र गुजरात एक ऐसा राज्य है पूरे भारत में, जहॉ पशुओं की भी चिन्ता करते है ,सभी प्रकार के जानवरों की कद्र करते है। उदाहरण के रुप में कई सालों से सरकार पशु चिकित्सा के आरोग्य मेले लगा रहे है, लाखों करोडो पशुओं की जिसमें भेंड,बकरें, गॉय, भेंस उनको जो मोतियॉ, ऑख, दॉत के आप्रेशन होते है। उसमें पशु चिकित्सक ईलाज करते है, आप्रेशन करते है। यह सब प्रगति हमारे गुजरात की लाडली प्रथम महिला मुख्यमंत्री श्रीमती आनंदीबेन के नेतत्व में गुजरात राज्य कर रहा है। सामान्य रुप से जब मैं दूध बेचने जाता था तब की मैं बात कर रहा हूँ जब हम सुबह ३ बजे उठकर दूध बेचने जाते थे तब हम अगर किसी कारण से एक दो घंटे लेट हो जाते थे तो हमारा दूध फट जाता था तब हमारे कंडला के व्यापारी हमें कहते थे कि यह दूध फट गया है इसे हम लेकर क्या करेगें लेकिन आज गुजरात की सरकार ने, हमारे विदयुत मंत्री श्री सौरभभाई ऐसा जादू चलाया कि राज्य के १८६०० गॉव में २४ घंटे बिजली देकर हम पशुपालकों के दुध की रक्षण की। अब हर घर में, मोहल्ले में, हर झोपडी में, आज फीज हैं। इसी कारण पशुपालक समध्द बना है। अभी अभी रामसिंह भाई परमार बतारहे थे कि बीज दान की प्रकिया है उसमें सहायता देना चाहिए। इसी बजट में उसमें पशुपालन एवं कषि मंत्री ने एवं वित्तमंत्री श्री सौरभभाई ने इसमें जो ३० रुपए पहले लिए जाते थे उसमें कटौती करके १० रुपए किए है आने वाले दिनों में पशुओं की चिन्ता करने के लिये भविष्य में जीरो भी करने के लिये सरकार जरुर सोचेगी। दूध की डेरी में १०० प्रतिशत हमारी महिलाऍं क्षम करती है। हर परिवार में यह उदयोग हैं परिवार का और डेरी का एक ऐसा संकलन है दोनों एक दूसरे के आधार बने है। ऐसे उदयोग को बढावा देने के लिय हमारे प्रधानमंत्री देश के अतिप्रिय एवं विख्यात श्री नरेन्द्र मोदीजी ने पूरे देश को यह एक नई दिशा दी है। मूँगे पशुओं में भी एक आत्मा है ,ऐसे लाखों करोडो पशुओं की चिकित्सा करने के बाद उन पशुओं के दर्द दूर किए है उनकी जो दुआऍं मिली है ऐसे हमारे श्री नरेन्द्रभाई मोदी ने प्रधानमंत्री बनकर पूरे विश्व में डंका बजा रहे हैं। सिर्फ गुजरात में ही नहीं, केवल भारत में ही नहीं, लेकिन पूरे विश्व में।

हाल ही में ब्राजील ब्रिक्स देशों की जो समिति की बैठक हुई उसमें हमारे गुजरात के भाई श्री नरेन्द्र मोदी ने जो दबदबा हिन्दुस्तान का बनाया है। यह सब क्या है हमारे प्रधानमंत्री श्री नरेन्द्र मोदी ने देश को यथा राजा दुनिया का तथा प्रजा आदरणीय प्रधानमंत्री श्री नरेन्द्र मोदी देश को एवं दुनिया को नई दिशा दी है। और यह बताया कि एक राजनैतिक नेता कैसा होना चाहिए, शुध्द होना चाहिए,सात्विक होना चाहिए,तपस्वी होना चाहिए, प्रजा की पीडा समझने वाला होना चाहिए। उन्होंने गुजरात राज्य में १२ साल तक साढे छै करोड लोगों के लिए तपस्या की है एवं तपस्या कभी निष्फल नही जाती है। तपस्या सफल हुई और हमारे आदरणीय नरेन्द्र भाई मोदीजी ने लोकसभा की कुल २८२ हासिल कर प्रधानमंत्री का पद प्राप्त किया ।

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના સૌ પ્રથમ માનનીય મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ બજેટ લઇને આવેલ છે એ ખૂબ સારું છે. શ્રી બાબુભાઇ બોખીરીયાજીએ એ સહકારી પ્રવૃત્તિને ખરેખર વેગવંતુ બનાવવા માટે ખૂબ મહેનત કરી છે. રાષ્ટ્રના ડેરી વિકાસની સરખામણીમાં ગુજરાતનું સહકારી ક્ષેત્ર ખૂબ મજબૂત છે. જેમાં ખેત વિષયક ધિરાણ માળખાકીય મંડળીઓ, નાગરિક બેંકો, સુગર ફેકટરીઓ, સહકારી ડેરી માળખું, હાઉસીંગ મંડળીઓ, મહિલા ઔધોગિક મંડળીઓ તેમજ નાગરિક બચત વિકાસ ખૂબ થયો છે. આ ગુજરાતના સહકારી ક્ષેત્ર ઉપર તમે જોશો તો છેલ્લા ૨૦૦૦ થી ૨૦૧૪ સુધી જે હરણફાળ ભરવામાં આવેલી છે, તેની હું આજે એક વાત કરીશ. મને કહેતા આનંદ થાય છે કે બેન્કો જયારે વીક બેંકમાં હતી ત્યારે આ જ ગુજરાતની સરકારે આગલા બજેટમાં લાયસન્સ ન મળે એવી સ્થિતિ હતી, ચાર બેંકો વીક હતી, ગુજરાતની સરકારે ૮૪ કરોડ રૂપિયે આ ચાર બેન્કોને મદદ કરી હતી એમાં જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, વડોદરા આ બેન્કો બંધ થવા જેવી પરિસ્થિતિ હતી, ભાજપની પણ હતી અને કોંગ્રેસની પણ હતી પણ આ ભારતીય જનતા પાર્ટીએ મદદ કરવામાં પાછી પાની કરી નથી. સહકારી ધોરણે ચાલતી અમૂલ ડેરીનું વિશ્વમાં નામ અપાવેલું છે, ગુજરાતમાં લગભગ દોઢ કરોડ લોકો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. આર્થિક તેમજ સામાજિક ઉન્નતિ કરી રહ્યા છે. ગુજરાત માટે ગામડામાં આર્થિક વિકાસ માટે સહકારી પ્રવૃત્તિ ઉમદા ઉદાહરણ બની રહેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે સહકારી પ્રવૃત્તિને બળ આપવા માટે જુદી જુદી સહાયની યોજનાઓ પણ કરવા માટે મૂકેલી છે અને બજેટમાં પણ એની જોગવાઇ કરવામાં આવેલી છે ત્યારે હું મુખ્યમંત્રી અને નીતિનભાઇ અને બાબુભાઇ બોખીરીયાજીને ખૂબ ખૂબ ધન્યવાદ આપીશ કે સહકારી ક્ષેત્રની તમે ચિંતા કરી છે. ખરીદ વેચાણ સંઘની સંગ્રહ વ્યવસ્થા, ગુજરાતના ખેડૂતોને ખેતી ઉત્પાદન, ખરીદ વેચાણ સંગ્રહ વ્યવસ્થા દ્વારા પોષણક્ષમ ભાવ મેળવવા માટે ગુજરાત માર્કેટીંગ યાર્ડ બજાર સમિતિ દ્વારા ચાલે છે જેના વિકાસ માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૩-૧૪માં ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી. અને હાલમાં આનંદીબેને ૨૦૧૪-૧૫માં ૪૬ કરોડ રૂપિયાની આ વિભાગમાં સંગ્રહ વ્યવસ્થાની પણ જોગવાઇ કરી છે અને સહકારી ક્ષેત્રનું ઉત્થાન કરેલું છે. ૨૦૧૩-૧૪ના બજાર સમિતિના આધુનિકરણ માટે

ગુજરાત કૃષિ બજાર બોર્ડમાં ૭, ૨૦,૦૦,૦૦૦ રૂપિયાની આગલા બજેટમાં એની જોગવાઇઓ કરી હતી. ચાલુ સાલે ૨૦૧૪માં ૧૮,૩૯,૦૦,૦૦૦ રૂપિયાની જોગવાઇ કરેલી છે. ખરેખર આને કહેવાય છે સૌનો સાથ સૌનો વિકાસ.

નાની સિંચાઇમાં પણ એવી રીતે જોગવાઇ કરેલી છે. હું કહેતા આનંદ અને લાગણી અનુભવું છું કે આ ગુજરાતની સરકારે ૮ ટકા ખેડૂતોને ધિરાણ મળે અને છેલ્લા ૮ વર્ષથી ખેડૂતોને ૨ ટકા વ્યાજની કે.સી.સી. ધિરાણમાં રાહત આપવામાં આવે છે અને એના ફળસ્વરૂપે કહેતા હું આનંદની લાગણી અનુભવું છું કે જયારે ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ હતી તો આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ ઝીરો ટકા વ્યાજથી ખેડૂતોને ચોકકસ પ્રમાણે રાહત આપી અને બજેટમાં ૩૧૧ કરોડની પણ જોગવાઇ કરવામાં આવેલી છે. સહકારી ક્ષેત્ર માટે મને કહેતા આજે આનંદ થાય છે કે બીજી બધી રાજકોટ, ભરૂચ, સુરત આ બધી ખેડૂતોને આ સહકારી ધોરણ ઉપર નફો કરીને એનું બજેટનું અને ઇકોનોમીક જોગવાઇ કરીને ૨ ટકા ખેડૂતોને પણ પૈસા આપી શકીએ છીએ, એનું જો કોઇ કારણ હોય તો ગુજરાતની આ સહકારી પ્રવૃત્તિ, સમગ્ર રાષ્ટ્રની અંદર જે વિકાસની ગાથાની અંદર આગેકૂચ કરી રહેલી છે ત્યારે હું આનંદીબેનના અને નીતિનભાઇના બજેટને અને બાબુભાઇ બોખીરીયાજીને કે કૃષિને લગતા તમામ પાસાની સહકારી પ્રવૃત્તિને બળ આપવા માટેનું જો કોઇ આયોજન કરેલ હોય ત્યારે આજે આ તકે હું એમને અંતઃકરણ પૂર્વક અભિનંદન પણ આપુ છું અને સહકારી આલમની અંદર સહકારી પ્રવૃત્તિને ખૂબ વેગવંતુ બનાવવા માટે જે એમણે ભગીરથ પ્રયાસ કરેલો છે.ત્યારે આ હાઉસમાં કહેતા મને આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતની અંદર ૨૦૦૦ની સાલ પહેલા સહકારી પ્રવૃત્તિ ખૂબ ખાડામાં ગયેલી હતી. તે વખતે તમે જૂઓ નવ નવ બંકો, નાગરિક બેંકો, માધુપુરા બેંકો આજે દિવસે ને દિવસે તૂટતી હતી એ એક દૃષ્ટિકોણથી ભુપેન્દ્રસિંહજીએ અને મેં કાલે કહ્યું તેમ અમિત શાહ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીજીને જેટલો પણ આભાર માનીએ કે એમનો વિકાસલક્ષી ગાથાની અંદર ક્યાંય કોઇ જોવામાં નથી આવ્યું એને કહેવાય છે સહકારી પ્રવૃત્તિ. એને કહેવાય છે સહકારી પરિસ્થિતિનું નિર્માણ આ ગુજરાત ઇકોનોમિક રીતે મજબુત બને એ હેતુસર હંમેશને માટે આ ગુજરાત સરકાર ચાલી છે ત્યારે હું મારો એમાં સૂર પુરાવું છું. (સમય સૂચક ઘંટડી)

જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૨, ૩, ૪, ૫ અને ૬ લઇને આવ્યાં છે એને મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ચોક્કસ કહેવું છે કે ગુજરાતમાં કૃષિના કાર્યક્રમો મૂકવામાં આવ્યા છે એના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય તરફથી કૃષિ વિકાસન દર ૧૦% જેટલો અને કૃષિ ક્ષેત્રે ૪૬૨૪ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ આ બજેટની અંદર ૧૮% જેટલો વધારો કરીને મૂકવામાં આવી છે તેજે બતાવે છે કે ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત સરકાર કેટલી જાગૃત છે. ગુજરાતના ખેડૂતોને કેટલો ફાયદો થાય છે, ગુજરાતના ખેડૂતો કેવી રીતે આગળ વધે, ગુજરાતના ખેડૂત કેટલા સુખી–સમૃદ્ધ બને એના માટેનું જો કોઇએ સૌ પ્રથમ જો કોઇ પ્રયત્ન થયો હોય તો આ વખતના બજેટની અંદર માનનીય ગુજરાત સરકારના આનંદીબેનના મુખ્યમંત્રીપણા હેઠળ અને સૌરભભાઇના સમયમાં આ આયોજન થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે સહાયની યોજના આપવા માટે સરકારે કુવા, ગોડાઉન, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ખેતીને લગતા સાધનો વસાવવા માટે રાજ્ય સરકારે ૬% સહાય આપવા માટેની યોજના કરીને ૨૬ કરોડ રૂપિયા જેટલી ફાળવણી કરી છે. રાષ્ટ્રિય કૃષિ યોજના હેઠળ ૫૯૪ કરોડ રૂપિયાની સહાયની વ્યવસ્થા કરવામાં આવી છે. ખેડૂતોને નવા ટ્રેકટર ખરીદવા માટે ૪૬ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. ગામનો ગરીબ ખેડૂત નવા ટ્રેકટર ખરીદીને લાવે, કૃષિ ઉત્પાદનમાં વિના મૂલ્યે તેને કિટ્સ આપવાની સરકાર જે યોજના કરી છે. કૃષિરથ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓની અંદર જાય અને દરેક ગામની અંદર સાયન્સ્ટિટો જાય એ સાયન્સ્ટિટો તમામ ખેડૂતો સાથે મિટિંગ કરીને ખેડૂતોને બતાવે કે એમની જમીનની અંદર શું પાકશે. કયો પાક કરવાથી ખેડૂતને ફાયદો થાય એવું આ દેશની અંદર સૌ કોઇ પ્રથમ વખત કોઇએ કર્યું હોય તો એ આ ગુજરાત સરકારે કરી છે અને તમામ ખેડૂતોને સોઇલ હેલ્થકાર્ડ આપવા માટે દેશમાં સૌ પ્રથમ કોઇ સરકારે પહેલ કરી હોય તો એ ગુજરાતની સરકારે પહેલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા મિત્ર રાઘવજીભાઇ બોલતાં હતાં કે, ખેડૂત મરી જાય તો કાંઇ આપવામાં નથી આવતું. લઠ્ઠા પ્રકરણ થાય તો એને પૈસા આપવામાં આવતા હતા એવું મારા મિત્ર રાઘવજીભાઇ બોલ્યાં. મારે સાહેબ, રાઘવજીભાઇને કહેવું છે કે એ વખતે રાઘવજીભાઇ કોંગ્રેસમાં ન હતા એટલે એમને ખબર નહિ. અત્યારે કોંગ્રેસમાં છે એટલે એમને અત્યારે અનુભવ નથી પણ આ હાઉસની અંદર હું આ પોલીસ ખાતામાંથી ૬ વખત ચૂંટાઇને હું ચોથી ટર્મ આવ્યો છું ત્યારે મારે ચોકક્સ કહેવું છે કે તે વખતે કોંગ્રેસની સરકારમાં કોઇ લઠ્ઠો પીને મરી જાય તો એને ૨૫૦૦૦ આપવામાં આવતા હતા અને કોઇ ખેડૂત મરી જાય તો એને એક રૂપિયો પણ આપવામાં નહોતો આવતો. આ વખતે પ્રથમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને બેન આનંદીબેન મુખ્યમંત્રી હેઠળ આજે ભાજપની સરકાર બની. ત્યારે પ્રથમ વખત આ દેશની અંદર ખેડૂતોની વીમા યોજના દાખલ કરી અને એના પ્રિમિયમના પૈસા ખેડૂતોના સરકાર ભોગવતી હોય એવી જો કોઇ સરકાર હોય તો પ્રથમ વખત આ સરકાર છે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્ર, અને જો ખેડૂતો કોઇ અકસ્માત રીતે મરી જાય, કોઇ ખેડૂતને એરુ કરડે અને મરી જાય, કોઇ ખેડૂતનું રસ્તામાં અકસ્માત થાય અને મરી જાય એને એક લાખ રૂપિયા આપવા માટેની યોજના હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતની સરકારમાં આ યોજના છે. રાઘવજીભાઇ, તમારા વખતમાં નહતી આ યોજનાઓ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, જો ખેડૂતનો જ્યારે પાક પાકે અને એ પાકના બિયારણનો જો વધારે સંગ્રહ કરવો હોય તો ઘરમાં રાખવા માટેની વ્યવસ્થા ન હોય તો એ વ્યવસ્થા ઉભી કરવા માટે આ સરકારે પચાસ ટકા જેટલી સબસિડી આપીને ખેડૂતોના ખેતરોમાં ગોડાઉન બનાવવા માટે આયોજન કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું છે કે, ગુજરાતની સરકારે ઉકાઇ ડેમ હોય, પાનમ ડેમ હોય, કડાણા ડેમ હોય આ બધા ડેમો જે રીતે આજે સરકાર કામ કરી રહી છે ત્યારે ખેડૂતોના માટેની કામ કરતી સરકાર જ્યારે કહેવાય ત્યારે મારે ચોક્કસ કહેવું છે કે, જ્યારે રાઘવજીભાઇએ કહ્યું કે, ખેડૂતોએ આત્મહત્યા કરી છે અને આપે માનનીય અધ્યક્ષશ્રી, ટકોર કરી કે, તમારી પાસે રેકર્ડ ઉપર હોય તો મૂકજો. આ રાઘવજીભાઇને મારે કહેવું છે કે, મહારાષ્ટ્રની અંદર વિદર્ભની અંદર જે લોકોએ હત્યા કરી છે ત્યાં તમારી સરકાર છે તો ત્યાં જઇને એના આંકડા તો જરા લઇ આવો કે, કેટલાએ આત્મહત્યા કરી છે, કેટલા ખેડૂતો મરી ગયા છે ? એના માટે કોઇ પૂછનાર નથી કે કોઇ રોનાર નથી. સરકાર તરીકે આજે ગુજરાતની અંદર એક પણ ખેડૂત એવો નહીં હોય કે, ખેડૂતે પોતાની કોઇ આર્થિક સંકડામણ હોય, ખેડૂતે પોતાની પર લોન લીધી હોય અને એને લીધે મૃત્યુ થયું હોય એવો એક દાખલો નહીં હોય કે કોઇ ભૂખ્યા મરતો હોય. (અંતરાય) ખોટી વાત છે. કોઇ ભૂખ્યો મરતો હોય અને ખેડૂતે કોઇ આત્મહત્યા કરી હોય એવો એક દાખલો ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં નથી. કોંગ્રેસના શાસનો જે છે, કોંગ્રેસનું શાસન જે મહારાષ્ટ્રમાં છે અશ્વિનભાઇ, ત્યાં જઇને પૂછી આવો કે કેટલા ખેડૂતોએ આત્મ હત્યા કરી છે ? રોજ ટી.વી.ની અંદર જોઇએ છીએ તો મહારાષ્ટ્રની અંદરથી રોજે રોજ બે-બે, પાંચ-પાંચના આખા કુટુંબના કુટુંબોએ આત્મહત્યા કરી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે ?

શ્રી શૈલેષ મ. પરમાર : મહારાષ્ટ્ર રાજ્યના આંકડા આપે છે, મહારાષ્ટ્ર રાજ્યની, કોઇ રાજ્યની ચર્ચા થઇ શકતી નથી અને મહારાષ્ટ્રની ચર્ચા અત્યારે કરે છે. જેઠાભાઇને ખ્યાલ નહીં હોય, ગઇ કાલે ટી.વી. જોયું નહીં હોય, ગઇ કાલે બે ખેડૂતોએ આત્મહત્યા કરી, ગઇ કાલે ટી.વી. ઉપર આવતું હતું રિપોર્ટમાં.

અધ્યક્ષશ્રી : ભાઇ શૈલેષભાઇ કમ્પેરિઝન તો હોય જ છે, બે રાજ્યો વચ્ચે અને કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, રાઘવજીભાઇએ આર.ટી.આઇ.એકટ હેઠળ એમણે જે માંગેલી માહિતીના આધારે ગુજરાતની અંદર કેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી એના આંકડા રજૂ કર્યા. માનનીય જેઠાભાઇ જે બોલી રહ્યા છે એ ફક્ત મહારાષ્ટ્રમાં આત્મહત્યા, આત્મહત્યા, આંકડા બોલે છે સાહેબ. અમે તો ગુજરાતના ઓફિસીયલ આંકડા જ બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : મહારાષ્ટ્રના આંકડા તમે મૂકજો, નહીંતર એમાંથી રદ કરીશું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મેં આંકડાઓ કહ્યા જ નથી. શૌલેષભાઇની માન્યતા ખોટી છે. મેં તો એવું કીધું છે કે, વિદર્ભની અંદર મહારાષ્ટ્રમાં સાહેબ, મૃત્યુ થાય છે,

અધ્યક્ષશ્રી : એ કહ્યા જ નથી. આંકડાનો એનો ધંધો જ નથી.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : ખેડૂતો આત્મહત્યાઓ કરે છે એમની સરકાર છે ત્યાં જઇને તપાસ કરે. આંકડા એમણે મૂક્યા છે, મેં નથી મૂકયા સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું છે કે, ગુજરાત એ દેશનું મોડેલ છે. વિકાસના ક્ષેત્રે, કૃષિક્ષેત્રે આજે ગુજરાત દેશનું મોડેલ બની રહ્યું છે અને ગુજરાત રાજ્ય જે રીતે આગળ વધી રહ્યું છે એના માટે આજના વડાપ્રધાન આ ગુજરાત મોડેલનો આખા દેશની અંદર અમલ કરાવવા જઇ રહ્યા છે. મારે એટલું જ કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી, કે દૂધની અંદર, આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને શ્રી નરેન્દ્રમોદીની સરકાર જ્યારે હતી ત્યારે એમણે જે પણ ખેડૂતોના હિતો માટેના કામો કર્યા છે એ આજે ખૂબ વખાણવાલાયક છે અને ખુબ સારી રીતે ગુજરાતનો ખેડૂત આગળ વધે છે. આજે ગુજરાતનો ખેડૂત ઘેર−ઘેર નેનો ફેરવતો થઇ ગયો છે. મારે આ કહેવું છે કે, ગુજરાતનો ખેડૂત ઘેર−ઘેર નેનો ફેરવતો થઇ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર રામસિંહભાઇ બોલતા હતા. મારા મિત્ર રામસિંહભાઇએ જે કહ્યું છે, મારે એ બાબતમાં ચોક્કસ કહેવું છે કે, રામસિંહભાઇએ જે પણ અમુક વસ્તુઓ જે કહી છે, દૂધ ઉત્પાદન ક્ષેત્રે પણ એમણે ખરેખર એમના દિલથી ..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ સભાગૃહને મારા નમસ્કાર. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં આ ગુજરાતની અંદર પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સરકારને પણ મારા લાખ લાખ અભિનંદન. કૃષિની માગણીને સમર્થન આપવા હું ઉભો થયો છું. ગુજરાતની જીવાદોરી સમાન મા નર્મદા ગુજરાતમાં કૃષિ ગરીબ ખેડૂતોના વિકાસ લક્ષી માધ્યમથી ખેડૂતોને, ગરીબ બહેનોને, સખી મંડળની બહેનો, વિધવા બહેનો અને ખેતમજૂર બહેનો દુધાળા પશુઓથી ગુજરાન ચલાવવા માટે ઘરમાં આઠ થી દસ માણસોનું કુટુંબ હોય તો પણ પોતાનું ગુજરાન અને ભરણપોષણ આરામથી ચલાવી શકે છે. મા નર્મદાનું પાણી મળવાને કારણે સામાન્ય ગરીબ ખેડૂત હોય, સામાન્ય ગરીબ મહિલા હોય તો સામાન્ય સખી મંડળની બહેનો હોય તો એનાથી ઘાસચારો મેળવી શકે છે જેથી સારા પ્રમાણમાં કૃષિ વિકાસ જોવા મળ્યો છે. કૃષિ વિકાસથી સમગ્ર સમાજનો અને રાજયનો વિકાસ થયો છે. કૃષિ વિકાસ માટે હજારો ચેકડેમ બાંધવામાં આવ્યા છે, બોરીબંધ બાંધવામાં આવ્યા છે અને ખેતતલાવડીઓ પણ બાંધવામાં આવી છે અને મોટા ખેડૂતોની જમીન સામાન્ય ખેત મજૂરો ભાગે રાખીને લાખો ટન અનાજ પકવે છે. કૃષિના માધ્યમથી રોજગારી મળી રહે છે. ન.મો. અને નર્મદાને કારણે લાખો ખેતમજૂરોના ભાગ્ય ખુલી ગયા છે. કૃષિના વિકાસથી લાખો ખેડૂતોને વીજ કનેકશન આપવામાં આવ્યા છે. કૃષિ વિકાસની અંદર ૨૦૦૨ની સાલમાં કૃષિ વિકાસ ૧૧૦૦૦કરોડનો હતો. આજની તારીખમાં ૧,૧૧,૧૦૦ કરોડ એટલે કે ૧૦ ગણો વધારો થયો છે. આનું નામ વિકાસ કહેવાય. કૃષિના સાધનો એટલે કે ૨૦૧૩ની સાલમાં જે ટ્રેકટરો હતા એના કરતા આ એક વર્ષમાં ૩૧૩૪૦ ટ્રેકટરોનો વધારો થયો છે. આપણી ગુજરાત સરકાર ૭૧લાખ જેટલા ખેડૂતોનો વીમો ભરે છે અને ૩૩કરોડ જેટલું પ્રિમિયમ પણ સરકાર ભરે છે. દર વર્ષે ચોમાસા પહેલા કૃષિના માધ્યમથી ખેડૂતો માટે કૃષિ વિકાસ મેળાનું આયોજન કરવામાં આવે છે અને વિનામૂલ્યે કીટનું વિતરણ કરવામાં આવે છે અને ખેડૂતોને વિશેષ માર્ગદર્શન વિનામૂલ્યે આપવામાં આવે છે. કૃષિ વિકાસ તો સૌ કોઇ કરે. આપણા ગુજરાતમાં ડઝનથી પણ વધારે મુખ્યમંત્રીઓ બદલાઇ ગયા અને કોઇને એવો વિચાર પણ ન આવ્યો કે લાવો મારા ગુજરાતની અંદર ૨૦૦૦ની સાલમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : લાલજીભાઇ, કોઇ સરખામણી નહીં, મુખ્યમંત્રીની. ભૂતકાળના બહુ કામ કરતા હતા

અને અત્યારના નથી કરતા કે ભૂતકાળના નહોતા કરતા અને અત્યારના કરે છે એવી સરખામણી નહીં. એ સિવાયનું બોલો. એ કાગળ બદલાવી નાખો.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : આપણા ગુજરાતની અંદર ૧૦૦૦ છોકરાઓ હતા અને ૮૩૭ દીકરીઓ હતી. આટલો તફાવત હતો તેમછતાં આપણા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાને પોતાની કોઠાસૂઝથી બેટી બચાવો અભિયાન ઉપાડીને ભૃણ હત્યા અટકાવી અને હજારો નહીં, લાખો બાળકીઓના જીવ બચાવ્યા.એના પૂણ્યના પ્રતાપે આ *(xxxxxx)

અધ્યક્ષશ્રી : હવે (xxxxxx) એ શબ્દ કાઢી નાખો. સૌરભભાઇએ જે બજેટ રજૂ કર્યુ તેમાં છે કોને આવકારો અને કોને જાકારો? સબજેક્ટ ઉપર આવો.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : જમીનને માફક આવે તેવા પાકો લેવા માટે જમીનનો સ્થળ ઉપર જ સરવે કરી, નકશા તૈયાર કરી કયા પાકની વધુ ઉપજ મેળવવી તેની ચકાસણી કરવામાં આવે છે અને નાણાકીય જોગવાઇ માટે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ કલ્યાણકારી યોજનાઓનો ઘરઆંગણે ખેડૂતોને લાભ મળે એવી વ્યવસ્થા કરવામાં આવેલી છે. ચોમાસા પહેલા કૃષિ મહોત્સવ યોજીને રાજયના તમામ જિલ્લાના ગામના ખેડૂતોને કૃષિ સહકારી યોજનાના લાભો આપવામાં આવે છે. આની અંદર ખેતી વિકાસનો લાભ લેવા તથા લાખો લાભાર્થીઓને ખેતીની કીટો આપવામાં આવે છે. ઉપરાંત ૩૩ લાખ જેટલા સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. ૬,૧૯૭ લાખ અનુસૂચિત જાતિના અને ૯૭૫૨ લાખ આદિજાતિને અને ખેડૂતોને ૧૦૪૭ લાખ જેટલા અને ૧૮ ટકા જેટલા કૃષિ માધ્યમથી ૩૭૭૫ કરોડનું જે બજેટ વધારવામાં આવ્યું છે. કેન્દ્ર દ્વારા સમર્થનવાળી યોજનાનો અમલ કરવાની જોગવાઇ કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી પ્રવીણભાઇ રાઠોડ

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. આ સન્માનનીય સભાગૃહની અંદર ઘણી બધી ખેડૂતોની ચિંતા કરવામાં આવી છે. ઘણી બધી સરકારની યોજનાના માધ્યમથી ખેડૂતોને કેવા પ્રકારના લાભો મળી રહ્યા છે એવી બજેટની અંદર, માગણીઓની અંદર જોગવાઇ કરવામાં આવી છે, ત્યારે મારે હમણા અહીયા વાત થતી હતી કે ગામડાની અંદર ખેડૂતો જ્યારે સરકારશ્રી કૃષિ રથ લઇને આવે છે. કૃષિ મહોત્સવ કરે છે, કૃષિ મેળાઓ કરે છે. આવી અનેક યોજનાઓ સરકારશ્રીની હોય, ત્યારે આ રાજય સરકાર ગામડે ગામડે કૃષિ રથ લઇને જાય છે, ત્યારે અગાઉથી કહેવામાં આવે કે તમારા ગામની અંદર કૃષિ રથ આવવાનો છે, ત્યારે સમગ્ર ગામ એકત્રિત થઇને પંચાયતના માધ્યમથી બધા જ ગામના ખેડૂતો અને પશુપાલકો એકત્રિત થતા હોય છે, ત્યારે પંચાયતના તલાટી કમ મંત્રી, સરપંચને કહેવામાં આવે કે તમારે આપણા ગામની અંદર કૃષિ રથ આવવાનો છે, માટે ૧૫ નામો આપવાનાં છે, ત્યારે પંચાયત આવા નામો આપવાનું કામ કરતું હોય છે, ત્યારે એ પંચાયતને એટલી બધી મુશ્કેલી પડતી હોય છે. આખા ગામના લોકોમાંથી જેઓ ખેતી સાથે જોડાયેલા હોય, પશુપાલન સાથે જોડાયેલાં હોય એવાં માત્ર ૧૫ નામો આપવાનાં હોય છે. એમાં ૩ વિભાજન પણ કરવામાં આવે. ૫ પશુપાલકોના નામ આપો, ૫ નાના અને સિમાંત ખેડૂતોના નામ, ૫ બાગાયત ખેડૂતના નામ આપો. આમ આવા ૧૫ નામો પંચાયત એનો ઠરાવ કરીને રાજય સરકારને મોકલતી હોય છે. એના માધ્યમથી ખેડૂતોને મફત કીટ આપવાની વાત થતી હોય છે, ત્યારે મારે સરકારશ્રીનું ધ્યાન દોરવાનું છે કે આ મફત કીટ આપવાની વાત હોય છે, ત્યારે સભાગૃહમાં મફત કીટની વાતો થતી હોય છે, ત્યારે વાસ્તવિક મફત કીટની વાત થતી નથી, ત્યારે આવા સંજોગોમાં આ કીટો આપવામાં આવે છે, ત્યારે આખું ગામ એકત્રિત થાય, ખેડૂતો રાજી થાય. સરસ મજાની યોજના અમારી સરકાર ઘરે બેઠા કીટ લઇને આવી છે. અમને આપવા આવી છે. આવી સરકારની યોજના એ ખેડૂતનો દીકરો એ રામજી મંદિર કે ગામના ચોરે એકત્રિત થતો હોય અને એ રથનું સન્માન કરવા માટે આખું ગામ ઢોલ,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શરણાઇ લઇને જતા હોય, ત્યારે આનંદની વાત હોય, ખેડૂતનો દીકરો રાજી થતો હોય છે.કે અમારા માટે અમારી સરકાર સરસ મજાની યોજના લાવી છે. આ ઘેર બેઠા ખેડૂતોને કીટ આપવાની વાત કરે છે. ત્યારે ખેડૂતનો દીકરો ખેતીમાં કામ કરતો હોય, ગામડે ગયો હોય કે શહેરમાં અટાણું લેવા ગયો હોય અને તેને બોલાવવામાં આવે કે તમને સરકારશ્રી મફત કીટ આપવાની છે તો રામજી મંદિરે આવજો. ત્યારે તે ખેડૂતનો દીકરો ગમે તેવો ધંધો મૂકીને રામજી મંદિરે પોતાની કીટ લેવા જાય છે. તે કીટ લેવા જાય છે અને કીટ લઇને ઘરે જાય છે અને કીટ ખોલે અને જુએ છે તો તેમાંથી શું નીકળે? તો તેમાંથી ૫૦ કે ૧૦૦ ગ્રામ ટામેટીનું, ૫૦ કે ૧૦૦ ગ્રામ ભીંડાનું બી નીકળે. ૫ કિલો ડી.એ.પી. નીકળે અને તેનાથી આ સરકાર ખેડૂતોના વિકાસની વાત કરવા માગે છે. ખેડૂતોના હિતની વાત કરવા માગે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આવી કીટો આપીને સરકાર ખેડૂતોને મશ્કરી સમાન કીટો આપવામાં આવે છે તે કીટો બંધ કરવી જોઇએ. ગામમાં ૧૫ થી વધારીને ૫૦ કે ૧૦૦ કીટો આપવી જોઇએ. જેથી કરીને ગામના તમામ લોકો સચવાઇ જાય. આ કીટો આપવામાં પંચાયત અને સરપંચશ્રીને ઘણીબધી મુશ્કેલીઓ અનુભવવી પડતી હોય છે. માત્ર ૧૫ કીટો આપીને આખા ગામમાં એક ડખાનું વાતાવરણ ઉભું થતું હોય છે. તેના કારણે પંચાયત અને સરપંચને મુશ્કેલી થતી હોય છે ત્યારે આવી કીટો માટે ૪૭ લાખની જોગવાઇ કરી છે ત્યારે તેમાં પણ જોગવાઇઓ વધારવી જોઇએ. સાથોસાથ ખેડૂતોની વાત થતી હોય ત્યારે હું પણ એક ગામડામાં રહેનારો અને ખેતી સાથે સંકળાયેલો છું. વાડી વિસ્તારમાં રહું છું એટલે અનુભવું છું. આવા વિસ્તારોમાં લાઇટ કનેકશનની વાત કરવામાં આવે, સરપ્લસ વીજળીની વાત કરવામાં આવે, ખેડૂતોને માંગો ત્યારે કનેકશનની વાત કરે ત્યારે મારે કહેવું છે કે ખેડૂતનો દીકરો ખેતરમાં રહેતો હોય ત્યારે તેમને સમયસર કનેકશન આપવામાં આવતું નથી. તે કનેકશન આપવામાં આવે તો પૂરા વોલ્ટથી આપવામાં આવતું નથી. જેમને કનેકશન આપેલ છે તેમને દિવસે પાવર આપવામાં આવતો નથી. મારી સરકારશ્રીને વિનંતી છે કે આવા ખેડૂતો જે વાડી વિસ્તાર, જંગલ વિસ્તારમાં રહેતા હોય તેમને દિવસનો પાવર આપવામાં આવે કે જેથી કરીને ખેડૂતનો દીકરો સમયસર ખેતી કરી શકે. એટલી વાત કરીને વિરમુ છું. અસ્તુ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા કેટલાક નકકર સૂચનો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ખેતીવાડી અને કૃષિના ક્ષેત્રમાં કરોડો રૂપિયાનું બજેટ છે પરંતુ જે બજેટ જે વિસ્તારોમાં વાપરવું જોઇએ તે વપરાય નહીં અને એક એક વર્ષ સુધી તેના કામો ન થાય. તેથી મારી એટલી જ રજૂઆત છે કે ગરીબ કલ્યાણ મેળામાં જે ચેકો ટ્રાયબલ વિસ્તારના ખેડૂતોને આપવામાં આવે છે તેમાં ઓઇલ એન્જિન અને ઇલેકટ્રીક મોટરો માટે ૨૦૧૨માં આપેલા ચેકો આજસુધી છોટાઉદેપુર તાલુકાના ઉંડાણના વિસ્તારના ખેડૂતોને તે ચેકના નાણાં મળ્યા નથી. તેવી જ રીતે ૧૧૧૨ જેટલા ટ્રેકટરો ખરીદાયા તે ટ્રેકટરોની સહાય પણ આજ સુધી મળી નથી. લઢોદ સરદાર સુગર ફેકટરી ૧૯૯૨–૯૩માં બની. તે ફેકટરીમાં ૧૨૧ એકર જમીન ખરીદાઇ. ટોટલ ૭૦૦૦ જેટલા સભાસદો તેમાં બન્યા. ૫૦ કરોડ રૂપિયાની મશીનરી તેમાં ખરીદાઇ. ત્રણ વર્ષ સુધી વહીવટ ખૂબ સારો ચાલ્યો. સરદાર સુગર ફેકટરીમાં ૧૩૫ કરોડ રૂપિયાનું દેવું થયું અને સરદાર સુગર ફેકટરીમાં સરદાર પટેલનું સ્ટેચ્યુ આઠ વર્ષથી મૂકયું છે પણ હજુ તેના ઉપર પ્લાસ્ટિક ઓઢાડીને રાખેલ છે. તેનું ઉદ્‌ઘાટન પણ કરેલ નથી. ૭૦૦૦ જેટલા ખેડૂત સભાસદોએ શેરડી નાંખી હતી તેના ૧૧ કરોડ ૬૨ લાખ રૂપિયા આજસુધી મળ્યા નથી. એટલે ખેડૂતોને નેનો ગાડી કે બીજી ગાડીઓ લાવવાનો તો કોઇ સવાલ જ ઉભો થતો નથી. લોકો ભલે ગમે તેમ કહે કે ખેડૂતો આ લાવ્યા. ૧૧ કરોડ ૬૨ લાખ રૂપિયા ખેડૂતોને ચૂકવાયા નથી. આ સરદાર સુગર ફેકટરી ૩૨ કરોડમાં હમણાં વેચી દેવામાં આવી છે. મારી સરકારને વિનંતી છે કે ૭૦૦૦ ખેડૂતોએ શેર ભંડોળના પૈસા ભરેલા તે પાછા મળે. મેં પણ ત્રણ લાખ રૂપિયા ભર્યા હતા. મને પણ આજ સુધી એકપણ પૈસો મળ્યો નથી. મારી એટલી જ લાગણી છે કે આ તાત્કાલિક ચૂકવે.

એવી જ રીતે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા જાવક નં.વટ/૦૧/૫૧/૫૬, તા.૧૩–૫–૨૦૧૩ના રોજ પત્ર લખ્યો છે એ પત્રમાં કચેરીના તા. ૨૮–૨–૧૩ની કારણદર્શક નોટિસમાં ૨૦૧૩થી રજૂઆત કરવામાં આવી છે. એ રજૂઆતમાં જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓએ પણ લખ્યું છે કે ૧૨–૯–૨૦૦૮ની મિટીંગમાં ઠરાવ નં.૭થી કોઇને ઉધાર માલ આપવો નહીં. આવો ઠરાવ કરેલ હોવા છતાં જંતુનાશક, દવા, બિયારણ ઉધાર–બાકી રૂપિયા ૨૭,૭૩,૮૨૭/– ખાતરની ઉધાર બાકી રૂપિયા ૧,૨૩,૦૪,૫૭૩/– કુલ બાકી રકમ રૂપિયા ૧,૫૦,૭૮,૪૫૬/–છે. તો એવી જ રીતે સને ૨૦૦૯–૧૦માં સંસ્થાના પ્રમુખશ્રીએ રૂપિયા ૨ કરોડ બરોડા સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેન્કમાંથી લોન લઇને ડાંગરની ખરીદી કરેલી. એ ડાંગરની ખરીદી ૨,૫૫,૩૯,૮૭૯ રૂપિયાની ડાંગરની ખરીદી કરી અને ઓછા ભાવે ૧,૬૯,૧૦,૧૨૮/–માં વેચી એટલે ઓછી રકમ ૭૬,૨૯,૭૫૧ અને વ્યાજ ૧૩,૮૬,૮૯૬ એમ ડાંગરના ધંધામાં અંદાજીત જે ખોટ ગઇ એ ૧ કરોડ રૂપિયા કરતા વધારેની ખોટ ગઇ છે. મારી તો એટલી જ નમ્ર વિનંતી છે કે આ ખોટ માટે વડોદરા જિલ્લા સહકારી સંઘના પ્રમુખ પોતે અને સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેન્કના પ્રમુખ પોતે એના માટે જવાબદાર છે અને કરોડો રૂપિયાની ખોટ જાય છે એમના માટે જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ ગુજરાત સરકારને આની નોંધ મોકલી છે છતાં પણ ગુજરાત સરકારશ્રી અને આખું તંત્ર આવા પ્રમુખો સામે કામગીરી કરવી જોઇએ એ કામગીરી કરતું નથી. એટલા માટે મારી માગણી છે કે આવા જે ભ્રષ્ટાચારી લોકો છે તેમની સામે તાત્કાલિક પગલાં લઇને પ્રમુખપદેથી એમને દૂર કરે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં જ્યારે મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ અને નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ શ્રમ અને રોજગારની માગણી નં.૫૭ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા અને વિરોધ પક્ષ તરફથી જે કાપ દરખાસ્ત મૂકી છે એ બાબતમાં મારી વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત કરું તો કોઇ પણ રાજયના આર્થિક વિકાસમાં અવિરત ઉત્પાદન એ જરૂરી છે અને એના માટે ઔદ્યોગિક શાંતિની જાળવણી પણ જરૂરી છે અને એમાં સૌથી મહત્વનો ભાગ શ્રમિક વર્ગનો હોય છે અને શ્રમિક વર્ગને જ્યારે ઉત્પાદનમાં પૂરતી મજૂરી મળે તો હું માનું છું કે એ શાંતિ જળવાતી રહે છે અને છેલ્લા ૧૨ વર્ષથી આપણે જોઇએ છીએ કે, આર્થિક વિકાસ આ આ રાજયનો ખૂબ સારો થયો છે અને જેમાં આ શ્રમિક વર્ગને અને ઉદ્યોગો વચ્ચે વિવાદ બહુ ઓછા થયા છે. સાહેબ, હું વકીલ વર્ગમાંથી આવું છું, જે લોકો લેબર કોર્ટમાં વકીલાત કરે છે એ લોકો કહે છે કે હવે અમારે કેસો બહુ ઓછા થઇ ગયા છે. એ આ સરકારનું પ્રદાન છે અને એના માટે શ્રમ અને રોજગાર વિભાગ એના વિભાગની જુદી જુદી કચેરીઓ મારફત કર્મચારીઓ અને શ્રમિકોના પૂરતા વેતન માટે, એમની સારી નોકરીની વ્યવસ્થા માટે, સામાજિક સુરક્ષા માટે, ઔદ્યોગિક વિવાદ અને હકના દાવાઓના નિકાલ માટે તેમજ શ્રમિકોના કલ્યાણ માટે જુદી જુદી જોગવાઇઓ કરતા હોય છે અને એના માટે જુદા જુદા ૮ બોર્ડ આપણે બનાવેલા છે. એમાં સૌ પ્રથમ વખત ગુજરાત શ્રમિક ખેત મજૂરો માટેના બોર્ડની રચના કરેલી છે એ પ્રથમ વખત કરવામાં આવેલી છે. આપણી રોજગાર કચેરી છે એ ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં આખા દેશમાં રોજગારી આપવામાં સૌ પ્રથમ આવે છે અને આપણે ગુજરાતમાં ૨૦૧૧ની વસતિ પ્રમાણે ૨.૪૮ કરોડ કામદારો છે. ઉદ્યોગો માટે ૨૦૨૦માં ૨૫૦ લાખ કારીગરોની જરૂર પડશે. એના માટે આગવું આયોજન ૨૦૧૪માં જ કરેલું છે. હાલમાં પેટ્રોકેમિકલ્સ, રસાયણ, ઇજનેર, ટેક્સટાઇલ્સ, માહિતી, પ્રોદ્યૌગિક, ઓટોમોબાઇલ તેમજ અન્ય ક્ષેત્રો માટે ઝડપી અર્થતંત્ર ઉભું થાય એના માટે ૨૬૩ સરકારી આઇ.ટી.આઇ., ૧૧૫ ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. અને ૩૯૫ સેલ્ફ ફાઇનાન્સ આઇ.ટી.આઇ. આ બધામાં જુદા જુદા ૧૭૧ જેટલા વ્યવસાયો શીખવાડવામાં આવે છે. એમાં ૧,૫૩,૪૧૫ તાલીમાર્થીઓ શિક્ષા પામે છે. સાથે સાથે ગ્રામીણ ક્ષેત્રમાં આપણે કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરીને ૨૦૧૦થી આજસુધીમાં ૩૩૫ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાંથી ૧૧,૧૮,૯૯૦ તાલીમાર્થીઓને તાલીમ આપી છે. એમાં ખાસ કરીને ૬,૯૨,૫૫૬ મહિલા લાભાર્થીઓ છે. એ રીતે આવતા વરસોમાં માનસિંહભાઇએ જે વાત કરી કે શિક્ષિત બેકારો બહુ છે પણ આપણે આયોજન જે આજદિન સુધી કર્યું છે રોજગાર કચેરી, ઉમેદવારો અને ઉદ્યોગકાર હોય એ ત્રણેયને એકજ જગ્યાએ લાવીને જે કંપનીમાં નોકરી જોઇએ તે પ્રમાણે

આપીએ છીએ અને એકજ પ્લેટફોર્મ ઉપર ભરતી મેળાઓના જે આયોજન કરેલા છે એની જો હું વિગતો આપું તો સ્વ રોજગાર શિબિરો ૨૦૧૩-૧૪માં ૪૨૫ જેટલી કરેલ છે. જેમાં ૨૮૬૩૯ ઉમેદવારોએ લોન માટેના ફોર્મ ભર્યા છે તેમાંથી ૧૬૩૨૭ બેરોજગારોને લોન આપવામાં આવી છે. મિલીટરીમાં આપણા ગુજરાતના લોકો ઓછાં જાય છે એના માટે પણ આપણે તાલીમ કેન્દ્રો શરૂ કર્યા છે. ૨૦૧૩-૧૪માં આપણે ૧૩ તાલીમ કેન્દ્રોમાંથી ૩૨૩ ઉમેદવારો લશ્કરમાં ભરતી કરવામાં આવ્યા. લશ્કરી ભરતી મેળામાં ૮૭૦ ઉમેદવારો પસંદ થયા. ઔદ્યોગિક તાલીમ એકમો છે જેમાં ભરતી મેળા આપણે કર્યા તેવા ૮૪૭ ભરતી મેળા કરીને એક લાખ ૨૪,૪૯૩ લોકોને નોકરી અપાવી. એક વરસની અંદર એક લાખથી ઉપર લોકોને જો નોકરી આપીએ તો એ ઓછી છે? વધારામાં આપને કહુ કે આઇ.ટી.આઇ. માં પણ ૨૬ જિલ્લાઓમાં ૨૨૫ તાલુકાઓમાં આપણે આઇ.ટી.આઇ. ચાલુ કરેલ છે પણ આવતા દિવસોમાં આપણે દરેક તાલુકામાં આઇ.ટી.આઇ. મારફતે ૩૮૦૦ સીટો વધારી છે અને ૧૯ નવી આઇ.ટી.આઇ. શરૂ કરીએ છીએ અને ચાર શહેરો અને સેવા મંડળોમાં બાવન સીટો નક્કી કરેલ છે. કેટલાક ઉદ્યોગો એવા હોય કે જેના માટે કારીગરો ના મળતા હોય તો એના માટે આપણે આઇ.ટી.આઇ. ઓન ડિમાન્ડ શરૂ કરવા જઈ રહ્યા છીએ. સરકારીમાં ૧૫૦૦ બેઠકો, ગ્રાન્ટ ઇન એઇડમાં ૨૫૦૦ બેઠકો વધારેલી છે અને કૌશલ્યવર્ધન કેન્દ્ર ૧૨૮ વધેલા છે. સાથે સાથે વિકાસની એક વાત કરીને મારી વાત પૂરી કરું છું. ગ્લાસમાં અર્ધો ગ્લાસ પાણી હોય અને અર્ધો ગ્લાસ ખાલી હોય તો પોઝીટીવ લોકો એવું કહે કે અર્ધો ગ્લાસ ભરેલો છે, નેગેટીવ લોકો એવું કહે કે અર્ધો ગ્લાસ ખાલી છે. ત્યારે આપણા હાલના પ્રધાનમંત્રીની સોચ એવી હતી કે આખો ગ્લાસ ભરેલો છે અરધો પાણીથી અને અરધો હવાથી. એના માટે એક દાખલો આપું છું. પતંગ ઉદ્યોગ. જ્યારથી પતંગોત્સવ શરૂ કર્યો પહેલાં એમાંથી ૭૦ કરોડ રૂપિયાની આવક થતી હતી, ૩૪ જગ્યાએથી એના સાધનો મળતા હતા. હાલ ૧૪ જગ્યાએથી એ સાધનો મળે છે અને આજે એ વ્યવસાય ૭૦૦ કરોડનો થઇ ગયો છે મારી એટલી વાત કહીને મારી વાત પૂરી કરું છું. ભારત માતાકી જય.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને માગણી નંબર-૪ પશુપાલન ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. એક મહિલા ધારાસભ્ય હોવાના નાતે અમારા માટે આનંદની વાત એ છે કે, પશુપાલનના ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન પણ નોંધપાત્ર રહેલ છે. ગુજરાતમાં મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા આગામી વરસોમાં બમણી કરવાનો અને મહિલા પશુપાલકોને ખાસ પ્રોત્સાહન આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. નાબાર્ડ લોનની યોજના હેઠળ દૂધાળા પશુઓની ખરીદી કરવા ઇચ્છતી મહિલા પશુપાલક સભ્યને બેન્ક લોન ૩ વરસ માટે ૫ ટકાના વ્યાજના દરથી આપવાનું આયોજન રાજ્ય સરકારે કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વસહાય જૂથોની મહિલા પશુપાલકો માટે વધારાનાં લાભ તરીકે બેંક લોનના હપ્તાની સમયસર ચૂકવણી પર ત્રણ વર્ષ માટે ત્રણ ટકા વધારાની સહાયની પણ જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ મંડળીના મહિલા પશુપાલક સભ્યને મિલ્કીંગ મશીન વસાવવા માટે મહત્તમ ૩૩,૭૫૦/- તથા ચાફ કટર માટે મહત્તમ રૂપિયા ૧૫,૦૦૦/-ની મર્યાદામાં ૭૫ ટકા સુધીની સહાય પણ આપવામાં આવે છે. મહિલા પશુપાલક જો પોતાના પશુનો વીમો ઉતારે તો પ્રિમિયમ પર રૂપિયા ૫૦૦/-ની મર્યાદામાં ૩૩ ટકા સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે આપણો દેશ તે ખેતીપ્રધાન દેશ છે. ખેતી સાથે સંકળાયેલો પશુપાલનનો વ્યવસાય પણ દેશનાં વિકાસમાં મહત્વનો છે. ભારતીય સંસ્કૃતિમાં પશુધનનું વિશેષ મહત્વ રહેલું છે. પુરાતન ભારતીય સંસ્કૃતિમાં પશુધનને વિનિમયનું સાધન ગણવામાં આવતું હતુ. કોઇ પણ વ્યકિત કે કુટુંબનાં સામાજીક દરજ્જા તથા મોભાની આંકણી તેની પાસે કેટલું પશુધન છે તેનાં આધારે કરવામાં આવતું હતું. ગાંધીજીએ કહ્યું છે કે, કોઇ પણ દેશની મહાનતા અને તેનો નૈતિક વિકાસ તેના પશુઓની કેવી રીતે સાર-સંભાળ રાખવામાં આવે છે તેના પરથી જાણી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે પશુ એ પોતાના પરિવારના સભ્ય જેવા જ હોય છે. માણસ જેમ માણસની સાથે લાગણી અને પ્રેમથી વર્તતો હોય છે તેવી જ રીતે ખેડૂતનો જીવ પશુઓ સાથેનો અપાર લાગણી અને પ્રેમ જોવા મળતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિ અને મહાત્મા ગાંધીજીનાં વિચારોને સાર્થક કરવા માટે આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને હમણાં જ દેશની જનતાએ વડાપ્રધાન તરીકે સેવા કરવાનો મોકો આપ્યો છે તેવા માનનીય નરેન્દ્રભાઇ મોદીએ રાજયમાં છેલ્લા ઘણાં વર્ષોથી પશુ આરોગ્ય મેળાઓ યોજીને પશુપાલનને ખૂબજ મહત્વ આપ્યું છે. પશુપાલકો ઘરે બેઠા પશુ આરોગ્ય, પશુ સંવર્ધન અને વિસ્તરણનો લાભ મોટા પ્રમાણમાં લઇ શકે તેવા પ્રયત્નો ઘણાં વર્ષોથી સરકાર દ્વારા ચાલુ હોવાના કારણે આજે માત્ર ખેતી પર આધારિત ખેડૂતો એ માત્ર ખેતી સિવાય પશુપાલનનો ધંધો પણ ખૂબ મોટા પ્રમાણમાં વિકાસાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં વિસ્તારોની અંદર ખેતી કરતા ખેડૂતભાઇઓ ખેતીવાડી કરતાં પણ પશુપાલનના ધંધાને ખૂબજ પ્રાધાન્ય આપે છે. આ રીતે પશુપાલનનો ધંધો માત્ર ખેતીનો પૂરક નહીં પણ આગવો વ્યવસાય બની ગયો છે. કુલ ૧૦૧ લાખ રાજયનાં કુટુંબો પૈકીનાં ૪૨ લાખથી એટલે કે, ૪૨ ટકા જેટલાં કુટુંબોનો જીવનનિર્વાહ આજે પશુપાલન દ્વારા થાય છે. છેલ્લા ૧૦ વર્ષમાં સરકારનાં અથાગ પ્રયત્નોને કારણે વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં રૂપિયા ૭,૨૫૭ કરોડની સરખામણીએ હાલમાં ૩૨૭.૫૦ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦૩.૧૫ લાખ મેટ્રિક ટન સાથે ત્રીજા ક્રમે અને પંજાબ, હરિયાણાં અને મહારાષ્ટ્ર જેવાં રાજયો જે પશુપાલનના ધંધામાં અત્યાર સુધી આગળ પડતાં રહ્યા છે તેને પણ પાછળ રાખવામાં ગુજરાતે વિક્રમ સર્જયો છે. દેશના દૂધ ઉત્પાદનના ૭.૭૯ ટકા દૂધ માત્ર ગુજરાતના પશુપાલકો ઉત્પાદન કરે છે. આ બધુ શકય ત્યારે જ બને કે જયારે સરકાર દ્વારા સતત પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવે. ૨૦૦૨થી સતત શરૂ કરાયેલા રાજય વ્યાપી પશુ આરોગ્ય મેળાનાં અભિયાન થકી અત્યાર સુધીમાં ૩૮,૮૨૨ કરતાં પણ વધારે પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આરોગ્ય મેળામાં ૧૦૪૮ કરોડ કરતાં પણ વધારે પશુઓને સારવાર આપવામાં આવી હતી. પશુપાલન ખાતાના તજજ્ઞો દ્વારા કૃષિ મહોત્સવમાં પશુરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવેલ કૃષિ મહોત્સવ દરમિયાન ૧૫.૭૬ લાખ જેટલા પશુઓને ઇનપૂટ કીટ આપવામાં આવેલ છે. આવા પશુ આરોગ્ય મેળાઓને કારણે છેલ્લા દસ વર્ષમાં પશુઓમાં જોવા મળતો રોગચાળો પણ ઘણો ઓછો થયો છે. ૨૦૦૨-૦૩માં સૌથી વધુ ૧૬૧ જેટલા ચેપી રોગચાળાઓ નોંધાયેલા હતા. જે વર્ષ ૨૦૧૩-૧૪માં ઘટીને માત્ર ૩૫ જેટલા રોગ પશુઓમાં જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પશુ સંવર્ધન માટેની સર્વશ્રેષ્ઠ સુવિધાઓ ધરાવતું ફ્રોઝોન સીમેન સ્ટેશન.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ વિભાગની માગણી નંબર- ૨ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન તે વખતે ૨૦૦૨ની સાલમાં આદરણિય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ખેડૂતોલક્ષી, એમના હિતલક્ષી જે યોજનાઓ જાહેર કરી હતી અને એ યોજનાઓને આ ૨૦૧૪-૧૫માં પણ સમાવેશ કરી અને એમના હિતોને પ્રાધાન્ય આપવા માટે જે બજેટમાં જોગવાઇ કરી એ બદલ આ સરકારને અને એના તમામ સભ્યશ્રીઓને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી કાળમાં કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓએ કૃષિમંત્રીશ્રીની પ્રશંસા કરી, પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓની પણ પ્રશંસા કરી પણ બજેટની ચર્ચામાં માનનીય રાઘવજીભાઇએ જુદી વાત કરી, ત્યારે મારે એમને કહેવું છે કે, કોઇક હિન્દીના સરસ શાયરે કહ્યું છે કે- "મેં કહાં રહેતા હૂં, મુઝે અપને આપકા પતા નહીં, રાહી હૂં મગર મંઝિલ કા પતા નહીં ." એટલે આ કૃષિ વિભાગની અંદર માનનીય રાઘવજીભાઇ, તમે માણસા- ગાંધીનગરની વાત કરી કે,ખેડૂતો બહુ ઓછા થયા

તો આજે ગુજરાતના ખેડૂતો મર્સીડીસ અને ઓડી ગાડી લઇને ફરે છે અને વધારેમાં વધારે ખેડૂતો ગુજરાતના ગાંધીનગર જિલ્લાના. વિશેષ કાંઇ કહેવાનું હોય નહીં. આપણે આંકડાની દ્રષ્ટિએ જોઇએ તો આપણે ઘઉંના ઉત્પાદનમાં પણ આ દસ વર્ષમાં ચાર ગણો વધારો કરી શકયા છીએ. તમે જુઓ તો ખાદ્ય ઉત્પાદનોમાં પણ આપણે પ્રગતિ કરી છે.

માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ધ્યેય હતો, એ ધ્યેય, એક લક્ષ્ય હતું કે ભાઇ, ગુજરાતના જે ૧૮૦૦૦ ગામડાંઓ છે એમાં આપણે ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ જોઇએ તો ખેતી માટે ઉપલબ્ધ ૧ લાખ ૯૬ હજાર હેકટર જમીન છે. એમાં પહેલાં ૯૬ હજાર હેકટરમાં ખેતીનું ઉત્પાદન થતું હતું, આપણે સિંચાઇની જળવ્યવસ્થાપનની બેનમૂન કામગીરીના કારણે આજે ઉત્પાદન ૧ લાખ ૨૮ હજાર હેકટર સુધીમાં પહોંચાડી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહજી જર્મનીની વાત કરતા હતા, મેં એમને સાંભળ્યા, પણ બ્રિટીશરોએ એમની યોજના જે તે વખતના વર્ષો પહેલાં આપણા ઉપર જે ચઢાઇઓ કરી અને અહીંથી જે લૂંટી ગયા અને એમણે જે પ્રગતિ કરી એ આપણી લૂંટના આધારે કરી પણ આપણે માનનીય રાઘવજી ભાઇ, આ દસ વર્ષમાં આપણો જે કૃષિ વિકાસ દર ૨૦૦૦ની સાલમાં દર ત્રણ ટકાએ હતો એ આપણે આજે દસ ટકાએ પહોંચાડી શકયા છીએ એનું ગૌરવ લેતા નથી અને આપ બીજી વાત કરો છો. આપણને ઘણી વખત એવું થાય, આપણામાં કહેવત છે કે " આભ સામે પાંદડું આવે તો આખો પર્વત ઢંકાઇ જાય છે." આપણે સારું જોઇ શકતા નથી, આપણે દસ ટકા કૃષિ વિકાસ દર પહોંચાડયો એની આપણે સરાહના કરીએ તો મારી દ્રષ્ટિએ ઉત્તમ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવની પણ વાત થઇ તો કૃષિ મહોત્સવના કારણે આપણે જે તજજ્ઞો અને વૈજ્ઞાનિકો મોકલીએ એના કારણે કૃષિ ઉત્પાદનમાં જે વધારો થયો એ લગભગ ચાર ગણો વધારો થયો છે અને આપણને કેટલાય ગૌરવ પ્રાપ્ત થાય એવા એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. કૃષિ કર્મઠ એવોર્ડ પણ આપણને કેન્દ્ર સરકાર તરફથી મળેલ છે અને મેં આપને કહયું કે, કૃષિ મહોત્સવના માધ્યમથી ગુજરાતના ગામડાના છ લાખ ખેડૂત ખાતેદારોએ સમૃદ્ધિની દિશા તરફ વળ્યા અને આપણી જે પરિકલ્પના હતી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની અને એને અનુમોદન અત્યારના હાલના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેને આપ્યું કે સમૃદ્ધ ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત અને સ્વાભિમાન ગુજરાતની સાથોસાથ ગુજરાતને શ્રેષ્ઠ ઉચ્ચત્તમ સ્તરે લઇ જવાની ગુજરાતના કૃષિમંત્રીશ્રીએ કામગીરી કરી છે એ ખૂબ પ્રશંસનીય છે અને આંકડાની વાત કરું તો પાક માટેની જોગવાઇ પહેલાં જે ૧,૬૭,૯૮૨ ની જોગવાઇ હતી એ આ વખતે ૨,૧૬,૨૪૬ એટલે કે લગભગ ૨૮ ટકા વધારે જોગવાઇ કરી છે.

ઘાસચારાની વાત કરું તો અત્યારે અર્ધઅછત જેવી પરિસ્થિતિ છે ત્યારે ઘાસચારા માટે પહેલાં જે જોગવાઇ હતી એ ૫૫૦ લાખની હતી એમાં વધારો કરીને આ વખતના બજેટમાં વધારીને એ ૨ હજાર લાખ ઉપરાંતની કરી છે. એટલે આ વખતના બજેટમાં આપણા ખેડૂતોની સમૃદ્ધિ વધે , ખેડૂતોની સાથોસાથ ગુજરાતનો કૃષિ વિકાસ દર અગ્રિમ ઉંચાઇએ લઇ જવા માટે હું તેમને અભિનંદન આપું છું.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ આ હાઉસમાં રજૂ કરવામાં આવી છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વરસે અતિ ભારે વરસાદને કારણે ખેડૂતોને તેમના ખેતરોમાં જે પાક ઉભો હતો એ અતિ ભારે વરસાદને કારણે એ પાક ૫૦ ટકાથી ૧૦૦ ટકા નિષ્ફળ ગયો હતો. સરકારે એ માટે મદદ કરવાનું નકકી કરેલ હતું, મદદ આપવાનું નકકી કરેલ હતું અને એના માટે ફોર્મ ભરવા માટે કહ્યું હતું અને ખેડૂતો મારફતે એ ફોર્મ પણ ભરવામાં આવ્યાં હતાં, પરંતુ જે ખેડૂતોને ૫૦ ટકા કરતાં વધારે નુકસાન થયું હતું એ ખેડૂતોએ ફોર્મ ભરવા છતાં આજસુધી તેમને એ મદદ મળી નથી. તો મારી સરકારને વિનંતી છે કે આવા ખેડૂતોને મદદ કરવા માટે આ સરકાર વિચાર કરીને ખેડૂતોને જલદીથી એ રકમ મળે, એમને થયેલ નુકસાન ભરપાઇ કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ પણ કરવી છે કે ખેડૂતોને સરકાર મારફતે સિંચાઇનું પાણી નર્મદા કેનાલ મારફતે, સુજલામ્ સુફલામ્ કેનાલ મારફતે અને ધરોઇ સિંચાઇ યોજના મારફતે આપવામાં આવે છે એ આનંદની વાત છે. તો જે ખેડૂતોને આવી સિંચાઇનો લાભ મળતો નથી એવા ખેડૂતોએ પોતાના જીવનનિર્વાહ માટે પોતે પોતાના ખેતરમાં ૫ થી ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને બોર બનાવે છે અને એની ઉપર ૩૦ થી ૫૦ હોર્સ પાવરની મોટર મૂકે છે. તો આવો ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હોવા છતાં પણ એમને જે વીજળી આપવામાં આવે છે એ વીજળી આજે મોંઘી પડે છે. તો મારે એ કહેવું છે કે સરકાર સિંચાઇ માટે પાણી આપે છે તો આવા ખેડૂતો પોતાની રીતે વ્યવસ્થા કરે છે તો એમને પણ એમાં રાહત ના આપી શકે? સરકારનું બજેટ તો ખેડૂતો માટે એક જ છે. જયાં સરકાર આ રીતે સિંચાઇ માટે પાણી આપી શકતી નથી ત્યાં એ જગ્યાએ પણ સમાન ધોરણે પાણી ના આપી શકે? જયાં પાણી સરકાર આપી શકતી નથી ત્યાં ખેડૂતો પોતાના ખર્ચે આવી બોર અને વીજળીની વ્યવસ્થા ઉભી કરે છે તો સરકાર એમાં એમને મદદ ના કરી શકે? તો મારે કહેવું છે કે સરકાર આ બાબતમાં કાંઇક વિચારે કારણકે આ વિચારવા જેવી વાત છે. જે સ્વખર્ચે ખેતી કરે એ જે પાક પેદા કરે એ એને બજારમાં વેચવો પડે છે અને સિંચાઇ મારફતે જે પાક પેદા કરે એ પાકનો બજારમાં વેચાણ ભાવ એક જ હોય છે. એકને સાવ મફતમાં ઉત્પાદન થાય છે અને બીજાને ઘણો ખર્ચ કરીને પાક લે છે એ બન્નેનો વેચાણભાવ તો સરખો જ મળે છે. તો આનાથી પોતાના ખર્ચે પાક પકવનાર ખેડૂતને તો નુકસાન જાય છે અને સિંચાઇવાળાને પાક વેચવામાં ફાયદો થાય છે. તો આ બાબતમાં પણ સરકાર વિચાર કરે એવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોમાં ખેડૂતો મારફતે આંદોલન થયેલ અને પહેલાં જે મિટર પ્રથા હતી એમાંથી આ આંદોલનને કારણે હોર્સપાવરની પ્રથા કરવામાં આવી હતી. એમાં હોર્સપવર દીઠ ૫૦૦ નો ચાર્જ નકકી કરવામાં આવ્યો હતો અને એના પછી બીજા મુખ્યમંત્રીશ્રી આવ્યા અને એમણે ૫૦૦ રૂપિયા ચાર્જ કર્યો હતો અને મોટરનો લોડ જે દોઢો ગ્રાહય રાખ્યો હતો અને ત્યારપછી આજની સરકાર આવી એ સરકારમાં આ લોડ સીંગલ કરવામાં આવ્યો અને ૫૦૦ રૂપિયા હોર્સ પાવરના હતા એ ૮૫૦ કરવામાં આવ્યા છે. તો ખેડૂતોને આ સરકારે ખેતી માટે આટલીબધી મોંઘી વીજળી કેમ કરી એનું કારણ મને સમજાતું નથી.એક બાજુ આપણે કહીએ છીએ કે, ખેડૂતોની સરકાર છે, તો શું આમાં સરકારે ખેડૂતોને કોઇ ફાયદો કરી આપ્યો હોય તેવું કોઇને કાંઇ દેખાય છે ? તો સરકાર આ બાબતમાં વિચારણા કરી અને પોતાનો વધારેલો હોર્સ પાવર ચાર્જ જે દોઢો કરેલો છે તે માફ કરવો જોઇએ તેવી મારી સરકારને રજૂઆત છે.

સમગ્ર ગુજરાતમાં ખેડૂતો પોતાના સ્વ ખર્ચે પોતાની ખેતી કરી પાક પેદા કરે છે, જયારે પાકનો મોલ તૈયાર થાય છે ત્યારે બજારમાં એકી સાથે વેચવા માટે આવવું પડે છે, ઘણી વાર તો બજારમાં ઉત્પાદનના ભાવ કરતા પણ નીચા ભાવે હરરાજીમાં પોતાનો માલ વેચવો પડે છે. એટલે આ માલ સરકારે જાહેર હરરાજીથી ખરીદી કરીને સ્ટોક કરવો જોઇએ. ટેકાના ભાવથી નહીં પણ બજાર ભાવથી ખરીદી કરી અને સ્ટોક સરકાર કરે, અને જયારે આ માલની અછત વર્તાય અને ખેડૂતોનો માલ બજારમાં ન આવે તેવા સમયે વપરાશકારોને જરૂરિયાત હોય ત્યારે માલ સરકાર બજારમાં મૂકે તો ભાવનું નિયમન પણ સંચવાઇ રહેશે. અત્યારે એ ભાવ નિયમન સચવાતું નથી. આ રીતે બજારમાંથી સરકાર માલ ખરીદે તો આજે બટાકા અને ડુંગળીમાં જે કરવું પડયું તે ન કરવું પડે. કૃષિ જોડાણ અંગે પણ મારે વાત કરવી છે કે જે ખડૂતોને કેનાલનું પાણી ન મળતું હોય તેવા ખેડૂતોને પ્રથમ વિના દરે કૃષિ જોડાણ આપવું જોઇએ. આ બાબતમાં પણ સરકારે વિચારણા કરવા જેવી છે. ગુજરાત રાજયમાં ખાતર ઉપરનો વેટ ઘણો વધારે છે. ખાતર, બિયારણ, દવા એ તમામ ઉપરના વેટનો દર ઘટાડી અને ખાતર સસ્તુ થાય, સબસિડી વધારી અને ખેડૂતોને લાભ થાય તેવું સરકારે કરવું જોઇએ. ઘણી વખત ખેડૂતોને પોતાનો પાક તૈયાર થયો હોય, ખાતરની જરૂરિયાત હોય ત્યારે ખેડૂત મંડળીઓમાં ખાતર લેવા જાય ત્યારે ખાતર મળતું નથી. તેથી આ બાબતમાં વિચારણા કરી અને ખાતર મળી રહે તેવું કરવાની સરકારે જરૂર છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી, કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

ગુજરાત રાજયની બે તૃતીયાંશ વસતિ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલી છે. ૨૦૧૪-૨૦૧૫ના વર્ષને બજેટમાં કૃષિ વર્ષ તરીકે જાહેર કરેલ છે. એટલે સરકારને હું અભિનંદન આપું છું. બીજું કે કૃષિ મહોત્સવ એ ફકત મહોત્સવ નથી, એનાથી ખેડૂતોને જાણકારી મળે, નવી ટેકનોલોજી અપનાવે અને જૂની પદ્ધતિથી ખેતીમાં જે નુકસાન થતું હતું તે નુકસાન થતું અટકે, નવી ટેકનોલોજી અપનાવી અને વધુ પાક મેળવી શકાય, ડ્રીપ ઈરિગેશન, ફૂવારા પદ્ધતિ અને એવી અનેકવિધ ટેકનોલોજી અપનાવવાની જાણકારી મળે છે, સરકાર આર્થિક મદદ કરે, સબસિડી આપે, ઓછા વ્યાજની લોન આપે, અને આ રીતે પ્રોત્સાહન આપ્યું તેના કારણે આપણો કૃષિ વૃદ્ધિ દર દસ ટકા ઉપર પહોંચ્યો છે. આપણા કૃષિ વૈજ્ઞાનિકોએ નવા નવા બિયારણો એવા શોધ્યા કે ઉત્પાદન વધે, અને ઉત્પાદન વધે એટલે ખેડૂતોમાં સધ્ધરતા આવે. એ જ રીતે સોઇલ હેલ્થ કાર્ડની યોજના છે, માણસ જયારે બિમાર પડે ત્યારે ડોકટરની જરૂર પડે તે જ રીતે ખેડૂતો પોતાની જમીન માટે આ સોઇલ હેલ્થ કાર્ડનો ઉપયોગ કરી શકે, એ જમીનમાં શું વાવેતર કરવું અને શું ન કરવું તે માર્ગદર્શન એમાંથી મળી રહે છે. સરકારે ૪૨ લાખ ઉપર હેલ્થ કાર્ડનું વિતરણ કર્યું છે. આ નવી ટેકનોલોજીના કારણે ૨૦૧૧-૧૨માં ૧૦૪૦૪ અને ૮૪ લાખ કવીન્ટલ ખેત પેદાશો આપણે પેદા કરી શકયા છીએ. અને ૨૦૧૩-૧૪ માં ૨૪૮૫૬.૫૬ લાખ આપણે ઉત્પાદન કરી શકયા છીએ. પરંતુ એની વિતરણની વ્યવસ્થા જ ન હોય તો ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પોષણક્ષમ ભાવ ન મળે, એ મળે એના માટે થઇને ગુજરાત ભરમાં ખેતીવાડી બજાર સમિતિઓ આવેલી છે. ગુજરાતની વાત કરીએ તો કુલ ૪૦૦ માર્કેટ યાર્ડો આવેલા છે એમાં ૨૦૧ મુખ્ય યાર્ડો છે જયારે ૧૯૯ સબ યાર્ડોમાં માલ આવે છે ત્યાં ખુલ્લી હરાજી થાય છે અને રોકડા નાણાં તથા સાચો તોલ આ સિદ્ધાંત પ્રમાણે આ માલની વિતરણ વ્યવસ્થા થાય છે. હવે જયારે આ નવી ટેકનોલોજીના કારણે દેશભરમાં કપાસ, મગફળી અને દિવેલામાં ગુજરાત પ્રથમ નંબરે છે. દિવેલા, જીરુ અને ઇસબગુલમાં ગુજરાત વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે. રાજયની કેસર કેરી, કચ્છની ખારેક એ વિશ્વમાં અવ્વલ નંબરે છે. કેળા અને ટામેટામાં ગુજરાત દેશભરમાં બીજા નંબરે છે. આ રીતે ઉત્પાદન કરવાના કારણે ગુજરાતનો ખેડૂત સદ્ધર બન્યો છે.

સાથે સાથે સરકારે કોઇપણ ખેતીવાડી બજાર સમિતિ નબળી હોય એના માટે કલ્પવૃક્ષ યોજના બનાવી છે અને એમાં એને પાંચ વર્ષમાં ૧૪૯૪૨.૭૭ લાખ જેટલી રકમની સહાય કરી છે. જે ખેતીવાડી બજાર સમિતિઓ આર્થિક રીતે સક્ષમ નહોતી એને મદદ કરી છે. આદિજાતિની ૪૬ માર્કેટ કમિટીઓ હતી એના જે જે પ્રોજેકટો મૂકયા હતા એને ૫૦ ટકા સહાય કરીને અ, બ અને ક વર્ગમાં વહેંચી છે. બ વર્ગમાં ૨૫ ટકા, ક વર્ગમાં ૫૦ ટકા સરકાર સહાય કરે છે. આ ખેતીવાડી બજાર સમિતિઓ માલની ખરીદી કરીને એનું વિતરણ કરે છે. અત્યારે એક દિવસની અંદર ઉંઝામાં જીરાની ૭૫ હજાર બોરીઓ આવે છે, વરિયાળીની ૨૫ હજાર બોરીઓ જયારે ઇસબગુલની ૨૫ હજાર બોરીઓ આવે છે. એ સિવાય બીજા સેન્ટરોમાં પણ મોટા પ્રમાણમાં માલ આવતો હોય છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, જનહિત જન વિકાસનાં હિત માટે માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારની માગણી નંબર ૫૭ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

જે રીતે સમગ્ર દેશમાં ગુજરાતે કાઠું કાઢ્યું છે ત્યારે એમ કહેવાય છે કે ઉદ્યોગોની દ્રષ્ટિએ કદાચ સમગ્ર વિશ્વમાં ગુજરાત આગવુ સ્થાન ધરાવે છે ત્યારે માનનીય સિનિયર સભ્યશ્રી રામસિંહભાઇને કહીશ કે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત થતા '' એમ્પ્લોઇમેન્ટ એકસ્ચેંજ સ્ટેટેસ્ટીક ,૨૦૧૩''ના અહેવાલ અનુસાર ગુજરાત સતત વર્ષ ૨૦૦૨ થી રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગાર ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં પ્રથમ ક્રમાંકે રહેલ છે. છેલ્લે પ્રસિદ્ધ થયેલ વર્ષ ૨૦૧૩ ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨માં દેશમાં ૪,૨૭,૬૦૦ ઉમેદવારોને પૂરી પાડેલ રોજગારી પૈકી ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા ૨,૪૬,૦૦૦ એટલે કે ૫૭.૫૩ ટકા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે.

ભારત સરકારના રિપોર્ટ મુજબ સમગ્ર દેશમાં ૬.૮૩ લાખ ખાલી જગ્યાની નોંધણી એટલે કે વેકન્સી નોટીફાઇડ થયેલ છે જેની સામે ૩.૪૪ લાખ એટલે કે ૫૦ ટકા ગુજરાતની ખાલી જગ્યાની નોંધણી એટલે

કે વેકેન્સી નોટીફાઇડ છે. ગુજરાતની અંદર ઉદ્યોગોનો વિકાસ થયો છે અને હજી પણ થઇ રહ્યો છે ત્યારે એમને જોઇતા કુશળ કારીગરો મળતા નથી એની ખૂબ જ અછત આજે પણ છે. સમગ્ર ભારતમાં ૬૭,૮૦૦ મહિલાઓને રોજગારી આપવામાં આવેલ છે જેની સામે ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા ૩૪,૧૦૦ એટલે કે ૫૦.૨૯ ટકા મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. ભારત સરકારના છેલ્લે પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૨માં મહિલાના રજિસ્ટ્રેશન સામે પ્લેસમેન્ટની ટકાવારી ૩૫.૭ ટકા છે. જયારે દેશની ટકાવારી ૧.૯ ટકા છે જે દર્શાવે છે કે મહિલાઓના રજિસ્ટ્રેશન સામે પ્લેસમેન્ટની ટકાવારીમાં પણ ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે. રિપોર્ટ પ્રસિદ્ધ થયા મુજબ વર્ષ ૨૦૧૧માં દેશમાં અનુસૂચિત જનજાતિના ૨૯,૬૪૦ પ્લેસમેન્ટ થયા છે તેની સામે ગુજરાતમાં ૧૫,૫૬૦ એટલે ૫૨.૫ ટકા જેટલા અનુસૂચિત જાતિના અને સમગ્ર દેશમાં ૨૦,૩૩૦ પ્લેસમેન્ટ સામે ગુજરાતમાં ૧૫,૭૬૦ એટલે ૭૭.૫૨ ટકા થયા છે. છેલ્લે વર્ષ ૨૦૧૩માં રાજયની રોજગાર કચેરી મારફત ૨,૭૧,૬૨૧ રોજગાર વાંચ્છુઓને નોકરી પૂરી પાડવામાં આવી છે. આમ વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૨ સુધી ગુજરાત રોજગારી આપવામાં પ્રથમ સ્થાને આવ્યું છે. એટલે માનનીય સભ્યશ્રીઓએ ખાસ આ બાબત ધ્યાનમાં લેવી જોઇએ.

શ્રમ અને રોજગાર દ્વારા જે વિવિધ બોર્ડની રચના કરવામાં આવી છે એ બોર્ડ હેઠળ રોજગારી મેળવવા ઇચ્છતા લોકોની નોંધણી કરવામાં આવે છે. ખાલી જગ્યાઓ ભરવા માટે ભલામણ કરવામાં આવે છે. અપંગ અને મિલ કામદારોને તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા રોજગાર વાંચ્છુઓને નોકરી સહાય માટે પણ સલાહ આપવામાં આવે છે. આ રોજગાર કચેરીનું નિયમન, માગણી નં.૫૭માં જે આયોજન કરવામાં આવે છે તે ૧૭૦૦.૬૩ લાખ તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના નીચે સદરહુ કામગીરી બજાવતી નગર રોજગાર વિનિમય કચેરીઓ માટે ૧૪૯.૫૨ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે અને કદાચ સભ્યશ્રીઓને યાદ નહીં હોય કે જે વખતે આખા હિંદુસ્તાનનું માન્ચેસ્ટર કહેવાતું અમદાવાદ તેમાં કોંગ્રેસના સમયમાં ૭૦ મિલો ચાલતી હતી તે બધી જ મિલો કદાચ બંધ થઇ ગઇ છે અને બધા જ મિલ કામદારોને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સરસ નોકરીની તકો પૂરી પાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર ખાતાએ ભરતી મેળાઓ યોજીને ૨૦૧૩-૧૪માં ૧૧૦૯ ભરતી મેળા યોજયા છે ત્યારે ૧,૫૩,૮૩૮ ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે. બેરોજગાર વ્યક્તિઓને નોકરીદાતા સુધી પહોંચવામાં આર્થિક મુશ્કેલી ન પડે તે માટે સરકાર દ્વારા ઇન્ટરવ્યુ સ્થળ સુધી પહોંચવા માટે એસ.ટી. ભાડામાં રાહત આપવામાં આવે છે. એવા ૧૨,૫૪૨ ઉમેદવારોનો ૯૯,૦૫૦ રૂપિયા ખર્ચ સરકારશ્રીએ ભોગવ્યો છે.

મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં નિમણૂંકોમાં ૩૦ ટકા અનામત ફરજીયાત બનાવેલ છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકો છે તેમને ૨૮૬ કરોડની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ સૂચવી છે. જેમાં શહેરી વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકોને પોતાનું ઘર બાંધવા કે ખરીદવા માટે આર્થિક સહાયની ૨૦૦ કરોડની યોજના કરી છે અને પ્રથમ વખત બાંધકામ માટે રોકાયેલા શ્રમિકો માટે તબીબી સારવારના લાભ માટે શ્રમિકોને મુખ્યમંત્રી (માં) યોજનામાં સમાવી લેવા માટે રૂ. ૧૮ કરોડની જોગવાઇ કરેલ છે. મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ માટે રોકાયેલ શ્રમિકોને હંગામી/ભાડે રહેવાની સગવડ માટે ૨૦ કરોડ જેટલી સહાય આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ગુજરાત સરકારે આ દિશામાં નવો અભિગમ બતાવ્યો છે. ગુજરાત રાજયમાં કુલ ૩૫૯ મીઠા શ્રમિકોને કેન્દ્રમાં રાખીને શ્રમ રોજગાર કલ્યાણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. શ્રમિક સુરક્ષા અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ ૮૭ લાખ જેટલા અસંગઠિત ગ્રામીણ શહેરી વિકાસ શ્રમયોગી અકસ્માતની આવાસની યોજનામાં આવા કિસ્સામાં મીઠા ઉદ્યોગના શ્રમયોગીઓને લાભ આપીને તેઓના કુટુંબીજનોને સામાજીક સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ ભરવાપાત્ર પ્રિમિયમની રકમ પણ ૫૦૦ લાખનું પ્રિમિયમ રાજય સરકારે ભરેલું છે. આ સાથે કૌશલ્ય વર્ધન જેવી યોજનાઓ શરૂ કરીને બે વર્ષમાં રૂ. ૪૮૦ કરોડથી વધારીને આ વર્ષે ૧૧૫૧ કરોડ કરવામાં આવેલ છે. રાજયમાં હાલ કૌશલ્ય વર્ધન માટેની ૧,૫૩,૪૧૫ બેઠકોની ક્ષમતા ઉપલબ્ધ છે જેમાં વધારો કરીને રાજયનો કોઇ પણ તાલુકો હોય, વ્યવસાયિક

તાલીમ સુવિધાઓથી વંચિત ન રહી જાય તે માટે ૩૮૦૦ બેઠકો સાથે નવી ૧૯ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. તેથી મારે સભ્યશ્રીઓને કહેવું છે કે સરકારશ્રી જે માગણીઓ લઇને આવેલ છે તેને સમર્થન કરો.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. અત્યારે આ સરકાર અમારા ખેડૂત ભાઇઓને •(xxxxxx) છે. પહેલાંની કહેવત હતી કે 'ખેડ, ખાતર ને પાણી, કરમને લાવે તાણી' અત્યારે કહેવત છે, 'ના મળે ખેડ, ના મળે ખાતર, ના મળે પાણી અને ખેડૂતને જાય તાણી' આ કહેવત છે. ભાઇ. તો થોડું તો સમજો મારા વીરા, આપણું રાજ્ય ખેતીવાળું છે. ૭૦ ટકા ગુજરાત ખેતીવાળું છે. ૩૦ ટકામાં બધા જ છે. બધામાં પાણીની વીજળીની અને ખાતરની બહુ જરૂર છે પણ સરકાર એ ધ્યાન ઉપર લેતી નથી. આ બધું અપૂરતું મળે છે એ પૂરતું કરો. ઉત્સવોમાં પૈસા વાપરો છો એના બદલે આમાં વાપરો તો બધું જ થઇ જાય. ખેતી તો બહુ મોટી ફેક્ટરી છે. પેલી ફેક્ટરીઓ તો બંધ થઇ જાય પણ આ ખેતીની ફેક્ટરી ક્યારેય બંધ ન થાય. પેલી ફેક્ટરીઓને ૧૪ કલાક, ૧૮ કલાક પાવર આપો છો તો આ ખેતી તો બહુ મોટી ફેક્ટરી છે એને ૧૫થી ૨૦ કલાક પાવર આપવો જોઇએ. મોટા ખેડૂતોને તો ૧૫-૨૦ની મોટરો છે. એમને પાવરની બહુ જરૂરિયાત છે. નાના અને સીમાંત ખેડૂતો પાસે ૨-૩ની છે એમને તો ૧૫-૨૦ કલાક પાવર આપો તો એ જીવતા રહે. મોટા ખેડૂતો એમને પાણી જ ન આપી શકે. કારણ કે, આઠ કલાકના પાવરમાં તો મોટા ખેડૂતને જ માંડ પાણી મળી રહે પછી એ બીજાને તો ક્યાંથી આપી શકે. ૧૫ વર્ષથી સૌરભભાઇને કહી કહીને થાક્યો પણ સૌરભભાઇ કાંઇ કરતા નથી. તેઓ કહે છે કે, અમારૂં રાજ બહુ સારું છે પરંતુ લોકોને રોજગારી જ મળતી નથી. આ ખેતીવાડીમાં ૫૦ ટકા લોકોને રોજગારી મળે છે. તેઓ શાકભાજી વાવે તેમાંથી પણ સારી ઉપજ મળે છે. અમૂલની અંદર કેટલાય લોકોને રોજગારી મળે છે. રામસિંહભાઇ પશુ પાલકોને ગાય-ભેંસ ખરીદવા માટે લોન આપે છે પણ તમારી બેંકો આપતી નથી. જુદા જુદા ઇસ્યૂ કાઢે છે અને ખૂબ ધક્કા ખવડાવે છે. બિચારા ખેડૂતો બેંકોવાળાને પૈસા આપે પછી જ લોન પાસ કરે છે. તેઓ લોન માટે અરજી કરે ત્યારે આ લાવો, પેલું લાવો એમ કરીને ધક્કા જ ખવડાવે રાખે છે. એક સાથે જ બધું કહી દે કે આ વસ્તુ લાવવી પડશે તો એક સાથે તેઓ લાવીને આપી દે તો એમને ધક્કા ખાવા ન પડે. ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે પહેલાં ગ્રામસેવક હતા. કોઇ ગામમાં ગ્રામસેવક છે ખરો? ના. અત્યારે તો ગ્રામસેવકોની ભરતી જ નથી કરતા એટલે કોઇ જગ્યાએ ગ્રામસેવકો જ નથી. ગ્રામસેવકો પહેલાં તો ખેડૂતોને માર્ગદર્શન આપતા હતા અને કહેતા હતા કે આ જમીનમાં આ પાક થાય, પેલી જમીનમાં પેલો પાક થાય. પરંતુ તમે ગ્રામસેવકોની ભરતી જ નથી કરતા એટલે શું થાય? પછી સારી ખેતી કેવી રીતે થાય. ખેતી માટે સારું બિયારણ જોઇએ. અમારા વખતમાં તો સારું બિયારણ અમે આપતા હતા. તમારા વખતમાં અત્યારે તો ભેળસેળવાળું જ બિયારણ મળે છે. ખેડૂતોને બિયારણ તો સારું આપો. બીજું કાંઇ ન આપો તો કાંઇ નહીં. આ સરકાર પણ ભેળસેળવાળી જ છે. અડધા અમારા અને અડધા તમારા. એટલે પછી આવું જ ચાલવાનું બાપુ!

અધ્યક્ષશ્રી : ભૂપેન્દ્રસિંહ ના પાડે છે. એમને સમજાવી દો.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : અને બીજું જમીન સંરક્ષણ માટે મહી છે, વાત્રક છે, સાબરમતી છે. નાના અને સીમાંત ખેડૂતોના ખેતરમાં કોતરો પડી ગઇ છે. એતો સારી કરી આપો. અમારા વખતમાં સારું હતું. તમારા વખતમાં બધું બંધ થઇ ગયું છે એ મશીનરીનો ઉપયોગ કરો. નાના અને સીમાંત ખેડૂતોને પોતાની જમીન તો મળે એ પણ તમે કરતા નથી. મેં એમની ઓફિસમાં જઇને કહ્યું કે આ કરો. જમીન વિકાસ નિગમ બેઠું છે એને જાગતું કરો. પંચાયતની જમીન છે એ સારી કરો તો એનાથી નાના અને સીમાંત લોકોને લાભ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મળે. એ પણ કરતા નથી. ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ છે એમાં ખેડૂતો લૂંટાય છે. શાકભાજી લઇને જાય તો એ બિચારાના ધાનને નાંખી દેવું પડે છે. એને પૂરતો ભાવ મળતો નથી. વેપારીઓને ભાવ મળે છે. બિચારા ખેડૂતને એના અનાજના ભાવ મળતા નથી અને વેપારીઓ લૂંટી લે છે. ખેડૂતો પાસેથી માલ જતો રહે પછી વેપારીઓ ભાવ વધારી દે છે, ડબલ ભાવ કરી દે છે. એનું તો નિયંત્રણ કરો.(અંતરાય) ક્યાં ગોડાઉનો છે? ગોડાઉન કરવા માટેની વિધિમાં જ ખેડૂત બિચારો મરી જાય છે. એની વિધિમાં જ ત્રણ-ચાર મહિના નીકળી જાય છે. આ લાવો, પેલું લાવો એ આપવાની વિધિમાં જ બધો સમય પસાર થઇ જાય છે. એ વિધિ ઓછી કરો તો બિચારા ખેડૂતને સવલત મળે. અમારો ખેડૂત ભણેલો-ગણેલો નથી. એને કાંઇ સમજણ પડતી નથી. એ બી.એ. થયેલ નથી. એ બિચારાને સલાહ લેવી પડે છે. પણ સલાહ આપનાર ગ્રામસેવક જ રહ્યા નથી. એટલે આપ જરા ખેતી માટે, દૂધ માટે કાંઇક કરો.કારણ કે નાના સિમાંત ખેડૂતો ગાય ભેંસ રાખે તો જીવે, માટે આપ કંઇક સારું કરો એવી મારી આપને વિનંતી છે. નદીમાં જેમની જમીન ગઇ છે તેવા ખેડૂતોને મદદ કરવા માટે જમીન વિકાસને જાગતું કરો તો ત્યાં આગળ જમીન સરખી કરે જેથી ખેડૂતોને જમીન મળે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહમાં મત્સ્યઉદ્યોગ, મહેસૂલ અને મૂડીની જે માગણીઓ લઇ આવ્યા છે એના વિશે મારા વિચારો વ્યકત કરું છું. આ ગુજરાત એક એવું રાજય છે કે જેમાં દરેક ક્ષેત્રમાં ધંધાઓને પ્રોત્સાહન મળે છે અને સરકારના સહકારથી ધંધાઓ વિકસે અને સામાન્યમાં સામાન્ય માણસ સારામાં સારી રોજીરોટી કમાઇ અને આર્થિક રીતે સદ્ધર થાય એવા પ્રયત્નો આ સરકાર કરે છે. આ ગુજરાત રાજયની અંદર સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યઉદ્યોગ વિકસાવવા માટે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આ બજેટમાં ૧૭૨.૮૯ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ હું ધન્યવાદ આપુ છું. આ યોજનાના આયોજન તળે વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૭૧૦૮.૮૭ લાખની ચાલુ બાબતો ૬૦૮.૯૧ લાખની નવી બાબતો અને કેન્દ્રનો ૯૪૧.૨૨ લાખના હિસાબોને સામેલ કરી કુલ ૮૬૫૯ લાખની જોગવાઇઓ સૂચવવામાં આવેલ છે. આ મત્સ્યઉદ્યોગ ખાતા દ્વારા માછીમારોના વિકાસ માટે રાજય સરકારની યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે જેના પરિણામે ખૂબ જ સારામાં સારા રાજય સરકારના પરિણામો માછીમારો માટે સારા રહ્યા છે. ગુજરાત રાજયનું દરીયા મત્સ્યઉદ્યોગ વર્ષ ૨૦૦૧-૦૨માં જે ૬.૨૦ લાખ મેટ્રીક ટનનું ઉત્પાદન વધારી ૨૦૧૨-૧૩માં ૬.૯૪ લાખ મેટ્રીક ટન અને આંતર દેશીય મત્સ્યઉદ્યોગની અંદર ૦.૪૫ લાખ મેટ્રીકટન થી વધારી ૦.૯૫ લાખ મેટ્રીક ટન ઉપાદન થયેલ છે. આપણા રાજયની મત્સ્યઉદ્યોગ પરદેશ નિકાસ વર્ષ ૨૦૦૨માં ૧.૩૨ લાખ ટન હતી જે વધીને ૨૦૧૨-૧૩માં ૨.૪૨ લાખ મેટ્રીક ટન થયેલ છે. જેનાથી આપણા રાજયને વિદેશી હુંડિયામણ ૨૦૦૨માં ૬૨૫ કરોડ હતું તે વધીને આજે ૨૯૨૯.૬૧ કરોડ થયેલ છે. ગુજરાત રાજયમાં ૨૭-૬-૨૦૦૯થી બોટોનું રજીસ્ટ્રેશન કરવાનું ચાલુ કરેલ છે. આ રજીસ્ટ્રેશન દ્વારા અત્યાર સુધીમાં ૨૩૧૧૬ બોટોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ રીતે માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ચાલુ વર્ષથી બાયોમેટ્રિક કાર્ડ આપવાનું નકકી કરેલ છે જેમાં માછીમારોના ડેટા કલેકશન કરી દેશમાં પ્રથમ ગુજરાત રાજય દ્વારા સિદ્ધિ હાંસલ કરી છે. ૧,૨૦,૬૬૩ બાયોમેટ્રીક કાર્ડો માછીમારોને આપવામાં આવેલ છે. બીજા રાઉન્ડની અંદર ૪૭૨૦ કાર્ડ ઇશ્યુ કરવામાં આવેલ છે. આ જ રીતે બોટોની અવરજવર માટે બોટ મુવમેન્ટની ટોકન પદ્ધતિ ૨૦૦૯-૧૦થી ચાલુ કરેલ છે. જેમાં ગુજરાત રાજય દેશમાં સૌ પ્રથમ છે.

આપણા ગુજરાત રાજયમાં ઝીંગા ઉછેરને વિકસાવવા માટે ખારલેન્ડની બિનઉપયોગી જમીનો ઝીંગા ઉછેર હેઠળ આવરી લઇ ઝીંગના ઉત્પાદન અને વિકાસ વધે તે માટે જમીન લીઝ ઉપર આપવામાં આવેલ છે. અને અત્યાર સુધીમાં ૯૩૬૫ હેકટર જમીન ઉપર માસ્ટર મેપીંગ કરાવી જેમાંથી ૫૭૫૭.૬૫ હેકટર જમીનને જુદાજુદા ૧૦૯૫ લાભાર્થીઓને લાભ આપી અને ઝીંગા ઉત્પાદનમાં જોડેલ છે. આ ઉદ્યોગ થકી દસ હજાર માણસોને સીધી રોજી રોટી પ્રાપ્ત થાય છે. આવી રીતે લાખો લોકોને રોજગારી આપતું આ દેશનું ગુજરાત રાજય એ નંબર વન છે. પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા કયારેક કયારેક દરીયાની અંદર સીમાડા ના હોય ત્યારે આપણા માછીમારો પાકિસ્તાનની સીમાની અંદર જતા રહેતા હોય છે. ૫૩૬૬ એવા માછીમારોને પાકિસ્તાને પોતાની જેલમાં પૂર્યા હતા. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયત્નોથી ૫૧૭૦ માછીમારોને

આપણે કસ્ટડીમાંથી મુક્ત કરાવી પાછા ભારત લાવ્યાં છીએ. આ માછીમારો જ્યારે પાકિસ્તાનની જેલમાં હોય ત્યારે એમને ૫૦ રૂપિયા પર ડેનું વેતન જ્યારે છૂટે ત્યારે આપવામાં આવતું હતું, જ્યારે ૨૦૧૨–૧૩ થી ૫૦ રૂપિયાના બદલે અત્યારની હાલની સરકારે ૨૦૧૨–૧૩ થી ૧૫૦ રૂપિયા વેતન આપવાનું નક્કી કરેલ છે. આ રીતે આ માછીમારોને ૨૦૧૩–૧૪ માં ૧૧૪.૦૮ લાખની ચુકવણી કરેલી છે. ૨૦૧૪–૧૫ માં આના માટે ૨૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ગુજરાતમાં માછીમારો જૂથ અકસ્માત્ વીમા યોજનાનું પણ આયોજન છે. આ માછીમારોને પહેલા અકસ્માત વીમા યોજના મંડળી હતી એનેજ એક લાખ આપવામાં આવતા હતા. જે અત્યારે મંડળી ના હોય અને સામાન્ય માછીમારોને પણ બે લાખ સુધીની અકસ્માત વીમા યોજનાને બજેટમાં સમાવવામાં આવેલ છે. (સમય સૂચક ઘંટડી)

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કૃષિ અને સહકાર તથા શ્રમ રોજગાર મંત્રીશ્રી માગણી લઇને આવ્યાં છે ત્યારે એ વિષે મારા વિચારો રજૂ કરું છું.

અત્યાર સુધી બધી વાતો થઇ કે ઔદ્યોગિક વિકાસ ગુજરાતમાં સારો થયો છે. ગુજરાતમાં અમારા સાણંદ તાલુકામાં નેનો અને ફોર્ડ કંપનીને જે ગુજરાત કૃષિ યુનિવર્સિટી – જે એક કૃષિ વિભાગની એક એગ્રીકલ્ચર કૃષિ યુનિવર્સિટીની એ જમીન ૨૨૦૦ એકર જમીન હતી એ પૈકી નેનો અને ફોર્ડ કંપનીને ૧૧૦૦ – ૧૧૦૦ એકર જમીન આપવામાં આવી એ જમીનનું કોઇ પણ સ્ટેમ્પ ડ્યુટી નહિ કે બીજા કરવેરા, આ તમામ કરવેરા માફ કરીને નેનો અને ફોર્ડ કંપનીને આપી. નેનો કંપની ચાલુ હતી પણ છેલ્લા બે વર્ષથી બિલકુલ નેનો કંપની ઉત્પાદન કરતી નથી અને બંધ હાલતમાં છે. અત્યારે હાલ એ જમીન નેનોવાળા ટૂંકમાં એમના સહભાગીદાર તરીકે કોઇ બીજી કંપનીને આપી અને ત્યાં બીજા હેતુ માટે વિચાર કરી રહી છે અને ખરેખર આ નેનો કંપની આવવાથી એ સરકારમાં રજૂઆત કરેલી છે.

અધ્યક્ષશ્રી : કૃષિ ઉપર આવો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : એ બાબતે ખેડૂતોની (અંતરાય)

અધ્યક્ષશ્રી : નેનોમાં બીજો ભાગીદાર આવશે એ આમાં ના આવે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : પણ સાહેબ, શ્રમ–રોજગારમાં આવેને.

અધ્યક્ષશ્રી : હવે મૂળ વાત ઉપર આવો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આજુબાજુના તમામ ખેડૂતોના દીકરાઓને, ભણેલા હોય તેમને નોકરી આપવાની વાત કરી હતી તમે તપાસ કરાવો. આપના માધ્યમથી ત્યાં સાણંદ તાલુકામાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે? એક પણ નહિ. એમાં ડ્રાઇવર, હેલ્પર એવા લોકોને રાખ્યાં. વધારે ભણેલા એન્જિનિયરો હતા કે બીજું કોઇ વધારે ભણેલા હતા, ડીગ્રીવાળા હતા તેને કોઇને લેવામાં આવ્યાં નથી. જે સિંગુરથી રદ કર્યું એ બહારના રાજ્યના તમામ એન્જિનિયરોને ત્યાં નોકરીએ રાખવામાં આવ્યાં છે.

હવે ખેતીની વાત કરું છું ત્યારે ૨૪ કલાક નેનોને વીજળી આપવામાં આવે. ખેડૂતોને પોતાના ખેતરમાં ખેતી કરવા માટે વરસાદ આ વર્ષે અપૂરતો છે જેથી ખેડૂતોએ વીજળી કનેકશન માટે અરજીઓ કરી. વીજળી કનેકશનમાંથી ભાગ્યે જ ૫% ખેડૂતોને વીજળીમાં કનેકશન આપવામાં આવ્યાં. જેથી ખેડૂતોને ખેતીમાં ઉપયોગ કરવાનો હોય તો એમાં ખૂબ તકલીફ પડે છે. બીજું, જ્યારે આ ફતેહવાડી સિંચાઇ યોજના છે એનાથી સિંચાઇની નહેરોમાં જે પાણી આવતું હતું. માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ બાપુને ત્યાં મિટિંગ રાખી કે આપણે સાણંદ તાલુકા અને બાવળા તાલુકા અને ધોળકા તાલુકાને દસક્રોઇમાં આપણે ધરોઇમાંથી આપણે પાણી ચાલુ રાખીશું તો ટૂંક સમયમાં ૧૦–૧૫ દિવસથી બિલકુલ પાણી બિલકુલ બંધ છે. કાલે હું બપોર પછી ગૃહ છોડીને બેસણામાં ગયો ત્યારે વચ્ચે કેનાલ આવે છે ફતેહવાડી કેનાલ બિલકુલ પાણી નહિ. હું ગામે ગયા પછી મેં ખેડૂતોને વાત કરીકે– ભાઇ, પાણી કેમ બંધ છે? ત્યારે કહે કે – આ તો સાહેબ, અઠવાડિયા દસ દિવસથી બંધ છે. મેં તરત ત્યાંના કાર્યપાલક ઇજનેરને ફોન કર્યો ત્યારે એ કહે કે – સાહેબ, આ કેબિનેટે નિર્ણય લીધો છે. મેં કહ્યું ભાઇ, બાપુને ત્યાં તો એવી વાત કરી હતી કે, ખેડૂતોને ધરૂમાં પાણી આપવાનું છે અને ડાંગર રોપવામાં ના આપો તો કાંઇ નહીં પણ જયાં સુધી વરસાદ ના થાય ત્યાં સુધી ડાંગરના ધરૂ

બચાવવા માટે પાણી આપવાની વાત કરેલી (અંતરાય) એ તો આવવાનું જ છે ખેડૂતોને પણ આ ખેડૂતોને જે આપણે જે નક્કી થાય એ પ્રમાણે પણ ખેડૂતોને રાહત આપતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, સિંચાઇના દર ૨૦૦૧માં ખાલી એક હેકટરના ૫૪ રૂપિયા હતા. જ્યારે આજની તારીખે સિંચાઇના દર ખેડૂતને એક હેકટરે આશરે ૧,૪૦૦/– રૂપિયા જેટલું ચૂકવણું કરવામાં આવે છે તો ખરેખર ખેડૂતોને આ સરકાર સહાય આપવા માગતી હોય તો આટલો બધો વધારો કેમ ? અને પાછો એમાંય દર વર્ષે પાંચ ટકા સિંચાઇના દરમાં વધારો કરવાનો ? તો હું મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, ખરેખર ખેડૂત એ જગતનો તાત છે. તો એ જગતના તાતને સહાય આપવી જોઇએ, મદદ કરવી જોઇએ. જેથી ખેડૂત પોતાના પગભર થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું કે, સહકારી મંડળીઓ( સમયસૂચક ઘંટડી) ગમે તે એક ગામમાં એક ખેતી સહકારી મંડળી હોવી જોઇએ. જ્યારે અમુક લોકો પોતાની સત્તા ટકાવી રાખવા માટે એક ગામમાં બે–બે સહકારી મંડળીઓ કરી. એક મંડળી કાર્યરત હોય અને બીજી મંડળીમાં ખાલી થોડું બે – પાંચ હજારનું ધિરાણ લઇ ચાલુ રાખે, આ ખરેખર ગેરવાજબી છે. જેથી એ પણ ખરેખર મંત્રીશ્રીએ કરવું જોઇએ કે, જે ગામમાં બે મંડળીઓ હોય તો એક મંડળી રદ કરવી જોઇએ. ખરેખર જો એ કાર્યરત હોય અને બધા એ મંડળીના સભ્યો પણ એના એજ. આ મંડળીમાં પણ એજ સભ્યો અને આ મંડળીમાં પણ એના એજ સભ્યો, તો ખરેખર એક મંડળી મંત્રીશ્રીએ રદ કરવી જોઇએ. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, ખેડૂતોને ખરેખર આવી તમામ જાતની સવલતો આપવા સરકારને મારી ખાસ નમ્ર વિનંતી છે. જયહિન્દ, જય ભારત.

શ્રી બાબુભાઇ  બોખીરીયા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વર્ષોથી કહેતા આવીએ છીએ કે, ભારત એ કૃષિ પ્રધાન દેશ છે અને મારા મિત્ર અને અમારા પાડોશી જિલ્લાના ધારાસભ્ય આદરણીય શ્રી રાઘવજીભાઇએ કહ્યું કે, આપણે એક કહેવત હતી કે, ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. આ વસ્તુ છે ખરેખર હતી જ પણ એના પછી જાદુ એવો થયો કે, નોકરી એ પહેલાં આવી, વેપાર પછી આવ્યો અને ખેતી છે એ છેલ્લે આવી. એના જે કારણો તપાસીએ તો આપણને ખબર પડશે કે, એ ૧૯૮૫ થી ૧૯૯૬ની અંદર જે આપના પક્ષની સરકાર હતી ત્યારે કૃષિની અંદર બજેટની ફાળવણી થઇ હતી એ માત્ર ૫૯૧ કરોડ રૂપિયા. આજે ૨૦૦૧ થી ૨૦૧૪માં જે ફાળવણી થઇ છે એ ૧૫,૮૦૭ કરોડ એટલે ૨૦૭૧ ટકા કરતાં પણ વધારે. આ જે બધા ફેરફારો થયા છે આ ખેતીને જે તળિયે મૂકીને એ તળિયે મૂકવાના કારણો બધા આ છે.

આ તો ગુજરાતના નસીબ સારા કે, ૨૦૦૧ની અંદર આજના આપણા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જે ખેડૂતોની ચિંતા કરી, એના માટે પહેલાં એને જમીનની અંદર પાણીનો સંગ્રહ થાય એના માટે અનેક કલ્સટરો બનાવ્યા. જે ચાલીસ વર્ષમાં માત્ર ચાર હજાર ચેક ડેમો થયા હતા એની જગ્યાએ દોઢ લાખ કરતાં પણ વધારે ચેક ડેમો, સુજલામ સુફલામ જેવી યોજનાઓ આવા અનેક પાણીના કામો થયા અને એના લીધે પાણીના તળ ઉંચા આવ્યા. આઇ.આઇ.એમ.નો રિપોર્ટ પણ એમ કહે છેકે, ત્રણ મિટરથી છ મિટર સુધી પાણીના તળ ઉંચા આવ્યા. એના પછી બીજું કામ એ કર્યું કે, ખેડૂતોને આઠ કલાક સુધી સતત વીજળી મળતી રહે. આ બે જે કામ કર્યા એના પછી કૃષિ મહોત્સવ દ્વારા ગામે–ગામ જઇ અને ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને જે સારું બિયારણ આપ્યું એના લીધે આજે જે ખેતી છે, એ આજે ટોપ ઉપર આવી છે અને એને લીધે રાજ્યની વાર્ષિક જે આવક હતી કૃષિમાં એ ૨૦૦૦ થી ૨૦૦૧ માં ૧૪,૭૬૩/–કરોડ હતી તે વધીને વર્ષ ૨૦૧૧–૧૨માં રૂ. ૧,૦૩,૦૭૫ કરોડ થયેલ છે. નટવરસિંહભાઇએ કહ્યું કે પાણી ખેડૂતોને મળતું નથી તો મિત્રો, એનો વાવેતર વિસ્તાર કહું તો આપને ખ્યાલ આવશે. વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૦૧માં ૧૦૮ લાખ  હેકટર હતો તે વધીને વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૪૦ લાખ હેકટર થયેલ છે. ૩૨ લાખ હેકટર જેટલો વાવેતર વિસ્તાર વધ્યો છે. આ વાવેતર વિસ્તાર ત્યારે જ વધી શકે જો ખેડૂતોને પાણી અને વીજળી મળે તો.

આ રાજયનો કૃષિ વિકાસ દર જળવાઇ રહે અને તેમાં સતત વધારો થતો રહે તે માટે  અત્યારના આપણા મહિલા મુખ્યમંત્રી માત્ર એક શિક્ષક જ નથી પણ પોતે કૃષિ પુત્રી છે અને કૃષિમાં જે વિકાસ થાય છે

એ જળવાઇ રહે એના માટે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી રાજય સરકારે ચાલુ વર્ષ ૨૦૧૪–૧૫ને ‘ કૃષિ વિકાસ વર્ષ’ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. વર્ષ દરમિયાન જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરવા માનનીય મંત્રીશ્રી શિક્ષણના અધ્યક્ષસ્થાને ૬ સભ્યોની બનેલી એક કમિટીનું ગઠન કરવામાં આવેલ છે અને એ કમિટી દ્વારા આવતા દિવસોની અંદર જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે એમાં માઇક્રો ન્યૂટ્રીયન્ટસ ફર્ટીલીટી મેપ તૈયાર કરવા, કૃષિ યાંત્રિકરણનો વ્યાપ વધારવો, કુવા, ગોડાઉન, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પેક હાઉસ તથા ખેત યાંત્રીકરણના સાધનો માટે લીધેલ લોન ઉપર વ્યાજ સહાય, દેશી ઓલાદના સંવર્ધન કેન્દ્ર શરૂ કરવા, સેકસ સીમેન, એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનોલોજી અને ગાય અભ્યારણ્ય અંગેના પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા, મહિલા પશુપાલકોને પ્રોત્સાહન આપવું, પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ અને ખેડૂતોને તેમના ખેતરે સંગ્રહ શકિત ઉભી કરવા માટે વ્યાજ સહાય આપવી, બિયારણ/ ખાતર સંગ્રહ કરવા માટે તાલુકા કક્ષાએ ગોડાઉન બનાવવા, ગોબર ગેસ પ્લાન્ટ અને એગ્રો ફુડ પ્રોસેસીંગ યુનિટ સ્થાપવા માટે લીધેલ લોન ઉપર વ્યાજ સહાય આપવી, ઓર્ગેનિક ખેતીનો વ્યાપ વધારવો, જળ અને જમીન સુધારણાની કામગીરી સઘન બનાવવી, ફીશીંગ હાર્બર માટે માળખાકીય સગવડો ઉભી કરવી, મહિલા ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમો યોજવા, ગૌચરોનું વિકાસ કરી ઘાસચારાનું વાવેતર કરવું, કેનાલ સફાઇ કરી સિંચાઇની ક્ષમતા વધારી સુક્ષ્મ પિયત પદ્ધતિનો વ્યાપ વધારવો, વારસાઇની નોંધ અને હકક પત્ર અદ્યતન કરવા, કૃષિ વિષયક એક લાખ વીજ જોડાણ આપવા આવી બધી કાર્યવાહી આખું વર્ષ અહીંયા ચાલતી રહેશે.

૨૦૦૫માં કૃષિ મહોત્સવનું આદરણીય અત્યારના આપણા વડાપ્રધાન અને ત્યારના આપણા મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યું એને લીધે એમાં દર વર્ષે આપણે જે કૃષિ મહોત્સવ કરીએ છીએ ત્યારે કોઇને કોઇ થીમ આપણે લઇએ છીએ. આ વખતે આપણે જે કૃષિ મહોત્સવ કર્યો એમાં આપણે બે વસ્તુઓ નવી લીધી એક, આઇ કિસાન પોર્ટલ અને આઇ કિસાન મોબાઇલ એપ આને લીધે આપણા રાજયનો જે ખેડૂત છે એ આધુનિક ટેકનોલોજી અપનાવતો થશે, એની અંદર સતત દેશભરના અને વિશ્વભરના એને ભાવો મળતા રહેશે. ખાતર અને બિયારણ મેળવવા માટે એને સહાય મળશે. આપણે જે કિસાનોને અલગ અલગ સહાય આપીએ છીએ એના અલગ અલગ ફોર્મ પણ એ ભરી લેશે અને એને લીધે આજે જે ખેત ઉત્પાદન છે એને વધારવા માટે મદદરૂપ થશે. આ કૃષિ મહોત્સવ સિવાય પણ આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાને ગઇ સાલ એક નિર્ણય લીધો કે રાજયના ખેડૂતોને અતિ આધુનિક તેમજ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કક્ષાએ કૃષિ ક્ષેત્રને લગતી શોધો અને તકનીકોની માહિતી ખેડૂતોને મળે તે માટે ગ્લોબલ એગ્રી સમીટ કમ એકઝીબીશન દર બે વર્ષે એક વાર યોજવા રાજય સરકારે નિર્ણય કરેલો છે. પ્રથમ સમીટ ગાંધીનગર ખાતે સપ્ટેમ્બર–૨૦૧૩ દરમિયાન મળેલ હતી. આ સમિટની અંદર ૧૨ દેશો, ૨૯ રાજયો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશો, દેશના ૬૪૦ જિલ્લાઓમાંથી ૫૪૩ જિલ્લાના ૭૦૦૦ ખેડૂતોએ ભાગ લીધો જેમાં અન્ય રાજયના ૪૫૦૦ ખેડૂતોએ ભાગ લીધેલ. સમીટ દરમિયાન યોજવામાં આવેલ પ્રદર્શનમાં ૧૮૪ રાષ્ટ્રીય અને ૧૪ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ભાગ લીધેલ અને ૩ લાખથી વધુ લોકોએ તેની મુલાકાત લીધેલ. આ સમિટ દરમિયાન દેશના ૨૩ રાજયોના કુલ ૪૬૫ જિલ્લાના જિલ્લાદીઠ એક એવા ૪૬૫ ખેડૂતોને પ્રાપ્ત કરેલ આગવી સિદ્ધિ બદલ રૂ. ૫૧૦૦૦/– રોકડ ઇનામ, શાલ ઓઢાડી, સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારા ખ્યાલથી રાઘવજીભાઇએ કહ્યું સોઇલ હેલ્થ કાર્ડ એ ૧૦ વર્ષે મળે છે. આપણે અત્યાર સુધીમાં ૨૦૧૦ સુધીમાં ૪૨.૩૯ લાખ ખાતેદાર ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપી દીધેલ છે. બીજો તબક્કો ચાલુ થઇ ગયો છે. બીજા તબક્કામાં ૨૨.૪૪ લાખ ખેડૂતોને પુનઃ સોઇલ હેલ્થ કાર્ડ પૂરા પાડવામાં આવેલ છે. દર ૩ વર્ષે ખેડૂતોને કાર્ડ મળે તેવું આયોજન કરેલ છે. આજે જે રાજયમાં પરિસ્થિતિ નિર્માણ થઇ છે એના લીધે રોજીરોટી મળે અને ખેતીમાં કામ કરી શકે તેવા માણસો પૂરતા નથી મળતા, એટલા માટે હાલમાં ખેતીકામમાં અછત વર્તાય છે. કૃષિ યાંત્રિકરણ તરફ ભાર મૂકવામાં આવેલ છે. છેલ્લાં ૩ વર્ષમાં કૃષિ યાંત્રિકરણ પાછળ ૪૯૫ કરોડ રૂપિયા સહાય ચૂકવવામાં આવેલ છે. ચાલુ વર્ષે કૃષિ યાંત્રિકરણમાં

સહાય આપવા માટે રાષ્ટ્રીય વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.ખેડૂતોને કૃષિ ઓજારો વ્યાજબી ભાવે અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજયના કૃષિ ઓજાર ઉત્પાદકોને ઇ ટેન્ડરિંગથી એમ્પેનલ કરવામાં આવેલ છે. રાજયના ખેડૂતોને સસ્તાભાવે અને એની પસંદગી મુજબના ઓજારો વધારે સારા મળી શકશે. કૃષિની અંદર જ્યાં ખેડૂતોએ મહેનત કરી રાજ્ય સરકારે સહાય કરી અને એના લીધે કૃષિની અંદર પ્રગતિ કરી છે. એનો દાખલો આપું. આપની વિપક્ષની સરકાર ત્યાં હતી, ત્યારે એ કર્મણ કમાન્ડેશન એવોર્ડ, સ્ટેટ એગ્રીકલ્ચર લિડરશીપ એવોર્ડ–૨૦૦૯ અને નેશનલ પ્રોડક્ટિવિટી એવોર્ડ આવા ત્રણ ત્રણ એવોર્ડો કૃષિની કામગીરી બદલ રાજ્ય સરકારને મળેલ છે.

વર્ષ ૨૦૧૪–૧૫ના અંદાજપત્રમાં પાક વ્યવસ્થા સદરે રૂપિયા ૨,૧૫૮.૫૮ કરોડની જોગવાઇ કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪–૧૫ ઉજવવા માટે રાજ્ય સરકાર દ્વારા કૂવા, ગોડાઉન, ગ્રીન હાઉસ, નેટ–હાઉસ, ખેત યાંત્રીકરણનાં સાધનો વગેરે માટે લોન મેળવતા ખેડૂતોને ૬ ટકા વ્યાજ સહાય આપવાની નવી યોજના દાખલ કરવા માટે રૂપિયા ૨૬ કરોડની જોગવાઇ, પશુધન માટે ઘાસચારાનું ઉત્પાદન કરવા માટે ખેડૂતોને ઘાસચારા કીટ પૂરી પાડવા રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત ૩૦ કરોડની જોગવાઇ, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ખેડૂતો માટે રૂપિયા ૫૯૪ કરોડની જોગવાઇ, નવા ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટે રૂપિયા ૪૬ કરોડની જોગવાઇ, ગામના સૌથી ગરીબ ખેડૂતોને કૃષિ ઉત્પાદન વધારવા વિના મૂલ્યે કૃષિ કિટ્સ આપવા માટે રૂપિયા ૪૯ કરોડની જોગવાઇ, ઘઉં, ચોખા અને કઠોળ જેવા ખાદ્યાન્નો માટે નેશનલ ફુડ સિક્યોરિટી મિશન હેઠળ રૂપિયા ૭૨ કરોડની જોગવાઇ, કૃષિ ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા માટે ડિજિટલ નકશા તૈયાર કરી, જમીન ફળદ્રુપતાની સમીક્ષા, જમીનની ગુણવત્તાના પ્રશ્નોના નિવારણ, કાર્યક્ષમ જળ વ્યવસ્થાપન, કુદરતી જળ સ્ત્રોતોના રક્ષણ અને જાળવણી માટે નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અંતર્ગત રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઇ, ખેડૂતની આવકને રક્ષણ આપવા ખેડૂતો માટે પાક વીમો, ખેડૂત અકસ્માત વીમો, ભાવની સ્થિરતા માટે રૂપિયા ૪૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના કાર્યક્રમો માટે રૂપિયા ૩૬૦.૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ–૨૦૧૩–૧૪ દરમ્યાન સંશોધનના પરિણામે જુદા જુદા પાકોની ૧૪ જાતો વિકસાવવામાં આવેલ છે અને ૨૨૯ જેટલા ખેડૂતોપયોગી નવી ટેકનોલોજી બહાર પાડવામાં આવેલ છે. રાજ્યના બીજ નિગમ હેઠળ તાલુકા કક્ષાએ બિયારણ, ખાતર અને ખેત ઉત્પાદનોના સંગ્રહ માટે રાજયમાં કુલ્લે ૧.૯૧ લાખ મેટ્રિક ટન સુધી સંગ્રહ શક્તિ વધારવા માટે રૂપિયા ૨૦૦.૨૮ કરોડની જોગવાઇ જે અંતર્ગત રાજયમાં ૧૩ જગ્યાએ વધારાની સ્ટોરેજ ક્ષમતા ઉભી થનાર છે. આ યોજનાથી ખેડૂતોને યોગ્ય સમયે પૂરતા પ્રમાણમાં ખાતર અને બિયારણ મળી શકશે અને ખેત ઉત્પાદનના ભાવ ટેકાના ભાવોથી નીચે જાય ત્યારે ટેકાના ભાવની યોજના હેઠળ ખેત ઉત્પાદનો ખરીદવામાં આવે ત્યારે તેનો સંગ્રહ કરવાની વ્યવસ્થા થઇ શકશે. નિગમ દ્વારા ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ૩,૧૮,૬૨૫ ક્વિન્ટલ બીજ જથ્થો ઉત્પન્ન કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. ગાંધીનગર દ્વારા દેશમાં સર્વ પ્રથમ પબ્લિક હાઇબ્રીડ કપાસની જાત સંકર–૬ અને સંકર–૮ વર્ષ ૨૦૧૨ માં મંજૂરી મળતા આ બન્ને જાતનું સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ૮૬,૫૭૩ પેકેટ ઉત્પાદન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪–૧૫માં જળ અને જમીન સંરક્ષણ યોજનાઓ માટે રૂ.૨૧૨.૭૫ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. નિગમ દ્વારા ૬૪,૫૦૦ હેકટરમાં જળ અને જમીન સંરક્ષણની કામગીરી અને ૪૮૬ ગામ તળાવો, ૩૦૧ ખેત તલાવડી, ૬૭૩ સીમ તલાવડી અને ૨૭૩૩ જળ સંગ્રાહક સ્ટ્રકચરની કામગીરી આ યોજના દ્વારા હાથ પર લેવામાં આવનાર છે. એગ્રો ઇન્ડસ્ટ્રીઝ પોલીસી–૨૦૦૦ હેઠળ રૂ.૧૨.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નેશનલ ફૂડ પ્રોસેસીંગ મિશન યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ.૧૮.૨૦ કરોડના ખર્ચનો અંદાજ રાખવામાં આવેલ છે. બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે રૂ.૨૮૫.૬૬ લાખની જોગવાઇ કરી છે. આર.કે.વી.વાય. યોજના હેઠળ નિગમ દ્વારા બાવળા ખાતે ગામા ઈરેડીએશન પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. આ પ્રોજેકટ પાછળ કુલ ૧૭.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. તે ચાલુ વર્ષે કાર્યરત થનાર છે. આ ઈરેડીએશન પ્લાન્ટ સ્થાપ્યો છે તેના લીધે કૃષિ પેદાશોની તાજગીમાં

ફેરફાર થયા વગર તેનો સંગ્રહ થઇ શકશે. કૃષિ પેદાશોની ગુણવત્તા, બંધારણ, દેખાવ અને પોષણ મૂલ્ય જાળવી રખાશે. પ્રીપેકેજડ ફૂડને પણ ઇરેડીએશન કરી શકાશે. કૃષિ પેદાશો અને ફૂડ પ્રોડકટસની જાળવણી, સ્વચ્છતા અને જંતુમુક્ત કરવામાં ઉપયોગી બનશે. કૃષિ તેમજ બાગાયતી પેદાશોની વિદેશમાં નિકાસને વેગ મળશે. અમદાવાદ એરપોર્ટ ખાતે સેન્ટર ફોર પેરીશેબલ કાર્ગોની સ્થાપના રૂ.પ.૧૧ કરોડના ખર્ચે કરવામાં આવી છે. સદર પ્રોજેકટને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા તરફથી તા.૨૪–૬–૨૦૧૪ના રોજ મંજૂરી મળી ગઇ છે. આ પ્રોજેકટ ઘણા સમયથી તૈયાર થઇ ગયો હતો. જેમ નર્મદાના દરવાજા અટકીને પડયા હતા તેમ આ પ્રોજેકટની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી મળતી ન હતી. માનનીય નરેન્દ્રભાઇ આ દેશના વડાપ્રધાન બનતાં તાત્કાલિક તેને મંજૂરી મળી ગઇ છે. તેના લીધે કૃષિ પેદાશોની દેશમાં અને અન્ય દેશોમાં નિકાસને વેગ મળશે.

કૃષિની અંદર બાગાયતી પાકનું મોટુ યોગદાન રહેલું છે. બાગાયતી પાકો પ્રતિ હેકટરે વધુ ઉત્પાદન આપતા હોઇ તે તરફ ખેડૂતોનો ઝોક વધી રહ્યો છે. ગુજરાત રાજય રાષ્ટ્ર કક્ષાએ ૬ ટકા વિસ્તારની સામે બાગાયતી ઉત્પાદનમાં ૭ ટકા હિસ્સા સાથે દેશમાં પાંચમું સ્થાન ધરાવે છે. રાજયમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન બાગાયતી પાકોનું વાવેતર ૧૨.૬૮ લાખ હેકટરથી વધીને ૧૫.૦૩ લાખ હેકટર થયેલ છે.બાગાયતી પાકનું ઉત્પાદન ૧૫૨.૭૪ લાખ મેટ્રીક ટનથી વધી ૨૦૪.પા લાખ મેટ્રીક ટન સુધી પહોંચેલ છે. જેમાં હાલ ફળ પાકોનું ઉત્પાદન ૮૫ લાખ  ટન, શાકભાજીનું ઉત્પાદન ૧૦૫ લાખ  ટન અને મસાલા અને ફૂલ પાકોનું ઉત્પાદન ૧૫ લાખ ટન સુધી પહોંચેલ છે. બાયાગતી પાકોના નવા બગીચા ઉભા કરવા ઉપરાંત પોસ્ટ–હાર્વેસ્ટ મેનેજમેન્ટ અને બજાર વ્યવસ્થા ઉપર ભાર મૂકી વધારેમાં વધારે કોલ્ડ સ્ટોરેજ, સીએ કોલ્ડ સ્ટોરેજ, કેળા તથા કેરી માટેની સ્વાસ્થ્યપ્રદ રાઇપનીંગ ચેમ્બરો, ટીસ્યુકલ્ચર લેબોરેટરીઓ ઉભી કરવાનું આયોજન છે. કચ્છ ખાતે ખારેકનું પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર ઉભું કરવામાં આવનાર છે. છેલ્લા દાયકામાં બાગાયત ખાતાના બજેટમાં ૨૫ ગણો વધારો થયેલ છે. બાગાયત આધારિત કૃષિને પ્રોત્સાહન આપવા માટે રૂ.૩૨૭.૮૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દેવીપૂજક સમાજના લાભાર્થીઓને હાઇબ્રીડ તરબૂચ, ટેટી અને શાકભાજી બિયારણ  તથા માઇક્રો ન્યુટ્રિયન્ટ આપવા માટે રૂ.૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૪–૧૫માં નેશનલ મિશન ઓન હોર્ટીકલ્ચર યોજના હેઠળ રૂ.૧૫૩.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સમૃદ્ધિની અંદર જેમ કૃષિનો હિસ્સો છે તેવી જ રીતે પશુપાલનનો પણ રાજયના વિકાસમાં એટલો જ હિસ્સો છે. વિકસતા જતા ભારત દેશમાં ગુજરાતના વિકાસની કેડીએ એક આગવી પ્રતિભા ઉભી કરી છે. જેમાં રાજયના તમામ વ્યવસાયિક ક્ષેત્રની સાથે સાથે પશુપાલનના વ્યવસાયે પણ હરણફાળ ભરી છે. રાજયમાં પશુપાલન હવે ખેતીનો પૂરક નહીં પણ આગવો વ્યવસાય બની રહેલ છે. આ વ્યવસાય થકી સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસાયમાં પૂરતી તકો ઉપલબ્ધ છે. કૃષિ સંલગ્ન સેવામાં સૌથી વધુ વિકાસદર પશુપાલનનો રહેલ છે અને દેશના સામાજિક અને આર્થિક વિકાસના માળખામાં આ વ્યવસાયે ખૂબ જ મહત્વનો ભાગ ભજવેલ છે. સવારે મૂડી રોકાણ અને સાંજે આવક થાય તેવો કોઇ એક વ્યવસાય હોય તો તે પશુપાલનનો છે. પશુપાલકો માટે આ વ્યવસાય એ.ટી.એમ સમાન છે. રાજયના કુલ ૧૦૧ લાખ કુટુંબો પૈકી ૪૨ લાખ (૪૨ ટકા) જેટલા કુટુંબો પોતાના જીવન નિર્વાહ તરીકે પશુપાલન કરે છે. રાજય વ્યાપી પશુ આરોગ્ય મેળાના અભિયાન દરમ્યાન આશરે ૧૫,૦૦૦ થી વધુ ગામો આવરી લઇ દર વર્ષે ૪૦૦૦થી વધુ પશુ આરોગ્ય મેળા યોજવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૪ દરમ્યાન રાજયમાં ૩૮૮૨૨ થી વધુ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ૧.૪૮ કરોડથી વધુ પશુઓને સારવાર અને ૧.૯૧ કરોડથી વધુ પશુઓને રસીકરણ કરવામાં આવેલ છે, તેમજ ૧.૦૩ લાખ પશુઓને સર્જિકલ સારવાર આપવામાં આવેલ છે અને ૩.૧૦ લાખ પશુઓને કૃત્રિમ બિજદાન કરવામાં આવેલ છે. કૃષિ મહોત્સવ દરમ્યાન ૧૪ લાખથી વધુ પશુપાલન ઇનપુટ કીટનું વિતરણ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં રાજયમાં ૧૬૧ જેટલા ચેપી રોગચાળાઓ નોંધાયેલા હતા જે પશુ આરોગ્ય માટેની સઘન પશુ સારવાર અને ઘનિષ્ટ રસીકરણની કામગીરીના પરિણામે વર્ષ ૨૦૧૩–૧૪માં ઘટીને માત્ર ૩૫ જેટલા રહેવા પામેલ છે. વર્ષ ૨૦૦૨–૦૩ના વર્ષમાં પશુપાલન અને ડેરી વિકાસનો ફાળો રૂપિયા ૭૨૫૭ કરોડ હતો જે ૩૩ ટકા વૃધ્ધિ દર સાથે વધીને વર્ષ ૨૦૧૨–૧૩માં ૩૧૦૨૪ કરોડ થયેલ છે. વર્ષ ૨૦૦૨–૦૩માં રાજયનું કુલ દૂધ ઉત્પાદન ૬૦.૮૯ લાખ મે.ટન હતું જે ૬.૯૪ ટકાના વૃધ્ધિ દર સાથે વર્ષ ૨૦૧૨–૧૩માં ૧૦૩.૧૫ લાખ મે.ટન થયેલ છે. વર્ષ ૨૦૦૨–૦૩માં રાજયની માથા દીઠ દૂધની ઉપલબ્ધતા ૩૨૧ ગ્રામ દિન હતી જે ૪.૧૧ ના વાર્ષિક વૃધ્ધિ દર સાથે વર્ષ ૨૦૧૨–૧૩માં વધીને ૪૫૩ ગ્રામ દિન થયેલ છે. વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં રાજયમાં કુલ ૧૦૯૨૪ દૂધ સહકારી મંડળીઓ કાર્યરત હતી જે વધીને વર્ષ ૨૦૧૨–૧૩માં ૧૬૩૮૪ થયેલ છે અને પશુપાલક સભાસદોની સંખ્યા ૨૨.૫૩ લાખ હતી જે વધીને વર્ષ ૨૦૧૨–૧૩માં ૩૧.૮૪ લાખ થયેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૯૪ નવીન પશુ દવાખાના અને ૯ નવીન વેટરનરી પોલીકલીનીકસની સ્થાપના કરવામાં આવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજયમાં કુલ ૩૪૨૧ નવા કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલ છે. પશુપાલન અને ડેરી વિકાસ માટે રૂપિયા ૩૪૪.૫૫ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રીશ્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના અન્વયે રાજયના પશુઓને પશુ દવાખાના ખાતે મફત સારવાર આપવા માટે રૂપિયા ૨૦.૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પશુ જૈવિક સંસ્થા, ગાંધીનગરને સુદ્દઢ બનાવવા માટે રૂપિયા ૧૩.૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયના વિવિધ જાતના પશુઓની જાતિઓની લાક્ષણિકતા નક્કી કરવા અને તેની નોંધણી માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ. પશુપાલન ક્ષેત્રે નવી પહેલ તરીકે ગૌ–અભ્યારણ્ય, ભ્રુણ પ્રત્યારોપણ અને સેક્સિંગ ઓફ સીમેનને લગતા પ્રોજેકટ રાજયમાં ઉભા થાય તે માટે નિષ્ણાતો દ્ધારા અભ્યાસ હાથ ધરવા રૂપિયા ૧ કરોડની જોગવાઇ. વર્ષ ૨૦૦૧ બાદ સ્થપાયેલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોમાં પશુચિકિત્સા સેવાઓનું માળખું ઉભું કરવા અથવા સુદ્દઢ કરવા સહાય માટે રૂપિયા ૪ કરોડની જોગવાઇ. આ યોજના અંતર્ગત જિલ્લા સહકારી દૂધ સંઘોને પશુ સારવાર દવાખાના શરૂ કરવા માટે રાખવામાં આવનાર પશુ ચિકિત્સકોના પગારનો ખર્ચ રાજય દ્ધારા ભોગવવામાં આવનાર છે.

રાજયના પશુપાલન ક્ષેત્રે મહિલાઓનું યોગદાન નોંધપાત્ર છે, ત્યારે મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા આગામી વર્ષોમાં બમણી કરવા તેમજ મહિલા પશુપાલકોને ખાસ પ્રોત્સાહન આપવા માટે મુખ્ય મંત્રી મહિલા પ્રોત્સાહન યોજના આપવાનો નિર્ણય કરેલ છે અને તે માટે રૂપિયા ૨૬.૨૬ કરોડની જોગવાઇ. મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે રાજય સરકાર દ્ધારા આર્થિક સહાયનું સંકલિત પેકેજ અંતર્ગત દૂધ ઘર માટે ૩૦૦ ચોરસ વાર જમીનની ફાળવણી માટે નીતિ ઘડવાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ મકાન બાંધાકામ માટે રૂપિયા ૫ લાખની મર્યાદામાં, ૫૦ ટકા સુધીની સહાય માટે રૂપિયા ૫ કરોડની જોગવાઇ, ૧૦૦ દૂધ મંડળીઓને ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમ, બલ્ક મિલ્ક કુલર, મિલ્ક એડલ્ટરેશન ડિટેકશન મશીન માટે મહતમ રૂપિયા ૯.૭૦ લાખની મર્યાદામાં ૮૦ ટકા સુધીની સહાય માટે રૂપિયા ૯.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. .નાબાર્ડ લોનની યોજના હેઠળ ૨૫,૦૦૦ મહિલા પશુપાલકોને દૂધાળા પશુઓની ખરીદી માટે લીધેલ બેન્ક લોન પર ૩ વરસ માટે પાંચ ટકાની વ્યાજ સહાય આપવા માટે રૂપિયા ૧૧.૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સ્વસહાય જૂથોની મહિલા પશુપાલકો માટે વધારાના લાભ તરીકે બેન્ક લોનના હપ્તાની સમયસર ચૂકવણી પર ૩ વરસ માટે ૩ ટકા વધારાની સહાય આપવામાં આવનાર છે. દૂધ મંડળીના મહિલા પશુપાલક સભ્યને મિલ્કીંગ મશીન વસાવવા માટે મહત્તમ રૂપિયા ૩૩,૭૫૦ તથા ચાફ કટર માટે મહત્તમ રૂપિયા ૧૫,૦૦૦ની મર્યાદામાં ૭૫ ટકા સુધીની સહાય આપવામાં આવે છે.

ગાય ભેંસના સંવર્ધન માટેની રાષ્ટ્રીય યોજના હેઠળ રાજયના અંતરિયાળ વિસ્તારોમાં ગુજરાત લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ દ્ધારા ૨,૧૬,૩૮૩ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. રાજયમાં પશુ સંવર્ધનની ઉત્તમ સવલતો મળી રહે તે માટે ગુજરાત લાઇવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ દ્ધારા આધુનિક સુવિધાઓ સાથેનું

રૂપિયા ૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ફ્રોઝન સિમેન પ્રોડક્શન અને ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ, પાટણ ખાતે શરૂ કરવામાં આવેલ છે. આ સંસ્થાને શ્રેષ્ઠ કામગીરી માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની ઉચ્ચ ગુણવત્તા માટેનો "એ" ગ્રેડ એવોર્ડ સતત બીજા વરસે મેળવવાનું બહુમાન મળેલ છે.

પશુધન વિમા સહાય યોજના હેઠળ વરસ ૨૦૧૪-૧૫માં ૨.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ૧૫ લાખ ઘેટાં પાલનથી રોજગારી મેળવતા આશરે ૧૫૦૦૦ ઘેટાંપાલકોને સહાય રૂપ થવા માટે રૂપિયા ૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડની કામગીરી માટે વરસ ૨૦૧૪-૧૫ માટે કુલ રૂપિયા ૫૯.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

મત્સ્યોદ્યોગ પણ ગુજરાત માટેનો એક મહત્વનો ઉદ્યોગ છે તેના દ્વારા ૨ લાખ ૧૮ હજાર કરતાં પણ વધારે લોકોને એમાં રોજીરોટી મળે છે. મત્સ્યોદ્યોગ માટે સને ૨૦૧૩-૧૪ની રૂપિયા ૮૦ કરોડની સામે સને ૨૦૧૪-૧૫ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ તળે ખાતાની કુલ રૂપિયા ૮૬.૫૯ કરોડની યોજના રજૂ કરવામાં આવેલ છે. ગુજરાતના મત્સ્યોદ્યોગના પ્રોત્સાહન માટે ફીશ કલ્ચર કેજની ખરીદી માટે રૂપિયા ૩.૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડવામાં આવેલ ૫,૩૬૬ માછીમારો પૈકી અત્યારસુધીમાં ૫૧૭૦ માછીમારો છૂટી ગયા છે અને ૧૯૬ માછીમારો બાકી છે એ પણ ટૂંક સમયમાં છૂટી જશે. ગુજરાત સરકાર તરફથી એક ડેલીગેશન આજે ત્યાં કરાંચી પહોંચી ગયેલું છે અને એમની બોટો અને માછીમારો બન્ને છૂટે એના માટેના પ્રયાસો કેન્દ્રના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇની રાહબરી નીચે ચાલે છે. માછીમાર જૂથ અકસ્માત વીમા યોજના તળે રૂપિયા ૧ લાખના વીમા કવચનો લાભ આપવામાં આવતો હતો તે આ વરસથી રૂપિયા બે લાખ કરવામાં આવેલો છે.

આપણે એ બાબતથી સુમાહિતગાર છીએ કે, સહકારી પ્રવૃત્તિ રાજ્યમાં દિનપ્રતિદિન હરણફાળ ભરી રહી છે. સહકારી પ્રવૃત્તિનો વ્યાપ પ્રતિદિન વધતો જાય છે ત્યારે આ બધી વસ્તુઓને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક કૃષિ સેવા સહકારી મંડળીના ગોડાઉનો બનાવવા માટે રૂપિયા ૭૬ કરોડની નવી યોજના રજૂ કરવામાં આવેલી છે. તેની અંદર આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૬૫ ટકા સહાય, નાબાર્ડ દ્વારા ૨૫ ટકા સહાય આપવામાં આવનાર છે. જ્યારે મંડળીઓએ ૧૦ ટકા ફાળો આપવાનો રહેશે.

વધુમાં ગુજરાતના ખેડૂતો, વ્યક્તિગત કંપની, બજાર સમિતિ, ફેડરલ સોસાયટી, સહકારી સંસ્થાઓ માટે ગ્રામ્યક્ષેત્રે પાકના સંગ્રહ માટે ગોડાઉન બનાવવા માટે લીધેલ લોન ઉપર ૬ ટકાના દરે ૩ વરસ માટે વ્યાજ સહાય આપવાનો રાજય સરકારે નિર્ણય કરેલો છે અને આ માટે રૂપિયા ૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ખેડૂત લાભાર્થીઓને ભારત સરકાર દ્વારા મૂડી ખર્ચ ઉપર ૨૫ ટકા લેખે સહાય અને રાજય સરકાર દ્વારા મહત્તમ ૩ વરસ સુધી ૬ ટકા વ્યાજ રાહત તેમજ ૩૦૦ ટન સુધીના ગોડાઉન બનાવવા માટે મૂડી ખર્ચ પર ભારત સરકારની સહાય ઉપરાંત વધારાની ૧૫ ટકા સહાય રાજ્ય સરકાર આપશે. વ્યક્તિગત ધોરણે તેમજ કંપનીઓને ભારત સરકાર દ્વારા મૂડી ખર્ચ ઉપર ૧૫ ટકા સહાય તથા રાજય સરકાર દ્વારા મહત્તમ ૩ વરસ સુધી ૬ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે.

સામાન્ય વિસ્તારની બજાર સમિતિ, ફેડરલ સોસાયટી, સહકારી સંસ્થાઓ વિગેરેને ભારત સરકાર દ્વારા મૂડી ખર્ચ પર ૩૩.૩ ટકા લેખે સહાય અને રાજય સરકાર દ્વારા મહત્તમ ૩ વરસ સુધી ૬ ટકા વ્યાજ રાહત તેમજ મૂડી ખર્ચ ઉપર ભારત સરકારની સહાય ઉપરાંત વધારાની ૧૬.૬૭ ટકા સહાય મૂડી ખર્ચના ૫૦ ટકાની મર્યાદામાં આપવામાં આવનાર છે.

ટ્રાયબલ વિસ્તારના ૪૩ પછાત તાલુકાઓમાં બજાર સમિતિ, ફેડરલ સોસાયટી, સહકારી સંસ્થાઓ વિગેરેને ભારત સરકાર દ્વારા મૂડી ખર્ચ પર ૩૩.૩ ટકા લેખે સહાય અને રાજય સરકાર દ્વારા ૬ ટકા વ્યાજ રાહત તેમજ મૂડી ખર્ચ પર ભારત સરકારની સહાય ઉપરાંત વધારાની ૨૬.૬૭ ટકા સહાય મૂડી ખર્ચના ૬૦ ટકાની મર્યાદામાં આપવામાં આવનાર છે.

સહકાર વિભાગ દ્વારા વરસ ૨૦૧૪-૧૫માં રૂપિયા ૨૨૨.૭૩ કરોડની વાર્ષિક જોગવાઇ કરવામાં આવેલ છે જે પૈકી રૂપિયા ૧૪૪.૬૭ કરોડની ચાલુ બાબતો તથા રૂપિયા ૭૮.૦૬ કરોડની નવી બાબતોનો

સમાવેશ થાય છે. આદિજાતિ વિસ્તારની સુગર ફેક્ટરીઓને શેરફાળો આપવાની યોજના હેઠળ સને ૨૦૧૪–૧૫માં રૂપિયા ૨૦.૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજ્યમાં માર્ચ ૨૦૧૪ અંતિત સહકારી સંસ્થાઓ દ્વારા અત્યારસુધીમાં કુલ એકંદરે ૧૬,૨૫,૬૫૬ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવેલ છે. અહીંયા ચર્ચામાં ભાગ લેવાના સમયે માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇએ જે એરિયા ડીડકશનની વાત કરી, આમ તો અગાઉ એમણે પોતાનો પ્રશ્ન પણ વિધાનસભામાં રજૂ કર્યો હતો ત્યારે પણ મેં એનો જવાબ આપ્યો હતો. કે એરિયા ડીડકશન ફેક્ટર લગાવવા માટેની આપણે કોઇ પણ વીમા કંપનીની જે યોજના છે તેમાં તેનો કોઇ પણ જગ્યાએ ઉલ્લેખ નથી. આની અંદર જે એરિયા ડીડકશન ફેક્ટર લગાડવો તેવી જે ભલામણ છે તે ભારત સરકારે નિયુકત કરેલ એગ્રીકલ્ચર ફાયનાન્સ કોર્પોરેશને ત્યાં આપણા એ.આઇ.સી.ને કરેલી. એની આપણે રાજય સરકારને પૂછેલું કે આપણે એરિયા ડીડકશન ફેક્ટર લગાડીએ અને તેમાં અમને એન.ઓ.સી.આપો. આપણે રાજય સરકારે તેની એન.ઓ.સી.પણ આપેલી નહીં અને આ બાબતમાં તમે જેમ જૂની પધ્ધતિ મુજબ મૂળ રીતે જેને વીમો ચૂકવો તેના માટે ખેતી નિયામક કચેરી, આઇ.આઇ.સી.,અમદાવાદને ૨–૫, ૨૮–૬,૧–૭,૨૪–૭ અને ૨–૮ના રોજ પત્રો લખેલા હતા. અગ્રસચિવની કક્ષાએ પણ ૧૦–૫–૧૩ અને ૨–૭–૧૩ના રોજ આ પત્રો લખેલા. મંત્રીશ્રીની કક્ષાએ પણ ભારત સરકારના માનનીય મંત્રીશ્રી કૃષિને ૪–૭–૧૩ના પત્રથી આ દાવાની ચૂકવણી છે તે પૂરેપૂરી કરવા માટે જણાવવામાં આવેલું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજી પણ વાત કરેલી કે અહીંયા ગાંધીનગર વિસ્તારમાંથી ૯૬૦૭ ખેડૂતો છે તે મટી ગયા છે. આ બધા ખેડૂતોની જો તમે ઉંડાણપૂર્વક તપાસ કરશો તો લગભગ આ જમીનો છે તે બિલ્ડરને ગઇ હશે, ઉંચા ભાવમાં તે જમીનો વેચાણી હશે, એ જમીનમાંથી તેની પોતાની જમીન હતી તેના કરતાં ખેડૂતે કયાંક વધારે જમીન લીધી હશે અથવા તો તેણે કયાંક મોટો ઉદ્યોગ કે ધંધો–રોજગાર કર્યો હશે. બીજી વાત એ કરેલી કે, લઠ્ઠાકાંડની અંદર પૈસા આપે છે અને ખેડૂતોને વીમો નથી આપતા. આ લઠ્ઠાકાંડની અંદર પૈસા છે તે તમારા સમયની અંદર આપતા આપણે અત્યારે એક લાખનો વીમો છે તે ખેડૂત ખાતેદારને અને તેનો પેલો જે વારસદાર હોય દીકરો અથવા દીકરી તેનો પણ અકસ્માત થાય તો લાખ રૂપિયાનો આપણે તેને વીમો આપીએ છીએ. કપાસમાં પણ ૬ ટકા પ્રિમિયમ. કપાસનું જે ખેડૂતો કુલ પ્રિમિયમ ભરે તેમાં આપણે ૬ ટકા આપીએ છીએ. નાના અને સીમાંત ખેડૂતોનું જે પ્રિમિયમ ભરાય છે તેમાં ૭.૧૨ ટકા જેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવે છે. જે ખેડૂતો આપઘાત કરે છે તેની વાત કરી. તો છેલ્લા પાંચ વર્ષની અંદર ૯૬ ખેડૂતોએ આપઘાત કરેલો છે. એમાં ૮૫ ખેડૂતોએ અગમ્ય કારણોસર અથવા બીજા કોઇ કારણોથી આપઘાત કરેલો છે, ૯ ખેડૂતોએ ખેતી સિવાયના દેવાને લીધે આપઘાત કરેલો છે, ૧ ખેડૂતે કૃષિ પાક નિષ્ફળ જવાથી આપઘાત કરેલ છે અને ૧ ખેડૂતે આ કૃષિના દેવાને લીધે આપઘાત કરેલો છે. એટલે ખેડૂતો જે આપઘાત કરે છે એના અન્ય કારણો હોય છે કૃષિ પાક નિષ્ફળ જવાથી કે તેના દેવાને લીધે આપઘાત નથી થતો.

માનનીય રામસિંહભાઇ પરમાર તો નીકળી ગયા છે પણ તેની એક તો સહકારી મંડળીના કાયદામાં સુધારો કરવા માટેની વાત કરી. જે મંડળીઓ છે તે નિષ્ક્રિય છે તેને રદ કરવી જોઇએ, રાજ્ય સરકાર તેમાં ગંભીરતાપૂર્વક વિચારે છે. જે દેશી ગાય છે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપી દો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : તે પૂરતું દૂધ નથી આપતી તો તેના માટે દેશી ઓલાદોની ગીર ગાય છે કાંકરેજી ગાય છે, જાફરાબાદી ભેંસો છે આવી જે દેશી ઓલાદો છે તેના સંવર્ધન માટે પણ આ વખતે આપણે આમાં જોગવાઇ કરેલી છે. માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇએ જે વાત કરી કૃષિરથ માટેની કે તેમાં માત્ર ૧૫ કીટસ આપવામાં આવે છે. તો મેં મારા પ્રવચનમાં પણ કહ્યું કે ૧૫ હજાર ગામડાંઓની અંદર આ કૃષિ કીટસનું વિતરણ થાય છે. જયાં કૃષિરથ જાય છે ત્યાં તાલુકા સીટના એક મથક ઉપર હોય છે અને આખી તાલુકાની સીટના બધા ગામડાં હોય છે. દર ગામ દીઠ ૧૫ કીટસનું વિતરણ કરવામાં આવે છે. બાકી વીજળી

બાબતે અમારા સૌરભભાઇની મેટર છે એટલે વીજળીની જે ચિંતા કરી માનનીય સભ્યશ્રીએ બજેટ એક તો વપરાયા વગરનું રહે છે એવી વાત કરી. ઓઇલ એન્જીનના ચેકો આપી દીધેલા છે..

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ મેન્યુફેક્ચરીંગ સ્ટેટ છે અને આની અંદર રોજગારી આપવાનું સરકારનું પ્રાધાન્ય છે એટલે મુખ્ય અગત્યનો વિષય એ છે કે, એક બાજુ લોકો ભણીને બહાર નીકળે અને બીજી બાજુ રોકાણ આવવાના, રોકાણમાં ઉદ્યોગો આવે એ બંનેની જરૂરિયાત કેવી રીતે પૂરી પાડવી એમાં સરકારે વધારે ફોકસ કર્યો છે. છેલ્લા બે વર્ષની અંદર ૪૮૦ કરોડ રૂપિયાના બજેટથી ૧૧૫૧ કરોડ રૂપિયા કર્યું છે એટલે આપ કલ્પના કરો ૪૮૦ થી ૧૧૫૧ અને નકકી કર્યું છે કે શિક્ષણને અગત્યતા આપીને જે લોકોને ભણાવીએ છીએ એમાં જે બેરોજગાર હોય એમને શોધી ભણાવો, નોકરી અપાવો, એની તકો ઉત્પન્ન કરો અને ગુજરાતમાં એક પણ વ્યક્તિ બેરોજગાર ન હોય એ પ્રમાણેની આખી વ્યવસ્થા અને આયોજન કરવાની કોશીશ કરી છે અને એમાં સારી એવી સફળતા પણ મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઇટીઆઇમાં જોઇએ તો દરેક તાલુકામાં એક આઇટીઆઇ, આશરે એક હજાર લોકોની ભરતી કરી છે છેલ્લા વર્ષની અંદર, અને માનનીય અધ્યક્ષશ્રી, આ આઇટીઆઇની અંદર તમે જોશો તો બધા જ મોર્ડન સ્કૂલની અંદર વર્કશોપ સાથે કરીએ છીએ. કોઇપણ વર્કશોપમાં આપ જશો તો ગમશે, આ વર્કશોપની અંદર સારી મશીનરી, અને નકકી કર્યું છે કે લેટેસ્ટ મશીનરી શું ચાલે છે અને આપણે ત્યાં હાલમાં મશીનરી કેટલી છે, ધીમે ધીમે એક આઇટીઆઇ એનો વર્ગ દા.ત. એન્જિનિયરીંગમાં ઓટોમોબાઇલ્સનું શીખવાડતો હોય તો બીજા ઓટોમોબાઇલના એ પ્રમાણેના વર્ગ હોય એ પ્રમાણેનું સ્ટાન્ડર્ડ લાવવા માટેનું આપણે કહ્યું છે એટલે આઇટીઆઇના છોકરાઓને સારામાં સારા કોર્સીસ આપવાના પછી એને કોર્સીસ આપ્યા પછી એને નોકરી માટે કયાં સારામાં સારી નોકરી મળે એના માટે એપ્રેન્ટીસશીપ સીટો ગોઠવી છે આ સીટોની અંદર ૪૦ હજાર સીટ આટલા વર્ષોમાં હતી એમાં આપણે એપ્રેન્ટીસશીપની અંદર માત્ર એક વર્ષમાં ૧૩ હજારનો વધારો કર્યો છે. હવે ૫૩ હજાર સીટો થઇ. હવે ઉદ્યોગોવાળાઓને મિટિંગ કરીને બોલાવ્યા કે ભઇ, તમારે આને એપ્રેન્ટીસશીપ તરીકે રાખવાના છે. તમારા ત્યાં આટલી સીટો કરો અને રાજીખુશીથી બધાને લેવડાવ્યા છે અને આઇટીઆઇના છોકરાઓને પ્રોત્સાહન આપવા માટે જુદી જુદી વ્યવસ્થાઓ કરી છે. બહેનોને સાયકલો આપવાનું નકકી કર્યું, કે જે બહેનો ફૂલ ટાઇમ કોર્સીસમાં હોય એને આપવાની, એસટી બસોના પાસ આપવાનું નકકી કર્યું અને સૌથી અગત્યનું એ છે કે આ નાનામાં નાનો વર્ગ હોય છે. કોમ્પ્યુટરમાં ભણવા માટે એમને ટેબ્લેટ આપવાનું નકકી કર્યું. આ ટેબ્લેટ ભણ્યા પછી એને કામમાં આવશે. એટલે આ (અંતરાય) એપ્રેન્ટીસશીપના છોકરાઓને સ્ટાઇપેન્ડ આપવાનું નકકી કર્યું પહેલી વખત રાજય સરકારે ૧૫૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકારના ૨૧૦૦ એ મળીને ૩૬૦૦ રૂપિયા થાય અને કંપની આપે એ જુદું. એ પ્રમાણેની ગોઠવણ કરી છે અને સીટો વધારી છે. બધું જ આની અંદર આ વર્ષમાં કરવામાં આવ્યું છે. મહિલા આઇટીઆઇ બનાવી અને મહિલા આઇટીઆઇ કેટલી બનાવી? તો ૨૦ મહિલા આઇટીઆઇ ચાલે છે અને ૪૪ આઇટીઆઇની અંદર વિમેન વિંગ જુદી કરી છે અને સૌથી અગત્યનું ૨૫ ટકા રિઝર્વેશન મહિલાઓનું કોઇપણ કોર્સમાં રાખ્યું છે.

કૌશલ્યવર્ધક કેન્દ્રમાં એક જ વર્ષમાં ૧૬૫નો વધારો કર્યો છે એટલે ૩૩૫ના સીધા પ્લસ ૧૬૫ આ પ્રમાણે કૌશલ્યવર્ધક કેન્દ્રની અંદર જે વ્યક્તિઓ ઘરે બહેનો બેઠી હોય ત્યાંથી માંડીને એ બધાને આ કૌશલ્યવર્ધક કેન્દ્રોમાં આપણે ટ્રેનિંગ આપીએ છીએ અને ૩ લાખ લોકોને વરસે આપે છે. વધારેમાં મારે આઇ.ટી.આઇ.ના છોકરાઓને પહેલી જ વખત જયારે એ છોકરાઓ બહાર નીકળે અને એમને કોઇ બીઝનેસ કરવો હોય, એમને સેલ્ફ એમ્પ્લોયમેન્ટ કરવું હોય તો ૧ લાખ રૂપિયા સુધીની બેંકોની લોન આપવાની યોજના જાહેર કરી છે અને ૧ લાખમાં આ.ટી.આઇ.ના પ્રિન્સીપાલને એ વિભાગમાં નોડેલ ઓફિસર બનાવીએ છીએ. આ લોકો જ દરખાસ્ત કરે અને એ લોકો જ સરકારને આગળ મોકલે અને એ માટે બેંકો સાથે બેઠક થઇ ગઇ છે અને બેંકોને એમ કહ્યું છે કે કદાચ તમને એમ લાગે કે આમાં જોખમ છે અને નહીં આપવા જેવું છે તો હવે એમાં રાજય સરકાર એની ગેરન્ટી આપશે. આ નવો પ્રયોગ છે અને એના પગ ઉપર ઉભા કરવા માટેની

આ યોજના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક સૌથી મહત્વનો વિષય એ લીધો છે એ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આપણે લેબર સેસ ઉઘરાવીએ છીએ અને એ વર્કર્સના કામ માટે વાપરીએ છીએ અને ઘણા લોકો આ લેબર સેસ ભરતા ન હતા. એટલે પહેલી જ વખત આપણે એ ભરવાનો ફરજીયાત નકકી કર્યો છે. એટલે કે કોઇપણ પ્લાન પાસ થાય, કોઇને કોન્ટ્રાકટરને કોઇ સોસાયટી બાંધવી હોય, કોઇને કોઇ બિલ્ડિંગ બાંધવું હોય ખાનગી બિલ્ડીંગ સિવાય, પોતાના વપરાશ માટેના સિવાય કોઇપણ કોન્ટ્રાકટરને કાંઇ પણ બાંધવું હોય અને એના પ્લાન પાસ કરાવવા જાય તો એ કોર્પોરેશન હોય, નગરપાલિકા હોય કે કોઇપણ ઓથોરિટી હોય પણ એણે એ પ્લાન પાસ કરાવતાં પહેલાં પૈસા ભરવા પડે અને એ પૈસા ભર્યા પછી જ એનો એ પ્લાન પાસ થાય. એટલે આ રીતે પહેલા સ્ટેજે જ આ લેબર સેસના પૈસા આપણે લઇ લઇએ છીએ. એટલે તમે જોજો કે હવે આવતા દિવસોમાં આ સેસની એમાઉન્ટ છે એ પહેલા કરતાં ઘણી જ વધારે આવશે અને આ સેસના કારણે એનો બરાબર ઉપયોગ થાય એ પ્રમાણે આ યોજના કરી છે. આ વર્કર્સ માટે મા–અમૃતમ્ યોજના કરી છે. મારે માનનીય નીતિનભાઇને અભિનંદન આપવાં પડે કે તમે આ યોજનાનો એમાં સમાવેશ કર્યો છે. અત્યારે ૫૦ હજાર વર્કર્સ એ બધાનો સમાવેશ કરીશું અને અમારો વિભાગ તેમને એના પૈસા આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું અત્યારે આપણે આ મા–અમૃતમ્ યોજનાની વાત કરી એમાં મહિલાઓનો અને તેમના ૨૧ વર્ષના છોકરાઓનો પણ એમાં સમાવેશ કર્યો છે, પરંતુ સભ્યોના ધ્યાન ઉપર હજુપણ એક વાત આવી નથી એ વાત ધ્યાન ઉપર મૂકું કે અન ઓર્ગેનાઇઝડ સેકટરને પણ આ વખતે આપણે એમાં સમાવેશ કર્યો છે અને એ અન ઓર્ગેનાઇઝડ સેકટર એટલે આખા રાજયમાં સૌથી મોટો વર્ગ હોય તો એ અન ઓર્ગેનાઇઝડ સેકટર છે દા.ત. કાલે ઉઠીને રાજય સરકાર નકકી કરે કે જેની પાસે રીક્ષાનું લાઇસન્સ હોય એમને મા–અમૃતમ્ યોજનામાં સમાવેશ કરવાનો છે. તો એ કરી શકે છે. એવી જ રીતે આપણે નકકી કરીએ કે જેટલા પણ લારીવાળા છે એ કયાંકને કયાંક રજીસ્ટર થયેલ હોય તો એમને આખા પરિવારને આપણે મદદ કરી શકીએ. એટલે આ રીતે હેલ્થ ડિપાર્ટમેન્ટની કેપેસીટી વધે એ પ્રમાણે આ બધા બી.પી.એલ.માં હોય કે ના હોય એનો આપણે એમાં સમાવેશ કરી શકીશું. એટલે આ પ્રમાણે અન ઓર્ગેનાઇઝડ સેકટરને પણ ઘણો મોટો ફાયદો આ રીતે કરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બધી બેંકેબલ યોજનાઓનો વ્યાપ વધાર્યો છે. રોજગારી માટે નવી નવી શિબિરો કરી અને એમાં ઉદ્યોગ અને વિભાગને અને એમ્પ્લોયમેન્ટ એકસચેન્જના બેરોજગાર છોકરાઓને ભેગા કરીએ છીએ અને એમને આ રીતે ભેગા કરીને તેમને તાલીમ આપીએ છીએ કે આટલી આટલી જગ્યાએ તમે સેલ્ફ એમ્પ્લોયમેન્ટ કરી શકો છો અને પછી બેંક સાથે બેઠક થાય છે. એટલે બને ત્યાંસુધી એ પગભર થાય અને નોકરી ના મળે તો પોતાના કામથી એ રીતની સરકારની જુદી જુદી યોજનાઓ ચાલે છે અને રોજગારીમાં દેશમાં આપણે અત્યારે સૌથી વધારે રોજગારી આપતું રાજય છીએ અને આ હાઉસમાં એનું નિયમ ૪૪ નીચે નિવેદન પણ મેં કર્યુ હતું અને રોજગારીની તકો વધે એના માટે ઉદ્યોગોને ભાગીદાર બનાવીએ છીએ. બધી જગ્યાએ સેન્ટર ઓફ એકસેલેસન્સ કર્યા અને ગઇકાલે જ ફોર્ડ વાળા સાથે મિટિંગ કરી હતી તેમાં કહ્યું હતું કે બીજું કાંઇ નહીં તો તમે સેન્ટર ઓફ એકસેલેસન્સ ખોલો અને એ ખોલે તો સ્વાભાવિક રીતે લોકો ત્યાં જાય અને નોકરીની તકો વધતી જવાની છે. એટલે આવી રીતે મોટાભાગની કંપનીઓને આપણે ભાગીદાર બનાવાવનું નકકી કર્યુ છે અને સૌથી પહેલું કામ કર્યુ હોય તો આ વખતે મોટું કામ એ કર્યું છે કે એની ફેકટરીની અંદર આપણે આઇ.ટી.આઇ. ખોલીએ છીએ, એટલે એની ફેકટરીની અંદર આઇ.ટી.આઇ. ખોલીએ અને તેને ત્યાં ખોલીએ એટલે એની જ મશીનરી ઉપર ટ્રેઇનિંગ અપાય, અને એના જે કોર્સીસ હોય, એ કોર્સીસને પણ માન્યતા આપણે આપીએ છીએ, અને એમાં જે વધારાના માણસો હોય તે માર્કેટમાં જાય અને તેમને પોતાને જરૂરિયાત હોય તે પોતે લઇ લે. એટલે આવું આપણે આ વખતે નવા વિચાર સાથે મૂકયું છે, અને અત્યાર સુધી એમાં આપણને સફળતા મળી છે. આવા અનેક વિષયો છે.

અધ્યક્ષશ્રી : દોઢ મિનિટ બાકી છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રેન્ટીસની વાત કરી, એપ્રેન્ટીસમાં પણ આપણે આવતા દિવસોમાં જર્મનીમાં છે તે રીતે, જર્મનીની તાકાત કેમ વધી છે કે જર્મનીએ ઉદ્યોગોને ભાગીદાર બનાવ્યા છે. અને આવતા દિવસોમાં આપણે પણ ભાગીદાર બનાવીશું. આ વિભાગમાં સેફટીથી માંડી અને લેબર લો થી માંડીને ઘણું આવે છે. અને સૌથી ઓછા મેન ડેઝ લોસ ગુજરાતમાં છે. પીસ છે, અને કોઈ પણ ઇશ્યુ હોય તો સાથે બેસીને આપણે ઉકેલી લઇએ છીએ. એટલે વધારેમાં વધારે મૂડી રોકાણ ગુજરાતમાં આવે છે. એટલે અનેક જગ્યા ઉપર અમારા વિભાગે ભવિષ્યમાં આવતા દિવસોમાં લોકોને વધારે ને વધારે લાભ થાય તેના માટે અને રોજગારીની તકો વધારે મળે તે માટે અમારા પ્રયત્નો રહેશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગયા વર્ષે પાક વીમા યોજનામાં જે અન્યાય થયો અને સરકાર પાસે રજૂઆતો આવી તેના અનુસંધાનમાં રાજય સરકાર પાક વીમા કંપની પાસે અપીલ કરવા માગે છે કે કેમ? અને ચાર ટકા વ્યાજની સબસિડી રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી જેમણે ધિરાણ લીધું છે તેવા ખેડૂતોને આપવામાં આવતી નથી ફકત સહકારી બેંકોમાંથી ધિરાણ લીધેલ હોય તેમને આપે છે તો રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી ધિરાણ લીધું હોય તેમને આપવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : જયારે અછત પડી ત્યારે રાજય સરકારે જાહેરાત એ જ કરી હતી કે સહકારી માળખામાંથી લોન લેશે તેમને જ આ સબસિડીનો ફાયદો મળશે. રાષ્ટ્રીયકૃત બેંકો માટેની જોગવાઇ આ યોજનામાં નથી. બીજું પાક વીમા વાળી બાબત અંગે મારા જવાબમાં મેં કહી જ દીધું છે કે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના છે એમાં એરિયા રીડકસન ફેકટર લગાડેલ છે તે આપણા જે નોર્મ્સ છે તેની અંદર આની કોઇ જોગવાઇ નથી. ઇરાદાપૂર્વક એ લગાડવામાં આવેલ છે, ત્યારે પણ આપણે અનેક વખત રજૂઆતો કરેલી હતી, અને રાજય સરકારે ત્યારે એમને લખીને પણ આપી દીધું હતું કે કેન્દ્ર સરકાર અથવા તમે જો તૈયાર હોય તો અમે આમારા ભાગના ૫૦ ટકા રકમ ચૂકવવા તૈયાર છીએ. વીમાની જે ચૂકવણી થાય છે એમાં કુલ પ્રિમિયમ આવ્યું હોય તેમાં જે ઘટતી રકમ હોય એમાં ૫૦ ટકા રાજય સરકારના હોય અને ૫૦ ટકા કેન્દ્ર સરકારના હોય છે, આપણે એમને સંમતિ આપી દીધી હતી કે અમે ચૂકવવા તૈયાર છીએ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : ખેતીવાડા શાખા હેઠળ દર વર્ષે એ.જી.આર. ૨, ૩, ૪, ૫ માં કીટ આપણે આપતા હતા, ચાલુ વર્ષે એક પણ કીટની જોગવાઇ કરવામાં નથી આવી તો આવી કીટની કોઇ જોગવાઇ આમાં છે કે નથી ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : અમે જોઇ લઇશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય કૃષિ મંત્રીશ્રીએ ૬૪ કરોડ રૂપિયા ખેડૂતોને ટ્રેકટર સહાયની સબસિડી માટેની વાત કરી. છેલ્લા બે વર્ષથી ખેડૂતોના ટ્રેકટરની સહાયના કેસો હજુ મંજૂર થયા નથી. ખેડૂત માટે ખેતી કરવા માટે ટ્રેકટર અગત્યનું સાધન છે અને ઘણા ખેડૂતોએ ટ્રેકટર ખરીદી લીધા છે, પણ જો એનું પાસીંગ કરી દેવામાં આવે તો તેને સબસિડી ચૂકવવામાં આવતી નથી અને તેના કારણે સબસિડી કરતા દંડ વધુ થાય છે ટ્રાફિકના નિયમોના કારણે. તો આવા ખેડૂતોને સબસિડી ચૂકવવા માગે છે કે કેમ? અને કેટલા સમયમાં?

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સમય લંબાવવામાં આવે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવી પદ્ધતિ છે કે ખેડૂત ટ્રેકટર માટેનું ફોર્મ ભરે, ફોર્મની સ્ક્રુટીની થાય, અને તે પછી તેને મંજૂર થાય, મંજૂરીનો કાગળ મળે એટલે મંજૂરી મેળવ્યા પછી ટ્રેકટર ખરીદેલ હોય તો એવા કેસ હોય તો એમને સબસિડી ચૂકવવામાં આવે છે. ઘણી વખત ખેડૂતોએ ફોર્મ ભરી અને રાજય સરકારે મંજૂરી ન આપી હોય અને મંજૂરીવગર ટ્રેકટર ખરીદી લીધું હોય તો એમને ચૂકવવામાં આવતી નથી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એટલું જ જાણવું છે કે વડોદરા જિલ્લાના સંખેડા તાલુકામાં સરદાર સુગર લડોદ ફેકટરી ૧૯૯૨માં બનેલી અને ૨૦૧૦માં જે ખેડૂતોએ શેરડીનો માલ નાખ્યો એના ૧૧

કરોડ ૬૨ લાખ રૂપિયા આજ સુધી અપાયા નથી. અને સાત હજાર જેટલા સભ્યો બનેલા એમના શેર ભંડોળની રકમ પણ આજ સુધી પાછી અપાઇ નથી. તો આ ૧૧ કરોડ ૬૨ લાખ રૂપિયા તથા આ મિલને ૩૨ કરોડમાં વેચી દીધી જયારે એની સામે ૧૩૫ કરોડનું તો સરકારનું દેવું છે તો ૩૨ કરોડમાં શા માટે વેચી દીધી? અને માલના પૈસા બાકી છે એમને મળશે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : સરદાર સુગર ફેકટરી ફડચામાં ગયેલ છે. એનું લીલામ હાઇકોર્ટની સૂચના મુજબ થયેલ અને એની અંદર ગેરરીતિઓ માલૂમ પડી એના માટે અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપર પગલાં લીધાં છે. વેચાણ થયેલ છે એની અંદર હાઇકોર્ટની અંદર પી.આઇ.એલ. કરી છે અને અત્યારે આ મેટર કોર્ટમાં પેન્ડિંગ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : મારે એ જાણવું છે કે સરકાર ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપવા માગે છે કે કેમ, અને ગયા વર્ષે જે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો એ પાકના વીમાની રકમ કયાં સુધી ચૂકવશે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : પાક વીમાની ચૂકવણી છે એ તો કંપની કરતી હોય છે. પાક જે નિષ્ફળ ગયેલ છે એમાં અમુક જિલ્લામાં ચૂકવણી થઇ ગઇ છે જયારે બાકીના જિલ્લાની કાર્યવાહી પ્રગતિમાં છે.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૩ થી ૧૦, ૧૩ થી ૧૭, ૧૯, ૨૨ થી ૨૭, ૨૯ થી ૩૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨,૩,૪,૫,૬ અન ૫૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**‘‘સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવાર, તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું’’.**

# ગુજરાત વિધાનસભા
## સોમવાર, તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૪
## આષાઢ ૩૦, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : સૌ પ્રથમ વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજીનો આજે જન્મ દિવસ છે, તો આપણા સૌ વતી ઇશ્વર એમને તંદુરસ્તીમય ખૂબ દીર્ઘાયુ બક્ષે અને રાષ્ટ્રની સેવા કરવા માટે ખૂબ શકિત આપે તેવી ગૃહ વતી આપણે એમને શુભેચ્છા પાઠવીએ.

## તારાંકિત પ્રશ્નો

અન્ય

**મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારીની અરજીઓ**

* ૧૧૭૪૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી માટે કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાં અનુસૂચિત જાતિના ઉમેદવારોની કેટલી અરજીઓ છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | મહેસાણા | ૫૦૭ |
| ૨ | કડી | ૭૦૬ |
| ૩ | ઉંઝા | ૧૯૪ |
| ૪ | બેચરાજી | ૨૦૦ |
| ૫ | વિસનગર | ૪૧૮ |
| ૬ | વડનગર | ૩૨૯ |
| ૭ | ખેરાલુ | ૪૨૦ |
| ૮ | સતલાસણા | ૪૮૧ |
| ૯ | વિજાપુર | ૫૩૦ |

(૨) કુલ ૧૦૨૩ અરજીઓ.

(૩)

| મંજુર કરેલ અરજીઓ | ના મંજુર કરેલ અરજીઓ |
|---|---|
| ૭૦૯ | બાકી અરજીઓની ચકાસણી અંગેની કાર્યવાહી ચાલુમાં હોઈ ના મંજુરીની બાબત ઉપસ્થિત થતી નથી. |

શ્રી રમેશભાઇ મ. ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે માનવ કલ્યાણ યોજના હેઠળ કયા કયા વ્યવસાયનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ યોજના અન્વયે કેટલી રકમની મદદ મળી શકે છે? બીજું કે જે લાભાર્થીઓની અરજીઓ હજુ પેન્ડિંગ છે અને બાકી પડી છે તે ક્યારે મંજૂર કરવામાં આવશે? બીજો મારો પ્રશ્ન એ છે કે આ યોજના અન્વયે લાભાર્થીને કીટ આપવામાં આવે છે, પરંતુ આ ખૂબ ગરીબ અને આર્થિક પછાત લોકો છે, તો તેમને જો રોકડ મદદ કરવામાં આવે તો તેઓ ધંધો રોજગાર કરી શકે અને એમની રોજી ચાલે, તો આ યોજના હેઠળ આર્થિક મદદ કરવા માગે છે કે કેમ?

શ્રી તારાચંદ છેડા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો છેલ્લો પ્રશ્ન આર્થિક રોકડ મદદ કરવા માટેનો, તો આ યોજનામાં એક લાભાર્થી દીઠ પાંચ હજાર રૂપિયાની કીટની જોગવાઇ કરેલ છે. પરંતુ આ યોજનામાં કોઇ રોકડ રકમ આપવાની જોગવાઇ નથી. અને આમાં અલગ અલગ ટાઇપની વસ્તુઓ આપીએ છીએ. માનવ કલ્યાણ યોજના હેઠળ આર્થિક રીતે પછાત વર્ગના લોકોને સ્વ રોજગારી માટે કીટનું વિતરણ કરવામાં આવે છે. અને એમાં ગરીબી રેખાની નીચે જીવતા લોકો હોય એમને માટે હાથલારી, સાયકલ, શાકભાજી વેચનારાના સાધનો, સિલાઇ મશીન, સુથારી કામ અને કડીયાકામના સાધનો આવા ૭૯ જેટલા નાના પાયાના વેપાર–ધંધા કરવા માટે કીટ્સનું વિતરણ કરવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ માનવ કલ્યાણ યોજના છે એમાં અરજી કર્યેથી કેટલા દિવસમાં અરજી મંજૂર કરવાની જોગવાઇ છે, અને આ અરજી ૧૦૨૩ જેટલી મળેલી, એમાંથી ઘણી બધી અરજીઓ હજુ પેન્ડિંગ છે, તો સમય મર્યાદા કરતા વધારે સમયથી પેન્ડિંગ હોય તેવી કેટલી અરજીઓ છે?

શ્રી તારાચંદ છેડા : આમાં સમય મર્યાદા કરતા વધુ સમયથી પડતર હોય તેવી એક પણ અરજી નથી. કુલ ૩૭૮૫ અરજીઓ આવેલી એમાંથી ૭૦૯ અરજીઓ મંજૂર કરેલ છે. બાકીની અરજીઓ ચકાસણીમાં છે અને જયારે જયારે જિલ્લા કક્ષાની આ સમિતિની બેઠક મળે છે એમાં ધારાસભ્યશ્રીની ઉપસ્થિતિમાં આ અરજીઓ મંજૂર કરવામાં આવે છે. હજુ સુધી એક પણ અરજી સમય મર્યાદાથી વધુ સમયથી પેન્ડિંગ નથી.

અધ્યક્ષશ્રી : મંજૂર કરવાની કોઇ સમય મર્યાદા છે કે કેમ? એમ પૂછે છે.

શ્રી તારાચંદ છેડા : આમાં કોઇ સમય મર્યાદા નથી. અને તેનું કારણ એ છે કે જિલ્લા કક્ષાએ આપશ્રીની હાજરીમાં મિટીંગ મળતી હોય છે અને તે સમયે આ અરજીઓ મંજૂર કરવામાં આવતી હોય છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આ માનવ કલ્યાણ યોજના શું છે અને તેની અરજીઓ મંજૂર કરવાના ધોરણો શું છે?

શ્રી તારાચંદ છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની યોજના છે. અને એમાં મેં પહેલા કહ્યું એમ જે લોકો ગરીબી રેખાથી નીચે જીવે છે એમના માટે હાથલારી, સાયકલ, શાકભાજી વેચનારાના સાધનો, સિલાઇ મશીન, સુથારી કામ અને આવા ૭૯ જેટલા નાના ધંધાના સાધનોની કીટ પાંચ હજારની મર્યાદામાં આપવામાં આવે છે. અને ૧૬ થી ૬૦ વર્ષની ઉંમરના ગરીબીની રેખાથી નીચે જીવતા લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માનવ કલ્યાણ યોજના હેઠળ જે સહાય આર્થિક પછાત લોકોને આપવામાં આવે છે તે બી.પી.એલ. લોકોને જ આપવામાં આવે છે કે આવક મર્યાદા નકકી કરીને પછી તેમને જ આપવામાં આવે છે?

શ્રી તારાચંદ છેડા : માનનીય અધ્યક્ષશ્રી બી.પી.એલ.ની અંદર ઝીરો થી સોળની જે મર્યાદા છે એમાં જ આ યોજનાનો લાભ આપવમાં આવે છે?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : અરજીઓ મંજૂર કરવા માટે કોઇ સમય મર્યાદા છે કે કેમ, એક વર્ષમાં કેટલી મિટિંગો બોલાવવી એવું કોઇ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે કે કેમ, જો હા તો સમય મર્યાદામાં મિટિંગ બોલાવવામાં આવે છે કે કેમ?

શ્રી તારાચંદ જ. છેડા : બધી મિટિંગો સમય મર્યાદામાં બોલાવવામાં આવે છે અને જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીની આગેવાની નીચે બોલાવવામાં આવે છે. આમાં સમય મર્યાદા કોઇ નક્કી કરવામાં આવેલ નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : વર્ષમાં કેટલી વખત બોલાવવામાં આવે છે?

શ્રી તારાચંદ જ. છેડા : અરજીઓ આવે એ પ્રમાણે બોલાવવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ૦ થી ૧૬માં આ યોજનાનો લાભ આપવામાં આવે છે. પરંતુ સરકારશ્રીની ઘણી બધી યોજનાનો લાભ ૧૬ થી ૨૦ ને પણ આપવામાં

આવે છે. તો આ યોજનાનો લાભ પણ ૧૬ થી ૨૦માં આપવા માગો છો કે કેમ?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય સભ્યશ્રીનુ સૂચન છે.

**રાજકોટ શહેર અને જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૧૧૭૨ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રાજકોટ શહેર અને જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૧)

| રાજકોટ શહેર | રાજકોટ જિલ્લો |
|---|---|
| રૂ. ૫૮૯.૨૩ કરોડ | રૂ. ૮૪૬.૩૧ કરોડ |

(૨) રાજકોટ શહેર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨)

| રાજકોટ શહેર | રાજકોટ જિલ્લો |
|---|---|
| (૧) ઓટોમોબાઈલ | (૧) ઓટોમોબાઈલ |
| (૨) કોટન | (૨) સીરામીક |
| (૩) ફુડ પ્રોડકટ્સ | (૩) કોટન |
| (૪) મશીનરી પાર્ટસ | (૪) ફુડ પ્રોડકટ્સ |
| (૫) સિમેન્ટ | (૫) સિમેન્ટ |

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સન ૨૦૧૩–૧૪ના સ્થિતિએ રાજકોટ જિલ્લા અને શહેરની વેટની આવક કેટલી અને પ્રથમ પાંચ કક્ષાએ આવતી કોમોડીટીઝ એમની ટેકસની આવક કેટલી?

શ્રી સૌરભ પટેલ : કુલ આવક ૮૪૬ કરોડ રૂપિયા છે અને એની અંદર ઓટોમોબાઇલમાં વેટ ૧૫ ટકા છે એની આવક ૧૦૧.૨૫ કરોડ રૂપિયા થઇ છે. એ જ રીતે સીરામીક એમાં પણ ૧૫ ટકા વેટ છે એની આવક ૮૨.૫૬ કરોડ રૂપિયા છે. એ જ રીતે કોટન ઉપર પાંચ ટકા છે એની આવક ૬૦.૫૩ કરોડ રૂપિયા છે. ફૂડ પ્રોડકટસમાં પાંચ ટકા વેટ છે એમાં ૨૫.૩૩ કરોડની આવક થઇ છે. સિમેન્ટ ૧૫ ટકા ૧૮.૫૦ કરોડ રૂપિયા આવક થઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સન ૨૦૧૩–૧૪માં રાજકોટ શહેર અને જિલ્લાની કુલ આવક કેટલી થઇ એમાં સન ૨૦૧૨–૧૩ અને સન ૨૦૧૩–૧૪માં કેટલી વેટની આવક મેળવવાની બાકી છે અને આ પાંચ પ્રોડકટમાં વેટની આવક મેળવવાની કેટલી બાકી છે?

શ્રી સૌરભ પટેલ : આપણે ત્યાં સંપૂર્ણપણે વેટના કાયદાનું અમલીકરણ થયું છે. ૩૧–૩–૧૪ સુધી વેટની ઇન્કમમાં ૧૩૨ કરોડ બાકી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : કયા વેપારીને ફરજિયાત ઇ રીટર્નનો ફાયદો થાય છે અને ઇ પેમેન્ટ ભરવાથી શું ફાયદો થાય છે.

શ્રી સૌરભ પટેલ : આપણે ત્યાં જે ડીલર્સનું ટર્ન ઓવર ૫૦ લાખથી વધારે હોય એને આપણે ફરજિયાત ઇ–રીટર્ન ભરવું પડતું હોય છે. આવી રીતે સી.એસ.ટી. એકટમાં રજિસ્ટર થયેલા હોય એ ઉપરાંત જો ટીમ્બરમાં વ્યવસાય કરતાં હોય સીરામીકમાં કરતાં હોય, આર્યન એન્ડ સ્ટીલમાં, ટોબેકો અને ટોબેકો પ્રોડકટમાં કરતાં હોય અને કોઇ પણ સ્પેસિફાઇડ મેજર એન્ડ મીનરલ્સનો વ્યવસાય કરતાં હોય છે. એને ઇ–રીટર્ન ફરજિયાત કરવું પડતું હોય છે. અને આ ઇ પેમેન્ટના ઘણા બધા લાભો થતાં હોય છે. એ લોકો એ જે ફિઝિકલ કોપી છે એ ફિઝિકલ કોપી કોમર્શીયલ ટેકસ ઓફિસમાં આપવી પડતી નથી. એમને સમય બચે છે અને પૈસાની સિકયોરિટી રહે છે. અને કોઇપણ જગ્યાએથી એ લોકો ટેકસ ભરી શકે છે.

શ્રી દુષ્યંત પટેલ : આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જયારે ટેકનોલોજી ક્ષેત્રે આ રાજયે બહુ પ્રગતિ કરી છે ત્યારે રાજયની જે કુલ વેટની આવક છે એમાં ઇ–પેમેન્ટથી કેટલી મળે છે?

શ્રી સૌરભ પટેલ : રાજયની અંદર કુલ ૪૪૨૪૧ કરોડ માંથી ૩૪,૦૯૪ કરોડ એટલે ૭૭ ટકા આવક ઇ–પેમેન્ટથી રાજયને મળે છે.

ડો. અનિલ જોષીયારા :રાજકોટ શહેર અને જિલ્લામાં ૨૦૧૩–૧૪ના વર્ષમાં વેટની આવક કેટલી થવાની ધારણા હતી અને કેટલી થઇ, અને ઓછી આવક થવાના કારણો શું છે?

શ્રી સૌરભ પટેલ : સન ૨૦૧૨–૧૩માં ૮૪૦ હતી અને એની સામે ૮૪૬ કરોડ રૂપિયા થઇ છે એટલે ઘટાડો થયો નથી પરંતુ આપણે જે એસ્ટીમેટ મૂક્યા હતા એમાં આખા રાજયની અંદર એચીવ નથી કરી શકયા એ મારા અંદાજપત્ર પ્રવચનમાં કહ્યું હતું એના ઘણા બધા કારણો છે. ઓટોમોબાઇલ્સમાં આવક ઓછી થઇ હતી. ટોટલ આખા દેશની જોવા જઇએ તો ઇકોનોમિક ગ્રોથનું એચીવમેન્ટ થયું નહોતું અને આના કારણે ઇન્ફ્રાસ્ટ્રકચરથી માંડીને એકેએક પ્રોડકટ ઉપર લોકોની ખરીદશક્તિ ઓછી થવાના કારણે આપણે જે એકસપેકટ કરતા હતા તે પ્રમાણે થયેલ નથી. પણ છેલ્લા બે મહિનાની અંદર આનો ગ્રોથ એચીવમેન્ટ પાછો ચાલુ થઇ ગયો છે અને છેલ્લા બે મહિનાની અંદર આશરે ૧૭થી ૨૦ ટકાનો વેટની આવક ઉપર ગ્રોથ આવી ગયો છે.

**ડાંગ જિલ્લામાં પ્રવાસન ધામો જાહેર કરવા બાબત**

* ૧૨૦૩૫ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ક્યા ધામોને પ્રવાસન ધામો તરીકે જાહેર કરેલા છે, અને | (૧) રાજ્ય સરકાર કે પ્રવાસન નિગમ દ્વારા કોઈ પણ સ્થળને પ્રવાસન ધામ તરીકે જાહેર કરવાની નીતિ નથી. પરંતુ પ્રવાસીઓની સંખ્યા તથા પ્રવાસનના વિકાસની શક્યતાને ધ્યાને લઈ પ્રવાસન સ્થળને વિકસાવવાની તેમજ તેનો પ્રચાર અને પ્રસિધ્ધીની કામગીરી કરવામાં આવે છે.<br>ડાંગ જિલ્લામાં નીચેના પ્રવાસન સ્થળો આવેલા છે.<br>(૧) સાપુતારા<br>(૨) શબરી ધામ<br>(૩) ગીરા ફોલ<br>(૪) વઘઈ<br>(૫) મહાલ<br>(૬) કિલાડ<br>(૭) પંપા સરોવર<br>(૮) અંજની કુંડ<br>(૯) ડોન |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી ? | (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૪૯.૨૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. |

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં કુલ ૯ જેટલા પ્રવાસન ધામો વિકસાવવામાં આવે છે. આ સિવાય બીજા પણ પ્રવાસનધામ વિકસાવી શકાય તેવા છે. પટાળાધામ, પાંડવગુફા, માયાદેવી, દેવીનામાળ આ બધા જ પ્રવાસનધામ તરીકે વિકસાવી શકાય તેવા સ્થળો છે. તો એ વિકસાવવા માગે છે કે કેમ? અને આ ૯ પ્રવાસનધામો વિકસાવવા માટે ૨૦૧૩–૧૪માં કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી અને તેનો ખર્ચ કેટલો થયો?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : ડાંગ જિલ્લામાં અગત્યના અલગ અલગ પ્રવાસન સ્થળો છે. તેના વિકાસ માટે ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે તેના સિવાયના સ્થળો છે માનનીય સભ્યશ્રીએ કહ્યું તે સ્થળો છે. તેમાં સાપુતારામાં શબરીધામ, ગીરાફોલ, વઘઇ, મહાલ, કિલાડ, પંપા સરોવર, અંજનીકુંડ અને ડોન પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યા છે અને બીજાં પ્રશ્નના જવાબમાં કહું તો ૨૦૧૨–૧૩માં ૨૬.૨૦ કરોડની ગ્રાન્ટ અને ૨૦૧૩–૧૪માં ૨૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડાંગ જિલ્લામાં પ્રસંગો આધારિત પ્રવાસનનો વિકાસ કરવા માટે રાજય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં પ્રસંગો આધારિત પ્રવાસનનો વિકાસ કરવા માટે ચોમાસામાં મોન્સુન ફેસ્ટીવલ અને શિયાળામાં પેરાગ્લાઇડીંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે પ્રવાસન ધામોમાં કયા કયા પ્રકારના ખર્ચ કરવામાં આવે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : ડાંગ જિલ્લામાં પ્રવાસનમાં જે યોજનાઓ પૂર્ણ થયેલ છે તેમાં સાપુતારા ખાતેના સરોવરના ઘેરાવનો વિકાસ અને પાથ વે, સૂર્યસ્થળ જેમાં ૦.૭૦ કરોડનો ખર્ચ થયેલ છે. આઇ.સી. બિલ્ડીંગના નવીનીકરણ અને આધુનીકરણમાં ચાર કરોડનો ખર્ચ થયેલ છે. બસ અને કારપાર્કીંગ અને કિચનશેડ અને આરામ માટેની કુટિર, સ્ત્રી તથા પુરુષ માટેના ટોયલેટ બ્લોક અને સ્નાન સુવિધા માટે ૫.૬૫ કરોડનો ખર્ચ થયેલ છે. બીજાં પાંચ ટોયલેટ બ્લોકમાં ૧.૮૦ કરોડનો ખર્ચ થયેલ છે. તેમ કુલ જે યોજનાઓ પૂર્ણ થયેલ છે તેમાં ૧૮.૯૫ કરોડનો ખર્ચ થયેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો હોય છે ત્યારે સાપુતારામાં પ્રવાસીઓને રહેવાની ખૂબ જ અગવડ પડે છે ત્યારે પ્રવાસીઓને રહેવા માટે કોઇ નવીન વિશ્રામગૃહ સરકારી ધોરણે બાંધવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : સાપુતારા ખાતે પ્રવાસીઓને રહેવા માટે કુલ ૨૪ હોટલોની સંખ્યા છે. તેની બેડ કેપેસિટી ૧૬૦૦ની છે. તેમાં સરકારીમાં જે નિગમ દ્વારા જૂના ગેસ્ટ હાઉસનું નવીનીકરણ કરીને થ્રીસ્ટાર કેટેગરી સમકક્ષ બનાવવામાં આવેલ છે. તોરણ હિલ રીસોર્ટ તરીકે જેમાં તેમાં ૨૭ રૂમ, હોટલ તોરણમાં ૨૪ રૂમ અને ૧૭ કોટેજીસ છે. આ ઉપરાંત ઓછી આવકવાળા પ્રવાસીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ડોરમેટરી જેવી સુવિધા અદ્યતન બનાવવાનું આયોજન છે. તેની સંખ્યા ૨૪૦ બેડની રહેશે.

શ્રી અશ્વિન કોટવાલ : હું જાણવા માગું છું કે અહીં જવાબમાં જણાવ્યું છે કે રાજય સરકાર કે પ્રવાસન નિગમ દ્વારા કોઇ પણ પ્રવાસન સ્થળને પ્રવાસન ધામ તરીકે જાહેર કરવાની સરકારની નીતિ નથી. તો પ્રવાસન ધામ જાહેર કરવાની નીતિ કોની છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એને પ્રવાસન સ્થળ તરીકે રેકગ્નાઇઝ કરીએ છીએ. અને એટલે સ્થળ તરીકે ટૂરીઝમની અંદર એક પોલીસી છે અને એમાં આ સાપુતારાને એક પ્રવાસન સ્થળ તરીકે માન્યતા આપી છે અને એના કારણે આવતા દિવસોમાં વધારેમાં વધારે ઇન્ફ્રાસ્ટ્રકચર આપીશું. એથી એનું વધારેમાં વધારે ડેવલપમેન્ટ થાય.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સરકારે ડોન પાછળ કેટલો ખર્ચ કર્યો છે?

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, સાપુતારામાં અનેક સ્થળો છે. માનનીય સભ્યશ્રીઓએ આઠ–નવ સૂચનો કર્યો છે. આ બધા જ સ્થળોનો આપણે સરવે કરીશું. આ ડોન માટે આપણે કેવી રીતે કરવું એનો સરવે કરી રહ્યા છીએ. આ ખૂબ જ સુંદર સ્થળ છે અને એને આવતા દિવસોમાં ડેવલપ કરવા માટે પ્રયત્ન કરીશું.

**અમદાવાદ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

* ૧૧૧૫૫ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧/- લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |

(૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં અમદાવાદ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ?

(૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં અમદાવાદ જિલ્લામાં ૧૨૦૫ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) રૂા. ૪૭૩.૪૦ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ તોત્તેર લાખ ચાલીસ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

**શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, મિશન મંગલમ યોજના હેઠળ ૨૦૧૩–૧૪ના વર્ષમાં તાલુકાવાર સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ આપવામાં આવ્યું?

**શ્રી જયંતીભાઇ રા. કવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૨૦૧૩–૧૪ના વર્ષ દરમિયાન સ્વસહાય જૂથોને બેંક ધિરાણ આપવામાં આવ્યું છે એમાં દસક્રોઇ –૧માં ૧૭૦ સ્વસહાય જૂથોને રૂ. ૭૭ લાખનું ધિરાણ, દસક્રોઇ–૨માં ૧૩૨ સ્વસહાય જૂથોને રૂ.૩૯ લાખનું ધિરાણ, બરવાળામાં ૧૨૪ સ્વસહાય જૂથોને રૂ. ૨૮ લાખનું ધિરાણ, ધોળકામાં ૧૩૬ સ્વસહાય જૂથોને રૂ. ૬૫ લાખનું ધિરાણ આપવામાં આવ્યું છે. ધંધૂકામાં ૮૧ સ્વસહાય જૂથોને રૂ.૩૪ લાખનું ધિરાણ, રાણપુરમાં ૧૫૫ સ્વસહાય જૂથોને રૂ. ૬૫ લાખનું ધિરાણ, દેત્રોજમાં ૭૦ સ્વસહાય જૂથોને રૂ. ૩૨ લાખનું ધિરાણ, સાણંદમાં ૭૫ સ્વસહાય જૂથોને રૂ.૨૫ લાખનું ધિરાણ, બરવાળામાં ૮ સ્વસહાય જૂથોને રૂ. ૬ લાખનું ધિરાણ, વિરમગામમાં ૧૫૬ સ્વસહાય જૂથોને રૂ. ૪૨ લાખનું ધિરાણ, માંડલમાં ૯૮ સ્વસહાય જૂથોને રૂ. ૬૦ લાખનું ધિરાણ આપવામાં આવ્યું છે. ટોટલ ૧૨૦૫ સ્વસહાય જૂથોને રૂ. ૪.૭૩ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે.

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથોને શું લાભ આપવામાં આવે છે? રિવોલ્વીંગ ફંડ અને વ્યાજ સહાય હેઠળ કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**શ્રી જયંતીભાઇ રા. કવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, રિવોલ્વીંગ ફંડ માટે અત્યાર સુધીમાં અમદાવાદની અંદર રૂ.૭૬.૬૯ લાખ અને જે વ્યાજ સહાય આપવામાં આવે છે એમાં બેંકોને ડાયરેક્ટ સહાય આપવામાં આવે છે જેની બેંકો ડાયરેક્ટ જ ડિમાન્ડ મૂકતી હોય છે અને એના આધારે વ્યાજ ચૂકવવામાં આવે છે.

**શ્રી વલ્લભભાઇ કાકડીયાઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે, મિશન મંગલમ યોજનામાં અમદાવાદ જિલ્લામાં માર્ચ ૨૦૧૪ અંતિત કુલ કેટલા સ્વસહાય જૂથોની રચના થઇ છે? એમાં એ.પી.એલ. અને બી.પી.એલ. કેટલા જૂથો છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રીઃ** કેટલી સંખ્યા, એક મિનિટ. તમે માનનીય મંત્રીશ્રી, અમદાવાદ જિલ્લાની અંદર આટલા એમ નહીં. એ.પી.એલ. અને બી.પી.એલ. એટલો જ જવાબ આપો. એમ ફટાફટ જવાબ આપો. જેથી બીજા સભ્યોનો નંબર આવે.

**શ્રી જયંતીભાઇ રા. કવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે,

**અધ્યક્ષશ્રીઃ** ફરી ચાલુ કર્યું. એ.પી.એલ. અને બી.પી.એલ. આટલા છે એમ ફટાફટ જવાબ આપવો જોઇએ.

**શ્રી જયંતીભાઇ રા. કવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૯૪૧૭ સ્વસહાય જૂથો છે એમાં બી.પી.એલ.ના ૧૩૩૦ અને એ.પી.એલ.ના ૮૦૮૭ જૂથો છે.

**શ્રી ભૂષણ ભટ્ટઃ** માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલી બેંકો દ્વારા સહાય આપવામાં આવે છે અને એમાં વ્યાજ અને સબસિડીનો દર શું છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જિલ્લાની લીડ બેન્ક હોય છે એ બેન્ક અને અન્ય બેન્કોને સ્વ સહાય જૂથોને એની અંદર ધિરાણ આપવામાં આવતું હોય છે પણ જે એપીએલ અને બીપીએલ બેચની વ્યાખ્યા જૂદી છે. બીપીએલ છે એને ચાર ટકાના ધોરણે અને ઉપરના રાજય સરકાર

ભોગવે છે અને એપીએલ હોય એને સાત ટકાના વ્યાજના ધોરણે આપવામાં આવે છે એમના પણ ઉપરના રાજય સરકાર ભોગવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ જિલ્લામાં સ્વસહાય જૂથ દ્વારા જે મહિલાઓને ધિરાણ આપવામાં આવ્યું છે તે કેવા પ્રકારનું અને કેટલું આપવામાં આવ્યું છે, મારા સાણંદ તાલુકાની અને બાવળાની, બન્ને તાલુકાની વિગતવાર માહિતી આપો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ બાવળા તાલુકાનું પૂછયું છે એમાં આઠ સહાય જૂથ બન્યા છે એને બેન્ક ધિરાણ ૬,૧૩,૦૦૦નું આપવામાં આવ્યું છે.

**બનાસકાંઠા જિલ્લામાં ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓ**

* ૧૧૦૯૧ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો આપવાની કેટલા અરજદારોની અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજી |
|---|---|
| અમીરગઢ | ૩૨૦૧ |
| ભાભર | ૪૮૧ |
| દાંતીવાડા | ૪૬૦૦ |
| ડીસા | ૫૪૬૧ |
| દીઓદર | ૧૫૫૬ |
| ધાનેરા | ૪૩૨૧ |
| કાંકરેજ | ૧૯૩૫ |
| લાખાણી | ૨૫૪૬ |
| પાલનપુર | ૫૯૪૩ |
| સુઇગામ | ૯૭ |
| થરાદ | ૬૯૧૬ |
| વડગામ | ૪૮૨૯ |
| વાવ | ૭૯૧ |
| દાંતા | ૮૩૭ |

(૨) આ બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેકશનો આપવાનું આયોજન છે ?

(૨) કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવાનું છે કે બનાસકાંઠામાં તાલુકાવાર વીજ કનેકશનની કેટલી અરજી આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, બીજો પ્રશ્ન એ છે કે દાંતા અને અમીરગઢ તાલુકા બન્ને ટ્રાયબલ તાલુકાઓ છે. આ અરજીઓ કયારથી આવે અને એને વહેલામાં વહેલું કયારે પ્રાયોરીટીમાં લેવામાં આવશે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લા ડાર્કઝોન હોવાના કારણે આપણે ૨૦૦૩ થી ૨૦૧૨ સુધી અરજીઓ સ્વીકારતા નહોતા અને ૨૭–૩–૨૦૧૨માં જયારે નર્મદા વોટર રીસોર્સીસ ડીપાર્ટમેન્ટે મંજૂરી આપી એટલે આપણે ૧૭–૯–૨૦૧૨ થી ૬–૧૦–૨૦૧૨ સુધીમાં અરજીઓ સ્વીકારવાનું

નકકી કર્યુ અને જે અરજીઓ આની અંદર આવી એ પ્રમાણે જોવા જઇએ તો સભ્યશ્રીએ પૂછયું એ પ્રમાણે અમીરગઢમાં ૩૧૦૫, ભાભરમાં ૪૪૯, દાંતીવાડામાં ૪૧૫૭, ડીસામાં ૪૮૧૭, દીયોદરમાં ૧૫૦૨, ધનેરામાં ૩૭૭૬, કાંકરેજમાં ૧૮૫૩, લાખાણી ૨૧૨૩, પાલનપુર ૫૪૭૦, સુગમ ૯૩, થરાદ ૬૨૨૩, વડગામ ૪૨૮૨, વાવ ૭૨૯, દાંતા ૦ એમ કરીને આ સમયની અંદર ૩૮,૫૭૯ અરજીઓ આવી. આ એક મહિનામાં અરજી આવી પછી પણ આપણે અરજીઓ લેવાનું ચાલુ કર્યુ, અને ૨૦૧૩માં ૧૯૯૭ અરજીઓ આવી, અને ૨૦૧૪માં ૭૭૮ અરજીઓ આવી એટલે આમ જોવા જઇએ તો કુલ ૪૧૪૭૯ અરજીઓ આ સમયની અંદર આવી હતી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સીમાંત અને નાના ખેડૂતો એ આટલી મોટી રકમ એસ્ટીમેટની આવે છે એ ભરી શકતા નથી તો ભૂતકાળમાં ૫૦૦-૭૦૦ રૂપિયા લઇને વીજ કનેકશન આપવામાં આવતું હતું એ ધોરણ પ્રમાણે સરકારશ્રી કનેકશન આપવા માગે છે કે કેમ, પ્રશ્ન નંબર-બે,

અધ્યક્ષશ્રી : એક એક જ પ્રશ્ન પૂછો, નહીં તો બે જ જણા પૂછી શકશો. તમારા જ ચાર રહી જશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન ટૂંકમાં પૂછી લઉ, રાજયની અંદર બીજા જિલ્લાની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં અરજીઓ વધુ છે તો બનાસકાંઠા જિલ્લાને વધારે લક્ષ્યાંક આપી વીજળીકરણ સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયની અંદર ડાર્કઝોન વિસ્તારમાં આપણે જે પ્રમાણે અરજીઓની યોજના નકકી કરી છે એ યોજનાની અંદર ટપક પદ્ધતિનું કનેકશન લેવું ફરજીયાત છે એટલે આખા રાજયની અંદર ટપક પદ્ધતિમાં આપણે ૫૦ ટકા સબસિડી આપીએ છીએ, આની અંદર ૬૦ ટકા સબસિડી આપીએ છીએ એટલે સબસિડીનું પ્રમાણ આની અંદર ૧૦ ટકા વધારે છે. બીજું કે સભ્યશ્રીએ જે વાત કરી કે કનેકશનો આપવાની વાત કરી, મારે એમને કહેવું છે કે ૨૦૧૨-૧૩માં કુલ ૪૮૬૯ કનેકશન આપ્યા. ૨૦૧૩-૧૪ની અંદર ૭૦૪૩ કનેકશન આપ્યા.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં અરજીઓ વધુ છે તો બનાસકાંઠા જિલ્લાને વધારે લક્ષ્યાંક આપીને વીજળીકરણ સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયની અંદર ડાર્કઝોન વિસ્તારની અંદર જે પ્રમાણે અરજીઓની યોજના નકકી કરી છે એ યોજનાઓની અંદર ટપક પદ્ધતિનું કનેકશન લેવું ફરજીયાત છે એટલે એની અંદર આજની તારીખમાં જે આખા રાજયની અંદર ટપક પદ્ધતિમાં ૫૦ ટકા આપણે સબસિડી આપીએ છીએ. આની અંદર આપણે સ્પેસીફીકલી ૬૦ ટકા સબસિડી આપીએ છીએ. એટલે સબસિડીનું પ્રમાણ ૧૦ ટકા વધારે છે. બીજું સભ્યશ્રીએ કનેકશનો આપવાની જે વાત કરી તો મારે એમને કહેવું છે કે ૨૦૧૨-૧૩માં કુલ ૪૮૭૯ કનેકશનો આપ્યા.૨૦૧૩-૧૪માં ૭૦૪૩ કનેકશનો આપ્યા અને અત્યાર સુધીમાં બે મહિનામાં ૧૦૨૬ કનેકશનો આપ્યા. એટલે કુલ ૧૨૯૩૮ કનેકશનો આપ્યા. પડતર અરજીઓ ૪૧ હજાર છે એ ચોક્કસપણે આપણે સ્પીડ કરીશું. પણ આની અંદર મૂળ કારણ એ છે અને મારે કહેવું છે કે આપણે જયારે ટપક પદ્ધતિ યોજનાનું અમલીકરણ કરીએ છીએ ત્યારે એમાં એક પ્રોસિજર હોય છે. એમાં એકવાર અરજી કર્યા પછી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીમાં એની અરજી મોકલવામાં આવે છે અને જી.જી.આર.સી.માં અરજી મોકલવામાં આવે છે ત્યારે એ ખેડૂત સપ્લાયર નક્કી કરતો હોય છે. આ સપ્લાયર નક્કી કર્યા પછી એનું એસ્ટિમેટ બનાવે છે અને એ પછી ખેડૂત એસ્ટિમેટ ભરે એ પછી કંપની ડ્રીપ ઈરીગેશન નાખે છે. એ પછી (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એમનું કહેવું છે કે જૂના જમાનામાં ૧૨૦૦-૧૫૦૦ ભરીને કનેકશન આપતા હતા એ આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ :** એ વિષય નોન ડાર્કઝોન વિસ્તારમાં દાંતામાં હાલમાં બે યોજના ચાલું છે એની અંદર તમે કહો છો એ પ્રમાણે આખા રાજ્યમાં અપાય છે એ પ્રમાણે દાંતામાં બે કનેકશનો આપીશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** આપે ૨૦૧૨–૧૩માં એક લાખ લોકોને કનેકશન આપવાની સ્પષ્ટપણે વાત કરી હતી. આજે પરિસ્થિતિ એવી છે કે આ વિસ્તારમાં કેટલાય ખેડૂત લોકોએ ટપક પદ્ધતિ બનાવી એની વ્યવસ્થા કરી નાખી છે. કંપની દ્વારા આ કામગીરી કરવામાં આવતી હોવાના કારણે ભાવની વાત કરું તો ૫૦ ટકા તફાવત આવે છે. છતાં આજે એ કરીને સરકારશ્રી તરફથી માત્ર ૧૨ હજાર કનેકશનો આપવામાં આવ્યા છે. ટોટલ ૪૩ હજાર અરજીઓ પડતર છે. આટલા બધા ખેડૂતો જ્યારે ખરેખર રાહ જુએ છે અને આટલી બધી વ્યવસ્થા થઇ છે ત્યારે સરકાર ઝડપી ચોક્કસ સમય નક્કી કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં એમને બહાર ૫૦ ટકા ઓછાએ મળે છે એવી કોઇ ફરિયાદ આવી નથી. આટલા વર્ષોથી ડ્રીપ ઈરિગેશનમાં વર્ષે અઢી લાખનો ટાર્ગેટ છે. આ વખતના બજેટમાં ટપક સિંચાઇ પદ્ધતિ માટે ૬૮૫ કરોડની સબસિડીની જોગવાઇ કરવામાં આવી છે. બહાર સસ્તામાં મળતું હોય તો અમારી પાસે અરજી શા માટે કરે? કનેકશનો ન લેવા છતાં જી.જી.આર.સી.માં અરજી કરે છે. આની અંદર એ લોકોને ક્વોલિટી મટિરિયલ મળે છે, આખી સિસ્ટમ ગોઠવાય છે, ઇન્સ્યોરન્સ લેવામાં આવે છે અને થર્ડ પાર્ટી એગ્રીમેન્ટ થાય છે અને થર્ડ પાર્ટીની વ્યક્તિ આ પદ્ધતિ ઓ.કે. કરે છે પછી સપ્લાયરને પૈસા આપવામાં આવે છે. અને બીજું કે આપ તો મેન્યુફેકચરર છો. આમાં જે રો મટિરિયલ વપરાય છે એ એચ.ડી.પી. એલ.એ.ડી.પી.,પી.પી. પી.વી.સી. આની અંદર ફીલર વધારે નાખો તો વધારે સસ્તુ થાય પણ મહત્ત્વનું એ છે કે એ જે પાઇપો બનાવીએ છીએ એની સ્ટ્રેન્થ કેટલી છે અને એ સ્ટ્રેન્થની માપણી આ જી.જી.આર.સી. કરે છે અને એના કારણે આજની તારીખમાં આટલા બધા ખેડૂતો આ જી.જી.આર.સી. પાસેથી લે છે. બીજો આપે પ્રશ્ન પૂછ્યો ઝડપ કરવાની વાત કરી. અમે એક લાખ કનેકશનોની ખાતરી આપી છે એની સામે ૯૫ હજાર કનેકશનો ઇલેકશન હોવા છતાં કર્યા છે અને ઇલેકશન કમિશને જી.જી.આર.સી.ને મંજૂરી ન આપી કારણ કે વ્યક્તિગત લાભ મળતો હતો. છતાં પણ ૯૫ હજારનો ટાર્ગેટ કર્યો છે અને વર્ષો પહેલાં ૧૬ થી ૧૮ હજારનો ટાર્ગેટ રહેતો હતો એની સામે અમારો લાખનો ટાર્ગેટ થયો છે એ સ્પીડથી અમે કામ કરી રહ્યા છીએ.

**શ્રી નાગરજી હ. ઠાકોર :** આપના માધ્યમથી પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવા ખેતી વિષયક વીજળી જોડાણો આપવામાં આવ્યા?

**શ્રી સૌરભ પટેલ :** જે કનેકશનો આપવામાં આવ્યા એમાં અમીરગઢમાં ૧૦૭, ભાંભરમાં ૧૭૧, દાંતીવાડામાં ૧૧૦૨, ડિસામાં ૧૬૦૨, દિયોદરમાં ૫૬૨, ધાનેરામાં ૧૩૩૪, કાંકરેજમાં ૪૯૬ પાલનપુરમાં, લખાણીમાં ૮૪૦, પાલનપુરમાં, સુઇગામમાં ૧૧, થરાદમાં ૨૦૧૯ અને વડગામમાં ૧૨૯ એમ કુલ ૧૨૯૩૮ કનેકશનો આપવામાં આવ્યા.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજ તાલુકામાં ૧૯૩૫ અરજી બાકી છે. આ કઇ સાલથી બાકી છે અને આ અરજીઓને ક્યારે કનેકશન આપવામાં આવશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આપણે જયારે કનેકશન આપવાનું ચાલુ કર્યું, મારે સભ્યશ્રીને ખાલી માહિતી આપવી છે કે આમાં આપણે જૂના પેન્ડિંગ કનેકશનો પણ હતા. જેને જૂના બોર હતા, કનેકશન હતા એ બોરને શિફ્ટિંગ ઘણા કરવાના બાકી હતા એટલે આપણે 'એ' કેટેગરીમાં દરખાસ્ત કરી એટલે એને સૌથી પહેલા આપ્યું. બીજું, જ્યારે આ ડાર્કઝોનની અરજી ઊઠાવી એ પહેલા ઘણાં બધા લોકોએ જુદી જુદી યોજનામાં ૧૦–૧૫ વર્ષ પહેલા એટલે બી ફોર ધ પિરિયડ અરજી કરેલી એટલે એ લોકોએ આટલા વર્ષ પહેલા કરી હતી એને આપણે પ્રાયોરિટી આપી. ત્રીજું, જેની પાસે આપણે જે લોટ્સ ડ્રો કર્યો એમાં એક મહિનાનો પિરિયડ આપ્યો એ પિરિયડની અંદર બધી અરજીઓ લીધી અને બધાને સમાંતર ગણ્યાં અને ગણ્યાં પછી લોટ્સ આપ્યો અને બોરવેલ હોય એને પ્રેફરન્સ આપ્યો. ચોથું, બોરવેલ ના હોવાના કારણે આપણે જે ચોથી કેટેગરીમાં મૂક્યાં. આપનો સવાલ છે કાંકરેજીની અંદર આજની તારીખે રજિસ્ટર પેન્ડિંગ

અરજી ૧૮૭૯ છે અને કુલ ૧૮૮૫ છે, બને એટલી સ્પીડ કરાવીશ અને બનાસકાંઠાનો ડાર્કઝોન એરિયા માટે આપણે બને એટલો પ્રયત્ન કરીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે સમગ્ર ઉત્તર ગુજરાતમાં ડાર્કઝોન ઉઠાવ્યાં પછી ટપક પધ્ધતિ ફરજીયાત જે રાખે એને કનેકશન આપવું, એના કારણે ખેડૂતોને ૧૦–૧૫ લાખનો બોર બનાવ્યો તે છતાંય સરવાળે બે લાખનો વધારાનો ખર્ચ કરવો પડતો હોય છે અને મંત્રીશ્રીએ કહ્યું, આમાં સબસિડી આપવા માટે ૬૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે તો હું એમ કહું છું કે આવા ખેડૂતો જેને ઇચ્છા ના હોય છતાં એને કનેકશન આપવા માગો છો કે કેમ? સબસિડીવાળી વાત હોય, જેને સ્વૈચ્છિક લેવું હોય એ લઇ શકે. એટલે વધારાનો ખર્ચ ના પડે અને ખેડૂત દેવાદાર ના બને એટલા માટે ટપક પધ્ધતિ દૂર કરીને સીધી સબસિડીના કનેકશનો આપવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં બનાસકાંઠા જિલ્લામાં પાણીનો પ્રશ્ન વધારે ગંભીર છે અને પાણીનું રક્ષણ કરવાની આપણી જવાબદારી છે. આ ટપક પધ્ધતિ યોજનામાં કપાસ કે જે કોઇ વાવેતર હોય, ડીસામાં બટાકાનું વાવેતર અને ઉત્પાદન ટપક પધ્ધતિના કારણે ઘણું ઉત્પાદન લીધું છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે આ ૪૦% રૂપિયા ખર્ચે છે ને, બોરના ૧૦ લાખ રૂપિયા (અંતરાય) અરે, ભાઇ પહેલા મારી વાત તો સાંભળો. હું આપને એમ કહું છું કે, આ ૪૦% રોકાણ કરે છે એ ઇન્વેસ્ટમેન્ટ છે અને ઇન્વેસ્ટમેન્ટના કારણે એની ઉપજ વધારે થાય છે અને પાંચ વર્ષે આ ૪૦% ખર્ચ્યા એ વેચેશે ને ટપક પધ્ધતિ તો એને સ્ક્રેપમાં ૪૦% થી વધારે પૈસા આવશે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

* ૧૧૧૫૯ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ।. ૧/- લાખનું ધિરાણ બેંક મંજૂર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩૪ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂ।. ૯૯.૪૬ લાખ (અંકે રૂપિયા નવાણુ લાખ છેંતાલીસ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે મિશન મંગલમ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા સ્વસહાય જૂથોને તાલુકાવાર કેટલું બેંક ધિરાણ આપવામાં આવ્યું?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટિલા તાલુકામાં ૨૫ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે અને એમાં ૨૦ લાખનું ધિરાણ આપવામાં આવ્યું છે. ચુડા તાલુકામાં ૯ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૭.૪૭ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે, હળવદ તાલુકામાં ૯ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૭.૪૭ લાખ ધિરાણ આપવમાં આવ્યું છે, લખતર તાલુકામાં ૧૦ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૮.૩૦ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે, મૂળી તાલુકામાં ૩ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૨.૪૯ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે, પાટડી તાલુકામાં ૩૮ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૧૦.૪૭ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે, સાયલા તાલુકામાં ૩૪ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૨૮.૫૩ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે, વઢવાણ તાલુકામાં ૬ સ્વસહાય જૂથ બનાવવામાં આવ્યાં છે એમાં ૪.૯૮ લાખ ધિરાણ આપવામાં આવ્યું છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કુલ કેટલા સ્વસહાય જૂથોને કુલ કેટલું રિવોલ્વિંગ ફંડ આપવામાં આવ્યું? અને એમાં એ.પી.એલ. અને બી.પી.એલ.ને કેટલું ફંડ ચૂકવવામાં આવ્યું?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૩–૧૪માં ૧૧૧ જુથો બનાવવામાં આવ્યા છે અને ૧૩,૪૨,૦૦૦/–નું રિવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવ્યું છે અને આ સોએ સો ટકા બી.પી.એલ. જુથો છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મિશન મંગલમ્ યોજનાનો હેતુ શું છે અને યોજના ક્યારથી અમલમાં છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૩–૨૦૧૦થી આ યોજના અમલમાં આવી છે. આ યોજનાનો મૂળ હેતુ જે છે એ, ગામડાઓની અંદર જે મહિલાઓ જે કામ કરી રહી છે અને મહિલાઓને રોજગારી પૂરી પાડવાનો અને મહિલાઓનું સ્તર ઉંચું આવે ગામડાઓની અંદર મહિલાઓ જે જુથ સાથે જોડાય તો એને અમુક બાબતોની, લોન બાબતે, બેન્કીંગ બાબતે અને સારું માર્ગદર્શન આપવામાં આવે છે પણ આ ઉદેશ્ય માત્ર એટલો છે કે, ગામડાઓમાં મહિલાઓનું જીવનધોરણ ઉંચું આવે એવો આ રાજ્ય સરકારનો આશય છે.

**રાજ્યમાં ઘર વપરાશ, ઉદ્યોગ અને ખેતીના વિજદરોમાં ફ્યુઅલ સરચાર્જમાં વધારો**

* ૧૧૧૦૭ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઘર વપરાશ–ઉદ્યોગ અને ખેતીના વિજ દરોમાં ફ્યુઅલ સરચાર્જ સાથે કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નામદાર વિજ નિયમન આયોગના આદેશ દ્વારા રાજ્યમાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૧–૬–૨૦૧૨ થી અને વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૧–૪–૨૦૧૩ ના અસરથી અનુક્રમે સરેરાશ ૧૦ પૈસા તથા ૩૪ પૈસાનો પ્રતિ યુનિટનો વધારો કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ તમામ આદેશો અંતર્ગત ગરીબી રેખા હેઠળના ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી.

જ્યારે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષ માટે નામદાર વિજ નિયમન આયોગનાં તા. ૨૯–૪–૨૦૧૪નાં આદેશ દ્વારા નક્કી કરાતા વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી અને રાત્રી દરમ્યાન વિજ વપરાશ કરતા ઉદ્યોગોના ફિક્સ ચાર્જમાં ૫૦%નો ઘટાડો કરવામાં આવેલ છે.

છેલ્લા બે વર્ષમાં ઘર વપરાશ ઉદ્યોગ અને ખેતીના વીજદરોમાં કરવામાં આવેલ વધારા/ઘટાડાની વિગત *પરિશિષ્ટ–અ મુજબ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નામ, વીજ નિયમન આયોગ દ્વારા હોર્સ પાવર (એચ.પી.) આધારિત કૃષિગ્રાહકો માટે તા. ૧–૪–૨૦૧૩ ની અસરથી રૂા. ૨૫/હોર્સ પાવર/માસ (રૂા. ૩૦૦/હોર્સ પાવર/વર્ષ) વીજ દરમાં વધારો કરેલ પરંતુ ગુજરાત સરકાર દ્વારા સરકારે અગાઉ નક્કી કરેલ નીતિ મુજબ કૃષિ ગ્રાહકો પાસેથી જુના ભાવ (૭.૫ હો.પા. સુધી રૂા. ૬૬૫/હો.પા./વર્ષ તથા ૭.૫ હો.પા. થી વધુ માટે રૂા. ૮૦૭.૫/હો.પા/વર્ષ) પ્રમાણે જ વસૂલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. મંજૂર થયેલ વીજ ભાવની પૂર્તિ કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે. આ ઉપરાંત ફ્યુઅલ સરચાર્જની રકમ ખેતી વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ

કરવાના બદલે, રાજ્ય સરકાર સદર ફ્યુઅલ સરચાર્જની તમામ રકમ વીજ વિતરણ કંપનીઓ ને સબસિડી રૂપે ચુકવે છે.

નામદાર ગુજરાત વિજ નિયમન આયોગે મંજૂર કરેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલવાની પધ્ધતિ અનુસાર દર ત્રણ મહિને ગણતરી કરીને વીજ ઉત્પાદન માટે ઉપયોગ તથા બળતણના દરોમાં થતાં વધારા/ઘટાડા મુજબ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલાય છે. તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ સિવાયના અન્ય વીજ ગ્રાહકો પાસેથી વસુલાયેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જની વિગત નીચે મુજબ છે.

| **ત્રિમાસિક ગાળો** | **ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ (રૂ. પ્રતિ યુનિટ)** |
|---|---|
| એપ્રિલ-જુન-૨૦૧૨ | ૧.૩૭ |
| જુલાઈ-સપ્ટેમ્બર -૨૦૧૨ | ૧.૨૪ |
| ઓક્ટોબર-ડીસેમ્બર-૨૦૧૨ | ૧.૧૮ |
| જાન્યુઆરી-માર્ચ -૨૦૧૩ | ૧.૧૮ |
| એપ્રિલે-જુન-૨૦૧૩ | ૧.૦૫ |
| જુલાઈ-સપ્ટેમ્બર - ૨૦૧૩ | ૧.૦૦ |
| ઓક્ટોબર-ડીસેમ્બર-૨૦૧૩ | ૧.૧૦ |
| જાન્યુઆરી-માર્ચ-૨૦૧૪ | ૧.૨૨ |
| એપ્રિલ-જુન-૨૦૧૪ | ૧.૧૦ |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ખાનગી કંપનીઓ પાસેથી જે મોંઘી વીજળી ખરીદ કરીને જે ગ્રાહકોને આપવામાં આવે છે તેના બદલે રાજ્ય સરકાર પોતાના યુનિટોમાં વધારો કરી ગ્રાહકોને સસ્તા ભાવે વીજળી આપવા માગે છે કે કેમ, અને

બીજો પ્રશ્ન એ છે કે, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે, રાત્રી દરમિયાન વીજ વપરાશ કરતા ઉદ્યોગોને ફિક્સ ચાર્જમાં પચાસ ટકા ઘટાડો કરવામાં આવેલ છે તો ખેડૂતોને જે રાત્રી દરમિયાન જે પાવર આપવામાં આવે છે એમાં કોઇ ઘટાડો કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો વિષય તો માનનીય સભ્યશ્રીને મારે જાણ કરવી છે કે, કોઇ મોંઘી વીજળી, કોઇ ખાનગી ઉદ્યોગો પાસેથી ખરીદવામાં આવતી નથી. જી.ઇ.આર.સી. નક્કી કરતું હોય છે કે, કોની પાસે, શું વીજળી ખરીદવી. દરેક ઉત્પાદનના રેટ રેગ્યુલેટર પાસે પહોંચે અને રેગ્યુલેટર એને નંબર આપે છે, એક, બે, ત્રણ, ચાર અને પાંચ નંબર અને એ પ્રમાણે જરૂર પ્રમાણે આપણે એ કંપની પાસેથી ખરીદવી પડતી હોય છે. એટલે એની અંદર કેન્દ્ર સરકાર વીજ ઉત્પાદન કરે, રાજ્ય સરકાર વીજ ઉત્પાદન કરે, કે ખાનગી કંપની વીજ ઉત્પાદન કરે, આ સંપૂર્ણપણે જોવામાં આવતું નથી કે કોણ વીજ ઉત્પાદન કરે છે. ખરીદી કરવા માટે એક જ વસ્તુ જોવામાં આવે છે કે, શું, કયા ભાવે એનું ઉત્પાદનનું બિલ બનવાનું છે. એટલે આજની તારીખમાં મારે ગૌરવ સાથે કહેવું છે કે, ૨૦૦૩ની અંદર ઇલેકટ્રીસિટી એક્ટ આવ્યા પછી સૌથી એગ્રેસિવલી ખાનગી ઉદ્યોગો પાસે જો બિડિંગ કરાવ્યું હોય તો એ ગુજરાત સરકારે કરાવ્યું છે અને એ ગુજરાત સરકારના કારણે આજે ઘણા બધા આક્ષેપો અહીંથી કરવામાં આવ્યા છે પરંતુ જે પાંચે પાંચ મોટી કંપનીઓ પાસેથી જે ખરીદીએ છીએ એની અંદર અદાણી હોય તો બે રૂપિયા પાંત્રીસ પૈસા, એસ્સાર હોય તો ચાર રૂપિયા આળીસ પૈસા, કેન્દ્ર સરકારની અલ્ટ્રા પાવરનું મેગાવોટ જે મુંદ્રામાં ચાર હજાર મેગાવોટનું બન્યું છે એનો આશરે બે રૂપિયા પચાસ પૈસા આ બધાની ખાનગી કંપનીઓ પાસેથી જે આપણે વીજળી ખરીદીએ છીએ એ ત્રણ રૂપિયેથી ઓછી પડે છે અને મેરિટ ઓર્ડરમાં એનો નંબર પહેલા આવે છે અને રાજ્ય સરકારની કંપનીઓ જેના કોલસો ગાંધીનગરમાં, વણાકબોરી કોલસો, રેલવેના ભાડા છેલ્લા પાંચ-સાત વર્ષમાં વધવાના કારણે જ્યારે ૧૩,૦૦૦ મેગાવોટથી વધારે માગણી, ઓછી માગણી આવતી હોય છે ત્યારે એ

લોકોનો મેરિટ ઓર્ડરમાં નંબર લાગતો નથી અને મોંઘી વીજળી હોવાના કારણે આપણે વણાકબોરી અને ગાંધીનગરના યુનિટો બંધ રાખવામાં આવે છે. એટલે મારે સ્પષ્ટપણે સભ્યશ્રીને કહેવું પડે છે કે, રાજ્ય સરકારની પાસે જી.ઇ.બી., જી.યુ.વી.એન.એલ. પાસે કોઇ સત્તા નથી કે, કોની પાસેથી વીજળી ખરીદવાની. વીજળી માત્ર રેગ્યુલેટર જે કહે એ એના નંબર પ્રમાણે જ ખરીદવાની અને એના કારણે આજે આપણે ગૌરવ સાથે કહી શકાય કે, સૌથી સસ્તી વીજળીની ખરીદી જો હોય તો એ ગુજરાત રાજ્યની છે.

બીજો જે આપે પ્રશ્ન પૂછયો કે, ખેડૂતોના એગ્રીકલ્ચર વિશેની વાત કરી, ખેડૂતોને ઓલરેડી આજે આપણે જોવા જઇએ તો છેલ્લા ઘણા વર્ષોથી આપણે આની અંદર રાહતો આપતા આવ્યા છીએ. આજની તારીખેમાં ખેતીની અંદર રેગ્યુલેટરે ૨,૪૦૦/– રૂપિયા પર હોર્સ પાવરનો રેટ નક્કી કર્યો છે પરંતુ ૨,૪૦૦/– રૂપિયા હોર્સ પાવરનો રેટ આપણે લેતા નથી. અપ ટુ ૭.૫ હોર્સ પાવરનો ૬૬૫/– રૂપિયા લઇએ છીએ અને અબાવ ૭.૫નો ૮૦૭/– રૂપિયા લઇએ છીએ. એટલે એને કારણે રાજય સરકાર ૩૨૦૦કરોડની સબસિડી આખા રાજયની અંદર ખેડૂતોને આજની તારીખમાં આપે છે. અને આ પ્રમાણે તમે જોવા જશો તો બીજા રાજયોની કમ્પેરીઝનમાં મહારાષ્ટ્રમાં બે રૂપિયા અને ચાલીસ પૈસા ખેડૂતો પાસેથી લેવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવે કે વીજ નિયમન પંચ કઇ રીતે વીજ દર નકકી કરે છે અને વીજ નિયમન પંચે નકકી કરેલા દરમાં કયા કયા કારણોસર કોઇ ખાસ વધારો થયો નથી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે દર વર્ષે ઇલેકટ્રીસીટીના એકટ પ્રમાણે વીજ દર નકકી કરવામાં આવે છે અને આના કારણે રેગ્યુલેટરી કમિશન છાપામાં જાહેરખબર આપી, વેબસાઇટ ઉપર જાહેરખબર આપી પ્રજા પાસે, એસોસિએશન પાસે એ લોકોના વ્યૂઝ મંગાવે છે. સઝેશન મંગાવે છે એટલે કોઇપણ વ્યકિતને સૂચન કરવું હોય તો રેગ્યુલેટરી કશિનનને એ સૂચન કરી શકે છે. આ ઉપરાંત જે કંપની હોય, ડિસ્ટ્રીબ્યુશન કંપની દા.ત. જી.યુ.વી.એન.એલ. તો જી.યુ.વી.એન.એલ. કંપનીને શું ભાવો લેવા છે એની એણે અરજી કરવી પડે. રાજય સરકારે આટલા વર્ષોની અંદર મોટાભાગના વર્ષોની અંદર ટેરીફ વધારવા માટે જી.યુ.વી.એન.એલ.ને ના પાડી છે એટલે રેગ્યુલેટરી કમિશને ભાવ વધારાની સત્તા આપી નથી. હવે આ થયા પછી બધાને સાંભળે છે, દલીલો થાય છે અને પછી ઓર્ડર કરે છે. છેલ્લા બે વર્ષની અંદર એક બીજી જુને ઓર્ડર કર્યો જે તા. ૧–૬–૨૦૧૨માં એની ઇફેકટીવ ડેટ થઇ અને ૧.૮૪ ટકાનો વધારો આપ્યો. તા. ૧૬ એપ્રિલના ઓર્ડરમાં તા. ૧–૪–૨૦૧૩ થી અમલીકરણ થયું અને ૮.૩૪ટકાનો વધારો આપ્યો અને પાંચમી મે માં કોઇ વધારો આપ્યો નથી. આમ આટલો જ વધારો રેગ્યુલેટરે આપ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં ફ્યુઅલ ચાર્જની આવકમાં સરકારને કેટલી આવક થઇ? અને છેલ્લા બેવર્ષમાંઆના લીધે ગ્રાહક ઉપર કેટલા કરોડનો બોજો પડયો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધયક્ષશ્રી, ફ્યુઅલ સરચાર્જની અંદર મારે કહેવું છે કે કોલસાનો ભાવ, ફ્રેક, ગેસ અને પરચુરણ ખર્ચ આ મોટાભાગની ચાર જોગવાઇ હોય છે. છેલ્લા બે વર્ષમાં કોલસો અને ફ્રેડ એપ્રિલ–જુનમાં ૪૬૬કરોડ હતો એને વધારીને એપ્રિલ–જુનમાં ૭૯૦કરોડ થયો. એ પ્રમાણે ગેસમાં ૧૦૭નો ૪૧ થયો કારણ કે આપણે ગેસ બેઝના પ્લાન્ટો અત્યારે નથી ચલાવતા કારણ કે ડોમેસ્ટિક ગેસ આપણને મળતો નથી. ટોટલ બર્ડન જે આજની તારીખમાં વધ્યું છે એ ૧૦૦૪ કરોડનું બર્ડન આના કારણે વધ્યું છે અને તમે એનું જુઓ તો એપ્રિલ–જુનમાં ૧ રૂ. ૩૭ પૈસાનું બર્ડન હતું એ ધીમેધીમે આપણા ઇફેકટીવ મેનેજમેન્ટના કારણે આજની તારીખમાં એપ્રિલ–જુનની અંદર એક રૂપિયો અને દસ પૈસા સુધી આપણે ફ્યુઅલ સાર્જ લાવ્યા છીએ અને આ મૂળ કારણ કે સારુ પી.એલ.એફ. ચલાવી, સારું પોલ મીકસ કરી, વોશ કોઇ વધારે વાપરી ગેસ ઇમ્પોટેડ બંધ કરી નાખ્યો. આ બધાના કારણે આપણે જે ફ્યુઅલ સરચાર્જની અંદર ઘટાડો કરી શકાય છે આટલું કામ કરી અને ઘરાકોને ભારણ ઓછું આપવામાં આવ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ કલીયર પ્રશ્ન હતો. સરચાર્જ પેટે સરકારને કેટલી આવક થઇ અને ગ્રાહકો ઉપર છેલ્લા બે વર્ષમાં કેટલો બોજો પડયો? એ મારે સ્પેસિફીક જોઇએ છે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પર યુનિટની કોસ્ટ આપી શકું. તમે કહેતા હો તો કેટલા મિલિયન યુનિટ છે એ આપી શકું. મારી પાસે કેટલી આવક થઇ એ અત્યારે નથી.

શ્રી યોગેશ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કનેકશન દસ વર્ષે મળતા હોય અને ખેતીના વીજ કનેકશન એના ઘરગથ્થુ કનેકશન ધરાવનાર ખેડૂત કોઇ કારણસર વીજ બીલ ભરી ન શકતા મુદત વીતતા કનેકશન ડીસ્કનેકટ કરવામાં આવે છે. એના બદલે વ્યાજ કે દંડ લઇને આ મીટર ચાલુ રાખવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલેટરના રૂલ્સ અને રેગ્યુલેશન્સ પ્રમાણે અમે કામ કરીશું.

**ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તળાવો બાંધવા બાબત**

* ૧૧૧૩૬ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ કેટલા તળાવો બાંધવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ કુલ–૨૬ તળાવો બાંધવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તેની પાછળ રૂ. ૫૧.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં સંકલિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫નો તાલુકાવાર તળાવનો ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંક શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :ભાવનગર જિલ્લાની અંદર શિહોર તાલુકામાં ભૌતિક લક્ષ્યાંક ૮ છે. નાણાકીય લક્ષ્યાંક ૧૪ લાખ ૬૨ હજાર છે. પાલીતાણામાં ૪ તળાવો બનાવવાના છે, જેનો ૧૦ લાખ ૨૦ હજારનો એસ્ટીમેટ છે. ઉમરાળા તાલુકામાં ૨૭ તળાવો..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે શિહોરનું જ પૂછ્યું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ભૌતિક લક્ષ્યાંક ૨૦૧૪–૧૫નો  પૂછયો છે.

અધ્યક્ષશ્રી : આખા એકે એક તળાવનું કહેશો તો બહુ વાર લાગશે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ઉમરાળા તાલુકામાં ૨૭ તળાવો બનાવવાના છે અને ૭૭ લાખનો નાણાકીય લક્ષ્યાંક છે. તળાજામાં ૧૧ તળાવો અને નાણાકીય લક્ષ્યાંક ૨૦ લાખનો છે.  મહુવામાં ૧૧ તળાવ અને ૨૦ લાખનો લક્ષ્યાંક છે.  બોટાદમાં ૪ તળાવો અને ૯ લાખનો નાણાકીય લક્ષ્યાંક છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ એ ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે, ત્યારે હું જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો બાંધવામાં આવ્યા અને બીજો પ્રશ્ન તાલુકાવાર કેટલા હેકટર જમીનનો ખેડૂતોને લાભ મળશે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર ટોટલ જે પ્રશ્ન પૂછ્યો છે. એમાં ૨૬ તળાવો બનાવવામાં આવ્યા છે. ઉમરાળા તાલુકામાં ૨૨ તળાવ બનાવ્યા. પાલીતાણામાં ૩ બનાવ્યા છે અને શિહોર તાલુકામાં ૧ તળાવ બનાવ્યા છે. સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે આનાથી ખેડૂતોને લાભ શું? તો આ તળાવોનો ટોટલ સરવે કરવામાં આવ્યો. જેમાં ૧૭૭ ખેડૂતોને આ ૨૨ તળાવોની પાછળ લાભ થવાનો છે. એની જમીન ૨૯૩ હેક્ટર આ બધા ખેડૂતોને લાભ થશે.

શ્રી અમિત અ. ચાવડા : ૨૬ તળાવો બાંધવામાં આવ્યા. એ માટેના ટેન્ડર જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે કે જે તે ગામની વોટર શેડ કમિટી દ્વારા કરવામાં આવે છે? અને જે ટેન્ડર મંજૂર કર્યા છે તે ભાવથી અબોવ કે બીલો છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ તળાવો જેનું ટેન્ડરિંગ કરવામાં આવતું જ નથી. જે સમિતિ ગામવાઇઝ સમિતિઓ બનાવેલ છે, જે સમિતિ ગ્રામસભાની અંદર આ કામગીરી મૂકતી હોય છે. જે

કામગીરીના આધારે તાલુકાના અધિકારી હોય એ કાયદેસરની તળાવની કોસ્ટ પ્રમાણે જે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર છે, ડેપ્યુટી ડાયરેકટર એ આ કામગીરીને મંજૂરી આપતા હોય છે. ટેન્ડર મંગાવવામાં આવતું નથી. ગ્રામ સમિતિને બહાલી ગ્રામસભાએ આપેલી હોય છે અને એ રીતે આ લોકો કામ કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : ગ્રામ સમિતિ કરે છે.

શ્રી અમિત અ. ચાવડા : ટેન્ડર થવું જોઇએ અને ટેન્ડર કર્યા વગર મોટા પાયે એમાં ભ્રષ્ટાચાર થાય છે, એટલા માટે પ્રશ્ન છે કે ગામ સમિતિ ખાલી કામ નક્કી કરે છે. એજન્સી નક્કી કરવાની સત્તા જિલ્લા કક્ષાએથી બારોબાર લાગતા વળગતાને આપી દેવામાં આવે છે. ટેન્ડર કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પદ્ધતિ શું છે એ કહો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આખા રાજયની અંદર ગ્રામ સમિતિ અને એના ટેકનિકલ માણસો છે એ જિલ્લા ડાયરેકટરની ભરતીથી થયેલ હોય છે. એ જ માણસ આ કામ સંભાળતો હોય છે. ગ્રામ સમિતિ આ નિર્ણય..

અધ્યક્ષશ્રી : જિલ્લા કક્ષાએ એપ્રુવલ થયેલ માણસને કામ આપીએ છીએ. ટેન્ડર જોવાનું કામ સ્થાનીય સમિતિનું છે.

શ્રી અમિત અ. ચાવડા :એન્જિનિયર હોય છે. એ ચકાસણી કરે બરોબર છે, પણ એજન્સી કઇ રીતે નક્કી કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : એ કહે છે કે કેન્દ્રીય કરે છે.  જિલ્લા કક્ષાએ કમિટી કરે છે. એજન્સી એપ્રુવ કરો છો કે ગમે તેને આપો કે એપ્રુવ એજન્સીને જ આપો છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ઘણી જગ્યાએ ગ્રામ સમિતિ પોતે કામ કરતી હોય છે. પ્રોજેકટ ડાયરેકટર જે એસ.ઓ.આર. માટીના નમૂના બધા જોઇ અને નિર્ણય કરતા હોય છે.

**ભરૂચ ખાતે સ્વરોજગાર શિબિરોનું આયોજન**

* ૧૧૧૪૫ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ભરૂચ ખાતે છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૦ |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા? | (૨) ૪૩૪૫ |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં આપ્યું છે કે સ્વરોજગાર મેળા ૩૦ જેટલા કરવામાં આવ્યા છે. અને ૪૩૪૫ ઉમેદવારોએ આમાં ભાગ લીધો છે, ત્યારે કેટલા ઉમેદવારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને કેટલા ઉમેદવારોને લોન આપવામાં આવી?  આ ઉમેદવારો હાજર રહ્યા છે એમાં કેટલા પુરુષો અને કેટલી સ્ત્રીઓ છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં જે સ્વરોજગાર મેળા કરવામાં આવ્યા તેની અંદર ૨૦૦૮ ઉમેદવારોને લોન આપવામાં આવી. લોનની રકમ જણાવું તો ૭ કરોડ ૩૭ લાખ ૫૪ હજાર રૂપિયા લોન તરીકે આપવામાં આવ્યા છે. બીજો પ્રશ્ન એ પૂછયો હતો કે આમાં કેટલી બહેનો અને કેટલા પુરુષોને લોન આપવામાં આવી? તો તેના જવાબમાં જણાવું કે ૪૩૪૫ ઉમેદવારોમાંથી ૩૫૪૦ પુરુષોને લોન આપવામાં આવી અને ૮૦૫ સ્ત્રી ઉમેદવારોને લોન આપવામાં આવી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, અંકલેશ્વર તાલુકામાં કેટલી સ્વરોજગાર શિબિરો યોજવામાં આવેલ છે અને તેમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા અને તે પૈકી કેટલાને લોન આપવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે આ સ્વરોજગાર શિબિરો શા માટે યોજવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અંકલેશ્વર તાલુકામાં સાત સ્વરોજગાર શિબિરો યોજવામાં આવી છે અને તેમાં ૯૪ર ઉમેદવારો હાજર રહ્યા હતા. તે પૈકી ૪૮૧ ઉમેદવારોને લોન આપવામાં આવી હતી. આ સ્વરોજગાર શિબિરો યોજવાનું કારણ એ છે કે જે લોકોની ઉંમર પૂરી થતી હોય તેમને નોકરી ન મળી હોય તે લોકોને પગભર કરવા માટે આ શિબિરોમાં માર્ગદર્શન આપવામાં આવે છે. તેમને વિવિધ પ્રકારની યોજનાઓનો લાભ આપવા માટે આ શિબિરો કરવામાં આવતી હોય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વરોજગાર શિબિરમાં કયા કયા ખાતાના અધિકારીઓ સામાન્ય રીતે હાજર રહેતા હોય છે. સ્વરોજગાર શિબિરમાં કઇ કઇ વ્યવસ્થાઓ માટે કેટલી લોન આપવામાં આવેલ છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વરોજગાર શિબિરોની અંદર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રોજગાર વિનિમય કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ, લીડ બેન્કના અધિકારીઓ, સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓ, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, મહિલા આર્થિક વિકાસ નિગમ જેવા ખાતાના અધિકારીઓ આમાં માર્ગદર્શન આપવા માટે હાજર રહેતા હોય છે. મેં અગાઉ જણાવ્યું તેમ આ યોજનામાં વિવિધ લોનો પેટે ૭ કરોડ ૩૭ લાખ પ૪ હજાર ભરૂચ જિલ્લામાં આપવામાં આવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

* ૧૧૧૬૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂા. ૨૫૯.૧૮ કરોડ. |
| (૨) બનાસકાંઠા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) ઓઈલ સીડ્ઝ<br>(૨) ડેરી પ્રોડક્ટ્સ<br>(૩) ઓટોમોબાઈલ્સ<br>(૪) તમાકુ/તમાકુ પ્રોડક્ટસ<br>(૫) માર્બલ અને ગ્રેનાઈટ |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં જે પાંચ કોમોડીટીની વધુ આવક છે તેમાં કોમોડીટી વાઇઝ કેટલી આવક છે અને તેના ટેક્સના દર શું છે? મારો બીજો પ્રશ્ન છે કે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાઇઝ વેટની આવક કેટલી થઇ છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪માં ઓઇલ સીડઝમાં પાંચ ટકાના વેરાના દર પ્રમાણે ૯૯.૫૧ કરોડ, ડેરી પ્રોડકટસની અંદર ૩૯.૨૬ કરોડ, ઓટોમોબાઇલ્સની અંદર ૧૫ ટકા પ્રમાણે ૨૪.૮૮ કરોડ, તમાકુ અને તમાકુ પ્રોડકટસમાં ૨૫ ટકા દર પ્રમાણે ૮.૬૮ કરોડ, મારબલ ગ્રેનાઇટમાં દર ૧૫ ટકા પ્રમાણે ૩.૩૬ કરોડ તે પ્રમાણેની આવક છે. બીજો જે પ્રશ્ન પૂછયો કે તાલુકાવાઇઝ કેટલી આવક છે. તો તેમાં પાલનપુરમાં ૧૨૦.૭૭ લાખ, વડગામમાં ૨.૮૯ લાખ, દાંતામાં ૪.૦૦લાખ, અમીરગઢમાં ૪.૬૫ લાખ, અમીરગઢમાં ૪.૬૫ લાખ, વાવમાં ૦.૦૩ લાખ, થરાદમાં ૧૨.૪૧ લાખ, ધાનેરામાં ૧૭.૩૭ લાખ, દાંતીવાડામાં ૦.૦૩ લાખ, ડીસામાં ૭૦.૫૮ કરોડ, દિયોદરમાં ૧૦.૯૨ કરોડ, ભાભરમાં ૧૧.૦૮ કરોડ, કાંકરેજમાં ૩.૭૬ કરોડ એમ ૨૦૧૩–૧૪માં ૨૫૯.૧૮ કરોડની આવક છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બનાસકાંઠાની અંદર દરેક તાલુકામાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આવક ઘટી છે. ઘટવાનું સૌથી મોટું કારણ હું જે સમજું છું તેમાં વેટમાં જે રીફંડ આપવામાં આવે છે તે રીફંડ આજે પણ ૬–૬ મહિના ૧૨–૧૨ મહિના સુધી નહીં મળવાને કારણે જે ચાર ટકા ટેક્સ છે તે છ ટકા જેટલો થઇ જતો હોય છે. એટલે તેના ઉપર ખેડૂતોને અને વેપારીઓને વધારે બોજો પડતો હોય છે. તો આ વેટના કારણે આવક ઘટી છે. આનો લક્ષ્યાંક શું હતો અને કેટલી આવક ઘટી છે?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના ડિફરન્સમાં કોઇ આવકનો ઘટાડો થયો નથી. ૨૦૧૨–૧૩માં ૨૨૮.૫૫ કરોડ આવક હતી અને વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર ૨૫૯.૧૮ કરોડ આવક હતી એટલે આ જોઇએ તો ૧૦ ટકા ઉપર ગ્રોથ રેટ આની અંદર દેખાયો છે જે રાજયની સરેરાશ કરતા વધારે ગ્રોથ રેટ છે. એટલે જે રાજયનો ગ્રોથ રેટ હતો એના કરતા બનાસકાંઠા જિલ્લાનો ગ્રોથ રેટ સારો છે. બીજી વાત કરી રીફંડની એમાં મારે સભ્યશ્રીને કહેવું છે કે ૨૦૧૩–૧૪માં ૩૧.૦૩ કરોડનું રીફંડ આપ્યું છે અને આજની તારીખમાં એ વર્ષના અંતમાં ૩ કરોડ રૂપિયાનું રીફંડ બાકી હતું.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઇ–પેમેન્ટ ભરવાથી ડિલરને શું ફાયદા છે, અને કેટલી બેન્કો ઇ–પેમેન્ટ સ્વીકારે છે, અને પત્રક મુજબ વેરા ન ભરતા વેપારી સામે શું પગલાં લેવામાં આવે છે?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો વેરો નથી ભરતા એની અંદર બેન્ક એટેચમેન્ટ કરવામાં આવે છે અને અંડર સેકશન ૪૪ નીચે કામગીરી કરવામાં આવે છે. બીજું, ટેમ્પરેરી એટેચમેન્ટ ઓન ફીકસ એન્ડ મુવેબલ એસેટ અંદર એકટ નં.૪૫ કરવામાં આવે છે, અને ત્રીજું વેટ એ સેકશન ૨૮ની અંદર એની જે સિક્યોરીટી અને સ્યોરીટી હોય એ બધું જપ્ત કરવામાં આવે છે. બીજું લેન્ડ રેવન્યુ કોડ નીચે પણ અનેક કામગીરી કરી આના પૈસા ઉઘરાવવામાં આવે છે. બીજો એમનો પ્રશ્ન હતો કે ઇ–પેમેન્ટમાં ફાયદા છે કે કેમ? એને ફિઝિકલ કોપી આપવી નથી પડતી અને સમયની બચત થાય છે અને પેમેન્ટની સિક્યોરીટી રહેતી હોય છે અને ગમે ત્યાંથી પૈસા આપી શકે છે.

શ્રી સી. કે. રાઉલજી : આ ૫ કોમોડીટી છે એમાં કઇ કોમોનીટીમાં વેચાણવેરાની આવક વધારે થઇ, અને કઇ કોમોડીટીમાં ઓછામાં ઓછી આવક થઇ એ મારે જાણવું છે?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં સૌથી વધારે જે આવક થઇ એમાં ઓઇડ શીડ્સમાં ૯૯.૫૧ કરોડની થઇ અને મારી પાસે જે ૨૦ કોમોડીટીના આંકડા અત્યારે અહીયા છે એની અંદર વર્કસ કોન્ટ્રેકટમાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૦.૧૨ કરોડની આવક થઇ છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે ડેરી પ્રોડકટ છે એ બનાસકાંઠા જિલ્લામાં ડેરી પ્રોડકટ ટેકસ ફ્રી કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**વાંસદા તાલુકામાં ૬૬ કે.વી. અંકલાછમાં સબસ્ટેશન**

* ૧૧૫૨૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન ક્યારે બનાવવામાં આવ્યું, અને | (૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં વાંસદા તાલુકામાં ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશનની બાંધકામની કામગીરી ૨૪–૦૧–૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ સબસ્ટેશન કાર્યરત છે કે કેમ અને જો ના, તો કેટલા સમયમાં તેને કાર્યરત કરવામાં આવશે ? | (૨) સદર વીજ સબસ્ટેશનની સંલગ્ન વીજ રેષાના ૨૩ લોકેશનો વન વિસ્તારમાંથી પસાર થાય છે. ભારત સરકાર વન વિભાગની મંજૂરી સપ્ટેમ્બર ૨૦૧૩માં અને આખરી હુકમ<br>તા. ૧૬–૧૨–૨૦૧૩ના રોજ મળ્યા બાદ હવે વીજ રેષાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વાંસદા તાલુકામાં ૬૬ કે.વી.અંકલાછમાં સબસ્ટેશન છેલ્લા ૪ વર્ષથી તૈયાર છે પણ દર વખતે મારો પ્રશ્ન આવે ત્યારે વીજ રેસાનો જવાબ આપવમાં

આવે છે. ફક્ત ૨૦ કી.મી. દૂર છે તો વીજ રેષા બનાવતા કેટલી વાર લાગે, અને કેટલો સમય જાય? ચાર ચાર વર્ષથી તૈયાર છે તો એ હવે કેટલા સમયમાં ચાલુ કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૪–૧–૨૦૧૧એ સ્ટાર્ટ કર્યું છે. ૨૫ કી.મી.ની લાઇન છે અને એની અંદર ૧.૫ કી.મી.ની લાઇન ફોરેસ્ટ અરિયામાંથી પસાર થાય છે. આપણે આની મંજૂરી ૩૦–૬–૨૦૧૦એ માગી હતી પણ એ ભોપાલમાં બે વર્ષ રહી અને બે વર્ષના અંતે ૧૯–૩–૨૦૧૩એ આપણને મંજૂરી મળી અને ત્યાર પછી આપણે તરત જ ૨૨–૩–૨૦૧૩ના રોજ પમેન્ટ ચૂકવી દીધું છે. આનો કોન્ટ્રેકટ અપાઇ ગયો છે અને આની અંદર ૧૯૧ ડી.પી. સ્ટ્રક્ચર અને ૪૧ ટાવરની કામગીરી છે અને ૧૯૧માંથી ૧૭૨ ડી.પી.નું કામ પૂર્ણ થયું છે, ૩૨ ટાવરનું કામ પૂરું થયું છે અને ૮ કી.મી.ની લાઇનનું કામ પણ પૂર્ણ થયું છે અને કોન્ટ્રેકટરને અનેક નોટિસ આપી છે અને કોન્ટ્રેકટર વહેલામાં વહેલીતકે કામગીરી પૂર્ણ કરે એ પ્રમાણે અમે જોવડાવીશું અને જો જરૂર લાગે અને કોન્ટ્રેકટર કામ વહેલીતકે પૂર્ણ નહીં કરે તો સરકાર કોન્ટ્રેકટર બદલીને બીજા કોન્ટ્રેકટર દ્વારા વહેલીતકે કામ પૂરું થાય તે જોઇશું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### મહેસાણા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૧૧૬૭ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂ. ૪૪૧.૭૫ કરોડ. |
| (૨) મહેસાણા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) કોટન/કોટન જીનીંગ<br>(૨) ઓઈલ અને ઓઈલ સીડ્સ<br>(૩) ઓટોમોબાઈલ્સ<br>(૪) ડેરી પ્રોડકટ્સ<br>(૫) એરકંડીશનર |

### ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસ

* ૧૧૧૬૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૪૫૦ આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી મહિલાઓના નામે ૧૬૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે |
| (૩) પતિ–પત્નીના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ? | (૩) પતિ–પત્નીના સંયુક્ત નામે ૨૫૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |

---------

### જામનગર જિલ્લામાં ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ

* ૧૨૩૦૭ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ખેડૂતોની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર પડતર છે, | (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતિ નીચે મુજબ છે. |

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ધ્રોલ | ૬૦૨૨ |
| જામજોધપુર | ૫૨૬૮ |
| જામનગર | ૭૫૫૫ |
| જોડિયા | ૩૩૪૨ |
| કાલાવડ | ૯૬૪૫ |
| લાલપુર | ૪૪૨૯ |

(૨) પડતર રહેવાના કારણો શાં છે,

(૩) પડતર અરજીઓનો નિકાલ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૨) અને (૩)

કૃષિ વીજ જોડાણ તેની નોંધણીના અગ્રતાક્રમ મુજબ આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવતા હોઈ અરજીઓ પડતર રહેવા પામેલ છે.

(૪) તમામ અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવનાર છે ?

(૪) તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ૪૧ વિકાસશીલ તાલુકાની ફાળવેલ ગ્રાન્ટની રકમ**

* ૯૧૦૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૪૧ વિકાસશીલ તાલુકાની ફાળવેલ ગ્રાન્ટમાં કેટલી રકમના કેટલા કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૪૧ વિકાસશીલ તાલુકામાં નીચે મુજબ ગ્રાંટ ફાળવેલ અને કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે.

(₹ લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ | સરકારશ્રીમાંથી ફાળવેલ ગ્રાંટ | વહીવટી મંજુરી આપેલ કામોની સંખ્યા | વહીવટી મંજૂરી આપેલ રકમ |
|---|---|---|---|---|
| નસવાડી | ૨૦૧૨–૧૩ | ૨૦૦.૦૦ | ૪૯ | ૧૮૫.૫૬ |
| | ૨૦૧૩–૧૪ | ૨૦૦.૦૦ | ૩૫ | ૧૯૯.૪૧ |
| | **કુલ** | **૪૦૦.૦૦** | **૮૪** | **૩૮૪.૯૭** |
| ક્વાંટ | ૨૦૧૨–૧૩ | ૨૦૦.૦૦ | ૧૫ | ૧૬૬.૭૩ |
| | ૨૦૧૩–૧૪ | ૨૦૦.૦૦ | ૨૭ | ૧૯૮.૭૭ |
| | **કુલ** | **૪૦૦.૦૦** | **૪૨** | **૩૬૫.૫૦** |
| જેતપુર પાવી | ૨૦૧૨–૧૩ | ૨૦૦.૦૦ | ૨૯ | ૨૦૦.૫૫ |
| | ૨૦૧૩–૧૪ | ૨૦૦.૦૦ | ૪૦ | ૧૯૫.૬૬ |
| | **કુલ** | **૪૦૦.૦૦** | **૬૯** | **૩૯૬.૨૧** |
| | **એકંદર કુલ** | **૧૨૦૦.૦૦** | **૧૯૫** | **૧૧૪૬.૬૮** |

(૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ખર્ચવાની બાકી છે ?

(૨) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૪૧ વિકાસશીલ તાલુકામાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

(₹ લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ | થયેલ ખર્ચ | ખર્ચવાની બાકી રકમ |
|---|---|---|---|
| નસવાડી | ૨૦૧૨–૧૩ | ૬૪.૧૧ | ૧૩૫.૮૯ |

| | | | |
|---|---|---|---|
| | ૨૦૧૩–૧૪ | ૯૯.૨૦ | ૧૦૦.૮૦ |
| | **કુલ** | **૧૬૩.૩૧** | **૨૩૬.૬૯** |
| ક્વાંટ | ૨૦૧૨–૧૩ | ૧૩૫.૮૮ | ૬૪.૧૨ |
| | ૨૦૧૩–૧૪ | ૧૦૪.૭૪ | ૯૫.૨૬ |
| | **કુલ** | **૨૪૦.૬૨** | **૧૫૯.૩૮** |
| જેતપુર પાવી | ૨૦૧૨–૧૩ | ૧૦૫.૦૯ | ૯૪.૯૧ |
| | ૨૦૧૩–૧૪ | ૮૬.૪૬ | ૧૧૩.૫૪ |
| | **કુલ** | **૧૯૧.૫૫** | **૨૦૮.૪૫** |
| | **એકંદર કુલ** | **૫૯૫.૪૮** | **૬૦૪.૫૨** |

---------

**વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો**

* ૧૧૨૨૦ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કામો હાથ ધરવામાં આવ્યા.

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ કામો |
|---|---|---|---|
| વલસાડ | ૨૩૧૫ | ૨૦૭૮ | ૪૩૯૩ |

(૨) મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષ નીચેની વિગતે તાલુકાવાર કામો હાથ ધરવામાં આવ્યા જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૮૭૩ | ૭૮૧ | ૧૬૫૪ |
| ૨ | કપરાડા | ૭૫૨ | ૪૯૫ | ૧૨૪૭ |
| ૩ | પારડી | ૩૩૫ | ૪૫૮ | ૭૯૩ |
| ૪ | ઉમરગામ | ૧૪૯ | ૧૬૦ | ૩૦૯ |
| ૫ | વલસાડ | ૨૦૬ | ૧૮૪ | ૩૯૦ |
| | **કુલ** | **૨૩૧૫** | **૨૦૭૮** | **૪૩૯૩** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૪૪૪.૧૧ | ૪૫૯.૩૭ | ૯૦૩.૪૮ |
| ૨ | કપરાડા | ૩૩૭.૨૭ | ૨૪૬.૮૦ | ૫૮૪.૦૭ |
| ૩ | પારડી | ૯૮.૭૦ | ૧૬૬.૧૧ | ૨૬૪.૮૧ |
| ૪ | ઉમરગામ | ૬૫.૨૪ | ૧૦૦.૮૯ | ૧૬૬.૧૩ |
| ૫ | વલસાડ | ૧૦૦.૩૧ | ૧૭૪.૮૩ | ૨૭૫.૧૪ |
| | **કુલ** | **૧૦૪૫.૬૩** | **૧૧૪૮.૦૦** | **૨૧૯૩.૬૩** |

---------

**રાજુલા તાલુકામાં આગરીયા ગામ પાસે નવું વિજ સબસ્ટેશન મંજૂર કરવા**

* ૧૧૧૩૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકામાં આગરીયા ગામ પાસે નવું વિજ સબ સ્ટેશન મંજૂર થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની પાછળ કેટલો ખર્ચ થશે, અને

**જવાબ**

(૧) હા, જી. રાજુલા તાલુકામાં આગરીયા ગામ પાસે નવું વિજ સબ સ્ટેશન બારમી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ છે.

(૨) રાજુલા તાલુકામાં આગરીયા નવું વિજ સબ સ્ટેશન બનાવવા પાછળ કુલ રૂા. ૫૨૫ લાખના ખર્ચ નો

(૩) તેની કામગીરી તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે ?

અંદાજ મૂકવામાં આવેલ છે.

(૩) રાજુલા તાલુકામાં આગરીયા ધુધીયા ગામ ખાતે સબ સ્ટેશન બનાવવા માટે ઉચિત સ્થળની પસંદગી કરવામાં આવેલ છે. જમીન ફાળવણી માટે કલેક્ટર કચેરી અમરેલીને
તા. ૧૯–૮–૨૦૧૩ના રોજ દરખાસ્ત કરવામાં આવેલ છે. તદઉપરાંત

- સબ સ્ટેશન ના સિવિલ બાંધકામ ના કામની નિવીદા કરવામાં આવેલ છે.
- સબ સ્ટેશનની સંલગ્ન વિજ રેષા ઉભી કરવાના કામ નો ઈજારો આખરી કરવામાં આવેલ છે.
- સબ સ્ટેશન ના ઈલેક્ટ્રીકલ કામની નિવીદા જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

કલેક્ટર અમરેલી દ્વારા જમીનની ફાળવણી થયે થી ૮ માસ માં સદર સબ સ્ટેશન કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની મળેલ દરખાસ્ત

* ૧૧૦૯૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની કેટલી દરખાસ્તો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) તે અન્વયે કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી બાકી છે, તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લો – ૧૦
સાબરકાંઠા જિલ્લો – ૦૭
કુલ – ૧૭

(૨) અરવલ્લી જિલ્લો – ૦૪
સાબરકાંઠા જિલ્લો – ૦૩
કુલ – ૦૭

(૩) (૧) કુલ –૦૮ બાકી છે.
અરવલ્લી જિલ્લો – ૦૫
સાબરકાંઠા જિલ્લો – ૦૩

(૨) સાબરકાંઠા જિલ્લાની એક (૦૧) અને અરવલ્લી જિલ્લાની એક (૦૧) દરખાસ્ત એમ મળી કુલ–૦૨ દરખાસ્તો નામંજૂર થયેલ છે.

(૩) જિલ્લા કક્ષાએથી ૦૮ દરખાસ્તો મળ્યેથી નિયત માપદંડ ચકાસી નિર્ણય કરવામાં આવશે.

---------

## નવસારી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો

* ૧૧૨૧૯ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં હાથ ધરવામાં આવેલ કામો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | હાથ ધરવામાં આવેલ કામો |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૩૦૪૬ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૨૯૬૭ |
| | **કુલ** | **૬૦૧૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | હાથ ધરવામાં આવેલ કામો | | કુલ |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | |
| ૧ | ચીખલી | ૬૦૬ | ૫૮૬ | ૧૧૯૨ |
| ૨ | ગણદેવી | ૩૯૮ | ૬૫૦ | ૧૦૪૮ |
| ૩ | જલાલપોર | ૨૧૭ | ૨૧૦ | ૪૨૭ |
| ૪ | નવસારી | ૨૮૫ | ૨૭૮ | ૫૬૩ |
| ૫ | વાંસદા | ૧૫૪૦ | ૧૨૪૩ | ૨૭૮૩ |
| | **કુલ** | **૩૦૪૬** | **૨૯૬૭** | **૬૦૧૩** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર થયેલ ખર્ચ ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **કુલ** |
| ૧ | ચીખલી | ૩૪૬.૪૬ | ૪૦૧.૫૨ | ૭૪૭.૯૮ |
| ૨ | ગણદેવી | ૫૦૮.૨૩ | ૩૭૭.૬ | ૮૮૫.૮૩ |
| ૩ | જલાલપોર | ૧૮૬.૩૩ | ૨૦૬.૧૯ | ૩૯૨.૫૨ |
| ૪ | નવસારી | ૩૨૨.૩૮ | ૨૭૪.૦૪ | ૫૯૬.૪૨ |
| ૫ | વાંસદા | ૮૨૧.૪૧ | ૬૨૭.૩૧ | ૧૪૪૮.૭૨ |
| | **કુલ** | **૨૧૮૪.૮૧** | **૧૮૮૬.૬૬** | **૪૦૭૧.૪૭** |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

* ૧૧૧૯૧ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા
તા.૩૧-૩-૧૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂા. લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૪ | ૩૬૭ | ૨૫.૦૮ | ૧૧.૬૪ | ૧૩.૪૪ |
| ૨૦૧૩-૧૪ | ૯૩ | ૧૩૪૭ | ૮૫.૫૮ | ૪૨.૫૮ | ૪૩.૦૦ |
| **કુલ** | **૧૧૭** | **૧૭૧૪** | **૧૧૦.૬૬** | **૫૪.૨૨** | **૫૬.૪૪** |

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં બેકવર્ડ રીજીયન ગ્રાન્ટ ફંડ યોજના**

* ૯૯૫૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બેકવર્ડ રીજીયન ગ્રાન્ટ ફંડ યોજના અંતર્ગત તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી ગ્રાન્ટ આપવામાં આવી હતી અને ખરેખર કેટલો ખર્ચ થયો, અને

(૩) ઓછો ખર્ચ થયાના મુખ્યત્વે શાં કારણો છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા રૂા. ૩૪૩૧.૦૦ લાખ
બનાસકાંઠા રૂા. ૩૫૨૫.૨૦ લાખ
**કુલ :- રૂા. ૬૯૫૬.૨૦ લાખ**

(૨)

| | **મળેલ ગ્રાન્ટ (લાખમાં)** | **ખરેખર થયેલ ખર્ચ (લાખમાં)** |
|---|---|---|
| સાબરકાંઠા | રૂા. ૨૧૬૩.૦૦ | રૂા. ૩૪૩૧.૦૦ |
| બનાસકાંઠા | રૂા. ૧૪૦૨.૦૦ | રૂા. ૩૫૨૫.૨૦ |
| **કુલ:** | **રૂા. ૩૫૬૫.૦૦** | **રૂા. ૬૯૫૬.૨૦** |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર શહેર અને જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૧૧૭૩ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાધાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ભાવનગર શહેર અને જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૨) ભાવનગર શહેર અને જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

**જવાબ**

(૧)

| **ભાવનગર શહેર** | **ભાવનગર જિલ્લો** |
|---|---|
| રૂા. ૬૯૫.૬૦ કરોડ | રૂા. ૮૧૩.૨૬ કરોડ |

(૨)

| **ભાવનગર શહેર** | **ભાવનગર જિલ્લો** |
|---|---|
| (૧) શીપ બ્રેકર્સ | (૧) શીપ બ્રેકર્સ |
| (૨) ગેસ | (૨) ગેસ |
| (૩) તમાકુ | (૩) તમાકુ |
| (૪) ઓટોમોબાઈલ્સ | (૪) ઓટોમોબાઈલ્સ |
| (૫) આયર્ન અને સ્ટીલ | (૫) કોટન |

---------

**મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો**

* ૧૧૧૮૪ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જીલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન રૂપિયા ૩૮૫.૭૧ લાખના ખર્ચે ૬૭૪૨ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

---------

**જોડિયા તાલુકાના ઉંડ તથા આજી નદીમાં ગેરકાયદે રેતીનું ખનન કરી ખનીજ ચોરી**

* ૧૧૯૬૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકા ઉંડ તથા આજી નદીમાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગેરકાયદેસર રેતીનું ખનન કરી ખનિજ ચોરી થઇ રહી છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉંડ તથા આજી નદીમાંથી ખનીજ ચોરી કરી રેતી લઇ જતા ઇસમોને અટકાવવા કેટલા દરોડા પાડી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો, અને | (૧) અને (૨) : છેલ્લા બે વર્ષમાં ઉંડ તથા આજી નદીમાંથી ખનીજ ચોરી કરી રેતી લઈ જતા ઈસમોને અટકાવવા ૧૮ દરોડા પાડી રૂા. ૪,૫૨,૭૩૬/– દંડ વસૂલ કરવામાં આવ્યો. |
| (૩) ક્યા ક્યા વાહનો દરોડા દરમ્યાન અટકાયત કરી તેની સામે ક્યા કાનુની પગલાં હાથ ધરવામાં આવ્યા ? | (૩) ખનિજ વહન કરતા વાહનો જેવા કે ટ્રક, ટ્રેક્ટર, ડમ્પર દરોડા દરમ્યાન અટકાયત કરી, ગેરકાયદેસર વહન બદલ નોટીસો આપી દંડકીય રકમની વસૂલાતની કાર્યવાહી કરવામાં આવી તથા એક કિસ્સામાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં કાર્યરત સબસ્ટેશનો**

* ૧૧૧૮૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કુલ ૫૩ સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ૪ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી તમામે તમામ આયોજીત ૪ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) રૂા. ૧૭૬૦.૮૫ લાખ ખર્ચ થયેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૧૨૦૭ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, | (૧) ૧૪ (ચૌદ) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઇ, | (૨) ૬ (છ) |
| (૩) કેટલી ગ્રામ પંચાયતો બીજી વાર સમરસ થઇ, | (૩) ૪ (ચાર) |
| (૪) કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ, અને | (૪) ૪ (ચાર) |
| (૫) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૫) રૂા. ૪૯,૩૭,૫૦૦/– (રૂપિયા ઓગણપચાસ લાખ સાડત્રીસ હજાર પાંચસો) |

---------

**અમરેલી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૧૧૧૫૬ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ઼ા. ૧/- લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં અમરેલી જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩-૧૪માં અમરેલી જિલ્લામાં ૪૫૦ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂ઼ા. ૪૨૩.૧૮ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ ત્રેવીસ લાખ અઢાર હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

---------

**લખપત તાલુકાના ગુનેરી ગ્રામ પંચાયતમાં ગેરકાયદેસર માઈનીંગ લીઝ**

૧૧૨૯૩ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ગ્રામ પંચાયતના સર્વે નં.૩૨૩ P.A. માં માઈનીંગ લીઝની મુદત પૂર્ણ થઇ ગયેલ હોવા છતાં ગેરકાયદેસર માઈનીંગ કરવામાં આવેલ છે, શું તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) અને (૨) : તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જીલ્લાના લખપત તાલુકાના ગુનેરી ગામના સર્વે નં. ૩૨૩માં મંજુર થયેલ ૨ (બે) માઈનીંગ લીઝની મુદત પુરી થતાં પહેલાં રીન્યુઅલ અરજીઓ થયેલ હોવાથી ગેરકાયદેસર માઈનીંગ કે ખનિજ ચોરી થયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ખનીજ ચોરી કરનારાઓ સામે લીધેલા કે લેવા ધારેલાં પગલાંની વિગત શી છે ? | |

---------

**કચ્છ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવા**

૧૧૧૯૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવી છે કે કેમ, અને | (૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસુલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે.<br><br>આ ઉપરાંત વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં થતાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસુલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચુકવવામાં આવે છે.<br>આ ઉપરાંત, તા. ૧/૧૦/૧૨ના ઠરાવથી રાજ્યમાં ઓછા તથા મોડા થયેલા વરસાદને લીધે ખેડૂતોને થયેલ નુકસાનમાં રાહત આપવા માટે ખેડૂતોને તેમના વીજ વપરાશના બિલમાં એક વર્ષ (૨૦૧૨-૧૩) માટે ૫૦% રાહત આપેલ હતી. |
| (૨) જો હા, તો તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ | (૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર |

છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

દ્વારા કચ્છ જિલ્લાનાં ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી. | ૮૬.૫૦ | ૯૫.૯૫ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી. | ૬૬.૩૮ | ૬૬.૧૧ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી. | ૯૩.૭૪ | ૧૧૨.૮૦ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત. | ૩૧.૮૬ | -- |
| | **કુલ** | **૨૭૮.૪૮** | **૨૭૪.૮૬** |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૩૩૧૦૪ | ૩૫૮૧૧ |

---------

## વડોદરા જિલ્લામાં વિજ બીલના નાણા વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

૧૧૧૯૪ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૩-૧૪ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂા. લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૫ | ૧૧૦ | ૨૧.૪૦ | ૧૮.૧૮ | ૩.૨૨ |
| ૨૦૧૩-૧૪ | ૬૬ | ૧૫૪૦ | ૮૭.૪૭ | ૪૮.૯૪ | ૩૮.૫૩ |
| **કુલ** | **૭૧** | **૧૬૫૦** | **૧૦૮.૮૭** | **૬૭.૧૨** | **૪૧.૭૫** |

---------

## રાજ્યમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ

૧૧૦૫૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવ્યા ?

**જવાબ**

૩૨૪ (ત્રણસો ચોવીસ)

---------

## પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહન અનુદાન

૧૧૨૧૨ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને પ્રથમ વખત

**જવાબ**

(૧) ૨૮ (અઠ્ઠયાવીસ)

(૨) ૧૦ (દસ)

ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૩) ૧૧ (અગીયાર)

(૪) કેટલી ગ્રામ પંચાયતોને ત્રીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, અને | (૪) ૭ (સાત)

(૫) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ ખાસ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવામાં આવેલ છે ? | (૫) રૂા. ૧,૧૭,૩૭,૫૦૦/- (રૂપિયા એક કરોડ સત્તર લાખ સાડત્રીસ હજાર પાંચસો)

---------

**સાબરકાંઠા જિલ્લામાં ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ**

૧૧૨૦૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે આ મુજબ અરજીઓ મળી

| તાલુકો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| બાયડ | ૧૫ | ૦ |
| ભિલાડો | ૩૬ | ૦ |
| ધનસુરા | ૦ | ૦ |
| ઈડર | ૧૨૪ | ૮૬ |
| હિંમતનગર | ૪૮ | ૭૦ |
| ખેડબ્રહ્મા | ૧૫ | ૦ |
| મોડાસા | ૦ | ૦ |
| મેઘરજ | ૦ | ૦ |
| માલપુર | ૦ | ૦ |
| પ્રાંતિજ | ૦ | ૦ |
| તલોદ | ૧૧ | ૨૧ |
| વડાલી | ૦ | ૨૮ |
| વિજયનગર | ૦ | ૦ |
| **કુલ** | **૨૪૯** | **૨૦૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) બાયડ તાલુકાની ૬ અરજીઓ પડતર છે.

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ

---------

**ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૧૧૪૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૦

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા ? | (૨) ૩૧૧૪

---------

**અમરેલી જિલ્લામાં ગુજરાત વિજ અધિનિયમ–૨૦૦૩ ની જોગવાઇ મુજબ નોંધાયેલ કેસો**

૧૧૦૮૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ગુજરાત વિજ અધિનિયમ–૨૦૦૩ ની જોગવાઇ મુજબ કલમ નંબર –૧૨૬ અને કલમ નંબર–૧૩૫ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કેસો નોંધવામાં આવેલ છે,

(૨) તે પેટે શાં દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ઉપરોક્ત કાર્યવાહીથી વિજ વપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દૂષણ ડામવાની પ્રક્રિયામાં શાં લાભાલાભ થયા ?

**જવાબ**

(૧) વિજ અધિનિયમ–૨૦૦૩ની કલમ ૧૨૬ અને ૧૩૫ અંતર્ગત તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નોંધવામાં આવેલા કેસોની તાલુકાવાર માહિતી પત્રક "અ" માં સામેલ છે.

(૨) કલમ ૧૨૬ હેઠળ નોંધાયેલ ૨૨૧૬૩ કેસમાં રૂપિયા ૪૦૨ લાખના પુરવણી બીલો આપવામાં આવ્યા છે. જે પૈકી ૧૮૨.૮૮ લાખની વસુલાત થયેલ છે. અન્ય રકમ વસુલાતની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે અને ૩૮૭૫ વીજ જોડાણ કાપવામાં આવ્યા છે.

જ્યારે કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ ૧૪૭૭૨ કેસમાં રૂપિયા ૪૪૦.૮૫ લાખના પુરવણી બીલ આપવામાં આવેલ છે જે પૈકી ૧૦૦.૨૦ લાખની વસુલાત કરવામાં આવી છે ૪૭૫૨ વીજ જોડાણ કાપવામાં આવ્યા છે અને તે ઉપરાંત પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ છે.

(૩) વિજ અધિનિયમ–૨૦૦૩ની કલમ ૧૨૬ અને ૧૩૫ હેઠળ વીજ કંપનીએ હાથ ધરેલ આ કાર્યવાહીને કારણે :

- વીજ કંપનીઓની આવકમાં વધારો નોંધાય છે,
- અમરેલી જિલ્લાની વીજ બીલ સંદર્ભે વર્ષ ૨૦૧૨–૧૩માં રૂપિયા ૪૨૦.૬૯ કરોડની આકારણી હતી તે વધીને વર્ષ ૨૦૧૩–૧૪માં રૂપિયા ૪૯૦.૩૩ કરોડ થવા પામેલ છે.
- અમરેલી જિલ્લાના ટ્રાન્સમિશન અને ડીસ્ટ્રીબ્યુશન લોસ (T & D Losses) માં ૬.૫%નો ધરખમ ઘટાડો નોંધાયો છે.
- વીજ વપરાશમાં ચોરીનું દૂષણ ઘટવાથી વીજ કંપનીની આવકમાં તેટલો વધારો નોંધાય છે. આ વધારાની આવક થકી વીજ કંપની આંતર માળખાકીય સુધારણામાં વધુ રોકાણ કરી ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પુરો પાડવાના સરકારના પ્રયત્નોમાં મહત્તમ યોગદાન આપી શકે છે.

**પત્રક–''અ''**

| | **તારીખ ૧–૦૬–૨૦૧૨ થી તા. ૩૧–૦૫–૨૦૧૩** | | **તારીખ ૧–૦૬–૨૦૧૩ થી તા. ૩૧–૦૫–૨૦૧૪** | |
|---|---|---|---|---|
| **તાલુકો** | **કલમ ૧૨૬ હેઠળ નોંધાયેલ કેસો** | **કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ કેસો** | **કલમ ૧૨૬ હેઠળ નોંધાયેલ કેસો** | **કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ કેસો** |
| અમરેલી | ૧૫૧૬ | ૧૭૦૯ | ૧૪૮૪ | ૫૭૪ |
| લાઠી | ૮૭૭ | ૯૨૭ | ૮૦૬ | ૩૨૪ |
| લીલીયા | ૩૬૫ | ૪૧૪ | ૩૨૫ | ૧૫૩ |
| બાબરા | ૮૪૨ | ૧૦૮૦ | ૮૨૭ | ૨૭૨ |
| ધારી | ૧૧૭૦ | ૧૨૨૫ | ૧૧૮૨ | ૫૭૬ |
| બગસરા | ૬૯૮ | ૧૭૩ | ૮૪૧ | ૨૨૦ |
| કુંકાવાવ | ૮૬૪ | ૧૨૬૭ | ૧૧૦૫ | ૪૧૯ |

| | | | | |
|---|---|---|---|---|
| સાવરકુંડલા | ૨૨૧૨ | ૧૪૧૨ | ૨૩૩૬ | ૭૭૬ |
| જાફરાબાદ | ૫૦૨ | ૬૨૬ | ૫૬૫ | ૨૫૯ |
| ખાંભા | ૪૦૫ | ૪૬૭ | ૭૧૨ | ૩૧૩ |
| રાજુલા | ૧૦૯૦ | ૧૦૭૧ | ૧૪૩૯ | ૫૧૫ |

---------

**કચ્છ જિલ્લામાં કાર્યરત સબસ્ટેશનો**

૧૧૧૭૯ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કુલ ૯૪ સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ૧૮ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી તમામે તમામ આયોજીત ૧૮ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) રૂ।. ૧૧૧૬૪.૩૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

૧૧૧૭૦ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂ।. ૧૬૧.૬૦ કરોડ |
| (૨) દેવભૂમિ દ્વારાકા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ<br>(૨) સોડા એશ<br>(૩) કોલસો<br>(૪) ખાદ્ય તેલ<br>(૫) બોક્સાઈટ |

---------

**ખેડા જિલ્લામાં ગૌચરના દબાણો**

૧૦૫૯૦ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગૌચરના દબાણો થયેલા છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર ગૌચરના દબાણો નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગૌચર દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧. | નડીયાદ | ૫૪ |
| ૨. | કપડવંજ | ૪ |
| ૩. | ઠાસરા | ૬ |
| ૪. | માતર | ૩ |
| ૫. | મહેમદાવાદ | ૦ |
| ૬. | ખેડા | ૧૨ |
| ૭. | બાલાશિનોર | ૦ |
| ૮. | મહુધા | ૦ |
| ૯. | કઠલાલ | ૦ |
| ૧૦. | વિરપુર | ૦ |
| | **કુલ** | **૭૯** |

(૨) આ ગૌચરના દબાણો કેટલા સમયમાં દૂર કરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

---------

**ભરૂચ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો**

૧૧૨૧૮ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હાથ ધરવામાં આવેલ કામો

| ક્રમ | વર્ષ | હાથ ધરવામાં આવેલ કામો |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૩૪૩૮ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૪૧૯૮ |
| | **કુલ** | **૭૬૩૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરવામાં આવેલ કામો

| ક્રમ | તાલુકાનું નામ | હાથ ધરવામાં આવેલ કામો | |
|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
| ૧ | જંબુસર | ૨૨૪ | ૨૬૭ |
| ૨ | આમોદ | ૯૪ | ૧૪૧ |
| ૩ | વાગરા | ૯૫ | ૧૦૧ |
| ૪ | ભરૂચ | ૨૦૯ | ૨૯૫ |
| ૫ | અંકલેશ્વર | ૧૦૩ | ૨૩૫ |
| ૬ | હાંસોટ | ૧૧૧ | ૧૧૯ |
| ૭ | વાલિયા | ૯૧૫ | ૧૨૧૮ |
| ૮ | ઝઘડિયા | ૧૬૮૭ | ૧૮૨૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ | |
|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
| ૧ | જંબુસર | ૧૩૬.૦૬ | ૨૬૫.૫૮ |
| ૨ | આમોદ | ૩૧.૧૫ | ૪૯.૯૬ |
| ૩ | વાગરા | ૧૭.૩૯ | ૨૫.૯૮ |
| ૪ | ભરૂચ | ૪૯.૭૨ | ૬૩.૦૧ |
| ૫ | અંકલેશ્વર | ૪૨.૦૨ | ૩૩.૫૬ |
| ૬ | હાંસોટ | ૬૫.૩૮ | ૪૦.૯૨ |
| ૭ | વાલિયા | ૨૯૧.૭૨ | ૨૨૫.૯૭ |
| ૮ | ઝઘડિયા | ૧૫૮.૮૦ | ૧૮૨.૭૭ |

---------

**આણંદ જિલ્લામાં વીજ જોડાણની પડતર અરજીઓ**

૧૨૬૨૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારોમાં રહેણાંક હેતુસર વિજ જોડાણ બિન ખેતી મંજૂરી વગર ન આપવા બાબતનો પરિપત્ર ક્યારે કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં બીન ખેતી મંજૂરી વગર રહેણાંક હેતુસર વિજ જોડાણ ન આપવા બાબતનો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં સબડીવીઝન વાર કેટલી અરજીઓ પડતર, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્તિતિએ આણંદ જિલ્લામાં સબ ડીવીઝન વાર પડતર અરજીઓ અને છેલ્લા એક વર્ષમાં નામંજુર કરવામાં આવેલ અરજીઓની વિગત પત્રક “અ” માં સામેલ છે.

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**પત્રક–અ**

| પેટા વિભાગીય કચેરીનું નામ | છેલ્લા એક વર્ષમાં નામંજુર કરવામાં આવેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| આણંદ ઉત્તર | ૨૬ | ૩ |
| આણંદ દક્ષિણ | ૨૫ | ૨ |
| ઉમરેઠ ગ્રામ્ય | ૧૩ | ૧૧ |
| મોગરી | ૦ | ૦ |
| ભાલેજ | ૨ | ૦ |
| પેટલાદ ગ્રામ્ય | ૧૧૨ | ૨૯ |
| ખંભાત ગ્રામ્ય | ૧૦૭ | ૧૫ |
| સોજીત્રા | ૭૫ | ૧૧ |
| તારાપુર | ૫૦ | ૩૮ |
| બોરસદ ગ્રામ્ય | ૯૮ | ૧૬ |
| આંકલાવ | ૩૭૬ | ૧૦ |
| રાસ | ૩૦ | ૧૦ |
| વાસદ | ૫ | ૧ |

---------

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મંજૂર કરેલ આવાસો**

૧૧૧૬૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૨–૧૩માં અમદાવાદ જિલ્લામાં કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી મહિલાના નામે કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) પતિ–પત્નીના સંયુક્ત નામે કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૨–૧૩માં અમદાવાદ જિલ્લામાં ૧૭૩૯ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહિલાના નામે ૧૬૯૪ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) પતિ–પત્નીના સંયુક્ત નામે ૪૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા/ઝૂપડપટ્ટીઓની સંખ્યા**

૧૧૧૧૭ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર જિલ્લાવાર ઝુંપડા/ઝુંપડપટ્ટીઓની સંખ્યા કેટલી છે તથા તે માટે ક્યારે ગણતરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઝુંપડા/ઝુંપડપટ્ટીઓનો નહીં પરંતુ કાચા આવાસોનો સર્વે વર્ષ ૨૦૧૨–૧૩માં કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

જૂનાગઢ જિલ્લો–

| તાલુકાનું નામ | સર્વે મુજબ કાચા આવાસોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| જૂનાગઢ | ૧૦૪૬ |
| ભેંસાણ | ૭૭૪ |
| વંથલી | ૨૫૨૭ |
| માણાવદર | ૩૦૩૨ |
| કેશોદ | ૧૭૫૮ |
| મેંદરડા | ૨૫૮૧ |
| માંગરોલ | ૧૯૬૯ |
| માળીયા | ૪૦૩૯ |
| વિસાવદર | ૪૬૦ |
| **કુલ** | **૧૮૧૮૬** |

(૨) ગીર–સોમનાથ જિલ્લો–

| **તાલુકાનું નામ** | **સર્વે મુજબ કાચા આવાસોની સંખ્યા** |
|---|---|
| વેરાવળ | ૩૬૪૭ |
| કોડીનાર | ૩૭૯૫ |
| તાલાલા | ૧૫૪૪ |
| સુત્રાપાડા | ૪૮૮૪ |
| ઉના | ૧૧૬૧૦ |
| **કુલ** | **૨૫૪૮૦** |

(૨) રાજ્ય સરકાર દ્વારા આ ઝુંપડા/ઝુંપડપટ્ટીઓની જગ્યાએ પાકા મકાનો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શાં પગલાંઓ લીધા?

(૨) કાચા આવાસોને પાકા કરવા માટે સરદાર આવાસ યોજના તેમજ ઈન્દિરા આવાસ યોજના અમલમાં છે. વધુમાં તા. ૧૮–૨–૨૦૧૪ના ઠરાવથી બીપીએલ સિવાયના લાભાર્થીઓ માટેની સરદાર આવાસ યોજના–૨ જાહેર કરવામાં આવેલ છે.

---------

**વાણિજ્યિક વેરા વિભાગ દ્વારા ઇ–સેવાઓ પુરી પાડવા**

૧૧૧૩૩ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વાણિજ્યિક વેરા વિભાગ દ્વારા વેપારી વર્ગને કઇ ઇ–સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(૨) આ ઇ–સેવાઓ શરૂ થયા કેટલા વેપારીઓએ આનો લાભ લીધેલ છે તથા તેનાથી વેપારીને શાં ફાયદો થયેલ છે, અને

**જવાબ**

(૧)
(૧) ઈ–રજિસ્ટ્રેશન
(૨) ઈ–રીટર્ન
(૩) ઓન લાઈન સીએસટી ફોર્મ્સ (સી/એચ/એફ)
(૪) ઈન્ફોર્મ ઈ–વે બીલ (૪૦૨–૪૦૩ ફોર્મ્સ)
(૫) ઈ–રીફંડ અરજી
(૬) ઈ–નિવારણ
(૭) આઈ.ટી.સી. પ્રોફાઈલ

(૨)

| **ઈ–સેવા** | **વેપારીની સંખ્યા** |
|---|---|
| (૧) ઈ–રજિસ્ટ્રેશન | ૮૫૧૨૭ |
| (૨) ઈ–રીટર્ન | ૩૭૫૦૪૪ |
| (૩) ઓન લાઈન સીએસટી ફોર્મ્સ (સી/એચ/એફ) | ૧૧૩૬૩૨ |
| (૪) ઈન્ફોર્મ ઈ–વે બીલ (૪૦૨–૪૦૩ ફોર્મ્સ) | ૩૦૭૭૩ |
| (૫) ઈ–રીફંડ અરજી | ૬૫૭૭ |
| (૬) ઈ–નિવારણ | ૧૦૨ |
| (૭) આઈ.ટી.સી. પ્રોફાઈલ | ૨૧૧૬૧૮ |

**વેપારીને થયેલ ફાયદા**

(૧) E-Services 24*7 મળી રહે છે.
(૨) વ્યક્તિગત કચેરીની મુલાકાત ઘટેલ છે.
(૩) Paperless તથા ચોક્કસ ઝડપી સેવા મળી રહે છે.

(૩) ઇ–સેવાઓના પરિણામે સરકારની આવકમાં કેટલી વૃધ્ધિ થયેલ છે?

(૩) ઇ–સેવાઓ પુરી પાડવાનો હેતુ વેપારીઓને સુવિધા આપવાનો છે.

---------

**મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના**

૧૧૧૪૨ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૬૧૨ |
| ૨ | કડી | ૪૧૦ |
| ૩ | વિજાપુર | ૩૬૧ |
| ૪ | બેચરાજી | ૨૮૫ |
| ૫ | વિસનગર | ૭૦૯ |
| ૬ | વડનગર | ૪૯૯ |
| ૭ | ખેરાલુ | ૫૧૪ |
| ૮ | ઉંઝા | ૬૦૦ |
| ૯ | સતલાસણા | ૧૪૭ |
| | **કુલ** | **૫૧૩૭** |

(૨) તે પૈકી કુલ ૩૧૧૫ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) રૂ.૩૪૯.૯૮ લાખની સહાય મંજૂર કરવામાં આવી.

---------

**ખેડા જિલ્લામાં વેટની આવક**

૧૧૦૭૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં વેટની કેટલી આવક છેલ્લા બે વર્ષમાં થઇ,

(૨) આ સ્થિતિએ કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં વસુલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસુલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ક્યા પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) (રૂ. કરોડમાં)

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૯૯.૯૪ |
| ૨૦૧૩–૧૪ | ૨૧૪.૧૨ |
| એપ્રિલ–મે–૨૦૧૪ | રૂ. ૪૪–૯૭ |

(૨) રૂ. ૧૬.૯૧ કરોડ

(૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજનામાં ગામોને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૨૧૧ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના

**જવાબ**

(૧) હા, જી.

પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા ટકા ગ્રાન્ટ કઇ રીતે આપવામાં આવે છે,

(૨) તા. ૨૬–૨–૨૦૧૪ના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ અનુસાર નીચે મુજબ ગ્રાન્ટ આપવામાં આવે છે.

(અ) નિયત માપદંડ મુજબ મળેલ માર્કસ આધારે.

| | | |
|---|---|---|
| (૧) | ૯૧ થી ૧૦૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયત | સફાઇવેરા/ગટરવેરાની વસુલાત કરેલ રકમની ડબલ રકમ સહાયક ગ્રાન્ટ રૂ.૧,૦૦,૦૦૦/–ની મર્યાદામાં. |
| (૨) | ૮૧ થી ૯૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયત | સફાઇવેરા/ગટરવેરાની વસુલાત કરેલ રકમના ૧૫૦ ટકા સહાયક ગ્રાન્ટ રૂ.૭૦,૦૦૦/–ની મર્યાદામાં. |
| (૩) | ૬૧ થી ૮૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયત | સફાઇવેરા/ગટરવેરાની વસુલાત કરેલ રકમના ૧૦૦ ટકા સહાયક ગ્રાન્ટ રૂ.૫૦,૦૦૦/–ની મર્યાદામાં. |

(બ) વસુલાતની ટકાવારીના આધારે.

| | | |
|---|---|---|
| (૧) | ૫૦ ટકા કે તેથી વધુ વસુલાત. | સફાઇવેરાની વસુલાત કરેલ રકમની ડબલ રકમ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે. |

(૩) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના કેટલા ગામોને આવી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૩) વર્ષ ૨૦૧૨–૧૩ : ૧૩૬ ગામોને ગ્રાન્ટ આપવામાં આવી.
વર્ષ ૨૦૧૩–૧૪ : ૧૬૬ ગામોને ગ્રાન્ટ આપવામાં આવી.

(૪) તે ગામો ક્યા ક્યા છે?

(૪) *યાદી સામેલ છે.

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## સુરત જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

૧૧૧૫૧ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૯૧૨ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૨૩૮ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૧૮,૧૫,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

૧૧૧૫૪ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૪૧૧ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૬૮૯ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ

આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે?

આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૫૮,૭૪,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં જમીનોમાં ટન ઉત્ખનન માટેની મંજૂર કરેલ લીઝો**

૧૧૦૮૧ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી,

(૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલાં લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) *પત્રક મુજબ.

(૨) તા. ૦૧-૦૬-૨૦૧૨ થી ૩૧-૦૫-૨૦૧૩ દરમ્યાન ૧ (એક) વખત તથા તા. ૦૧-૦૬-૨૦૧૩થી ૩૧-૦૫-૨૦૧૪ દરમ્યાન ૨ (બે) વખત સ્થળ તપાસ કરવામાં આવેલ છે જેમાં ૧ (એક) લીઝ ધારકની તથા ૧ (એક) બ્લોક ધારકની ગેરરીતી સામે આવી.

(૩) દંડકીય રકમની વસુલાત કરી.
| | **કુલ** | **૬૧૬૧** | **૨૫૮૮** | **૮૭૪૯** |

---------

**દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના પંચાયતોએ પોતાના મકાનો ના હોવા બાબત**

૧૧૧૦૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ કેટલી ગ્રામ પંચાયતો આવેલ છે, તે અન્વયે તાલુકાવાર કેટલી પંચાયતોને પોતાના મકાનો નથી,

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૫૨૨ ગ્રામ પંચાયતો આવેલ છે.

| તાલુકાનું નામ | કૂલ ગ્રામ પંચાયતની સંખ્યા | પોતાના મકાનો નથી તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| દાહોદ | ૭૮ | ૨ |
| ગરબાડા | ૩૮ | ૦ |
| ઝાલોદ | ૯૯ | ૧૧ |
| ફતેપુરા | ૬૫ | ૧૧ |
| લીમખેડા | ૧૦૫ | ૧૮ |
| ધાનપુર | ૫૯ | ૧ |
| દે.બારીયા | ૭૮ | ૨ |
| **કુલ** | **૫૨૨** | **૪૫** |

(૨) જે પંચાયતોને પોતાના મકાનો નથી તેના માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર અને રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ પંચાયતોના મકાનોનો સમાવેશ કરવાનું આયોજન છે.

(૩) કેટલા સમયમાં પાકા મકાનો બનાવવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**ખેડા જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ**

૧૨૧૩૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ વર્ષવાર મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ઘરથાળના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | નડીઆદ | ૦ | ૦ |
| ૨ | મહુધા | ૦ | ૨૫ |
| ૩ | કઠલાલ | ૦ | ૦ |
| ૪ | કપડવંજ | ૦ | ૦ |
| ૫ | ખેડા | ૬૬ | ૦ |
| ૬ | માતર | ૯૭ | ૦ |
| ૭ | મહેમદાવાદ | ૧૧ | ૧૩ |
| ૮ | ઠાસરા | ૦ | ૦ |
| ૯ | બાલાશિનોર | ૦ | ૧૫ |
| ૧૦ | વિરપુર | ૦ | ૦ |
| | **કુલ** | **૧૭૪** | **૫૩** |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા લોકોને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨)

| | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| કુલ | ૧૬૮ | ૩૨ |

(૩) કેટલા લોકોને ઘરથાળના પ્લોટ આપવાના બાકી છે?

(૩) શૂન્ય.

---------

**વડોદરા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથોનું બેંક ધિરાણ**

૧૧૧૬૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે,

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં વડોદરા જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧-લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં વડોદરા જિલ્લામાં ૧૩૪૫ સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) રૂા. ૧૨૮૯.૧૩ લાખ (અંકે રૂપિયા બાર કરોડ નેવ્યાસી લાખ તેર હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

**અમદાવાદ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથની રચના**

૧૧૧૪૮ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ૬૮૫ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૨૦૦ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૨૦,૦૩,૦૦૦- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં મેડીકલ રીઈમ્બર્સમેન્ટ મેળવતા પેન્શનરો**

૧૧૧૭૭ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલાં પેન્શનરો મેડીકલ રીઈમ્બર્સમેન્ટ મેળવે છે ?

**જવાબ**

૧૦૦૨૦.

---------

**અમદાવાદ જિલ્લામાં વીજ બીલના નાણા વસુલવા માટે લોક અદાલતોનું આયોજન**

૧૧૧૯૩ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા
તા.૩૧-૩-૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતાં નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં અમદાવાદ જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ | નિકાલ કરવામાં | નિકાલ કેસોમાં | સ્થળ પર વસુલાત | હપ્તાથી વસુલાત |
|---|---|---|---|---|---|

| | લોક અદાલતની સંખ્યા | આવેલ કેસોની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂા. લાખમાં) | કરવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | કરવાની બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૫ | ૧૬૪ | ૧૦.૦૭ | ૫.૭૫ | ૪.૩૨ |
| ૨૦૧૩–૧૪ | ૭૧ | ૯૮૬ | ૫૯.૯૯ | ૩૩.૧૭ | ૨૬.૮૨ |
| **કુલ** | **૯૬** | **૧૧૫૦** | **૭૦.૦૬** | **૩૮.૯૨** | **૩૧.૧૪** |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

૧૧૧૫૨ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૩૪૩ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૧૧૧ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૧૩,૪૨,૦૦૦/– રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસ**

૧૧૧૬૪ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૨–૧૩માં ભરૂચ જિલ્લામાં કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી મહિલાના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) પતિ–પત્નીના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૨–૧૩માં ભરૂચ જિલ્લામાં ૪૭૧૬ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહિલાના નામે ૪૦૮૯ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) પતિ–પત્નીના સંયુક્ત નામે કોઈ આવાસો મંજૂર કરવામાં આવેલ નથી.

---------

**સુરત જિલ્લામાં મનરેગા યોજના હેઠળના થયેલ ખર્ચ**

૧૧૨૧૪ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તારીખ ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | વર્ષ | કુલ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૭૦૨.૩૭ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૧૦૮૯.૮૨ |
| | **કુલઃ** | **૨૭૯૨.૧૯** |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૨૫૪.૬૨ | ૧૨૮.૨૧ | ૩૮૨.૮૩ |
| ૨ | ચોર્યાસી | ૧૭.૧૪ | ૨૧.૭૭ | ૩૮.૯૧ |
| ૩ | કામરેજ | ૬૦.૬૩ | ૪૭.૪૯ | ૧૦૮.૧૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | માંડવી | ૨૧૧.૨૦ | ૭૭.૬૩ | ૨૮૮.૮૩ |
| ૬ | માંગરોલ | ૨૪૪.૪૫ | ૧૨૦.૬૬ | ૩૬૫.૧૧ |
| ૭ | ઓલપાડ | ૭૬.૨૩ | ૪૪.૩૨ | ૧૨૦.૫૫ |
| ૮ | પલસાણા | ૧૧૯.૬૭ | ૯૯.૬૭ | ૨૧૯.૩૪ |
| ૯ | ઉમરપાડા | ૪૭૨.૦૨ | ૪૦૬.૫૦ | ૮૭૮.૫૨ |
| | **કુલઃ** | **૧૬૭૦.૬૦** | **૧૦૭૩.૩૩** | **૨૭૪૩.૯૩** |

(૩) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ માલસામાન અને વેતન ખર્ચની વિગત નીચે મુજબ છે. (રૂ઼ા. લાખમાં)

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨-૧૩ | | | વર્ષ : ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | માલ સામાન | મજુરી | કુલ | માલ સામાન | મજુરી | કુલ |
| ૧ | બારડોલી | ૧૬૭.૯૬ | ૬૨.૨૯ | ૨૩૦.૨૫ | ૫૪.૨૭ | ૫૬.૧૪ | ૧૧૦.૪૧ |
| ૨ | ચોર્યાસી | ૬.૫૨ | ૪.૬૫ | ૧૧.૧૭ | ૧૩.૪૧ | ૪.૧૯ | ૧૭.૬૦ |
| ૩ | કામરેજ | ૩૧.૮૯ | ૧૭.૨૩ | ૪૯.૧૨ | ૨૪.૮૬ | ૧૫.૩૪ | ૪૦.૨૦ |
| ૪ | મહુવા | ૧૪૧.૩૬ | ૫૨.૯૫ | ૧૯૪.૩૧ | ૬૭.૩૪ | ૩૯.૭૮ | ૧૦૭.૧૨ |
| ૫ | માંડવી | ૮૧.૦૧ | ૧૦૪.૬૫ | ૧૮૫.૬૬ | ૧૨.૭૮ | ૪૪.૨૨ | ૫૭.૦૦ |
| ૬ | માંગરોલ | ૧૫૫.૯૪ | ૭૭.૮૩ | ૨૩૩.૭૭ | ૭૦.૦૧ | ૪૦.૭૬ | ૧૧૦.૭૭ |
| ૭ | ઓલપાડ | ૪૦.૩૮ | ૨૧.૨૦ | ૬૧.૫૮ | ૧૯.૬૪ | ૧૬.૫૦ | ૩૬.૧૪ |
| ૮ | પલસાણા | ૭૩.૨૦ | ૩૫.૧૪ | ૧૦૮.૩૪ | ૬૫.૦૩ | ૨૭.૮૪ | ૯૨.૮૭ |
| ૯ | ઉમરપાડા | ૨૩૬.૦૧ | ૨૧૬.૧૦ | ૪૫૨.૧૧ | ૧૮૩.૯૨ | ૨૦૪.૪૧ | ૩૮૮.૩૩ |
| | **કુલઃ** | **૯૩૪.૨૭** | **૫૯૨.૦૪** | **૧૫૨૬.૩૧** | **૫૧૧.૨૬** | **૪૪૯.૧૮** | **૯૬૦.૪૪** |

---------

**ખેડા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

૧૧૧૪૯ **ડાૅ. નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૫૨૦ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૩૧૧ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂ઼ા. ૩૨,૨૬,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**પાટણ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તળાવો બાંધવા બાબત**

૧૧૧૩૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ કેટલા તળાવો બાંધવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ ૪૧ તળાવો બાંધવામાં આવેલ છે.

(૨) તે પાછળ રૂ઼ા. ૮૯.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન**

૧૧૧૯૨ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૩–૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ઼ા. લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ઼ા. લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૫ | ૪૪૩ | ૮.૩૮ | ૭.૨૨ | ૧.૧૬ |
| ૨૦૧૩–૧૪ | ૬૦ | ૧૦૭૦ | ૨૬.૦૦ | ૧૯.૦૬ | ૬.૯૪ |
| **કુલઃ** | **૮૫** | **૧૫૧૩** | **૩૪.૩૮** | **૨૬.૨૮** | **૮.૧૦** |

---------

**ઉના ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૧૦૦ થી વધુ લાભાર્થીઓ**

૧૧૩૩૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨માં ઉના ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૧૦૦ થી વધુ લાભાર્થીઓને સરદાર આવાસ યોજના હેઠળ રૂ઼ા. ૨૧૦૦૦ એડવાન્સ પ્રથમ હપ્તાની રકમ ચેકથી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓએ વર્ષવાર તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કામો શરૂ કર્યા, કેટલા મકાનો પૂર્ણ થયા, અને કેટલા અધુરા છે, અને

(૨)

| વર્ષ | ગત વર્ષના બાકી | શરૂ કરેલ કામો | પૂર્ણ | અધૂરા |
|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૦ | ૭૪ | ૦ | ૭૪ |
| ૨૦૧૩–૧૪ | ૭૪ | ૬૧૭ | ૧૧૦ | ૫૮૧ |
| ૨૦૧૪–૧૫ | ૫૮૧ | ૫૭ | ૭૦ | ૫૬૮ |
| **કુલઃ** | **૬૫૫** | **૭૪૮** | **૧૮૦** | |

(૩) કેટલા આવાસોના કામો શરૂ કરવામાં આવ્યા નથી તેના કારણો શાં છે ?

(૩) ૩૯૪ આવાસોના લાભાર્થીઓ દ્વારા પ્લોટ સ્વીકારવાના વિવાદના કારણે કામો શરૂ કરાયેલ નથી.

---------

**રાજ્યે લીધેલ સાધનોપાય પેશગીની રકમ/વ્યાજ**

૧૧૧૭૬ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને

(૧) શૂન્ય

(૨) પેશગી પર કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહીસાગર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓનું મહેકમ**

૧૧૧૧૧ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓનું કુલ મહેકમ કેટલું છે, અને

(૧) ૨૩૩

(૨) તે પૈકી તાલુકા દીઠ કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૩૦ |
| ૨ | ખાનપુર | ૧૭ |
| ૩ | સંતરામપુર | ૧૬ |
| ૪ | કડાણા | ૯ |
| ૫ | બાલાશિનોર | ૧૪ |
| ૬ | વિરપુર | ૧૦ |
| | **કુલઃ** | **૯૬** |

---------

**મકાન પેશગી/વાહન પેશગી 'ના લેણા પ્રમાણપત્ર'ની અરજીઓ**

૧૧૧૩૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં મકાન પેશગી અને વાહન પેશગીના ''ના લેણા પ્રમાણપત્ર'' માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં કેટલી અરજીઓ આવેલ છે,

(૧) મકાન પેશગી–૨૭૭૬
વાહન પેશગી–૯૭૦

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કર્યો, અને

(૨) મકાન પેશગી–૨૭૭૬
વાહન પેશગી–૯૭૦

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો**

૧૧૧૮૩ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડા વિજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રૂપિયા ૪૫૨.૩૯ લાખના ખર્ચે ૯૮૯૮ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

---------

**કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૧૨૦૬ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ,

(૧) ૪૮ (અડતાલીસ)

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઇ,

(૨) ૨૩ (ત્રેવીસ)

(૩) કેટલી ગ્રામ પંચાયતો બીજીવાર સમરસ થઇ,

(૩) ૧૧ (અગિયાર)

(૪) કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ

(૪) ૧૪ (ચૌદ)

થઇ, અને

(૫) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૫) રૂ।.૫૯,૭૫,૦૦૦/-(રૂપિયા ઓગણસાઇઠ લાખ પંચોતેર હજાર)

---------

**નર્મદા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ઉત્પન્ન થયેલ માનવદિન**

૧૧૨૨૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા,

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે માનવદિન ઉત્પન્ન થયા.

| ક્રમ | વર્ષ | ઉત્પન્ન થયેલ માનવદિન |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૯૨૮૪૬૭ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૨૩૭૦૬૯૬ |
| | કુલ | **૪૨૯૯૧૬૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવદિન | | કુલ માનવદિન |
|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | |
| ૧ | ડેડીયાપાડા | ૮૬૫૦૫૪ | ૧૧૩૨૪૭૫ | ૧૯૯૭૫૨૯ |
| ૨ | નાંદોદ | ૬૪૫૯૬૪ | ૭૦૯૭૪૪ | ૧૩૫૫૭૦૮ |
| ૩ | સાગબારા | ૩૦૧૦૨૯ | ૩૯૩૧૫૯ | ૬૯૪૧૮૮ |
| ૪ | તિલકવાડા | ૧૧૬૪૨૦ | ૧૩૫૩૧૮ | ૨૫૧૭૩૮ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવદિન | | કુલ માનવદિન |
|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | |
| ૧ | ડેડીયાપાડા | ૩૦૫૨૪૧ | ૪૨૪૨૮૦ | ૭૨૯૫૨૧ |
| ૨ | નાંદોદ | ૨૧૭૧૭૮ | ૨૫૯૧૯૭ | ૪૭૬૩૭૫ |
| ૩ | સાગબારા | ૧૧૪૧૯૬ | ૧૮૭૫૭૬ | ૩૦૧૭૭૨ |
| ૪ | તિલકવાડા | ૩૫૦૭૬ | ૩૯૮૬૪ | ૭૪૯૪૦ |

---------

**રાજ્યમાં આવેલ વીજ મથકો/યુનીટો**

૧૧૦૭૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના કઇ જગ્યાએ કુલ કેટલા વીજ મથકો આવેલાં છે અને આ વીજ મથકોનાં કુલ કેટલા યુનિટો આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં અલગ-અલગ સ્થળોએ આવેલ વીજ ઉત્પાદન કરતા રાજ્ય સરકાર હસ્તકના વીજમથકોની તથા તેના યુનિટની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાંક | વિગત | સ્થળ | યુનીટ ની સંખ્યા |
|---|---|---|---|
| (અ) | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. | | |
| ૧ | ઉકાઇ થર્મલ પાવર પ્લાન્ટ | ઉકાઇ | ૬ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ગાંધીનગર | ૫ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | વણાકબોરી | ૭ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ઉત્તરાણ | ૪ |
| ૫ | કચ્છ લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | પાનન્ધ્રો | ૪ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭-૮) | ધુવારણ | ૪ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | સિક્કા | ૨ |
| ૮ | ઉકાઇ હાઇડ્રો | ઉકાઇ | ૬ |
| ૯ | કડાણા અને પાનમ હાઇડ્રો | કડાણા | ૬ |
| (બ) | સરકારી ક્ષેત્રના આઇપીપી | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી.-હજીરા | હજીરા | ૩ |
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | વડોદરા | ૬ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | માંગરોળ | ૪ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | અકરીમોટા | ૨ |

આ ઉપરાંત ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી.-હજીરા એક્ષ્પાન્શન ૩૫૧ મે.વો.,જી.એસ.ઇ.સી.એલ.-ધુવારણ ૩૯૬ મે.વો. તથા જી.પી.પી.સી.પીપાવાવ-૭૦૦ મે.વો. વીજ મથકો કાર્યરત થવા માટે ઉપલબ્ધ છે. પરંતુ આ વીજ મથકોને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકોમાંથી વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી.

(૨) ઉક્ત સ્થિતિએ આ વીજ મથકોમાં કેટલા વીજ મથકો ચાલુ છે અને કેટલા બંધ હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે-તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઇ જવું, સમારકામની જરૂરરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોઇ, મથકો બંધ રહે છે. તદ્ઉપરાંત હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ સિંચાઇ વિભાગની જરૂરીયાત મુજબ ચલાવવામાં આવે છે આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની ''મેરીટ ઓર્ડર''ની માર્ગદર્શિકા ધ્યાને લઇ તેમજ લો ડિમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૩) આ મથકોની વીજ ઉત્પાદનની કુલ કેટલી ક્ષમતા છે ?

(૩) આ વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા નીચે દર્શાવ્યા મુજબનીછે.

| ક્રમાંક | વિગત | ઉત્પાદન ક્ષમતા (મે.વો.) |
|---|---|---|

| | | |
|---|---|---|
| (૧) | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. | ૫૮૯૨ |
| (૨) | સરકારી ક્ષેત્રના આઇપીપી | ૨૨૬૭ |
| | **કુલ** | **૮૧૫૯*** |

* ઉપરોક્ત પૈકી ૧૪૪૭ મે.વો. ના વીજ મથકો કાર્યરત થવા માટે ઉપલબ્ધ છે.

---------

**વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજના પાછળ મંજૂર કરેલ પ્રોજેક્ટો**

૧૧૧૩૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વોટરશેડ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) વોટરશેડ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુલ ૪ પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૨ | ૦ | ૨ |
| ૨ | કપરાડા | ૦ | ૨ | ૨ |
| | **કુલ** | **૨** | **૨** | **૪** |

(૨) તે માટે રૂા.૨૪૮૯.૦૧૬ લાખ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં વેટની આવક**

૧૨૨૭૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં વર્ષવાર વેટની સરકારને કેટલી આવક મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર વેટ ચોરીની કેટલી ફરિયાદો કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલો વેટ, ચોરીની ફરિયાદ સામે, વસૂલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ***પત્રક-૧** મુજબ

(૨) ***પત્રક-૨** મુજબ

(૩) ***પત્રક-૩** મુજબ.

**પત્રક-૧**

(રૂા. કરોડમાં)

| વર્ષ | મહેસાણા જિલ્લો | અમદાવાદ જિલ્લો |
|---|---|---|
| ૦૧-૦૪-૨૦૧૨ થી ૩૧-૦૩-૨૦૧૩ | ૩૮૧.૬૪ | ૯૪૧૮.૯૦ |
| ૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪ | ૪૪૧.૭૫ | ૧૦૪૭૩.૫૫ |
| ૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૫-૨૦૧૪ | ૮૪.૮૫ | ૧૯૧૯.૮૭ |

**પત્રક-૨**

| તાલુકો | ૦૧-૦૬-૨૦૧૨ થી ૩૧-૦૩-૨૦૧૩ | ૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪ | ૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૫-૨૦૧૪ |
|---|---|---|---|
| મહેસાણા | ૪ | ૫ | ૧ |
| કડી | ૦ | ૨ | ૧ |
| ખેરાલું | ૦ | ૧ | ૦ |
| ઉંઝા | ૦ | ૧ | ૦ |
| વિસનગર | ૦ | ૧ | ૧ |

| | | | |
|---|---|---|---|
| સતલાસણા | ૦ | ૧ | ૦ |
| બેચરાજી | ૧ | ૦ | ૦ |
| અમદાવાદ પૂર્વ | ૩ | ૪૩ | ૭ |
| અમદાવાદ પશ્ચિમ | ૫૦ | ૩૫ | ૧૪ |
| દસક્રોઇ | ૧ | ૧૩ | ૬ |
| માંડલ | ૦ | ૧ | ૦ |

**પત્રક–૩**

**(રૂા. લાખમાં)**

| તાલુકો | ૦૧–૦૬–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ | | ૦૧–૦૪–૨૦૧૩ થી ૩૧–૦૩–૨૦૧૪ | | ૦૧–૦૪–૨૦૧૪ થી ૩૧–૦૫–૨૦૧૪ | |
|---|---|---|---|---|---|---|
| | ફરિયાદ | વસુલ રકમ | ફરિયાદ | વસુલ રકમ | ફરિયાદ | વસુલ રકમ |
| મહેસાણા | ૪ | ૧૦.૫૬ | ૫ | ૩.૧૯ | ૧ | ૦ |
| કડી | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ |
| ખેરાલું | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ઉંઝા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| વિસનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| સતલાસણા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| બેચરાજી | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ પૂર્વ | ૩ | ૭૮.૨૧ | ૪૩ | ૧૧૧.૨૦ | ૭ | ૦ |
| અમદાવાદ પશ્ચિમ | ૫૦ | ૫૨.૭૫ | ૩૫ | ૧૭૮.૪૪ | ૧૪ | ૦ |
| દશક્રોઇ | ૧ | ૦ | ૧૩ | ૬.૭૦ | ૬ | ૧.૧૫ |
| માંડલ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |

---------

## ગાંધીનગર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૧૧૬૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂા.૮૧૨.૪૮ કરોડ |
| (૨) ગાંધીનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) ઓટોમોબાઇલ્સ<br>(૩) આયર્ન એન્ડ સ્ટીલ<br>(૪) પ્લાસ્ટિક આર્ટીકલ્સ<br>(૫) ઇલેક્ટ્રોનિક્સ |

---------

## દાંતા તાલુકામાં જાહેર શૌચાલયો બનાવવાની મંજૂરી

૧૨૦૫૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાંતા તાલુકામાં કુલ કેટલા જાહેર શૌચાલયો બનાવવાની મંજૂરી મળેલ છે, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાંતા તાલુકામાં કોઇપણ જાહેર શૌચાલયો બનાવવાની મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ શૌચાલયો પૈકી કેટલા શૌચાલયો બનાવવાનું કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા શૌચાલયો બનાવવાના બાકી છે અને બાકી શૌચાલયો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત**

૧૧૨૦૯ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી, અને

(૪) નામંજૂર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત થયેલ છે.

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | પાલનપુર | પેડાગડા |
| ૨ | ધાનેરા | માલોત્રા |
| ૩ | કાંકરેજ | વડા |
| ૪ | દાંતીવાડા | ભિલાચલ |
| ૫ | અમીરગઢ | જેથી |

(૨) ત્રણ

(૩) એક પણ નહિં.

(૪) પ્રશ્ન નથી.

---------

**રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભ આપવાના પડતર પ્રશ્નો**

૧૧૬૫૭ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચના લાભ આપવા બાબતના કેટલા પ્રશ્નો પડતરમાં છે,

(૨) આ પ્રશ્નોનો ઉકેલ લાવવા સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલા આવેદન પત્રો મલ્યા, અને સરકારે કેટલી વખત બેઠકો બોલાવી, અને

(૩) આ પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા સરકારે શાં પગલાંઓ લીધાં ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) ૧૨ (બાર) પત્રો મળેલ છે, ૪ (ચાર) વખત બેઠક બોલાવવામાં આવેલ છે.

(૩) કર્મચારી મંડળો સાથે બેઠક યોજીને રાજ્ય સરકારની નાણાકીય સ્થિતિ અને વહીવટી અનુકુળતા ધ્યાનમાં રાખી કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવેલ છે. છેલ્લે નાણા વિભાગના તા.૦૩-૧૦-૨૦૧૨ ના ૪ ઠરાવથી કર્મચારીઓના પ્રશ્નો ઉકેલી મળવાપાત્ર લાભ આપવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત**

૧૨૩૦૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ ૫ વોટરશેડ પ્રોજેક્ટ નીચે મુજબ મંજૂર કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા.૧-૪-૧૨ થી તા.૩૧-૩-૧૩ | તા.૧-૪-૧૩ થી તા.૩૧-૩-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જોડીયા | ૧ | ૦ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | કલ્યાણપુર | ૦ | ૧ | ૧ |
| ૩ | કાલાવડ | ૨ | ૧ | ૩ |
| | **કુલ** | **૩** | **૨** | **૫** |

(૨) તે પૈકી કેટલા કેટલા વોટરશેડની કામગીરી તાલુકાવાર પૂર્ણ કરવામાં આવી, અને

(૨) મંજૂર થયેલ વોટરશેડ પ્રોજેક્ટ ૫ વર્ષમાં પૂર્ણ કરવાના હોય છે હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) કેટલામાં કામગીરી બાકી છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) કામગીરી પ્રગતિમાં છે સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ખેતી વિષયક વિજ કનેકશનની પડતર અરજીઓ

૧૧૦૯૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વિજ કનેકશન માટે સબડીવીઝનવાર કેટલા ખેડૂતોની અરજીઓ આવી,

(૨) કેટલી અરજી પડતર હતી,

(૩) તે પૈકી કેટલાં ખેડૂતોને વિજ કનેકશન અપાયા અને કેટલા બાકી છે, અને

(૪) એસ્ટીમેટના નાણાં ભરવા છતાં કેટલા ખેડૂતોને કનેકશન આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે મળેલ અરજીઓની સબડીવીઝનવાર માહિતી નીચે મુજબ છે.

| સબ ડીવીઝન | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|
| સંખેડા | ૩૬૮ |
| બોડેલી | ૫૩૦ |
| પાવી જેતપુર | ૮૯૯ |
| તેજગઢ | ૪૦૦ |
| છોટાઉદેપુર | ૩૮૪ |
| ક્વાંટ | ૮૬૩ |
| નસવાડી | ૪૯૬ |
| તીલકવાડા | ૨ |

(૨) અને (૩)

છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કૃષિ વીજ જોડાણ માટે ૩૯૪૨ અને તે અગાઉના વર્ષોમાં ૮૮૫૯ અરજીઓ નોંધાયેલ હતી. આમ કુલ ૧૨૮૦૧ અરજીઓ નોંધાયેલ હતી. તે પૈકી ૫૭૩ અરજીઓ રદ કરવામાં આવી હતી અને ૬૬૭૦ ખેડૂતોને કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા છે, આમ હવે ૫૫૫૮ અરજીઓ પડતર રહે છે.

(૪) નાણાં ભરપાઇ થયેલ ૨૦૭ અરજદારોને વીજ જોડાણ આપવાના બાકી છે. આ અરજદારોએ મે–૨૦૧૪ માં જ નાણાં ભરપાઇ કર્યા હોઇ, વીજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

## અમરેલી જિલ્લામાં ચેકડેમ બાંધવા બાબત

૧૧૧૩૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કેટલા કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને

(૨) તે હેઠળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૩૫ ચેકડેમ બનાવવામાં આવેલછે.

(૨) તે હેઠળ કુલ રૂ.૭૩૭.૪૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસો**

૧૨૬૬૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના કેટલા કેસો પડતરમાં છે, અને | (૧) એક પણ નહિ. |
| (૨) તે અન્વયે તા.૫–૭–૧૧ ના પરિપત્ર અન્વયે તે પહેલાની રહેમરાહેની નોકરી અન્વયે કેટલાને નોકરીઓ આપવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલાને બાકી છે ? | (૨) તા.૫–૭–૧૧ ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અન્વયે તે પહેલાંની રહેમરાહે નોકરી અન્વયે **કુલ ૨૬૩૫** આશ્રિતોને નોકરીઓ આપવામાં આવી અને ઉક્ત સ્થિતિએ ઠરાવની જોગવાઇ મુજબ આશ્રિતોને નોકરીઓ આપવાની કોઇ દરખાસ્ત બાકી નથી. |

---------

**સ્ટોન આર્ટીઝન પાર્ક, અંબાજી અને ધ્રાંગધ્રા માટે ૭૦૦ લાખની જોગવાઇ**

૯૯૭૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્ટોન આર્ટીઝન પાર્ક અંબાજી અને ધ્રાંગધ્રા માટે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૭૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી અને પૈકી તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂ.૪૫૮.૭૩/– લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) આ ખર્ચ મુખ્યત્વે ક્યા હેતુઓ માટે કરવામાં આવ્યો, અને | (૨) આ ખર્ચ મુખ્યત્વે તાલીમાર્થીઓને તાલીમ આપતી સંસ્થાને, તાલીમ લેતા તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ પેટે તથા અન્ય વહીવટી ખર્ચ માટે કરવામાં આવેલ છે. |
| (૩) જોગવાઇ કરતાં ઓછો ખર્ચ થવાનાં મુખ્યત્વે શાં કારણો છે ? | (૩) સ્ટોન આર્ટીઝન પાર્ક અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે તાલીમાર્થીઓને રહેવા માટે હોસ્ટેલ બનાવવાનું તથા ધ્રાંગધ્રા ખાતે ફેકલ્ટી માટે ગેસ્ટ હાઉસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતુ પરંતુ વર્ષ ૨૦૧૩–૧૪ માં ચૂંટણીના લીધે ટેન્ડર બહાર ન પાડી શકેલ ન હોવાના કારણે જોગવાઇ કરતા ઓછો ખર્ચ થયેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનનું દબાણ**

૧૧૯૬૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ક્યા ગામમાં કેટલી ગૌચર જમીનનું દબાણ હોવાનું સરકારના ધ્યાન પર આવેલ છે, | (૧) ૧૩૫ ગામોમાં ૭૬૮.૦૫.૨૬ હે.આરે.ચોમી. જમીનમાં દબાણ થયેલ છે. ગામવાર ***પત્રક–(૧)** તથા તાલુકાના ગામોની સંખ્યાવાર ***પત્રક–(૨)** સામેલ છે. |
| (૨) આ દરેક દબાણ થયાનું ક્યારથી સરકારના ધ્યાન પર આવેલ છે, | (૨) **પત્રક–(૧)** ના કોલમ–(૮) મુજબ. |
| (૩) તે પૈકી કેટલી જમીન પરનું દબાણ તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ દૂર કરવામાં આવ્યું છે, અને | (૩) ૪૭૦.૩૫.૨૩ હે.આરે.ચોમી. |
| (૪) કેટલા કિસ્સામાં દબાણ દૂર કરવાનું બાકી છે અને બાકી રહેવાના શા કારણો છે ? | (૪) ૪૬૬ કિસ્સામાં દબાણ દૂર કરવાનું બાકી છે. મહદઅંશે સર્વે માપણી ન થવાથી તેમજ હદ નિશાન નક્કી થયેલ ન હોવાથી, દબાણ દૂર કરવાના અધિકાર ગ્રામ પંચાયતને નિહિત છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**કચ્છ સિમેન્ટને માઈનિંગ માટે લખપત તાલુકામાં જમીન લીઝ આપવા બાબત**

૧૧૨૯૪ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ સિમેન્ટને માઈનીંગ માટે લખપત તાલુકામાં કેટલી જમીન લીઝ દ્વારા આપવામાં આવી છે,

(૨) લીઝની શરત મુજબ પોતાના સિમેન્ટ પ્લાન્ટ સિવાય મટીરીયલ લીઝે વાપરી શકાતું નથી, આમ છતાં સિમેન્ટનાં ઉત્પાદન વગર કંપનીએ માઈનીંગ કરેલ છે તે હકીકત ખરી છે, અને

(૩) જો હા, તો કંપની સામે લીધેલા કે લેવા ધારેલા દંડનીય પગલાંની વિગત શી છે ?

**જવાબ**

(૧) ૨૮૬–૦૦–૦૦ હેક્ટર જમીન.

(૨) કચ્છ સિમેન્ટએ સરકારની મંજૂરી મેળવી માઈનીંગ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મનરેગા યોજના અંતર્ગત રાજ્યને ફાળવેલ રકમ**

૧૧૩૬૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબની રકમ રાજ્ય સરકારને મળી છે.

| વર્ષનો સમયગાળો | મળેલ રકમ રૂ.લાખમાં |
|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૨ થી તા.૩૧–૦૫–૨૦૧૩ | ૫૯૮૫૧.૪૮ |
| તા.૦૧–૦૬–૨૦૧૩ થી તા.૩૧–૦૫–૨૦૧૪ | ૨૬૮૮૪.૮૮ |
| **કુલઃ** | **૮૬૭૩૬.૩૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

| વર્ષનો સમયગાળો | ફાળવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૨ થી તા.૩૧–૦૫–૨૦૧૩ | ૪૩૯૫૨.૯૯ |
| તા.૦૧–૦૬–૨૦૧૩ થી તા.૩૧–૦૫–૨૦૧૪ | ૪૪૦૮૪.૫૮ |
| **કુલઃ** | **૮૮૦૩૭.૫૭** |

---------

**સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. માટે વ્યક્તિગત શૌચાલયો બનાવવા બાબત**

૧૧૨૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર નિર્મળ ભારત યોજના અંતર્ગત કેટલા બી.પી.એલ. અને એ.પી.એલ. માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર નિર્મળ ભારત યોજના અંતર્ગત બી.પી.એલ. માટે કુલ ૨૫૮૧ વ્યક્તિગત શૌચાલય અને એ.પી.એલ. માટે ૧૮૯૯૩ વ્યક્તિગત શૌચાલય એમ કુલ ૨૧૫૭૪ શૌચાલય બનાવવામાં આવ્યા. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષઃ ૨૦૧૨–૧૩ | | વર્ષઃ ૨૦૧૩–૧૪ | |
|---|---|---|---|---|---|
| | | વ્યક્તિગત શૌચાલય બીપીએલ | વ્યક્તિગત શૌચાલય એપીએલ | વ્યક્તિગત શૌચાલય બીપીએલ | વ્યક્તિગત શૌચાલય એપીએલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૨૦ | ૯૪૯ | ૧૧૮ | ૧૧૬૫ |
| ૨ | ઇડર | ૪૪૫ | ૨૧૧૪ | ૫૦ | ૨૧૦૬ |
| ૩ | વડાલી | ૨૧ | ૫૩૦ | ૫ | ૭૧૩ |
| ૪ | મોડાસા | ૩૫ | ૩૩૧ | ૩૮ | ૧૦૦૪ |
| ૫ | ધનસુરા | ૩ | ૮૧ | ૮ | ૯૬૦ |
| ૬ | પ્રાંતિજ | ૫૯ | ૫૭૩ | ૧૮ | ૬૦૯ |
| ૭ | તલોદ | ૯૫ | ૨૨૨ | ૮૪ | ૧૧૭૭ |
| ૮ | બાયડ | ૧૦૯ | ૫૭૪ | ૭૯ | ૧૪૬૦ |
| ૯ | માલપુર | ૨૨ | ૫૯ | ૧૩૦ | ૮૩૦ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૧૬૪ | ૩૧૭ | ૩૦ | ૧૪૮ |
| ૧૧ | વિજયનગર | ૨૩૦ | ૨૨૮ | ૪૫ | ૪૯૧ |
| ૧૨ | ભિલોડા | ૨૫૧ | ૫૪૩ | ૪૦ | ૧૧૩૪ |
| ૧૩ | મેઘરજ | ૨૩૯ | ૩૬૫ | ૪૩ | ૩૧૦ |
| | **કુલઃ** | **૧૮૯૩** | **૬૮૮૬** | **૬૮૮** | **૧૨૧૦૭** |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પાછળ રૂ.૯૯૨.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

## અમરેલી જિલ્લામાં કૃષિ વિષયક જોડાણની પડતર અરજીઓ

૧૧૦૮૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક કઇ યોજના અંતર્ગત વીજ જોડાણ મેળવવા માંગતા કેટલા ખેડૂતોની અરજીઓ કેટલા સમયથી પડતર છે,

**જવાબ**

(૧) તારીખ ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય યોજના હેઠળની પડતર અરજીઓની વર્ષવાર/તાલુકાવાર માહિતી **પત્રક ''અ''** મુજબ તેમજ તત્કાલ વીજ જોડાણ યોજના નવેમ્બર ૨૦૧૩ થી શરૂ થયેલ હોઇ, નવેમ્બર ૨૦૧૩ થી પડતર અરજીઓની તાલુકાવાર માહિતી **પત્રક ''બ''** મુજબ છે.

(૨) ઉપરોક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને

(૨) કૃષિ વીજ જોડાણની સામાન્ય યોજનામાં વીજ જોડાણ, નોંધણીના અગ્રતાક્રમ મુજબ આપવામાં આવતા હોઇ હાલ, અગાઉના વર્ષોની નોંધાયેલ અરજીઓ પર વીજ જોડાણ આપવાની કાર્યવાહી ચાલુ છે. જેથી અરજીઓ પડતર રહેલ છે.

જ્યારે તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ સુક્ષ્મ પિયત પદ્ધતિની આગળની કાર્યવાહી અર્થે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવે છે, જે વિવિધ તબક્કે પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

- ૧૩૧૩ અરજીઓમાં વિજ જોડાણની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. પરંતુ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ અને ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીનું ટ્રાયલ રન સર્ટીફીકેટ મળેલ ન હોઇ પડતર છે.
- ૩૦૪ અરજદારોને અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે જેના નાણાં ભરપાઇ થવાના બાકી છે.
- ૧૮ અરજદારોને અંદાજપત્ર આપવાના બાકી છે. જે કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
- ૩૫૮૪ અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં સુક્ષ્મ પિયત પદ્ધતિની આગળની કાર્યવાહી અર્થે પડતર છે.

(૩) ઉક્ત અરજદારોને કેટલા સમયમાં વિજ જોડાણ આપવામાં આવશે ?

(૩) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયાએ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ

ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

જ્યારે તત્કાલ વિજ જોડાણ યોજનામાં અંદાજપત્રના નાણાં ભરપાઇ કરવાના બાકી અરજદારો તરફથી રકમ ભરપાઇ થયેથી અને અંદાજપત્રની રકમ ભરપાઇ થયેલ અરજદારો તરફથી ટેસ્ટ રીપોર્ટ તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીનું ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ થયેથી વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક ''અ''**

| તાલુકો | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૮૦ | ૭૯ | ૩૮ | ૯૨૭ | ૧૦૭૯ | ૭૦૧ | ૬૯૨ | ૭૭૭ | ૬૮૧ | ૩૨૩ |
| બાબરા | ૦ | ૧૫ | ૪૦ | ૨૩૨ | ૧૮૫ | ૨૩૮ | ૧૬૩ | ૧૪૧ | ૧૪૬ | ૭૬ | ૧૦૫ | ૩૮ | ૯૨૭ | ૧૦૭૯ | ૧૦૦૦ | ૬૧૯ | ૮૬૮ | ૭૬૯ | ૬૬૮ | ૨૬૭ |
| બગસરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૧૩ | ૬૮ | ૨૧૫ | ૪૮૦ | ૫૮૩ | ૪૬૫ | ૩૯૧ | ૩૨૧ | ૨૦૪ | ૧૬૨ |
| ધારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | ૮૭ | ૯૫ | ૧૫૭ | ૧૬૨ | ૩૮૪ | ૩૮૪ | ૪૦૯ | ૪૦૪ | ૬૪૭ | ૮૭૨ | ૨૬૮ |
| જાફરાબાદ | ૦ | ૦ | ૧૩ | ૭૬ | ૪૦ | ૩૮ | ૩ | ૨ | ૪ | ૨ | ૮ | ૨ | ૮ | ૧૪ | ૧૪ | ૧૩ | ૧૧૪ | ૩૮૬ | ૨૮૦ | ૧૩૭ |
| ખાંભા | ૦ | ૨૦ | ૪૮ | ૩૦ | ૧૩ | ૧૦ | ૩ | ૭ | ૨૦ | ૭ | ૧ | ૧૪ | ૮૮ | ૩૮૨ | ૨૪૦ | ૨૬૪ | ૩૪૨ | ૩૯૭ | ૩૮૦ | ૨૧૭ |
| કુકાવાવ વાડિયા | ૦ | ૯ | ૧૩ | ૬૨ | ૬૨ | ૪૪ | ૧૦ | ૭ | ૨૬ | ૨ | ૩૧ | ૧૬૬ | ૩૮૨ | ૧૧૬૧ | ૯૫૪ | ૮૭૭ | ૭૩૯ | ૫૨૧ | ૬૨૭ | ૩૪૦ |
| લાઠી | ૦ | ૦ | ૨૮ | ૩૭ | ૪૦ | ૪૫ | ૧૪ | ૧૪ | ૯૪ | ૫૭ | ૧૭ | ૫૪ | ૨૨૭ | ૧૧૪૭ | ૧૧૨૧ | ૬૭૭ | ૪૭૭ | ૬૫૧ | ૫૦૬ | ૩૦૮ |
| લીલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૧ | ૭૦ | ૨૫ | ૧૭ | ૨૨ | ૧૬ | ૨૮ | ૧૯ | ૧૨૪ | ૨૧૨ | ૬૩૪ | ૩૧૯ | ૧૬૩ |
| રાજુલા | ૪૫ | ૭૬ | ૮૭ | ૮૬ | ૫૪ | ૧૯ | ૦ | ૦ | ૧૨ | ૪ | ૭ | ૧૪ | ૫૦ | ૧૧૮ | ૨૬૨ | ૩૧૪ | ૩૦૭ | ૩૭૯ | ૩૪૬ | ૨૦૨ |
| સાવરકુંડલા | ૦ | ૩૭ | ૭૦ | ૧૦૧ | ૫૨ | ૫૮ | ૪૫ | ૨ | ૧૪ | ૧૧ | ૭ | ૮ | ૪૭ | ૬૮૩ | ૫૭૯ | ૪૮૪ | ૬૬૩ | ૯૧૧ | ૫૪૮ | ૨૮૪ |

**પત્રક ''બ''**

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| અમરેલી | ૩૮૫ |
| બાબરા | ૧૧૩૬ |
| બગસરા | ૩૩૭ |
| ધારી | ૪૭૭ |
| જાફરાબાદ | ૪૦ |
| ખાંભા | ૨૬૮ |
| કુકાવાવ વાડિયા | ૭૫૨ |
| લાઠી | ૬૪૧ |
| લીલીયા | ૩૦ |
| રાજુલા | ૬૩૬ |
| સાવરકુંડલા | ૫૧૭ |

---------

**જામનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને જોબકાર્ડ આપવા બાબત**

૧૧૯૧૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જોબકાર્ડ આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૬૪૯૧ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૭૭૪૮ |
| | કુલઃ | ૧૪૨૩૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર જોબકાર્ડ આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | કુટુંબોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | |
| ૧ | ભાણવડ | ૨૦૬ | ૧૫૯ | ૩૬૫ |
| ૨ | ધ્રોલ | ૬૮૧ | ૨૭૭ | ૯૫૮ |
| ૩ | જામજોધપુર | ૧૭૧ | ૧૫૧ | ૩૨૨ |
| ૪ | જામનગર | ૨૦૨૯ | ૨૨૧૦ | ૪૨૩૯ |
| ૫ | જોડીયા | ૩૫૧ | ૬૦૪ | ૯૫૫ |
| ૬ | કાલાવડ | ૪૫૬ | ૨૯૩ | ૭૪૯ |
| ૭ | કલ્યાણપુર | ૮૫૦ | ૨૫૨૪ | ૩૩૭૪ |
| ૮ | ખંભાળિયા | ૧૪૫૯ | ૧૧૮૫ | ૨૬૪૪ |
| ૯ | લાલપુર | ૮૯ | ૧૧૬ | ૨૦૫ |
| ૧૦ | દ્વારકા | ૧૯૯ | ૨૨૯ | ૪૨૮ |
| | કુલઃ | ૬૪૯૧ | ૭૭૪૮ | ૧૪૨૩૯ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | કુટુંબોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | |
| ૧ | ભાણવડ | ૨૦૬ | ૧૫૯ | ૩૬૫ |
| ૨ | ધ્રોલ | ૬૮૧ | ૨૭૭ | ૯૫૮ |
| ૩ | જામજોધપુર | ૧૭૧ | ૧૫૧ | ૩૨૨ |
| ૪ | જામનગર | ૨૦૨૯ | ૨૨૧૦ | ૪૨૩૯ |
| ૫ | જોડીયા | ૩૫૧ | ૬૦૪ | ૯૫૫ |
| ૬ | કાલાવડ | ૪૫૬ | ૨૯૩ | ૭૪૯ |
| ૭ | કલ્યાણપુર | ૮૫૦ | ૨૫૨૪ | ૩૩૭૪ |
| ૮ | ખંભાળિયા | ૧૪૫૯ | ૧૧૮૫ | ૨૬૪૪ |
| ૯ | લાલપુર | ૮૯ | ૧૧૬ | ૨૦૫ |
| ૧૦ | દ્વારકા | ૧૯૯ | ૨૨૯ | ૪૨૮ |
| | કુલઃ | ૬૪૯૧ | ૭૭૪૮ | ૧૪૨૩૯ |

---------

## આણંદ જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ.

૧૨૬૨૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૧) ૦૯ (નવ) જેની વિગત નીચે મુજબ.

| | | |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૨ |
| ૨ | આંકલાવ | ૦૧ |
| ૩ | બોરસદ | ૦૧ |
| ૪ | ખંભાત | ૦૧ |
| ૫ | પેટલાદ | ૦૧ |
| ૬ | સોજીત્રા | ૦૧ |
| ૭ | તારાપુર | ૦૧ |
| ૮ | ઉમરેઠ | ૦૧ |
| | કુલઃ | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ આઈ.ટી.આઈ. ટ્રેડવાર કેટલા

(૨) ૧૧૫૦ જેની વિગત નીચે મુજબ છે.

વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

| | | |
|---|---|---|
| ૧ | આર્મેચર એન્ડ મોટર રિવાઈન્ડીંગ | ૪૪ |
| ૨ | ઈન્સ્ટુમેન્ટ મિકેનિક | ૪૨ |
| ૩ | ઈલેકટ્રીશીયન | ૧૯૩ |
| ૪ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) | ૨૧ |
| ૫ | કટીંગ એન્ડ સુઈંગ | ૧૮ |
| ૬ | કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૩૩૨ |
| ૭ | ફીટર | ૨૬૯ |
| ૮ | મિકેનિકલ ડીઝલ | ૧૩૫ |
| ૯ | વાયરમેન | ૨૦૭ |
| ૧૦ | વેલ્ડર | ૧૦૦ |
| ૧૧ | સર્ટિફિકેટ કોર્ષ ઈન સોફટવેર પ્રોગ્રામીંગ | ૩૪ |
| ૧૨ | સી.ઓ.ઈ. કેમિકલ (બીબીબીટી) | ૭૪ |
| ૧૩ | સી.ઓ.ઈ.એડવાન્સ–એટેન્ડન્ટ ઓપરેટર | ૨૪ |
| ૧૪ | સીઓઈ એડવાન્સ–ઈન્સ્ટુમેન્ટ મિકેનિક | ૧૨ |
| ૧૫ | સ્ટેનો–કમ–કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) | ૧૨ |
| ૧૬ | સ્ટેનો–કમ–કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) | ૨૦ |
| ૧૭ | હેર એન્ડ સ્કીન કેર | ૧૩ |
| | **કુલઃ** | **૧૧૫૦** |

(૩) કેટલી સંસ્થા પોતાના મકાનમાં કાર્યરત છે? અને કેટલી ભાડાના મકાનમાં કાર્યરત છે? અને

(૩) ૦૧ (એક) સંસ્થા પોતાના મકાનમાં કાર્યરત છે.
૦૮ (આઠ) સંસ્થા ભાડાના મકાનમાં કાર્યરત છે.

(૪) કેટલા સમયમાં ભાડાના મકાનમાં કાર્યરત આઈ.ટી.આઈ.ને પોતાનું મકાન બનાવવાનું આયોજન છે?

(૪) આગામી વર્ષમાં ભાડાના મકાનમાં કાર્યરત ૦૪ આઈ.ટી.આઈ.ને તથા ત્યારબાદ તબક્કાવાર અન્ય ૦૪ને પોતાનું મકાન બનાવવાનું આયોજન છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહન અનુદાન**

૧૧૨૧૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૧) ૧૬ (સોળ) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને પ્રથમ વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૨) ૮ (આઠ) |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૩) ૨ (બે) |
| (૪) કેટલી ગ્રામ પંચાયતોને ત્રીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, અને | (૪) ૬ (છ) |
| (૫) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ ખાસ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવામાં આવેલ છે? | (૫) રૂ઼ા. ૪૦,૪૯,૯૦૦/– (રૂપિયા ચાલીસ લાખ ઓગણપચાસ હજાર નવસો). |

---------

**જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશન પડતર અરજીઓ**

૧૧૧૧૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ | (૧) (૨) અને (૩) |

અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને ખેતી માટે વિજ કનેકશન આપવાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વીજ કનેકશનો આપવામાં આવ્યા,

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેતી માટે વીજ કનેકશન મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૪) આ ખેડૂતોને કયાં સુધીમાં વીજ કનેકશન આપવાનું આયોજન છે?

તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ માટેની પડતર અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ અને છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણોની વર્ષવાર અને તાલુકાવાર માહિતી પત્રક '' અ '' માં સામેલ છે.

(૪) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શકય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

**પત્રક '' અ ''**

| **જિલ્લો** | **તાલુકો** | **કુલ પડતર અરજીઓ** | **છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ** | | **છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવેલ વીજ જોડાણ** | |
|---|---|---|---|---|---|---|
| | | | **તા.૧-૬-૨૦૧૨ થી ૩૧-૫-૨૦૧૩** | **તા.૧-૬-૨૦૧૩ થી ૩૧-૫-૨૦૧૪** | **તા.૧-૬-૨૦૧૨ થી ૩૧-૫-૨૦૧૩** | **તા.૧-૬-૨૦૧૩ થી ૩૧-૫-૨૦૧૪** |
| જુનાગઢ | ભેસાણ | ૩૦૨૦ | ૫૬૯ | ૪૫૭ | ૪૪૦ | ૩૫૮ |
| | જુનાગઢ | ૧૮૮૫ | ૭૨૪ | ૪૩૪ | ૬૨૦ | ૪૯૮ |
| | જુનાગઢ સીટી | ૪૮ | ૫૧ | ૧૪ | ૦ | ૧૩ |
| | કેશોદ | ૪૦૨૪ | ૮૦૮ | ૭૩૦ | ૭૬૨ | ૬૨૪ |
| | માળીયા હાટીના | ૩૦૫૯ | ૮૪૫ | ૭૪૩ | ૬૩૯ | ૫૩૬ |
| | માણાવદર | ૬૭૯૪ | ૬૧૯૪ | ૬૮૮ | ૯૭૬ | ૯૫૮ |
| | માંગરોળ | ૫૦૧૮ | ૪૫૪૩ | ૩૧૨ | ૮૮૭ | ૭૭૨ |
| | મેંદરડા | ૧૮૯૧ | ૫૩૮ | ૧૩૮ | ૩૦૦ | ૩૬૦ |
| | વંથલી | ૪૦૬૭ | ૩૭૭૦ | ૧૬૦ | ૭૩૮ | ૫૯૯ |
| | વિસાવદર | ૩૬૦૯ | ૮૯૨ | ૫૩૦ | ૭૬૨ | ૫૬૮ |
| ગીર સોમનાથ | ગીર ગઢડા | ૧૭૬૯ | ૦ | ૧૧૮ | ૦ | ૨૬૮ |
| | કોડીનાર | ૩૯૦૪ | ૩૪૨૯ | ૩૨૬ | ૮૧૩ | ૮૪૯ |
| | સુત્રાપાડા | ૨૫૮૧ | ૬૮૧ | ૩૭૩ | ૨૯૪ | ૨૦૧ |
| | તાલાલા | ૨૨૩૦ | ૪૯૨ | ૩૬૮ | ૬૪૬ | ૩૬૧ |
| | ઉના | ૨૩૨૩ | ૫૨૭ | ૨૮૯ | ૧૦૦૬ | ૭૮૩ |
| | વેરાવળ | ૨૧૨૫ | ૬૭૦ | ૫૦૭ | ૫૫૯ | ૩૨૦ |

---------

**મહેસાણા જિલ્લામાં તીર્થગામ/પાવનગામ જાહેર કરવા બાબત**

૧૧૨૦૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા તીર્થગામ-પાવનગામ જાહેર કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ

**જવાબ**

(૧) તીર્થગામ - ૩
પાવનગામ - ૧

(૨) તીર્થગામ - રૂા. ૬.૦૦ લાખ

છે?

| | |
|---|---|
| પાવનગામ | – રૂા.૧.૦૦ લાખ |
| **કુલઃ–** | **– રૂા. ૭.૦૦ લાખ** |

---------

**ખેડા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી**

૧૧૦૭૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ રોજગાર વિનિમય કચેરીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, | (૧) ૨૫૩૪૩ |
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને છેલ્લા બે વર્ષમાં રોજગારી મળી, અને | (૨) ૪૬૬૦ |
| (૩) રોજગાર કચેરી દ્વારા બેરોજગારોને કોઇ તાલીમ આપવામાં આવે છે કે કેમ? | (૩) હા, રોજગાર કચેરી દ્વારા બેરોજગારોને લશ્કરી ભરતી, અર્ધલશ્કરી ભરતી, પોલીસ ફોર્સમાં જોડાવા માટે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થવા પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગ રહેવા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા સાથે એક માસની તાલીમ આપવામાં આવે છે.<br>રોજગાર વાંચ્છુઓને કોમ્પ્યુટરની જાણકારી મળી રહે તે હેતુથી અને ઉપયોગિતાને ધ્યાને લઈ આઈ.ટી.આઈ. દ્વારા નિર્મિત કોર્ષ empower ની તાલીમ આપવામાં આવે છે. |

---------

**ખેડા જિલ્લામાં નિર્મળ ભારત યોજનામાં શૌચાલય બનાવવા બાબત**

૧૧૨૨૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) ખેડા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે ૩૬૭૯ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તેની પાછળ કુલ રૂા. ૧૬૯.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યાઓ**

૯૬૫૭ **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૧૪ |
| ૨ | સાણંદ | ૧૩ |
| ૩ | ધોળકા | ૨૮ |
| ૪ | બાવળા | ૧૭ |
| ૫ | વિરમગામ | ૨૪ |
| ૬ | દેત્રોજ | ૨૨ |
| ૭ | માંડલ | ૧૨ |
| ૮ | ધંધુકા | ૩૬ |
| ૯ | રાણપુર | ૨૩ |
| ૧૦ | બરવાળા | ૧૨ |

| | | |
|---|---|---|
| | કુલઃ | **૨૦૧** |

(૨) આ ખાલી જગ્યાઓ અન્વયે કેટલા સમયમાં કેટલા ગામમાં પૂર્ણ સમય માટે તલાટી કમ મંત્રીની જગ્યા ભરવાનું આયોજન છે?

(૨) ખાલી જગ્યાઓ પૈકી ૪૯ જગ્યાઓ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી ભરવામાં આવશે જ્યારે બાકીની જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૧૧૦૯૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી,

(૨) આ સમયગાળા દરમ્યાન વાણિજિયક વેરાની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) આ બાકી રકમ સત્વરે વસૂલવા સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) (રૂપિયા કરોડમાં)

| **વર્ષ** | **આણંદ** | **ખેડા** |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૪૮.૨૧ | ૧૯૯.૯૪ |
| ૨૦૧૩–૧૪ | ૨૬૩.૩૩ | ૨૧૪.૧૨ |
| એપ્રિલ–મે–૧૪ | ૫૩.૩૬ | ૪૪.૯૭ |

(૨) (રૂપિયા કરોડમાં)

| આણંદ | ખેડા |
|---|---|
| ૬.૪૧ | ૧૬.૯૧ |

(૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પોશીના નવો તાલુકોમાં સ્વતંત્ર તાલુકા પંચાયતની કામગીરી**

૧૨૬૦૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં પોશીના નવો તાલુકો રચાયા છતાં તા.૩૧–૦૫–૨૦૧૪ સુધીમાં સ્વતંત્ર તાલુકા પંચાયતની કામગીરી શરૂ કરવામાં આવી નથી તેના શા કારણો છે?

(૨) આ કામગીરી કઈ તારીખ સુધીમાં શરૂ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના વિભાજન, બેઠકોની તબદીલી તથા તાલુકા પંચાયત પોશીનાની રચના અંગેની વૈધાનીક કામગીરી પૂર્ણ કરવાની હોય છે, જે અંગેની કાર્યવાહી થઈ રહેલ છે.

(૨) ઉપર મુજબ ૧ માં જણાવેલ કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

**રાજ્યમાં ઉર્જા ઉત્પાદિત ખાનગી વીજ ઉત્પાદકોને મંજૂરી આપવા**

૧૧૯૬૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા પ્રકારની કેટલી ઉર્જા ઉત્પાદિત કરવા માટે ક્યા ક્યા ખાનગી વીજ ઉત્પોદકોને મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારના વીજ મથકો દ્વારા મથક દીઠ કેટલું ઉત્પાદન કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) અને (૨) કેન્દ્ર સરકાર દ્વારા સને ૧૯૯૧થી ખાનગી વીજ ઉત્પાદન માટે છૂટ આપવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૦૩થી વીજ ઉત્પાદન માટે લાઇસન્સ પ્રથા નાબૂદ કરવામાં આવી છે. પરંતુ જે તે વીજ ઉત્પાદકોએ વીજ મથક સ્થાપવા માટે પર્યાવરણીય, ગ્રીડ કનેકટીવીટી તેમજ સેફ્ટી ગાઇડલાઇન્સ અંગેની જરૂરી સંમતિ મેળવવાની રહે છે. આ ઉપરાંત ખાનગી વીજ ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા અંગેની ઇલેક્ટ્રિસિટી એકટ–૨૦૦૩ની જોગવાઇઓ તેમજ કેન્દ્ર સરકારની ટેરિફ પોલિસી ૨૦૦૬ અંતર્ગત રાજ્ય હસ્તકની વીજ યુટિલિટીઓ દ્વારા વીજ જરૂરીયાત માટે સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા હેઠળ બિડિંગ કરીને પસંદ કરાયેલ પ્રોજેક્ટ ડેવલોપરો સાથે વીજ ખરીદી કરારો કરવામાં આવે છે.

આમ, ઉપરોક્ત વિગતે રાજ્ય સરકારે વીજ ઉત્પાદન માટે ખાનગી વીજ ઉત્પાદકોને સીધી મંજૂરી આપવાની રહેતી નથી, તેમ છતાં ઉપર્યુક્ત પ્રક્રિયા હેઠળ રાજ્યમાં શરૂ થયેલ અને તા.

૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કાર્યરત એવા ખાનગી વીજ એકમોની વિગતો નીચે મુજબ છે.

| ખાનગી વિજ ઉત્પાદકો | પ્રકાર | સ્થાપિત વિજ ક્ષમતા (મે.વો.) |
|---|---|---|
| એસ્સાર પાવર લીમીટિડ | ગેસ આધારિત | ૫૧૫ |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટિડ | કોલસા આધારિત | ૧૨૦૦ |
| ચાઇનાલાઇટ એન્ડ પાવર ઇન્ડિયા પ્રા.લી. | ગેસ આધારિત | ૬૫૫ |
| અદાણી પાવર લીમીટિડ | કોલસા આધારિત | ૪૬૨૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટિડ | કોલસા આધારિત | ૪૦૦૦ |

આ વીજ મથકો ખાનગી હોઇ, તેના વીજ ઉત્પાદનની ચોક્કસ વિગતો સરકાર પાસે ઉપલબ્ધ નથી.

(૩) આ વીજ મથકો પાસેથી સરકાર વીજળી ખરીદતી હોય તો શા ભાવે વીજળી ખરીદવામાં આવે છે?

(૩) આ વીજ મથકો પાસેથી નામ. વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ વીજ ખરીદ કરારો પ્રમાણે વીજ ખરીદી કરવામાં આવે છે તદનુસાર આ એકમો પાસેથી ખરીદવામાં આવેલ વીજળીના ભાવો નીચે દર્શાવ્યા છે.

| ક્રમ | વીજ મથકનું નામ | પ્રકાર | વીજ ખરીદીના ભાવ રૂ/યુનિટ |
|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર લીમીટિડ | ગેસ | - |
| ૨ | એસ્સાર પાવર ગુજરાત લીમીટિડ | કોલસો | ૩.૨૬ |
| ૩ | ચાઇનાલાઇટ એન્ડ પાવર ઇન્ડિયા પ્રા.લી. | ગેસ | ૪.૪૦ |
| ૪ | અદાણી પાવર લીમીટિડ | કોલસો | ૨.૭૧ |
| ૫ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટિડ | કોલસો | ૨.૬૯ |

ચાઇના લાઇટ એન્ડ પાવર કંપની લિ. ગેસ આધારિત વીજ મથક છે. જેની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફ્યુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ્ડ કોસ્ટ પણ ચૂકવવી પડે છે.

---------

**રાજ્યમાં વિજ ઉત્પાદન કરતા સરકારી વિજ મથકોની ઉત્પાદન ક્ષમતા**

૧૨૬૫૦ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વિજ ઉત્પાદન કરતા સરકારી વીજમથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતા કેટલી છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની મથકદીઠ ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **વિગત** | **ઉત્પાદન** |
|---|---|---|

| | | ક્ષમતા (મે.વો.) |
|---|---|---|
| (અ) | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. | |
| ૧ | ઉકાઇ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૮૭૦ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ |
| ૫ | કચ્છ લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૨૯૦ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭–૮) | ૨૧૯ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ |
| ૮ | ઉકાઇ હાઇડ્રો | ૩૦૫ |
| ૯ | કડાણા અને પાનમ હાઇડ્રો | ૨૪૨ |
| | **કુલ – અ** | **૫૪૯૬** |
| (બ) | સરકારી ક્ષેત્રમાં આઇપીપી | |
| ૧ | ગુજરાત સ્ટેટ અનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૧૫૬ |
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૩૧૦ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૫૦૦ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ |
| | **કુલ–બ** | **૧૨૧૬** |

આ ઉપરાંત ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી.– હજીરા એક્ષ્પાન્શન ૩૫૧ મે.વો. જી. એસ. ઇ.સી. એલ. – ધુવારણ ૩૯૬ મે.વો. તથા જી.પી.પી.સી. પીપાવાવ–૭૦૦ મે.વો. વિજ મથકો કાર્યરત થવા માટે ઉપલબ્ધ છે. પરંતુ આ વીજ મથકોને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકોમાંથી વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી.

(૨) આ વીજ મથકો પૈકી કેટલા પૂર્ણતઃ ચાલુ છે અને કેટલા બંધ છે, અને કેટલા અંશતઃચાલુ છે,

(૩) અંશતઃચાલુ વીજ મથકોમાં મથક દીઠ કેટલું ઉત્પાદન થાય છે, અને

(૪) જો વીજ મથકો બંધ હોય તો બંધ થવાના અને અંશતઃ ચાલુ હોય તો તે માટેના કારણો શા છે?

(૨) (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનો સંગ્રહ શક્ય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટવાઇ જવું, સમારકામની જરૂરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોય, મથકો બંધ રહે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની ‘‘મેરીટ ઓર્ડર’’ની માર્ગદર્શિકાને ધ્યાને લઇ તેમજ લો ડિમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર)ની સૂચના મુજબ, જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય

કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે. તદનુસાર તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આ વિજમથકો દ્વારા મેળવાયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| **અનં.** | **વીજ મથકનું નામ** | **તા.૩૧–૦૫–૨૦૧૪ ના રોજ થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સ)** |
|---|---|---|
| ૧ | ઉકાઇ થર્મલ વીજમથક | ૧૪.૮૮૩ |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજમથક | ૧૧.૮૭૦ |
| ૩ | વણાકબોરી થર્મલ વીજમથક | ૨૩.૧૨૯ |
| ૪ | સિક્કા થર્મલ વીજમથક | ૩.૧૧૯ |
| ૫ | કચ્છ લિગ્નાઇટ થર્મલ વીજમથક | ૪.૫૮૭ |
| ૬ | ધુવારણ ગેસ આધારિત વીજમથક | ૦.૭૫૮ |
| ૭ | ઉકાઇ જળ આધારિત વીજમથક | ૧.૮૬૪ |
| ૮ | કડાણા જળ આધારિત વીજમથક | ૦.૧૬૯ |
| ૯ | જીઆઇપીસીએલ પાવર પ્લાન્ટ | ૧.૭૦૧ |
| ૧૦ | સૂરત લિગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૮.૭૯૪ |

---------

**જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજનામાં પંચવટીનાં પૂર્ણ થયેલ કામો**

૧૧૧૯૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ–૨૦૧૩–૧૪માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) બાકી પંચવટીના કામો ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન**

૧૧૯૧૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

**જવાબ**

(૧) (૨) અને (૩) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા** | **નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા** | **નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ. લાખમાં)** | **સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** | **હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨– | ૧૫૧ | ૪૬૬ | ૨૯.૬૩ | ૮.૭૬ | ૨૦.૮૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | | | | | |
| ૨૦૧૩–૧૪ | ૧૫૮ | ૭૨૩ | ૪૩.૭૬ | ૧૩.૨૬ | ૩૦.૫૦ |
| **કુલ** | **૩૦૯** | **૧૧૮૯** | **૭૩.૩૯** | **૨૨.૦૨** | **૫૧.૩૭** |

---------

**તાપી જિલ્લામાં હળપતિઓનાં જર્જરીત આવાસોનો સર્વે**

૧૨૦૬૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર હળપતિઓના ૨૦ વર્ષ પહેલાના જર્જરીત આવાસોના બદલે નવા મકાનોનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં નવા આવાસો માટે આવાસદીઠ કેટલી રકમ ફાળવી અને કેટલા આવાસો નવા તૈયાર થયા?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩માં.

(૨) – આવાસ દીઠ રૂા. ૭૦,૦૦૦ જિલ્લાને ફાળવેલ છે.

– એક પણ આવાસ નવું તૈયાર થયેલ નથી.

---------

**આણંદ જિલ્લામાં પંચવટી યોજનામાં પંચવટીના પૂર્ણ થયેલ કામો**

૧૧૧૯૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ–૨૦૧૩–૧૪માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને

(૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૦

(૨) બનતી ત્વરાએ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત**

૧૧૨૦૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી, અને

(૪) નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૧૭ (સત્તર).

(૨) ૭ (સાત).

(૩) ૨ (બે).

(૪) નિયત માપદંડો જળવાતા ન હોઇ નામંજૂર કરવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લાના ભિલાડ ચેકપોસ્ટ પર સેલ્સટેક્સની ચોરી કરતા પકડાયેલ વાહનો**

૧૧૬૯૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ભિલાડ ચેકપોસ્ટ ઉપર સેલ્સટેક્સની ચોરી કરતા કુલ કેટલા વાહનો પકડાયેલ છે, અને

(૨) તે પૈકી વર્ષવાર કુલ કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૪૯૨૩ વાહનો.

(૨)

| વર્ષ | વસુલ કરેલ દંડની રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧,૦૪,૫૩,૨૦૭/– |
| ૨૦૧૩–૧૪ | ૧,૨૪,૧૪,૨૪૩/– |

| | |
|---|---|
| ૧-૪-૨૦૧૪થી<br>૩૧-૫-૨૦૧૪ સુધી | ૧૮,૩૯,૨૦૯/- |

---------

**દાહોદ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજૂર કરેલ મકાનો**

૧૧૨૦૩ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કૂલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કૂલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર આ મુજબ મકાનો મંજૂર કરવામાં આવ્યા,

| તાલુકો | મંજુર કરેલ મકાનો |
|---|---|
| દાહોદ | ૮૨૦૨ |
| ગરબાડા | ૬૦૬૯ |
| ફતેપુરા | ૧૬૨૫૨ |
| ઝાલોદ | ૮૮૯૪ |
| લીમખેડા | ૮૫૨૭ |
| ધાનપુરા | ૫૩૫૯ |
| દે. બારીયા | ૬૨૫૪ |
| **કુલઃ** | **૫૯૫૫૭** |

(૨) ૫૧૮૪૯

(૩) ૭૭૦૮

(૪) લાભાર્થી દ્વારા પૂર્ણ કર્યેથી.

---------

**સંતરામપુર તાલુકામાં નદીમાંથી કાંકરી કાઢવાની લીઝ મંજૂર કરવા બાબત**

૧૧૯૯૧ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નદીમાંથી ગ્રેવલ (કાંકરી) કાઢવાની લીઝ મંજૂર કરવામાં આવી,

(૨) આ લીઝમાંથી કેટલી ગ્રેવલ (કાંકરી) કાઢવામાં આવી, અને

(૩) ઉક્ત લીઝો દ્વારા સરકારને રોયલ્ટીની કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજુર કરેલ મકાનો**

૧૧૨૦૨ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ મકાનો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | મંજુર કરેલ મકાનો |
|---|---|
| પાટણ | ૧૪૯૫ |
| સિધ્ધપુર | ૭૪૨ |
| ચાણસ્મા | ૬૦૫ |
| હારીજ | ૭૨૧ |

| | |
|---|---|
| સમી | ૧૦૬૧ |
| રાધનપુર | ૮૨૮ |
| સાંતલપુર | ૨૯૫ |
| **કુલ** | **૫૭૪૭** |

(૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ૪૪૪૦.

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૩) ૧૩૦૭.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) લાભાર્થી દ્વારા પૂર્ણ કર્યેથી.

---------

**રાજ્યમાં સી.એન.જી. અને પી.એન.જી. ગેસ પર વેટ/સેસ**

૧૧૫૨૭ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. અને પી.એન.જી. ગેસ ઉપર કેટલા ટકા વેટ અને સેસ લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેટ/સેસ દ્વારા કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) – **વેટ** ૧૨.૫% + ૨.૫% વધારાનો વેરો
– **સેસ** આકારવાપાત્ર નથી.

(૨) રૂપિયા ૧૫૯૨.૫૧ કરોડ.

---------

**નવસારી જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજૂર કરેલ મકાનો**

૧૧૨૦૧ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર આ મુજબ મકાનો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | મંજુર કરેલ મકાનો |
|---|---|
| નવસારી | ૫૦૩ |
| જલાલપોર | ૨૯૯ |
| ગણદેવી | ૬૧૩ |
| ચીખલી | ૫૦૪૨ |
| વાંસદા | ૪૨૬૩ |
| **કુલ** | **૧૦૭૨૦** |

(૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ૭૮૮૦.

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને

(૩) ૨૮૪૦.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) લાભાર્થી દ્વારા પૂર્ણ કર્યેથી.

---------

**વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો**

૧૦૩૨૬ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની જમીનમાં કેટલા દબાણો થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર દબાણની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ (૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ | દબાણની સંખ્યા |
|---|---|---|---|
| વલસાડ | ૦ | ૨ | ૨ |
| પારડી | ૦ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ઉમરગામ | ૦ | ૦ | ૦ |
| ધરમપુર | ૦ | ૦ | ૦ |
| કપરાડા | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૦** | **૨** | **૨** |

(૨) ઉક્ત દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં લીધા અને કેટલા દબાણો દૂર કર્યા ?

(૨) ઉક્ત બે દબાણો દૂર કરાયેલ છે.

---------

**રાજ્યનું જાહેર દેવું**

૧૧૬૫૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

(૨) સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) (રૂ. કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **કુલ દેવું** |
|---|---|
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૫૦૧૫૩ |

(૨) (રૂ. કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **ચુકવેલ વ્યાજ** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૧૯૮૯ |

---------

**દાહોદ જિલ્લામાં રાજીવગાંધી ભવન મંજૂર કરવા બાબત**

૧૧૧૧૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં રાજીવગાંધી ભવન મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ રાજીવગાંધી ભવનની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ રાજીવગાંધી ભવન** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૨૦૧૩** | **૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪** | |
| ૧ | દાહોદ | ૦૮ | ૦૦ | ૮ |
| ૨ | દે.બારીયા | ૧૨ | ૦૬ | ૧૮ |
| ૩ | ધાનપુર | ૦૫ | ૧૭ | ૨૨ |
| ૪ | ફતેપુરા | ૦૫ | ૧૫ | ૨૦ |
| ૫ | ગરબાડા | ૦૯ | ૦૪ | ૧૩ |
| ૬ | ઝાલોદ | ૦૯ | ૧૭ | ૨૬ |
| ૭ | લીમખેડા | ૧૨ | ૧૭ | ૨૯ |

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને કેટલો ખર્ચ થયો ?

(૨) તે અન્વયે પૂર્ણ થયેલ કામોની અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **પૂર્ણ થયેલ કામો** | | | **થયેલ ખર્ચ** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૨૦૧૩** | **૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪** | **કુલ** | **૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૨૦૧૩** | **૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪** | **કુલ** |
| ૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૨.૯૪ | ૨.૯૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | દે.બારીયા | ૦ | ૦ | ૦ | ૫૫.૦૦ | ૪૨.૦૦ | ૯૭.૦૦ |
| ૩ | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૩૮.૭૮ | ૩૪.૦૭ | ૭૨.૮૫ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૬.૭૬ | ૦.૦૦ | ૬.૭૬ |
| ૫ | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૯.૫૬ | ૦.૦૦ | ૯.૫૬ |
| ૬ | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૨૦.૭૫ | ૪૬.૭૦ | ૬૭.૪૫ |
| ૭ | લીમખેડા | ૦ | ૦ | ૦ | ૧૨.૫૧ | ૭.૩૧ | ૧૯.૮૨ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૧૪૩.૩૬** | **૧૩૩.૦૨** | **૨૭૬.૩૮** |

---------

**ખેડા જિલ્લામાં પ્રવાસન સ્થળના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૨૧૩૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન પ્રવાસન સ્થળના વિકાસ માટે સરકારે શી કામગીરી હાથ ધરી,

(૨) આ માટે સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી અને ક્યા ક્યા કામો કર્યા, અને

(૩) આ બાબતે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન પ્રવાસન સ્થળના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે.

૧. ડાકોર પેકેજ–૧– પાર્કીંગ તથા શોપીંગ બિલ્ડીંગનું કામ જેમાં ૫૬ દુકાનો, ટોયલેટ બ્લોક, લેન્ડ સ્કેપીંગ ગાર્ડન તેમજ કંપાઉન્ડ વોલની કામગીરી.
૨. ડાકોર પેકેજ–૨– ચૌલક્રિયા ભવન, વોક–વે, સ્ટોન પરગોલા, પાદુકાના વિકાસની કામગીરી, ટોયલેટ બ્લોક તથા ગોમતીઘાટના વિકાસની કામગીરી.
૩. ગલતેશ્વર ખાતે ત્રીસ દુકાનો, પાર્કીંગ તથા ટોયલેટ બ્લોકની કામગીરી.
૪. ઉત્કંઠેશ્વર ખાતે પાથ–વે, પાર્કીંગ તથા ટોયલેટ બ્લોકની કામગીરી.

અને

વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવી
વર્ષ–૨૦૧૨–૧૩ રૂપિયા ૧૫,૪૪,૦૫,૯૧૭/–
વર્ષ–૨૦૧૩–૧૪ રૂપિયા ૧૪,૧૭,૪૨,૩૪૧/–

(૩) રૂપિયા ૧૯,૬૪,૦૧,૯૩૫/–.

---------

**પાટણ જિલ્લામાં પંચવટી યોજનામાં પંચવટીના પૂર્ણ થયેલ કામો**

૧૧૧૯૯ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને

(૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯(નવ).

(૨) બાકી એક પંચવટીના કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૧૧૯૨૧ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે,

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ.૧/– લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં ૬૨૩ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ?

(૩) રૂ.૪૨૦.૦૫ (અંકે રૂપિયા ચાર કરોડ વીસ લાખ પાંચ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

**ગીરનાર ખાતે રોપ-વે બનાવવાની કામગીરી**

૧૧૩૨૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના પવિત્ર યાત્રાધામ ગીરનાર ખાતે રોપ-વે બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૧) આ બાબત હાલમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં પડતર છે.

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૨) નામદાર સુપ્રિમ કોર્ટમાંથી પર્યાવરણ અંગેની મંજુરી મળ્યા બાદ રોપ-વે ની કામગીરી શરૂ કરવામાં આવશે.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૩) જમીન ખરીદી માટે રૂપિયા ૬૫/- લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**લુણાવાડા તાલુકાના હાડોડ ગામે નમાણીયા તળાવમાં માટીનું ખોદકામની મંજૂરી**

૧૧૧૧૨ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના હાડોડ ગામે નમાણીયા તળાવમાંથી મોટા જથ્થામાં માટીનું ખોદકામ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે.

(૧) ના, જી.

(૨) જો હા, તો કેટલા પ્રમાણમાં માટી ખોદવાની મંજૂરી આપેલ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો ગેરકાયદેસર માટી ખોદકામ કરતાં ઈસમો સામે ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કરી છે?

(૩) ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર માટી ખોદકામની બાબત ધ્યાને આવેલ નહિં હોવાથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારોની નોંધણી**

૧૧૦૮૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી ખાતે વર્ષવાર કેટલા શિક્ષિત બેરોજગારો અને કેટલા અશિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **તા.૧-૬-૨૦૧૨ થી તા.૩૧-૫-૨૦૧૩ દરમ્યાન બેરોજગારોની થયેલ નોંધણી** | |
|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અશિક્ષિત** |
| ૧ | અમદાવાદ શહેર | ૪૩૩૦૩ | ૫૪૮૩ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૩૪૨૭ | ૪૮૫ |
| | **કુલ સરવાળો** | **૪૬૭૩૦** | **૫૯૬૮** |

| **ક્રમ** | **જિલ્લો** | **તા.૧-૬-૨૦૧૩ થી તા.૩૧-૫-૨૦૧૪ દરમ્યાન બેરોજગારોની થયેલ નોંધણી** | |
|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અશિક્ષિત** |
| ૧ | અમદાવાદ શહેર | ૪૫૫૩૬ | ૫૦૫૫ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૩૬૪૬ | ૫૬૪ |
| | **કુલ સરવાળો** | **૪૯૧૮૨** | **૫૬૧૯** |

(૨) આ બંને પ્રકારના બેરોજગારો પૈકી તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા ઉમેદવારોને રોજગારી મળી છે?

(૨)

| ક્રમ | જિલ્લો | તા.૧–૬–૨૦૧૨ થી તા.૩૧–૫–૨૦૧૩ દરમ્યાન બેરોજગારોને મળેલ રોજગારી | |
|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અશિક્ષિત** |
| ૧ | અમદાવાદ શહેર | ૮૩૦૨ | ૧૧૯૮ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૫૨૫ | ૧૫૫ |
| | **કુલ સરવાળો** | **૮૮૨૭** | **૧૩૫૩** |

| ક્રમ | જિલ્લો | તા.૧–૬–૨૦૧૩ થી તા.૩૧–૫–૨૦૧૪ દરમ્યાન બેરોજગારોને મળેલ રોજગારી | |
|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અશિક્ષિત** |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬૬૪ | ૧૧૧૪ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૫૭૭ | ૧૪૩ |
| | **કુલ સરવાળો** | **૯૨૪૧** | **૧૨૫૭** |

---------

## દાંતા તાલુકામાં ગ્રીટ–કપચીની મંજૂર થયેલ કવોરી

૧૨૦૫૪ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાંતા તાલુકામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રીટ–કપચીની કેટલી કવોરી મંજૂર થયેલ છે,

(૨) આ કવોરીઓ સરકારના નિયમોનું પાલન કરતી નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા તો, આ અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા તાલુકામાં ગ્રીટ–કપચીની કોઈ કવોરીલીઝ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ પ્રોજેકટો મંજૂર કરવા બાબત

૧૧૯૨૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વોટરશેડ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વોટરશેડ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુલ ૮ પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૧ | ૧ | ૨ |
| ૨ | થરાદ | ૧ | ૦ | ૧ |
| ૩ | વાવ | ૧ | ૪ | ૫ |
| | **કુલ** | **૩** | **૫** | **૮** |

(૨) તે માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી?

(૨) તે માટે રૂા. ૫૭૯૭.૫૦ લાખ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ

૧૧૧૦૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તત્કાલ વીજ જોડાણ માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

વર્ષમાં તત્કાલ વીજ જોડાણ મેળવવા માટે છોટા ઉદેપુર જિલ્લાના માત્ર સંખેડા તાલુકામાં ૪૯ અરજીઓ મળેલ છે અન્ય તાલુકામાંથી કોઈ અરજી મળેલ નથી.

(૨) તે પૈકી તાલુકાવાર કેટલાં ખેડૂતોને વિજ જોડાણ આપવામાં આવ્યું,

(૩) કેટલા ખેડૂતોને બાકી છે, અને

(૨) અને (૩)

તત્કાલ વીજ જોડાણ યોજના ૨૦૧૩ અંતર્ગત મળેલ ૪૯ અરજીઓ પૈકી ૧૩ અરજદારોએ સુક્ષ્મ પદ્ધતિ અપનાવવા અસંમતિ દર્શાવતા તેમની અરજીઓ રદ કરવામાં આવેલ અને બાકીની ૩૬ અરજીઓ સુક્ષ્મ પિયત પદ્ધતિની આગળની કાર્યવાહી અર્થે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવેલ તે પૈકી ૨૩ અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં પડતર છે.

જ્યારે ૧૩ અરજદારોને વીજ કંપની તરફથી અંદાજપત્ર પાઠવવામાં આવેલ, જેમાંથી અંદાજપત્ર ભરપાઈ કરેલ ૪ અરજદોરોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. ૧ અરજદારની કાર્યવાહી પ્રગતિમાં છે, અને ૮ અરજદારો દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૪) અરજદારો સાથે ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની તરફથી વીજ કંપનીને અરજીઓ મળ્યેથી અરજદારોને અંદાજપત્ર પાઠવી તેના નાણાં ભરપાઈ થયેથી વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરી શકાશે.

---------

**પ્રાંતિજ અને માણસાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી રેતી કાઢવાની લીઝ**

૧૨૬૬૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પ્રાંતિજ અને માણસાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી રેતી કાઢવાની લીઝ અન્વયે નિયમ કરતાં વધારે રેતી કાઢવાના પાસ ઈસ્યુ થયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) આવા પાસ ઈસ્યુ કરનાર સામે સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમ–૨૦૧૦ મુજબ લીઝ ચોક્કસ મુદત માટે આપવામાં આવે છે. નિયત જથ્થા માટે આપવાની જોગવાઈ નથી.

(૨) અને (૩)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થી થવા માટેની અરજીઓ**

૧૧૯૬૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા અરજદારોએ બી.પી.એલ. લાભાર્થી થવા માટે અરજીઓ કરી,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૦૧–૦૪–૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ સુધી ૧૦૦૭ તથા તા.૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધી ૯૨૨ અરજી આમ, તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯૨૯ અરજદારોએ બી.પી.એલ. લાભાર્થી થવા માટે અરજીઓ કરેલ છે. તાલુકા વાઈઝ વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ ૨૦૧૨– | મળેલ અરજીઓ ૨૦૧૩–૧૪ | છેલ્લા બે વર્ષમાં લાભાર્થીઓએ અરજીઓ કરી |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૩૬ | ૨ | ૩૮ |
| ૨ | ભાભર | ૫૭ | ૩૩ | ૯૦ |
| ૩ | દાંતા | ૬૮ | ૪ | ૭૨ |
| ૪ | દાંતીવાડા | ૪૨ | ૩૯ | ૮૧ |
| ૫ | ડીસા | ૧૫ | ૮૪ | ૯૯ |
| ૬ | દિયોદર | ૪૩ | ૨૨ | ૬૫ |
| ૭ | ધાનેરા | ૭૨ | ૯૩ | ૧૬૫ |
| ૮ | કાંકરેજ | ૪૫ | ૯૮ | ૧૪૩ |
| ૯ | પાલનપુર | ૧૫ | ૨૭૯ | ૨૯૪ |
| ૧૦ | થરાદ | ૪૨ | ૪૮ | ૯૦ |
| ૧૧ | વડગામ | ૨૦૪ | ૧૦૩ | ૩૦૭ |
| ૧૨ | વાવ | ૩૬૮ | ૧૧૭ | ૪૮૫ |
| | **કુલઃ** | **૧૦૦૭** | **૯૨૨** | **૧૯૨૯** |

(૨) તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને ૦ થી ૧૬ તથા ૧૭ થી ૨૦ ના લાભાર્થી તરીકે સમાવેશ કરવામાં આવ્યો,

(૨) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨-૧૩માં ૦ થી ૧૬માં ૬૬ અને ૧૭ થી ૨૦માં ૪૦ તેમજ વર્ષ ૨૦૧૩-૧૪માં ૦ થી ૧૬માં ૨૦૧ અને ૧૭ થી ૨૦માં ૧૮૪ આમ કુલ બન્ને વર્ષમાં ૦ થી ૧૬માં ૨૬૭ અને ૧૭ થી ૨૦માં ૨૨૪ લાભાર્થી તરીકે ઓનલાઈન સમાવેશ કરવામાં આવ્યો.

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૩) વર્ષઃ ૨૦૧૨-૧૩માં ૯૦૧ અને વર્ષઃ ૨૦૧૩-૧૪માં ૫૩૭ અરજીઓ મળી કુલ ૧૪૩૮ અરજીઓ નામંજુર કરવામાં આવી કારણ કે બી.પી.એલ.ના માપદંડમાં ૨૦ થી ઉપર સ્કોર ધરાવતા હોઈ નામંજુર કરેલ છે.

(૪) બાકીની અરજીઓ કયાં સુધીમાં મંજુર કરવામાં આવનાર છે?

(૪) અરજીઓ પેન્ડીંગ નથી જેથી પ્રશ્ન ઉપસ્થત થતો નથી.

---------

**લખપત તથા અબડાસા તાલુકામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ**

૧૧૨૯૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લખપત અને અબડાસા તાલુકામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસના તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હપ્તા ચૂકવવાનાં બાકી હોય તેવી અરજદારોની સંખ્યા કેટલી, કામ જરૂરિયાત મુજબનું પૂર્ણ થવા છતાં સમયસર હપ્તો ન મળવા માટેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) હપ્તા ચૂકવવાના બાકી હોય તેવા અરજદારોની સંખ્યા

| યોજનાનું નામ | તાલુકાનું નામ | અરજદારોની સંખ્યા |
|---|---|---|
| સરદાર આવાસ યોજના | લખપત | ૨૮૨ |
| | અબડાસા | ૨૭૩ |
| ઈન્દીરા આવાસ યોજના | લખપત | ૧૮ |
| | અબડાસા | ૫ |

સમયસર હપ્તા ન ચૂકવવાના કારણોઃ-

**સરદાર આવાસ યોજના**

અરજદારો ધ્વારા સમયસર કામ પૂર્ણ ન કરતાં બીજો તથા છેલ્લો હપ્તો ચૂકવાયેલ નથી.

**ઈન્દીરા આવાસ યોજના**

લાભાર્થી દ્વારા કામ પૂર્ણ કરવામાં આવ્યું ન હોય, પૂર્ણ મકાનના ફોટા રજુ ન થયા હોય તથા અધિક મદદનીશ ઈજનેર દ્વારા ચકાસણી બાકી હોય વગેરે કારણોસર હપ્તાની રકમ ચુકવવાની બાકી છે.

(૨) આ તકલીફ નિવારવા લીધેલા કે લેવા ધારેલા પગલાં શા છે ?

(૨) **સરદાર આવાસ યોજના**

તાલુકા વિકાસ અધિકારીશ્રી, લખતર અને અબડાસાને તા.૧-૭-૧૪ની બેઠકમાં સૂચના આપેલ છે

તેમજ કામ પૂર્ણ થયે અરજદારશ્રીઓને તુરત જ હપ્તાની ચૂકવણી કરવામાં આવશે.

**ઈન્દીરા આવાસ યોજના**

અપૂર્ણ આવાસના લાભાર્થીઓને બાકી કામગીરી પૂર્ણ કરવા સમજૂતી કરવામાં આવેલ છે. જેમણે ફોટા રજુ નથી કર્યા તેમને ફોટા રજુ કરવા સૂચના આપેલ છે અને તાલુકાના અધિક મદદનીશ ઈજનેરશ્રીઓને પણ સત્વરે ચકાસણી પૂર્ણ કરવા સૂચના આપેલ છે.

---------

**પાટણ જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન કરીને ચોરીના કિસ્સા**

૧૧૩૫૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર રેતી ખનન કરીને ચોરીના કેટલા કિસ્સાઓ પકડવામાં આવ્યા અને

(૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ ઈસમો સામે રાજ્ય સરકારે કેટલી રકમની વસુલાત કરી, અને શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) **પત્રક મુજબ**

**પત્રક**

| અનુ. | તાલુકાનું નામ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૨૪૩ |
| ૨ | ચાણસ્મા | ૨૩ |
| ૩ | સિધ્ધપુર | ૩૬ |
| ૪ | હારીજ | ૩૨ |
| ૫ | સમી | ૧૨ |
| ૬ | રાધનપુર | ૧૨ |
| ૭ | સાંતલપુર | ૭ |
| | **કુલઃ** | **૩૬૫** |

(૨) રૂ।. ૪૫,૨૩,૪૧૧/–ની વસુલાત કરી કેસ સમાધાન કરેલ છે.

---------

**રાજ્યમાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના**

૧૧૦૯૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સૌર ઉર્જાથી સ્વનિર્ભર કરવા માટે રાજ્ય સરકારનું શું અને કેવા પ્રકારનું આયોજન છે?

**જવાબ**

આર.જી.જી.વી. યોજના ગામોના વીજળીકરણ તથા બી.પી.એલ. લાભાર્થીઓના ઘરોના વીજળીકરણ માટેની કેન્દ્ર સરકારની યોજના છે. આ યોજના અમલમાં આવી તે પહેલાં ગુજરાતના તમામ ગામોનું ૧૦૦ટકા વીજળીકરણ થઈ ચુક્યુ હતું. તેથી માત્ર બી.પી.એલ. લાભાર્થીઓના ઘરોના વીજળીકરણ પુરતી આ યોજના રાજ્યમાં અમલી હતી. ગુજરાતમાં તો તમામ ગામોનું ૧૦૦ટકા વીજળીકરણ પરંપરાગત રીતે થઈ ચુક્યું હોઈ, ગ્રામ પંચાયતોને સૌર ઉર્જાથી સ્વનિર્ભર કરવાનો કોઈ પ્રશ્ન નથી.

---------

**આણંદ જિલ્લામાં ગામોને રૂર્બન કાર્યક્રમ હેઠળ સમાવેશ કરવા બાબત**

૧૨૬૨૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કયા ગામોને રૂર્બન કાર્યક્રમ હેઠળ કયા વર્ષમાં સમાવેશ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮–૦૯માં રૂર્બન કાર્યક્રમ હેઠળ સમાવેશ કરાયેલ ગામો

| ક્રમ | તાલુકો | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | તારાપુર | ૧ | તારાપુર |

| | | | |
|---|---|---|---|
| ૨ | આણંદ | ૧ | વાસદ |
| | | ૨ | અડાસ |
| | | ૩ | વડોદ |
| | | ૪ | સામરખા |
| | | ૫ | ચીખોદરા |
| | | ૬ | સારસા |
| | | ૭ | નાપડવાંટા |
| ૩ | ઉમરેઠ | ૧ | ભાલેજ |
| | | ૨ | શીલી |
| ૪ | બોરસદ | ૧ | ભાદરણ |
| | | ૨ | દાવોલ |
| | | ૩ | કઠાણ |
| | | ૪ | દહેવાણ |
| ૫ | પેટલાદ | ૧ | ધર્મજ |
| | | ૨ | પંડોળી |
| | | ૩ | મહેળાવ |
| ૬ | સોજીત્રા | ૧ | કાસોર |
| ૭ | ખંભાત | ૧ | ઉંદેલ |
| | | ૨ | કલમસર |
| | **કુલ** | | **૨૦ ગામો** |

(૨) ઉક્ત સ્થિતિએ કાર્યક્રમ અંતર્ગત કઇ એજન્સીને કયા પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે,અને

(૨) કાર્યક્રમ અંતર્ગત એજન્સીએ કરવાની કામગીરી

| **એજન્સીનું નામ** | **ગામનું નામ** | **કામગીરી** |
|---|---|---|
| એકવાફીલ પોલીમર કું. અમદાવાદ | તારાપુર | ભૂગર્ભ ગટર લાઇન નાખવાની |
| સીકોન પ્રા.લી. વડોદરા | અડાસ, વડોદ, નાપડવાંટા, દાવોલ, પંડોળી, મહેળાવ | ભૂગર્ભ ગટરના ડીપીઆર બનાવવા |
| ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વ. અમદાવાદ | ધર્મજ, ભાલેજ, શીલી, કાસોર, કલમસર | ભૂગર્ભ ગટરના ડીપીઆર બનાવવા |
| ધવલ ઓન્જીનીયર્સ | સારસા, ચીખોદરા | ભૂગર્ભ ગટરના ડીપીઆર બનાવવા |
| યુનિટી કન્સલટંટ પ્રા.લી. પૂના | વાસદ, સામરખા | ભૂગર્ભ ગટરના ડીપીઆર બનાવવા |
| ડીઝાઇન આર્ક, ગાંધીનગર | ઉંદેલ, કઠાણા, ભાદરણ, દહેવાળ | ભૂગર્ભ ગટરના ડીપીઆર બનાવવા |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ થયો ?

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ।.લાખમાં)** | **થયેલ ખર્ચ (રૂ।.લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૧૩.૦૦ | ૫૮.૭૨ |
| ૨૦૧૩-૧૪ | ૧૪૦.૦૦ | ૫૭.૦૨ |

| | | |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૦ | ૦ |

---------

**જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં એકથી વધુ ગામોનાં ચાર્જમાં તલાટી-કમ-મંત્રીઓ**

૯૫૨૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રી (મહેસૂલ) એક કરતાં વધારે ગામોનો ચાર્જ એક તલાટી-કમ-મંત્રી પાસે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાલુકાવાર આવા કેટલા ગામો છે અને તેના કારણો શા છે, અને

(૩) સરકાર આવા ગામોમાં રેગ્યુલર તલાટી-કમ-મંત્રી ક્યાં સુધીમાં મૂકવા માંગે છે ?

**જવાબ**

(૧) હા,

(૨)

| જૂનાગઢ જિલ્લો | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ચાર્જવાળા ગામોની સંખ્યા** |
| ૧ | માણાવદર | ૧૫ |
| ૨ | વંથલી | ૧૬ |
| ૩ | જૂનાગઢ | ૧૫ |
| ૪ | ભેંસાણ | ૧૪ |
| ૫ | વિસાવદર | ૨૩ |
| ૬ | મેંદરડા | ૧૮ |
| ૭ | કેશોદ | ૨૦ |
| ૮ | માંગરોળ | ૨૨ |
| ૯ | માળિયા હાટીના | ૨૬ |
| | **કુલઃ** | **૧૬૯** |
| **ગીર સોમનાથ જિલ્લો** | | |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ચાર્જવાળા ગામોની સંખ્યા** |
| ૧ | તાલાલા | ૧૫ |
| ૨ | વેરાવળ | ૧૯ |
| ૩ | સુત્રાપાડા | ૧૪ |
| ૪ | કોડીનાર | ૧૧ |
| ૫ | ઉના | ૩૩ |
| | **કુલઃ** | **૯૨** |

(૩) સત્વરે.

---------

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવા અંગે**

૧૧૯૨૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને પ્રથમ વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૪) કેટલી ગ્રામ પંચાયતોને ત્રીજી વખત ખાસ

**જવાબ**

(૧) ૧૩૩ (એકસો તેત્રીસ)

(૨) ૭૭ (સીત્યોત્તેર)

(૩) ૧૫ (પંદર)

(૪) ૪૧ (એકતાલીસ)

પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,અને

(૫) કુલ કેટલી રકમ ખાસ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવામાં આવેલ છે ?

(૫) રૂ.૩,૫૩,૧૮,૭૫૦/- (રૂપિયા ત્રણ કરોડ ત્રેપન લાખ અઢાર હજાર સાતસો પચાસ પૂરા).

---------

**પ્રવાસન વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૧૦૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે અનુક્રમે રૂપિયા ૩૩૭.૫૦ કરોડ અને રૂપિયા ૩૬૬/-કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

---------

**જામનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી આપવા બાબત**

૧૧૯૧૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૩૯૭૩ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૧૫૩૯૦ |
| | **કુલઃ** | **૨૯૩૬૩** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે, અને

(૨) જામનગર જિલ્લામાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | |
| ૧ | ભાણવડ | ૧૧૯૦ | ૮૬૯ | ૨૦૫૯ |
| ૨ | ધ્રોલ | ૧૪૧૪ | ૭૫૪ | ૨૧૬૮ |
| ૩ | જામજોધપુર | ૬૦૯ | ૬૨૮ | ૧૨૩૭ |
| ૪ | જામનગર | ૨૪૯૯ | ૩૩૫૮ | ૫૮૫૭ |
| ૫ | જોડિયા | ૨૨૩૪ | ૧૪૪૮ | ૩૬૮૨ |
| ૬ | કાલાવડ | ૧૦૦૮ | ૯૧૭ | ૧૯૨૫ |
| ૭ | કલ્યાણપુર | ૧૯૩૬ | ૩૯૪૨ | ૫૮૭૮ |
| ૮ | ખંભાળિયા | ૨૦૩૩ | ૨૬૩૬ | ૪૬૬૯ |
| ૯ | લાલપુર | ૪૦૩ | ૨૯૭ | ૭૦૦ |
| ૧૦ | ધ્વારકા | ૬૪૭ | ૫૪૧ | ૧૧૮૮ |
| | **કુલઃ** | **૧૩૯૭૩** | **૧૫૩૯૦** | **૨૯૩૬૩** |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે ?

(૩) જામનગર જિલ્લામાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર ઉત્પન્ન થયેલ માનવદિનની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ઉત્પન્ન થયેલ માનવદિન સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | |
| ૧ | ભાણવડ | ૫૯૬૩૦ | ૩૧૭૯૫ | ૯૧૪૨૫ |
| ૨ | ધ્રોલ | ૭૪૧૨૨ | ૨૬૮૭૦ | ૧૦૦૯૯૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | જામજોધપુર | ૨૬૮૪૩ | ૧૯૧૬૫ | ૪૬૦૦૮ |
| ૪ | જામનગર | ૧૧૦૦૯૯ | ૧૮૬૭૧૬ | ૨૯૬૮૧૫ |
| ૫ | જોડિયા | ૧૦૬૪૪૧ | ૫૫૯૦૯ | ૧૬૨૩૫૦ |
| ૬ | કાલાવડ | ૪૫૭૬૬ | ૫૨૯૮૫ | ૯૮૭૫૧ |
| ૭ | કલ્યાણપુર | ૧૦૯૪૯૮ | ૨૨૮૪૧૬ | ૩૩૭૯૧૪ |
| ૮ | ખંભાળિયા | ૮૪૦૩૧ | ૧૧૯૯૩૩ | ૨૦૩૯૬૪ |
| ૯ | લાલપુર | ૧૪૮૨૯ | ૭૩૭૫ | ૨૨૨૦૪ |
| ૧૦ | દ્વારકા | ૩૪૯૨૪ | ૩૨૫૫૪ | ૬૭૪૭૮ |
| | **કુલઃ** | **૬૬૬૧૮૩** | **૭૬૧૭૧૮** | **૧૪૨૭૯૦૧** |

---------

## તાપી જિલ્લામાં હળપતિ આવાસ યોજના અંતર્ગત નવા આવાસો

૧૨૦૬૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦ થી ૨૦ ગુણાંકવાળા સર્વે મુજબના હળપતિ આવાસ યોજના અંતર્ગત નવા આવાસો તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને

(૨) યોજના અંતર્ગત એક યુનિટ કોસ્ટ દીઠ કેટલી સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં હળપતિ આવાસ યોજના અંતર્ગત લાભ આપવામાં આવેલ લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| વાલોડ | ૦ |
| વ્યારા | ૦ |
| સોનગઢ | ૦ |
| ઉચ્છલ | ૦ |
| નિઝર | ૦ |

છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ તથા સરદાર આવાસ યોજના હેઠળ હળપતિ લાભાર્થીઓને આપવામાં આવેલ લાભની વિગત

| **તાલુકો** | **બનાવેલ આવાસ** | | |
|---|---|---|---|
| | **સરદાર આવાસ** | **ઇન્દિરા આવાસ** | **કુલ** |
| વાલોડ | ૨૦૧ | ૧૫૯ | ૩૬૦ |
| વ્યારા | ૧૫ | ૭૬ | ૯૧ |
| સોનગઢ | ૦ | ૧૫ | ૧૫ |
| ઉચ્છલ | ૦ | ૦ | ૦ |
| નિઝર | ૦ | ૦ | ૦ |
| | **૨૧૬** | **૨૫૦** | **૪૬૬** |

(૨) હળપતિ આવાસ યોજના અંતર્ગત આવાસ દીઠ રૂા.૭૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

---------

## આણંદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી આપવા બાબત

૧૧૯૧૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા )જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રોજગારી આપેલ કુટુંબોની વિગત.

| **ક્રમ** | **વર્ષ** | **રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૬૪૧૩ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૮૮૦૮ |

(૨) તે પૈકી તાલુકાવાર રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **વર્ષઃ૨૦૧૨–૧૩ (સંખ્યા)** | **વર્ષઃ૨૦૧૩–૧૪ (સંખ્યા)** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૮૯ | ૧૧૬૦ |
| ૨ | ઉમરેઠ | ૧૨૫૯ | ૧૧૭૯ |
| ૩ | બોરસદ | ૩૪૬ | ૭૩૦ |
| ૪ | આંકલાવ | ૩૯૫ | ૬૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૫ | પેટલાદ | ૪૦૫ | ૮૨૮ |
| ૬ | સોજિત્રા | ૧૩૯૬ | ૧૯૦૦ |
| ૭ | ખંભાત | ૮૧૧ | ૮૦૬ |
| ૮ | તારાપુર | ૧૨૧૨ | ૧૫૫૮ |
| | **કુલઃ** | **૬૪૧૩** | **૮૮૦૮** |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે ?

(૩) તે પૈકી તાલુકાવાર ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષઃ૨૦૧૨-૧૩ માં ઉત્પન્ન થયેલ માનવદિન | વર્ષઃ૨૦૧૩-૧૪ માં ઉત્પન્ન થયેલ માનવદિન |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૪૨૮૨ | ૫૮૧૮૦ |
| ૨ | ઉમરેઠ | ૪૫૫૩૮ | ૪૩૪૧૨ |
| ૩ | બોરસદ | ૯૫૪૫ | ૨૯૬૫૮ |
| ૪ | આંકલાવ | ૧૩૨૫૮ | ૩૩૦૪૫ |
| ૫ | પેટલાદ | ૨૧૫૦૬ | ૩૯૨૮૩ |
| ૬ | સોજિત્રા | ૮૫૬૬૫ | ૧૦૪૦૭૮ |
| ૭ | ખંભાત | ૨૬૪૬૯ | ૨૭૭૦૯ |
| ૮ | તારાપુર | ૬૪૭૪૨ | ૭૨૫૯૫ |
| | **કુલઃ** | **૨૯૧૦૦૫** | **૪૦૭૯૬૦** |

---------

## વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ ફાળવવા બાબત

૧૧૬૯૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(કપરાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ કેટલા ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત ૧૬૮૭ આવાસ મંજૂર કરવામાં આવ્યા છે. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|---|
| | | તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ | તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ | કુલ મંજૂર કરેલ આવાસો |
| ૧ | ધરમપુર | ૧૮૪ | ૭૨૯ | ૯૧૩ |
| ૨ | કપરાડા | ૦ | ૦ | ૦ |
| ૩ | પારડી | ૦ | ૪૪૫ | ૪૪૫ |
| ૪ | ઉમરગામ | ૦ | ૪૪ | ૪૪ |
| ૫ | વલસાડ | ૧૧ | ૨૭૪ | ૨૮૫ |
| | **કુલઃ** | **૧૯૫** | **૧૪૯૨** | **૧૬૮૭** |

તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ ફાળવવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ આવાસ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૨૨૩ |
| ૨ | પારડી | ૨૮૬૫ |
| ૩ | ધરમપુર | ૬૨૬૦ |
| ૪ | કપરાડા | ૮૪૬૪ |
| ૫ | ઉમરગામ | ૨૦૮૬ |
| | **કુલઃ** | **૨૧૮૯૮** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આવાસ પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને

(૨) તે પૈકી ઈન્દિરા આવાસ યોજનામાં ૨૫૮ આવાસો પૂર્ણ થયેલ છે અને ૧૪૨૯ આવાસો બાકી છે.સરદાર આવાસ યોજનામાં ૧૬૭૯૨ આવાસો પૂર્ણ થયેલ છે, ૫૧૦૫ આવાસો બાકી છે.

(૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે અન્વયે ઈન્દિરા આવાસ યોજનામાં કુલ રૂા.૨૧૦.૨૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. સરદાર

આવાસ યોજનામાં રૂ઼ા.૮૨૧૦.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## દાહોદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો

૧૧૨૧૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં હાથ ધરેલ કામો નીચેની વિગતે છે.

| ક્રમ | વર્ષ | કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૬૫૨૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૪૬૦૫ |
| | **કુલઃ** | **૧૧૧૨૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરેલ કામો નીચેની વિગતે છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨–૧૩ | વર્ષઃ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૮૭૨ | ૬૨૮ |
| ૨ | દે.બારીયા | ૧૧૮૦ | ૮૫૨ |
| ૩ | ધાનપુર | ૮૮૪ | ૪૭૩ |
| ૪ | ફતેપુરા | ૮૫૭ | ૭૨ |
| ૫ | ગરબાડા | ૧૧૫૦ | ૧૦૯૬ |
| ૬ | ઝાલોદ | ૫૮૫ | ૫૮૬ |
| ૭ | લીમખેડા | ૯૯૨ | ૮૯૮ |
| | **કુલઃ** | **૬૫૨૦** | **૪૬૦૫** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨–૧૩ (લાખમાં) | વર્ષઃ ૨૦૧૩–૧૪ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૫૦૪.૭૫ | ૫૯૪.૮૭ |
| ૨ | દે.બારીયા | ૪૦૨.૫૮ | ૮૧૭.૭૭ |
| ૩ | ધાનપુર | ૪૦૩.૫૫ | ૫૮૨.૮૩ |
| ૪ | ફતેપુરા | ૪૭૮.૦૩ | ૪૦.૨૨ |
| ૫ | ગરબાડા | ૫૩૭.૨૨ | ૬૪૧.૦૯ |
| ૬ | ઝાલોદ | ૩૪૮.૩૪ | ૫૫૨.૯૧ |
| ૭ | લીમખેડા | ૫૩૦.૬૫ | ૧૩૫૦.૯૮ |
| | **કુલઃ** | **૩૨૦૫.૦૮** | **૪૫૮૦.૬૭** |

---------

## રાજ્યનું જાહેર દેવું

૧૧૫૨૮ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલુ છે, અને

(૨) સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટેલું વ્યાજ ચૂકવ્યું?

**જવાબ**

(૧) (રૂ. કરોડમાં)

| નાણાકીય વર્ષ | કુલ દેવું |
|---|---|
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૫૦૧૫૩ |

(૨) (રૂ. કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૧૯૮૯ |

---------

**વલસાડ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા**

૧૧૧૧૪ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તલાટીક્મ મંત્રીના મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) કેટલા તલાટીઓ પાસે વધારાનો ચાર્જ છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મંજૂર જગ્યા** | **ભરેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ખાલી જગ્યાનો સમયગાળો** | |
|---|---|---|---|---|---|
| | | | | **૧ વર્ષ સુધી** | **૧ થી ૩ વર્ષ સુધી** |
| વલસાડ | ૮૧ | ૫૧ | ૩૦ | ૩ | ૨૭ |
| પારડી | ૪૮ | ૩૨ | ૧૬ | ૪ | ૧૨ |
| ઉમરગામ | ૩૫ | ૨૨ | ૧૩ | ૧ | ૧૨ |
| ધરમપુર | ૩૬ | ૩૧ | ૫ | ૧ | ૪ |
| કપરાડા | ૪૧ | ૨૮ | ૧૩ | ૪ | ૯ |
| **કુલ** | **૨૪૧** | **૧૬૪** | **૭૭** | **૧૩** | **૬૪** |

(૨) ૩૮

(૩) ખાલી જગ્યાઓ પૈકી ૨૪ જગ્યાઓ જુલાઇ–૨૦૧૪માં ભરવામાં આવેલ છે.

---------

**ન્યુ કોમનગાઇડ લાઇન ફોર વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ૨૦૦૮માં ગંભીર ગેરરીતિઓ**

૯૪૬૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વાંકાનેર તાલુકાની રાતી દેવડી ગામે વન વિભાગને ન્યુ કોમન ગાઇડ લાઇન ફોર વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ–૨૦૦૮ (આઇ.ડબલ્યુ.એમ.પી.) ડબલ્યુ–સી.૮ ફાળવવામાં આવ્યા બાદ આ કામમાં ગંભીર ગેરરીતિઓ થતી હોવાની કેટલી ફરિયાદો વન વિભાગને છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) કઇ કઇ ગેરરીતિઓની ફરિયાદો મળી તથા તેની વિગતો શી છે, અને

(૩) આ ફરિયાદો બાદ પગલા ન ભરવાના કારણો શા છે? અને કેટલા સમયમાં તપાસ કરી પગલા ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વાંકાનેર તાલુકાના રાતી દેવડી ગામે વન વિભાગને ન્યુ કોમન ગાઇડ લાઇન ફોર વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ–૨૦૦૮ (આઇ.ડબલ્યુ.એમ.પી.) વોટરશેડ કમિટી–૮ ફાળવવામાં આવ્યા બાદ આ કામમાં ગંભીર ગેરરીતિઓ થતી હોવાની કુલ સાત (૭) ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) મળેલ ગેરરીતિઓની ફરિયાદોની વિગત *પત્રક–અ મુજબ છે.

(૩) આ ફરિયાદો અન્વયે કરેલ કાર્યવાહીની વિગતો *પત્રક–બ મુજબ સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન**

૧૨૧૪૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની કોની પાસેથી લોન લીધી,

(૨) મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા વ્યાજના દરે મેળવેલ છે, અને

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **જાહેર બજારમાંથી ભારતીય રીઝર્વ બેંક મારફતે કુલ મેળવેલ લોન (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૫૫૪૬.૨૫ |
| ૨૦૧૩–૧૪ | ૧૫૪૯૨.૫૫ |

(૨)

| **નાણાકીય વર્ષ** | **લોનની મુદ્દત (વર્ષમાં)** | **વ્યાજનો દર (ટકામાં)** |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૦૪ અને ૧૦ વર્ષ | ૮.૫૮ થી ૯.૧૩ સુધીની |

| | | |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦૪ અને ૧૦ વર્ષ | ૭.૭૭ થી ૯.૭૫ સુધીની |

(૩) લોનનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવ્યો ?

(૩) રાજ્યના વિકાસ આયોજનના કામો સિધ્ધ કરવા માટે તેમજ વાર્ષિક વિકાસ યોજનાના કામો માટે આ લોનનો ઉપયોગ કરવામાં આવે છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન**

૧૧૯૧૫ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ માનવદિન ઉત્પન્ન થયા.

| વર્ષ | ઉત્પન્ન થયેલ માનવદિન |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૫૨૩૩૧૪ |
| ૨૦૧૩-૧૪ | ૧૨૮૬૬૫૭ |
| **કુલઃ** | **૨૮૦૯૯૭૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ માનવદિન ઉત્પન્ન થયા.

| **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | |
| બાયડ | ૫૬૬૦૦ | ૮૯૨૫૨ | ૧૪૫૮૫૨ |
| ભીલોડા | ૧૮૨૨૨૦ | ૨૬૭૨૬૩ | ૪૪૯૪૮૩ |
| ધનસુરા | ૧૪૮૧૪ | ૧૨૨૬૩ | ૨૭૦૭૭ |
| હિંમતનગર | ૧૧૬૮૨૬ | ૬૫૩૧૮ | ૧૮૨૧૪૪ |
| ઇડર | ૧૨૦૯૧૫ | ૧૩૦૭૨૬ | ૨૫૧૬૪૧ |
| ખેડબ્રહ્મા | ૧૫૩૦૯૬ | ૧૧૩૨૩ | ૧૬૪૪૧૯ |
| માલપુર | ૧૭૧૩૦૭ | ૧૮૩૪૫૨ | ૩૫૪૭૫૯ |
| મેઘરજ | ૩૦૭૫૫૬ | ૨૨૭૫૮૩ | ૫૩૫૧૩૯ |
| મોડાસા | ૧૩૫૨૫૧ | ૧૧૭૫૨૧ | ૨૫૨૭૭૨ |
| પ્રાંતિજ | ૨૬૫૨૦ | ૪૦૬૬૯ | ૬૭૧૮૯ |
| તલોદ | ૧૦૨૭૩ | ૨૮૧૪૩ | ૩૮૪૧૬ |
| વડાલી | ૭૦૧૮૪ | ૬૫૦૬૧ | ૧૩૫૨૪૫ |
| વિજયનગર | ૧૫૭૭૫૨ | ૪૮૦૮૩ | ૨૦૫૮૩૫ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા નીચે મુજબ માનવદિન ઉત્પન્ન થયા.

| **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | |
| બાયડ | ૧૪૬૦૯ | ૨૦૩૧૦ | ૩૪૯૧૯ |
| ભીલોડા | ૯૦૬૯૧ | ૧૩૪૨૭૪ | ૨૨૪૯૬૫ |
| ધનસુરા | ૬૮૩૯ | ૫૨૨૩ | ૧૨૦૬૨ |
| હિંમતનગર | ૬૦૬૪૫ | ૩૬૯૭૬ | ૯૭૬૨૧ |
| ઇડર | ૬૨૧૨૩ | ૭૬૨૯૬ | ૧૩૮૪૧૯ |
| **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | | **કુલ** |
| | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | |
| ખેડબ્રહ્મા | ૭૦૮૬૨ | ૫૪૦૨ | ૭૬૨૬૪ |
| માલપુર | ૭૮૭૩૯ | ૮૪૩૭૯ | ૧૬૩૧૨૮ |

| | | | |
|---|---|---|---|
| મેઘરજ | ૧૪૭૩૧૩ | ૭૨૨૫૦ | ૨૧૯૫૬૩ |
| મોડાસા | ૫૯૭૧૩ | ૫૦૫૮૭ | ૧૧૦૩૦૦ |
| પ્રાંતિજ | ૧૩૦૬૭ | ૧૬૬૫૪ | ૨૯૭૨૧ |
| તલોદ | ૩૫૮૧ | ૭૭૨૦ | ૧૧૩૦૧ |
| વડાલી | ૨૭૨૨૬ | ૨૨૫૬૩ | ૪૯૭૮૯ |
| વિજયનગર | ૭૪૬૪૩ | ૨૩૭૦૯ | ૯૮૩૫૨ |
| **કુલઃ** | **૭૧૦૦૫૧** | **૫૫૬૩૫૩** | **૧૨૬૬૪૦૪** |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત**

૧૧૧૧૩ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેટલા જોબકાર્ડ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં નીચે મુજબ જોબકાર્ડ આપવામાં આવેલ છે.

| અ.નં | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખાનપુર | ૩૫૧ | ૩૫૦ | ૭૦૧ |
| ૨ | લુણાવાડા | ૮૫૮ | ૬૯૨ | ૧૫૫૦ |
| | **કુલઃ** | **૧૨૦૯** | **૧૦૪૨** | **૨૨૫૧** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર રોજગારી આપેલ લોકોની વિગત નીચે મુજબ છે.

| અ.નં | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખાનપુર | ૫૨૬ | ૫૨૫ | ૧૦૫૧ |
| ૨ | લુણાવાડા | ૧૧૧૫ | ૮૯૯ | ૨૦૧૪ |
| | **કુલઃ** | **૧૬૪૧** | **૧૪૨૪** | **૩૦૬૫** |

(૩) તાલુકાદીઠ અને વર્ષ દીઠ આ માટે કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) તાલુકાદીઠ અને વર્ષ દીઠ આ માટે થયેલ કુલ ખર્ચની વિગત નીચે મુજબ છે. (રૂા. લાખમાં)

| અ.નં | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખાનપુર | ૭.૯૪ | ૧૨.૪૯ | ૨૦.૪૩ |
| ૨ | લુણાવાડા | ૩૦.૩૧ | ૨૯.૬૫ | ૫૯.૯૬ |
| | **કુલઃ** | **૩૮.૨૫** | **૪૨.૧૪** | **૮૦.૩૯** |

(૪) ઉક્ત પૈકી કોઇપણ તાલુકામાં મજુરી ચૂકવવાની બાકી છે ખરી, કેટલા સમયથી?

(૪) ઉક્ત પૈકી કોઇપણ તાલુકામાં મજુરી ચૂકવવાની બાકી નથી.

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

## ધોરણ–૧૨ પછી કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા સત્વરે હાથ ધરવા બાબત

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે બાબતે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"રાજ્યમાં ધોરણ–૧૨નું પરિણામ આવ્યે ઘણો સમય થવા છતાં સરકારની એડમિશન કમિટી પાસે તમામ યુનિવર્સિટીઓની સાયન્સ કોલેજોની બેઠકોની માહિતી નહિ હોવાથી, પ્રવેશ પ્રક્રિયા શરૂ થવા પામી

નથી. જ્યાંસુધી આ પ્રક્રિયા પૂરી થશે ત્યાંસુધીમાં વિદ્યાર્થીઓના સેમેસ્ટરનો સમય પૂર્ણ થશે જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડશે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇ પ્રવેશ પ્રક્રિયા સત્વરે હાથ ધરી પૂરી કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં"

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી **(**રાજ્ય કક્ષાના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ સુધી વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના બી.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ) ને પ્રવેશ કાર્યવાહી જે તે યુનિવર્સિટીઓ દ્વારા સ્થાનિક કક્ષાએ હાથ ધરાતી હતી. તેથી વિદ્યાર્થીઓને કોલેજ દીઠ અલગ અલગ અરજીઓ કરવી પડતી હતી. પરિણામે વિદ્યાર્થીઓને ઘણી અગવડ અનુભવવી પડતી હતી અને કેટલેક અંશે ખર્ચાળ પણ રહેતી હતી. આથી બી.એસ.સી. ( વિજ્ઞાન પ્રવાહ) ના પ્રવેશની કાર્યવાહી કેન્દ્રિયકૃત રીતે કરવાનું શૈક્ષણિક વર્ષ–૨૦૧૪–૧૫ થી નક્કી કરવામાં આવેલ છે.

રાજયમાં પ્રોફેશનલ અભ્યાસક્રમોના કેન્દ્રીય પ્રવેશની કાર્ય કરતી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ (એ.સી.પી.સી.) મારફતે યુનિવર્સિટીની સ્વાયત્તતાને અસર કર્યા વગર યુનિવર્સિટીના પ્રવેશ નિયમોને આધારે અને યુનિવર્સિટીઓના રજિસ્ટ્રારશ્રીઓ મારફત નક્કી કરાયેલા એડમિશન મોડલીટી મુજબ આ પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ. આ કેન્દ્રિયકૃત પ્રવેશ પ્રક્રિયામાં જોડાવા સંમતિ આપેલ રાજ્યની યુનિવર્સિટીઓની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ તારીખ ૨૩–૫–૨૦૧૪ ના રોજ જાહેર થયેલ છે. આ કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયામાં રાજ્યની ૧૪ યુનિવર્સિટીઓની ૧૨૧ કોલેજોની ૩૧૭૫૦ બેઠકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્યમાં ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ પાસેથી તારીખ ૧૯–૬–૧૪ થી તારીખ ૩૦–૬–૧૪ સુધી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ ઓન લાઇન અરજીઓ વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી અથવા હેલ્પ સેન્ટર મારફતે કરી શકે છે. જે અન્વયે પ્રવેશ સમિતિ સમક્ષ ૫૪૬૧૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ છે. આ મળેલ અરજીઓનું પ્રોવીઝનલ મેરીટ લિસ્ટ તારીખ ૧૨–૭–૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૨–૭–૧૪ થી તારીખ ૧૫–૭–૧૪ દરમ્યાન મોક રાઉન્ડ યોજવામાં આવેલ છે. તે અન્વયે સંવિધાનના આધારે રિઝર્વેશનની તમામ જોગવાઇઓ અનુસરીને એન.આઇ.સી. મારફત પ્રવેશ ફાળવણી તારીખ ૨૭–૭–૧૪ના રોજ કરવામાં આવનાર છે. આ તમામ પ્રક્રિયામાં ઓછામાં ઓછું માનવીય હસ્તક્ષેપ રહે છે અને સંપૂર્ણ પારદર્શકતા અને મેરીટના આધારે યાદી તૈયાર કરવામાં આવે છે. વધુમાં એસીપીસી દ્વારા પ્રવેશ ફાળવણી કરાતી હોઇ ઓરિજીનલ અને બહુમૂલ્ય દસ્તાવેજો માટે કોઇપણ સંસ્થા દબાણ કરી શકતી નથી. આમ, પ્રવેશ પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થતાં તારીખ ૩૧–૭–૨૦૧૪ થી શૈક્ષણિક સત્ર કાર્યાન્વિત થશે. આમ, રાજ્યમાં બી.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની સાયન્સ કોલેજોની બેઠકોની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે પ્રથમ વખત જ વર્ષ ૨૦૧૪થી વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલ છે. જે કાર્યવાહી નિયત કાર્યક્રમ મુજબ પૂરી થતાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સત્ર સમયસર શરૂ થતાં અભ્યાસ બગડવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહિ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતું હોય ત્યારે આગોતરું આયોજન કરવું પડે તેના બદલે ૨૩મી મેના રોજ રિઝલ્ટ આવ્યું અને દસ દિવસ પછી સરકારે જાહેર કર્યું કે ઓનલાઇન સેન્ટ્રલાઇઝ પદ્ધતિથી એડમિશન આપવું તે વખતે ચાર યુનિવર્સિટીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી અને કચ્છ યુનિવર્સિટીએ ઓલરેડી ફોર્મનું વિતરણ અને પ્રવેશ પદ્ધતિ ચાલુ કરી દીધી હતી એના લીધે આ ચાર યુનિવર્સિટીઓ જોડાઇ નહિ અને પાછળથી એવા નિયમો બદલવામાં આવ્યા કે ૭૦ ટકા લોકલ કેન્ડીડેટને એડમિશન આપવું એના લીધે થઇ અને આજે ૫૪૬૧૧ વિદ્યાર્થીઓનું મેરીટ લિસ્ટ બન્યું પણ બેઠકો છે ફક્ત ૩૧૭૫૦ તો બાકી રહેતા ૨૨૮૬૧ વિદ્યાર્થીઓના ભવિષ્યનું શું આયોજન તમે કરવા માગો છો અને મારો બીજો પ્રશ્ન છે કે યુ.જી.સી. ની ગાઇડ લાઇન છે કે ૯૦ દિવસ તમારે પહેલાં સેમેસ્ટરમાં ભણાવવું પડે પ્રેકટીકલ સાથે તો આ એડમિશન તમે એવું વિચારો કે જુલાઇ એન્ડ સુધીમાં જો કદાચ પતી જાય તો ફક્ત બે મહિના જ બાકી રહે છે, સપ્ટેમ્બરમાં હંમેશા

ફર્સ્ટ સેમેસ્ટરની એકઝામ હોય છે તો ત્યાંસુધીમાં ક્યાં તો તમે યુ.જી.સી.ની ગાઇડલાઇનનું ઉલ્લંઘન કરશો અથવા તો વિદ્યાર્થીઓનું પહેલું સેમેસ્ટર બગડશે. તો તમે શું કરવા માગો છો?.

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદીઃ માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સના પરિણામ પછી પ્રવેશની આ વાત છે. આ રાજ્યમાં પહેલી વખત એવું થયું છે કે સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ પોતાના ઘરે બેસીને આ રાજ્યની તમામ સાયન્સ કોલેજોમાં એડમિશન મળી શકે એના માટેની એક સુચારૂ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. એના અનુરૂપ થયું છે એવું કે વાલીઓનો પણ અમને ખૂબ સારો એવો સહયોગ મળ્યો છે. દરેક કોલેજોમાં અલગ અલગ ફોર્મ ભરવાના કારણે ફી ભરવી પડતી હતી, ત્યાં જવું પડતું હતું એ ખર્ચમાં કાપ આવ્યો અને જે તે કોલેજમાં એડમિશન લેવું હોય તે લઇ શકે તેવી વ્યવસ્થા ઉભી થઇ. તમામ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરો સાથે પૂર્વ બેઠકો કરવામાં આવેલ હતી અને યુનિવર્સિટીની કોઇપણ પ્રકારની સ્વાયત્તતાને અસર કર્યા વિના પ્રવેશના નિયમો બનાવ્યા યુનિવર્સિટીઓના રજિસ્ટ્રારશ્રીઓ મારફત નક્કી કરાયેલા એડમિશન મોડલીટી પ્રમાણે જ પ્રક્રિયા હાથ ધરવામાં આવી અને યુનિવર્સિટીઓની સંમતિ લઇને કાર્યવાહીઓ કરવામાં આવી. આમાં સરકારી યુનિવર્સિટી, સરકારી, અનુદાનિત કોલેજો અને સ્વનિર્ભર યુનિવર્સિટીઓએ પણ આ પ્રક્રિયાની અંદર ભાગ લીધો છે. એમનું કહેવું છે કે ૩૧૭૫૦ બેઠકો છે એ વાત સાચી છે પણ જે ૫૪૦૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યા છે એમાંથી મોટાભાગના લોકો એન્જિનિયરીંગ કે ડિપ્લોમા એન્જિનિયરીંગમાં જવાના હોય ત્યારે આ રજિસ્ટ્રેશન પ્રમાણે કેટલાક વિદ્યાર્થીઓના નામો આમાંથી નીકળી જશે. ૩૧૭૫૦ સિવાય પણ જો વધારે બેઠકો રહેશે તો એ તમામ વિદ્યાર્થીઓને કોલેજોમાં સીટો વધારીને પણ એડમિશન આપવાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. ત્રીજો પ્રશ્ન એમનો સેમેસ્ટરનો હતો એમાં યુ.જી.સી.ના નિયમ નહિ યુ.જી.સી.ની ગાઇડ લાઇન હોય છે. આપણી સરકારે એનાથી પણ વધુ ૧૧૦ દિવસનું એક સેમેસ્ટર કરવાની વ્યવસ્થા કરી છે અને દરેક યુનિવર્સિટીને કહ્યું છે કે, એ લોકો જે દિવસથી સેમેસ્ટર શરૂ કરે એ દિવસથી ૧૧૦ દિવસ ગણવાના રહેશે તેથી વિદ્યાર્થીઓના હિતને કોઇ નુકસાન થતું નથી. ૨૭–૭–૧૪નાં રોજ જાહેર થતી પ્રવેશની જે પ્રક્રિયાઓ છે તે પૂર્ણ થવાની છે અને ૩૧–૭–૨૦૧૪થી જો યુનિવર્સિટી ધારે તો પ્રવેશની કાર્યવાહી શરૂ કરી શકશે. આ બધી જ માહિતી એ.સી.પી.સી.ની બે વેબસાઇટ છે તેની ઉપર માહિતી ઉપલબ્ધ છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ સેન્ટ્રલ એડમિશન પધ્ધતિમાં કેટલી યુનિવર્સિટીઓએ ભાગ લીધો ? તેમાંથી કેટલી બાકાત રહી ? અને તમામ લોકોને એક જ પધ્ધતિથી વિદ્યાર્થીઓને એડમિશન મળે તેના માટે સરકાર કંઇ આયોજન કરવા માગે છે કે કેમ ?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી :માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ૧૫ યુનિવર્સિટીઓએ ભાગ લીધો છે અને તે ૧૫ યુનિવર્સિટીઓમાંથી આપણી પાસે જે સીટો છે ૧૫ યુનિવર્સિટીઓની બધીજ કોલેજોની ૩૧,૭૫૦ બેઠકો છે. ૫૪ હજારે રજિસ્ટ્રેશન કરાવ્યુ છે અને વહેંચણી એમાંય થશે. જેમણે રજિસ્ટ્રેશન નથી કરાવ્યુ ત્યાં જવુ હશે તો પણ આપણે આપીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે સીટો પાછળથી વધારીશું તો વધુમાં વધુ એક કલાસમાં કેટલી સંખ્યા રાખવા માગો છો ? કારણ કે ઘણી વખત દોઢસો દોઢસો અને બસ્સો બસ્સો વિદ્યાર્થીઓ એક કલાસમાં બેસાડવા પડે છે. તે સંજોગોમાં કેટલી સંખ્યા બેસાડવા માગો છો ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે વ્યવસ્થા કરી છે તે પ્રમાણે મને લાગે છે કે, બહુ વિદ્યાર્થીઓને આવશ્યકતા નહીં પડે. ગયા વર્ષે એવુ થયુ કે આપણે ત્યાં વિદ્યાર્થીઓ સાયન્સમાં એડમિશન લેતાં ના હતા એટલે રાજય સરકારે એક સામૂહિક રીતે પ્રયત્ન કર્યો અને બધા લોકપ્રતિનિધઓ મારફતે પણ પ્રયત્ન કરાવ્યો કે આટલી સારી સુવિધા રાજય સરકારમાં હોય, ૪૨ જેટલી યુનિવર્સિટી હોય એન્જીનીયરીંગની સીટો પણ આપણે વધારી હતી એટલે સાયન્સનો ઝોક વધે એટલા માટે ગયા વખતે આ પરિસ્થિતિ ઉભી થઇ હતી. આ વખતે જયારે ૫૪ હજાર વિદ્યાર્થીઓ જ છે તો એમાંથી કેટલાક લોકો નીકળી જશે એટલે વધારાના આપવાનો પ્રશ્ન નહીં ઉભો થાય. એમણે કહ્યું કે કેટલા વર્ગો વધારવાના? કેટલી સંખ્યા

વધારવાની? તો સામાન્યતઃ એક વર્ગની અંદર ૧૧૦ અને વધીને આપણે ૨૦ વધારે આપીએ છીએ. પણ જો લેબોરેટરીની સુવિધા હોય અને ત્યાં સ્ટાફની સુવિધાઓ હશે તો ૫૦થી પણ વધારે કે જરૂરિયાત પ્રમાણે વિસ્તારના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને આપણે સીટો વધારીશું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શિક્ષણ વિભાગ

**માગણી ક્રમાંકઃ ૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી, શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૫,૫૫,૬૨,૦૧,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૭,૪૬,૧૫,૪૩,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી**

શ્રી હર્ષદકુમાર રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૦ રજૂ કરવામાં આવી**.

**માગણી નંબર–૧૦**

**શિક્ષણ વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા**(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૧૯,૧૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૨૭,૭૦,૦૭,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરુભાઇ ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૨ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૨૨**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા**(** અન્ન**,** નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૯૫,૮૬,૦૧,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૩ રજૂ કરવામાં આવી**.

શ્રી મોહનસિંહ રાઠવાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૪ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદજાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૩૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૨૩**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૬૬,૨૬,૩૬,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૧,૦૫,૬૫,૩૭,૦૦૦/– ની માગણી ક્રમા:ક– ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૦ રજૂ કરવામાં આવી**.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૨ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૭૫**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪૯,૬૩,૮૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૬,૪૮,૬૭,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૪૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૫૦ રજૂ કરવામાં આવી.**

સન૨૦૧૪-૨૦૧૫નાવર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **સોમવાર, તા. ૨૧–૭-૨૦૧૪(સાતમો દિવસ)** નારોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **માગણી નં ૯** | | |
| ૧ | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૧–પ્રારંભિક શિક્ષણ ૦૦૧–નિર્દેશ અને વહિવટ રૂ. ૧૫લ૯૭લ૫૨લ૦૦૦ અં.પ્ર.નં.૪ પા.નં.૧૬થી ૧૮ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની જરૂરિયાત મુજબ નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨ | –– " –– | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓના ગુણોત્સવનું પરિણામ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩ | –– " –– | ૧૦૦ | રાજ્યમાં ચાલતી ગેરકાયદેસર ડે કેર શાળાઓ સત્વરે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર |
| ૪ | –– " –– | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં એડમિશનના નામે ડોનેશન પ્રથા રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| ૫ | –– " –– | ૧૦૦ | શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની વધારાની કામગીરીઓ લેવાથી અભ્યાસ ઉપર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર |
| ૬ | –– " –– | ૧૦૦ | કુમળી વયના બાળકો ઉપર શિક્ષકો દ્વારા થતા અત્યાચારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઈ પટેલ |
| ૭ | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૧–પ્રારંભિક શિક્ષણ ૧૦૪–નિરિક્ષણ રૂ. ૨૮લ૬૬લ૪૦લ૦૦૦ અં.પ્ર.નં.૪ પા.નં.૧૯ | ૧૦૦ | કૌભાંડ જાહેર થયા હોય તેવા આશ્રમોમાં ચાલતી શાળાઓમાં તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| **૮** | -- " -- | ૧૦૦ | શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો યોજવા ઉપરાંત વર્ગખંડો અને શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઈ ગોહેલ |
| **૯*** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષકો....સેવાઓ<br>રૂ. ૯૭લ૧૭લ૮પલ૪૧લ૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૨૦ થી ૨૩ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાન અન્વયે કેન્દ્ર સરકારની મળતી રકમનો યોગ્ય ઉપયોગ કરી બાળકોને અભ્યાસની પૂરતીસુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશુભાઈ બારડ |
| **૧૦** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૭ શિક્ષકો અને તાલીમ<br>રૂ. ૨૭લ૧૯લ૬પલ૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૨૪ - ૨૫ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરો આપવા સાથે અનુભવી અને તાલીમી શિક્ષકોની ઘટ નિવારી વિદ્યાર્થીઓને પુરતુ જ્ઞાન મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| **૧૧** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮-પાઠપુસ્તકો<br>રૂ. ૬પલ૪૦લ૦૦લ૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૨૬ | ૧૦૦ | વિદ્યાર્થીઓની સંખ્યા સામે અપૂરતા પાઠ્યપુસ્તકોના કારણે અભ્યાસ ઉપર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રમેશભાઈ ચાવડા |
| **૧૨*** | -- " -- | ૧૦૦ | શૈક્ષણિક કાર્ય શરૂ થાય તે પહેલા સમયસર પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામા તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| **૧૩*** | -- " -- | ૧૦૦ | પાઠ્યપુસ્તકોના કાળા બજાર અટકાવી વિદ્યાર્થીઓને વ્યાજબી કિંમતે પાઠ્ય પુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| **૧૪*** | -- " -- | ૧૦૦ | પાઠ્યપુસ્તકોમાં રહેલ અસંખ્ય ભૂલો સમયસર સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજયગુરૂ |
| **૧૫*** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૦૦૧ નિર્દેશ વહીવટ<br>૦૧-માધ્યમિક<br>........બોર્ડ<br>રૂ. ૨લ૬૦લ૪૬લ૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૩૧ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણમાં અભ્યાસક્રમ મુજબના શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ રાઠોડ |

| | | | | |
|---|---|---|---|---|
| **૧૬** | -- " -- | ૧૦૦ | ચાલુ વર્ષે માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગુજરાતી પરીક્ષામાં નાપાસ થવા અંગેની બાબત તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| **૧૭** | -- " -- | ૧૦૦ | રાજ્યમાં મફત અને ફરજિયાત શિક્ષણનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| **૧૮** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૯-<br>સરકારી.....શાળાઓ<br>૦૧- EDN-<br>19સરકારી....શાળાઓ<br>રૂ. ૯૩૯૫૮૯૪૬૯૦૦૦<br>અં.પ્ર.નં.૪પા.નં. ૩૮-<br>૩૯ | ૧૦૦ | સરકારી શાળાઓમાં શિક્ષકો-આચાર્યોની અનિયમિત હાજરીના કારણે વાર્ષિક પરિણામો પર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| **૧૯** | -- " -- | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં બાળકોને ભણાવવા શિક્ષકોની ઘટ પૂરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| **૨૦** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિ.... શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૯૦૭૯૯૫૯૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૫૪ થી ૫૬ | ૧૦૦ | યુનિવર્સિટીના કુલપતિઓ દ્વારા થતા બેફામ ખર્ચાઓ અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| **૨૧** | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિ.... શિક્ષણ...<br>૦૦૧-નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૯૦૭૯૯૫૯૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૫૪ થી ૫૬ | ૧૦૦ | યુનિવર્સિટીઓના કથળેલા વહિવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| **૨૨** | -- " -- | ૧૦૦ | યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓના એડમિશન માટે લેવાતા આડેધડ નિર્ણયોથી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઇ ખરાડી |

| | | | | |
|---|---|---|---|---|
| **૨૩** | -- " -- | ૧૦૦ | યુનિવર્સિટીના નિયમો વિરૂધ્ધ કામ કરતી કોલેજો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| **૨૪** | -- " -- | ૧૦૦ | વિદ્યાર્થીઓના અભ્યાસના હીતને ધ્યાનેલઈપૂરતી સવલતો ધરાવતી કોલેજોને મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| **૨૫** | -- " -- | ૧૦૦ | ઈજનેરી અભ્યાસ ક્રમો માટે એડમિશન સમિતિઓ દ્ધારા રાજ્યના વિદ્યાર્થીઓના હિત વિરૂધ્ધ લેવાતા નિર્ણયોઅટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ વાઘેલા |
| **૨૬*** | ૨૨૦૩-તકનિકી શિક્ષણ<br>૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૧૦૫- પોલીટિકનીક<br>રૂ. ૨૯૫૫૯૮૫૯૩૫૯૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૦૨ થી ૧૦૬ | ૧૦૦ | ટેકનિકલ અભ્યાસક્રમો મુજબ પૂરતા પ્રોફેસરોની પૂરતી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. મીતેષ ગરાસીયા (પરેશ ધાનાણી) |
| **૨૭** | ૨૨૦૩-તકનિકી શિક્ષણ<br>૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૧૧૨-<br>ઈજનેરી.....સંસ્થાઓ<br>રૂ. ૨૯૮૦૯૩૦૯૮૩૯૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૦૭ થી ૧૧૪ | ૧૦૦ | ટેકનિકલ અભ્યાસક્રમોમાં એડમિશન પ્રક્રિયા સરળ બનાવી વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| **૨૮*** | ૨૨૩૬-પોષણ<br>૦૨-<br>પોષણયુક્ત....વિતરણ<br>૧૦૨ મધ્યાહન ભોજન<br>૦૧-MDM-1<br>સરકારી..યોજના<br>(કે.પુ.યો.)<br>રૂ. ૮૯૯૭૯૬૨૯૯૪૯૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૨૮-૧૨૯ | ૧૦૦ | એન.જી.ઓ.દ્ધારા તૈયાર થતા મધ્યાહન ભોજનની નિયમિત ચકાસણી કરી ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| **૨૯** | -- " -- | ૧૦૦ | મોટાભાગની શાળાઓમાં બાળકોને ખુલ્લામાં અપાતું મધ્યાહન ભોજન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| **૩૦** | -- " -- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને અપાતા હલકા પ્રકારના ભોજનથી બાળકોના સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરો અંગે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| **માંગણી નં ૧૦** | | | | |
| **૩૧** | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૧- લલિતકલા શિક્ષણ ૦૧-સંગીત......અનુદાન રૂ. ૫૪૯૯૦૯૦૦૦ અં.પ્ર.નં.૪ પા.નં. ૧૨૨ | ૧૦૦ | લલિતકલા શિક્ષણનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| **૩૨** | -- " -- | ૧૦૦ | શાળાઓમાં સંગીત નાટ્યના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં રૂચી વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| **<u>અન્નલ નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ</u>**<br><br>**માગણી નં ૨૨** | | | | |
| ૩૩ | -- " -- | ૧૦૦ | રેશનીંગની દુકાનોમાંથી આવશ્યક ચીજવસ્તુઓનું કાળાબજારમાં થતું વેચાણઅટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૪ | -- " -- | ૧૦૦ | રેશનીંગની દુકાનોનું નિયમિત ચેકીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૫ | -- " -- | ૧૦૦ | સબસીડી યુકત રાંધણગેસની બોટલો આમજનતા સિવાય અન્યત્ર વેચાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. તેજશ્રીબેન પટેલ |
| ૩૬ | -- " -- | ૧૦૦ | કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહખોરોએ મૂકેલા માલનાપુરવઠાની નિયમિત ચકાસણી થાય તેમજ દરેક કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલ ખાદ્ય સામગ્રીનુ વિગત દર્શાવતુ બોર્ડ મૂકાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૩૭ | -- " -- | ૧૦૦ | ગેરકાયદેસર સંગ્રહખોરી કરનાર સામે દરોડાઓ પાડી સંગ્રહખોરોને | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સખ્ત સજા થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૮ | -- " -- | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓને અન્યત્ર જિલ્લાઓમાં બદલી કરી જિલ્લા કચેરીઓની કામગીરી સંગીન બનાવી પારદર્શક વહિવટ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવેદ પીરજાદા |
| ૩૯ | -- " -- | ૧૦૦ | નજીકના સ્થળે કેમ્પ કરી નવા બારકોડ રેશનકાર્ડ કાઢી આપવામાં તથા વિભાજીત થતા કુંટુબોને નવા રેશનકાર્ડ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| **માગણી નં ૨૩** | | | | |
| ૪૦ | ૨૪૦૮-ખાદ્ય .... વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧-નિદેશ અને વહિવટ<br>રૂ. ૫૦૯૩૦૯૨૭૯૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોને સમયસર અન્નનો પુરવઠો મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૪૧ | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં વાજબી ભાવની દુકાનો રહેણાંક વિસ્તારની નજીક ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૪૨ | -- " -- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો બેરોજગાર યુવાનોને ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૪૩* | -- " -- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોમાં ખાંડનો જથ્થો છેલ્લા ચાર માસથી વિતરણ થતો નથી તે અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૫** | | | | |
| ૪૪ | ૩૦૫૧-બંદરો અને દીવાદાંડી<br>૦૨-નાના બંદરો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂ. ૭૨૯૦૦૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૧૨ | ૧૦૦ | સૌરાષ્ટ્ર અને કચ્છના બંદરો પર ચોમાસા દરમિયાન વાવાઝોડા-ભારે વરસાદના માર્ગદર્શન માટે વર્ગ-૪ ના કર્મીઓને બદલે વર્ગ-૩ કે ઉચ્ચ અધિકારીઓને મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૪૫ | -- " -- | ૧૦૦ | નાના બંદરો ઉપરના રોજમદારોને | શ્રી અમિતભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નામદાર હાઇકોર્ટના હુકમો થયા બાદ કાયમી કરવાની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ચૌધરી |
| ૪૬ | -- " -- | ૧૦૦ | બંદરો ઉપર અચાનક મુલાકાતો લઇ ગેરરીતિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૪૭ | ૩૪૫૧–<br>સચિવાલય....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–બંદરો ....વિભાગ<br>રૂ. ૨લ૪૪લ૭૦લ૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૨૦ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડના કર્મચારીઓના પડતર પ્રશ્નો હલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૪૮ | -- " -- | ૧૦૦ | ગુજરાત મેરી ટાઇમ બોર્ડમાં લાંબા સમયથી એકજ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓ / અધિકારીઓને અન્યત્ર બદલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૪૯ | -- " -- | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડ દ્વારા નીતિ નિયમોવિરૂદ્ધ થતી કામગીરીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૫૦ | ૩૪૫૧–<br>સચિવાલય....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–બંદરો ....વિભાગ<br>રૂ. ૨લ૪૪લ૭૦લ૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૨૦ | ૧૦૦ | નામદાર હાઇકોર્ટ દ્વારા મેરી ટાઇમ બોર્ડના કર્મીઓની તરફેણમાં આપેલ ચુકાદાઓનું સત્વરે પાલન થાય તે જોવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

શ્રી શકિતસિહંજી ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તમ શિક્ષક વગર ઉત્કૃષ્ઠ સમાજની કલ્પના પણ ના કરી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ચાણક્યએ કહ્યું છે કે– " શિક્ષક કભી સાધારણ નહીં હોતા. " એનો અર્થ એવો નહીં કે, જે શિક્ષક થઇ જાય એ સાધારણ ના હોય, પણ એનો અર્થ એ કે, સાધારણ વ્યક્તિ કયારેય શિક્ષક ન બની શકે. જેને શિક્ષણ આપવું છે એ અસાધારણ બુદ્ધિમત્તાવાળો ઉત્તમ વ્યક્તિ હોય એ જ શિક્ષક બની શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ૫૩૦૦ રૂપિયામાં ઉત્તમ શિક્ષક ખોળવા નીકળી છે. ફીકસ પગાર ૫૩૦૦ રૂપિયા, સૌરાષ્ટ્રના અહીં બેઠેલા મારા માનનીય ધારાસભ્યશ્રીઓને ખબર છે કે એક અભણ વ્યકતિ વાડીમાં દાડી કરવા જાય છે તો પણ ૩૦૦ રૂપિયા કમાઇને આવે છે. અને ૯૦૦૦ રૂપિયા માસિક પગાર થયો. અને આપણે ૫૩૦૦ રૂપિયા આપીને એક ઉત્તમ શિક્ષક લાવવાના છીએ? ગુજરાત હાઇકોર્ટે કહ્યું કે આ કેવા પ્રકારનું વાયબ્રન્ટ ગુજરાત? જયાં યુવાનોનું શોષણ થાય, પૂરતો પગાર આપો. આ ગુજરાત હાઇકોર્ટે કહ્યું તેની સામે તમે સુપ્રીમ કોર્ટમાં જઇ અને બેસી રહ્યા છો. પૂરતો પગાર આપતા નથી. ત્યારે હું આ સરકારને વિનંતી કરવા માગું છું કે શિક્ષણનું સ્તર સુધારવું એ અત્યંત આવશ્યક

છે. એટલા માટે આ ફીકસ પગાર બંધ કરો. ઇકવલ વર્ક, ઇકવલ પે, એ કોન્સ્ટીટ્યુશનનો સિદ્ધાંત છે. એક બાજુ ૧૮ કે ૧૯ હજાર રૂપિયા લઇ જનારો માણસ, અને બીજી બાજુ ૫૩૦૦ રૂપિયા, એમનામાં ફર્સ્ટ્રેશન આવશે.

આ સરકાર શાળા પ્રવેશોત્સવ કરે છે. મારી તો વિનંતી છે કે પહેલા ભરતી ઉત્સવ કરો. આ જેટલી શિક્ષકોની જગ્યા ખાલી છે એ બધી જગ્યાઓ ભરો. બેઠા બેઠા માનનીય મંત્રીશ્રી કહે છે કે ટર્ન આવવાનો છે. ભરે છે. પણ આ અબડાસા અને લખપત વિસ્તારમાં ૧ થી ૭ ધોરણની વચ્ચે પ્રેકટીકલી એક પણ શિક્ષક હોતા નથી. સૌથી વધારે ખાલી જગ્યાઓ કચ્છમાં છે. અને એમાં પણ સૌથી વધારે અબડાસા અને લખપત તાલુકામાં ખાલી છે. તેથી મારું સૂચન છે કે કચ્છી ભાષા બોલતો હોય ને, તેમને દસ ટકા વધારે પી.ટી.સી. વાળાને આપો, તો તે કાયમી ત્યાં રહેશે, કચ્છી બોલશે અને કચ્છી ભાષાને પુનઃ જીવન મળશે અને બરાબર તેને સાથ મળશે. અને શિક્ષક ત્યાંનો સ્થાનિક હશે તો તે ત્યાં બરાબર રહી શકશે. આપ આંકડા તો જોજો, આપ કહો છો ને કે અમે ભરતી ઉત્સવ કરીએ છીએ, પણ આપના એજયુકેશન ઇન્સ્પેકટર, આપના સરકારી શાળાના આચાર્યો, આપના નિરંતર શિક્ષણના અધિકારી વર્ગ-૨ના આંકડાઓ આપ આપશો તો મને આનંદ થશે, આ ૩ કેડરમાં કુલ મંજૂર થયેલ મહેકમ કેટલૂ, આજની તારીખે ભરાયેલી જગ્યાઓ કેટલી છે? પુષ્કળ જગ્યાઓ આજે ખાલી છે.

રીવર ફ્રન્ટ ઉપરથી ઝૂંપડા વાળાને આપે હટાવ્યા, પાકિસ્તાનના ડેલીગેશનને રીવર ફ્રન્ટ જોવા માટે બોલાવો છો, પણ રીવર ફ્રન્ટ ઉપરથી હટાવાયેલા ઝૂંપડાવાળાના બાળકોને શિક્ષણ મળે છે કે નહીં તેની ચિંતા આપ કરો છો ખરા? તેમની શાળાની શું પરિસ્થિતિ છે તેમના બાળકોને કેવું શિક્ષણ મળે છે તે અંગે આપની સંવેદના જાગશે ખરી? સી.પી.એડ પી.ટી.સી. ૧૯૯૮ થી જે ભણાવતા હતા, આપના એક પરિપત્રથી આપે તેમને બેરોજગાર કર્યા છે. ચૌદ, પંદર કે સત્તર વર્ષથી જેમણે આપની સેવા કરી છે. એમને રક્ષણ આપવાની આપણી જવાબદારી નથી? એમને રક્ષણ મળવું જોઇએ એવી મારી માગણી છે. રાઇટ ટુ એજયુકેશન બહુ સરસ કાયદો છે. એક ઋષિના આશ્રમમાં શ્રીમંત પરિવારમાંથી આવતા ભગવાન શ્રીકૃષ્ણ પણ ભણે અને ગરીબ પરિવારનો દીકરો સુદામાં પણ એ જ શાળામાં ભણે. તે વાત થઇ શકે તે માટેનો આ કાયદો છે, કે ગરીબ બાળકને તમારે ચોક્કસ ખાનગી શાળામાં સારામાં સારી શાળામાં રાખવા જોઇએ. પણ આપણે તેનો અમલ કરીએ છીએ ખરા? બહુ સારો ભારત સરકારે પરિપત્ર કરીને આપ્યો છે કે શાળાએ એડમિશન આપવાનું હોય તો એ એડમિશન ડ્રો કરીને જ આપવું. આ સરકારે એક પરિપત્ર કર્યો છે, એ પરિપત્રની કોપી મારી પાસે છે. કે ડ્રો કરવો હોય તો કરો , નહીંતર વહેલા તે પહેલાના ધોરણે આપો, આ વહેલા તે પહેલા શું છે? કયારે અરજી આવે તે એમણે પોતે નક્કી કરવાનું. અન્ડર ટેબલ પૈસા આપે તે વહેલો, અને એડમિશનમાં પહેલો, અને બાકીના જાય પાછળ, આ પદ્ધતિ બરાબર નથી.

ગુજરાત એ નસીબદાર રાજય છે, આખા દેશમાં ૧૬૬૩ કિલો મીટરનો દરિયા કાંઠો કોઇ એક રાજય પાસે હોય તો એ ગુજરાત પાસે છે. અને સમગ્ર ગુજરાતમાં કચ્છ નસીબવંતુ છે, કે ૩૫૩ કિલોમીટરનો દરિયાકાંઠો માત્ર કચ્છ જિલ્લા પાસે છે. ૨૩ ટકા દરિયાકાંઠો કચ્છ જિલ્લા પાસે છે. આપણે માત્ર મુંદ્રા અને કંડલાને થોડું ઘણું આપીને સંતોષ નહિ માની શકીએ. આપણી ચિંતા હોવી પડશે કે કોરી ખાડી પર લખપત અને કોટેશ્વર આવેલા છે. બોચા ખાડી પર મુંદ્રા છે, ગોડ્યા ખાડી પર જખૌ આવેલા છે. નાના નાના બંદરો છે. આપણે કોટેશ્વરમાં માછીમારી કરવાની ના પાડી છે અને એની સામે આપણે કહ્યું કે નાના જે બંદર છે જેવા કે મલેરડી વગેરે બંદરને વિકસાવીશું, પરંતુ આપણે એની ચિંતા કરી છે ખરી? મલેરડી બંદર શરૂ થાય એની ચિંતા આપણે કરવી પડશે. આપણે ત્યાં ઉત્તમ માછલીઓ મળે, પાકિસ્તાનના માછીમારો અહીંયા કેદ થતાં, આપણો માછીમાર કયારેય પાકિસ્તાનની સરહદમાં નહોતો જતો. બંદર વિભાગે ચિંતા કરવી પડશે કે આપણા બંદર ઉપર કોઇ પ્રદૂષણ ન કરે જેથી કરીને આપણા માછીમારોને પાકિસ્તાનની સરહદમાં જવું ન પડે અને ઉત્તમ માછલી આપણે ત્યાં જ મળે એની ચિંતા કરવી પડશે. એક લકડીવાળી હોડી, મશીન વગરની હોડીઓ એને બારે માસ માછીમારી કરવાની મંજૂરી મળતી હતી. આપણે એ બંધ કરી છે એક પરિપત્રથી બંધ કરી છે. મારી લાગણી અને માગણી છે કે એ શરૂ કરવી જોઇએ.

મારો આખો ૧૮૦ કિલોમીટરનો વિધાનસભાનો વિસ્તાર છે. એમાં એક પણ ગ્રાન્ટેડ કોલેજ નથી. એક નંબરની વિધાનસભાની બેઠક અબડાસા કહેવાય અને નખત્રાણાની કોલેજ છે જે તમામ ધારા ધોરણો પૂરા કરે છે, મારી માગણી છે કે એના પછી આવેલાને જયારે આપે ગ્રાન્ટેડ કરી છે તો નખત્રાણાની કોલેજને તાત્કાલિક ગ્રાન્ટેડ કરવામાં આવે. આપની નીતિ છે કે દસ કિલોમીટરે એક હાઇસ્કૂલ બનાવીને આપીશું, આખો વિસ્તાર એવો છે, કચ્છના અનેક વિસ્તારો એવા છે કે જયાં સરકારી હાઇસ્કૂલો નથી ત્યાં સરકારી હાઇસ્કૂલો શરૂ થાય એ સમયની માંગ છે.

પુરવઠા વિભાગમાં બી.પી.એલ. એટલે કે બીલો પોવર્ટી લાઇન, ગરીબી રેખા નીચેવાળાને બી.પી.એલ. કાર્ડ મળવું જોઇએ. અહીંયા તો શું ચાલે, બીલો પોવર્ટી લાઇન નહિ, •(xxxxxx) એ બી.પી.એલ. કાર્ડ લઇને ફરતો હોય અને જે શ્રીમંત માણસ આ પૈસા લઇને (અંતરાય) એવો માણસ કાર્ડ લઇને ફરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બિન સંસદીય શબ્દો છે એ કાઢી નાખીએ છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : ગરીબ કાર્ડ લઇને કોઇ પૈસાવાળો જાય. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : બી.પી. એલ. માનનીય નીતિનભાઇ, હું ગરીબ માણસની ચિંતા કરું છું જે ગરીબ માણસનો અધિકાર છે એને છીનવીને જતો હોય તો એ ગમે તેવો માલદાર હોય તો એને રોકવો પડશે અને સાચા માણસોને બી.પી.એલ. કાર્ડ પહોંચે એની જવાબદારી સરકારની હોવી જોઇએ, આપણને ચિંતા થતી હોવી જોઇએ કે ગરીબના અધિકારનું કોઇ લઇ જાય છે (xxxxxx)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા બાબત

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે •(xxxxxx) સાહેબ, એમના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અને એમણે માફી માગવી જોઇએ. (xxxxxx)

અધ્યક્ષશ્રી : કોઇપણ સભ્યશ્રીએ કોઇ સભ્યનું અપમાન થાય એવું ડાયરેક કે ઇન ડાયરેક નહિ કરવું જોઇએ. માનનીય નીતિનભાઇ, અપમાનજક કોઇના માટે શબ્દો હશે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આપણે કોમ્પ્યુટરાઇઝેશન કરાવવા માગીએ છીએ. આપણે ફિંગર પ્રિન્ટ લેવા માગીએ છીએ, આજે રેશનકાર્ડની દુકાન પર કાર્ડ હોલ્ડર જાય છે એની ફિંગર પ્રિન્ટ લેવાની હોય છે. સાહેબ જે ગામડાંમાં હજી મોબાઇલના ટાવર નથી પકડાતાં ત્યાં ઇન્ટરનેટ અને થ્રીજીની અપેક્ષા કેટલા અંશે વાજબી છે. પેલો કાર્ડ હોલ્ડર અને દુકાનદાર વચ્ચે ઝઘડો થાય છે, કારણ કે કાર્ડ પરનો અંગૂઠો મેચ કરવા માટે એને નેટ કનેકશન જોઇએ એ નેટ કનેકશન સરવર ડાઉન હોય, મળે નહિ, ગરીબ માણસ ધક્કા ખાય અને આપણને એની ચિંતા ન હોય.આનું સોલ્યુશન લાવવું પડશે કે આ ન ચાલે આપણે ત્યાં. જે ગામડાંનો ગરીબ માણસ છે એની ઘણી સમસ્યાઓ છે. એને રેશનકાર્ડ લેવા માટેના ધક્કા ખાવા મોંઘા પડે. તેના માટેની આપણી ચિંતા હોવી જોઇએ. આ રાજયમાં આપણે કહીએ છીએ કે અમારે નવી સિસ્ટમ મુજબ નવા કાર્ડનું વિતરણ કરવું છે. જૂના રેશનકાર્ડ છે તેના બદલે ફીંગરપ્રિન્ટવાળા આપવા છે. મને વાંધો નથી. પણ આપણાં આ કામને પૂર્ણ કરવા માટે આપણો વિચાર સારો, પણ અમલીકરણ એજન્સી જે રીતે ત્યાં કામ કરે છે. આપે પૂછ્યું છે કયારેય ગરીબ માણસને, એક કાર્ડ માટે થઇને જવા માટે કેવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે? ત્યારે તેના માટે કંઇક યોગ્ય રીતે કરવામાં આવે એવી વિનંતી સાથે આ ત્રણે વિભાગોની જે માગણી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આવી છે તેમાં ખાસ કરીને બંદર વિભાગમાં મારી છેલ્લી વાત કરીને વાત પૂરી કરીશ કે અલંગ શીપબ્રેકીંગ યાર્ડમાંથી આ ગુજરાતની તિજોરીમાં ખૂબ પૈસા આવે છે. અહીંના શીપબ્રેકરોને વર્ષોથી તમે પ્લોટ માટેની નીતિ જ નક્કી નથી કરતા. દર વર્ષે એકસટેન્શન આપવાનું અને માથે લટકતી રાખવાની. કઇ પ્રકારની આ નીતિ છે? માનનીય અધ્યક્ષશ્રી, જે પૈસા આવે છે ત્યાંથી, હાઇકોર્ટે કહ્યું. મજૂરોના કલ્યાણ માટે, ઇન્ફ્રાસ્ટ્રકચર માટે વાપરો. આ ફંડ ડાયવર્ટ થઇ જાય છે. નથી ઇન્ફ્રાસ્ટ્રકચર બનતું, નથી ત્યાં જેટી બનતી. નથી ત્યાં સારું કામ થતું. આ મુદ્દાઓની પરિસ્થિતિ છે ત્યારે આ વિભાગની માગણીઓને હું સમર્થન આપી શકતો નથી, મારી વાત પૂરી કરું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ અને બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણીઓ લઇને જે મંત્રીશ્રીઓ આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે અને તેના વિશે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાતમાં અત્યારના દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જે પ્રેરણા, પુરુષાર્થ અને પરિણામના લક્ષ્ય સાથે જે બધા જ આયામોની શરૂઆત કરી હતી અને અત્યારના આપણાં પહેલાં મહિલા મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલે જે ગતિશીલ ગુજરાતને લક્ષ્યમાં રાખીને ૧૦૦ દિવસમાં જેનું પરિણામ, જે બધા જ આયામોને ગતિમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે તેના ભાગ રૂપે આજે જે માગણીઓ આવી છે ત્યારે અન્ન અને નાગરિક પુરવઠા વિશે હું મારી વાત કરવા માગું છું.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, મારે મારા મિત્રોને યાદ કરાવવું છે કે જયારે ભૂતકાળમાં ૧૯૬૫થી આ વિભાગ શરૂ થયો ત્યારથી જે વિભાગમાં પારદર્શિતા હોવી જોઇએ, જે અનાજ, ખાંડ, ખાદ્ય અનાજ અને કેરોસીનનું વિતરણ ગરીબો સુધી જે રીતે પહોંચે એને પહોંચાડવા માટેની વાત. રાજયમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ ચાલતા હતા. એ દૂર કરવાનું કામ તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જે પ્રેરણા આપી અને તેના ભાગ રૂપે આદરણીયશ્રી નરોત્તમભાઇ નાગરિક પુરવઠા મંત્રી હતા. ભૂતિયા કાર્ડ નાબૂદીમાં જે ઝૂંબેશ ચાલી. ભૂતિયા કાર્ડ નાબૂદ થયા અને અત્યારે આદરણીય શક્તિસિંહજી જે વાત કરતા હતા. જે બારકોડેડ રેશનકાર્ડ સમગ્ર હિંદુસ્તાનમાં જયારે ઇ-ગવર્નન્સ એવોર્ડ જે તે વખતની યુ.પી.એ.ની સરકારે આપ્યો. ગુજરાતમાં બારકોડેડ રેશનકાર્ડની જે પદ્ધતિ શરુ થઇ છે અને તેના લીધે અત્યાર સુધી કયાંક કયાંક ગેરરીતિઓ થતી હતી એ અટકાવવા માટે બાયોમેટ્રિક પદ્ધતિથી રેશનકાર્ડ આપવામાં આવે છે જેના આંગળાની છાપ લેવામાં એક વાત થઇ કે કયારેક કયારેક ધક્કા થતા હોય છે. વચ્ચે થોડી છૂટ આપી હતી. પણ અત્યારે પહેલી ઓગસ્ટથી ફરજીયાત બારકોડેડ રેશનકાર્ડ જે બાયોમેટ્રિક પદ્ધતિથી ઇસ્યુ કર્યું છે તેને તેમાં કયાંય છૂટ આપવાની થાય તો પણ માત્રને માત્ર કલેકટર જો સૂચના આપે તો. એટલે કયાંય પણ ગેરરીતિ કરવાનો અવકાશ ન રહે તે રીતે આ કામ શરૂ કરવામાં આવ્યું છે. અત્યારે રાજયનો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, જિલ્લા કક્ષાએ જિલ્લા પુરવઠા અધિકારી અને તાલુકા કક્ષાએ મામલતદારના માધ્યમથી આ બધું સંચાલન થાય છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦૦ની વસ્તી અને ૩ કિલોમિટરના અંતરે વાજબી ભાવની દૂકાન આપવામાં આવે છે. જ્યારે શહેરી વિસ્તારમાં ૫૦૦૦ની વસ્તીએ વાજબી ભાવની દૂકાન આપવામાં આવે છે. પહેલાં આવી દૂકાનોનું નામ વાજબી ભાવની દૂકાન હતું તે બદલીને પંડિત દિનદયાળ ગ્રાહક સુરક્ષા ભંડાર નામ આપવામાં આવ્યું છે. માર્ચ ૨૦૧૪ની સ્થિતિએ ૧૭૨૫૮ આવી દૂકાનો કાર્યરત છે. અને જે ભૂતિયા રેશન કાર્ડ નાબૂદ થયા અને બારકોડેડ રેશન કાર્ડ ૧-૪-૧૧થી ૩૧-૩-૧૪ સુધીમાં ૪૭૩૩૦૫ ઇસ્યૂ કર્યા છે અને આ માટે જોગવાઇ ૨૦૧૪-૧૫ના બજેટમાં ૭૦૦૦ લાખની કરવામાં આવી છે. બી.પી.એલ. યોજના, અંત્યોદય અન્ન યોજના અને એ.પી.એલ. યોજનામાં જે બી.પી.એલ. કાર્ડ ધારકો આખા રાજયમાં છે એમાં એમને ૧૩ કિલો ઘઉં ૨ રૂપિયાના ભાવે અને ૩ રૂપિયાના ભાવે ૩ કિલો ચોખા, એ.પી.એલ. માટે ૧૯ કિલો ઘઉં બે રૂપિયાના ભાવે અને ૧૬ કિલો ચોખા ૩ રૂપિયાના ભાવે આપવામાં આવે છે અને સાથે સાથે જે એ.પી.એલ.વાળા છે એમને એક વ્યક્તિ દીઠ ૨.૫ કિલો અને વધારેમાં વધારે ૧૫

કિલો રૂ.૭.૫ ના ભાવે આપવાની યોજના ચાલી રહી છે અને એના માટે એ.પી.એલ. અને બી.પી.એલ.માં ૧૪ લાખ ૯૧ હજાર કુટુંબો આવરી લીધેલા છે એમાં ગઇ સાલ ૨૦૧૩-૧૪માં રૂ.૫૪ કરોડની સબસિડી ચૂકવી અને ૨૦૧૪-૧૫માં રૂ.૯૭.૪૧ કરોડની જોગવાઇ કરી છે. એ.પી.એલ.માં ૭.૫૯ લાખ કુટુંબોને કાર્ડ ઇસ્યૂ કર્યા છે અને એમાં ૨૦૧૩-૧૪માં ૨૫.૭૦ કરોડ સબસિડી ચૂકવી અને ૨૦૧૪-૧૫માં રૂ.૨૧.૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અન્નપૂર્ણા યોજના કે જે ૬૫ વર્ષથી મોટી ઉંમરના વૃદ્ધ અને અશક્ત લોકો કે જેને વૃદ્ધ અશક્ત યોજનાનો લાભ મળે. આવા વૃદ્ધ અને અશક્તોને જ્યારે પેન્શન મળતું નથી ત્યારે આવા લોકોને દસ કિલો અનાજ દર મહિને મફત આપવાની રાજ્ય સરકારે જોગવાઇ કરી છે. ૨૦૧૩-૧૪માં આ યોજના અંતર્ગત રૂ.૯૮.૬૩ લાખની સબસિડી ચૂકવી અને ૨૦૧૪-૧૫માં રૂ.૮૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફૂડ સપ્લાય યોજના અંતર્ગત રાજ્યમાં ભૂખમરા અને કુપોષણને લીધે કોઇનું મૃત્યુ થાય નહીં, આવા મૃત્યુને રોકવા માટે તથા તેમના બાળકોને દર મહિને દસથી પંદર કિલો અનાજ આપવાની જોગવાઇ પણ આમાં છે. ગઇ સાલે રૂ.૩૫.૪૨ લાખની સબસિડી આમાં ચૂકવવામાં આવી છે. અન્ન સલામતી અધિનિયમ ૨૦૧૩ અમલમાં આવ્યો અને એના માટે બી.પી.એલ.માં અંત્યોદયની ૩૮૨.૮૪ લાખની વસ્તી છે જેને આ યોજના હેઠળ આવરી લીધી છે. હજુ પણ અંત્યોદયમાં બીજા કુટુંબો છે. આ યોજનામાં ૧.૯૦ કરોડની વસ્તીને આવરવામાં આવશે. અત્યાર સુધી જે કાંઇ ગેરરીતિ થતી હતી. એમાં સંચાલકોના ફાયદા માટે કરીને ડોર સ્ટેપ ડિલિવરી થતી હતી. પહેલા નાગરિક પુરવઠાના ગોડાઉનથી વાજબી ભાવની દૂકાનથી સંચાલકો પોત પોતાના ખર્ચે લઇ જતા જેથી અનાજ ગેરવલ્લે પણ જતું. પરંતુ હવેથી નાગરિક પુરવઠાના ગોડાઉનથી વાજબી ભાવની દૂકાન સુધી જે કોઇ જથ્થો તેમને ફાળવવાનો છે એ સરકાર પોતાના ખર્ચે મોકલે છે અને જેથી સંચાલકોને રૂ.૧૦૦૦ થી રૂ.૨૫૦૦ નો ફાયદો થાય છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં રૂ.૭૪૫૦ લાખની એમાં જોગવાઇ કરી છે. પારદર્શીતા પોર્ટલ, એમાં પણ તમામે તમામ દૂકાનો, આખા રાજ્યમાં અને જિલ્લામાં દૂકાનવાઇઝ કાર્ડ ધારકોની સંખ્યા અને તેને મળતો અનાજ, કેરોસીન, ખાંડનો જથ્થો.એ બધું જ દર્શાવવામાં આવે અને કોઇપણ દુકાન ઉપરથી આ જોઇ શકાય એ પણ આ રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે.

આયોડીનયુકત મીઠું કે જે આપણા બધાના આરોગ્ય માટે ગોઇટર જેવા રોગોથી બચવા માટે આયોડીનયુકિત મીઠું એક કિલો આપવાનું છે કે જેમાં છ જણથી વધારે સંખ્યા હોય તેને બે કીલો, આ બધી જ વ્યવસ્થા કરીને રાજયની સરકારે આયોડીનયુકત મીઠા માટે ૨૦૧૪-૧૫માં ૬૪૦ લાખની જોગવાઇ કરી છે. જયારે તહેવારો હોય ત્યારે વધારાનું પામોલીન તેલ કે ખાદ્ય તેલ, ખાંડ આ બધું આપવામાં આવે છે. આ બધા માટે ગ્રાહક સુરક્ષા ફોરમની રચના કરવાની, ગ્રાહક સુરક્ષા ફોરમમાં જયાં જાગૃતિ લાવવા માટે ગ્રાહકોના મંડળ કરીને સમગ્ર રાજયની અંદર ૬૦ ગ્રાહક સુરક્ષા મંડળો છે. તાલુકા કક્ષાના ગ્રાહક સુરક્ષા મંડળને ૭૫હજાર રુપિયા આપવાના, જિલ્લા કક્ષાના ગ્રાહક સુરક્ષા મંડળને એક લાખ રૂપિયા આપવાના, અને મહાનગરમાં જે છ સુરક્ષા મંડળો છે એને એક લાખ પચીસ હજાર રૂપિયાનું સરકાર અનુદાન આપે છે. આ માગણીઓને હું સમર્થન આપુ છું. આભાર.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર નવ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું. રાજયમાં શિક્ષણ વિભાગમાં જે રીતે કામગીરી થઇ છે, તત્કાલિન મુખ્યમંત્રી જે આજે દેશના વડાપ્રધાન બન્યા છે તેઓએ આવતાની સાથે જ પહેલું જ શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ અને શાળા પ્રવેશનો કાર્યક્રમ શરૂ કર્યો. આ શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમને લીધે આખા રાજયમાં શિક્ષણ ક્ષેત્રમાં એક જબરજસ્ત ક્રાંતિ આવી અને લોકો આ શાળા પ્રવેશમાં ભાગ લેતા થયા, લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી અને સાથેસાથે સમગ્ર રાજયના અધિકારીઓ, પદાધિકારીઓ, ચૂંટાયેલા તમામ મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રી હોય, આઇ.પી.એસ અધિકારી હોય, આઇ.એ.એસ. અધિકારી હોય, તમામ લોકો ધારાસભ્યો, સંસદસભ્યો, તમામ લોકો આ પ્રવેશ ઉત્સવના કાર્યક્રમમાં ગામડે ગામડે ધોમધખતા તાપમાં જઇ અને લોકોની વચ્ચે બેસીને શાળાઓની અંદર પ્રવેશ તો કરાવ્યો પણ એ

લોકોની જે મુશ્કેલીઓ હોય એનું જાત નીરિક્ષણ કરીને પ્રશ્ન હલ કરવા માટે અનેક કાર્યક્રમો આવ્યા. આમાં શાળાઓના ઓરડા, એવું સૂત્ર આપવામાં આવ્યું રાજય સરકાર દ્વારા કે, 'એક વર્ગ એક શિક્ષક' અને આ રીતે એક વર્ગ અને એક શિક્ષકની આ યોજના આવી. શિક્ષકોની ભરતી અને હમણા જ અમારા સાથી સદસ્ય •(xxxxxx) ૨ લાખ જેટલા પ્રાથિમક..

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય જયારે બોલે ત્યારે (xxxxxx) અમે અમારી વાત કરીએ છીએ એટલે એ શબ્દ રેકર્ડમાંથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખીએ છીએ.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષકોની આપણે ભરતી કરીને એ બે લાખ કરતા વધારે શિક્ષકો આજે આપણી પાસે છે અને એના તાલીમ માટેના પણ કાર્યક્રમો ચાલી રહ્યા છે અને જે રીતે ગુણવત્તાસભર શિક્ષણ બાળકોને મળે એના માટેના અનેક આયોજનો કરવામાં આવ્યા છે. ગુણોત્સવ જેવા કાર્યક્રમો પણ આપણે ઊભા કર્યા છે આની અંદર અને એટલા માટે જે તાલીમ ભવનો, દરેકે દરેક જિલ્લામાં તાલીમ ભવનો ઊભા કરવામાં આવ્યા છે અને એ તાલીમ ભવનમાં ટેકનિકલ પદ્ધતિથી, લેટેસ્ટ પદ્ધતિથી એ શિક્ષકોની તાલીમ થાય એવું આયોજન પણ કરવામાં આવ્યું છે એટલે સરકારનો ઇરાદો બહુ સ્પષ્ટ છે કે ગુણવત્તાસભર શિક્ષણ મળવું જોઇએ અને શાળાઓની અંદર તમામ સુવિધા મળવી જોઇએ, આ સુવિધામાં વર્ગ સારા હોય, એની અંદર બેસવાની વ્યવસ્થા માટે બેંચો હોય, ટોઇલેટની વ્યવસ્થા હોય, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા માટે આર.ઓ. પ્લાન્ટ નાખવામાં આવ્યા છે. વીજળીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે અને ટોઇલેટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વૃક્ષારોપણ કરીને શાળાને સુશોભિત કરીને એમાં પર્યાવરણની વ્યવસ્થાની પણ ચિંતા કરવામાં આવી છે. જયારે શિક્ષણની અંદર આ કામ રાજય સરકારે કર્યુ છે, કે શાળાની અંદર જે રીતે વાલી મંડળો બનાવીને એ વાલીઓ પણ એમાં ભાગ લેતા થયા છે અને એ રીતે ખૂબ સારું શિક્ષણ દરેક ગ્રામ્ય વિસ્તારમાં થઇ રહ્યું છે એવું અમે દર વર્ષે ત્રણ-ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવમાં જઇએ છીએ ત્યારે આ ઓબ્ઝર્વેશન કરીએ છીએ. આ જોઇને અમને ખૂબ આનંદ થાય છે.

એની સાથોસાથ શાળા પ્રવેશોત્સવની જેમ શાળા આરોગ્ય પરિક્ષણનો કાર્યક્રમ પણ ચાલુ કર્યો છે. આ એક મોડલ કાર્યક્રમ છે. બાળકોના આરોગ્યની ચિંતા કરવામાં આવી છે અને સ્વસ્થ શરીર હોય એમાં જ સ્વસ્થ મન રહી શકે એ જાતની વાત છે. સ્વસ્થ બાળક આવતીકાલનું આપણું ભવિષ્ય છે અને એટલા માટે આરોગ્ય પરિક્ષણનો કાર્યક્રમ એ આપણો મોડલ કાર્યક્રમ છે. બહારના લોકો એનો અભ્યાસ કરવા આવી રહ્યા છે અને આ વખતે વડાપ્રધાનના એવોર્ડ માટે આપણે આ કાર્યક્રમને મૂક્યો છે. હવે આપણે એવું નક્કી કર્યું છે કે આ શાળા આરોગ્ય પરિક્ષણને એક ઉત્સવ તરીકે એક અઠવાડિયું મનાવવામાં આવે કે જેથી કરીને લોકોમાં પણ આ બાબતની જાગૃતિ આવે અને એના ખૂબ સારા પરિણામો આપણને પ્રાપ્ત થયા છે. ૧૫ કરોડ જેટલા બાળકોના શાળા આરોગ્ય પરિક્ષણ આપણે કર્યા છે અને એમાં પણ જે બાળકોને ગંભીર બિમારી હોય, કિડનીની બિમારી હોય, હૃદયની બિમારી હોય એવા બાળકોને સ્પેશિયલ ટ્રીટમેન્ટ માટે જે ખર્ચ કરવાની જરૂર પડે એ રાજ્ય સરકાર કરી રહી છે. ૪ હજારથી વધારે બાળકોના હાર્ટના ઓપરેશનો થયા છે અને ૧૪૦૦થી વધારે કિડનીના અને ૧૪૦૦ થી વધારે કેન્સરના ઓપરેશનો થયા છે. જે ગરીબ લોકો પોતાની રીતે સારવાર ન કરાવી શકે એવા ગરીબ બાળકો માટે આ રીતે રાજ્ય સરકાર ખૂબ સારા કામો કરીને ખૂબ આશીર્વાદ પ્રાપ્ત કરે છે એમ કહું તો અતિશયોક્તિ નહીં હોય. મારે એક જ વસ્તુનું ધ્યાન દોરવું છે કે અહીંયા જે વાત થતી હતી એમાં મારે કહેવું છે કે, •(xxxxxx) એ મારે અહીંયા કહેવું છે કે આપણને ગણવેશ નથી આપ્યા, જે આખા દેશમાં આપવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી :** આ આંકડા બોલ્યા એ શેના ઉપરથી બોલ્યા એ આપજો, નહીં તો તમારા શબ્દો કાઢી નાખીશું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**ડો. નીમાબેન આચાર્ય :** એ આંકડા મારી પાસે છે. શિક્ષણ વિભાગ પાસેથી રિપોર્ટ લીધા છે અને (xxxxxx) નુકસાન શિક્ષણમાં થયું છે. કેન્દ્ર સરકારે ગણવેશ નથી આપ્યા, મફત પુસ્તકો નથી આપ્યા અને શિક્ષકોના પગાર પણ નથી આપ્યા જે ખરેખર સમગ્ર દેશમાં બધાને આપવામાં આવે છે. માત્ર ગુજરાતના શિક્ષકોને પગાર, ગણવેશ અને મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવ્યા નથી. આ જે (xxxxxx) ગુજરાતને કરવામાં આવ્યો છે એ ગુજરાતની પ્રજા ક્યારેય ભૂલવાની નથી. શિક્ષણની સિદ્ધિઓની વાત કરું તો ઉચ્ચ શિક્ષણમાં ખૂબ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આપણી ૪૦ હજારથી પણ વધારે ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજોની બેઠકો છે. ડીપ્લોમા એન્જિનિયરીંગમાં પણ ૪૦ હજારથી વધારે બેઠકો છે અને આ બધી બેઠકોના પ્રવેશ માટે ઓન લાઇન પ્રવેશ પદ્ધત્તિ ૨૦૦૯–૧૦થી આપણે ચાલુ કરી છે. એમાં સુધારા–વધારા સાથે ખૂબ સારી રીતે પારદર્શિતાથી બધાને એડમિશન મળે એવી વ્યવસ્થા પણ આપણે કરી છે. હું આ માગણીઓને મારું અનુમોદન આપું છું.

**શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, શિક્ષણ અંગેની માગણી નં. ૯ લઇને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની પ્રગતિ શિક્ષણની પ્રગતિ સાથે જ થાય છે અને દેશના માનવ સૂચકાંકના મૂળમાં જો કોઇ બાબત હોય તો એ શિક્ષણ છે. દેશની સાચી આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ પણ માનવ સૂચકાંકના આધારે આવતો હોય છે. શિક્ષણ એ એક મુક્તિદાયક શક્તિ છે અને એટલા માટે જ્ઞાતિ, વર્ગ, અસમાનતા, રાજ્ય અને જન્મની વિભિન્નતા એ સૌને પાછળ કરીને સૌનો ઉદ્ધાર કરતું આ એક પરિબળ છે. સૌનો ઉદ્ધાર કરતું આ એક પરિબળ છે અને આને સાચા અર્થમાં આપણા દેશની અંદર ગાંધીજીએ જેનો પાયો નાંખ્યો છે એ બુનિયાદી શિક્ષણ એટલે કેળવણી કે જીવન ઘડતર, ઉત્પાદક, હુન્નર આગળ કરીને ચાલે અને સાથો સાથ ભણતર ચાલે તેવી શાંતિ અને સામાજિક ક્રાંતિનું નિર્માણ થાય અને એની સાથે દેશનો વિકાસ થાય એનો ખ્યાલ હતો અને બુનિયાદી શિક્ષણ માટે એમણે એવો વિચાર વ્યક્ત કરેલો કે આ શિક્ષણ બધી માતૃભાષાના માધ્યમ દ્વારા આર્થિક ઉપાર્જન પણ થાય અને આત્મનિર્ભર કરનાર, તુલના અને સ્પર્ધાના તત્વથી રહિત અને આ એક સાચું શિક્ષણ હોઇ શકે એ એમનો ખ્યાલ હતો, પણ આ બુનિયાદી શિક્ષણનો ખ્યાલ દિવસે ને દિવસે આપણે વિસરતાં જઇએ છીએ અને એના પરિણામે જે સમસ્યાઓ ઊભી થઇ છે. એ સમસ્યાઓને હલ કરવી પણ કઠિન બનતી જાય છે. અને એક પછી એક આપણે જે પ્રયોગો કરી રહ્યાં છીએ એના કારણે પણ કેટલાય પ્રશ્નો ઊભા થાય છે. ભૂતકાળમાં ૧ થી ૧૧ પ્રાથમિક અને માધ્યમિક એમ બે વિભાગ હતા અને ત્યાર પછી ૧ થી ૪ પ્રથમ, સેકંડ, થર્ડ અને ફોર્થ એ કોલેજકાળનો અભ્યાસક્રમ હતો. એમાં ફેરફારો કરીને આપણે ૧ થી ૧૦, ૧૧, ૧૨ અને ત્રણ કર્યા અને ત્યાર પછી પાછો ફેરફાર કરી આપણે પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક અને પછી કોલેજ શિક્ષણ ફેરફાર કર્યો. આ બધા ફેરફારોને કારણે અનેક પ્રશ્નો એમાં ઉદભવતાં હોય છે. આજે આપણે જોઇએ તો રાજ્યની અંદર પ્રાથમિક કક્ષાએ બાળકોને ભણવા માટે પૂરતા શિક્ષકો નથી, શિક્ષકોનો અભાવ છે. એની સાથે સાથે પૂરતા વર્ગખંડ નથી, વર્ગખંડનો પણ અભાવ છે. એ ઉપરાંત આ જ પરિસ્થિતિ એ માધ્યમિક, સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓની અંદર પણ છે. ત્યાં પણ પૂરતા શિક્ષકો નથી એનો અભાવ છે. આ જ પરિસ્થિતિ કોલેજ કક્ષાએ છે. કોલેજોની અંદર પણ છેલ્લા ૨૦૦૨ પછી બે સમપ્લાય કરવામાં આવ્યાં અને એની અંદર જે ભરતીની પ્રક્રિયા છે એ ભરતીની પ્રક્રિયામાં સ્લેટ અને નેટ. સ્લેટ અને નેટ દ્વારા કવોલિફાય ટિચર્સ મળતા નથી અને જે કોઇ હોય છે એ લોકો શહેરોને પસંદ કરે છે. એટલે ગ્રામ્ય વિસ્તારમાં કવોલિફાય ટિચર્સ મળતા નથી. હમણાં જે ચર્ચા થઇ કે યુ.જી.સી.ના સ્ટાન્ડર્ડ પ્રમાણે ૮૦ વિદ્યાર્થીઓએ એક વર્ગ પણ માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે– ૧૨૦ વિદ્યાર્થીએ એક વર્ગ, પણ હું જે વાસ્તવિક પરિસ્થિતિનું નિર્માણ થયું છે એની વાત કરું તો એક વર્ગ ખરો એ ઓન રેકોર્ડ. ટિચર્સ ના મળે એટલે ૩૦૦ વિદ્યાર્થી પણ એક વર્ગમાં બેસતા હોય છે અને કેટલીક વખત તો જે તે વિષયના અધ્યાપકો ના હોવાના કારણે વર્ગ લેવાતા પણ નથી. કારણ કે, બીજા ટિચર્સ એ ક્લાસ લેવા જાય એનો કોઇ મતલબ હોતો નથી. કાં તો વિદ્યાર્થીઓ બહાર ફરે છે, રાષ્ટ્રિય સંપત્તિને નુકસાન કરે છે, કાં તો ઘેર જતા રહે છે એવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. આ

જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાં આપણા રાજ્યની અંદર આપણો ક્રમ શિક્ષણની બાબતમાં આપણ કુલ બજેટના તેર પૂર્ણાંક ચાર દશાંશ જેટલો ખર્ચ કરીએ છીએ અને એ ખર્ચ પણ આપણે પૂરતા પ્રમાણમાં કરતા નથી અને આપણો ક્રમ છેક છેવાડે છે. શિક્ષણ એજે રાજ્યના વિકાસ માટેની પરાશીશી છે અને શિક્ષણ દ્વારા જ વિભિન્ન ક્ષેત્રોમાં જરૂરી માણસો આપણને મળતા હોય છે અને એ કામ પૂરી ધગશથી, પૂરા બજેટથી અને એને આધીન ના કરવામાં આવે ત્યારે પરિસ્થિતિ વધુ વિકટ બનતી હોય છે અને એક બીજી પણ વાત કરું. આ પહેલાં પ્રાથમિક વિભાગમાં પી.ટી.સી. હોય, બી.એ.હોય, બી.એસ.સી. હોય અને બી.એડ હોય તો એવા શિક્ષકોની ભરતી થતી હતી. હવે એમાં પાછું •(xxxxxx) અને એ પરીક્ષા પાસ થાય ત્યારે એને ટાટ અને ટેટ

ગણપતભાઇ વે. વસાવા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હા.

ગણપતભાઇ વે. વસાવા : (xxxxxx) આ કોઇ આ ગૃહને યોગ્ય નથી આ શબ્દ. સાહેબ,આ શબ્દ યોગ્ય નથી ગૃહને માટે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : પરીક્ષાની આ એક મેથડ છે સાહેબ ટાટ અને ટેટ અને એ સરકારે દાખલ કરેલી પદ્ધતિ છે અને આ પદ્ધતિ દાખલ કરવાથી જે પ્રશ્નો ઊભા થાય છે અને એના કારણે આપણને પૂરતા શિક્ષકો મળતા નથી.

સાહેબ, વધુમાં કહું તો આ સરકારને નવી નવી યુનિવર્સિટીઓ કરવાનું એક ઘેલું લાગ્યું છે. અને એ ઘેલું લાગ્યું છે એનો એક ઉત્તમ દાખલો આપું કે, સરકારે પ્રાયમરી શિક્ષકો માટે ટિચર્સ યુનિવર્સિટીને નેશનલ કાઉન્સિલની મંજૂરી જ નથી એવી એક ટિર્ચસ યુનિવર્સિટીની રચના કરી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટિચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ચાર વર્ષ પહેલાં અને પરિસ્થિતિ એ થઇ સાહેબ, કે દર વર્ષે આમાં સો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો અને આજે ચારસો વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીની અંદર અભ્યાસ કરે છે. હવે જયારે એને ડિગ્રી આપવાની વાત થઇ ત્યારે એને કોઇ નેશનલ કાઉન્સિલની પરમીશન નથી અને યુ.જી.સી.ના એના નિયમો પ્રમાણે કાઉન્સિલની પરમીશન હોવી જરૂરી છે. હવે સાહેબ, સરકાર આજે યુનિવર્સિટીના ચાન્સેલરો અને એ બધા દોડાદોડ કરતા હોય છે, આમ તેમ આની મંજૂરી લેવા માટે પણ કાઉન્સિલનો નિયમ એવો છે કે, જે દિવસે તમે મંજૂરી માગો એ દિવસથી જ તમને આની મંજૂરી મળે, પાછલી તારીખમાં મંજૂરી મળતી નથી. અને સાહેબ, આ મંજૂરી નહીં મળે એવું માનીને બીજી જે કોલેજો કે જેને કાઉન્સિલની મંજૂરી મળેલી છે એને ( સમયસૂચક ઘંટડી) આ પરીક્ષા લેવડાવવા માટેનું દબાણ થાય છે. પણ કોલેજોનું કહેવું એવું છે કે, અમે જે તે યુનિવર્સિટી સાથે સંલગ્ન છીએ અને એના પરિણામે અમે તમારા વિદ્યાર્થીઓની આ પરીક્ષા લઇ શકીએ નહીં અને પરિણામે સાહેબ, આજે આ ચારસો વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ થઇ રહ્યું છે. આ પરિસ્થિતિનું નિર્માણ આ જે ઘેલુ લાગ્યું છે ને, યુનિવર્સિટીની રચના કરવાનું એનું આ પરિણામ છે અને છેક ચાર વર્ષ સુધી આનો સરકારને ખ્યાલ જ નહીં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોઇએ તો સ્વ નિર્ભર શાળાઓ, માત્ર સ્વ નિર્ભર શાળાઓને જ મંજૂરી આપવામાં આવે છે. સરકારી શાળાઓ એક પણ નહીં એવો પણ એક ગાંધીનગર જિલ્લાનો દાખલો આપને કહું સાહેબ. સરકાર એમ કહે કે, છેવાડાના બાળકોને શિક્ષણ આપવાનું અને કોઇ શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટેનો અમારો પ્રયાસ છે. પણ ગાંધીનગર જિલ્લાનો એક દાખલો આપું સાહેબ, તો વર્ષ ૨૦૧૧માં ૨૦, વર્ષ ૨૦૧૨માં ૨૪, વર્ષ ૨૦૧૩માં ૪૬, એમ કુલ ૯૦ પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી અને આ તમામે તમામ સ્વ નિર્ભર અને એ પ્રમાણે ૨૦૧૨માં ૧૦ માધ્યમિક, ૧૨ ઉચ્ચ માધ્યમિક, ૨૦૧૩માં ૫ માધ્યમિક અને ૬ ઉચ્ચ માધ્યમિક એમ ૧૫ અને ૧૮ એ પણ સંપૂર્ણપણે ખાનગી સ્કુલો. સમગ્ર રાજ્યમાં હવે જે કોઇ મંજૂરી આપવામાં આવે છે એ મંજૂરી માત્ર ને માત્ર ખાનગી સ્કુલોને આપવામાં આવે છે અને એના કારણે પણ રાજ્યમાં શિક્ષણના અનેક પ્રશ્નો ઊભા થયા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માગણી નંબર-૭૫ લઇને આવ્યા છે, આ માગણીમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ ભૂમિ પ્રદેશથી આવું છું. કચ્છના દરિયા કાંઠે એટલે કે, મુંદ્રા મારી જન્મ ભૂમિ છે. જેની જન્મ ભૂમિ હોય ને એને જ બધી ખબર હોય કે, બંદરની અંદર શું થાય. ઘણા વર્ષોથી આ ગુજરાતની અને ગુજરાતના લોકોએ આ બંદરોના વિકાસ માટે સામેવાળા લોકોને તક આપી હતી પણ એ તકનું નિર્માણ કરવાનો વિચાર આ લોકોને આવ્યો નહીં. આ ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. એમાંથી ૩૫૩ કિલોમીટરનો દરિયાકિનારો કચ્છ જિલ્લામાં આવેલો છે. આ ૩૫૩ કિલોમીટરનો દરિયાકિનારો માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા કે માનનીય મુખ્યમંત્રી આનંદીબેન બન્યા પછી નથી આવ્યો. દરિયો તો વર્ષોથી હોય છે. દરિયો તો દેવ હોય છે. કચ્છના લોકો દરિયાને નારોજ તરીકે તહેવાર ઉજવે છે. દરેક ગામડાંમાંથી લોકો દરિયાની પૂજા કરવા જાય છે અને કચ્છના લોકો એમ કહે છે હે, દરિયાપીર, અમારી તું રક્ષા કરજે. તારા દરિયા વાટે અમે એક વર્ષ સુધી આવનજાવન કરીશું (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બધું બજેટમાં લખવાનું સૌરભભાઇ ભૂલી ગયા લાગે છે. બજેટ ઉપર બોલોને કાંઇક બંદર વિશે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૌરવ એટલે થાય છે કે જે જિલ્લામાંથી હું આવું છું એ વિસ્તારમાં એક મહાબંદર કંડલા છે. એ પણ મારા વિસ્તારમાં છે. બીજું બંદર છે મુંદ્રા, ત્રીજુ બંદર છે માંડવી, ચોથું બંદર છે જખૌ, પાંચમુ બંદર બને છે તુણા. આ એક રાજયની બંદર બનાવવાની નીતિ, બંદરને વિકાસ તરફ લઇ જવાની નીતિ આ રાજય સરકારે નકકી કરી એટલે આ બંદરોનો વિકાસ થયો છે. ૪૧ બંદરો, ૧૬૦૦ કિલોમીટરનો દરિયો, ૧૧ બંદરો મધ્યમ કક્ષાના, ૪ બંદરો ખાનગી, ૨૬ બંદરો નાના બંદરો છે. આ બંદરોની અંદર વિકાસ એટલા માટે આ રાજય સરકારે કર્યો છે કે ૨૧ મી સદીની ટ્રાફિકની વધતી જતી સમસ્યાઓમાં પહોંચી વળવા માટે રાજય સરકારે સુસંકલિત દરિયાનો વિકાસ થાય અને દરિયાઇ માર્ગે આપણે વહન કરી શકીએ એટલા માટે વર્ષ ૨૦૧૨માં ૧૩૫ મિલિયન હતી અને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૮૬ ટકાનો વૃદ્ધિદર સાથે ૩૮૭ મિલિયન ટન થઇ છે. આ બંદરના વિકાસના માધ્યમથી આ આંકડાનો વધારો થયો છે. ૨૦૧૪-૧૫માં ૪૩૪.૫૦ કરવાનું આ રાજય સરકારનું આયોજન છે. બંદરના વિકાસ માટે ગુજરાતની રાજય સરકારે સંચાલિત બંદરોમાં ૨૦૧૨માં ૧૫ ટકા હતું. ૨૦૧૨-૧૩નું આયોજન ૩૨ ટકા સુધી લઇ જવાનું છે. આ બંદરોના મારફતે જેવા કે એલ. એન્ડ જી. પેટ્રોલિયમ પેદાશો, ક્રુડ, કાર્ગો, લિગ્નાઇટ એનું દરિયાઇ માર્ગથી પરિવહન થાય છે એટલે મુંદ્રા, દહેજ, સિકકા અને હજીરા, પીપાવાવનો સમાવેશ થાય છે. મુંદ્રામાં રહેવાનું અને મુંદ્રા વિસ્તારના જે ગામડાંઓ ખાલી થઇ જતા હતા ત્યાં દરિયાની આજુબાજુમાં નો સોર્સ હોવાથી બંધારા બાંધવાનો પણ મોકો તમને રાજયના લોકોએ આપ્યો હતો પણ તમે બંધારા ન બાંધ્યા એટલે ક્ષારનું આક્રમણ પણ મારા વિસ્તારમાં વધ્યું અને બંદર નીતિ બની અને અદાણી પોર્ટ સાથે રાજય સરકારે ભાગીદારી કરીને ૫૬૧૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમનું રોકાણ કર્યું અને કચ્છનો, આ બંદરોનો વિકાસ થયો. લોકોને રોજીરોટી મળી. જે લોકો અહીંથી રોજીરોટી મેળવવા માટે બીજા રાજયોમાં ગયા હતા એ પરત કચ્છમાં આવીને પોતાના ગામમાં રહે છે. ગ્રામ્ય કારીગરને આ બંદરના વિકાસથી રોજીરોટી મળે છે.

આ રીતે રાજય સરકારે ઘણી જ સુવિધા આ બંદરના વિકાસથી કરી છે. રાજયની બંદરીય સેવાઓમાં થતી આવક ૨૦૦૮-૦૯માં ૨૭૮.૬૭કરોડ, ૨૦૦૯-૧૦માં ૩૪૩.૫૪કરોડ, વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૬૧.૨કરોડ, વર્ષ ૨૦૧૧-૧૨માં ૪૫૩.૪૯કરોડ, વર્ષ ૨૦૧૨-૧૩માં ૫૭૭.૬૬કરોડ, વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૬૩૬કરોડનું આ રાજય સરકારે બંદરના માધ્યમથી વિકાસ કર્યો છે અને આવક થઇ છે. આ બંદરોના વિકાસથી રાજય સરકાર હજી પણ ઘણી યુનિવર્સિટીઓ કે પાવર પ્રોજેકટ, પવન ઉર્જાઓથી આ રાજય સરકાર બંદરોના માધ્યમથી કાર્ય કરવા માટે માંગી રહી છે. શીપ બ્રેકીંગની વાત કરી છે. ૨૦૧૩-૧૪ સુધીમાં ૩૦૫૯૮૯૧ ટન ભારના ૨૯૮ જહાજોને ભાંગવામાં આવ્યા છે. અલંગ શીપીંગ રીસાઇકલીંગમાં (સમયસૂચક ઘંટડી) આ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૯ અને ૧૦ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ગૃહમાં ઉપસ્થિત થયો છું.

રાજયના વિકાસમાં શિક્ષણ એ મહત્વનું અંગ છે. એટલું જ મહત્વનું અંગ માનવીના વિકાસમાં છે. પાયાની જરૂરિયાતોમાં પહેલાં રોટી, કપડા ઓર મકાન ગણાતું, જ્યારે આજે પાયાની જરૂરિયાતમાં શિક્ષણ ગણાતું હોય છે. આ વખતે સરકારે રાજયના બજેટમાં લગભગ ૧૭ ટકા જેટલો હિસ્સો આ શિક્ષણ વિભાગ પાછળ ફાળવ્યો છે. બહુ સારી વાત છે. ગઇ વખત કરતા તેમાં થોડું ઘણું વધારે ફાળવ્યું છે. પરંતુ આપણે ગુજરાત મૉડેલ લઇને ચાલ્યા છીએ. ગુજરાત મૉડેલ સમગ્ર ભારતમાં અપનાવવાની વાત કરતા હોઇએ, ત્યારે વિકસિત રાષ્ટ્રો સાથે સરખામણી કરવી પડશે. આપણે શિક્ષણમાં કયાં ઊભા છીએ, તેની કલ્પના પણ ન આવે ત્યાં આપણે ઊભા છીએ. શિક્ષણ આપવામાં પ્રાથમિક શિક્ષણમાં આપણે ૩પમાં ક્રમે ઊભા છીએ. માધ્યમિક શિક્ષણમાં ૧૯માં ક્રમે છીએ. માળખાગત સવલતોમાં પમાં ક્રમે છીએ. એજ્યુકેશન આઉટપૂટમાં ૧૬માં ક્રમે છીએ. ઘણા સમયથી શાંતિથી ઘણી બધી ચર્ચાઓ ગૃહમાં સાંભળતો હતો. ઘણા મિત્રો વાત કરતા હોય છે. એવી વાતો ઉપરથી પ્રથમ ફલિત થતું હોય છે કે આ અમે કર્યુ, અમે કર્યુ. જાણે ગુજરાતનું અસ્તિત્વ ૨૦૦૨ પછી થયું હોય તેવો આભાસ ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. પરંતુ આ સભાગૃહના સર્વે મિત્રોને પૂછવા માગું છું કે તમે જ્યારે ભણ્યા ત્યારે કઇ શાળમાં ભણ્યા હતા? અને કોનું શાસન હતું? આજે નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન હોય કે આજના મુખ્યમંત્રીશ્રી હોય કે આજના વિરોધ પક્ષના નેતાશ્રી હોય જેઓ સરકારી સ્કૂલમાં રહીને ભણ્યા છે. કોંગ્રેસ સરકારની દેણ છે નહિ કે તમારી દેણ. પહેલાં મા-બાપ નોકરીમાં લેવાં માટે આવે ત્યારે કહેતા હતા કે મારા દીકરા-દીકરીને પેટે પાટા બાંધીને ભણાવ્યો છે નોકરી આપો. આજે આ મા-બાપ શું કહે છે? મારા દીકરા-દીકરીને પેટે પ્લાસ્ટર બાંધીને ભણાવ્યો છે. નોકરી આપો? આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

ખાસ કરીને ભણતરની વાત કરીએ તો દીકરા-દીકરીને પ્રાઇવેટ સ્કૂલમાં ભણાવવા કેટલા ભારે પડે તેનો વિચાર કરી શકાતો નથી. એટલે શિક્ષણ માટે વાહ વાહ કરીએ તે આપણે સમજી શકીએ છીએ. પરંતુ અમારા સાથી મિત્ર ઇન્દ્રવદનભાઇએ ખૂબ સારી વાત કરી. શરૂઆત સારી કરવી પડશે. આપણે સામાજિક કાર્યક્રમમાં જઇએ છીએ. કયાંક સમૂહ લગ્નની વાત હોય, કયાંક દારૂબંધીની વાત હોય, કયાંક શિક્ષણની વાત હોય. સમૂહ લગ્નની વાત કરીએ તો સમાજમાં સમૂહ લગ્ન કરાવીને સમાજમાં એક દાખલો બેસાડતા હોઇએ છીએ. અહીયા વિનંતી કરું છું કે આમાંથી જેઓ વાહ વાહ કરતા હોય છે તેઓ પોતાના દીકરા દીકરીને સરકારી સ્કૂલમાં મોકલવા તૈયારી છે ખરી? (અંતરાય)અમે ભણ્યા છીએ, પરંતુ હવે પછીની વાત કરું છું. આવતી વખતે આમાંથી ૨પ ટકા ધારાસભ્યો પોતાના દીકરા દીકરીને સરકારી સ્કૂલમાં ભણાવશે તો આમાં સૂર પૂરાવવા મારી બિલકુલ તૈયારી છે. આપણે વ્યવસ્થાની વાત કરી. સ્કૂલની વાહ વાહ કરીએ છીએ. બેસવા માટે ઓરડાની વાત છે. એ જોઇએ તો ખબર પડે કલ્પના પણ ન કરી શકીએ. લગભગ સાબરકાંઠા જિલ્લામાં ૧૩૦૦ જેટલા ક્ષતિગ્રસ્ત ઓરડાઓ છે. અમદાવાદમાં ૧૦૫૭, ખેડામાં ૧૧૬૯. આમ સમગ્ર ગુજરાત ઉપર નજર કરીએ તો ૧૯,૫૮૪ ઓરડાઓ તો ક્ષતિગ્રસ્ત છે. તો પછી ઓરડા ઘટની વાત કયા કરવી આપણે?

એ જ પરિસ્થિતિ મારા સાબરકાંઠા જિલ્લાના અરવલ્લીમાંથી આવું છું, ત્યારે ઘણી વખત આયોજનનાં કામ હોય, તાલુકા આયોજનનાં કામ હોય, એટીવીટીનાં કામ હોય ત્યારે મારી રજૂઆત વ્યક્તિગત કામ માટે નહિ, પ્રભારી મંત્રીશ્રી સમજે છે આ કામો તમે સરકારી સ્કૂલમાં વાપરો, ઓરડા બનાવવા, સેનિટેશન બનાવવા માટે વાપરો, પીવાના પાણી માટે વાપરો. કયાંક પાણીની વ્યવસ્થામાં વાપરો, કયાંક વીજળી માટે વાપરો. આપને જાણીને નવાઇ લાગશે કે પૂરેપૂરી ગ્રાન્ટ જો તેમાં વપરાતી હોય તો સરકારની બીજી ગ્રાન્ટ જાય છે કયાં? આ પરિસ્થિતિ આજે આપણી છે. હમણાં કચ્છના ત્રણેય મિત્રો બોલ્યા. તેમાં મારા કચ્છના મિત્રો કહેતા હોય છે કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. બરાબર છે ને? કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ કચ્છમાં કેટલા શિક્ષકોની ઘટ હતી? તો સાહેબ ૨૨૪૫ શિક્ષકોની ઘટ એકલા કચ્છમાં હતી. આ જ પરિસ્થિતિમાં મારા સાબરકાંઠાની વાત કરું તો ૬૦૦ કરતાં વધારે શિક્ષકોની ઘટ છે. કંઇ રીતે ભણાવવાના, શું ભણાવવાનું, કોને ભણાવવાના? આ પરિસ્થિતિ આજે છે. શિક્ષકોના શિક્ષણની વાત કરતા

હોય ત્યારે ગણિત, અંગ્રેજી, વિજ્ઞાનના શિક્ષકોની ખેડબ્રહ્માાં ૬૦, વિજયનગરમાં ૩૬, ભિલોડામાં ૩૪, મેઘરજમાં ૬૫, માલપુરમાં ૩૦ એમ આ વિષયના શિક્ષકોની ઘટ છે. આપણે ઇસરોમાં જવાની વાત કરીએ, ચંદ્ર ઉપર જવાની વાત કરીએ, આપણા દીકરા અને દીકરીને ડોકટર, એન્જિનિયર બનાવવાની વાત કરીએ પણ ગણિત અને અંગ્રેજીના શિક્ષકો જ ન હોય તો ડોકટર, એન્જિનિયર કે વકીલ કેવી રીતે બનશે? આ પરિસ્થિતિ સમગ્ર ગુજરાતની છે. આના કારણે અંગ્રેજી માધ્યમ માટે આપણા બાળકો આપણે ઊભા નથી કરી શકતા. ગઇ વખતે બનાસકાંઠા અને સાબરકાંઠામાં બે અંગ્રેજી માધ્યમની સ્કૂલો બનાવવાની વાત થઇ હતી.તેની બજેટમાં મંજૂરી મળી હતી અને ગ્રાન્ટ પણ મંજૂર થઇ હતી. તેમાંથી કેટલી શાળા શરૂ થઇ તો સાહેબ એક જ શાળા શરૂ થઇ. ના થવાનું કારણ પૂછ્યું તો જવાબમાં શું જણાવ્યું કે અંગ્રેજી માધ્યમના બાળકો મળતા નથી. ૧૫-૨૦ વર્ષથી તમારું શાસન ચાલતું હોય અને અંગ્રેજી માધ્યમના બાળકો ન મળતા હોય તો આપણે કયા પ્રકારનું શિક્ષણ આપીએ છીએ. આ પરિસ્થિતિ આપણા રાજયની આજે છે.

ગ્રાન્ટેડ શાળાની વાત કરીએ તો એકપણ ગ્રાન્ટેડ શાળા મંજૂર કરવામાં આવી નથી. મારા વિસ્તારની વાત કરું તો મારા બાયડ તાલુકાના બોરડી છે, તેના માટે હું માનનીચી મંત્રીશ્રીને મળ્યો હતો. તે બક્ષીપંચનું ગામ છે. લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે સરકાર પહોંચી વળતી નથી. મંડળ ભણાવવાનું ચાલુ કરે, નોન ગ્રાન્ટેડ થાય. ૪૦૦ બાળકો ભણે છે. આજે તે પહોંચી વળે તેમ નથી. સ્કૂલ બંધ કરવાનો વારો આવશે ત્યારે આ ૪૦૦ બાળકોના ભાવિનું શું? કયાં જવાના આ બાળકો? તે બાયડ કે મોડાસા જઇ શકે તેવી પરિસ્થિતિ નથી. આ બાળકોને કાં તો ભણતર છોડવું પડે કાં તો ત્યાં જ છોડી દેવું પડે. આવી પરિસ્થિતિ આપણા બાળકોની કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તાની વાત કરી. ગુણવત્તામાં ૧ થી ૯ ધોરણની અંદર ફરજિયાત પાસ કરી દેવાનો નિર્ણય કરેલો છે. કદાચ બાળક નાપાસ થાય તો વેકેશનમાં તે શિક્ષક પરીક્ષા લઇ તે બાળકને પાસ કરે છે. કયો શિક્ષક કિમતી વેકેશન બગાડીને બાળકને પાસ કરે. તે ફરજિયાત રેગ્યુલર પાસ કરી દે છે તેના કારણે દસમા ધોરણમાં આપણું બાળક અટવાઇ જતું હોય છે. વડોદરા નજીક સ્પેશ્યલ એજયુકેશન કમ સ્પોર્ટસ સંકુલ બનાવવાનું આયોજન છે. વાસ્તવિક વાત કરીએ તો યુનિવર્સિટી કરીએ તે બરાબર છે. પણ તેમાં કુલપતિ કેવા નીમીએ છીએ આપણે. કોંગ્રેસના શાસનમાં પક્ષાપક્ષીથી પર ઉઠીને ઉમાશંકર જોષી હોય, કે.કા.શાસ્ત્રી હોય કે વિક્રમ સારાભાઇ જેવા સાહિત્યકાર, શુભચિંતકને આપણે ઉપકુલપતિ મૂકતા હતા. આજે ઉપકુલપતિ બાઉન્સરો રાખીને કામ કરતા હોય છે. વિદ્યાર્થી ત્યાં જતો હોય તો તે કંઇ માનસિકતાથી ત્યાં જવાનો. આ પરિસ્થિતિ આપણા ગુજરાતની છે. હમણાં જ નિયમ ૧૧૬ નીચે અમારા તેજશ્રીબેને વાત કરી. મંત્રીશ્રીએ કબૂલ કર્યુ કે સીટો વધારીશું. આના કરતાં ગ્રાન્ટેડ શાળા કે કોલેજો વધારી દો. ૧૫૦ બાળકો બેઠા હોય, વિદ્યાર્થીઓ એક કલાસમાં બેઠા હોય તો પ્રોફેસરનો અવાજ પણ ત્યાં નથી પહોંચતો. બાળક કયાં ભણવાનું? આ પરિસ્થિતિ આજે આપણા ગુજરાતની છે.

પારદર્શક વહીવટની આપણે વાત કરીએ છીએ. તેમાં શિક્ષકોની બદલીમાં શું થાય છે? તેની કયારેય ચિંતા કરી છે ખરી આપણે. મેં વચ્ચે પ્રશ્નોત્તરીમાં પૂછયું હતું. આના માટે એક પ્રેકટીસ આપણા ગુજરાતમાં ચાલી રહી છે. અહીંથી બદલી કરાવવાની, નિવૃત્ત થવા આવે ત્યારે કચ્છમાં જવાનું અને પછી ત્યાંથી રાજીનામું આપીને છૂટા થવાનું. તેના કારણે કચ્છમાં શિક્ષકોની ઘટ ઉભી થઇ છે. આ ગુજરાતની એક પ્રેકટીસ ચાલી રહી છે. ખાસ કરીને મારા મત વિસ્તારના એક ભાઇએ બદલી માટે અરજી કરી. આર.ટી.આઇ. નીચે માહિતી માગી. બદલી ના થઇ. આર.ટી.આઇ. નીચે માહિતી આપવામાં ન આવી. મેં પણ અગ્ર સચિવશ્રીને પત્ર લખ્યો છે પણ આજસુધી મને માહિતી મળી નથી. આર.ટી.આઇ.માં માહિતી માગી તો લગભગ ૧૦૦ જેટલા શિક્ષકોની બદલીઓ કરવામાં આવી છે. બદલી કરવાના નિયમો અને ધારાધોરણ છે. તે નિયમોમાં જોયું તો લગભગ ૫૦ ટકા ઉપરની બદલીઓ તબીબી કારણસર કરવામાં આવી છે તેવું જણાવેલ છે. કોઇ કારણ બતાવવામાં નથી આવ્યું પણ ફકત તબીબી કારણસર એવું જણાવેલ છે. આ સંજોગોમાં આ માગણીઓને સહકાર આપી શકું તેમ નથી.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક ૯ જે લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ જીવનનું ઘડતર છે અને તેના વિના જીવન એ નિરર્થક છે. હમણા જ મારા સાથી સિનિયર સભ્ય વાત કરતા હતા અને એમણે કહ્યું કે, આ સભાગૃહના ઘણાં બધા નેતા, ઘણાં બધા સભ્યો સરકારી શાળામાં ભણ્યા છે એ વખતે શાસન અમારું હતું. વાત સાચી છે શાસન એમનું હતું, કોંગ્રેસ પક્ષનું શાસન હતું. જ્યારે તમે શાસનમાં હતા ત્યારે શિક્ષણ માટે તમે પ્રયત્ન કર્યા, આ સરકાર આવી ત્યારે અહીંથી પ્રયત્નો થયા. શિક્ષણને આનુષાંગિક વાત છે ત્યારે મારે કહેવું છે કે, ટેકનોલોજીની વાત આવે છે ત્યારે એવું કહેવામાં આવે છે સામે પક્ષના સભ્યો તરફથી કે ટેકનોલોજી પણ અમે લાવ્યા. ટી.વી. લાવ્યા, રેડિયો, વી.સી.આર. લાવ્યા અને છેલ્લે મોબાઇલ પણ લાવ્યા. આ બધું તમારા સમયમાં આવ્યું પણ અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક વાત કહેવાની એમને રહી ગઇ કે તમારા શાસનમાં રોબોટ પણ આવ્યું અને રીમોટ પણ આવ્યું, રોબોટનું શાસન પણ આવ્યું અને રીમોટનું શાસન પણ આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રી નીમાબેન કહેતા હતા કે, છેલ્લા દસ બાર વર્ષમાં શિક્ષણની અંદર જે આમૂલ પરિવર્તન આવ્યું છે એ આમૂલ પરિવર્તનને કારણે જે ડ્રોપઆઉટ રેશિયો હતો ૨૦૦૦ પહેલા એ ૨૯–૩૦ ટકા હતો અને જૂન મહિનાના ધોમ–ધખતા તાપમાં આ સભાગૃહના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, આઇ.એ.એસ.ઓફિસરો, આઇ.પી.એસ. ઓફિસરો અને અધિકારીઓ ગામની સ્કૂલમાં જઇને રાજયના મુખ્યમંત્રીશ્રીએ કદાચ આખા દેશમાં પહેલીવાર કહ્યું હશે કે તમારી દિકરીને ભણાવવાની ભિક્ષા માગુ છું. આ કદાચ કોઇએ સાંભળ્યું હોય તો આદરણીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં એમણે કહયું કે આ દેશની દિકરીઓને ભણાવો, આ રાજયની દિકરીઓને ભણાવો અને એનુ પરિણામ એવું એ આવ્યું કે છેલ્લા બાર–ચૌદ વર્ષના ગાળામાં ડ્રોપઆઉટ રેશિયો ઘટી જે ૨૯–૩૦ ટકા હતો એ આજે ૨ ટકા ઉપર આવ્યો છે એ આ સરકારની સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને સમૃધ્ધ બનાવવું હોય, ગુજરાતને સમર્થ બનાવવું હોય, ગુજરાતને સલામત બનાવવાની વાત હોય કે ગુજરાતને શાંત બનાવવું હોય, એક બૂલંદ ગુજરાતની ઇમારતમાં પાયાની ઇંટ કહેવાય એ આ શિક્ષણ છે. સમૃધ્ધ ગુજરાત બનાવવા માટેની વાત હોય કે સલામત ગુજરાત બનાવવાની વાત હોય, સમૃધ્ધ ગુજરાત બનાવવા માટે રાજય સરકારે જે પગલાં લીધા એમાં સૌથી વધારે મોટો ફાળો કહેવાય તો કન્યા કેળવણીનો છે. દેશના એક મુખ્ય મંત્રી મને બતાવો કે જેમણે શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવા માટે રાજયના કોઇ કાર્યક્રમમાં ગયા હોય અને એ કાર્યક્રમમાં ગયા પછી એમને મળેલી ભેટ સોગાદો એ તોષાખાનામાં જમા કરાવી હોય અને ૮૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમ મળી હોય એ માતબર રકમનો ઉપયોગ જો કોઇએ કર્યો હોય તો આ દેશમાં એક માત્ર મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો હતો. અને ૫૦ હજાર જેટલી કન્યાઓને ભણાવવાનું કામ એમણે કર્યું હતું. આજે ૪૪ લાખ બાળકોને એમના શાસનમાં ધોળેદિવસે ખાવાની જે યોજના હતી એ યોજનાની અંદર આમૂલ પરિવર્તન લાવીને એ યોજના બંધ ના કરી અને આ યોજનામાં ૪૪ લાખ બાળકોને પૌષ્ટિક આહાર મળે એવી અક્ષયપાત્ર યોજના દ્વારા વ્યવસ્થા કરી. એ રીતે આજે ૪૪ લાખ બાળકોને ભોજન આપવાની વ્યવસ્થા કરી છે. આ યોજના બંધ નથી કરી દીધી. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાદીપ યોજના હેઠળ બાળક સ્કૂલે જાય અને અકસ્માતે મૃત્યુ પામે તો ૫૦ હજાર સહાય આપવાની વીમા યોજના આખા દેશમાં કદાચ સૌપ્રથમ શરૂ થઇ હોય તો એ ગુજરાતમાં થઇ છે. એની સોએ સો ટકા રકમ આ રાજય સરકાર ભરે છે. આટલેથી અટકીને નહિ પણ એના કરતાં રાજયના આદિજાતિના જિલ્લાઓની વાત કરીએ તો એ જિલ્લામાં શિક્ષણનું સ્તર વધે તે માટેના પણ પ્રયત્નો કરેલ છે. અને આદિજાતિ જિલ્લામાં કન્યાઓ ભણવા જાય તે માટેની પણ વ્યવસ્થા કરેલ છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર–૨૨ અને ૨૩ લઇને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત કરવા માગું છું. આમ તો ખેડૂતને જગતનો તાત આપણે બધા કહીએ છીએ. એ આપણને અન્ન, શાકભાજી અને ફળફળાદિ એ બધું

ઉત્પન્ન કરીને આપે છે. પણ જો એ સામાન્ય જનતાને ન મળે એટલે કે લોકોને અન્ન ના મળે તો શું દશા થાય? આ સરકારે કોઇપણ વ્યક્તિ ભૂખ્યો ના ઉંઘે એના માટેની ચિંતા કરીને આખી વિતરણ વ્યવસ્થા ઉભી કરેલી છે. જે વિતરણ વ્યવસ્થા છે એમાં મારા સાથી સભ્યશ્રી પરબતભાઇએ ઘણી બધી વાત કરી છે. પણ એમાં જે બી.પી.એલ. કાર્ડ ધારકો છે જેની સંખ્યા ૨૪.૯૧ લાખ કુટુંબોની છે. એમને ઓકટોબર, ૨૦૧૩ સુધીમાં ૨૯૬૯૧ મે.ટન ઘઉં અને ૧૩ લાખ ૬ હજાર ૨૪૩ મે.ટન ચોખા આપ્યા છે. આ બી.પી.એલ.ની વ્યાખ્યા છે એ કોણે કરી? એમાં સાથી સભ્યશ્રી કહેતા હતા કે તમે મોટાઓના નામો નાંખ્યા છે પણ એના માટે કહું તો ગરીબની જે વ્યાખ્યા છે તે કેન્દ્ર સરકારે કરી હતી. જેની આપણે ઘણી વખત ટીકા કરી છે. એ ગરીબોની જે મજાક કરેલી એના કારણે આ સંખ્યા ઓછી છે. હવે જે કેન્દ્ર સરકાર આવી છે એ ગરીબોની વ્યાખ્યા બદલવાનો વિચાર કરશે અને એ રીતે કાર્યવાહી થશે સાથે સાથે ગરીબો નહિ, એનાથી નીચે ગરીબીની રેખાથી પણ નીચે જીવતા લોકો એમના માટે આપણે અંત્યોદય યોજના દાખલ કરી છે એમાં ૭.૩૯ લાખ કુટુંબોને આપણે સપ્ટેમ્બર, ૨૦૧૩ સુધીમાં ૮૩,૧૫૨ મે.ટન ઘઉં આપ્યા છે. ૬૯૮૧૩ મે.ટન ચોખા આપ્યા છે અને એમાં સબસિડી આપણે ચૂકવી છે.

સાથે સાથે અન્નપૂર્ણ યોજના દાખલ કરેલી છે જેમાં આપણો ધ્યેય છે કે કોઇપણ માણસ ભૂખ્યો ન ઉંઘે એના માટે અન્નમ બ્રહ્મમ યોજના દાખલ કરી છે. ભૂખમરા, કુપોષણ, ઘરવિહોણા, અનાથ જે લોકોનું કોઇ નથી એના માટે આપણે એક યોજના બનાવી છે એમાં જે વધારાનું આપણે કર્યું છે કે આપણે એક હેલ્પલાઇન ચાલુ કરી છે જેનો નંબર છે ૧૮૦૦૨૩૩૫૫૦૦. કોઇપણ માણસ જે ભૂખ્યો રહ્યો હોય એ આપણને જાણ કરે તો આપણે એને અનાજ પહોંચાડીએ છીએ. સપ્ટેમ્બર, ૨૦૧૩ સુધીમાં આપણે ૨૪૮ મે.ટન અનાજ આપણે આ કુડ હેલ્પ લાઇન યોજના મારફત આપેલ છે. નિરાધારો માટેની જે યોજના છે એમાં આપણે ૭૨૯ મે.ટન ઘઉં અને ૨૦૦ મે.ટન ચોખા સપ્ટેમ્બર, ૨૦૧૩ સુધીમાં આપ્યા છે.

એનાથી પણ આગળ વાત કરું તો ગામડાઓમાં જે આપણી શિક્ષણની નીતિ છે કે ધોરણ–૧ થી ૭માં આદિજાતિ કન્યાઓ ભણે એમાં ૬૦ કિલો અનાજ આપણે એક કન્યાદીઠ આદિજાતિના લોકોને આપીએ છીએ. તેના સિવાય મધ્યાહન ભોજન યોજના નીચે, સંકલિત બાળ વિકાસ યોજના નીચે આપણે ઘણું બધુ આપીએ છીએ. અને હવે જે અન્ન સલામતી એકટ આવ્યો છે તેના નીચે ૩૮૨.૯૪ લાખની વસતિને આપણે અન્ન સલામતી યોજના નીચે આપવાના છીએ. સાથે સાથે ગ્રાહકો અને ગ્રાહકોની સુરક્ષા એ બાબતમાં ઘણાં બધા કેન્દ્ર સરકારના અને રાજય સરકારના કાયદાઓ છે. તેના નીચે ગ્રાહકોને પૂરતું રક્ષણ મળે, તેમને કોઇ અન્યાય ના થાય સાથે સાથે કાળા બજારીયા, ભેળસેળવાળા અને ઓછું તોલમાપ આપનારા તેના માટે કાયદામાં સજાની જોગવાઇઓ માટેના તમામ કાયદાઓ કરેલા છે. આ રીતે આપણી કોશિશ છે કે અન્ન અને પુરવઠા મારફત જે આપણે કેન્દ્ર સરકારની યોજના પ્રમાણે ખેડૂતોનું અનાજ ખરીદીએ છીએ અને એ અનાજ આપણે લોકો સુધી સામાન્યમાં સામાન્ય છેવાડાના માનવી સુધી પહોંચાડવાની કોશિશ કરીએ છીએ એના માટે જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું અને સાથી પક્ષોને વિનંતી કરું છું કે તેમની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે એટલી જ વાત. જયહિન્દ, જયભારત.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે એમાં માગણી નંબર–૯, શિક્ષણ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે તેને મારું અનુમોદન આપું છું અને તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી જ્ઞાનની સદી છે. જ્ઞાન–વિજ્ઞાન અને શિક્ષણ પોતાના સામર્થ્યથી સમગ્ર બ્રહ્માંડને પોતાની તરફેણમાં કરશે. જો ગરીબી આ સદીમાં દૂર કરવી હોય તો માત્ર જ્ઞાન દ્વારા જ નાબૂદ કરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક મહિલા ધારાસભ્ય હોઇ ગૌરવ સાથે કહી શકું તેવું કન્યા કેળવણીનું કામ અ રાજય સરકારે કર્યુ છે. આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા હાલનાં દેશનાં વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે છેલ્લા ચૌદ વર્ષથી **" કન્યા કેળવણી રથયાત્રા"** અને **"શાળા પ્રવેશોત્સવ "** દ્વારા બહેનોનાં શિક્ષણમાં ખૂબજ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં હાલનાં મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન જે તે વખતે આ શિક્ષણ વિભાગના મંત્રી હતા અને **" કન્યા કેળવણી રથયાત્રા "** અને **"શાળા પ્રવેશોત્સવ "** દ્વારા કન્યાઓનાં શિક્ષણ દ્વારા સર્વાંગી વિકાસ માટેની તેમણે ખૂબજ ચિંતા કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ−૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને રૂપિયા ૨૦૦૦/−ના વિદ્યાલક્ષ્મી બોન્ડ દર વર્ષે પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આપવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું હોય તેવી ૧૫,૧૧,૨૬૦ કન્યાઓને રૂપિયા ૧૭૨.૩૪ કરોડના વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ આપવામાં આવ્યો છે. ગુજરાત રાજયમાં કુલ ૮૯ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ચાલુ છે અને તેમાં હાલમાં ૬૫૮૪ કન્યાઓ અભ્યાસ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યાઓના સર્વાંગી વિકાસ માટે જીવન કૌશલ્યલક્ષી તાલીમ, સ્વરક્ષણ તાલીમ, એકસપોઝર વિઝિટ, પૂર્વ વોકેશનલ તાલીમ જેવી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ માટેની તાલીમ આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં કન્યા કેળવણી ઉપર એટલો ભાર મૂકવામાં આવ્યો છે જેનાથી ભારતમાં સ્ત્રી સાક્ષરતા દરમાં ૧૧.૭૯ ટકાના વધારા સામે ગુજરાતનો સ્ત્રી સાક્ષરતા દર ૧૨.૯૩ ટકા જેટલો વધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ થી ૨૦૧૪ દરમિયાન કન્યા શિક્ષણમાં માધ્યમિક શાળાઓ દ્વારા ૨૫.૭૮ ટકા વધારો અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ દ્વારા ૪૭.૬૪ ટકાનો વધારો થયો છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજના હેઠળ ૨૩ શૈક્ષણિક પછાત બ્લોકમાં ધોરણ ૯થી ૧૨ની ૧૦૦ વિદ્યાર્થીનીઓ માટે કન્યા છાત્રાલય શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ધોરણ ૧ થી ૫માં જે ડ્રોપ આઉટ રેશિયો ૨૦૦૧ થી ૨૦૦૨માં ૨૦.૫૦ ટકા હતો તેમાં રાજય સરકારના અથાગ પ્રયત્નો થકી તે નોંધપાત્ર રીતે ઘટીને ૨૦૧૨−૧૩માં ૨.૦૫ ટકા થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીને વધારે પ્રોત્સાહિત કરવા માટે એક ગામથી બીજે ગામ અભ્યાસ માટે અપડાઉન કરતી કન્યાઓને બસમાં ફ્રી મુસાફરી પાસ પણ આપવામાં આવે છે. સર્વે માટે શિક્ષણ અંતર્ગત ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકો માટે મફત, ફરજિયાત અને ગુણવત્તાયુકત શિક્ષણ માટે સાર્વત્રિક નામાંકન અને સ્થાયીકરણ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગની ૪૮ નવી અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાદિપ યોજના અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના મૃત્યુના કિસ્સામાં રૂ. ૫૦ હજારના વીમાની સહાય આપવામાં આવે છે. વિદ્યાદિપની આ યોજના અંતર્ગત ૩૧૨૯ કિસ્સામાં રૂ. ૧૧.૩૮ કરોડનું વળતર આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૩ વર્ષમાં ૧૪૪૮૬૪ શિક્ષકોની પારદર્શક ભરતી કરવામાં આવી છે. એચટીએટી પાસ કરેલ ૫ હજાર મુખ્ય શિક્ષકોની ભરતી પણ કરવામાં આવી છે. છેલ્લા ૧૩ વર્ષમાં ૧૦૪૬૩૭ નવા શાળાના ઓરડાઓનું બાંધકામ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે શાળાના ઓરડા, ટોયલેટની સુધારણા અને લાયબ્રેરીને સુસજજ કરવા કુલ ૩૪૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૫૦૦ પ્રજ્ઞાવર્ગો ઉપરાંત ૮૫૦૦ નવા પ્રજ્ઞાવર્ગો ચાલુ કરવાનું આયોજન છે. શાળાના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપવાની યોજના જિલ્લા અને તાલુકા કક્ષા સુધી વિસ્તારીને ચાલુ વર્ષે કુલ ૬૭૩ શિક્ષકોને પારિતોષિક માટે એક કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિસ્તરણ માટે ૪૫ નવી માધ્યમિક સરકારી શાળાઓના બાંધકામ માટે ૩૯ કરોડ અને ગ્રાન્ટેડ શાળાઓમાં ૧૪૬૦ નવા વર્ગો માટે રૂ. ૫ કરોડ અને ગ્રાન્ટેડ શાળાઓમાં સળંગ એકમ શરૂ કરવા માટે રૂ. ૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. ગામમાં માધ્યમિક શાળા ન હોવાના કારણે દીકરીઓનું શિક્ષણ પ્રાથમિક કક્ષાએ અટકી ના થાય તે માટે એક ગામથી બીજે ગામ શાળામાં ૯મા ધોરણમાં ભણતી કન્યાઓને સાયકલ આપવા માટે નવી યોજના માટે ૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમો માટે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતી માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્કોલરશીપ યોજના અંતર્ગત ૧૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેના ઉપર મારા કેટલાક વિચારો રજૂ કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા ખાતુ એ ગરીબો માટેનું ખાતુ છે, એમ કહેવાય કે ગરીબો કે જેમના નામે આપણે મત લઇએ છીએ અને જેમના મતો લઇને આપણે સાહેબ થઇએ છીએ. એ એવા લોકોનું ખાતુ છે પરંતુ મારે કહેવું છે કે, ચૂંટાયા પછી અને સત્તામાં બેઠ્યા પછી આ ગરીબોનું જરાપણ ધ્યાન રાખવામાં આવતું નથી. આ પુરવઠા તંત્ર એટલે ભ્રષ્ટાચાર જે કહેવાયને ભ્રષ્ટાચારની સીમા વટાવી છે અને એટલી હદે કે અમદાવાદ અને જે નાગરિક અને પુરવઠા તંત્રના..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બજેટ ઉપર આવી જાઓ. આ ભ્રષ્ટાચારની સીમા વટાવી છે એવું કયાંય સૌરભભાઇએ નથી લખ્યું. ઇલીગેશન કરવા હોય તો કરજો તમારી રીતે એ કોઇ કહે એના જવાબમાં, બાકી અન્ન, નાગરિક પુરવઠા ઉપર બોલો. ભ્રષ્ટાચાર હોય તો દાખલા સહિત કહો કે આમાં આટલો ભ્રષ્ટાચાર થયો છે એ આંકડા સહિત કહો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, એ હું દાખલા સાથે જ કહું છું કે અમદાવાદ જિલ્લાની અંદર અમદાવાદ શહેરની જે પુરવઠા કચેરી છે એની અંદર જે •(xxxxxx)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એની વિગતો એમણે આપવી જોઇએ.

અધ્યક્ષશ્રી : હા, બરાબર છે. એ વિગતો આપજો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : એ વિગત હું આપીશ.

અધ્યક્ષશ્રી : અત્યારના બપોરના જ આપી જજો જેથી આજે જે રેકર્ડ કિલયર થઇ જાય. આજે આપી દેજો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : આજે આપી દઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ઉલ્લેખ કર્યા કે પુરવઠા સમિતિમાં આ પ્રકારના લોકો છે તો એ અંગેના એમની પાસે જો પુરાવા હોય તો રજૂ કરે. નહીં તો એ શબ્દો એમને પાછા ખેંચવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો પણ કાઢી નાખીએ છીએ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, બારકોડેડ રેશનકાર્ડની અંદર આજની તારીખની અંદર પણ ૫૦ ટકાથી વધારે અમદાવાદ શહેરની અંદર આપવાના લોકોને બાકી છે અને એની અંદર એટલી જબરજસ્ત ભૂલો છે કે આ બારકોડેડ રેશનકાર્ડ જે લોકોના હાથમાં આવ્યા છે ત્યારે એમની અંદર નામની, સરનામાની, અને તમામ પ્રકારની ભૂલો છે. આ ઘણી વખત એવી મર્યાદા બાંધવામાં આવી કે, છ મહિનામાં કે બાર મહિનામાં કમ્પલીટ કરી દેવામાં આવશે, પણ હજુ સુધી બારકોડેડ રેશનકાર્ડ લોકોને પૂરતા મળ્યા નથી અને સૌથી ગંભીર બાબત એ છે કે જે કેરોસીનનો જે પુરવઠો છે જે પુરવઠો આપવામાં આવે છે એ પુરવઠો સવારે ચાર વાગે લોકોને અમદાવાદની અંદર લાઇનમાં ઊભા રહેવું પડે છે અને અંધારામાં જ આ કેરોસીન આપવામાં આવે છે છ વાગે, અને એમની પાસે કોઇ તોલ માપના જે માપિયા હોય એ માપિયાં પણ નથી હોતાં, અને સવારે છ વાગે એટલે કે અંધારાની અંદર અને જયારે પુરવઠા અધિકારીને ફરિયાદ કરીએ તો કોઇ અધિકારી ગાંધીનગર રહેતો હોય કોઇ અધિકારી બીજે રહેતો હોય એ લોકો ફોન ઉપાડતા નથી અને ફોન

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઉપાડે ત્યારે એવું કહે છે કે, આ કાળા બજારનો –તોલમાપની બાબત છે એટલે તમે તોલમાપ ખાતાનો સંપર્ક કરો. તો ત્યાં ગરીબ લોકોને કેરોસીનની અંદર એટલો બધો સહન કરવાનો વારો આવ્યો છે કે–

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે અને આપનું પ્રવચન ચાલુ રહેશે .

**વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ (દરિયાપુર) (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાગરિકો માટે જાહેર વિતરણ માટે ૨૦૧૪–૧૫ના વર્ષના બજેટમાં રૂપિયા ૧૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ વ્યાજબી ભાવની દુકાન ઉપરથી લોકોને એમના માટે નિયત કરેલો જથ્થો પૂરતા પ્રમાણમાં મળતો નથી. તંત્ર આ આખી બાબત જાણે છે કે આ જે જથ્થો આવે છે તે બારોબાર વગે કરવામાં આવે છે, ખાનગી વેપારીઓને બારોબાર વેચી નાખવામાં આવે છે. આના માટે તંત્રએ પૂરતી કાળજી લેવી જોઇએ અને આવા કાળાબજાર ન થાય અને ગરીબ લોકો માટે નિયત થયેલો જથ્થો તેમને પૂરતા પ્રમાણમાં મળી રહે તેના માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઇએ. આ જ રીતે રાજ્યના શહેરી વિસ્તારો માટે પુરવઠા તંત્ર માટે ઝોનલ કચેરીઓ બનાવવા માટે ૧ કરોડ રૂપિયાના ખર્ચની જોગવાઇ કરવામાં આવી છે. મારું સૂચન છે કે અમદાવાદ શહેરની વાત કરું તો શહેરમાં ઝોનલ કચેરીઓ જે બનાવવામાં આવે છે તેમાં એક કચેરીની અંદર ત્રણ કે ચાર વોર્ડનો સમાવેશ કરવામાં આવે છે. એટલે ત્યાં લાંબી લાઇનો લાગે છે અને લોકોને ઘણી જ તકલીફો પડે છે. એટલે મારી વિનંતી છે કે વોર્ડ દીઠ એક ઝોનલ કચેરી શહેરી વિસ્તાર પૂરતી બનાવવી જોઇએ જેથી લોકોને હાડમારી વગર પૂરતી વ્યવસ્થા મળી શકે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ સીકયુરીટી એકટ પ્રમાણે રેશન કાર્ડ તૈયાર કરવા માટે ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ કોમ્પ્યુટરના જાણકાર નિષ્ણાત લોકો ન હોવાને કારણે ઘણી બધી મુશ્કેલીઓ થતી હોય છે. એટલે આવી તમામ જગ્યાઓ ઉપર કોમ્પ્યુટરના નિષ્ણાત અને જાણકાર લોકોને મૂકવા જોઇએ જેથી ખામી વગરના રેશન કાર્ડ લોકોને મળી શકે. એક જ મિનિટ હોવાથી હું શિક્ષણની બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી સમક્ષ વિનંતી કરવા માગું છું, અને મેં માનનીય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત પણ કરી હતી. શહેરોમાં આજે જમીનોના ભાવો ખૂબ વધવાથી ગ્રાન્ટેડ શાળાઓ જે ચાલે છે અને સંચાલકો જે ટ્રસ્ટથી ચલાવે છે તેને બારોબાર લોકો વેચી રહ્યા છે. મારા વિસ્તારમાં જ ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભણતર વગરના થઇ ગયા છે, અને આટલી બધી સૂચનાઓ પછી અને રજૂઆતો કર્યા પછી પણ એ શાળાના સંચાલકો બંધ કરીને જતા રહ્યા છે. એટલે અમારે ત્યાં શાહપુરની અંદર પ્રવેશ હાઇસ્કૂલની જે ઘટના બની છે. એ લોકો જે ટ્રસ્ટી મંડળ છે અને જેમણે આવી નિષ્કાળજી કરી છે અને ઘોર અન્યાય આ ગરીબ લોકો સાથે થયો છે તેની સામે કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી પંકજ મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે હું ઉભો થયો છું. શિક્ષણની વાત છે એટલે, ‘‘ન ચોર હાર્યમ્, ન રાજ હાર્યમ્, ન ભાતૃ ભાજયમ્, ન ભાર કારી, વ્યયે કૃતે વર્ધતઃ, એવ નિત્યમ્ વિદ્યા ધનઃ સર્વ ધન પ્રધાનઃ’’ વિદ્યા ધન છે. એ સર્વ ધનમાં પ્રધાન ધન છે, તેને ચોર ચોરી શકતો નથી, રાજ કયારેય લઇ શકતું નથી. ભાઇઓમાં ભાગ પડતા નથી, અને જેટલું વાપરીએ એટલું વધે છે. આ પ્રકારનું મહા મૂલું ધન જેને વિદ્યા ધન કહેવાયું છે તેના સંદર્ભની વાત મારે કરવી છે. મારા કેટલાક મિત્રોએ અગાઉના સમયના શિક્ષણની વાત કરી હતી અને કહ્યું કે અહીં બેઠેલા બધાએ અમારા સમયમાં એસ.એસ.સી. સરકારી સ્કૂલોમાં કર્યું હશે. આવી વાત માનનીય સભ્યશ્રી કરી રહ્યા હતા ત્યારે મને અગાઉના સમયની વાત યાદ આવે છે. હું જે વિસ્તારમાંથી આવ્યો છું, હું જે પોતે એ સમયમાં ભણ્યો છું, અને મારા જેવા અનેક યુવાનો માત્ર તે વખતમાં શિક્ષણની સુવિધા ન હોવાને કારણે ૫૦ કિલોમીટર દૂર સુધી કોઇ હાઇસ્કૂલ ન હોવાને કારણે માત્ર અને માત્ર પ્રાથમિક શિક્ષણથી સંતોષ માનવો પડયો હોય તેવા અનેક યુવાનો આજે પણ ગુજરાતમાં છે. તે વખતે ૫૦ કિલો મીટર સુધી હાઇસ્કૂલ કે તેવા પ્રકારની સુવિધાઓ નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪–૧૫ના

અંદાજપત્રમાં સેવા ક્ષેત્રમાં ૪૮ ટકા જેવી રકમ ફાળવવામાં આવી છે. એકાદ મિત્ર તો એવું બોલ્યા હતા કે માત્ર ૪૮ ટકા? સેવા ક્ષેત્રમાં ૪૮ ટકા જેવી માતબર રકમ ફાળવી છે અને એમાં પણ ૧૭ ટકા જેવો હિસ્સો માત્ર શિક્ષણ પાછળ ફાળવવામાં આવ્યો છે.

કેટલાક મિત્રો અહીંયા શિક્ષકો અને શાળાઓના ઓરડાની ઘટની વાત કરતા હતાં. છેલ્લા ૧૫ વર્ષમાં આ રાજય સરકારે ૧,૪૪,૮૪૬ શિક્ષકોની ભરતી કરી છે. એમાં પણ ખાસ કરીને ૨૧૫૯ જેટલા મુખ્ય શિક્ષકોની ભરતી કરી છે. એ જ રીતે ૧,૦૪૬૩૭ જેટલા ઓરડાઓ રાજયની અંદર બાંધવામાં આવ્યા છે. એમના સમયની અંદર અનેક બાળકો ઝાડ નીચે ભણીને મોટા થયા છે. આજે કોઇ ગામ કે કોઇ વાંઢ એવું નથી કે જયાં પૂરતા ઓરડા ન હોય. મારા કચ્છ જેવા દુર્ગમ વિસ્તારની અંદર એકે એક ગામ અને એકે એક વાંઢની અંદર કારણ કે મારા વિસ્તારમાં ગામ કરતાં વાંઢ વધારે છે ત્યાં આ સરકારે ઉદાર નીતિ અપનાવીને બાળકોની ઓછી સંખ્યા હોય તો પણ શાળા શરૂ કરાવીને ગામડાંમાં પ્રાથમિક શિક્ષણ સુનિશ્ચિત કરાવવાનો પ્રયત્ન કર્યો છે જે ધન્યવાદને પાત્ર છે. તે વખતે શાળાની અંદર નામાંકન જ નહોતું થતું, ૨૦૦૧ પહેલા માત્ર ૭૫ ટકા થતું હતું આજે એ ૯૭ ટકા ઉપર પહોંચ્યું છે. તે વખતનો ડ્રોપ આઉટ રેશિયો ૩૮.૯૨ ટકા હતો આજે એ ૩ ટકા કે બે ટકા આસપાસ પહોંચ્યો છે અને આ વર્ષનો માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો સંકલ્પ છે કે સો ટકા નામાકંન અને ઝીરો ટકા ડ્રોપ આઉટ રેશિયો થાય આ ઇચ્છા શકિત બતાવે છે. કારણ કે આજથી ૧૪ વર્ષ પહેલા શાળા પ્રવેત્શોસવ શરૂ કરવામાં આવ્યો ત્યારે એ ઐતિહાસિક ઘટના હતી, કોઇ રાજયના મુખ્યમંત્રી આખા વહીવટી તંત્રને શાળાની અંદર બાળકોને લઇ જવા માટે કામે લગાડે એ ઐતિહાસિક ઘટના કહી શકાય. તે વખતના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇએ એક સૂત્ર આપ્યું કે હું ભિક્ષુક છું અને મને ભિક્ષામાં દીકરીને ભણાવવાનું વચન આપો, અને આ અભિયાનના સ્વરૂપે અને એના પરિણામે આજે દીકરીઓના શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઉંચું ગયું છે. દરેક ક્ષેત્રે એ ઉચ્ચ શિક્ષણ હોય, ટેકનિકલ શિક્ષણ હોય, ઉચ્ચત્તર માઘ્યમિક શાળાઓ હોય લગભગ ૨૦૦૧ અને ૨૦૧૪ની સ્થિતિએ ડબલ જેટલી શાળાઓ શરૂ કરવામાં આવી છે અને અનેક સીટો વધારવામાં આવી છે. જયારે આટલી મોટી રકમ ગુજરાતની અંદર શિક્ષણ ક્ષેત્રની અંદર વધારવામાં આવી છે એ જ આ સરકારની ચિંતા સાથે એકે એક ગામની અંદર, એક એક તાલુકાની અંદર, એકે એક શહેરની અંદર તમામ પ્રકારનું શિક્ષણ ઉપલબ્ધ થાય. યુનિવર્સિટીઓની સંખ્યા જોઇએ તો અનેકગણો એમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

કેટલાક મિત્રો અહીંયા ચર્ચા કરતા હતા કે શિક્ષણની અંદર નવા નવા અખતરા કરવામાં આવે છે. આને અખતરા ન કહેવાય, જયારે કોઇપણ વિષયની અંદર પૂરાણી બાબતો હોય એમાં નવીનતમ ઉમેરવામાં આવે તો જ સાચો વિકાસ થઇ શકે. આ સરકારે સતત ને સતત નવીનતા ઉમેરવાનો પ્રયત્ન કર્યો છે. અમારા જૈન ધર્મની અંદર કહેવાય છે કે કરવું, કરાવવું અને અનુમોદવું, જયારે રાજય સરકાર શિક્ષણના કામની અંદર આટલું મહત્વનું કામ કરી રહી છે ત્યારે એને પૂણ્ય મળવાનું જ છે, સહયોગ આપનારને પણ પૂણ્ય મળવાનું જ છે પણ મારે વિરોધપક્ષના સભ્યશ્રીઓને કહેવું છે કે તમે પણ આને સહયોગ આપશો આ શિક્ષણનું કાર્ય છે આની અંદર શેની કાપ દરખાસ્ત હોય? એટલે આ કાર્યની અંદર તમે પણ સહયોગ આપશો તો કરવું, કરાવવું અને અનુમોદવું એટલે અનુમોદન તમે આપશો તો આ પૂણ્યના ભાગીદાર બનશો. હું ઇચ્છું કે તમે પણ પૂણ્યના ભાગીદાર બનો.

કચ્છની ચિંતા અને શિક્ષકોની ચિંતા અહીંયા કરવામાં આવી. કચ્છની અંદર ગામે ગામ અને વાંઢે વાંઢે શાળાઓ આપવામાં આવી છે. હમણાં જ ૨૨૫ જેટલા શિક્ષકો માત્ર ચાર તાલુકાની અંદર સરકારશ્રીએ ઉદારતા રાખીને રાપર, મુંદ્રા અને અબડાસા અને લખપતની અંદર દસ વર્ષ સુધી બદલી ન કરી શકાય એ શરતે પૂરા પાડ્યા છે. ઓરડા છે, સંડાસ બાથરૂમની વ્યવસ્થા પૂરી પાડી છે, પીવાનું પાણી પૂરું પાડેલ છે. કચ્છ જેવા પછાત જિલ્લામાં સો ટકા બાળકો શાળાની અંદર પ્રવેશ મેળવે અને ૧ થી ૮ ઘોરણ સુધીનું શિક્ષણ સુનિશ્ચિત કરે. વધુમાં વધુ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. મારા કચ્છ જિલ્લામાં સરકારે યુનિવર્સિટી પણ આપી છે એ સામાન્ય બાબત નથી. કચ્છમાં એક પ્રાઇવેટ કંપનીને એની

સામાજિક જવાબદારીના ભાગરૂપે ફરજ પાડીને મેડિકલ કોલેજ પણ શરૂ કરવામાં આવેલ છે. એના માટે હું સરકારશ્રીને ધન્યવાદ આપીને આ જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં સમર્થન આપીને મારી વાત શરૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, જે ગરીબોનો જઠરાગ્નિ પરિતૃપ્ત કરવાનું કામ કરે છે એ અન્ન અને નાગરિક પુરવઠાની વાત છે ત્યારે માતા અન્નપૂર્ણાને યાદ કરીને–

અન્નપૂર્ણે સદાપૂર્ણે, શંકર પ્રાણ વલ્લભે,
જ્ઞાન વિદ્યાર્થ સિધ્યર્થૈ ભિક્ષાન્ન દેહિ ચ પાર્વતી.

માતા પાર્વતી પાસે, માતા અન્નપૂર્ણા પાસે અમારા આખા રાજયના તમામ ગરીબ લોકોનો જઠરાગ્નિ પરિતૃપ્ત થાય એવી કટિબદ્ધતાથી જયારે આ સરકાર કામ કરી રહી છે અને મને ગર્વ છે આ સરકાર ઉપર કે આ સરકાર દેશની માત્ર એવી સરકાર છે કે જેણે અન્ન અને નાગરિક પુરવઠો, જે ગરીબ લોકોનું કામ કરવા માટેનો વિભાગ છે તેને પણ કોમ્પ્યુટરાઇઝ કર્યો છે, એટલું જ નહીં પણ આ કોમ્પ્યુટરાઇઝ કરેલા વિભાગને ભારત સરકાર દ્વારા ૨૦૧૩–૧૪માં એક એવોર્ડ આપવામાં આવ્યો છે. જાહેર વિતરણ વ્યવસ્થા સુદ્રઢ, કાર્યક્ષમ અને અસરકારક બનાવવા માટેનો આ એવોર્ડ છે એ એવોર્ડનું નામ છે Excellence in Government Process Re–engineering Award અને આવો અદભૂત એવોર્ડ ભારત સરકાર દ્વારા જે આપવામાં આવ્યો છે એ અન્ન અને નાગરિક પુરવઠાને એટલા માટે કે આખી જે કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમ બનાવવામાં આવી છે. બારકોડેડ રેશનકાર્ડ. અત્યાર સુધીના રેશનકાર્ડ જે હતા એ મેન્યુઅલ હતા. તેના બદલે બારકોડેડ રેશનકાર્ડ બનાવવાને કારણે જે પણ કંઇ ડુપ્લીકેશન હતા એ ડુપ્લીકેશન બંધ થઇ ગયા છે અને ભૂતિયા કાર્ડ પણ નાશ પામ્યા છે. આશરે ૧ કરોડ ૨૯ લાખ બારકોડેડ રેશનકાર્ડ બન્યા છે અને ૧૬ લાખ જેવા કાર્ડ ઘટયા છે. એટલે કે જે લોકો ખોટી રીતે કાર્ડમાંથી જથ્થો લઇ જતા હતા એ અટકાવવામાં આવ્યું છે અને યોગ્ય વ્યક્તિ સુધી જથ્થો પહોંચે એના માટે થઇને આ નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

એવી જ એક સિસ્ટમ છે. બાયોમેટ્રિક ફૂડ કૂપન. એટલે કે જે વ્યક્તિ પોતાને જથ્થો મળતો હોય એ જ વ્યક્તિ જેટલો જથ્થો મળવાપાત્ર છે એટલો જ જથ્થો અન્ય કોઇ વ્યક્તિ ન લઇ જાય એટલા માટે થઇને બાયોમેટ્રિક ફૂડ કૂપન જે બનાવવામાં આવ્યા છે એ પણ આખા દેશમાં માત્ર ગુજરાતમાં આ બારકોડેડ રેશનકાર્ડ અને બાયોમેટ્રિક ફૂડ કૂપન દ્વારા લોકોને જથ્થો પૂરો પાડવામાં આવે છે અને તેના કારણે લોકોને સપ્રમાણ રીતે જથ્થો મળી શકે છે. આવી જ રીતે કોમ્પ્યુટરાઇઝેશન જે કરવામાં આવ્યું છે એ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. આ વિભાગ દ્વારા જે પોર્ટલ બનાવવામાં આવ્યું છે એ પોર્ટલ પણ જે તે દુકાનની અંદર કેટલા કાર્ડધારક છે, તેને મળવાપાત્ર જથ્થો કેટલો છે, ખરેખર આ વખતે તેમને કેટલો જથ્થો ઉપલબ્ધ કરાવ્યો છે તે અને આટલેથી જ અટકતું નથી પણ કોઇ પણ વ્યક્તિને, નાગરિકને કંઇ ફરિયાદ કરવી હોય, પોતાને કંઇ પ્રતિભાવ આપવો હોય, અન્ન અને નાગરિક પુરવઠા માટેની કોઇ પણ જાતની વાત કરવી હોય તો પણ આ પોર્ટલ ઉપર એને સ્કોપ આપવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૦૦ ઇ–ગ્રામ સેન્ટરો ઉપર એટલે કે છેવાડાના માનવી સુધી તેના ફીંગર ટીપ્સ ઉપર આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. એટલે મને ગર્વ છે કે હું એ રાજયની નાગરિક છું કે જેણે ગરીબોની આંગળી ઉપર પોતાને મળતો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળી રહે તેની વ્યવસ્થા આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરમિટની વાત કરીએ તો એન.આઇ.સી. દ્વારા ૨૦૧૧થી ઓનલાઇન પરમિટ આપવામાં આવે છે. દરેક દુકાનની અંદર એ.પી.એલ., બી.પી.એલ., અંત્યોદય જે પણ કંઇ કાર્ડ હોય એ કાર્ડને ધ્યાનમાં રાખીને અને અગાઉનો એમની પાસે કોઇ જથ્થો હોય તો એ પણ ધ્યાનમાં રાખીને મામલતદારશ્રી દ્વારા તેને પરમિટ આપવામાં આવે છે અને આ પરમિટ આપીને તાત્કાલિક જથ્થો ઓનલાઇન મળી જતો હોવાને કારણે તાત્કાલિક પૈસા ભરવાથી એ પોતાનો જથ્થો લઇ જઇ શકે છે. અગાઉ લગભગ

૧૦થી ૧૨ દિવસ સુધીનો સમયગાળો જે લાગતો હતો એ આ ઓન લાઇન પરમિટને કારણે માત્ર બે દિવસમાં દુકાનદાર પોતાની જરૂરિયાત પ્રમાણેનો જથ્થો મેળવી શકે તેના માટેની વ્યવસ્થા પણ ઓનલાઇન આ સરકાર દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડોર સ્ટેપ ડીલીવરી, અત્યાર સુધી બધા જ જે રેશન શોપવાળા હતા એમણે સરકારી ગોડાઉન સુધી પોતે જવું પડે, પોતે જથ્થો ઉપાડવો પડે અને પોતે લઇને દુકાન સુધી જવું પડે. આ જે દુકાનદાર છે એને પોતાને ખર્ચ ન કરવો પડે અને વચ્ચે કોઇ ગરબડ ન થાય તેના માટે થઇને દુકાનદાર સુધી જથ્થો પહોંચાડવાની જવાબદારી સરકારે લીધી છે અને ડોર સ્ટેપ ડીલીવરીના કારણે દરેક દુકાનદારને ૧૦૦૦થી ૨૫૦૦નો જે ખર્ચ થતો હતો તેમાં બચત થઇ છે અને એ રીતે પણ મદદરૂપ બન્યા છીએ. ૨૦૧૪-૧૫માં ૭,૪૫૦ લાખની જોગવાઇ આ બાબતમાં કરવામાં આવી છે. મને એ બાબતનું ગૌરવ છે કે આખા રાજયને કુપોષણમાંથી મુક્તિ કરવાનું જે અભિયાન છે એ અભિયાન પણ આ વિભાગ પોતાના શિરે લઇને આ અભિયાનમાં પોતાનો સાથ અને સહયોગ સરકારને આપવામાં આવે છે. આઇ.સી.ડી.એસ. એટલે કે આંગણવાડીમાં જે બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ જે કૂપોષિત છે અથવા તો જેને પોષણયુકત આહાર આપવાનો છે એટલે ઘઉંમાંથી ફોર્ટીફાઇડ આટો બનાવવામાં આવે અને એ આંગણવાડી સુધી પહોંચાડવામાં આવે. ચણા, ન્યુટ્રિશન કેન્ડી, આયોડિન મીઠું આ બધી જ વસ્તુ જાહેર બજારમાંથી ખરીદી અને આ વિભાગ છે એ આંગણવાડી સુધી પહોંચાડે છે ને આ રીતે કુપોષણમાંથી મુક્ત કરવાની જવાબદારી નિભાવે છે. આવી જ રીતે અન્ન બ્રહ્મ યોજના એટલે કે જે કોઇ આંગણવાડીમાં બાળકો જતા હોય કે ન જતા હોય, ઘર વિહોણા હોય, અનાથ હોય એવા બાળકોને આ સરકાર દ્વારા અથવા તો આ વિભાગ દ્વારા અનાજ પૂરું પાડવામાં આવે છે. જેનું કોઇ નથી એની આ સરકાર છે. જેની કોઇ મા નથી એની મા આ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ કરાવવા દો. આ સીએનજી સ્ટેશનો આ વિભાગ દ્વારા કાર્યરત કરવામાં આવ્યા છે. મારે ૨૦૦૧ની સાલ યાદ કરાવવી છે. ૨૦૦૧ની સાલમાં અમદાવાદ દેશના હાઇએસ્ટ પોલ્યૂશન સીટીમાં ચોથા નંબરે હતું. દેશના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં અમદાવાદ ચોથા નંબરે હતું. એને પ્રદૂષિત શહેરોમાંથી દૂર કરવા માટેના અનેક પ્રયત્નમાંનો એક પ્રયત્ન સીએનજી સ્ટેશનનો હતો. આ સીએનજી સ્ટેશનો સ્થાપવા માટે અને એનો ઉપયોગ વાહનોમાં થાય એના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. ૯૦૦૦૦થી વધારે રિક્ષાઓ અને ૧.૫૦ લાખથી વધારે અન્ય વાહનો આજે સીએનજીથી ચાલે છે. ગાંધીનગર અમદાવાદ જેવા શહેરોની વચ્ચે એસ.ટી. બસ સીએનજીથી ચાલે આવી રીતની વ્યવસ્થા ગોઠવી છે અને મારે ગર્વ સાથે કહેવું છે કે, ૨૦૦૧ની અંદર જે બે સીએનજી સ્ટેશનો હતા એ અત્યારે ૧૦થી વધારે સીએનજી સ્ટેશનો રાજયના જુદા સ્થળોએ ઊભા કરવામાં આવ્યા છે. આખા ભારત દેશની અંદર સૌથી વધારે પોલ્યૂટેડ સીટી અમદાવાદ જે ચોથા સ્થાને હતું એ આ સીએનજી સ્ટેશનોના કારણે ૨૦૦૩માં ૧૩મા સ્થાને ગયું, ૨૦૦૬માં ૪૩મા સ્થાને ગયું, ૨૦૦૯માં ૬૬મા સ્થાને ગયું અને ૨૦૧૧માં ૮૪મા સ્થાને ગયું. ૨૦૦૧માં અમદાવાદમાં આવતા હતા ત્યારે ધૂમાડાથી ભરેલું હતું અને અત્યારે ચોખ્ખું અને સારું એવું વાતાવરણ મળે છે એમાં પણ આ વિભાગનો ખૂબ સારો સહયોગ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘણા બધા મિત્રોએ વાત કરી કે, આ વિભાગની અંદર અન્ન અને નાગરિક પુરવઠા માટે જે કોઇ વાત કરી. અગાઉના બધા જ જે કાણાઓ હતા, ગબારાઓ હતા, જે પંજાઓ પડ્યા હતા એ બધા પંજાઓ આ વિભાગમાંથી દૂર થયા છે. બિલકુલ પારદર્શક વહિવટ અને પ્રામાણિક વહીવટ અત્યારે ચાલી રહ્યો છે. અન્ન અને નાગરિક પુરવઠાની અંદર જેટલું અન્ન મળવું જોઇએ, જેટલો જથ્થો મળવો જોઇએ એટલો જથ્થો એ વ્યક્તિને પહોંચાડવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે એને હું આવકારું છું અને એના સમર્થનમાં મારી વાત પૂરી કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં બુદ્ધિને નહીં પણ શારીરિક ઠાઠને મહત્વ આપવામાં આવે છે. આપણે ત્યાં ભણતરને નહીં, માર્કસને વધુ મહત્વ આપવામાં આવે છે, આપણે ત્યાં ગુણવત્તાસભર જ્ઞાનને

નહીં પણ ડિગ્રીને મહત્વ આપવામાં આવે છે. જે પ્રમાણે શિક્ષણનું વ્યાપારીકરણ થઇ રહ્યું છે અને જે પ્રમાણે પ્રાથમિક શિક્ષણ અને કોલેજોનું જે રીતે પ્રાઇવેટાઇઝેશન થાય છે એ પ્રમાણે હું સરકારને પૂછવા માગું છું કે, આ ડિગ્રી મેન્યૂફેક્ચરીંગ પ્રાઇવેટ ફેક્ટરીઓ તમે ક્યારે બંધ કરવા માગો છો? ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ...

અધ્યક્ષશ્રી :અત્યાર સુધી આવી કોઇ ફેક્ટરી હતી નહીં. તમે નવી ખોલી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ આપવું એ રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી છે. મારા અતારાંકિત પ્રશ્નોના જે જવાબો આપ્યા છે એના થોડાક અંશ રજૂ કરું છું. એક ઓરડામાં એકથી વધારે બેસતા વર્ગોની સંખ્યા કેટલી? તો ગુજરાતમાં ૧૪૧૩૦. પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ કેટલી? તો ૨૩૨૦૯. ક્ષતિગ્રસ્ત ઓરડાઓ ૨૧૫૧૨, લાઇટની સુવિધા ન હોય તેવા ૭૩, હજારોની સંખ્યામાં કમ્પ્યુટર ન હોય તેવી શાળાઓ. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૪૨૫માંથી ૩૮૧ શાળામાં આચાર્યો નથી. એન્જિન વગરની ટ્રેન હોય તેવી આપણી દશા છે. સરકારી આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજમાં આચાર્યની સંખ્યા ૭૧માંથી ૫૦ જગ્યાઓ ખાલી છે. ૧૨૦૫ પ્રાધ્યાપક હોય એમાંથી ૭૧૫ ખાલી છે. એન્જિનિયરીંગ કોલેજોમાં ૧૬ આચાર્યો હોવા જોઇએ એના બદલે ૧૩ જગ્યાઓ ખાલી છે. પ્રાધ્યાપકોની સંખ્યા ૨૭૯ હોવી જોઇએ એના બદલે ૨૫૨ જગ્યાઓ ખાલી છે. અને કેટલીએ શાળાઓમાં કોમ્પ્યુટરો નથી. આમ જોવા જઇએ તો સરકારની આ એક બાજુ છે એનો પણ આપણને ખ્યાલ આવે. આવી કારમી મોંઘવારીમાં જયારે મા–બાપ પેટે પાટા બાંધી અને પોતાના બાળકોને ભણાવતા હોય અને એમની કેટલીએ આશા હોય કે પોતાના છોકરાઓ ડોકટર થાય, એન્જિનિયર થાય, વકીલ થાય, પ્રોફેસર થાય, સારા અધિકારીઓ થાય, આઇ.એ.એસ. ભણે, આઇ.પી.એસ. ભણે ત્યારે માનનીયમ મંત્રીશ્રી પણ કહેતા હતા કે દસ વર્ષનું બજેટ અમે એક વર્ષમાં મૂકયું પણ એ જમાનાની વાત જૂદી છે. ત્યારે ,

''મુઠ્ઠી મેં પૈસે લેકર જાતે થે થેલા ભર સકકર આતી થી
અબ થેલે ભર પૈસે લેકર જાતે હૈ મુઠ્ઠીમેં સકકર આતી હૈ''

માનનીય અધ્યક્ષશ્રી, આવી કારમી મોંઘવારીમાં જયારે શિક્ષણની વ્યવસ્થા આવી હોય ત્યારે શિક્ષણ પર રાજકારણ કરવાની વાત નથી પણ વિદ્યાર્થીઓના આટલા બધા ભાર સાથે ભણતર અને આટલા બધા પૈસા ખર્ચવા પડે ત્યારે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરવા પ્રેરાય છે ત્યારે બહુ દુઃખ થાય છે. તમે થપ્પડની એડવર્ટાઇઝ તો બહુ આપી પણ સર્વ શિક્ષા અભિયાનના ૨૨૦ કરોડ રૂપિયા વાપર્યા વગરના પાછા ગયા અને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જે પાઠયપુસ્તકો મફત મળવા જોઇએ એ આજે બહાર બુકસ્ટોલ ઉપર ૧૫ થી ૧૫૦ ટકાના ભાવ વધારા સાથે મળતા હોય ત્યારે બહુ દુઃખ થાય છે અને અનેક પરિવારોના બજેટ ખોરવાઇ જાય છે અને જે ૨૫ લાખ સુધીના ઓરડા બનાવવા માટે સર્વ શિક્ષા અભિયાનના એસ.એમ.સી, એટલે કે સ્કુલ મેનેજીંગ કમીટીએ ઓરડા બનાવવાના હોય છે, એમાં ટેન્ડર પણ રજૂ કરવામાં આવતા નથી હોતા. હું એટલું જ કહેવા માગુ છું આ માધ્યમથી કે જો શિક્ષણમાં આટલી બધી ખામીઓ હોય, આપણા વિદ્યાર્થીઓને આટલી બધી મુશ્કેલીઓ હોય તો ગમે તેટલી મુશ્કેલીઓ આવે પણ જો હું મારા નવયુવાન વિદ્યાર્થી જે કોલેજમાં જઇ રહ્યા છે, જે દલિત, ગરીબ અને આદિવાસી વિદ્યાર્થીઓ છે એ લોકોની પણ વ્યથા રજૂ ન કરું તો મારું ધારાસભ્ય તરીકે રહેવું વ્યર્થ છે. શિક્ષણમાં સતત સરકારને હું પુછવા માગુ છું કે ચિલ્ડ્રન યુનિવર્સિટી બનાવી પણ એનું કાર્યક્ષેત્ર શું છે એ આજ સુધી ખબર પડતી નથી. ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ ટીચર્સ એજયુકેશન બનાવ્યું પણ એ એજયુકેશનનું રેકગ્નાઇઝેશન જ નથી. કામધેનુ યુનિવર્સિટી બનાવી પણ એનું કેમ્પસ હાલ અત્યારે કયાં છે એની કોઇને માહિતી નથી. આ તંદુરસ્ત સ્પર્ધાત્મક જયારે પ્રવાહ ચાલી રહ્યો હોય ત્યારે આપણા ત્યાં ખાલી ડોકટર જ બનવું કે એન્જિનિયર બનવું એના બદલે સાયન્ટીસ્ટ બનાવવા કે રીસર્ચ કરવા કે વધારે સારું કોઇ માહોલ ઉભું કરવું અને આંતરરાષ્ટ્રીય સ્તરે આપણા વિદ્યાર્થીઓ ટકી રહે અને કોમ્પીટીશનમાં ભાગ લઇ શકે એ માટે આપણે કોઇ યુનિવર્સિટી કે કોઇ વ્યવસ્થા કરતા નથી. ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટી છે પણ ઇન્ટરનેશનલ કક્ષાએ ટકી શકતી નથી. હું વાત કરું કે તમે ૨૬માંથી ૨૬ની વાત કરતા હતા પણ એ તમે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોનો ભીડ ભેગી કરવામાં ઉપયોગ કર્યો છે અને

એમણે તમને ખોબે ખોબે મત આપ્યા છે પણ તમે એમને શું આપ્યું? શિક્ષકોનો ફીકસ પગાર કરીને •(xxxxxx) તમે વિદ્યાર્થીઓને કોર્ટના દરવાજા ખખડાવવા મજબૂર કરી દીધા, CBSEની જયારે એકઝામની વાત કરું તો CBSEએ ઇન્ટરનેશનલ લેવલની કોમ્પીટીશન માટેની સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ટકી શકે એટલે એડમીશન લેતા હોય ત્યારે એડમીશનની પ્રક્રિયા કેવી કરી નાખી, અત્યારે મેડિકલની વાત નહીં કરાય કારણ કે આરોગ્યનો વિષય છે અને એન્જિનિયરીંગના લોકો કોર્ટમાં ગયા છે એ આખું ગુજરાત જાણે છે પણ CBSEના વિદ્યાર્થીઓ વધારે ટકા લાવ્યા હોય છતાં એડમિશનમાં એ લોકોનો પાછળ નંબર આવે છે. આજના જમાનામાં નો એડમીશન વીધાઉટ લીટીગેશન. તમે કોર્ટના ધકકા ખવડાવવા અને અંધકારમય ભવિષ્ય વિદ્યાર્થીઓને આપવા માગો છો અને એના લીધે •(xxxxxx)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે (xxxxxx) આવું એમના ઘરના આકડા આપવાનું બંધ કરે. આવુંને આવું ના ચલાવો તમે.

અધ્યક્ષશ્રી : એટલું રેકર્ડ ઉપરથી કાઢી નાખુ છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, everybody is a genius, but if you judge a fish by its ability to climb a tree, than it is a very strange method. માનનીય અધ્યક્ષશ્રી, એક રૂસાની વાત કરી લઉ તો રૂસાએ ર૦ કરોડ રૂપિયા ગુજરાત યુનિવર્સિટીના આપણા બાતલ ગયા કારણ કે નેટની પરમીશન નથી આપવામાં આવી.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની માગણી નં. રર લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારી વાત કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગ્યાસુદ્દીનભાઇ એક વાત કરતા હતા, અત્યારે દેખાતા લાગતા નથી. એ કહેતા હતા કે આમાં ભ્રષ્ટાચાર થયો હતો. મારે કહેવું છે કે ૧ કરોડ ૩ લાખ જેટલા બારકોડેડ રેશન કાર્ડ આ સરકારે કર્યા અને ઇ–ગવર્નન્સનો એવોર્ડ પણ આ સરકારને મળ્યો છે. મારે કહેવું છે કે ભ્રષ્ટાચાર તો અગાઉ થતો હતો. ૧૬ લાખ ભૂતિયા કાર્ડ હતા એ ભૂતિયા કાર્ડ રદ થયા. બીજું પણ કહેતા હતા કે જથ્થો બારોબાર જતો રહે છે. અનાજનો જથ્થો પહેલાં બારોબાર જતો હતો અને ત્યારે કોઇ નામ વગરનો પૈસા ભરીને લઇ આવતો હતો. અત્યારે જે કોઇ વેપારી અનાજનો જથ્થો લેવા જાય એના અંગૂઠાનું નિશાન લેવામાં આવે છે જેથી જથ્થો બારોબાર વેચે તો ખબર પડે કે કોનો હતો. પહેલાં ખબર પડતી ન હતી કે કોનો જથ્થો છે. બધું ભેળસેળ હતું. શુક્રવારે રાઘવજીભાઇ કહેતા હતા પણ આજે દેખાણા નથી. એ કહેતા હતા કે ગુજરાતમાં અનાજનું ઉત્પાદન ઘટ્યું છે. મારે કહેવું છે કે ર૦૦૧–૦રમાં અનાજનું ઉત્પાદન ર૯ લાખ ટન હતું એ આજે ર૦૧૧–૧રમાં ૧૦૧ લાખ ટન અનાજનું ઉત્પાદન થયું છે અને એમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. આના કારણે આપણને કૃષિ કર્મણ એવોર્ડ પણ મળેલો છે. આ સરકારે બજેટમાં અન્ન અને નાગરિક પુરવઠામાં પપ૪ કરોડની જોગવાઇ કરી છે અને જાહેર વિતરણ વ્યવસ્થામાં બી.પી.એલ. કાર્ડને અનાજનું વિતરણ ર૦૧૩–૧૪માં પ લાખ ૭૬ હજાર ૧ર૩ ટન ઘઉં આપવામાં આવ્યા છે અને ર લાખ ૪૮ હજાર ૧૦ર ટન ચોખા આપવામાં આવ્યા છે અને એમાં રાજ્ય સરકારે ૧પ૪ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. જે બી.પી.એલ. કરતાં પણ ગરીબ કે જેને અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યા છે એવા લોકોને ૧ લાખ ૬૭ હજાર ૭ર૦ ટન ઘઉં આપવામાં આવ્યા છે અને ૧ લાખ ૪૦ હજાર ૩૯૮ ટન ચોખા આપવામાં આવ્યા છે. એમાં પણ રાજ્ય સરકારે ર૬ કરોડની સબસિડી આપી છે. આ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં મીઠું એક રૂપિયે કિલો હોય છે. એની કિંમત ભલે એક રૂપિયો કરી હોય પણ એ મીઠાંથી પહેલા જે આપવામાં આવતું હતું એમાં ગોઇટર જેવો રોગ થતો હતો અને અત્યારે જે મીઠું આપવામાં આવે છે એ આયોડીનયુક્ત મીઠું હોય છે અને ગોઇટર જેવા રોગોની સામે રક્ષણ મળે છે. પહેલાં માણસ જથ્થો લેવા જાય ત્યારે પ થી ૮ દિવસ સુધી

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અનાજનો જથ્થો મળતો ન હતો. આજે માણસ પહોંચે, પૈસા ભરે અને પૂરતો જથ્થો મળે છે. ગુજરાત સરકાર આજે ડોર ટુ ડોર ડિલિવરી કરે છે અને એનો એક પૈસો લેતા નથી અને દુકાન પર જથ્થો પહોંચતો કરે છે. હવે દુકાનદારને ઓન લાઇન પરમિટ આપવામાં આવે છે. કોઇપણ દુકાનદાર પોતાને જથ્થો લેવો હોય તો ઓન લાઇન પરમિટ લઇ શકે છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું, આભાર.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોની માગણી નંબર ૨૨ અને ૨૩ લઇને જે આવ્યાં છે એને મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : ભાઇ, મોહનભાઇ, એ શબ્દ કાઢી નાંખુ છું, અહીંયા બજેટ ઉપજ બોલો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે એમાં રાજ્યના નાગરિકોને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ઘઉં અને ચોખાનું વાજબી ભાવે વિતરણ કરવા માટે રૂ.૧૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. નેશનલ ફૂડ સિક્યોરિટી એકટ પ્રમાણે રેશનકાર્ડ તૈયાર કરવા તેમજ બાર કોડ કુપન પધ્ધતિને સુદ્રઢ બનાવવા માટે જોગવાઇ રૂ.૭૦ કરોડ જેટલી કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક આદિવાસી વિસ્તારના તાપી જિલ્લાની સમગ્ર ૯૫% જેટલી આદિવાસી વસ્તીમાંથી આવું છું. મોટાભાગના બી.પી.એલ. લાભાર્થીઓ એ વિસ્તારમાં વસેલા છે ત્યારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આજે જે બજેટ ઉપર એક સન્માનનીય સભ્યશ્રી બોલતા હતા કે બી.પી.એલ., બી.પી.એલ. હું એ કહેવા માગુ છું કે જે બી.પી.એલ.ની વ્યાખ્યા છે. આ ભારત સરકારની અન્ન પુરવઠા યોજના છે અને એ બી.પી.એલ. વ્યાખ્યાની ગાઇડ લાઇન જે ભારત સરકારે બનાવી છે. ગાઇડ લાઇનમાં આ ગરીબને જે રીતે ગરીબી રેખામાં જે ગાઇડ લાઇન આપી છે એ ખરેખર ગરીબી રેખા અનુરૂપ બનતી નથી. એવી ગાઇડ લાઇન આપવાથી છેલ્લા ૧૦ વર્ષથી આ ગરીબી રેખા નીચે જીવતા ગરીબ પરિવારને ગરીબી રેખામાં જે સુખ અને સુવિધા મળવી જોઇતી હતી એ સંપૂર્ણપણે મળી નહિ એનું કારણ પણ ભારત સરકારમાં બેઠેલા છેલ્લા ૧૦ વર્ષથી જેમણે રાજ કર્યું એ યુ.પી.એ. સરકારે ખૂબ મોટો અન્યાય કર્યો છે એમ કહું તો ખોટું નથી. એ ગાઇડ લાઇન એ પ્રકારે કરવામાં આવી કે જેના ઘરમાં સાઇકલ હોય એને પણ ગૂણાંક પધ્ધતિમાં ગણવામાં આવી, જેના ઘરમાં જેની પાસે ચાર જોડી કપડાં હોય એને પણ ગૂણાંક પધ્ધતિમાં ગણવામાં આવી અને જેના ઘરમાં પંખો હોય એને પણ ગૂણાંક પધ્ધતિમાં લેવામાં આવ્યાં એના કારણે માત્ર અને માત્ર ગરીબોની મશ્કરી થઇ એમ કહું તો ખોટું નથી. એવા સમયે આ ગુજરાતમાં ગુજરાતના નાગરિકોને જે રીતે વધુમાં વધુ ટેકનોલોજીથી જે પ્રમાણે બાર કોડેડ રેશનકાર્ડ અને બાયોમેટ્રિક કુપન પધ્ધતિ અપનાવી. આ જે કુપન પધ્ધતિ અપનાવવાના કારણે આ ગરીબ માણસ જ્યારે દુકાન પર માલ લેવા જાય અને અંગૂઠો દબાવે અને એને કુપનમાં નિર્ધારિત કરેલ આઠ કિલો અનાજ આપવમાં આવે છે અને જો દુકાનદાર સાત કિલો અનાજ આપે તો તરત જ ફરિયાદ અમારા જેવા ચૂંટાયેલા પ્રતિનિધિને કરતા હોય છે. ટેકનોલોજીના કારણે ગુજરાતના લોકોને આપણે બાર કોડેડ પધ્ધતિ અપાવવાના કારણે આ દેશના ગરીબ વર્ગને ખૂબ મોટો ફાયદો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં અન્ન અને નાગરિક પુરવઠાના તાલુકા કક્ષાએ જે દુકાન માલિકો છે તો એ અનાજ પહેલાં લઇ આવતા હતા અને એ અનાજ જે લઇ આવતા હતા અને એ જાતે પોતાના વાહનમાં લઇ જતા હતા અને વાહનમાં લઇ જતાં લઇ જતાં અડધા રસ્તે કયાં એ માલ એંશી ટકા વપરાઇ જતો હતો એ પહેલાં ખ્યાલ નહતો આવતો અને એ માલ ક્યાં જતો એ કોઇને ખબર પણ પડતી નહતી. જેના કારણે ગરીબ માણસને ખૂબ મોટો અન્યાય થયો.

માનનીય અધ્યક્ષશ્રી, હવેની આ રાજ્ય સરકારમાં જે વાહતુક દુકાનદારને એક હજાર રૂપિયાથી, અઢી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હજાર રૂપિયા જેટલો માલ વાહતુકનો ખર્ચ પણ આ રાજ્ય સરકાર ઉઠાવે છે. આ બજેટની અંદર ગોડાઉન સંગ્રહ શક્તિનો વધારો કરવા માટે ૨૨,૫૦૦ મેટ્રિક ટન સુધીના...

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૯, ૧૦, ૨૨ અને ૨૩ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ સમાજનું અગત્યનું પાસું છે. શિક્ષણ વગરનો કોઇ પણ વ્યક્તિ આજે પોતાનો આર્થિક, સામાજીક કે કોઇ પણ જાતનો ઉત્થાન કરી શકતો નથી. આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીની શપથ વિધિ બાદ એમનું એક સ્ટેટમેન્ટ મેં જોયેલું અને એમણે ગુજરાતને કેરાલા રાજ્ય સાથે સરખાવવાની વાત કરેલી. વાત સારી હતી કેરાલા સાથે સરખાવી અને ગુજરાતનું શિક્ષણ સારામાં સારું વધે એમાં દરેક અમારા સભ્યો અને દરેક પ્રજાને પણ રસ હોય પણ માનનીય અધ્યક્ષશ્રી, માનવ સંસાધન વિકાસ મંત્રાલયના આ છેલ્લા આંકડા મુજબ અત્યારે ગુજરાત પ્રાથમિક શિક્ષણમાં શિક્ષણ આપવામાં પાંત્રીસમાં ક્રમે અને માધ્યમિકમાં શિક્ષણમાં શિક્ષણ આપવામાં ઓગણીસમા ક્રમે છે એ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જોયું હશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત હોય, આજે સમગ્ર રાજ્યમાં શિક્ષણ એ સમાજમાં બે ભાગમાં વહેંચાયેલું શિક્ષણ લાગે છે. આજે ગરીબનું બાળક અને તવંગર, સુખી માણસનું બાળક કઇ રીતે ભણે છે એના ઉપર જો માનનીય શિક્ષણમંત્રી ધ્યાન કેન્દ્રીત કરશે તો આ સમગ્ર વિષય ઉપર બહું રચનાત્મક રીતે જોઇ અને આ ગરીબ અને તવંગર બાળક કઇ રીતે શિક્ષણ લે છે એનું હું એક ઉદાહરણ આપવા માગુ છું. આજે સમગ્ર ગુજરાત રાજ્યમાં એક થી પાંચ ધોરણની શાળાઓ હોય કે, છ થી આઠ ધોરણની શાળાઓ હોય જેટલી જેટલી છેલ્લા બે વર્ષથી પ્રશ્નોત્તરીઓ કરી છે, તમામ પ્રશ્નોત્તરીઓમાં દરેક શાળાઓમાં અંગ્રેજી શિક્ષક, ગણિત શિક્ષક કે વિજ્ઞાનના શિક્ષકોની ઘટ. એક પણ જગ્યા એવું ન હોય કે, આ શાળામાં અંગ્રેજી શિક્ષક, ગણિતનો શિક્ષક અને વિજ્ઞાનનો શિક્ષક પૂરતો હોય. એટલે દરેક શાળાઓમાં શિક્ષકોની ઘટ અને એમાં પણ ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન. આ બાળકો ૧ થી ૫ના, છેલ્લા ચાર વર્ષના આંકડા તો બોલે છે કે, ૧ થી ૫ના બાળકો ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનના શિક્ષકો વગર, ૬ થી ૮માં અને ૮ થી ૧૦માં અને ૧૧-૧૨માં પણ એક પણ વિષયમાં ગણિત, અંગ્રેજીના વિષયમાં અભ્યાસ કર્યા વગર એ ઉપલા વર્ગોમાં ગયા. એના કારણે એ આવનારા દિવસોમાં જ્યારે કોમ્પીટિટીવ પરીક્ષાઓ આવશે ત્યારે પોતાનું કઇ રીતે શિક્ષણ અને એના અનુભવના આધારે જોબવર્કમાં પણ પોતાનું કામ કરી શકશે ?

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ ખાનગી સ્કુલોનો રાફડો ફાટ્યો છે. અત્યારે હાલ એક પણ ખાનગી સ્કુલમાં જો ગરીબ બાળક અભ્યાસ કરવા જાય તો એને કે.જી.થી પચાસ હજાર રૂપિયા જેવી ફી હોય છે. સામાન્ય માણસ આ ફી ભરી અને કેવી રીતે શિક્ષણ લઇ શકશે? એ વિચારવા જેવું છે. એના કારણે જે ગરીબ બાળકો હોય એ પોતાની ગામમાં હોય કે ગામની આજુબાજુ હોય એવી સરકારી શાળાઓમાં અભ્યાસ કરે પણ ત્યાં જાય તો એને ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનના શિક્ષકો જ ના મળે. એટલે એનું ભણવું જ બેકાર થઇ જાય છે એવી પરિસ્થિતિ આ ગુજરાત રાજ્યમાં છે. આજે શિક્ષણમાં ગરીબ અને તવંગર બાળકોનો ભણવાનો ભેદ સતત દેખાઇ આવે છે.

હમણાં જ એક વાત થતી હતી કે, ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવોના કાર્યક્રમો કરવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થાય, મંત્રીઓ આવવાના હોય, સચિવો આવવાના હોય એટલે શિક્ષકો હાજર હોય, બે-ત્રણ દિવસ શિક્ષકો ઉંઘે નહીં, મંડપ બાંધે આ તે કરે. અમારા મિત્ર કહેતા હતા કે, કોઇ બુટલેગર પૈસા આપે તો એના પૈસા લઇ એનું જાહેરમાં સન્માન થાય અને એના પૈસે આખો કાર્યક્રમ થાય પણ જ્યારે આ બાળકો એ મંડપમાં આવે અને પછી જ્યારે એ મંડપમાં આવી બાળકો શાળા પ્રવેશ લે ત્યારે એને થાય કે, અમારે તો બહુ સરસ મંડપ બનાવ્યો, અમારે તો કાયમી આવામાં જ બેસવાનું છે પણ બીજા દિવસથી જ પંકજભાઇને ખબર નહીં હોય અત્યારે હાલ પણ વિદ્યાર્થીઓ લીમડા નીચે બેસીને જાહેરમાં ભણે છે. ગઇ સાલ નાણામંત્રીશ્રી નિતિનભાઇ ૨૦૧૩-૧૪નું બજેટ લઇને આવેલા એમાં ૩૧૮૦૦ ઓરડા બનાવવાની વાત કરેલી ત્યારે મારી એક પ્રશ્નોત્તરીમાં મને જવાબ મળ્યો કે મારા સાબરકાંઠા જિલ્લામાં ૧૨૮૯ ઓરડાની ઘટ છે.

ચાલુ વર્ષે આયોજન કેટલા ઓરડાનું? ૧૮૬ ઓરડા બનાવવાનું આયોજન છે તો આટલી ઘટ કઇ રીતે પૂરી થશે? અત્યારે હાલ પણ બાળકો લીમડા નીચે બેસીને ભણે છે અને અમે પણ જોઇએ છીએ, ઘણા જુએ છે પણ કરીએ શું? કારણકે સરકાર આ કોઇ આયોજન કરતી નથી.

હમણા જ માનનીય સભ્યશ્રી ભૂષણભાઇ વાત કરતા હતા મધ્યાહ્ન ભોજન યોજનાની. મધ્યાહ્ન ભોજન યોજના એ અમારા પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહજીએ ચાલુ કરી. વર્ષ ૨૦૧૩–૧૪માં મધ્યાહ્ન ભોજન યોજના માટે ૬૩૫કરોડની જોગવાઇ થયેલી એની સામે ૩૬૮કરોડ રૂપિયા વપરાયા. ૫૮ ટકા જ રકમ વપરાઇ એટલે આ સરકાર મધ્યાહ્ન ભોજન યોજના અંગે કેટલી ચિંતિત છે એ આ આંકડા પરથી દેખાય છે. આવી રીતે એક બાળક પાછળ મેં જોયેલું આ કામગીરી અંદાજમાં તો એક બાળક પાછળ ત્રણ રૂપિયા અને તોંતેર પૈસા પ્રતિ દિવસ ખર્ચ કરવામાં આવે છે. આટલી બધી જો રકમ બચત રહેતી હોય અને આ ગરીબ વિદ્યાર્થીઓ માટે પૈસા ખર્ચવાના હોય તો ત્રણના ત્રીસ વાપરવા જોઇએ પણ આ બાળકોને સારું પોષણક્ષમ અનાજ આપવું જોઇએ એવું મારું સૂચન છે.

આજે સવારે જયારે હું અહિંયા વિધાનસભા આવતો હતો ત્યારે ૮ થી ૧૦ અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓના વાલીઓ મને મળવા આવ્યા. તા. ૨૧–૮–૨૦૧૩થી સ્કોલરશીપ માટેના કાર્ડ આપવાની યોજના સરકારે જાહેર કરી. આજે પણ આ તમામ એન્જીનીયરીંગ કોલેજો કે જે કોઇ કોલેજો હોય એ વિદ્યાર્થીઓ પાસે પહેલા પૈસા ભરાવે અને પછી જ એને વળતરરૂપે આપે છે તો સરકારની આ યોજના જો સરકારે જાહેર કરી હોય તો પહેલા પૈસા ભરાવવા અને પછી રીફંડ આપવું તો તાત્કાલીક એનો અમલ થવો જોઇએ એવું મારું સૂચન છે અને મારી વિનંતી છે આ સરકારનો પરિપત્ર છે ત્યારે. આજે ધોરણ–૧૧,૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓનો પ્રવાહ વધી રહ્યો છે ત્યારે તમામ તાલુકા મથકોએ પણ સાયન્સ કોલેજો બનવી જોઇએ. મેં પણ માનનીય નાણામંત્રીશ્રીને એક મારા સૂચનમાં મારા મત વિસ્તાર પ્રાંતિજ તાલુકામાં પ્રાંતિજમાં જ એક નવી સાયન્સ કોલેજ મંજૂર થાય એ માટે વિનંતી કરી છે તો માનનીય શિક્ષણ મંત્રીશ્રી પણ એમાં ધ્યાન રાખી અને પ્રાંતિજને નવી સાયન્સ કોલેજ આપે એવી મારી વિનંતી છે. બીજું, આજે છેલ્લા ત્રણ ચાર દિવસથી સી.પી.એડના વિદ્યાર્થીઓ સત્યાગ્રહ છાવણી પર ઉપવાસ પર બેઠા છે. સી.પી.એડની કોઇ ભરતી થતી નથી. સરકારે સી.પી.એડના શિક્ષકોને ભણાવવાની કોલેજ હાલ ચાલુ રાખી છે.

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો વિભાગની માગણી નં. ૭૫ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાત રાજય એ વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર રહેલું રાજય છે અને એમાં ય જયારે ગુજરાતને ૧૬૦૦ કિલોમીટર જેટલો મોટો દરિયાકિનારો મળ્યો છે અને સાથેસાથે ભૌગોલિક રીતે જોઇએ તો સમગ્ર દેશના ઉત્તરના રાજયો જેટલા છે એ બધાને દરિયાઇ વેપાર જો કરવો હોય તો એને ઉત્તરમાંથી આવતા પહેલું રાજય આપણું ગુજરાત મળે છે એટલા માટે બંદરોના વિકાસ માટે ખૂબ મોટી અનુકૂળતા આ ગુજરાતમાં રહેલી છે ત્યારે આ વેપારને ધ્યાનમાં લઇને ૧૯૮૨ની અંદર ગુજરાત મેરી ટાઇમ બોર્ડની સ્થાપના કરવામાં આવી પરંતુ એ પછી કોઇ ઝાઝો વિકાસ આ બંદરોનો ન થયો પરંતુ જયારથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી છે ત્યારથી ગુજરાતમાં નકકી કર્યું કે આપણી પાસે જે આટલો મોટો દરિયાકિનારો છે તેમાં જો બંદરોનો વિકાસ કરવામાં આવે તો એના માટેની સરકારની બૂટ નીતિ અને બંદર નીતિનો જે અમલ થયો અને એના કારણે આજે સમગ્ર ગુજરાતની અંદર ૪૪ જેટલા બંદરો છે એમાં એક માત્ર કંડલા પોર્ટ ટ્રસ્ટનો વહીવટ ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે અને દીવ અને દમણ બે કેન્દ્ર શાસિત બંદરો છે એ સિવાયના ૪૧ બંદરો જે નાના અને મધ્યમ કક્ષાના છે. એ તમામ બંદરોને કારણે સમગ્ર ગુજરાતના દરિયાઇ વિસ્તારના તમામ વિસ્તારોનો ખૂબ સારો વિકાસ સમગ્ર ગુજરાતમાં થયો છે, ત્યારે પહેલા પહેલા જે ૨૦૦૪–૦૫ માં ગુજરાતના બંદરો ઉપરથી ૯૭ મિલિયન મેટ્રિક ટન ટ્રાફિકની હેરફેર થઇ હતી, પરંતુ ૨૦૧૩–૧૪ માં ૨૨૦ ટકા જેટલો વધારો આ ટ્રાફિકમાં થયો અને ૩૧૦ મિલિયન મેટ્રિક ટન આજે ટ્રાફિકની હેરફેર ગુજરાતમાં થાય છે. સમગ્ર દેશમાં જેટલા

નાના બંદરો છે, એનો ૭૪ ટકા જેટલો હિસ્સો આ ગુજરાતના બંદરો મારફતે એના વેપારનો થાય છે.(અંતરાય) ૧૮૨ માંથી ૧૬૫ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટી આગળ ચાલે છે.

ભારત સરકાર દ્વારા ખાનગી અને ઉદારીકરણની નીતિ જાહેર કરવામાં આવી અને એની અંદર સમગ્ર ગુજરાતની અંદર વૈશ્વિક જાહેરાત દ્વારા બંદરોમાંથી પસંદગી થઇ. અને આમાં નાના મોટા બંદરો બનવાના કારણે આજે દિરયાકિનારાના વિસ્તારમાંથી આવું છું એટલે મને ખબર છે કે દરિયાનો વિસ્તાર એટલે એવો વિસ્તાર કે ત્યાં જે લોકોનો જન્મ થયો હોય. બધાને એમ હતું કે અમારા દિરયાકિનારા વિસ્તારનો જન્મ એ એક અભિશાપ છે. જે માછીમારીનો ઉદ્યોગ કરતા ન હોય તે સિવાયના તમામ લોકોને પાણી પીવું હોય તો એમને ખારું પાણી મળે, સિંચાઇની વ્યવસ્થા હોય નહિ કારણ કે છેવાડાનો વિસ્તાર હતો. સિંચાઇ માટેની વ્યવસ્થા નહીં, ખેતી માટે પાણી નહિ, પીવા માટે પાણી નહિ. એના માટેનો એકમાત્ર રસ્તો હતો કે દરિયા કિનારાના વિસ્તારના બંદરોનો વિકાસ થાય એના લીધે આટલા બધા બંદરો બન્યા. એના કારણે દરિયા કિનારે મોટા મોટા ઉદ્યોગો આવ્યા છે. એના કારણે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થયું છે. એ વિસ્તારના લોકોને નોકરી મળી છે. કદાચ કોઇ જગ્યાએ નહિ મળી હોય, પણ કોંગ્રેસ કરતા ૧૦૦ ટકા સારું આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. આજે ૪ જેટલા આધુનિક બંદરો પીપાવાવ, મુંદ્રા, દહેજ, હજીરા હોય આ બધાનો વિકાસ કરવાના કારણે ૩૦,૦૦૦ કરોડ જેટલું ખાનગી મૂડીરોકાણ આજે ગુજરાતમાં આવ્યું છે, જેનો લાભ ગુજરાતની પ્રજાને થયો છે.

આ સરકારની, ભાજપની નીતિના કારણે આજે ૨૦૧૩-૧૪ માં દહેજ હોય, કચ્છમાં અકરીમોટા હોય, હજીરા હોય, પોરબંદર, જામનગર અને મુન્દ્રા ખાતે આજે આટલા ટર્મીનલનાં કામો પૂરાં થયાં છે. ચાલુ વર્ષે આજે મોરાગામ સૂરત ખાતે, જખૌ ખાતે, સલાયા ખાતે, મુન્દ્રા પોર્ટ ખાતે, મગદલ્લા ખાતે, સિક્કા ખાતે, પીપાવાવ ખાતે આટલા પ્રોજેકટો ૨૦૧૪-૧૫ ના વર્ષમાં પૂરા કરવાનું આયોજન છે. તો આજે આટલો સારો વિકાસ થયો છે, ત્યારે આજે ગુજરાતના દરિયા કાંઠે રહેલ વ્યક્તિઓને લાભ થયો, સાથે સાથે સરકારની નીતિ છે, એના કારણે હમણા જ આપણને ખબર પડી છે કે દહેજ, ઘોઘા વચ્ચે દહેજથી ઘોઘા જવું હોય તો ૩૬૦ કિ.મી. નું અંતર હતું. આજે રો-રો ફેરી સર્વિસનું કામ ચાલુ છે. ૨૯૬ કરોડ જેટલી રકમ સરકારે ફાળવી છે. એના લીધે ૩૬૦ કિ.મી.નું અંતર હતું તે ફકત ૩૧ કિ.મી.નું અંતર થવાનું છે, ત્યારે ખૂબ મોટો લાભ સમગ્ર દક્ષિણ ગુજરાત, કાઠિયાવાડને થવાનો છે. ખૂબ સારું કામ ભાજપની સરકારમાં થઇ રહ્યું છે. વાતાવરણ સારું થાય એના માટે VTMS ની સિસ્ટમ મીરર મેટ્રોલોજીકલ અને હાઇડ્રોલોજીકલ સેન્સરથી સમગ્ર ગુજરાતના દરિયાકાંઠે સજ્જ કરવામાં આવી છે. આપણને ખબર છે કે વાતાવરણ અંગેની જીવંત માહિતી આજે ન મળે તો નુકસાન થાય છે. મારી વિનંતી છે કે ગુજરાતનો ખૂબ સારો વિકાસ થયો છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વર્ષાબેન.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી શિક્ષણ વિભાગને લગતી માગણી નં.૧૦ લઇને આવ્યા છે, તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચમાં કર્મચારીઓને મકાન અને વાહન ઉપર લેવામાં આવતી લોન તદુપરાંત વિજ્ઞાન શાખાઓની અંદર લગતા સાધનો અને આપવામાં આવતી જોગવાઇ આ માગણી નં.૧૦ ના વિશેષ ખર્ચમાં કરવામાં આવી છે. શિક્ષણ વિભાગની અંદર ખર્ચ છે એ સાચા અર્થમાં ખર્ચ નથી, પણ રાજ્યનું મૂલ્યનિષ્ઠ રોકાણ છે એમ કહીશ તો ખોટું નથી. છેલ્લાં ૩૫ વર્ષમાં વિભાગ સાથે જોડાયેલ છું. પ્રત્યક્ષ રીતે શિક્ષણમાં કામ કરું છું, એટલે આ દરમ્યાન શિક્ષણના ગુણાત્મક પરિણામ લાવવા માટે તમામ પ્રયોગો, પરિવર્તન થયા છે. તેના માટે શિક્ષણ વિભાગે ઇનોવેટીવ અને સુધારા માટે જે પગલાંઓ ભર્યા છે તેના માટે અભિનંદન આપવા છે. અહીં ઘણીબધી વાતો થઇ છે. પરંતુ બાળકના મોઢા ઉપર સ્મિત લાવવાનું કામ આ રાજ્ય સરકારે ઇનોવેટીવ કાર્યક્રમો આપીને કર્યુ છે. જેવી રીતે લંબાઇનું માપન માઇલ્સમાં થાય છે તેવી રીતે શિક્ષણનું માપન બાળકોના ચહેરાના સ્માઇલથી ખબર પડે છે. એટલે જ આજે બાળકો રડતાં રડતાં નહીં પણ હસતાં હસતાં વિદ્યામંદિરો તરફ જાય છે.

મારે એક વાત કરવી છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ અમારા વઢવાણ વિસ્તારની અંદર પ્રવોશોત્સવ વખતે આવેલા ત્યારે તેમણે એક માર્મિક વાત કરેલી. તેમણે કહેલ કે હું તો નાનો હતો ત્યારે રડતો હતો અને આજે શિક્ષણમંત્રી બન્યો છું. પરંતુ તમે તો આજે કેટલા આત્મવિશ્વાસથી બેઠા છો અને હસતાં હસતાં જયારે આ શાળા પ્રવેશોત્સવમાં આવો છો ત્યારે તમારું ભવિષ્ય કેટલું ઉજળું છે તેનો મને ખ્યાલ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભાગ્યશાળી છે. આપણા રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન શિક્ષણક્ષેત્રમાંથી આવે છે. એક શિક્ષિકાથી શિક્ષણમંત્રી અને એક શિક્ષણમંત્રીથી જયારે મુખ્યમંત્રી બન્યા છે ત્યારે શિક્ષણ માટે કોઇ કચાસ નહીં રહે તેની હું તમને ખાતરી આપું છું. શિક્ષણમાં આવતા સતત બદલાવના માનનીય મુખ્યમંત્રીશ્રી સાક્ષી રહ્યા છે. એટલા માટે આ શિક્ષણને સરળ અને સુગમ બનાવવાનું શકય બન્યું છે. એક દસકા પહેલાં એટલે કે ૨૦૦૩ના વર્ષમાં એક સરવે થયો હતો. તેની અંદર ૩૫ ટકાથી ઓછો મહિલા સાક્ષરતા દરવાળા ૫૦ તાલુકા હતા. પરંતુ મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે આજે એક દસકાની મહેનત જે રંગ લાવી છે અને દરેક દીકરીને ભણાવવાની કટિબદ્ધતાને કારણે આજે એક દસકા પછી માત્ર ચાર તાલુકા એવા રહ્યા છે કે જયાં મહિલા સાક્ષરતા દર ૩૫ ટકા કરતાં ઓછો છે. આ અભૂતપૂર્વ સફળતાનું કારણ એ દીકરીઓ અને મહિલાઓને ભણાવવા માટે આ રાજય સરકારે વ્યવસ્થા કરી છે તે છે. લગભગ ૧૨.૩ ટકા જેટલો વધારો મહિલા સાક્ષરતા દરની અંદર આજે જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણની અંદર નવું કલેવર ધારણ કરીને શિક્ષણ વિભાગ કામ કરી રહ્યો છે ત્યારે નવતર પ્રયોગો હોય, પ્રોજેકટસ હોય કે શિક્ષણના અભ્યાસક્રમની અંદર થતા ફેરફારો હોય આ બધી બાબતોની અંદર શિક્ષકોને અપગ્રેડ કરવા એટલા જરૂરી છે. એટલા માટે વેકેશનની અંદર આ તાલીમો ગોઠવીને શિક્ષકોને સતત અપગ્રેડ કરવાનું કામ અને તેની ટ્રેનિંગની જોગવાઇ કરવામાં આવી છે. આ શિક્ષકોને અપગ્રેડ કરીશું તો શિક્ષણમાં પરિણામ લાવવામાં મદદરૂપ થઇશું.

શિક્ષણમાં અનેક નવા પ્રયોગો થયા છે તેમાં ખાસ કરીને પ્રજ્ઞા પ્રોજેકટ છે તે ખૂબ આવકારદાયક છે. પ્રવૃત્તિ સાથે જ્ઞાન, સાચા અર્થની અંદર ગમ્મત સાથે જ્ઞાન, બાળક સરળતાથી શિક્ષણ તરફ વળે તે માટેનો આ પ્રજ્ઞા પ્રોજેકટ ખૂબ અસરકારક રીતે આવકાર પામ્યો છે. એવું જ બીજું અગત્યનું કોઇ કામ હોય તો જે બાળકો કોઇ શારીરિક ક્ષતિ ધરાવે છે, ખોડખાંપણ છે તેવા બાળકોને રાજય સરકાર શોધી શોધીને જે નજીકની શાળા છે ત્યાં પ્રવેશ આપ્યો છે. તેના માટે ખાસ શિક્ષકો નિયુક્ત કરીને આ બાળકોને મુખ્ય ધારાની અંદર જોડવાનો પ્રયત્ન કર્યો છે. આ ૨૧મી સદી જ્ઞાનની સદી, વિજ્ઞાનની સદી, ટેકનોલોજીની સદી એ બધી બાબતો છે પણ તેને સાચા અર્થમાં રાજય સરકાર સમજી છે. એટલે જ તાલુકા તાલુકા મથકે વિજ્ઞાન શાળાઓ શરૂ કરી છે. જયાં કોલેજ નથી ત્યાં કોલેજ આપવાની શરૂઆત થઇ છે. મારા વિસ્તારમાં ગયા વર્ષે ચોટીલાની અંદર એક કોલેજ મળી, ચાલુ વર્ષે ગવર્નમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ આપી છે તેના માટે હું આ તકે રાજય સરકારનો આભાર માનું છું. આજે શિક્ષણ જયારે દરેક ક્ષેત્રમાં, વૈશ્વિક સ્પર્ધામાં આગળ આવેલ છે ત્યારે સરકાર પોતે તે બાબતથી વાકેફ છે. એટલા માટે સરકારે પણ અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરી, મૉડેલ શાળાઓ શરૂ કરી, ગ્રીન શાળાઓ શરૂ કરી, સ્માર્ટ વર્ગો શરૂ કરીને બાળકોને વધારેમાં વધારે કઇ રીતે સુવિધા આપી શકાય અને વૈશ્વિક સ્પર્ધામાં આ બાળક ઉભું રહી શકે તેના માટે રાજય સરકારે અનેક સુવિધાઓ આપી છે. આ પ્રકારે શિક્ષણની અનેક બાબતોની જોગવાઇઓ કરીને રાજય સરકારના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન અને સમર્થન આપું છું.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણમાં વધારાની માગણી લઇને આવ્યા છે ત્યારે એની વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસનો આધાર શિક્ષણ છે. જેટલું શિક્ષણ મજબૂત એટલું રાષ્ટ્ર મજબૂત. શિક્ષણ એ માનવ વિકાસની કરોડરજ્જુ છે. આપણા જીવનમાં પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ છે, આજે પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૬ થી ૮માં ગણીત અને વિજ્ઞાન કે ભાષાના શિક્ષકો પૂરાતા નથી ત્યારે ૬ થી ૮ માં ભણતા બાળકોને આપણે ભારોભાર અન્યાય કરી રહ્યા છીએ. મારા જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં આજે કેટલીક એવી શાળાઓ છે કે જયાં ૧ થી ૮ ધોરણ છે પરંતુ એવી

શાળાઓમાં એક શિક્ષકથી આ શાળાઓ ચલાવવામાં આવે છે. કપરાડા તાલુકામાં આવી ૪૪ જેટલી શાળાઓ છે અને તેમાં પણ ધામણવલણ ગામ અને વડસેટ ગામમાં એક પણ શિક્ષક નથી ત્યારે આવી શાળાઓમાં આ બાળકોનું ભવિષ્ય શું? આપણે નારા લગાવીએ છીએ "ભણશે ગુજરાત, વાંચે ગુજરાત " પરંતુ શિક્ષક વગર એ બાળકો શું ભણશે? ત્યારે આપણે ત્યાં પ્રવેશોત્સવ ઉજવાય છે, ગુણોત્સવ ઉજવાય છે પરંતુ જે પાયાનું શિક્ષણ આ બાળકોને મળવું જોઇએ એ મળતું નથી. મારા ધરમપુર તાલુકામાં આજે કેટલીક સેવાભાવી સંસ્થાઓ નોન ગ્રાન્ટેડ હાઇસ્કૂલો ચલાવે છે એ હાઇસ્કૂલોમાં ગરીબ અને બી.પી.એલ.કુટુંબના આદિવાસી બાળકો ભણે છે ત્યારે એ સંસ્થાઓ આ વાલીઓ પાસેથી એક પણ રૂપિયો ફી લીધા વગર મફત શિક્ષણ આપે છે ત્યારે મારે સરકારને ખાસ વિનંતી કરવી છે કે આવી સંસ્થાઓ ખૂબ જ આર્થિક રીતે નબળી બની છે અને એ સંસ્થાઓ સારું શિક્ષણ આપે એના માટે વહેલામાં વહેલીતકે આ શાળાઓને ગ્રાન્ટેડ કરવી જોઇએ.

એ જ રીતે મારા ધરમપુરમાં ૧૩૦ વર્ષ જૂની એસ.એમ.એસ.એમ. હાઇસ્કૂલ ચાલે છે એ હાઇસ્કૂલમાં આજે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એમાં ભણે છે અને અમારા જિલ્લાની મોટામાં મોટી આ હાઇસ્કૂલ છે અને બે વિભાગમાં આ હાઇસ્કૂલ ચાલે છે અને આ હાઇસ્કૂલનું એક જૂનું મકાન છે એ મકાનમાં પણ અમારા વિદ્યાર્થીઓ ભણતા હતા પરંતુ સરકારે ડી.ઓ.દ્વારા નોટિસ આપીને આ મકાન ખાલી કરાવ્યું છે ત્યારે આ મકાન ખાલી કરાવીને હાલ અત્યારે ૨૦૧૪માં એ મકાન અને જમીન નગરપાલિકાને સુપરત કરી દીધી છે ત્યારે મારે કહેવું છે કે, આ જગ્યાએ નગર સેવાસદન બનાવવા કરતા આ મકાનને આ શાળા ચલાવતા મંડળને ફરી સુપરત કરવું જોઇએ. મારું કહેવું છે કે, સરકારને શિક્ષણની થોડી પણ લાગણી હોય તો આમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓ માટે આ સ્કૂલનું મકાન જે તે ટ્રસ્ટને ફરી પાછું શિક્ષણ કાર્ય માટે સુપરત કરી દેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૪૫૦ રૂપિયામાં વિદ્યા સહાયકોની નિમણૂક કરીએ છીએ ત્યારે એ પાંચ વર્ષ સુધી સરકારના શોષણનો ભોગ બને છે. જીવનના બે છેડા ભેગા નથી કરી શકતા એવા વિદ્યા સહાયકોને આપણે આપણી ભાવિ પેઢીનું સૂકાન સોંપીએ છીએ ત્યારે આ બાળકોને એ કેવું ભણાવતા હશે? આપણે જોઇએ છીએ કે એક સમયે પી.ટી.સી. કોલેજોમાં એડમિશેન માટે પડાપડી થતી હતી, ત્યારે આજે આપણે જોઇએ છીએ કે આ સરકારમાં પી.ટી.સી.કોલેજોમાં એડમિશન લેવા કોઇ તૈયાર નથી ત્યારે આ પી.ટી.સી.કોલેજો ધીમે ધીમે બંધ થઇ રહી છે ત્યારે ભવિષ્યમાં ૧ થી ૫ ધોરણમાં પી.ટી.સી.શિક્ષકોની જરૂરિયાત પડશે ત્યારે શિક્ષકો ક્યાંથી લાવીશું?એ જ રીતે આપણે ત્યાં ધોરણ ૧ થી ૫ માં પ્રાથમિક શાળાઓમાં પહેલાં વ્યાયામ શિક્ષકોની નિમણૂંક કરતા અને એ.ટી.ડી. કરેલા ચિત્રકામના શિક્ષકની પણ આપણે નિમણૂંક કરતાં હતા ત્યારે અત્યારે એ પણ શિક્ષકોની નિમણૂંક કરતા નથી. ત્યારે વ્યાયામના શિક્ષકો તૈયાર કરતી કોલેજ અને એ.ટી.ડી. કોલેજો પણ બંધ થઇ રહી છે. મારી સરકારને ખાસ વિનંતી છે કે, આ કોલેજો પણ ફરીથી શરૂ થાય અને એ.ટી.ડી. અને વ્યાયામ શિક્ષકોની પણ નિમણૂંક થાય અને બાળકોને સારામાં સારું શિક્ષણ મળે એ રીતેની કામગીરી કરવી જોઇએ.

એ જ રીતે સરકારી માધ્યમિક શાળાઓમાં પણ શિક્ષકોની ખૂબજ ઘટ છે. ખાનગી શાળાઓની આજે બોલબાલા છે.ખાનગી શાળાઓમાં વાલીઓ પાસેથી અનેક રૂપિયા ડોનેશન લેવામાં આવે છે અને એ રીતે ત્યાં એડમીશન આપવામાં આવે છે. આપણા ગરીબ બાળકોને ખૂબજ અન્યાય થઈ રહ્યો છે ત્યારે આપણા ગરીબ વાલીઓ આવી શાળાઓમાં કેવી રીતે ભણાવશે એટલા માટે સરકારને વિનંતી કરવા માગું છું કે વહેલામાં વહેલી તકે ખાનગી શાળાઓને જે માન્યતા આપવામાં આવે છે એ માન્યતા બંધ કરીને સરકારી શાળાઓમાં આપણે સારામાં સારું શિક્ષણ આપવું જોઇએ. એ જ રીતે શિક્ષણ એ સૌનો અધિકાર છે અને અધિકાર સૌને મળે એ પ્રમાણેનું આયોજન કરીને એક એક ડગલું આગળ વધીને ગુજરાતમાં શિક્ષણનો ગ્રાફ આગળ લઇ જાય એવી વિનંતી સાથે હું આ વધારાનું જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન આપતો નથી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા માગણી નંબર-૯ લઇને આવ્યા છે એમાં મારો સુર પુરાવવા હું ઉભો થયો છું. અમારો વિસ્તાર રાજસ્થાનની સરહદ પર આવેલો છે ત્યાં પ્રાથમિક શાળાઓ ૨૪૧ જેટલી છે, ૨૭ માધ્યમિક શાળાઓ છે, ૭ ઉચ્ચત્તર

માધ્યમિક શાળાઓ છે, એક કોલેજ છે, બે આઇ.ટી.આઇ. આવેલી છે અને નવ આશ્રમશાળાઓ આવેલી છે. અમારા વિસ્તારમાં આવી શાળાઓ અને સંસ્થાઓ પહેલાં નહોતી પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી અમારે ત્યાં શાળાઓના ઓરડાઓ બન્યા છે અને ખૂબ વિકાસ થયો છે, શાળાઓમાં આપવામાં આવતી સગવડો વધી છે. બાળકોને બેસવા માટેની બેન્ચીસ, કમ્પ્યુટર, ગણવેશ સહાય, જમવા અને પીવાના પાણીની સુવિધા, શૌચાલય, કમ્પાઉન્ડ વોલ અને વીજળીના કનેકશન તેમજ સાયકલો પણ કન્યાઓને આપવામાં આવે છે. અમારા દાહોદ જિલ્લામાં દરેક તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં બાયોમેટ્રીકની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. તેમજ શિક્ષક પણ રેગ્યુલર અને બાળક પણ રેગ્યુલર શાળાએ આવે છે. તેમજ શિક્ષણમાં પણ ઘણો સુધારો આવી ગયેલ છે. પ્રાથમિક શાળાની અંદર જે બાળક ભણવા જતું હોય અને નિશાળમાં ગેટની અંદર આવતું હોય ત્યારે મેદાન જોઇને બાળક પાછું પડે, મેદાનની અંદર પાણી ભરેલું હોય, એમાં ખાડા હોય, એમાં કાદવ – કીચડ હોય પણ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી એ.ટી.વી.ટી. યોજનામાંથી નાણાં પ્રાપ્ત કરીને એક વર્ગથી બીજા વર્ગમાં બાળક જતું હોય ત્યારે લપસી ના પડે એના માટે રોડ બનાવવામાં આવે છે. બાળકના કપડાં ખરાબ ન કરે એના માટેની સુવિધા આ રીતે સરકારે કરેલી છે. ૨૦ વરસ પહેલાંના વિપક્ષના શાસનમાં જે શાળાઓ હતી એ કાચા મકાન વાળી હતી, નળીયા વાળી હતી, અમારું આદિવાસીનું બાળક નિશાળે જતું હોય અને એ વર્ગની અંદર બેસે ત્યારે ઝરમરતો વરસાદ પડતો હોય ત્યારે એમના દફતર ઉપર વરસાદ પડતો એમના કપડાં પર વરસાદ પડે એમના કપડાં ભીંજાઇ જાય ત્યારે બાળકનું મન ભણવામાંથી ઉઠી જતું હોય છે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી અમારા વિસ્તારની અંદર બહુમાળી મકાનવાળી અને પાકા ઓરડાવાળી શાળાઓ બનાવેલ છે અને એ રીતે આ માગણીને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણ માટે ગાંધીજીએ કહેલું કે શિક્ષણ એ જીવનનો પાયો છે, કેળવણી એ જીવનનો પાયો છે. અને એટલા માટે અહીંયા બજેટ છે તે ખરેખર શિક્ષણમાં ઘણી બધી ફેકલ્ટીઓ હોય છે તો બજેટ શિક્ષણ મંત્રીશ્રી શરૂઆતથી જ વધારે લાવ્યા હોત તો એ ઘણુ આવકારદાયક ગણાય. હું અહીંયા કોઇ ટીકા–ટીપ્પણી કરવા માંગતો નથી કારણ કે શિક્ષણ એ એક એવી બાબત છે કે એ જીવનની દિશાઓ બતાવે છે અને જીવનના રસ્તાઓ પણ શિક્ષણ દ્વારા જ મળતાં હોય છે. અને એટલા માટે શિક્ષણ ઉપર વધારે ભાર મૂકવો જોઇએ અને એટલા માટે કે.જી.થી કોલેજ સુધી જે શિક્ષણ અપાય છે તેની મારે કેટલીક વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કોઇ પણ ગામડાંની અંદર આંગણવાડીઓ થઇ, બીજુ બધુ થયુ પણ શહેરોમાં જે કે.જી.ની સ્કૂલો છે તેમાં ભણેલાં અથવા તો કર્મચારીઓ પોતાના બાળકોને મોકલે છે. ગામડાંની અંદર આંગણવાડી અને તેના દ્વારા થોડી સગવડો અપાય છે પણ અહીંયા જે વાલી હોય છે તેને ખૂબ ઇચ્છા હોય છે કે બાળક ખૂબ સારુ ભણે. અને એ રીતે સરકારે પ્રવેશોત્સવની શરૂઆત કરી પ્રાથમિકથી. આજે ૧ થી ૫, ૬ થી ૮ અને ૯ થી ૧૨ એ રીતે એના શિક્ષણમાં એકમ પાડયા છે અને એ રીતે આજે જોઇશું તો પ્રવેશોત્સવ એ ગામડામાં થાય છે એ બરાબર, પહેલાં પણ થતાં. વાલી પોતાના બાળકને સ્કૂલે લઇ જાય અને પતાશા વહેંચે અને એ રીતે તેનું નામ દાખલ કરતાં. પણ આજે નામાંકનમાં એ રીતે આખા ગુજરાતમાં મંત્રીઓ પણ જાય, અધિકારીઓ પણ જાય એ રીતે ગુણોત્સવ રાજયની અંદર શરૂ કર્યો છે. સાથે સાથે એ રીતે બાળકો ત્યાં ભણે અને બાળકો શાળામાં એ રીતે પણ આવે છે કે ગામડાંની અંદર મધ્યાહન ભોજન યોજના એના થકી પણ બાળકો વિશેષ શાળાની અંદર આવતાં હોય છે અને એ રીતે હાજરી પણ તેમની પૂરેપૂરી દેખાતી હોય છે. અને એટલા માટે થઇને પ્રાથમિક શિક્ષણમાં જે શિક્ષકો આપણે જોઇએ તો આજે વિદ્યા સહાયક શિક્ષકોની ભરતી કરી છે. છેલ્લા ૧૫ વર્ષથી સરકારે ૧,૪૪,૦૦૦ જેટલાં શિક્ષકોની ભરતી કરી છે અને જે ભરતી કરી તે વિદ્યા સહાયકો છે. વિદ્યા સહાયકોની ભરતી ગુજરાતમાં થઇ પણ તે વખતે પી.ટી.સી.નું મેરિટ હતું અને મેરિટ પ્રમાણે થતું હતું અને આજે કેટની પરીક્ષા દ્વારા પ્રાથમિકમાં શિક્ષકોની ભરતી થાય છે.

આજે આખા રાજયની અંદર શિક્ષકો તે કચ્છ હોય, સૌરાષ્ટ્ર હોય કે સુરત હોય એ શિક્ષકો ત્યાં દીકરા કે દીકરીઓ હોય શિક્ષક કે શિક્ષિકા એ ત્યાં નોકરી મેળવતાં હોય છે. મારું માનવુ એવું છે કે, જે વિદ્યા સહાયકો છે તે જે પૂરા પગારનો શિક્ષક હોય અને વિદ્યા સહાયક એ કામના કલાકો તેમના સરખાં જ હોય છે તો આ વિદ્યા સહાયકોને સરકાર પૂરેપૂરો પગાર આપે એવી મારી નમ્ર અપીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જે શિક્ષકો બદલીમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને સુરતમાં અમારા વિસ્તારના ખેડા જિલ્લાના શિક્ષકો બહુ છે, દીકરીઓ પણ બહુ છે. આ લોકો ૧૫-૧૫ વર્ષથી દૂર સુધી પોતાની ફરજ શિક્ષણમાં બજાવે છે તો તેને બદલી થઇને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા જયારે પોતાના વિસ્તારમાં આવવું હોય છે ત્યારે એ સમયે હમણાં તાજેતરમાં બદલી કેમ્પો થયા તો એમાં ત્યાં એવુ થયુ કે ત્યાં જગ્યાઓ હતી તેમ છતાં જગ્યાઓ બતાવવામાં ના આવી અને એ લોકો દૂરથી બીજા જિલ્લામાંથી પોતાના જિલ્લામાં આવ્યા તો જિલ્લાના બીજા તાલુકામાં તેમને રહેવું પડયુ આ વાસ્તવિક પરિસ્થિતિ છે. એ વખતે એવુ કહી દેવામાં આવે કે અહીંયા જગ્યા જ નથી અને પાછળથી એ જગ્યાઓ પૂરવામાં આવે છે એવુ અમારા જિલ્લામાં બન્યું છે. આ રીતે શિક્ષકોમાં બદલીમાં આવો અન્યાય ના થવો જોઇએ એ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ જોવું જોઇએ.

અહીંયા જે શિક્ષકો છે તે ખરેખર પોતે સારું શિક્ષણ આપે પણ આજે સરકાર બીજી બાબતોમાં સમય પસાર કરે છે અથવા તો એમને કામગીરી સોંપે છે. અન્ય બાબતો એટલે કે, વસતિ ગણતરી હોય, ચૂંટણીની પ્રક્રિયા હોય અથવા બીજી કોઇ બાબતો હોય તો એમાં શિક્ષકોને ના જોતરવા જોઇએ. આજે શિક્ષકોને એ કામ સોંપવામાં આવે છે જેથી કરીને એ શિક્ષકો બાળકો પાછળ પૂરેપૂરો સમય આપી શકતા નથી. સાથે સાથે અહીંયા બીઆરસી- સીઆરસી એ પણ થયું અને એમાં શિક્ષણ વિભાગે એમની મિટિંગો એટલી બધી હોય, દર અઠવાડિયા એ હોય જેથી શિક્ષક બાળક પાસે જઇ શકતો નથી અને પૂરેપૂરું ભણાવી શકતો નથી. આજે આ પરિસ્થિતિ રાજયની અંદર ઉભી થઇ છે એટલા માટે શિક્ષકોને બીજી બાબતોમાંથી મુકત કરવા જોઇએ. રાજયમાં ઘણા અધિકારીઓ છે એમને આ વસતિ ગણતરી કે ચુંટણીની કામગીરી સોંપવી જોઇએ. શિક્ષક બાળકને પૂરેપૂરો સમય ભણાવે એવી મારી નમ્ર વિનંતી છે અને સાથે સાથે આપણે એ પણ જોઇશું કે, શિક્ષક એટલે જેને શિ એટલે શિસ્ત કહેવાય, ક્ષ એટલે ક્ષમા કહેવાય અને ક એટલે કલા કહેવાય. એટલે શિક્ષક એને કહેવાય કે જેનામાં શિસ્ત છે, જેનામાં ક્ષમા છે અને જેનામાં કલા છે એટલા માટે એ શિક્ષક છે, ગુરુ છે એટલા માટે થઇને અહીંયાં એ વાત કહીશ કે, સરકારે સીપીએડ કોલેજો બંધ કરી, આજે કેટલાક સીપીએડ વિદ્યાર્થીઓ અહીંયાં ઉપવાસ ઉપર બેઠેલા છે, સરકાર એમની ભરતી કરતી નથી. એક બાજુ સરકાર ખેલ મહાકુંભ અને ઉત્સવો અથવા તો રમતોના કાર્યક્રમો રાજયની અંદર કર્યા, જયારે બીજી બાજુ આપણે સીપીએડ, ડીપીએડ કોલેજો બંધ કરી છે અને એવા શિક્ષકોની ભરતી નથી કરતા ખરેખર પહેલાં એવું હતું કે, ભાઇ, એટીડી અને ચિત્રકલાના શિક્ષક એ માધ્યમિકમાં ફરજિયાત હતા, તો આજે એ શિક્ષકોની ભરતી થતી નથી અને એના લીધે જે બાળકોમાં જે આપણે એટીડી એટલે કે એની રમતો, અથવા તો ડ્રિલ આ બધા કાર્યક્રમો શાળાનું મેદાન હોય તો પહેલાં કરાવતા હતા પણ આજે રાજયની અંદર એવી પણ સ્કૂલો છે કે જયાં મેદાન પણ નથી. તો કસરત અથવા તો ડ્રિલ એ કઇ રીતે કરાય અથવા તો બાળકમાં સ્પીરીટ કઇ રીતે આવે? તો એવા પ્રકારની જે જોગવાઇઓ છે નોકરી માટેની, એ એસઆરપી હોય, મિલેટ્રી હોય અથવા તો પોલીસ ખાતામાં હોય અથવા તો અન્ય ખાતામાં તો એ કઇ રીતે જઇ શકે? કારણ કે એને એનસીસી પણ લીધેલું હોય, આ બધી બાબતો હોય ત્યારે ખરેખર આ સીપીએડ અને ડીપીએડ કોલેજો અથવા એ શિક્ષકોની ભરતી કરવી જોઇએ અને એટલા માટે આપણે જો ખેલકુંભ- ખેલ મહાકુંભ કરતા હોઇએ અને પછી આપણે આ કોલેજો બંધ કરતા હોય તો એ બાળકોમાં સ્પીરીટ કયાંથી આવવાનું છે? એમનામાં જોમ- જુસ્સો કયાંથી આવવાનો છે અથવા તો એ અન્ય રમતવીરો સાથે કેવી રીતે સ્પર્ધામાં આવવાનો છે? તો સરકારે આ પણ વિચારવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે પ્રાયમરીમાં જે શિક્ષકોની ભરતી થાય છે એમાં પણ સરકારે ધ્યાન આપવું જોઇએ. સરકારે દરેક શાળાઓની અંદર કોમ્પ્યુટર આપ્યા પણ દસ વર્ષ પહેલાં કોમ્પ્યુટરના

શિક્ષકોની ભરતી કરવામાં ખૂબ કૌભાંડ, કેટલાય વાલીઓ ગામેગામ કોમ્પ્યુટર શિક્ષકો માટે કેટલાક વાલીઓ,ઘણી બધી પ્રાઇવેટ કંપનીને કંઇક સોંપેલું એમાં ઘણા વાલીઓ ફસાયા હતા. ખરેખર કોમ્પ્યુટરની આજના સમયમાં તાતી જરૂર છે. કોમ્પ્યુટરનું શિક્ષણ આપણે આપવું જ જોઇએ, સરકારે બધા વિભાગો કોમ્પ્યુટરાઇઝ કરતી હોય તો આ શિક્ષણ એ તો મહત્વની બાબત છે અને ખૂબ જરૂરી છે એવા સમયે આપણે બાળકોને આ કોમ્પ્યુટર શિક્ષણ પૂરેપૂરું મળે એના માટે સારા શિક્ષકોની ભરતી કરવી જોઇએ, એ શિક્ષકોની આજે ભરતી થતી નથી કે નથી સરકારે કોમ્પ્યુટર આપ્યાં અને જયાં કોમ્પ્યુટર આપ્યાં છે એ કોમ્પ્યુટર આજે શાળાઓમાં ધૂળ ખાય છે. સરકારોન હેતુ છે કે બાળકોને કોમ્પ્યુટરમાં હોશીયાર બનાવવા જોઇએ, નિપૂણ બનાવવા જોઇએ અને કોમ્પ્યુટર એ સારો હેતુ છે પણ એ હેતુ બર આવતો નથી એટલે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અપીલ કરું છું કે, દરેક શાળાઓમાં કોમ્પ્યુટરનું સારામાં સારું શિક્ષણ અપાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયની અંદર એવી પણ શાળાઓ છે કે, જયાં ઓરડાઓની ઘણી બધી ઘટ છે, પૂરા ઓરડા નથી. સરકાર એક બાજુ સારા ઓરડા બનાવવાની વાત કરે, પણ સારા વર્ગખંડો પણ નથી. સારો વર્ગખંડ હોય તો ચોકકસ સારૂ શિક્ષણ પણ મળી શકે. અહીંયાં સર્વ શિક્ષા અભિયાન દ્વારા, કેન્દ્ર સરકાર દ્વારા આવા ઘણા બધા પ્રાથમિક શાળાના ઓરડા અથવા તો શાળાઓ રાજયની અંદર થઇ છે અને ઘણી બધી કેન્દ્ર સરકારની યોજનાઓ હતી એ આ ગુજરાતમાં થઇ છે ત્યારે અહીંયા શાળાના ઓરડા પૂરેપૂરા થવા જોઇએ. (સમયસૂચક ઘંટડી) ૧૫ વર્ષની અંદર કંઇક એક લાખ છ હજાર ઓરડા સરકારે બનાવ્યા છે પણ હજુ પણ ઘણા બધા ઓરડાઓ કરવાના બાકી છે તો ઓરડા અને શિક્ષકોની ઘટ પૂરી કરવી જોઇએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી સ્કૂલો અને કોલેજો..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની ચર્ચામાં જેમણે જેમણે ભાગ લીધો છે એમનો હું આભાર માનું છું. મારા સાથી મિત્રોએ શિક્ષણ વિભાગના કામની કદર કરી છે, સામા પક્ષના મારા સાથી મિત્રોએ ચિંતા પણ વ્યકત કરી છે અને સાચા કે ખોટા આક્ષેપો પણ કર્યા છે. જેમણે જેમણે ચિંતા વ્યકત કરી છે એમને હું આવકારું છું. કારણ કે આ સવાલ રાજકીય આરોપ–પ્રતિ આરોપનો નથી. આ વિભાગ સારો ચાલે, આ વિભાગમાં ગુણવત્તા યુકત સારામાં સારું શિક્ષણ મળે, આપણી ભાવિ પેઢી તૈયાર થાય, દેશનું ભવિષ્ય, સમાજનું ભવિષ્ય ઉજ્જવળ થાય તેવા પ્રકારના પ્રયત્નો અને તેમાં પણ એકાંગી શિક્ષણ નહીં, પરંતુ સર્વાંગી શિક્ષણ આપવાના રાજય સરકારના પ્રયાસો રહ્યા છે. અને તે સર્વ શિક્ષા અભિયાન દ્વારા, શિક્ષણની અનેકવિધ સુવિધાઓ દ્વારા આ પ્રકારનું કામ શિક્ષણ વિભાગ કરી રહ્યો છે. અત્યાર સુધીમાં ૯૦ લાખ પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓ છે, ૩૦ લાખ સેકન્ડરી અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ છે, પાંચ લાખ ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ છે, પાંચ લાખ ટેકનિકલ શિક્ષણના વિદ્યાર્થીઓ છે, એમ કુલ મળીને ૧ કરોડ ૨૫ લાખ વિદ્યાર્થીઓ આ રાજયમાં છે. એટલે વસતિના ૨૫ ટકા વિદ્યાર્થીઓ આપણા રાજયમાં છે.

સંસ્થાઓની દ્રષ્ટિએ વાત કરીએ તો ૪૨ હજાર સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ છે. ૧૦ હજાર થી વધુ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે. ૧૦ હજારથી વધુ ટેકનિકલ કોલેજો છે. ૪૯ જેટલી યુનિવર્સિટી છે. આમ કુલ ૬૦ હજાર થી વધારે સંસ્થાઓ રાજયમાં શિક્ષણના ક્ષેત્રે કાર્યરત છે. આ સંજોગોમાં સહજ ભાવે કોઇ ક્ષતિ હોય તે સ્વાભાવિક છે. પરંતુ રાજય સરકાર આ બધી બાબતોમાં ખૂબ ચિંતા કરીને, ભવિષ્યની પેઢીની ચિંતા કરીને, અને નરેન્દ્રભાઇનો સ્વભાવ રહ્યો છે કે પોતે પહેલા નિદાન કરે, પછી નિર્ણય કરે અને પછી અમલ કરે. આજના બાળકમાં શું ખૂટે છે, ભવિષ્યમાં શું જરૂર છે, આજની વૈશ્વીક હરીફાઇમાં એ બાળક ઉભું રહે ત્યારે એ હરીફાઇમાં ઉભું રહેવા માટે એ બાળકને શું શું જોઇએ છે, કદાચ સામે વાળા મારા મિત્રોને વિચાર પણ ન આવે, કદાચ દેશમાં પણ કોઇને વિચાર ન આવે તેવા પ્રકારનો ઉંડો અભ્યાસ કરી, નિદાન કરી અને માનનીય નરેન્દ્રભાઇએ આ રાજયમાં ચીલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. બાળકનો ગર્ભ બંધાય ત્યારથી માંડીને તેની ઉમર ૧૮ વર્ષની થાય ત્યાં સુધીની ચિંતા, તેનામાં શું ખૂટે છે, તેનામાં શું ઉમેરવા જેવું છે, આ બધાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરીને, સાયકોલોજીકલી અભ્યાસ કર્યો, અને એ સ્થિતિથી માંડીને રાજય સરકાર ભવિષ્યની ચિંતા કરી રહી છે અને તેના ભાગ રૂપે શિક્ષણ, આરોગ્ય,

પોષક આહાર આ બધી બાબતોમાં જયારે ચિંતા કરી હોય ત્યારે સૌથી પહેલા મારે આ સભાગૃહના ધ્યાન ઉપર એ લાવવું છે કે ૨૦૦૧-૨૦૦૨માં આ સમાજમાંથી માત્ર ૭૫ ટકા બાળકોનું જ નામાંકન થતું હતું. ટીકા કરનારા મિત્રોને મારે કહેવું છે કે જયાં સુધી આપ શાસનમાં હતા ત્યાં સુધી આપે ચિંતા નહોતી કરી, સમાજના ૭૫ ટકા બાળકો અને તે પણ જેના મા-બાપ ભણેલા હોય તેમને યાદ આવે તો અષાઢી બીજના દિવસે સાડા પાંચ કે છ વર્ષ થયા હોય તો શાળાએ બેસાડવા જાય. પણ જે બાળકોના મા-બાપ સવારે ઉઠીને રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડ શોધીને મજૂરીએ જતાં હોય એ એવું ઇચ્છતા હોય કે બાળક સાડા પાંચ કે છ વર્ષનો થાય એટલે મારી સાથે એને મજૂરીએ લઇ જવ તો પાંચ રૂપિયા મજૂરીના મળશે તો મને કામ આવશે.એને કયારેય એ બાળકને ભણાવવાનો વિચાર નહોતો આવતો એટલે ૭૫ ટકા બાળકોનું જ નામાંકન થતું હતું. જયારથી આ સરકાર આવી એટલે એવા ગરીબ માણસોના ઘરે જઇને મારા શિક્ષકો વેકેશનમાં આગળના દસ દિવસ ઘેર ઘેર જઇને ફરે અને પૂછે કે તમારે બાળકો કેટલા છે, કેટલી ઉંમરના થયા છે, નામાંકન માટે નામ લખાવો. મારા મિત્રો આવી સરસ શાળા પ્રવેશ મહોત્સવની ટીકા કરે છે. આ સરકાર શાળા પ્રવેશ મહોત્સવ કરે છે એના કારણે જે પહેલા ૭૫ ટકા નામાંકન થતું હતું એ આજે ૯૯ ટકાએ પહોંચ્યું છે. આ જે પરિણામ આ આવ્યું છે એ શાળા પ્રવેશ મહોત્સવ કાર્યક્રમના કારણે થયું છે. તમારા શાસનમાં ૭૫ ટકા બાળકો જતા હતા એમાંથી ૧ થી ૫ ધોરણ સુધીનો અભ્યાસ પૂરી કરીને ૨૦ ટકા બાળકો ઉઠી જતા હતા. એના મા-બાપ એ છોકરાને ખેતી કામ માટે, ઘર કામ માટે, લારી ચલાવવા માટે કે ગલ્લે બેસવા માટે ઉઠાડી લેતા હતા. એટલે કે ધોરણ ૧ થી ૫ માં ૨૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો જે ધોરણ ૧ થી ૭ સુધીમાં તો ૩૭ ટકા જેટલો હતો. ત્યારનું નામાંકન અને ત્યારનો ડ્રોપ આઉટ રેશિયો જૂઓ અને અત્યારનો વિચાર કરો, એ ૭૫ ટકાથી ૯૯ ટકા નામાંકન થયું જયારે ૨૦ ટકામાંથી ૨ ટકા ડ્રોપ આઉટ રેશિયો થયો, ૩૭ ટકામાંથી ૭ ટકા ડ્રોપ આઉટ રેશિયો થયો છે. એ ધ્યાનમાં રાખીને આદરણીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી તરીક મે, વસુબેન અને રાજુભાઇએ આ વખતે આ શાળા પ્રવેશ મહોત્સવમાં સમાજને અને અમારા વિભાગને અપીલ અને વિનંતી કરી છે કે આટલા સારા પ્રયત્નને કારણે ૪૪ ડીગ્રી તાપમાં આઇ.એ.એસ. અધિકારી, જી.એ. એસ.અધિકારી, આઇ.પી.એસ. અધિકારી જોડાયા, તમારા શાસનમાં આ જ અધિકારીઓ સીમલા અને આબુ જતા હતા એ અધિકારીઓ અત્યારે દેશના ભવિષ્યની ચિંતા કરીને એ ૪૪ ડીગ્રી તાપની અંદર કોઇ આદિવાસી વિસ્તારમાં હોય, એ કોઇ પછાત વિસ્તારમાં હોય ત્યાં જાય છે.

સન ૨૦૦૧માં ગુજરાતનો સાક્ષરતા દર ૬૯.૧૦ ટકા હતો એ આજે વધીને ૭૯.૩૦ ટકાનો આના જ કારણે થયો છે. ૨૦૦૧માં ૩૫ તાલુકા એવા હતા જયાં સ્ત્રી સાક્ષરતા દર ૩૫ ટકા કરતા ઓછો હતો, આ પ્રયત્નને કારણે ૪૪ ડીગ્રી તાપમાં સમાજ, સરકાર, અધિકારીઓ એ બધા જવાને કારણે ૩૫ ટકા કરતા ઓછા સાક્ષરતાવાળા ૩૫ તાલુકા હતા એ આજે માત્ર ચાર જ તાલુકા રહ્યા છે.

આજે ૧૪૫૦૦ શાળાઓમાં અમે કોમ્પ્યુટર મૂકયા છે. શિક્ષક સમયસર જાય, વિદ્યાર્થી સમયસર જાય એ જરૂરી છે અને એના માટે બાયો મેટ્રિક પદ્ધતિથી હાજરી પૂરવાની પદ્ધતિ શરૂ કરી છે.

અહીંયા વિદ્યા સહાયકની વાત થઇ. શકિતસિંહભાઇએ એની ટીકા કરી. તમે એ કાર્યક્રમની ટીકા કરી હોય તો એ ટીકા તમારી ટેકાવાળી રાજપાની સરકારમાં બાલગુરુના નામથી આ યોજના શરૂ થઇ હતી. અમે એ યોજનાને આજે વિદ્યા સહાયકનું નામ આપ્યું. બાળકોને શિક્ષક મળે છે અને શિક્ષકને કામ મળે છે અને પાંચ વર્ષ પછી એ કાયમી થઇ જાય છે. આજીવન કાયમી થઇ જાય છે અને એને ૧૮૦૦૦ રૂપિયા મળે છે, અને કેવા વિદ્યાર્થીઓ, કેવા શિક્ષકો મોસ્ટ કવોલિફાઇડ વિદ્યાર્થીઓ, અત્યાર સુધી આપણે બધા જાણીએ છીએ. આ પદ્ધતિ અમલમાં આવી એ પહેલાં આપણને ખબર છે શિક્ષકોના ભાવ બોલાતા હતા. આજે હું જવાબદારીપૂર્વક અહીં કહી શકું તેમ છું કે જયારથી વિદ્યાસહાયકોની ભરતી શરૂ થઇ ત્યારથી આજ સુધી અમારા ઉપર ટાંકણી પણ મૂકી શકાય એવો આક્ષેપ આ ભરતીમાં થતો નથી અને ઉમેદવારોને પણ સંતોષ થાય છે કે મેરિટમાં હું છું તો મારો નંબર લાગશે. મેરિટમાં હું નહીં હોઉં તો મારો નંબર નહીં લાગે અને એ કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિથી. બદલીઓમાં પણ કયાંક ગરબડના સમાચાર આવે છે. અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો. રાજય સરકાર પ્રમાણિકતાથી પારદર્શક વહીવટ કરવા માગે છે અને તેના પરિણામે મેં એક પ્રશ્નના

જવાબમાં પણ કહ્યું હતું કે અમે ચાર જિલ્લામાં કોમ્પ્યુટરાઇઝડ ઓનલાઇન બદલીઓ કરવાની પણ શરૂઆત કરી છે જેથી કરીને કોઇને પણ અન્યાય ન થાય. તેમાં અમે સફળ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં માળખાકીય સુવિધાઓમાં આપણે આખા દેશમાં બીજાં નંબરે છીએ. અહીં મને ૩૨મો અને ૩૫મો નંબર ગણાવતા હતા. તો ખરેખર શિક્ષણ આપતાં પહેલાં ત્યાં માળખાકીય સુવિધાઓ કેટલી છે એ ઘ્યાન રાખવાની જરૂર છે. ગુજરાતે આટલા વર્ષોમાં આ બાબતમાં હરણફાળ ભરી છે અને માળખાકીય સુવિધાઓમાં ઓરડા, લાઇટ, પાણીની સુવિધા, શૌચાલય આ બધામાં આપણે બીજાં નંબરે છીએ અને મારે એ પણ કહેવું જોઇએ કે પીવાના પાણીની વ્યવસ્થામાં આપણે ૯૯.૯૮ ટકા, કોમ્પ્યુટરમાં ૯૦.૫૧ ટકા, શાળાઓના મેડીકલ ચેકઅપમાં ૯૭.૧૪ ટકા, શાળામાં વીજળીકરણમાં ૯૯ ટકા અને આ રીતે બાળકોના અભ્યાસમાં અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય એટલા માટે બહેન વર્ષાબહેન ગણાવતા હતા એ પ્રકારની પ્રજ્ઞા, પ્રવૃત્તિ સાથે જ્ઞાન. ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયૂટ અહીં સાયન્સ એન્ડ ટેકનોલોજીનું ચાલે છે. તેના દ્વારા આપણને ખબર પડે કે કોઇ પણ વિસ્તારથી પ્રાથમિક શાળા કેટલા અંતરે આવેલી છે. તેની વિગત પણ અહીં અમે રાખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ વિદ્યાર્થીઓ હોય, અનુસૂચિત જાતિના, અનુસૂચિત જનજાતિના કે ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ માટે કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયની પણ શરૂઆત કરી છે. રાજયમાં ૮૯ જગ્યાએ આ શાળાઓ ચાલે છે. ૨૦૦૧માં ૧૬૦ સરકારી માઘ્યમિક શાળાઓ હતી. ૨૦૧૪માં ૬૩૯ થઇ છે. ૨૦૦૧માં ૭૬ સરકારી ઉચ્ચ માઘ્યમિક શાળાઓ હતી. ૨૦૧૪માં ૩૩૪ થઇ છે. અનુદાનિત શાળઓમાં ૧૩ વર્ષની અંદર ૪૩૯૪ વર્ગ વધારાની મંજૂરી પણ આપવામાં આવી છે. અનુદાનિત ઉચ્ચ માઘ્યમિક શાળાઓમાં છેલ્લા ૧૩ વર્ષમાં ૩૦૬૩ વર્ગ મંજૂર કરવામાં આવ્યા છે. રાજયમાં સ્ત્રી સાક્ષરતા દરમાં વધારો થાય એટલા માટે અત્યાર સુધી આપણે ૧થી ૮ ધોરણ સુધી જે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપતા હતા. આ વખતે ૯મા ધોરણમાં પણ જે વિદ્યાર્થીની જાય તેને પણ ૨૦૦૦ રૂપિયાના બોન્ડ આપવાની યોજના આ વખતે અમલમાં મૂકી છે. ચાલુ વર્ષે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના તમામ માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાઓમાં આશરે ૯,૨૨,૬૬૮ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવાની યોજના રાજય સરકારે અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મઘ્યાહ્ન ભોજન યોજનાની વાત કરવામાં આવી. તો મઘ્યાહ્ન ભોજન યોજનામાં આ વખતે સારા રસોઇઘર માટે ૫૦૦ જેટલી શાળાઓ માટે રસોઇઘર દીઠ પાંચ લાખ રૂપિયા આપવાની પણ યોજના આ બજેટમાં આપવામાં આવી છે.

ટેકનિકલ અને તાંત્રિક શિક્ષણ. ૨૦૦૧માં ગુજરાત રાજયમાં ૧૫ યુનિવર્સિટીઓ હતી. અત્યારે ૪૯ યુનિવર્સિટીઓ થઇ છે. અહીં શિક્ષણની વાત કરવામાં આવે છે ત્યારે અને આ બધી યુનિવર્સિટીઓ એટલા માટે કરવામાં આવી છે કે, આપણા વિદ્યાર્થીઓને વિઝન મળે, બહારના વિદ્યાર્થીઓ અહીં આવી શકે. નવા નવા વિષયો ભણાવવામાં આવે અને તેવા પ્રકારની અન્ય યુનિવર્સિટીઓ સમાજ જીવનને અનુરૂપ માર્ગદર્શન આપે અને મદદરૂપ થાય. તેવી રક્ષા યુનિવર્સિટી હોય, યોગ યુનિવર્સિટી હોય, ચિરંજીવ યુનિવર્સિટી હોય, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, શિક્ષકોને તૈયાર કરવા માટેની યુનિવર્સિટી હોય, ૨૦૦૧માં ૨૦ સરકારી કોલેજો હતી અત્યારે ૭૨ સરકારી કોલેજોની સંખ્યા છે. પહેલાં ૩૦૦ અનુદાનિત કોલેજો હતી આજે ૩૫૬ થઇ છે. રાજયમાં ૧૯૯૮માં ૧૦૮ ડિગ્રી ઇજનેરી સંસ્થાઓમાં ખૂબ જ ઓછી બેઠક હતી. આજે ૬૪૩૧૫ની સંખ્યા કરવામાં આવી છે. ડિપ્લોમા ઇજનેરી ૮૧ સંસ્થાઓમાં ૬૮૧૧૫ જેટલી બેઠકો છે. ઉચ્ચ શિક્ષણમાં વ્યાખ્યાતા હોય, આચાર્ય હોય, એની ભરતી પ્રક્રિયા પારદર્શક થાય એના માટે ઓન લાઇન જોબ એપ્લીકેશનની સિસ્ટમ રાજ્ય સરકારે દાખલ કરી છે અને અત્યાર સુધીમાં ૨૦૦૦ આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી કરવામાં આવી છે. ચાલુ વર્ષે ૧૩૦૦ જેટલા અઘ્યાપકોની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં ભરતી કરવાનું નક્કી કરેલ છે. અત્યાર સુધીમાં ૨૦૦૮થી ૨૦૧૪ સુધીમાં ૫૧૮૮ એડહોક અને કરાર આધારિકત અઘ્યાપકોની નિમણૂંક કરવામાં આવી છે.

ગુજરાત નોલેજ સોસાયટી, ટૂંકા ગાળાની વ્યવસાયલક્ષી કૌશલ્યવર્ધન અભ્યાસક્રમોને ઉત્તેજન આપવા માટે હાલ ૧૦૪ અભ્યાસક્રમો આ સંસ્થામાં ચાલે છે અને અત્યાર સુધીમાં ૩૯૬૨૨૩ જેટલા વિદ્યાર્થીઓએ તાલીમ લીધી છે. નો યોર કોલેજ – વિદ્યાર્થીને અને એના મા–બાપને એની કોલેજ વિશે એના લોકેશન વિષે સંપૂર્ણ પ્રકારની માહિતી મળે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં તા.૧૧–૭–૨૦૧૪ના દિવસે અને એના આધારે એની પસંદગી નક્કી કરી શકે એ પોર્ટલ ઉપરથી જોઇ શકે એ પ્રકારની ટેકનીકલ સુવિધા રાજ્ય સરકારે પૂરી પાડી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણશાસ્ત્રીઓ અને વિષયના નિષ્ણાત શિક્ષકોનો લાભ વિદ્યાર્થીઓને આપી શકાય તે માટે સેટેલાઇટ મારફતે અભ્યાસ ચલાવવામાં આવે છે અને જે વિદ્યાર્થી ટ્યૂશનમાં જઇ શકતા નથી અને પોતાના ઘરે ટી.વી. છે. નિષ્ણાત અને અનુભવી તથા સબ્જેકટ ઉપર જેની માસ્ટરી છે એવા જે તે વિષયના નિષ્ણાત માટે અમે સમય નક્કી કરીને વિદ્યાર્થી પોતાની કોલેજમાં હોય કે પોતાના ઘરે હોય તો એનો લાભ લઇ શકે છે. એડમિનિસ્ટ્રેટીવ અને એકેડેમિક ઓડિટ, શૈક્ષણિક ગુણવત્તાનું ગુણાંકન, પ્રાઇમરીમાં તો આપણે કર્યું અને એમાં સફળ પણ થયા. પ્રવેશ મહોત્સવ કરીએ છીએ પણ એનું ગુણાંકન કેટલું? પ્રાઇમરીમાં ગુણાંકન કર્યું અને એમાં આપણે સફળ થયા અને તેથી કોલેજોમાં પણ એએએ ત્રિપલ એ પ્રમાણે શૈક્ષણિક સંસ્થાઓનું ગુણાંકન કરીએ છીએ અને અત્યાર સુધીમાં ૭૨ સરકારી કોલેજો અને ૧૬૧ બિનસરકારી કોલેજોની ગુણવત્તાનું કામ પૂર્ણ કર્યું છે. ગુણવત્તા સુધારવા માટે બહુ સ્વાભાવિક રીતે આ ચર્ચાનો વિષય છે. ગુણવત્તા કોઇપણ ક્ષેત્રમાં હોય, કવોલિટી બેસ્ટ હોવી જોઇએ અને સૌથી સારી બાબત એ રાજ્યના શિક્ષણ વિભાગે આ રાજ્યને કવોલિટીબેઝ એજ્યુકેશન મળે એના માટે રિસર્ચ પ્રપોઝલ તૈયાર કરવા માટે, અમે ૩૦૦થી વધારે પ્રપોઝલો યુજીસીને મોકલાવી છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો તૈયાર થાય અને સૌથી વધારે સેવા આ માધ્યમ દ્વારા સ્કોપ દ્વારા જે તે વખતે ૪૦૦ થી વધારે કેન્દ્રોમાં સ્કોપની વ્યવસ્થા શરૂ કરીને અત્યાર સુધીમાં ચાર લાખથી વધારે વિદ્યાર્થીઓને સ્કોપની તાલીમ આપી છે. ઓછું ભણેલા હોય અને રીક્ષા ચલાવતા હોય, ઓછું ભણેલા હોય અને હોટલમાં નોકરી કરતા હોય, ઓછું ભણેલા હોય અને મજૂરી કરતા હોય અને બહારથી કોઇ આવે અને એ બીજી ભાષામાં વાત કરતા હોય તો એ હોટલમાં પણ એની સાથે વાત કરી શકે, એ રીક્ષામાં બેસીને પણ એની સાથે વાત કરી શકે, મજૂરી લેવા પણ વાત કરી શકે, એનું કામ ચાલે અને પહેલા મળતી હતી એના કરતા વધારે એને સ્કોપના અભ્યાસક્રમમાં ભણ્યા પછી એને વધારે મજૂરી મળી શકે એવી વ્યવસ્થા છે. યુનિવર્સિટીએ ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પુનઃ મુદ્રણ સહિત ૧,૪૨૫ જેટલા નવા પુસ્તકો તૈયાર કર્યા છે.

છેલ્લા એક અહેવાલ પ્રમાણે વિશ્વની ૨૦૦ યુનિવર્સિટીમાં હિન્દુસ્તાનની એક પણ યુનિવર્સિટી નથી. સૌથી વધારે સમયનું શાસન તો મારા સામેવાળા મિત્રોએ આ દેશમાં કર્યુ છે. આ કોઇ નિંદાનો સવાલ નથી, ચિંતાનો સવાલ છે કે આખાએ વિશ્વમાં અત્યાર સુધીમાં ૨૦૦ યુનિવર્સિટીમાં હિન્દુસ્તાનની એક પણ યુનિવર્સિટી ના હોય, રાજયના શિક્ષણ મંત્રી તરીકે એની હું પીડા અનુભવું છું કે આ આપણા માટે વ્યાજબી નથી અને આ અગાઉ મેં જે કંઇ વાત કરી છે એની પૂર્તિ માટે એ રાઇટ ફ્રોમ પ્રવેશ મહોત્સવ. શાળાએ બાળક જશે તો ઉચ્ચ પ્રાથમિકમાં જશે, માધ્યમિકમાં જશે, ટેકનિકલમાં જશે, યુનિવર્સિટીમાં જશે. તો યુનિવર્સિટી ૨૦૦માં એક આવશે પણ જો પાયાની ચિંતા ના કરીએ તો આવું શકય ના થાય એટલે આ રાજય સરકારે ૨૦૦૧–૦૨થી આ પાયાની ચિંતા શરૂ કરી દીધી છે અને આ કોઇ શોર્ટ પ્રોસેસ નથી કે આવતી કાલે નકકી કરી દઇએ અને પરમ દિવસે આપણી યુનિવર્સિટી ૨૦૦માં આવી જાય. એવું નથી ૨૦૦૧–૦૨માં નરેન્દ્રભાઇએ નકકી કર્યુ એને આનંદીબેન આગળ વધારી રહ્યા છે. આવતા દિવસોમાં હિન્દુસ્તાનની તો આવશે કદાચ પણ ગુજરાતની તો એ ૨૦૦માં એક આવશે જ એનો સંકલ્પ હું આજે રજૂ કરું છું અને એટલા માટે પેલી યુનિવર્સિટીઓ, મને હીરાભાઇ કહેતા હતા કે ઘેલુ લાગ્યું છે. ના ભાઇ, ઘેલું નથી લાગ્યું. આ યુનિવર્સિટીની જયારે માન્યતા આપીએ છીએ ત્યારે એ યુનિવર્સિટીએ આખા દેશમાં કે વિશ્વમાં કેવી કામગીરી કરી છે, કેટલી કોલેજો ચલાવી છે, કેવા પ્રકારની ચલાવી છે, કેવું રીઝલ્ટ આવ્યું છે અને પછીને પછી જ અમે અહીંયા એમને મંજૂરી આપીએ છીએ કે આપણા વિદ્યાર્થીઓને લાભ થાય. ગઇ કાલ સુધી આપણા વિદ્યાર્થીઓને અન્ય જગ્યાએ જવું પડતું હતું, પૈસાનો ખર્ચ કરવો પડતો હતો એના બદલે ઘરઆંગણે આ

વ્યવસ્થા થાય એના માટે તમારા વખતમાં ૧૧ હતી એને અમે ૪૯ કરી છે. એના કારણે કરી છે અને એમાં બધાને લાભ મળવાનો છે. એમાં કોઇ કોંગ્રેસ કે ભાજપ હોય એવું નથી બધા લોકોને લાભ મળવાનો છે. આ ઘેલું નથી લાગ્યું આ તો દીર્ઘદ્રષ્ટિ છે એનું પરિણામ છે અને એના ભાગરૂપે નરેન્દ્રભાઇ હતા ત્યારે નક્કી કરીને ગયા છે.

વડોદરા નજીક પાદરા તાલુકાના ચોકારી ગામે, વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના ચોકારી ગામે એક કરતા વધારે યુનિવર્સિટીઓ ૮૦૦ એકર જમીનની અંદર, કલ્પના કરો કોઇ વિદેશ જઇને આવ્યા હોય અને અહીંયા આવ્યા પછી પંદર દિવસ સુધી વાત કરે કે શિકાગોમાં તો આવડી મોટી યુનિવર્સિટી છે, ન્યુયોર્કમાં તો આટલી મોટી યુનિવર્સિટી છે, ઓકસફોર્ડની વાત કરે, હાવર્ડની વાત કરે, અમે જયારે કરી રહ્યા છીએ ત્યારે ટીકા કરો છો. આ દિશામાં અમે ચાલી રહ્યા છીએ. એ ઓકસફર્ડ અને હાવર્ડની બરાબરી કરી શકે એવી પાદરામાં અમે યુનિવર્સિટી બનાવી રહ્યા છીએ. એમાં એક કરતા વધારે યુનિવર્સિટી અને એટલા માટે અમે કહીએ છીએ કે એ નોલેજ હબ થવાનું છે. જેની આવક ૪,૫૦,૦૦૦થી વધારે ન હોય એવા વિદ્યાર્થીઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજના, માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે અમને ૧૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપી છે.મહિલાઓ માટે પોલિટેકનિકની હોસ્ટેલની ક્ષમતા ૧૪૫૨ હતી એ આ વખતે ૨૯૮૦ કરી છે. કોલેજોની ગર્લ્સ હોસ્ટેલની ક્ષમતા ૮૨૪ હતી એમાં ૧૭૩૪ કરી છે. મેં સર્વાંગી વિકાસની વાત કરી છે ત્યારે આપણા ઋષિઓ અને મહાપુરુષો જેવા કે રાધાકૃષ્ણન્ હોય, વિવેકાનંદજી હોય, અબ્દુલ કલામજી હોય, મહાત્મા ગાંધીજી હોય કે ચાણક્ય હોય એ બધાએ કહ્યું છે કે સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારે એક સપ્તધારા નામની યોજના શરૂ કરી. મને કહેતા આનંદ છે કે જ્ઞાન ધારા, સંગીત નૃત્ય ધારા, નાટ્ય ધારા, રંગકલા કૌશલ્ય ધારા, સર્જનાત્મક અભિવ્યક્તિ, સામૂદાયિક સેવા, યોગ અને વ્યાયામ, હિન્દુસ્તાન આખામાં આ સાત કાર્યક્રમોમાં સૌથી વધારે શ્રેષ્ઠ કોઇ રાજ્યે કામ કર્યું હોય તો ગુજરાતે કર્યું છે. આ વિભાગની સાથે સાથે મારે બીજા વિભાગની વાત પણ કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં મારા સાથી મિત્રોએ ખૂબ રસ લીધો છે. આ વિભાગમાં ૧૯૮૯-૯૦ થી ૨૦૦૧-૦૨ સુધી ૧૦ વર્ષમાં ૯૪૭ કરોડનું બજેટ હતું. આ એક વર્ષમાં એક જ વર્ષનું બજેટ ૫૪૩ કરોડનું છે. સરકાર ગરીબોની બેલી છે. કોઇ ભૂખ્યું સૂવે નહીં એ જોવાની જવાબદારી અમારી છે અને એટલા માટે આટલા મોટા બજેટની અમે આમાં વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થામાં આડે આવનારા એ કોઇપણ હોય એને જબ્બે કરવાની જવાબદારી પણ રાજ્ય સરકારની છે. એ કાળાબજાર કરતા હોય, સંગ્રહાખોરી કરતા હોય એને જબ્બે કરીને એને અટકાયતમાં લેવા અને કડકમાં કડક શિક્ષા કરવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીના એકાત્મ માનવવાદના સિદ્ધાંત અનુસાર કોઇ દરિદ્રનારાયણ ભૂખ્યો ન રહે અને એને પોષણક્ષમ બે સમયનું ખાવા માટે મળી રહે એ પૂરું પાડવાની જવાબદારી અમારો વિભાગ નિભાવે છે. ૨૫-૨૫ લાખ જેટલી મોટી સંખ્યામાં ભૂતિયા કાર્ડ હતા, ઓન રેકર્ડ હતા. ભૂતિયા કાર્ડ હોય એટલે એ લોકો અનાજ લઇ જાય અને કોઇને પહોંચે નહીં. હવે આ ભૂતિયા કાર્ડને અમે આજે ઝીરો કરી નાખ્યા છે. આજે રાજ્યમાં એક પણ ભૂતિયું કાર્ડ નહીં હોય. આ કામગીરીમાં ટેકનોલોજીના ઉપયોગથી રાજ્ય સરકારે બારકોડેડ રેશન કાર્ડની પદ્ધતિમાં કેન્દ્ર સરકારે તો અમને ઇનામ આપ્યું છે અને આખા રાજ્યમાં બારકોડેડની કામગીરી ૯૧ ટકા જેટલી પૂર્ણ પણ કરી છે. માત્ર કેન્દ્ર સરકાર નહીં, સુપ્રીમ કોર્ટે પણ આ બારકોડેડ પદ્ધતિની સરાહના કરી છે.

ડોર સ્ટેપ ડિલિવરી, પહેલાં દુકાનદાર તાલુકા મથકથી પોતાનો માલ પોતાના ખર્ચે ઉપાડીને લઇ જતો હતો. હવે એમને ૧૦૦ ટકા ટ્રાન્સપોર્ટ સરકારના ખર્ચે આપીને ડોર સ્ટેપ ડિલિવરીની વ્યવસ્થા ઉભી કરી છે. લગભગ બધા સંચાલકોને કોઇને ૧૦૦૦ થી માંડીને ૨૫૦૦ રૂપિયા સુધીનો ફાયદો પણ થયો છે. બી.પી.એલ. યોજના હોય, અંત્યોદય યોજના હોય, આ બધી યોજનાઓમાં પણ રાજ્ય સરકારે ખૂબ સારી કામગીરી કરી છે. અનાજનો સંગ્રહ કરવાના જે ઓછી કેપેસિટીવાળા નાના ગોડાઉનો હતા એમાં વધારો કરીને વધારે કેપેસિટીવાળા ગોડાઉનો કરવાની જોગવાઇ કરી છે. એક સામાન્ય ફરિયાદ આવતી હોય છે કે માણસ કંઇક ખરીદે અને પછી છેતરાઇ જાય છે. એ ક્યારેય છેતરાઇ ન જાય અને યોગ્ય જગ્યાએ જઇને ફરિયાદ કરે

અને બિલ રજૂ કરે, માલ રજૂ કરે તો ૨૦ લાખ સુધીની ફરિયાદ હોય તો જિલ્લા કક્ષાએ અને ૨૦ લાખથી ઉપરની ફરિયાદ હોય તો અહીંયા રાજ્ય કક્ષાએ આ ગ્રાહક નિવારણ ફોરમમાં અમે અત્યાર સુધીમાં નિકાલ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કહેવામાં આવ્યું, એ વાત સાચી છે કે ૧૬૦૦ કિલોમિટર આ રાજ્યમાં દરિયા કિનારો છે. એમાં અત્યાર સુધીમાં સૌથી વધારે મિલિયન મેટ્રિક ટન આયાત–નિકાસની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે. બંદરો ખાતાના માલ વહનમાં ૭.૬૯% વધારે થઇ છે. ભારતના કુલ દરિયાઇ ટ્રાફિકમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ હેઠળ બંદરોનો હિસ્સો ૩૨% છે. નાના અને મધ્યમ કક્ષાના બંદરો કુલ ટ્રાફિકમાં ૭૪% હિસ્સો છે. હાલમાં ૩ નવા ખાનગી બંદરો છારા, દહેજ અને નારગોલ તરીકે વિકસી રહ્યાં છે. અલંગમાં અત્યાર સુધીમાં ન થયું હોય એવી સારી કામગીરી અને ઘોઘા અને દહેજ, સંજયભાઇ જે કહેતા હતા ફેરી સર્વિસ ૩૬૦ કિલોમિટરનું અંતર કાપીને માત્ર ૩૧ કિલોમિટર. માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહભાઇ, વાત કહેતા હતા મારે તેમને વર્ગખંડના ઓરડાની એમાં છેલ્લા પાંચ વર્ષમાં ભારત સરકારમાં ૮૩૨૯૩ વર્ગોની માગણી કરી હતી તેની સામે ફક્ત ૪૫૪૯૧ વર્ગખંડો આપ્યાં એના કારણે અત્યારે વર્ગખંડોની ખોટ છે પણ અમે એ ખોટ પૂરવા માટે રાજ્ય સરકાર ૧૦૦% (અંતરાય)

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

શ્રી શક્તિસિંહ ગોહીલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વર્ગખંડોની વાત જ નથી કરી. મેં શિક્ષકો ખાલી છે, ક્લાસ–ટુમાં કેટલી જગ્યા ખાલી છે એની ડિટેઇલ જરૂર માગી છે પણ માનનીય મંત્રીશ્રીને કે ચેઇન્જ ધ રેકર્ડસ કે મેં વર્ગખંડોની વાત નથી કરી.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહિ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહભાઇ અને બીજા બધા મિત્રોએ પણ વાત કહી છે. (અંતરાય) એને શું બાકીના મિત્રો નથી માનતા તમે? ઓ.કે. અને આ ઘટ પૂરવા માટે રાજ્ય સરકારનો પ્રમાણિક પ્રયત્ન રહ્યો છે. ૧૫૫૩૮ વર્ગખંડોનું અમે બાંધકામ પણ કર્યુ છે. વર્ષ ૨૦૧૨–૧૩માં પણ છેલ્લે પણ •(xxxxxx) ભારત સરકારમાં અમે ૧૧૪૮૦ વર્ગખંડોની દરખાસ્ત સામે (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાંખું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ૩૩૦૦ વર્ગખંડો આપ્યાં છે. હું મારા સર્વે સાથીઓને વિનંતી કરું છું કે, શિક્ષણમાં કોઇપણ પ્રકારના રાજકારણ સિવાય, કોઇપણ પ્રકારના ગમા–અણગમા સિવાય રાજ્ય સરકાર કામ કરી રહી છે. તમારા રચનાત્મક કોઇપણ સૂચન હશે તો સ્વીકારવા માટે મારો વિભાગ તૈયાર છે. ખંડનાત્મક અને માત્ર અને માત્ર રાજકીય પ્રવૃત્તિ ના બનાવવા માટે મારી હ્રદયપૂર્વકની વિનંતી છે. એટલે સર્વે આ ગૃહના સભ્યોને મારા ત્રણેય વિભાગની કાપ દરખાસ્ત પરત લેવા માટે મારી વિનંતી છે.

શ્રી શક્તિસિંહ ગોહીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું – એક તો પ્રેક્ટિકલી કચ્છમાં અમુક શાળાઓમાં પરિસ્થિતિ એવી છે કે, માત્ર એક શિક્ષકવાળી જગ્યા છે. ૧ થી ૭ ધોરણ હોય કે ૧ થી ૫ ધોરણ હોય માત્ર એક શિક્ષક હોય એ સાજા–માંદા કે રજા ઉપર જાય એટલે શાળામાં કોઇ નહિ. આવી એક શિક્ષકવાળી શાળાઓ લખપત અને અબડાસામાં વધારે છે. હમણાં આપે કચ્છ જિલ્લામાં ભરતી કરી એમાં આ શાળાઓનો પુરતો સમાવેશ નથી થયો તો આ જગ્યાએ તાત્કાલિક શિક્ષકો ભરાય એના માટે આપ શું કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ જ વાતને ધ્યાનમાં રાખીને ૧૦ વર્ષ સુધી બદલી ના થાય એ શરતે અમે ૨૦૦૦ શિક્ષકોની ભરતી કરી છે. કચ્છમાં નહિ, આખા રાજ્યમાં અને એમાં જે ૨૦૦ શિક્ષકો આપને મળ્યાં છે. આ જ રીતે પણ ટકી રહેશે. કે અત્યાર સુધીમાં અમે લગભગ બાર હજાર જેટલી શિક્ષકોની ભરતી કરી, હજુ પણ ભરતી કરી રહ્યા છીએ. ક્યાંક ને ક્યાંક અમને કોર્ટનો સ્ટે આવી જાય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

છે એના કારણે અમે રોકાયા છીએ. હવે જેવો કોર્ટનો સ્ટે ઉઠી જશે તો ભરતી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે બીજી પણ જે વાત કરેલી, એ મારે રહી ગઇ હતી, કચ્છ જિલ્લામાં ત્રણ સરકારી કોલેજો છે, સાત ગ્રાન્ટેડ છે પણ માનનીય અધ્યક્ષશ્રી, ભુજથી નજીક છે, વ્યવસ્થા ભવિષ્યમાં કરીશું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, જે પર્સેન્ટેજ મેથડ હતી એ ટ્રાન્સપરન્સી સારી હતી અને વધારે વિદ્યાર્થીઓને અનુકૂળતા હતી. કારણ કે, એક એક માર્કસનો તફાવત હોય તો પણ ક્રમમાં જે પ્રમાણે મેરિટ આવતું હતું એમાં કોઇ તકલીફ નહતી પડતી પણ આ પર્સેન્ટાઇલ મેથડ કરી છે એનાથી વિદ્યાર્થીઓને ખૂબ નુકસાન થાય છે તો આપ એમાં કાંઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખીય બાબત કોર્ટ આધીન છે એટલે આમાં કોઇ પણ પ્રકારની મારે ટીકા–ટિપ્પણી અથવા તો જવાબ આપવો એ યોગ્ય નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી શિક્ષણ મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગત સાલ આપણું સત્ર જ્યારે ચાલતું હતું ત્યારે મારા આણંદ જિલ્લામાં મારા મત વિસ્તાર સોજીત્રા તાલુકાનું મઘરોળ ગામ છે ત્યાં બક્ષીપંચના અને સામાન્ય પ્રજાના બાળકો શિક્ષણ લે છે, તો પંદર વર્ષથી નોન–ગ્રાન્ટેડ શાળા છે અને આજની પરિસ્થિતિ એવી છે કે, શિક્ષકોનો પગાર પણ કેળવણી મંડળ કરી શકતી નથી ત્યારે એવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી ગ્રાન્ટેડ કરી આપવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો આભાર માનું છું, મારા પ્રવચનમાં આ મુદ્દો રહી ગયો હતો. ગ્રાન્ટેડ શાળા કરવાની માગણી ખૂબ આવે છે. રાજ્ય સરકારે આ વખતે બાળક દીઠ, વિદ્યાર્થી દીઠ વર્ષે ૭,૫૦૦/– રૂપિયા આપવાની યોજના કરી છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગે અગાઉના મહિનામાં પરિપત્રથી જાણ કરી છે કે, જે વ્યક્તિની ફિંગર પ્રિન્ટ નહીં આવે એમને વીસ તારીખ પછી અનાજ આપવું. વીસ તારીખ સુધી ભૂખ્યો મુખ્ય માણસ ક્યાં રાહ જુવે તો આ સરકાર જે દિવસે ફિંગર પ્રિન્ટ નહીં આવે તે જ દિવસે અનાજ આપવા માગે છે કે કેમ? અને બીજી બાબત એ છે કે, જે દુકાનમાં કનેકટીવીટી નથી એમને પણ જૂની પદ્ધતિથી અનાજ આપવાનો એવો પરિપત્ર થયેલો છે પણ અમુક દુકાનો એવી છે કે, પંદર–પંદર કિલો મિટર દૂર એમની દુકાન છે અને બીજી દુકાનમાં જઇને ત્યા કનેકટીવીટીથી કુપન કાઢે તો એ પદ્ધતિ દૂર કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગેરરીતિ રોકવા માટે કોઇ નવી પદ્ધતિ આવે અને આ પદ્ધતિથી ગેરરીતિ રોકાઇ છે એવું બધા આપણે માનીએ છીએ અને એ સાબિત થયું છે. હવે એ પદ્ધતિ સો ટકા પ્રુફ થાય ત્યાં સુધી રાહ જોવી પડે પણ કોઇ કનેકટીવીટી ના હોય અથવા તો વીસ તારીખ કોઇ પણ ગ્રાહક અનાજ વગર પાછો ન જાય એ પ્રકારની સૂચના રાજ્ય સરકારે આપી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસેથી એટલું જ જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કાયમી શિક્ષકો ખાલી રહેવાનો પ્રશ્ન વર્ષો વર્ષથી ચાલતો આવે છે એનું કાયમી સોલ્યુશન થાય અને માધ્યમિકમાં જે સરકારી શાળાઓ છે એ સતત જયારે શરૂઆત ૮,૯ અને ૧૦ હતી તો ત્રણેય ધોરણ એક જ શિક્ષકથી ચાલતી એવી સરકારે ૧૩ થી ૧૪ શાળામાં બિલકુલ એક–બે શિક્ષકથી ચાલે છે એનું કાયમી સોલ્યુશન કરી આપે એવી વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ત્રણ માધ્યમિક સ્કુલો રદ કરવામાં આવી છે. પચાસ ટકા કરતાં ઓછું પરિણામ આવે એવી માધ્યમિક સ્કુલો છે એ રદ કરી છે પણ પચાસ ટકા પરિણામ આવવાના કારણોમાં ત્યાં આપણે શિક્ષકો જ નથી મૂક્યા તેના કારણે આ પરિણામ ઓછા આવે છે તો ત્રણ જે માધ્યમિક સ્કુલો જે રદ કરવામાં આવી છે તેમાં ઉંટવાડા, ખત્રીવાડા અને જરગલી તો આ ફરીવાર પુન: ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ મારા ધ્યાન ઉપર લાવવામાં આવશે તો હું પુન: વિચાર કરીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે અત્યારે અમદાવાદ શહેરમાં બારકોડ આપવાનું જે ફોર્મ ભરાય છે. જયારથી ફોર્મ ભરાય છે ત્યારથી એ રેશન કાર્ડ ધારકોને જે અનાજ મળવું જોઇએ એ મળતું નથી મેં આપને લેટર પણ લખ્યો છે ગઇકાલે અને એના ભાગરૂપે નવું રેશન કાર્ડ મળશે ત્યારે જ એમને અનાજ મળશે એટલે ઘણાબધા ગરીબ લોકો રહી જશે એટલે મારી આપશ્રીને વિનંતી છે કે અમદાવાદ શહેર પૂરતું જો આ થયું હોય તો એને કેન્સલ કરીને જૂના રેશન કાર્ડ ઉપર જ એને જયાં સુધી બારકોડ ન મળે ત્યાં સુધી રેશન મળવા માટે મંજૂરી આપવી જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર આ સૂચના આપી છે કે જયાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જૂના રેશન કાર્ડ ઉપર પણ કોઇપણ ગ્રાહક દુકાનેથી પાછો ન જાય એ પ્રકારની સૂચના આપેલી જ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આર્ટ અને ટેટની પરીક્ષાની અંદર હજી સુધી વ્યાયામના જે શિક્ષકો છે એની ભરતી માટે કોઇ પ્રક્રિયા કરી નથી એના કારણે સી.પી.એડ, ડી.પી.એડ અને બી.પી.ઇ.ના અને બી.પી.એ.ના ઘણા વિદ્યાર્થીઓ ફરે છે તો માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કે આ અંગે આપ કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ સૂચન છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણ મંત્રીશ્રીને એ કહેવાનું છે કે પ્રાથમિક, માધ્યમિક અને યુનિવર્સિટીઓમાં એટલી બધી જગ્યાઓ ખાલી છે એના લીધે વિદ્યાર્થીઓનું ભણતર બગડે છે અને બરાબર વિદ્યાર્થીઓ ભણી શકતા નથી તો આ બધી જગ્યાઓ આખા ગુજરાતમાં કયારે ભરવા માગો છો? પચાસ ટકા ખાલી જગ્યાઓ છે અને મારી જોડે આવો તો આપને બતાવું કે પચાસ ટકા ખાલી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જેમ બને તેમ જલદીથી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા બાયડ તાલુકામાં કોલેજ નથી. માનનીય રમણભાઇ મંત્રીશ્રી હતા ત્યારે ત્યાં આવ્યા હતા અને જાહેરાત કરી હતી બાયડને કોલેજ આપીશું . આ વખતના બજેટમાં પણ ઉલ્લેખ થયો છે તો કયારે શરૂ કરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા ઘણા સમયથી સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી થતી નથી. આ ભરતી કયારે કરવા માગો છો? અને બીજો પ્રશ્ન છે, ૨૬–૨૭ તારીખે ગોડાઉનમાં માલ આવે છે એના કારણે મંડળીઓમાં અને દુકાનોમાં માલ જલદી પહોંચતો નથી અને ગ્રાહકોને મળતો નથી તો આવો માલ જલદી ગોડાઉનમાં મળે એવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા જવાબમાં સૂચન છે. બીજા જવાબમાં મારા ધ્યાન પર લાવવામાં આવશે તો એ કમ્પ્લેઇન દૂર કરવામાં આવશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧ થી ૮, ૧૦, ૧૧, ૧૬ થી ૨૫, ૨૭, ૨૯ થી ૪૨ અને ૪૪ થી ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૯, ૧૦, ૨૨, ૨૩ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૨–૭–૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## મંગળવાર, તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪
## આષાઢ ૩૧, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

**ગરબાડા તાલુકામાં ગાંગરડા ગામને જોડતાં ચાર રસ્તા પાસે ચોરી–લૂંટના બનાવ**

* ૧૧૨૭૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ ગાંગરડા ગામને જોડતા ચાર રસ્તાના સર્કલ પાસે ચોરી–લૂંટના બનાવો વારંવાર બને છે તેવી કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં મળી છે, અને | (૧) આવી કોઈ ફરિયાદ નોંધાયેલ નથી. |
| (૨) આ જગ્યા ઉપર પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવા અને આ પ્રકારના બનાવો નાબૂદ કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) આવા બનાવો અટકાવવા માટે નાઈટ રાઉન્ડ અને નાઈટ પેટ્રોલીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય મંત્રીશ્રીને મારા ગરબાડા તાલુકા તરફથી અભિનંદન આપુ છું કે આ મારો અગત્યનો પ્રશ્ન છે અને એક મહિલાની સુરક્ષા માટે આ સરકારે ઘણું બધું કર્યું છે ત્યારે મારો પ્રશ્ન છે કે આ ગાંગરડી ગામને જોડતા ચાર રસ્તા છે એ ૨૦ ગામનો પોઇન્ટ અને કેન્દ્રબિંદુ છે ત્યાં વારંવાર લૂંટ થાય છે, ધોળા દિવસે લૂંટ થાય છે. મારુ ઘર અહીંથી ૫૦૦ મીટર જ દૂર છે. મને અહીંયા એવો જવાબ આપ્યો છે કે કોઇ ફરિયાદ આવેલ નથી. મારો બીજો પ્રશ્ન એ છે કે આ જગ્યાએ પોલીસ ચોકી મૂકવા માગો છો કે કેમ? મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ જગ્યાએ રાત્રે નાઇટ રાઉન્ડ અને નાઇટ પેટ્રોલીંગ થાય છે. આ ચાર રસ્તાથી મારુ ઘર ૫૦૦ મીટર જ દૂર છે. ગઇ વિધાનસભામાં પણ રજૂઆત કરી હતી. મેં હથિયારધારી પોલીસની માગણી કરી હતી તેમ છતાં એ આપતા નથી. ગઇ વખતે ૩૦ તારીખે મેં લેટર લખ્યો છે કે મારે ત્યાં કોઇ વડીલ માણસ ન હોવાથી મારું ઘર સૂનું અને છોકરા નાના છે ત્યારે મને બે હોમગાર્ડના જવાનો ફાળવ્યા છે તો શું આ મહિલાની સુરક્ષા છે? આ ચાર રસ્તા ઉપર પોલીસ ચોકી કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ ગાંગરડી ગામને જોડતા ચાર રસ્તાની વાત કરી છે, અને જણાવ્યું છે કે એ જગ્યા ઉપર કોઇ ચોરી કે લૂંટનો બનાવ બન્યો છે કે કેમ, એના જવાબમાં જણાવવાનું કે છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ચોરી કે લૂંટની ઘટના આ ચોકડી ઉપર બની નથી. સન ૨૦૧૧માં વાહન અકસ્માતના બે કેસ બનેલા છે. સન ૨૦૧૨માં એક અકસ્માતનો કેસ હતો અને સન ૨૦૧૩માં એક અકસ્માતનો અને એક મારામારીનો કેસ આ જગ્યાએ બનેલો છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ત્યાં ચાર રસ્તા છે બાકી માણસો ત્યાં રહેતા નથી. એટલે ત્યાં પોલીસ સ્ટેશન કે પોલીસ ચોકીની અત્યારે જરૂરિયાત લાગતી નથી એટલે બનાવી નથી. તેમ છતાં પણ માનનીય સભ્યશ્રીએ સૂચન કર્યું છે એના માટે હકારાત્મક વિચારીશું.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : મારો મત વિસ્તાર મધ્યપ્રદેશને અડીને આવેલો છે. છેલ્લા બે વર્ષથી મારા મત વિસ્તારમાં ટાડા આઉટ પોસ્ટ આવેલ છે. ત્યાં કોન્સ્ટેબલને મારી નાખવામાં આવેલ અને એની રાઇફલ પણ લઇ ગયા છતાં આજ સુધી ખૂની પકડાયો નથી.આખું ગામ ટાડા આઉટ પોસ્ટ હોવા છતાં લૂંટાયું છે. પહેલા આ ગામે ઘોડેસવાર પોલીસની વ્યવસ્થા હતી એ પાછી લઇ લીધી છે. મેં આ અંગે ફરી આપવા માગણી કરેલી છે તો એ આપવા માગો છો કે કેમ, ટાડા ગામે કેટલા ધાડ, લૂંટ અને ચોરીના બનાવો બન્યા એમાં કેટલા ગુનેગાર પકડાયા અને કેટલા પકડવાના બાકી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સ્પેસિફીક ગરબાડા તાલુકાની માહિતી એમણે માગેલી છે. માનનીય સભ્યશ્રીએ દાહોદ તાલુકામાં ધાડ અને લૂંટના કેટલા કેસ બન્યા એ પૂછ્યું છે તો દાહોદ તાલુકામાં ખૂનનો દાહોદ ટાઉનમાં એક પણ કેસ બન્યો નથી. દાહોદ રૂરલમાં બે કેસ બનેલા છે. બન્ને શોધાયેલા છે. દાહોદ ટાઉનમાં ખૂનની કોશિશમાં બે કેસ બનેલા છે. બન્ને શોધાયેલા છે. એટલે ત્યાં જે કંઇ ગુનાઓ બને છે..

અધ્યક્ષશ્રી : ત્યાં ઘોડેસવાર મૂકવા માગો છો કે કેમ? એમ કહે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સભ્યશ્રીએ ઘોડેસવાર પોલીસની વાત કરી છે. અમે ફરી ચેક કરાવી લઇશું. જરૂરિયાત હશે તો એના માટે વિચારણા કરીશું..

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું. આ બહેને જે પ્રશ્ન પૂછ્યો છે એ તદ્દન સાચો છે...

અધ્યક્ષશ્રી : સાચો–ખોટો નહીં, તમારો સવાલ પૂછો. એમણે સાચો પૂછ્યો અને તમે કેવો પૂછવા માગો છો?

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરબાડા મધ્યપ્રદેશના છેવાડા તરફ આવેલું છે. ત્યાં લૂંટફાટના કેસો થાય છે. પણ આ સરકાર પોતાના ક્રાઇમના દર નીચા બતાવવા માટે ત્યાં જે કંઇ લૂંટની ફરિયાદો આવે છે એ નોંધવામાં આવતી નથી એ વાત સાચી છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બનાવ બને છે. તમે ક્રાઇમરેટ ઓછો બતાવવા ગુના નોંધતા નથી એવું કહે છે. તેમાં શું છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે કંઇ ગુનાઓ બને છે એ તમામ નોંધવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ સબ સલામતની વાતો કરનાર સરકારને મારે પૂછવું છે કે ગરબાડા અને ગાંગરડા તેની આજુબાજુથી લોકો ચોરી કરીને આ ચાર રસ્તાથી પસાર થાય છે અને માનનીય અમારા બહેનશ્રી ધારાસભ્ય છે તેમનું મકાન ચાર રસ્તાથી નજીક જ આવેલું છે. વારંવાર આ ચોરી અને લૂંટની વાત છે. કેટલાય પ્રકારની ચોરી અને લૂંટ થયેલી છે. સવાલ એટલો છે કે છેલ્લા ત્રણ વર્ષથી પોલીસ વિભાગમાં ફરિયાદ ઓછી થાય, એ પોલીસને ત્રણ–ચાર વર્ષ રહેવા દે. એમ આ પોલીસ ખાતુ ફરિયાદ નહીં લેવાના કારણે આજે પી.એસ.આઇ. પણ ત્રણ વર્ષથી ચાલુ છે. એટલે કહેવાનો મતલબ શું કે ચોરી–લૂંટ થવા છતાં પણ ફરિયાદો નહીં લેવાના કારણે ગરબાડાની આજુબાજુની પ્રજા ત્રાહિમામ્ છે. તો ચાર રસ્તા આગળ કાયમી ધોરણે પોલીસ સ્ટેશન કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ભૂતકાળમાં કોઇ પણ જગ્યાએ ચોરી કે લૂંટનો બનાવ બન્યો હોય અને પોલીસે ફરિયાદ ન લીધી હોય એવા પ્રકારની ફરિયાદ મળી નથી અને કોઇ સ્પેસિફિક કેસમાં ધ્યાન દોરશે કે આવા કેસમાં ફરિયાદ નથી લીધી અથવા હવે પછી કોઇ ઘટના હોય અને તેમાં નિષ્ક્રિયતા જણાશે તો તેમાં અમે પગલાં લઇશું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ત્રણ માસ પહેલાં ગાંગરડાની બાજુમાં કાન્યાડુંગર રોડ આવેલો છે. ત્યાં ધોળા દિવસે નામ સાથે આપું સાહેબ? હીરાલાલ અને તેમના પત્ની ધોળા દિવસે ગરબાડાથી ઘરે જતા હતા ત્યારે બેનના ગળામાંથી અછોડો તોડ્યો અને કાનના કાપ તોડીને..

અધ્યક્ષશ્રી : એ સવાલ બીજો છે. તમે પૂછ્યું છે એ જુદું છે..

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : એ ગાંગરડાની બાજુનો જ પ્રશ્ન છે સાહેબ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ તમે કહ્યું કે એક વર્ષમાં આવા કોઇ બનાવ બન્યા છે કે નહીં તેમણે ના પાડી. હવે તમારું કહેવાનું એમ છે કે આવા બનાવ બને છે છતાં નોંધતા નથી. એ જ વાત છે ને? તો તેમાં પણ તેમણે ના પાડી  કે એવું નથી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : સાહેબ, મારો બીજો પ્રશ્ન છે. ગરબાડા તાલુકાના મીનાકયાર મુકામે ૧૦ દિવસ પહેલાં હમણાં જ મર્ડર થયું છે. તેની હજી એફ. આઇ. આર. ફાડી નથી એ પૂછવા માગું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : મેં અગાઉ કહ્યું તેમ ગાંગરડા ગામને જોડતા ચાર રસ્તા ઉપર છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ ચોરી કે લૂંટનો બનાવ બન્યો નથી. એટલે એની એફ.આઇ.આર. નોંધાઇ નથી. એ અન્ય કોઇ જગ્યાની હશે. એની તપાસ કરાવીશું.

**વિસાવદર તાલુકામાં મોટી મોણપરી ખાતે ડેમ બનાવવા બાબત**

* ૧૨૭૬૮ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વિસાવદર તાલુકાના મોટી મોણપરી ખાતે ડેમ બનાવવા માટે છેલ્લે ક્યારે સર્વે કામ હાથ ધરવામાં આવ્યુ, અને | (૧) ડેમ બનાવવા માટે કોઈ સર્વેક્ષણ થયેલ નથી, પરંતુ ચેકડેમ બનાવવા માટે છેલ્લે વર્ષ ૨૦૧૨માં સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે, અને ક્યારે કામ હાથ ધરવામાં આવશે ? | (૨) ચેકડેમની કામગીરી તા. ૨૮–૨–૨૦૧૩ના રોજ ટેન્ડર મારફત પૂર્ણ કરવામાં આવેલ છે. |

શ્રી હર્ષદભાઇ રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આમાં જે પ્રશ્ન પૂછેલો છે એ ડેમ માટેનો પૂછેલો છે અને જવાબ ચેકડેમનો આવેલો છે.મારો પ્રશ્ન એ હતો કે, મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ વિસાવદરમાં લડ્યા ત્યારે મોણપરી ગામે ભલગામડાની સીમમાં કાળા ગુના નદી ઉપર ડેમ બનાવવા માટે પાંચ પાંચ ફૂટના ખાડા ખોદાવ્યા અને એની માટીના સેમ્પલ પણ લઇ ગયા હતા. એ ડેમ ક્યાં સુધી પહોંચ્યો અને એમાં કોઇ કાર્યવાહી થઇ છે? મારો પ્રશ્ન ડેમનો હતો. મને ખબર છે કે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એ શબ્દો તમારા પાછા ખેંચી લઇએ છીએ. એમણે ડેમનો પ્રશ્ન પૂછ્યો છે અને તમે જવાબ ડેમનો આપ્યો ઉપરાંત ચેકડેમનો પણ આપ્યો. વધારાના જવાબ શું કામ આપો છો? એમણે પૂછ્યું હોય એટલો જ જવાબ આપવો જોઇએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે, ૧૯૮૬માં વીસાવદર તાલુકાના પિયાવા યોજનાનો સરવે શરૂ થયો હતો. પણ એ વિસ્તાર જંગલ વિસ્તારમાં હતો એટલે ત્યાં થઇ શકે તેવી સ્થિતિ નહોતી એટલે એ બની શક્યો નથી. પરંતુ એના વૈકલ્પિક સ્થળે એના નીચાણના વિસ્તારમાં મોણપરી ગામે ડેમ થઇ શકે કે કેમ? એટલે એનો ફરીથી સરવે શરૂ કર્યો અને ત્યાં થઇ શકે તેવી સ્થિતિ હતી. પરંતુ ૬૫ હેક્ટર જમીન ડૂબમાં જતી હોવાથી ત્યાંના ખેડૂતોએ વિરોધ કર્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલને રજૂઆત કરી અને જમીન ડૂબમાં જતી હોવાના કારણે વિરોધના કારણે આ યોજના મુલતવી રહી. ફક્ત પેપર વર્ક જ થયું હતું.

અધ્યક્ષશ્રી : હવે ખેડૂતોને મનાવી લો તો આ ડેમ પૂરો કરી દે. ત્યાંના સભ્ય છો ને? ખેડૂતોને મનાવી લો.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, વીસાવદર સિંચાઇ યોજના સિવાય ચેકડેમની કામગીરી કરવામાં આવે છે? અને હાલમાં ચેકડેમો બાંધવાનું આયોજન શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ મોણપરી ગામે ડેમ ન બન્યો એટલે વીસાવદર તાલુકાની અંદર ૪૩૬ નાના ડેમ બન્યા છે અને ૧૦ મોટા ચેકડેમ બન્યા છે. કુલ ૪૬ ચેકડેમ બાંધવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : બસ, આ ડેમથી તમે ચેકડેમમાં આવી ગયા?

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, વીસાવદર તાલુકામાં સિંચાઇ માટેની અત્યારે શું શું સુવિધા છે અને ભવિષ્યનું શું આયોજન છે?

અધ્યક્ષશ્રી : આ મોણપરી યોજના માટેનો પ્રશ્ન છે. એમાં ટોટલ સિંચાઇ યોજના ક્યાંથી આવે. તમારી પાસે માહિતી હોય તો આપો. પછી એમાંથી પેટા સવાલ આવશે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વીસાવદરમાં નાની તેમજ મધ્યમ કક્ષાની મોણપરી સિવાય કુલ ૯ સિંચાઇ યોજનાઓ આવેલ છે અને જેનાથી ૭૪૫૯ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળે છે. વીસાવદર તાલુકામાં કાનાવડલા યોજનાને વહીવટી મંજૂરી મળેલ છે. ફૂલજર અને પેંડાખાઇ જે અત્યારે અન્વેષણના તબક્કે છે. પોપટડી થઇ શકે તેવી સ્થિતિમાં છે પણ ખેડૂતોનો વિરોધ છે. એટલે આગળ કામ થઇ શકતું નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે તે વખતે સ્થાનિક ખેડૂતોની પ્રાઇવેટ જમીનના કારણે વિરોધ હતો એટલે યોજના મુલતવી રાખવામાં આવી. હાલ હવે ખેડૂતોની રજૂઆત આવે તો આ જગ્યાએ ડેમ બનાવવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે ખેડૂતોનો વિરોધ હતો એટલે નહોતું થયું. જે તે વખતે શરૂઆતના તબક્કે જ ખેડૂતોનો વિરોધ થયો એટલે સરવે બાકી હતો અને યોજના મુલતવી રહી હતી. પરંતુ આજની તારીખે ખેડૂતોની રજૂઆત આવશે અને યોજના વાયેબલ હશે તો આ સરકાર એમાં ચોક્કસ પોઝીટીવ વિચારશે.

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

* ૧૧૩૮૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ (૧) દેવગઢ બારીયા, (૨) દાહોદ અને (૩) ઝાલોદની ભૂગર્ભ ગટર યોજનાઓ કુલ રૂા. ૧૨૪.૦૪ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને | (૨) કોઈ યોજના પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ? | (૩) દેવગઢ બારીયા અને દાહોદ યોજનાની કામગીરી પ્રગતિમાં છે, અને ઝાલોદ યોજના ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ દાહોદ અને બારીયા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પ્રગતિમાં છે તો એ ક્યા તબક્કે છે અને છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ ઝાલોદ ભૂગર્ભ ગટર યોજનાનું આયોજન શું છે અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર દ્વારા રાજયના તમામ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજના અને પાણી પુરવઠા યોજનાઓનો સરસ અમલ કરવામાં આવે છે. દાહોદ જિલ્લાની ત્રણ નગરપાલિકાઓ છે. ત્રણેયની અંદર પણ આ ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મૂળ જવાબ જ આપો. અહીં વિધાનસભાની કાર્યવાહી કરો, ત્યાં મ્યુનિસિપાલિટીની જેની થતી હશે એ કરશે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) જે અરવિંદભાઇએ જે પ્રશ્ન પૂછયો દેવગઢબારીયાની નગરપાલિકાની, દાહોદની ત્રણેય યોજનાઓના કામો અત્યારે પ્રગતિમાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બધું જે રેકર્ડ ઉપરથી કાઢી નાખજો. જે પ્રશ્નને લગતી બાબત છે અને એનો જવાબ આપ્યો એ જ રેકર્ડ ઉપર રાખજો. બાકીનું તમામ કાઢી નાખજો. આ બરાબર પદ્ધતિ જ નથી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દાહોદ જિલ્લાની નગરપાલિકાને મંજૂર કરેલ ભૂગર્ભ ગટર છે એ યોજનાની અંદાજિત રકમ કેટલી છે અને અત્યાર સુધીમાં કેટલો ખર્ચ થયો છે અને બીજું એ કે દાહોદ જિલ્લાની જે ભૂગર્ભ ગટર છે એ યોજનાના અંતર્ગત ગંદા પાણીના નિકાલ માટેનો જે શુદ્ધિકરણ પ્લાન્ટ છે એની નગરપાલિકા દીઠ કેટલી ક્ષમતા છે અને તેની હાલની પરિસ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેય શહેરોની વસ્તીના ધોરણે દરેક શહેરને પીવાનું પાણી ૧૪૦ લીટર મળે એ પ્રમાણે ભૂગર્ભ ગટરના પાણીના નિકાલ માટે આપણે વ્યવસ્થા કરીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે દાહોદ શહેરની યોજના સૌથી મોટું જિલ્લા મથક દાહોદ છે એની અંદાજિત રકમ ૬૧ કરોડ રૂપિયા છે. બીજા નંબરે ઝાલોદ છે એની અંદાજિત કિંમત ૪૬ કરોડ છે અને ત્રીજા નંબરે દેવગઢબારીયા નગરપાલિકા છે એની અંદાજિત કિંમત ૧૬ કરોડ રૂપિયા છે. આમ ત્રણેય યોજનાઓની કામગીરી છે અને દરેક શહેરની વસ્તીના આધારે આ યોજનાઓ મંજૂર કરવામાં આવે છે અને ૧૪૦ લીટર પાણી એ ડ્રેનેજ કરી શકે એ પ્રમાણેની એની કેપેસીટી રાખવામાં આવે છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લા બે વર્ષથી આ દાહોદ આખું ખોદી નાખ્યું છે. અગાઉ પાણી પુરવઠાની લાઇન નાખવામાં આવી હતી, છેલ્લા છ માસથી આખું દાહોદ ખોદી નાખ્યું છે પણ એક પણ રસ્તો બનાવવામાં આવ્યો નથી. હાલમાં જે વરસાદ પડયો એટલો બધો કીચડ થયો અને એટલા બધા અકસ્માત થયા તો આ રસ્તા સારા બનાવવા માગો છો કે કેમ, બીજું આ ભૂગર્ભ ગટર યોજનાનું કયારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું, કઇ એજન્સીને આપવામાં આવ્યું અને એની પાઇપનો ડાયામીટર શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયાં જયાં જે પણ જગ્યાએ ભૂગર્ભ ગટર યોજનાઓની કામગીરી થતી હોય અથવા પીવાના પાણીની જયાં પાઇપલાઇન જયાં નંખાતી હોય ત્યાં જમીનની અંદર ખોદીને જ આ કામ કરવું પડે એટલા માટે શહેરોમાં મેઇન હોલ બનાવવાના હોય, કુંડીઓ બનાવવાના હોય, ખોદકામ થાય છે પણ આપણી દરેક યોજનામાં જોગવાઇ કરીએ છીએ કે આ આખી યોજના પૂર્ણ થાય, એક ચોમાસું પૂર્ણ થાય, જે માટીકામ દબાવાનું હોય એ દબાઇ જાય એ પછી રસ્તાઓ કરવા માટે પણ અમારી સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે. બીજું એમણે પૂછયું કે મંજૂરી કયારે આપી તો દેવગઢબારીયાની મંજૂરી ૨૮–૯–૧૨ના રોજ વહીવટી મંજૂરી આપી, દાહોદની ૬–૩–૧૩ના રોજ આપી અને ઝાલોદની ૨૮–૯–૧૩ના રોજ આ વહીવટી મંજૂરી આપી છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ દેવગઢ બારીયા, દાહોદ અને ઝાલોદ એ યોજનાઓ કયારે પૂર્ણ કરવામાં આવશે અને બીજો મારો પ્રશ્ન એ છે કે વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે જે રીતે આ કામો છે એના જુદા જુદા કામો પ્રમાણે આપણે યોજનાને પૂર્ણ કરવાના તબક્કે આવતા હોઇએ છીએ. દાહોદ નગરપાલિકાની કામગીરી છે એ અત્યારે પ્રગતિ હેઠળ છે અને ત્રણેય નગરપાલિકાના કામો ચાલુ છે. ઝાલોદનું ટેન્ડર ગયા અઠવાડિયે મંજૂર કર્યું અને ટૂંક સમયમાં કોન્ટ્રાકટર ડીપોઝિટની રકમ જમા કરાવે એટલે એને પણ વર્ક ઓર્ડર આપીશું. હાલમાં ત્રણેયના કામો સંતોષકારક તબક્કે પ્રગતિ હેઠળ છે.

**શ્રી રમેશભાઇ ભુ. કટારા :** આપની પરવાનગીથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લાની કઇ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવાની બાકી છે. જો કોઇ યોજના બાકી ન હોય તો મંજૂર કરેલ ભૂગર્ભ ગટર યોજનાની હાલની પરિસ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ **:** દાહોદ જિલ્લામાં ૩ નગરપાલિકા છે. આ ત્રણેય નગરપાલિકા માટે આ સરકારે ૧૨૪ કરોડ રૂપિયા આદિવાસી જિલ્લાઓ છે ત્યાં સ્વચ્છતા થાય અને આરોગ્ય જળવાય અને ગંદા પાણીનો નિકાલ થાય એ માટે ૧૦૦ ટકા ગુજરાત સરકારની ગ્રાન્ટમાંથી મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના હેઠળના કામો માટે આપ્યા છે. આ ત્રણેય યોજનાઓ મેં કહ્યું એ મુજબ પૂર્ણ કરીશું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર **:** આ ત્રણ નગરપાલિકામાં ટેન્ડરો આવ્યા એ કેટલા આવ્યા અને એમાં લોએસ્ટ વન કોનું આવ્યું અને કયા કોન્ટ્રાકટરને આ એજન્સી આપવામાં આવી છે? આખા રાજ્યમાં એક જ એજન્સી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ **:** આ માહિતી મારી પાસે નથી.

અધ્યક્ષશ્રી **:** ટેબલ ઉપર મૂકજો. (અંતરાય) યોજના માટે છે, કોનું ટેન્ડર આવ્યું, કેટલામાં આપ્યું, કોને કોને આપ્યું? આખા ગુજરાતમાં એક જ છે એવી તમારી વાત છે. (અંતરાય) કોના કોના ટેન્ડર આવ્યા એ નહીં પણ ટેન્ડર કેટલાનું આવ્યું એ કામગીરી સાથે સવાલ છે. પ્રોસિજર માટેના પ્રશ્નો પૂછાય નહીં. કોનું ટેન્ડર આવ્યું, પહેલું કોણ હતું, બીજું કોણ હતું એવા સવાલો હાઉસમાં ન આવે. (અંતરાય) નહીં, એડમિનિસ્ટ્રેટીવ કોઇ પ્રશ્નો હાઉસમાં આવે નહીં. આપણા બધા પ્રિન્સિપલ સવાલો આવે. (અંતરાય) માનસિંહભાઇ તમે બેસો. તમે પૂછો એના જવાબ ન જ મળે. એક સવાલમાં ૯ મિનિટ થઇ. પછી બીજા સભ્યોના સવાલ કપાય છે. (અંતરાય) આખા દેશનો પ્રશ્ન હોય તો પણ ભલે. મને ખ્યાલ આવે છે કે કયા રાજ્યનો પ્રશ્ન છે અને કયા જિલ્લાનો. (અંતરાય)

**ટાટા મોટર્સ લી. અને રાજ્ય સરકાર વચ્ચે કરાર**

* ૧૧૨૯૮ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટાટા મોટર્સ લી. અને રાજ્ય સરકાર વચ્ચે કોઈ એગ્રીમેન્ટ/કરાર થયેલ છે કે કેમ, | (૧) હા, |
| (૨) જો હા, તો શેના માટે એગ્રીમેન્ટ/કરાર થયેલ છે, અને | (૨) એકમને આપેલ લોન અંગે |
| (૩) કરાર/એગ્રીમેન્ટ અન્વયે રાજ્ય સરકારે ટાટા મોટર્સ લી. ને ઉક્ત સ્થિતિએ ક્યારે કેટલી રકમ લોન પેટે ચૂકવી અને આ લોન પેટે ચૂકવેલ રકમ પર વ્યાજના દર શા છે ? | (૩) ગ્રોસ વેલ્યુ એડેડ ટેક્ષની રકમ જેટલી રકમ કુલ રૂા. ૪૧૯.૫૪ કરોડની લોન આપવામાં આવેલી છે અને તે લોન પર વાર્ષિક વ્યાજનો દર ૦.૧ ટકા છે. |

**ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ટાટા નેનોએ એવું કેટલું ઉત્પાદન કર્યું કે વેટની આવક ૪૨૦ કરોડ થઇ. ૪૨૦ કરોડ તમે લોન આપી એટલે આ આંકડો એવું બતાવે છે કે એમાં થોડી શંકા પ્રેરે એવો છે. આ વ્યાજ તમે ૦.૧ ટકા લેખે લેવા માગો છો. નાના અને મધ્યમ ઉદ્યોગ ગૃહોને તમે આ રીતે કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન છે કે ટાટા મોટર્સને જે હેતુથી જમીન આપવામાં આવી હતી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** જમીનનો સવાલ નથી. લોનનો સવાલ છે. લોનનું પૂછો.

**ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ :** શરત ભંગ થયો છે. જે શરતે જમીન આપી હતી એ શરતનો ભંગ થયો છે તો સરકાર એગ્રીમેન્ટ તોડવા માગે છે તો જમીન પાછી લેવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** જમીનનું પૂછવાનું ન હોય. સવાલ લોનનો પૂછો અને જવાબ જમીનનો માગો છો.

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ લોન એગ્રીમેન્ટ રાજ્ય સરકાર અને ટાટા મોટર્સ વચ્ચેના એગ્રીમેન્ટ વિશેનો પ્રશ્ન છે અને આની અંદર જેટલો વેટ ભરાય એ વેટ આપણે લોન પેટે એમને પાછો આપીએ છીએ. એનો કરાર આ ટાટા અને સરકાર વચ્ચે હતો. એમણે બીજું પૂછ્યું છે કે, બીજા નાના – મધ્યમ એકમો તો મારે સ્પષ્ટપણે કહેવું છે કે ઇન્સેન્ટિવ સ્કીમ દરેક રાજ્યની જુદી જુદી હોય છે અને આ ઇન્સેન્ટિવ સ્કીમના કારણે રાજ્ય સરકાર એની ઉદ્યોગની નીતિ બનાવતી હોય છે. આપણા રાજ્યની અંદર પણ પહેલા ડિફરમેન્ટ હતું એટલે સેલ્સટેકસ ભરો અને ૧૫-૨૦ વર્ષે પાછા આવે. એકઝમ્પશન હતું તો સેલ્સટેકસ ભરો અને એકઝમ્પશન થાય. આપણી નીતિના આધારે આ લોન

એગ્રીમેન્ટની અંદર એમણે જેટલો વેટ ભર્યો એ આપણે લોન આપી છે અને લોન પૂરી થાય એટલે પાછી આવે.

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે ૪૧૯ કરોડ જ છે એ બહુ ઓછો કહેવાય, ખરેખર આ ફિગર છે એ શંકાશીલ છે તો આ ફિગર બરાબર યોગ્ય છેને? એજ કહેવું છેને?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ગાડીનું જે પ્રોડકશન થાય એ પ્રોડકશનના આંકડાઓ એ લોકો જે વેટ ભરે એ લોન ભરીએ એ જ પાછું આપીએ છીએ. એટલે ચકાસણી કરી પછી આપીએ છીએ. એટલે આંકડાની અંદર કોઇ જાતના ખોટા આંકડા ના હોય અને એ પ્રમાણેનું આપણે કરીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્બારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સાહેબ, આમાં સ્પષ્ટ લખ્યું છે કે તા.૩૧–૭–૨૦૧૪માં છેલ્લા બે વર્ષ માટે માનનીય અધ્યક્ષશ્રી, એગ્રીમેન્ટની કોપીમાં દરેક વસ્તુ આવી જતી હોય છે.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલે આમાં સ્પષ્ટ લખ્યું છે કે, હા. અને એગ્રીમેન્ટ કરાર થયેલા છે. કરારની અંદર મોટાભાગે બધી વસ્તુઓ આવી જતી હોય છે, કરારની કોપી મળે તો જ ખ્યાલ આવે. એટલે પહેલા તો હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે,

અધ્યક્ષશ્રી : નહિ, કરાર શેના માટેનો થયો છે? એ બીજો સવાલ થયો. ફક્ત લોન માટે જ બોલો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહિ, માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એવું હોય કે રાજ્ય વચ્ચે એગ્રીમેન્ટ થયેલા છે.

અધ્યક્ષશ્રી : હા, એગ્રીમેન્ટ, કરાર થયેલ છે તો લોન માટે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પહેલા પ્રશ્નમાં સરકારે હા પાડી. સરકારશ્રીએ હા પાડી છે.

અધ્યક્ષશ્રી : લોન અંગેનો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હા, એગ્રીમેન્ટ થયેલો છે.

અધ્યક્ષશ્રી : કરાર નહિ લોન માટે કરાર થયો છે. (અંતરાય) એક મિનિટ. ભાઇ, બાકીના બોલોમાં એક જ પૂછો તમે સવાલ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારું જે કહેવાનું છે કે કરારની અંદર બધુ જ હોય છે. મારે જે કહેવાનું છે કે કરાર સરકારે કર્યો હોય એટલે કરારમાંથી અંદર પૂછી શકાય માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : નહિ, કરાર અંગે નહિ. જે એમાં લખ્યું છે, જો હા, તો શેના માટે એગ્રીમેન્ટ થયો છે? તમે કરાર કીધો તો કરાર શેના માટે થયો? કરાર થયો છે એ લોન માટે થયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કરાર તો સાહેબ, બધી વસ્તુઓ આવે.

અધ્યક્ષશ્રી : ટોટલ કરાર ભાઇ લોન માટે હોય છે. ભાઇ, શાંતિ રાખોને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, હું સીધે સીધો પ્રશ્ન પૂછું છું, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે એક તો જે કરારની કોપી છે એ ટેબલ ઉપર મૂકવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન છે, કરારનો ભંગ કોઇપણ રીતનો થયો હોય તો આપ એમના ઉપર પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આ કરાર માત્ર લોન અંગેનો છે અને ઇટ ઇઝ એ કોન્ફિડેન્શિયલ કોપી બીટવીન સ્ટેટ ગર્વનમેન્ટ એન્ડ ટાટા અને આ મૂકાય કે ના મૂકાય એ મારે ટેકનીકલી જોવું પડે. બીજો પ્રશ્ન કર્યો એ કરારની અંદર દરેકની અંદર પેનલ ઇન્ટરેસ્ટ જોગવાઇ થતી હોય છે એટલે કોઇપણ પાર્ટસ ઉપર ના થયેલી હોય તો જોગવાઇ છે જ.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, સાંભળો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કરારનો ભંગ થયો છે તો પગલાં લેવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : કરારનો ભંગ થયો હોય તો પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : નિયમ પ્રમાણે લઇશું, સાહેબ.

અધ્યક્ષશ્રી : ભાઇ, એ તમને પૂછે છે?, શાંતિ રાખોને, પ્રશ્નમાં બધાનો વારો આવવા દો.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ટાટા–નેનો જેવી ફોર્ચ્યુન જેવી બધીજ કંપનીઓ ગુજરાતમાં આવી ગઇ છે તો ટાટા–નેનોએ કેટલું મૂડીરોકાણ કર્યું અને કેટલા લોકોને રોજગારી આપી?

અધ્યક્ષશ્રી : એ નહિ, એ મૂડીરોકાણ નહિ, (અંતરાય) જો ભાઇ તમે સાંભળો, એગ્રીમેન્ટ લોન માટેનો જ થયો છે. લોન અંગેનું પૂછવું હોય તો પૂછો.

શ્રી રાકેશ જ. શાહ : સાહેબ, રોજગારીમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, નહિ, શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કરારમાં ચોખ્ખું લખેલું છે કે, જે ઉત્પાદન થયું હોય એ ઉત્પાદનના સામે સરકાર એને લોન આપતી હોય છે તો ટાટા કંપનીએ કેટલું ઉત્પાદન કર્યુ અને એની સામે સરકારે કેટલી લોન આપી? મારા ખ્યાલ મુજબ ૩ હપ્તા ભરેલા છે તો હપ્તાની રકમ કેટલી થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ તો યુનિટસ્ ઉપર નથી. વેટ કેટલો ભર્યો એના ઉપર છે નંબર–વન અને આમાં આપણે કુલ ૪૧૯ કરોડ આપ્યા છે, ૪૧૯.૫૪ કરોડ. એમાં ૨૦૧૨–૧૩માં ૧૬૭.૨૦ કરોડ અને ૨૦૧૩–૧૪ની અંદર ૨૫૨.૩૪ કરોડ એમ કરીને કુલ ૪૧૯ કરોડ આપ્યા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ટાટા, જે રીતે સાણંદમાં પશુપાલન યુનિવર્સિટી માટે આરક્ષિત જગ્યા હતી એમાં સરકારે એમને આપી, નેનોના ઉત્પાદન માટે આપી. તો શું સરકાર જે એગ્રીમેન્ટ થયું હોય, ઇન ટોટલએ ટેબલ ઉપર મૂકી શકે? કાંઇ ખાનગી હોઇ શકે નહીં આ ગુજરાત પબ્લિકની પ્રોપર્ટી છે, ભલે સરકારની હોય અને નેનો ઉત્પાદન માટે જો આ જગ્યા આપી હોય અને જે સ્પેશિયલ સગવડ, ઇન્સેન્ટિવ આવા જે કોઇને મળ્યા નથી, તો શું ટાટા નેનોનું ઉત્પાદન સાણંદમાં થાય છે આજે? અને આ જે વેટ એમને રિફંડ આપ્યું એ ટાટા નેનોના પ્રોડકશનમાંથી આપ્યું, જો સાણંદમાં જ બન્યું હોય તો ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે વેટનું રિફંડ એમનું ઉત્પાદન થયું છે એમાંથી આપવામાં આવ્યું છે. સાણંદમાં જ થયું છે એમાંથી આપવામાં આવ્યું છે.(અંતરાય) હા, નેનોનું. માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટ કહેવું છે કે, નેનો સિવાય કોઇ પણ ગાડીનું ઉત્પાદન થાય એમાં આ મળતું નથી.

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના**

* ૧૧૩૯૧ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની ત્રણ નગરપાલિકાઓ (૧) દેવગઢ બારીયા (ભાગ–૨), (૨) દાહોદ (ભાગ–૨) અને (૩) ઝાલોદ (ભાગ–૨) પાણી પુરવઠા યોજનાઓને તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂા. ૮.૩૨ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૨) અને (૩) : દેવગઢ બારીયા (ભાગ–૨) અને દાહોદ (ભાગ–૨)નું કામ પ્રગતિમાં છે અને ઝાલોદ (ભાગ–૨)નું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દેવગઢ બારીયા ભાગ–૨ પાણી પુરવઠા યોજનામાં કયા કામની જોગવાઇ છે, આ યોજનાનો સોર્સ શું છે અને ભાગ–૧ની યોજનાની અત્યારે પરિસ્થિતિ શું છે? તેનો કેટલો ખર્ચ થયેલો છે?

મારો બીજો પ્રશ્ન એ છે કે, દાહોદ નગરપાલિકાની દાહોદ ભાગ–૨ પાણી પુરવઠા યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની ત્રણ નગરપાલિકા વિસ્તારો માટે નાગરિકોને પીવાનું શુદ્ધ પૂરતું પાણી મળી રહે એ માટે આપણે શહેરી વિકાસ વિભાગ તરફથી શહેરોની અંદરની વ્યવસ્થા સુદ્રઢ કરવા પાણીની ટાંકીઓ બનાવવા, સમ્પ બનાવવા, ફિલ્ટર પ્લાન્ટ બનાવવા, નગરપાલિકાઓને રાજ્ય સરકાર તરફથી આપણે મદદ કરીએ છીએ.

માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન એમાં કર્યો એ પ્રમાણે દેવગઢબારીયામાં અગાઉ આપણે એક યોજના પાણીની આંતરિક વ્યવસ્થાની પૂરી કરી હતી પણ દેવગઢ બારીયા શહેરને પાનમ નદી ઉપરનો જે ચેક ડેમ છે એ ચેક ડેમમાંથી પાણી મેળવતા હતા તેનું પાણી શુદ્ધ કરવા માટે ફિલ્ટર પ્લાન્ટ નાખવાનું કામ આપણે ૨.૯૭ કરોડનું જે મંજૂર કર્યું છે. એમ કુલ યોજનાનું આ પ્રમાણે કામ અત્યારે પ્રગતિ હેઠળ છે.

બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ કર્યો કે, દાહોદ નગરપાલિકા, તો દાહોદને પણ પાટાડુંગરી ડેમથી સ્થાનિક પાણી મળે છે. હવે કડાણા ડેમથી લગભગ ૩૫–૪૦ કરોડ રૂપિયાના ખર્ચે પાણીની નવી લાઇન નાખી દાહોદ શહેરમાં પહોંચાડવાનું કામ પૂર્ણ કરવા પાણી પુરવઠા વિભાગ તરફથી આવ્યું છે. એ પાણી શહેરમાં પહોંચે એટલે એનું ભૂગર્ભમાં સ્ટોરેજ કરવા માટે સમ્પ, પાણીની ટાંકી અને પમ્પીંગ હાઉસ વગેરે નેટવર્કનું ભાગ–૨નું કામ તા.૧–૩–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, દાહોદ ભાગ–૨ પાણી પુરવઠા યોજનાનો સોર્સ શું છે ? પાણી ક્યાંથી લાવવામાં આવશે અને ભાગ–૧માં હાલની પરિસ્થિતિ શું છે, એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ એ જિલ્લા કક્ષાનું ખૂબ મોટું શહેર છે. ત્યાંના નાગરિકોને મેં કહ્યું એ પ્રમાણે કડાણા ડેમથી આપણે પાણી લાવીને આપવાના છીએ. તો શહેરમાં એનું વિતરણ કરવા માટે શહેરના હેડ વર્કસ ઉપર ત્યાંથી પાઇપ લાઇન, દસ લાખ લિટરની ઊંચી ટાંકી, તેત્રીસ લાખ લિટરનો સમ્પ, સમ્પ ઉપર પમ્પ હાઉસ, પમ્પીંગ મશીનરી અને રાઇઝીંગ મેઇનની પાઇપ લાઇન જે શહેરમાં પાણી પહોંચાડવાની હાલની પાઇપ લાઇન છે એને જોડવા માટે આ કામ કરીએ છીએ. ૮૫ ટકા કામ પૂર્ણ થયું છે અને લગભગ તેર કરોડ સત્તર લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પાણી પુરવઠા યોજનાની ટેન્ડરની પ્રક્રિયા કયારે પૂર્ણ થઇ અને કઇ એજન્સીને કામ આપવામાં આવ્યું? અને કયારે આ યોજના પૂર્ણ થશે? પ્રગતિ, પ્રગતિ એટલે કઇ પ્રગતિ? મને સમજાતું નથી હજી કે પ્રગતિમાં કયા પ્રકારના કામો બાકી છે? અને કયારે પાણી આપવા માગો છો?

અધ્યક્ષશ્રી : સમજાવે આપને, ન સમજાતું હોય એ સમજાવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ ભાગ–૨ ની આ ફેઝ–૨ની પાણી પુરવઠાની યોજના છે. મેં કહ્યું એ પ્રમાણે આનું કામ પ્રગતિ હેઠળ છે. તા. ૨૭–૬–૨૦૧૩ના રોજ આ યોજનાની વહીવટી મંજૂરી આપવામાં આવી. અગાઉ પણ મેં કહ્યું કે માર્ચ–૨૦૧૫ સુધીમાં આ યોજનાનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઝાલોદ ભાગ–૨ પાણી પુરવઠા યોજના કયા કામની જોગવાઇ છે? અને યોજનાનો સોર્સ શું છે? ભાગ–૧ની યોજનાની પરિસ્થિતિ શું છે અને કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ–૨ પાણી પુરવઠા યોજનાનો સોર્સ જે માનનીય સભ્યશ્રીએ પૂછયો એ સોર્સ માછલનાણા ડેમ દ્વારા એમાંથી પાણી મેળવવાનું આયોજન છે. ભાગ–૧ ની યોજના પૂર્ણ થઇ છે એમાં સાત કરોડનો ખર્ચ થયો છે અને ભાગ–૨માં ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, પમ્પીંગ મશીનરી, પમ્પ હાઉસની જોગવાઇ છે અને એ કામના ટેન્ડરો અને કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

**ડેડીયાપાડા તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

*૧૧૪૩૦ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૯ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૪,૨૬૦ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧૭,૧૨૬ |

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૪૨૬૦ પશુઓને જે સારવાર આપવામાં આવી છે એમાં કોઇ ગંભીર બીમારીઓ જાણવા મળી કે કેમ? અને તાલુકામાં કેટલી પશુ સારવાર સંસ્થાઓ આવેલી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કોઇ ગંભીર બિમારીઓ જાણવા મળી નથી અને ડેડીયાપાડા તાલુકાની અંદર સારવાર માટેની દસ સંસ્થાઓ આવેલી છે. તે પૈકીના ચાર દવાખાના છે, એક ફરતું દવાખાનું છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંચ આવેલા છે, પશુ દવાખાના ચાર પૈકી એક ડેડીયાપાડામાં, એક આંબાવાડી, એક જુનામુઢ્ઢા અને દેવમોગરા અને ફરતુ દવાખાનુ ડેડીયાપાડાની અંદર આવેલું છે. પશુ સારવાર કેન્દ્રો પિપલોદ ગામે, મંડારા ગામે, મોસ્કોટ ગામે, ગાજરગોટા અને નાની મેડવાણ ગામે આ સારવાર માટેની સંસ્થાઓ આવેલી છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે જણાવ્યું છે કે પશુઓની સારવાર આપવામાં આવી ૪૨૬૦ અને પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ૧૭૧૨૬, તો મારો પ્રશ્ન એ છે કે આ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું અને સારવાર કરવામાં આવી તો આ પશુઓ એ.પી.એલ. હતા કે બી.પી.એલ.? આ સરકાર પશુઓનું રસીકરણ મફત કરે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.એલ. અને બી.પી.એલ. તમામ પશુઓની સારવાર કરવામાં આવે છે અને આમાં કોઇને બાદ રાખવામાં આવતા નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ દસ દવાખાનામાં પશુચિકિત્સક કેટલા ડોકટરો છે? અને એમાં કેટલી ભરાયેલી જગ્યા છે અને કેટલી ખાલી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ડેડીયાપાડા તાલુકામાં મંજૂર થયેલી એક જગ્યા છે, ભરાયેલી જગ્યા પણ એક છે. આ પ્રશ્ન ડેડીયાપાડા તાલુકા પૂરતો છે અને બાકીની જગ્યાઓ રાજય સરકારનું દસ વર્ષનું કેલેન્ડર છે તેમ દર વર્ષે જરૂરિયાત મુજબની ભરતીની પ્રક્રિયા ચાલુ છે અને પ્રથમ તબકકાની ભરતીની પ્રક્રિયા અત્યારે પૂર્ણ કરી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ૧૯ પશુ મેળાનું આયોજન કર્યુ છે. આ ૧૯ પશુ મેળાના આયોજનમાં કુલ કેટલો ખર્ચ થયો? અને ડોક્ટરની જગ્યા ભરાયેલી નથી તો ડોક્ટર ક્યાંથી લાવવામાં આવ્યા?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ પશુ આરોગ્ય મેળામાં ૧,૯૦,૦૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. હાલ જે ડોક્ટરો સેવા આપે છે તે કાર્યરત સેવા આપે છે. બાકીના ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ ૨૦૧૩ દરમયાન નર્મદા જિલ્લામાં કરવામાં આવેલ રસીકરણની વિગતો શી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : નર્મદા જિલ્લાની અંદર રસીકરણ ડેડિયાપાડા તાલુકામાં ગલસુંડા માટેની

રસી ૧૬,૮૦૫ પશુઓને કરવામાં આવેલી છે. ગઠિયા તાવની ૩૨૧ એમ કુલ રસીકરણ ૧૭,૧૨૬નું કરવામાં આવેલ છે. નાંદોદ ચાલુકામાં ગલસુંડા માટેની ૨૨,૮૨૮ અને ખરવામોસા માટેની ૨,૧૩૬ આમ ૨૪,૯૬૪ રસીકરણ કરવામાં આવેલ છે. સાગબારા તાલુકામાં ગલસુંડા માટે ૧૧,૫૭૦ અને તાવ માટેની ૭૬૩, ખરવામોસા માટેની ૯૯૦૨ કુલ ૨૨,૨૩૫ અને તીલકવાડા તાલુકામાં ગલસુંડા માટેની ૧૫,૧૧૮, અને કુલ ૧૫,૧૧૮. આમ કુલ જિલ્લામાં ગલસુંડા માટેની ૬૬,૩૨૧, ગઠિયા તાવ માટેની ૨૦૮૪ , ખરવામોસા માટે ૧૨,૦૩૮ અને કુલ જિલ્લાનું રસીકરણ ૭૯,૪૪૩ કરવામાં આવેલી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પશુ આરોગ્ય મેળા કરે ત્યાં સુધી પશુ બીમાર થાય ત્યાં સુધી રાહ જોવાની એની પહેલા સારવાર કરવામાં આવે છે કે જેમ ગરીબ કલ્યાણ મેળા બોલાવીએ ત્યારે થઇ શકે તો આ પશુ આરોગ્ય મેળા થાય ત્યારે પશુઓને ત્યાં સુધી સારવાર કરવા માટે રાહ જોવી પડે છે તો એના માટેની શુ વ્યવસ્થા કરેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : સભ્યશ્રીનો પ્રશ્ન છે. આ પશુઓ માટેની સારવાર અવિરત ચાલતી પ્રક્રિયા છે. આ તાલુકામાં ૧૦ જેટલી સારવાર સંસ્થાઓ છે. ૨૪ કલાક સારવાર થાય છે. ફરતું પશું દવાખાના માટેની સેવા પણ ચાલુ છે.

**બનાસકાંઠા જિલ્લામાં લોક દરબાર**

* ૧૧૪૭૭ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત પોલીસ દ્વારા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવાના હેતુથી સુરક્ષા સેતુ સોસાયટી નામની યોજના પણ શરૂ કરાયેલ છે. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૩૨૦ |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મૂળ પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવેલી સુરક્ષા સેતુ સોસાયટી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવે છે અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં ૨ વર્ષમાં તા. ૩૧–૩–૧૪ ની સ્થિતિએ પોલીસ સ્ટેશનવાર કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીએ જે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શી કામગીરી કરવામાં આવે છે એના સંદર્ભે વાત કરી છે. તા. ૨૬–૯–૨૦૧૨ થી સુરક્ષા સેતુ સોસાયટીની શરૂઆત કરવામાં આવી. ખાસ કરીને પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ દ્રઢ બને, પરસ્પર સહકાર વધે, નાના મોટા ગુનાઓ બનતા અટકે અને પ્રજા અને પોલીસ એકત્ર થાય તો ફાયદો થતો હોય છે અને સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી બાળકો માટે, મહિલાઓ માટે, સિનિયર સિટિજન્સ માટે આ બધા માટે યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહિલાઓના સ્વરક્ષણ માટે કરાટે, જૂડો, આ બધાની ટ્રેનિંગ આપવામાં આવે છે. એમનો આત્મવિશ્વાસ વધારવા માટે રાઇફલ શૂટિંગનું પણ આયોજન કરવામાં આવે છે. બુટલેગર વગેરે બહેનો જો આવા કોઇ વ્યવસાય સાથે જોડાયેલી હોય તો તેમાંથી બહાર નીકળે અને યોગ્ય રીતે નવો વ્યવસાય શરૂ કરે અને સ્વનિર્ભર બને એના માટે મહિલાઓનું પુનઃસ્થાપન કરે છે. મહિલાઓ માટે વિવિધ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. એક મહત્વનો વિષય છે કે બાળકો માટે સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટનો અમલ કર્યો છે. એના કારણે બાળકોમાં શિસ્ત વગેરેના ગુણો કેળવાય છે, એના કારણે આવનારા સમયમાં કોઇપણ પ્રકારના ગુનાથી દૂર રહે. એમનામાં સ્વયં શિસ્ત ઊભી થાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી ઠાકોર. આવી ગયું હવે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, તેમણે પોલીસ સ્ટેશનવાર કેટલા લોકદરબાર થયા તેની વિગતો માગી છે. એક લીટીમાં જ કહીશ કે બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષમાં ૧૫૧ અને ૧૬૯ એમ કુલ ૩૨૦ લોકદરબાર યોજવામાં આવેલ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લાની અંદર ૩૨૦ લોકદરબાર ભર્યા. તેમણે કહ્યું કે લોકદરબાર ભરવાથી પબ્લીક અને પોલીસ સાથે સુમેળ થાય છે. ગુના ઓછા બને છે. ત્યારે એવા કિસ્સામાં મારે માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવું છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર પ્રકાશ મરાઠા બુટલેગર દ્વારા સમગ્ર જિલ્લાની અંદર તમામે તમામ જગ્યાએ દારૂનો વેપાર થાય છે અને ડી.જી.પી. કક્ષાએથી તેને સૂચના આપવામાં આવી છે તેવી કોઇ ફરિયાદ લોકદરબારમાં મળી છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ મેં કહ્યું તેમ લોકદરબારમાં જે કંઇ પ્રશ્નો આવતા હોય તો તે પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવતું હોય છે. આવા પ્રકારનો પ્રશ્ન કોઇ લોકદરબારમાં આવ્યો નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરક્ષા સેતુ સોસાયટીમાં આ વિભાગ તરફથી કેટલું ફંડ આપવામાં આવે છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા અત્યાર સુધીમાં ૧૭૩ કરોડથી વધારે રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને સમગ્ર જિલ્લા અને શહેરી વિસ્તારમાં તેનો ખર્ચ કરવામાં આવે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા માટે લોકદરબાર યોજવામાં આવે છે. આપના મારફત મંત્રીશ્રીને પૂછવું છે કે, આ લોકદરબાર યોજાય ત્યારે તે લોકદરબારની અંદર બુટલેગર અને અસામાજિક તત્વો આવીને બેસી જાય છે. જેના ભયના કારણે લોકો સાચી રજૂઆત કરવી હોય તો કરી શકતા નથી. તે સરકાર અટકાવવા માગે છે કે નહીં**?**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકદરબારમાં ટેલીફોનિક કે રૂબરૂ સૂચના આપી ચૂંટાયેલા પ્રતિનિધિઓ પછી તે તાલુકા પંચાયતના હોય કે જિલ્લા પંચાયતના હોય, ધારાસભ્ય હોય, એમ.પી. હોય તમામને કહેવામાં આવે છે. તેના ઉપરાંત સામાજિક આગેવાનો, ગામમાં જેને રસ હોય તે જે કંઇ પ્રશ્નો ઊભા થયા હોય તેની રજૂઆત કરવા માટે તમામ લોકોને જવા માટે કહેવામાં આવે છે. આ બધા લોકો હાજર રહી નાના મોટા પ્રશ્નોની રજૂઆત કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો. તમે બેસો. તમારો પ્રશ્ન ન હતો. તમે શું કામ ઊભા થઇ જાઓ છો બળદેવજીભાઇ. તે હશે તો કહેશે. તેમને હું બીજીવાર પૂછવા દઇશ. તમે બેસો.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા તાલુકાની અંદર દર મહિને લોકદરબાર યોજાય ત્યારે કેવા કેવા પદાધિકારીઓને આમંત્રણ આપવામાં આવે છે. મારો જે મત વિસ્તાર છે તે રાજસ્થાનની બોર્ડરને અડીને આવેલ મત વિસ્તાર છે તો ત્યાં દારૂના અડ્ડાના કેટલા ગુના નોંધવામાં આવ્યા**?** આજની તારીખે તે વિસ્તારની અંદર ડીઝલ અને પેટ્રોલ ઓછું મળે પણ દારૂ દરેક ગામડામાં વધારેમાં વધારે મળે છે. તેના માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ**?**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકદરબારમાં પ્રજાના પ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને મેં અગાઉ કહ્યું તે પ્રમાણે તમામ સ્તરના આગેવાનોને તેમાં આવવા કહેવામાં આવે છે. તેઓ હાજર રહી જે કંઇ પ્રશ્નો હોય તે ત્યાં પૂછી શકે છે. હાજર રહેલા સક્ષમ અધિકારી તેનું સ્થળ ઉપર નિરાકરણ કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ૯, માનનીય વલ્લભભાઇ કાકડીયા. એક મિનિટ બેસો જોઇતાભાઇ. બધાનો વારો ન આવે. એકવાર વારો આવે. બીજા પ્રશ્નો પણ અગત્યના હોય.

**બનાસકાંઠા જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ**

* ૧૧૪૯૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૦૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૩૩,૨૩૨ |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મંત્રીશ્રીએ છેલ્લા બે વર્ષમાં ૨૦૫ કેમ્પ કર્યા એવો જવાબ આપ્યો છે ત્યારે હું એ પૂછવા માગુ છું કે પશુ વંધત્વ સારવાર આ કેમ્પમાં થતી સારવાર માટે પ્રચાર–પ્રસાર માટે શું કામગીરી કરવામાં આવે છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સારવાર માટે થઇને એના સાહિત્યનું વિતરણ કરવામાં આવે છે, આપણે છાપાઓમાં પણ જાહેરાત આપીએ છીએ અને એની જાહેરાત આપીને લોકોને વધુમાં વધુ જાણ થાય અને વધુમાં વધુ પશુઓની સારવાર થાય એવું આયોજન કરવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે કેમ્પ થયા ૨૦૫ અને પશુ સારવાર આપી ૩૩૨૩૨ એની અંદરથી કેટલા પશુઓ ફલિત થયા?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બીજદાન આપ્યું હોય એના પછી ઘણાં લાંબા સમય પછી ખબર પડે. આમાં ધારો કે કૃત્રિમ બીજદાન છે એ ૧૪૧૩ પશુઓને બીજદાન કરેલું છે તો એ ફલિત થયા હોય એના માટેનો રેકર્ડ મારી પાસે ઉપલબ્ધ ન હોય.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, ગુજરાતમાં અમૂલ સાથે સંકળાયેલા કુલ ૧૭ સંઘો છે તો એ સંઘો સાથે સંકલિત કરી એની પાસે સારવાર કરાવવા માગો છો કે નહીં? દરેક સંઘ પાસે માહિતી હોય છે એ માહિતીના આધારે સારવાર કરાવવા માગો છો કે નહીં?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સારવાર જે આપવામાં આવે છે એ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના નીચે જિલ્લા પંચાયતના પશુ દવાખાનાઓ અને જે તે જિલ્લાના પશુ સંઘો હોય છે, જે દૂધ સંઘો હોય છે એ સાથે મળીને સારવાર કરે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જિલ્લામાં પશુ વંધત્વ કેમ્પનું આયોજન વર્ષમાં એક કે બે વાર થતું હોય છે પણ પંજાબમાં ગાયો માટે સારા સાંઢ અને ભેંસો માટે સારા પાડા ઉછેરવામાં આવે છે એ રીતે અહીં ઉછેરવા માટે કોઇ સબસીડી આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જ અલગ પ્રકારનો છે જે પ્રશ્ન છે એ વંધત્વ માટેની સારવારનો છે આની માટે અલગથી નોટિસ આપીને પ્રશ્ન પૂછવો પડે.

**મહુવા તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

*૧૧૪૨૫ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧૩,૬૩૫ |

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? (૩) ૪૭,૬૫૯

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આજે એવો સુવર્ણ દિવસ છે કે મહિલા મુખ્યમંત્રીને પદ ગ્રહણ કર્યાને આજે ૬૦ દિવસ પૂરા થાય છે અને એજ દિવસે જૂનાગઢ મહાનગરપાલિકાની અંદર જીતનો પરછમ લહેરાયો છે એ બદલ હું મુખ્યમંત્રીશ્રીને અને ગૃહને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકાર છે. અગાઉના સમયમાં માણસોની પણ સારવાર કરવાની ચિંતા કરી નથી, આ સરકારે માણસોની તો ખરી જ પણ સાથે પશુઓની પણ સારવાર કરવાની ચિંતા કરી છે ત્યારે મારે પૂછવું છે કે તાલુકાવાઇસ મહુવાની અંદર આજે પશુ સારવાર જે કરી છે એની રસીકરણની વિગતો અમને આપે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં તબીબી ૧૨૧૫, શસ્ત્રક્રીયા ૩૭, જાતીય આરોગ્યની ૯૫૬ અને કૃમિનાશક દવાઓની ૧૦૧૧૭ એમ કુલ ૧૨૩૨૧ની સારવાર કરવામાં આવી છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મહુવા તાલુકામાં પશુ સારવાર કેન્દ્રો કેટલા આવેલા છે? અને મહુવા તાલુકામાં પશુ સારવાર કેન્દ્રોના મહેકમની મંજૂર જગ્યા કેટલી અને એમાંથી ખાલી અને ભરેલી જગ્યાઓ કેટલી? એની માહિતી આપે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા તાલુકામાં કુલ ૯ પશુ સારવાર કેન્દ્રો આવેલા છે તે પૈકીના પશુ દવાખાના ૫ છે, ફરતું દવાખાનું ૧ છે, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ૩ આવેલા અને પશુ દવાખાના ૫ પૈકી મહુવામાં એક આવેલ છે, દરેડમાં એક, મોટા કોટડા એક, બગદાણામાં એક અને ગુંદરણામાં એક અને જેસરમાં ફરતું દવાખાનું આવેલું છે અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ત્રણ પૈકીનું સેદરડામાં એક આપવામાં આવેલ છે, અમૃતવેલમાં એક અને લોંગડીમાં એક આપવામાં આવેલું છે.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની અંદર ૩૧ પશુ આરોગ્ય મેળાઓ કરવામાં આવ્યા છે તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ મેળાઓની કોઇ ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલી છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ મેળાની અંદર રૂપિયા ૨,૩૪,૦૫૦ નો ખર્ચ કરવામાં આવેલો છે. ૧૪–૫–૧૩ થી ૨૯–૫–૧૩ દરમ્યાન આ સારવાર કરવામાં આવેલ છે.

**ગાંધીનગર શહેરમાં બનાવેલ ટી. પી. સ્કીમો**

* ૧૨૧૦૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરની કેટલી ટી. પી. સ્કીમો બનાવવામાં આવી, અને | (૧) ૧ (એક) |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી ? | (૨) શૂન્ય |

શ્રી અશોકકુમાર ર. પટેલ:માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગરમાં છેલ્લાં બે વરસમાં સરકારશ્રી દ્વારા કુલ કેટલી અને કઇ કઇ મુસદ્દારૂપ નગર રચના યોજના મંજૂર કરવામાં આવેલી અને ગાંધીનગરની મંજૂર અમલી વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં કેટલી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેર પાટનગર છે એનો ડી.પી. જે મંજૂર થયો છે એમાં આવતી તમામ રહેણાંક યોજનાઓની ટી.પી. આપણે પૂર્ણ કરેલી છે કુલ અત્યાર સુધીમાં ૨૩ ટી.પી. સ્કીમો બનાવવામાં આવી છે અને માનનીય અશોકભાઇએ જે પ્રશ્ન પૂછ્યો કે બે વરસની અંદર કુલ

પાંચ ટી.પી. યોજનાઓ મંજૂર કરવામાં આવી. એમાં અડાલજ, કુડાસણ–ધોળાકૂવા, રાંદેસણ–કુડાસણ–ધોળાકૂવા, કોબા અને રાંદેસણ આમ કુલ પાંચ ટી.પી. યોજનાઓ મંજૂર કરવામાં આવી.

**વલસાડ જિલ્લામાં વેલાવાળા શાકભાજીનાં પાકો માટે સહાય**

* ૧૧૪૮૯ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ–૨૦૧૩–૧૪ માં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૫૫૬ લાભાર્થીને `. ૪૨,૦૬,૨૪૧ |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં વેલાવાળા શાકભાજીના વાવેતર કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે કઇ યોજના અમલમાં છે અને તેના સહાયના ધોરણો શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : વેલાવાળા શાકભાજી માટે ત્રણ પ્રકારની વિવિધ પ્રકારની યોજના છે કાચા મંડપ, અર્ધ પાકા મંડપ અને પાકા મંડપ. કાચા મંડપ છે એમાં સામાન્ય ખેડૂતને બે હેકટરની મર્યાદામાં કુલ ખર્ચના પચાસ ટકા અથવા ૨૬,૦૦૦ રૂપિયા, અનુસૂચિત જાતિ, જનજાતિના લાભાર્થીઓ માટે ખર્ચના ૭૫ ટકા અથવા એક હેકટરે ૩૯,૦૦૦ રૂપિયા, દેવીપૂજક સમાજના લાભાર્થીઓ માટે ખર્ચના ૯૦ ટકા અથવા ૪૬,૮૦૦ રૂપિયા પ્રતિ હેકટરે, એજ રીતે પાકા મંડપ માટે, સામાન્ય ખેડૂત માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ ૪૦ હજાર રૂપિયા પ્રતિ હેકટર, દેવીપૂજક સમાજ માટે ખર્ચના ૯૦ ટકા અથવા ૭૨,૦૦૦ રૂપિયા પ્રતિ હેકટર, અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે ૭૫ ટકા અથવા ૬૦,૦૦૦ રૂપિયા પ્રતિ હેકટર આપવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં મુખ્યત્વે કયા કયા વેલાવાળા શાકભાજીનું વાવેતર થાય છે અને આ જિલ્લામાં વેલાવાળા શાકભાજી બાબતે લીઝ મંડપ ઘટકમાં સને ૨૦૧૩–૧૪માં કેટલા આદિજાતિ ખેડૂતોને અને કેટલી મહિલા ખેડૂતોને કેટલી કેટલી સહાય આપવામાં આવેલી છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : વલસાડ જિલ્લામાં જુદા જુદા પ્રકારની વેલાવાળી શાકભાજીમાં પરવર, કારેલાં, ટીંડોળા, દૂધી જેવા વેલાવાળા શાકભાજી ઉગાડવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**છોટા ઉદેપુર ખાતે કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં ખેડૂતોને સહાય**

* ૧૧૨૪૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩/૭/૨૦૧૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી છોટાઉદેપુર મુકામે કૃષિ મહોત્સવના કાર્યક્રમ પ્રસંગે આવેલા ત્યારે છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કેવા પ્રકારની કામગીરી માટે કેટલી રકમની સહાયના ચેકો આપવામાં આવ્યા, | (૧), (૨) અને (૩) : તા. ૩/૭/૨૦૧૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં છોટાઉદેપુર મુકામે કૃષિ મહોત્સવ અંતર્ગત કોઈ કાર્યક્રમ થયેલ નથી. |

(૨) કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) સદર કાર્યક્રમ હેઠળ કુલ કેટલો ખર્ચ થયો ?

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દલિતો પર અત્યાચાર

* ૧૦૬૨૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર દલિતો પર કેવા કેવા પ્રકારના અત્યાચાર બનાવો નોંધાયા, અને નોંધાયેલ બનાવો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

| જામનગર | | દેવભૂમિ દ્વારકા | | |
|---|---|---|---|---|
| તા. ૦૧–૦૬–૨૦૧૨થી તા. ૩૧–૦૫–૨૦૧૩ | | તા. ૦૧–૦૬–૨૦૧૨થી તા. ૩૧–૦૫–૨૦૧૩ | | |
| અત્યાચારના પ્રકારની વિગત | | અત્યાચારના પ્રકારની વિગત | | લેવાયેલ પગલા |
| હેડ | કેસ | હેડ | કેસ | અત્યાચાર ધારા હેઠળના ગુનાઓની જાત તપાસ પ્રથમથી જ ના. પો. અધિકારીશ્રી ને સોંપવામાં આવેલ છે. અને આવા ગુનાના આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરી ન્યાયિક હેતુ માટે નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરવામાં આવેલ છે. તથા આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે. આ અંગે જામનગર જિલ્લામાં ૧૪૧ આરોપીઓની અટક કરવામાં આવેલ છે. તથા દેવભૂમિ દ્વારકામાં ૮૭ આરોપીઓની અટક કરવામાં આવેલ છે. |
| ખૂન | ૧ | મહાવ્યથા | ૩ | |
| ખૂનની કોશિષ | ૧ | સાદી વ્યથા | ૧ | |
| મહાવ્યથા | ૨ | બળાત્કાર | ૧ | |
| મનુષ્યહરણ | ૧ | અપહરણ | ૧ | |
| અન્ય કેસ | ૧૨ | રાયોટીંગ | ૪ | |
| | | અન્ય કેસ | ૩ | |
| તા. ૦૧–૦૬–૨૦૧૩થી તા. ૩૧–૦૫–૨૦૧૪ | | તા. ૦૧–૦૬–૨૦૧૩થી તા. ૩૧–૦૫–૨૦૧૪ | | |
| ખૂનની કોશિષ | ૧ | રાયોટીંગ | ૧ | |
| મહાવ્યથા | ૯ | અન્ય કેસ | ૭ | |
| ઈ.પી.કો. – ૩૨૪ | ૫ | | | |
| બળાત્કાર | ૩ | | | |
| મનુષ્યહરણ | ૧ | | | |
| ઈ.પી.કો. – ૩૫૪ | ૧ | | | |
| રાયોટીંગ | ૨ | | | |
| અન્ય કેસ | ૧૫ | | | |

---------

## પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૧૧૩૮૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે (૧) હારીજ અને (૨) ચાણસ્માની ભૂગર્ભ ગટર યોજનાઓ

કુલ રૂ઼ા. ૫૦.૦૨ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૨) કોઈ યોજના પૂર્ણ થયેલ નથી.

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

(૩) હારીજ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને ચાણસ્મા યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

**વડોદરા, અમદાવાદ અને સુરત જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની ૭-૧૨માં નોંધ**

* ૧૨૭૪૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા, અમદાવાદ અને સુરત જિલ્લામાં વીલના આધારે કેટલા ખેડૂતોની ૭-૧૨માં નોંધ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી,

(૨) જેમાં બિન ખેડૂતની નોંધ અને ખેડૂત હોય તેની નોંધ પાડવામાં આવી છે કે કેમ, અને

(૩) જો બિન ખેડૂતની નોંધ કરવામાં આવી હોય તો તે રદ કરી જવાબદાર અધિકારીઓ માટે સરકાર પગલાં ભરવા માંગે છે કેમ ?

**જવાબ**

(૧) વડોદરા - ૬૩
અમદાવાદ - ૧૭૧
સુરત - ૧૫૪

(૨)

| જીલ્લો | ખેડૂતોની નોંધો | બિનખેડૂતોની નોંધો |
|---|---|---|
| વડોદરા | ૬૩ | -- |
| અમદાવાદ | ૧૭૧ | -- |
| સુરત | ૧૫૪ | -- |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં મોટા-મધ્યમ નાના તળાવો**

* ૧૧૫૬૬ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિ એ ગાંધીનગર જિલ્લાના માણસા, દહેગામ અને કલોલ તાલુકાઓમાં મોટા, મધ્યમ અને નાના કુલ કેટલા તળાવો છે,

(૨) આ તળાવો નર્મદાના પાણીથી ભરવાનું કોઈ આયોજન છે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં આ તળાવો નર્મદાના પાણીથી ભરવામાં આવશે અને તેના થકી કુલ કેટલી જમીનને સિંચાઈના પાણીની સગવડ ઉપલબ્ધ થશે ?

**જવાબ**

(૧) માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં ૨૧૮૩ તળાવો આવેલા છે.
મોટા મધ્યમ અને નાના તળાવનું વર્ગીકરણ કરવામાં આવતું નથી.

(૨) હા, તાંત્રિક દ્રષ્ટિએ શક્ય હોય તથા સામાન્ય નીતિ અનુસાર ૨ કિ.મી. ની મર્યાદામાં હોય તેવા તળાવો પાણીની ઉપલબ્ધિ અનુસાર ભરવામાં આવે છે.

(૩) માણસા તાલુકા ૧૦, કલોલ તાલુકા ૧૯ અને દહેગામ તાલુકા ૨૩ એમ કુલ ૫૨ તળાવો પાઇપ લાઇનથી જોડી ભરવામાં આવે છે.

- ઉપરાંત કલોલ તાલુકાના બે તળાવો પાઇપ લાઇન સાથે જોડવાની કામગીરી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયે ભરવામાં આવશે.
- અન્ય સૂચિત પાઇપ લાઇન દ્વારા કલોલ તથા માણસા તાલુકામાં સ્કાવર વાલ્વથી ૨ કિ.મી. સુધીના અંતરમાં આવતા તળાવો તાંત્રિક દ્રષ્ટિએ જોડી શકાય તેમ હોય તો પાણીની ઉપલબ્ધિ ધ્યાને લઈ જોડવાનું આયોજન છે.
- દહેગામ તાલુકામાં અંદાજે ૪૬૦ હેકટર, કલોલ તાલુકામાં ૩૮૦ હેકટર અને માણસા તાલુકામાં ૨૦૦ હેકટર સહિત કુલ ૧૦૪૦ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સિંચાઈ સવલત ઉભી થયેલ

છે.

---------

## આણંદ જિલ્લાની નગરપાલિકાઓને ઓક્ટ્રોય વિકલ્પે ગ્રાન્ટ મળવા બાબત

* ૧૧૨૫૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કઈ નગરપાલિકાઓને ઓક્ટ્રોયના વિકલ્પે મળવાપાત્ર ગ્રાન્ટ કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગરપાલિકાઓને ઓક્ટ્રોયના વિકલ્પે મળવાપાત્ર નગરપાલિકાવાર ગ્રાન્ટની વિગતો સામેલ પરિશિષ્ટ મુજબ છે.

**પરિશિષ્ટ**

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **વાર્ષિક મળવાપાત્ર ગ્રાન્ટ રૂ઼ા.** |
|---|---|---|
| ૧ | આણંદ | ૬૭૩૦૯૫૧૨ |
| ૨ | બોરસદ | ૧૪૯૨૩૦૩૨ |
| ૩ | ખંભાત | ૨૫૯૬૪૩૫૨ |
| ૪ | પેટલાદ | ૨૫૮૫૭૧૯૨ |
| ૫ | કરમસદ | ૨૪૧૭૦૧૬ |
| ૬ | ઉમરેઠ | ૧૧૯૨૧૧૯૬ |
| ૭ | વલ્લભ વિદ્યાનગર | ૧૦૪૪૧૨૭૨ |
| ૮ | આંકલાવ | ૯૬૯૬૩૬ |
| ૯ | ઓડ | ૨૧૩૬૬૦૦ |
| ૧૦ | બોરીયાવી | ૨૩૩૦૮૨૦ |
| ૧૧ | સોજીત્રા | ૨૧૮૬૨૨૦ |
| | કુલ | ૧૬૬૪૫૬૮૪૮ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે નગરપાલિકાઓને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી ?

**જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે નગરપાલિકાઓને છેલ્લા બે વર્ષમાં નગરપાલિકા દીઠ વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટની વિગતો સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | વાર્ષિક ફાળવેલ ગ્રાન્ટ રૂ઼ા. | |
|---|---|---|---|
| | | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| ૧ | આણંદ | ૬૭૩૦૯૫૧૨ | ૬૭૩૦૯૫૧૨ |
| ૨ | બોરસદ | ૧૪૯૨૩૦૩૨ | ૧૪૯૨૩૦૩૨ |
| ૩ | ખંભાત | ૨૫૯૬૪૩૫૨ | ૨૫૯૬૪૩૫૨ |
| ૪ | પેટલાદ | ૨૫૮૫૭૧૯૨ | ૨૫૮૫૭૧૯૨ |
| ૫ | કરમસદ | ૨૪૧૭૦૧૬ | ૨૪૧૭૦૧૬ |
| ૬ | ઉમરેઠ | ૧૧૯૨૧૧૯૬ | ૧૧૯૨૧૧૯૬ |
| ૭ | વલ્લભ વિદ્યાનગર | ૧૦૪૪૧૨૭૨ | ૧૦૪૪૧૨૭૨ |
| ૮ | આંકલાવ | ૯૬૯૬૩૬ | ૯૬૯૬૩૬ |
| ૯ | ઓડ | ૨૧૩૬૬૦૦ | ૨૧૩૬૬૦૦ |
| ૧૦ | બોરીયાવી | ૨૩૩૦૮૨૦ | ૨૩૩૦૮૨૦ |
| ૧૧ | સોજીત્રા | ૨૧૮૬૨૨૦ | ૨૧૮૬૨૨૦ |
| | | કુલ | ૧૬૬૪૫૬૮૪૮ |

---------

તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## રાજકોટ શહેર અને જિલ્લામાં વિવિધ ગુનાઓ બાબત

* ૧૧૨૬૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખૂન, લૂંટ, ધાડ, ચોરી અને બળાત્કારના કેટલા કેસો નોંધાયા,

(૧)

**રાજકોટ શહેર**

| રાજકોટ શહેર | ખૂન | લૂંટ | ધાડ | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| | ૮૦ | ૧૦૫ | ૧૩ | ૧૭૯૪ | ૨૬ |

**રાજકોટ ગ્રામ્ય**

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ગોંડલ | ૧૨ | ૧૨ | ૨ | ૧૧૧ | ૬ |
| કોટડાસાંગાણી | ૫ | ૫ | ૧ | ૨૮ | ૨ |
| લોધીકા | ૫ | ૪ | ૨ | ૧૭ | ૨ |
| જસદણ | ૫ | ૪ | ૦ | ૩૭ | ૫ |
| વિંછીયા | ૨ | ૧ | ૦ | ૮ | ૨ |
| પડધરી | ૧ | ૦ | ૦ | ૧૮ | ૧ |
| જેતપુર | ૮ | ૬ | ૦ | ૧૩૦ | ૯ |
| ધોરાજી | ૪ | ૧ | ૦ | ૫૪ | ૨ |
| ઉપલેટા | ૪ | ૧ | ૦ | ૫૯ | ૩ |
| જામકંડોરણા | ૩ | ૨ | ૦ | ૭ | ૩ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી, અને

(૨) ૧૮૬૫ આરોપીઓની ધરપકડ કરી

(૩) ગુન્હાખોરી અટકાવવા સરકારે શાં પગલાંઓ લીધા ?

(૩) શરીર સંબંધી ગુના ન બને અને જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સત્વરે અટકાયતી પગલાં લેવામાં આવે છે. મિલકત સંબંધી ગુના અંકુશમાં રહે તે માટે રાત્રી રાઉન્ડમાં ચેકીંગ અસરકારક બનાવી શકમંદોને ચેક કરવામાં આવે છે.

---------

## અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી

* ૧૧૬૬૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ કયા તબક્કે છે,

(૧) અમદાવાદ –ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧ ના ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટને (D P R ) કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અને રાજ્ય સરકારે મંજૂરી આપીને કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલેલ છે. જે કેન્દ્ર સરકારમાં મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૨) મેટ્રો રેલના રૂટમાં ક્યારે ક્યારે ફેરફાર કરવામાં આવ્યા,

(૨) તા. ૨૯–૦૧–૨૦૧૪ના ઠરાવથી મેટ્રો રેલના રૂટમાં ફેરફાર કરી આખરી કરવામાં આવ્યો.

(૩) આ પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે, અને

(૩) આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૧૮માં અને સમગ્ર પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) આ પ્રોજેક્ટ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) એલાઈન્મેન્ટ અને પ્લાનીંગ, ડિઝાઇન, ડાયાફ્રામ વોલ અને રિટઈનીંગ વોલ બનાવવા, જમીન વિકાસ, મિલકતમાં વધારો, આઈટી હાર્ડવેર અને સોફ્ટવેર

ખર્ચ અને મહેસૂલી ખર્ચ તથા કન્સલ્ટન્સી વગેરે પાછળ રૂા. ૫૬૫.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**વલસાડ તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૧૪૨૯ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૬,૨૪૫ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૨૧,૨૩૫ |

---------

**તાપી જિલ્લામાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

* ૧૧૪૮૦ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) ૮૬૨ |

---------

**ખેડા અને સાબરકાંઠા જિલ્લામાં પશુઓને રસીકરણ**

* ૧૨૧૨૪ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ખેડા–૧૫,૮૩,૮૦૪ અને સાબરકાંઠા–૬૧,૦૧,૬૧૮ |

---------

**દાહોદ જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજના**

* ૧૧૨૫૨ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બે વર્ષમાં કેટલી ઉદવહન સિંચાઈની (લીફ્ટ ઈરીગેશન) યોજનાઓ બનાવવામાં આવી, | (૧) ૦૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓથી કેટલા હેક્ટર જમીનમાં સિંચાઈ થાય છે, અને | (૨) ૯૩ હેક્ટર |
| (૩) જો સિંચાઈ ન થતી હોય તો તેના કારણો કયા છે ? | (૩) વિજ જોડાણ બાકી હોવાથી |

---------

તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેર અને જિલ્લામાં પકડાયેલ ગૌમાંસ**

* ૧૧૩૨૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલું ગૌમાંસ પકડાયું, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાંથી ૯૨,૭૧૩ કિલોગ્રામ અને અમદાવાદ જિલ્લામાંથી ૭૬,૭૪૫ કિલોગ્રામ ગૌમાંસ પકડાયેલ છે. |
| (૨) આટલા મોટા પ્રમાણમાં ગૌમાંસ પકડાવા પાછળ ગાયોની હત્યા થઈ, તેના કારણો કયા છે, | (૨) અમદાવાદ શહેરમાં બહારના અન્ય ગામોમાંથી ગૌમાંસ લાવતા પકડાયેલ છે. અમદાવાદ શહેરમાં આવી પ્રવૃત્તિ ચાલતી હોવાનું જણાઈ આવેલ નથી. અમદાવાદ જિલ્લામાં પોતાના આર્થિક લાભ સારૂ આવી પ્રવૃત્તિ કરતા હોવાનું જણાય છે. |
| (૩) ગૌમાંસ પ્રતિબંધનો કાયદો હોવા છતાં કાયદાનો ચુસ્તપણે અમલ થતો નથી તેના કારણો શાં છે, અને | (૩) અને (૪) : ગૌમાંસ પ્રતિબંધના કાયદાનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે. આવા ગુનાઓ બનતા અટકાવવા સારૂ સખત વાહન ચેકીંગ, નાકાબંધી, વાહન પેટ્રોલીંગ, આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ઉપર સતત વોચ તથા પકડાયેલ ઈસમો ઉપર પાસા અટકાયતના અસરકારક પગલા લેવામાં આવે છે. |
| (૪) સરકાર આ અંગે શાં પગલાં લેવા માંગે છે ? | |

---------

**અમરેલી જિલ્લામાં પશુઓને રસીકરણ**

* ૧૧૪૨૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૧૩,૭૪,૦૨૮ |

---------

**આણંદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

૧૧૪૯૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
(૧) તા.૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશિનોર અને વિરપુર તાલુકામાં લેખની જમીન પૈકી કેટલી જમીનના પ્રોપર્ટી કાર્ડ બનેલ નથી, અને

(૨) આ પ્રોપર્ટી કાર્ડ કેટલા સમયમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : સીટી સર્વે કચેરી પાસે સ્ટેટ સમયના મુળના લેખ હોતા નથી. જે મિલકત ધારક સ્ટેટ સમયના લેખ આધારે મિલકત ધારણ કરતાં હોય અને આ પુરાવા હક્કચોકસી સમયે રજુ કરેલ હોય તેવા લોકોના સ્ટેટ સમયના લેખની માહિતી સીટી સર્વે કચેરી પાસે ઉપલબ્ધ હોય છે. જેના આધારે પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે. આજની તારીખે બાલાશિનોર સીટી સર્વે વિસ્તારમાં ૧૧૨ પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૫૩૮૨.૩૨ ચો.મી. જણાય છે તથા વીરપુર સીટી સર્વે વિસ્તારમાં ૭૬ પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૪૯૩.૧૮ ચો.મી. જણાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે વિસ્તારનો સીટી સરવે વિસ્તારમાં સમાવેશ થયેલ ન હોય તેના પ્રોપર્ટી કાર્ડ બની શકે નહીં.

---------

**કચ્છ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

૧૧૪૪૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) ૯૮ અરજીઓ

(૨) ૫૩ અરજીઓ

અને

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂા. ૫૨,૫૦,૦૦૦/-

---------

**ખેડા જિલ્લામાં સરકારી ગૌચર-ખરાબાની જમીનનું વેચાણ**

૧૨૦૮૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી-ગૌચર કે ખરાબાની કેટલી જમીન કયા હેતુ માટે શા ભાવે વેચાણથી આપવામાં આવી ?

**જવાબ**

સામેલ ***પત્રક-અ** અને **બ** મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ કેનાલોની સફાઈ**

૧૨૩૩૬ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કઈ કઈ સિંચાઈ કેનાલોમાં કાંપ /માટી છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જીલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ યોજનાઓની કેનાલોમાં તાલુકાવાર કાંપ/માટીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જીલ્લો | યોજનાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | હાથમતી | હિંમતનગર |
| | | | પ્રાંતિજ |
| ૨ | | સાબરમતી (ડા.કાં.મુ.નહેર) | વડાલી |
| | | | ઈડર |
| | | | હિંમતનગર |

અરવલ્લી જીલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કોઈ

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલા તાલુકાની કેનાલોમાંથી કાંપ/માટીની સફાઈ કરવામાં આવી,

**જવાબ**

(૨) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજનાઓના તાલુકાવાર નહેરોમાંથી કાંપ/માટીની સફાઈ કરવામાં આવેલ છે તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જીલ્લો | યોજનાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | હાથમતી | હિંમતનગર |
| | | | પ્રાંતિજ |
| ૨ | | સાબરમતી (ડાબા કાંઠા મુખ્ય નહેર) | વડાલી |
| | | | ઈડર |
| | | | હિંમતનગર |
| ૩ | | ખેડવા | ખેડબ્રહ્મા |
| ૪ | | ગુહાઈ | હિંમતનગર |
| ૫ | | હરણાવ | વિજયનગર |
| ૬ | અરવલ્લી | વાત્રક | માલપુર |
| | | | બાયડ |
| | | | ધનસુરા |
| ૭ | | માઝમ | મોડાસા |
| | | | ધનસુરા |
| ૮ | | મેશ્વો | મોડાસા |
| | | | ભિલોડા |
| | | | ધનસુરા |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કુલ રૂ઼ા. ૮૭.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૪) જે કાંપ/માટીનું કામ બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) શક્ય તેટલું વહેલું.

---------

**ડાંગ જિલ્લામાં લોક દરબાર**

૧૧૪૭૪ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ડાંગ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત પોલીસ દ્વારા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવાના હેતુથી સુરક્ષા સેતુ સોસાયટી નામની યોજના પણ શરૂ કરાયેલ છે.

(૨) ૭૦

---------

**ચાણસ્મા તાલુકામાં નર્મદા આધારિત શાખા–પેટા શાખા નહેરની લંબાઇ**

૧૨૧૦૧ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારિત પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાંથી પસાર થતી શાખા તથા પેટા શાખા નહેરની કુલ લંબાઇ કેટલી છે,

(૨) તે પૈકી તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી લંબાઇના કામો પૂર્ણ થયેલ છે ? અને

(૩) કેટલા ગામોને સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના આધારિત પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાંથી પસાર થતી શાખા અને પેટા શાખા નહેરોની કુલ લંબાઇ કિ.મી.માં નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **કુલ લંબાઇ (કિ.મી.)** |
|---|---|---|
| ૧ | શાખા | ૫.૪૪૬ |
| ૨ | વિશાખા | ૧૯.૨૮૦ |
| ૩ | પ્રશાખા | ૫૬.૯૨૦ |
| ૪ | પ્ર–પ્રશાખા | ૧૬૦.૯૯૦ |
| | **કુલ** | **૨૪૨.૬૩૬** |

(૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ શાખા તથા પેટા શાખા નહેરોની પૂર્ણ થયેલ કામગીરીની (કિ.મી. લંબાઇમાં) વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.)** |
|---|---|---|
| ૧ | શાખા | ૫.૪૪૬ |
| ૨ | વિશાખા | ૧૯.૧૩૨ |
| ૩ | પ્રશાખા | ૫૪.૨૧૦ |
| ૪ | પ્ર–પ્રશાખા | ૦.૦૦૦ |
| | **કુલ** | **૭૮.૭૮૮** |

(૩) પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં નર્મદા યોજનાની વિતરણ પધ્ધતિની નહેરોના કામો પૂર્ણ થયેથી ૧૪ ગામોને સિંચાઈનો લાભ મળશે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને તાલીમ**

૧૨૧૦૮ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા કેટલા ખેડૂતોને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૦૧૦૭ ખેડૂતો |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૫૬,૬૬,૭૮૮/– |

---------

**પાટણ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અરજીઓ**

૧૧૪૯૯ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરત / ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૬૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઇ, | (૨) મંજુર–૭૪૭<br>નામંજુર–૧૦ |
| (૩) કેટલી અરજીઓ પડતર રહી, અને | (૩) ૬ |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે? | (૪) ચકાસણી હેઠળ હોવાથી. |

---------

**અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૧૩૮૭ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) અરવલ્લી જિલ્લાની બે નગરપાલિકાઓ (૧) મોડાસા અને (૨) બાયડની ભૂગર્ભ ગટર યોજનાઓ અગાઉ મંજુર કરેલ હોઈ, તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ યોજના મંજૂર કરેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ? | |

---------

**રાજ્યમાં આવેલ ગૌચરની જમીનોને ગૌચરના હેતુ માટે ફાળવણી**

૧૨૩૦૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ ગૌચરની જમીનો ફક્ત ગૌચરના હેતુ માટે જ અનામત રાખવા અને અન્ય કોઈપણ હેતુ માટે તેની ફાળવણી નહીં કરવા માટે નામદાર સુપ્રીમ કોર્ટના જગપાલસીંગ એન્ડ અધર્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ એન્ડ અધર્સના કેસમાં તા. ૨૮/૧/૨૦૧૧ના રોજ જજમેન્ટ આપ્યુ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) સુપ્રીમ કોર્ટના તા. ૨૮/૧/૨૦૧૧ના રોજના ચૂકાદાથી સરકાર વાકેફ છે. |
| (૨) જો હા, તો આ જજમેન્ટ અમલીકરણ માટે રાજ્ય સરકાર તરફથી તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ કોઈપણ | (૨) ૧. વિભાગના તા. ૨૧/૪/૨૦૧૧ના પત્રથી તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓને નામ. સુપ્રીમ |

પ્રકારનો ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવ્યો નથી, તેના શાં કારણો છે,

કોર્ટના ચૂકાદાના અમલ માટે સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. તા. ૧૬/૬/૨૦૧૧ના પત્રથી પણ પુન:સુચનાઓ આપેલ છે.

(૩) આ ચૂકાદાના અમલીકરણની જવાબદારી કયા અધિકારીની થતી હતી અને તેની સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ ચૂકાદાના વહેલામાં વહેલા અમલીકરણ અને જરૂરી ઠરાવ પ્રસિધ્ધ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

(૪) ઉપર ખંડ : ૨ના જવાબમાં જણાવ્યા મુજબ.

---------

**ઓક્ટ્રોય નાબુદી સામે અમદાવાદ શહેરને ગ્રાન્ટ**

૧૧૩૧૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓક્ટ્રોય નાબુદી અન્વયે તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) ફાળવવામાં આવતી ગ્રાન્ટ દર વર્ષે ૧૫ ટકા વધારો કરવાનો હોય છે તે વાત સાચી છે, અને

(૩) જો હા, તો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વધારો કરેલ છે કે કેમ અને ના તો વધારો ન કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧) ઓક્ટ્રોય નાબુદી અન્વયે તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ગ્રાન્ટ (રૂ.) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૮૨૬,૬૨,૫૦,૦૦૦/- |
| ૨૦૧૩-૧૪ | ૮૨૬,૬૨,૫૦,૦૦૦/- |

(૨) દર વર્ષે ૧૫ ટકા જ વધારો કરવા અંગે કોઇ સ્થાયી સૂચનાઓ નથી પરંતુ રાજ્ય સરકારની ઉચ્ચકક્ષાની સમિતી મહાનગરપાલિકા વાઇઝ ગુણ-દોષના આધારે વધારો કરવા સૂચન કરતી હોય છે.

(૩) રાજ્ય સરકારની સમિતિએ કરેલ સૂચના અનુસાર અમદાવાદ મહાનગરપાલિકાને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૧૫% વધારો સૂચવવામાં આવ્યો છે. જે મંજુર કરવામાં આવેલ છે.

---------

**મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના**

૧૧૩૯૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં અગાઉ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલી કોઇ, તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ પાણી પુરવઠા યોજના મંજુર કરેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જખૌ ગામને પીવાનું પાણી આપવા બાબત**

૧૧૨૫૦ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના જખૌ ગામ પાસેથી મીઠી ડેમથી જખૌ સોલ્ટ સુધી પાણીની લાઇન જાય છે, અને જખૌ ગામને પીવા પાણી મળતું નથી માટે જખૌ જતી લાઇનમાંથી પાણી આપવા સરકાર માંગે છે કે કેમ?

- તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના જખૌ ગામ પાસેથી મીઠી ડેમથી જખૌ સોલ્ટ થઇ જખૌ પોર્ટ સુધી પાણીની લાઇન જાય છે તે ફીશરીઝ વિભાગ દ્વારા જખૌ પોર્ટ માટેની ખાસ યોજના છે અને તેમાં જખૌ ગામને પીવાનું પાણી આપવાની જોગવાઇ થયેલ નથી.
- જખૌ ગામ હાલ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના મારફતે પાણી મેળવે છે તથા કાયમી ધોરણે જખૌ ગામને નર્મદા આધારીત પાણી પુરવઠો જખૌ ગામના હેડવર્કસ સુધીની પાઇપ લાઇન મારફતે પુરૂ પાડવાનું આયોજન છે.

---------

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો**

૧૧૫૦૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૪ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૪ |
| | **કુલઃ** | **૮** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે?

(૨) કુલ રૂા. ૫૫૭.૯૧ લાખ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં રેલ્વે મંત્રાલય, ભારત સરકારને ફાળવેલ જમીન**

૧૧૪૦૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના રેલ્વે મંત્રાલયના ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર પ્રોજેક્ટ માટે બનાસકાંઠા જિલ્લામાં કોઇ સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, અને

(૧) હા.

(૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે?

(૨) હે. ૫-૩૫-૬૭ ચો.મી.

---------

**રાજકોટ જિલ્લામાં કુંઢેચ ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવા બાબત**

૧૧૪૫૬ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં કુઢેચ ગામ પાસે ભાદર નદી ઉપર મોટા ચેકડેમ બનાવવાની કામગીરી તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

(૨) તે કામ પુર્ણ કરવાનું આયોજન શું છે, અને

(૨) મે-૨૦૧૫ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે?

(૩) ૩૫૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**આણંદ જિલ્લામાં પપૈયા પાક માટે સહાય**

૧૧૪૧૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં પપૈયા પાકના નવા વાવેતર માટે સહાયની કોઇ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે આ જિલ્લાના કેટલા ખેડૂતોને વર્ષ ૨૦૧૩–૧૪માં સહાય ચૂકવેલ છે? | (૨) ૦૩ ખેડૂતોને. |

---------

**રાજકોટ જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ**

૧૧૪૨૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૩૬૯. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૩,૬૧૦. |

---------

**ખંભાતને બંદર બનાવવાની જાહેરાત બાબત**

૧૨૭૫૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખંભાતને બંદર બનાવવાની જાહેરાત ક્યારે કરવામાં આવી,<br>(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી,<br>(૩) સર્વેના રીપોર્ટ મુજબ ખંભાત બંદર બની શકે તેમ છે કે નહીં, અને | (૧) (૨) અને (૩) ખંભાત બંદર વિકસાવવા માટે વર્ષ ૨૦૦૬–૦૭ દરમ્યાન ખાનગી વિકાસકારો પાસેથી ખાનગી મૂડીરોકાણથી ઓફરો મંગાવવામાં આવેલ હતી. જે અન્વયે મે.ઇન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાયનાન્સીયલ સર્વિસીસ, મુંબઇને ઇરાદા પત્ર આપવામાં આવેલ. આ સુચિત બંદર કલ્પસર પ્રોજેક્ટ સાથે સંકળાયેલ હોવાને કારણે કામગીરી શરૂ થઇ શકેલ નથી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં કાર્યરત થશે ? | (૪) કલ્પસર વિભાગ દ્વારા ‘‘ટેકનોઇકોનોમિક સ્ટડી’’ રીપોર્ટ હાથ ધરવામાં આવી રહેલ છે. જે પુરી થયેથી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે. |

---------

**કચ્છ શાખા નહેર દ્વારા અંજાર તાલુકાને સિંચાઇ લાભ**

૧૧૩૭૮ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર દ્વારા અંજાર તાલુકાના કેટલા વિસ્તારને લાભ મળનાર છે, અને | (૧) નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર દ્વારા અંજાર તાલુકાના કુલ ૧૩૩૬૭ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે. |
| (૨) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે? | (૨) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અંજાર તાલુકામાં કચ્છ શાખા નહેરના રૂ. ૫૬૭.૧૬ કરોડના ૮ (આઠ) કામો પ્રગતિ હેઠળ છે. |

---------

**અમરેલી શહેરમાં બિન અધિકૃત દબાણ**

૧૧૭૬૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ અમરેલી શહેરમાં સરદાર સર્કલથી વાયા પોલીસ લાઇન-મણિનગર સુધીના રાહદારી જાહેર માર્ગ ઉપર પોલીસ ખાતા દ્વારા અનધિકૃત દબાણ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ અંગે નામદાર હાઇકોર્ટ દ્વારા ક્યારે અને શું હુકમ કરવામાં આવેલ છે, | (૨) બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતાં નામ. હાઇકોર્ટના તા.૦૭-૦૪-૨૦૦૫ ના હુકમથી પીટીશનનો નિકાલ કરેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ નામદાર હાઇકોર્ટના હુકમનું પાલન કરવામાં વિલંબના કારણો શું છે, અને | (૩) બંને પક્ષકારો વચ્ચે સમજુતી અન્વયે રસ્તા માટે જમીન ખુલ્લી કરવાની થતી હોઇ નામદાર હાઇકોર્ટના હુકમનો પાલન કરવામાં વિલંબનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા સમયમાં આ દબાણ દૂર કરવામાં આવશે ? અને તે અંગે શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૪) પોલીસ ખાતાએ સુચિત રસ્તા પરના બાંધકામને દુર કરવાના બાબતે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીને જરૂરી સૂચના આપેલ છે. |

---------

**અંકલેશ્વર તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના**

૧૧૪૪૬ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં તા.૩૦-૦૪-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૬ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૨૧૨.૯૩ લાખ. |

---------

**જામનગર જિલ્લામાં નવી શરતની જમીન, જુની શરતમાં ફેરવવા અરજીઓ**

૧૧૪૦૬ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જુની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી નામંજુર થઇ, | (૨) મંજુરઃ ૬<br>નામંજુરઃ ૮. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહી, અને | (૩) ૧૨. |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) ચકાસણી હેઠળ હોવાથી. |

---------

**કેશોદ તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

૧૧૪૨૩ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨,૦૮૦. |

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? (૩) ૧૯,૮૦૧.

---------

**ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક મકાનો**

૧૧૫૧૧ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૭૪ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૦૦ |
| | કુલ | **૭૪** |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂ.૪૭૧.૧૫ લાખ.

---------

**અમદાવાદ જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ**

૧૧૪૩૪ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૬૧.

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૧૦,૪૬૩.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ**

૧૧૨૪૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

(૧) **પત્રક-૧** મુજબ.

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને આ વીમા યોજના હેઠળ કેટલી રકમ વર્ષવાર આપવામાં આવી,

(૨) **પત્રક-૨** મુજબ.

(૩) કેટલા કેસો પડતર મંજૂર થવા પાત્ર છે, અને

(૪) આ વીમા નાણા ક્યારે ચુકવાશે ?

(૩) અને (૪)

૩૮ કેસો પડતર છે તેમના સાધનિક કાગળો સંબંધિત અરજદારશ્રીઓ પાસેથી માંગવામાં આવેલ છે જે અરજદારશ્રીઓ દ્વારા રજુ થયેથી વીમા નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા સદર કેસોની ચકાસણી કરી મંજૂર/નામંજૂર અંગેનો નિર્ણય કરવામાં આવશે. અને તદનુસાર ચુકવવાપાત્ર દાવાઓના નાણા ચુકવવામાં આવશે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૪-૨૦૧૨ થી તા.૩૧-૦૩-૨૦૧૩ | તા.૦૧-૦૪-૨૦૧૩ થી | તા.૦૧-૦૪-૨૦૧૪ થી | કુલ |
|---|---|---|---|---|---|

| | | સુધીમાં મળેલ અરજીઓ | તા.૩૧-૦૩-૨૦૧૪ સુધીમાં મળેલ અરજીઓ | તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં મળેલ અરજીઓ | |
|---|---|---|---|---|---|
| ૧ | સંખેડા | ૧૫ | ૯ | ૦ | ૨૪ |
| ૨ | નસવાડી | ૬ | ૪ | ૦ | ૧૦ |
| ૩ | જેતપુર પાવી | ૮ | ૭ | ૨ | ૧૭ |
| ૪ | છોટા ઉદેપુર | ૫ | ૧૧ | ૦ | ૧૬ |
| ૫ | ક્વાંટ | ૬ | ૫ | ૦ | ૧૧ |
| ૬ | બોડેલી | - | - | ૧ | ૧ |
| | કુલ | ૪૦ | ૩૬ | ૩ | ૭૯ |

**પત્રક-૨**

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૪-૨૦૧૨ થી તા.૩૧-૦૩-૨૦૧૩ની અરજીઓમાં | | તા.૦૧-૦૪-૨૦૧૩ થી તા.૩૧-૦૩-૨૦૧૪ની અરજીઓમાં | | તા.૦૧-૦૪-૨૦૧૪ થી તા.૩૧-૦૫-૨૦૧૪ની અરજીઓમાં | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વીમા સહાય મેળવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | વીમા સહાય મેળવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | વીમા સહાય મેળવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | વીમા સહાય મેળવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
| ૧ | સંખેડા | ૯ | ૯.૦૦ | ૫ | ૫.૦૦ | ૦ | ૦.૦૦ | ૧૪ | ૧૪.૦૦ |
| ૨ | નસવાડી | ૧ | ૧.૦૦ | ૨ | ૨.૦૦ | ૦ | ૦.૦૦ | ૩ | ૩.૦૦ |
| ૩ | જેતપુર પાવી | ૫ | ૫.૦૦ | ૨ | ૨.૦૦ | ૧ | ૧.૦૦ | ૮ | ૮.૦૦ |
| ૪ | છોટા ઉદેપુર | ૨ | ૧.૫૦ | ૭ | ૭.૦૦ | ૦ | ૦.૦૦ | ૯ | ૮.૫૦ |
| ૫ | ક્વાંટ | ૩ | ૩.૦૦ | ૧ | ૧.૦૦ | ૦ | ૦.૦૦ | ૪ | ૪.૦૦ |
| ૬ | બોડેલી | - | | - | | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૨૦** | **૧૯.૫૦** | **૧૭** | **૧૭.૦૦** | **૧** | **૧.૦૦** | **૩૮** | **૩૭.૫૦** |

---------

### વિસાવદર, ભેંસાણ અને બિલખા તાલુકામાં પોલીસ કર્મચારીઓની ખાલી જગ્યાઓ

૧૨૭૬૭ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ વિસાવદર-ભેંસાણ-બીલખા તાલુકામાં સંવર્ગવાર મંજૂર થયેલ પોલીસ કર્મીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**પત્રક-અ** મુજબ.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

### લુણાવાડા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના

૧૧૪૪૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં તા.૩૦-૦૪-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૬ યોજનાઓ મંજુર કરવામાં આવી.

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

(૨) રૂ.૧૦૨.૯૧ લાખ.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં એગ્રીકલ્ચર સેન્સસ મુજબ ખેતીની ચોખ્ખી જમીનનું ક્ષેત્રફળ**

૧૧૨૯૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એગ્રીકલ્ચર સેન્સસ મુજબ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખેતીની ચોખ્ખી જમીનનું ક્ષેત્રફળ કેટલું છે ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનનું ક્ષેત્રફળ નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જમીનનું ક્ષેત્રફળ (હેક્ટરમાં)** |
|---|---|---|
| ૧ | માંડલ | ૩૫૨૧૦ |
| ૨ | દેત્રોજ–રામપુરા | ૨૯૦૫૧ |
| ૩ | વિરમગામ | ૭૬૭૯૭ |
| ૪ | સાણંદ | ૫૫૪૫૭ |
| ૫ | અમદાવાદ સીટી | ૩૨૬૦ |
| ૬ | દસક્રોઇ | ૪૬૩૮૨ |
| ૭ | ધોળકા | ૯૬૪૫૪ |
| ૮ | બાવળા | ૬૦૭૪૮ |
| ૯ | રાણપુર | ૩૫૯૮૬ |
| ૧૦ | બરવાળા | ૩૬૫૮૪ |
| ૧૧ | ધંધુકા | ૧૦૪૩૨૮ |

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનનું ક્ષેત્રફળ નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જમીનનું ક્ષેત્રફળ (હેક્ટરમાં)** |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૪૭૮૭ |
| ૨ | દહેગામ | ૪૯૨૧૭ |
| ૩ | માણસા | ૨૮૭૫૬ |
| ૪ | કલોલ | ૩૬૬૪૧ |

---------

**પાટણ જિલ્લામાં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનો**

૧૧૫૦૨ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૨ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૩ |
| | **કુલ** | **૫** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂા. ૨૪૩.૩૯ લાખ.

---------

**એસ.આર.પી. જૂથ–૭, નડિયાદના પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્ય ચકાસણી**

અતારાંકિત પ્રશ્નો

૧૧૪૮૨ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સુચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૭, નડિયાદમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ? | (૨) ૨,૨૦૬ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો**

૧૨૧૦૯ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૧ |
| | **કુલ** | **૨** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૧૩૦.૦૯ લાખ.

---------

**કરાઇ ખાતેની પોલીસ તાલીમ અકાદમીમાં પોલીસ અધિકારીઓને તાલીમ**

૧૧૫૧૩ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં કરાઇ ખાતેની પોલીસ તાલીમ અકાદમીમાં પોલીસ અધિકારીઓને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને

(૧) (૧) બુનિયાદી તાલીમ
(૨) રીફ્રેશર તાલીમ
(૩) જુદા જુદા વિષયો ઉપર સેમિનાર તથા વર્કશોપ મારફતે આપવામાં આવતી તાલીમ
(૪) બુનિયાદી કમાન્ડો તાલીમ
(૫) રીફ્રેશર કમાન્ડો તાલીમ
(૬) બોમ્બ ડીસ્પોઝલ એન્ડ ડીટેકશન સ્ક્વોડને સબંધી તાલીમ
(૭) સાયબર ક્રાઇમને લગતી તાલીમ
(૮) કોમ્પ્યુટરની પાયાની તાલીમ
(૯) સુરક્ષા સેતુના વિષયોને લગતી તાલીમ
(૧૦) જુદા જુદા વિષયો ઉપર કેપ્સુલ કોર્ષ મુજબની તાલીમ

(૨) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવી ?

(૨) કુલ – ૫,૭૨૯ અધિકારીઓને.

---------

**ચીખલી તાલુકામાં ગણોતિયાઓ પાસેથી બાકી વસુલ રકમ**

૧૧૫૦૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં કૃષિપંચ દ્વારા જાહેર કરેલ ગણોતિયાઓ પાસે ખરીદ કિંમત વસુલ કરવાના કેટલા કેસ બાકી છે, અને

(૧) કોઈ કેસ બાકી નથી.

(૨) બાકી ખરીદ કિંમત ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લામાં નર્મદા આધારિત શાખા-પેટા શાખા નહેરોની લંબાઈ**

૧૧૭૭૯ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) નર્મદા યોજના આધારિત પાટણ જિલ્લામાંથી પસાર થતી શાખા તથા પેટાશાખા નહેરની કુલ લંબાઈ કેટલી છે, અને

(૧) નર્મદા યોજના આધારિત પાટણ જિલ્લામાંથી પસાર થતી શાખા તથા પેટાશાખા નહેરની કુલ લંબાઈ (કિ.મી.માં) નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **કુલ લંબાઈ (કિ.મી.)** |
|---|---|---|
| ૧ | શાખા | ૧૭૮.૦૭ |
| ૨ | પેટા શાખા | ૨૫.૮૬ |
| | **કુલ** | **૨૦૩.૯૩** |

(૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી લંબાઈના કામો પૂર્ણ થયેલ છે ?

(૨) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ શાખા તથા પેટા શાખા નહેરોની પૂર્ણ થયેલ કામગીરીની (કિ.મી. લંબાઇમાં) વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.)** |
|---|---|---|
| ૧ | શાખા | ૧૭૨.૫૪ |
| ૨ | વિશાખા | ૨૨.૫૬ |
| | **કુલ** | **૧૯૫.૧૦** |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પશુ સારવાર કેન્દ્ર/પશુ દવાખાનાઓ**

૧૨૬૮૪ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પશુ સારવાર કેન્દ્રો/પશુ દવાખાનાઓ આવેલ છે,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ પશુ સારવાર કેન્દ્રો/પશુ દવાખાનાઓની માહિતી **પત્રક-૧** મુજબ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત દવાખાનાઓ/પશુ સારવાર કેન્દ્રો અપ-ગ્રેડ કરવા અંગે તાલુકાવાર કેટલી દરખાસ્ત/અરજીઓ વિભાગમાં મળી આ અંગે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) ગાંધીનગર-૦ અને મહેસાણા-૧
મહેસાણા જિલ્લામાંથી ગામ આદિવાડા, તાલુકો-બેચરાજી ખાતેનુ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અપગ્રેડ કરી પશુદવાખાનુ બનાવવાની એક દરખાસ્ત મળેલ છે. આ દરખાસ્ત ચકાસણી હેઠળ છે.

(૩) પડતર અરજીઓના સંબંધમાં કેટલા સમયમાં નિર્ણય કરવામાં આવશે ?

(૩) ભવિષ્યમાં નવીન પશુદવાખાના સ્થાપવાની યોજના મંજૂર થયેથી પડતર અરજી વિચારણામાં લેવામાં આવશે.

પત્રક-૧

ગાંધીનગર જિલ્લો

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાનાઓ** | **પ્રાથમિક પશુસારવાર** |
|---|---|---|---|

| | | | કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૬ | ૪ |
| ૨ | કલોલ | ૬ | ૨ |
| ૩ | માણસા | ૬ | ૩ |
| ૪ | ગાંધીનગર | ૫ | ૪ |
| **કુલ** | | **૨૩** | **૧૩** |

**મહેસાણા જિલ્લો**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાનાઓ** | **પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો** |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ | ૫ |
| ૨ | વડનગર | ૧ | ૧ |
| ૩ | વિસનગર | ૬ | ૨ |
| ૪ | ખેરાલુ | ૪ | ૨ |
| ૫ | સતલાસણા | ૨ | ૨ |
| ૬ | ઉંઝા | ૨ | ૧ |
| ૭ | વિજાપુર | ૫ | ૧ |
| ૮ | કડી | ૫ | ૫ |
| ૯ | બેચરાજી | ૨ | ૧ |
| **કુલ** | | **૩૧** | **૨૦** |

---------

**આણંદ જિલ્લામાં પ્લાન્ટ નર્સરી સ્થાપવા સહાય**

૧૧૨૫૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પ્લાન્ટ નર્સરીની સ્થાપના માટે સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હાઇટેક નર્સરી ઊભી કરવા માટે (૪ હેક્ટર), મહત્તમ રૂા.૧૦૦.૦૦ લાખના એકમ ખર્ચ સામે

- જાહેર ક્ષેત્રને ખર્ચના ૧૦૦%
- ખાનગી ક્ષેત્રે સામાન્ય ખેડૂતોને ૫૫% અને અ.જા. અને અ.જન.જા. ના ખેડૂતો માટે ૬૫% સહાય,

નાની નર્સરી (૧ હેક્ટર સુધી),

- જાહેર ક્ષેત્રે ખર્ચના ૧૦૦%
  વધુમાં વધુ રૂા.૧૫.૦૦ લાખ પ્રતિ હે.
- ખાનગી ક્ષેત્રે સામાન્ય ખેડૂતોને ૬૫% અને અ.જા. અને અ.જન.જા. ના ખેડૂતો માટે ૭૫% સહાય

પ્લગ નર્સરી ઊભી કરવા માટે મહત્તમ રૂા.૩૦.૦૦ લાખના એકમ ખર્ચ માટે જાહેર ક્ષેત્રને ૧૦૦% અને ખાનગી ક્ષેત્રને ૫૦% સહાય

(૨) રૂા.૧,૫૬,૨૦૦/–

---------

તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં ગૌચર અને ખરાબાની જમીનનું વેચાણ**

૧૧૨૬૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગૌચર અને ખરાબાની જમીનો કયા હેતુ માટે વેચાણથી આપવામાં આવી, | (૧) સામેલ **પત્રક–અ** મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતોની મંજૂરી મેળવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) ગૌચર જમીનની ફાળવણી માટે મેળવવામાં આવે છે. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક–અ**

| તાલુકો | ગૌચર (ચો.મી.) | સરકારી ખરાબો (ચો.મી.) | હેતુ |
|---|---|---|---|
| કોટડા સાંગાણી | ૪૯૦૦.૦૦ | ૩૧૧૬૪.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **૪૯૦૦.૦૦** | **૩૧૧૬૪.૦૦** | |
| લોધીકા | – | ૪૯૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **–** | **૪૯૦૦** | |
| પડધરી | – | ૧૦૦૦૦.૦૦ | સમ્પ અને પમ્પીંગ સ્ટેશન માટે. |
| | – | ૩૩૩.૩૪ | રેસ્ટોરન્ટ માટે |
| | – | ૫૨૧૫૨.૦૦ | શૈક્ષણિક |
| **કુલ** | | **૬૨૪૮૫.૩૪** | |
| જસદણ | – | ૧૮૮.૫૯ | ગોડાઉન બનાવવા માટે. |
| | – | ૧૪૭૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **–** | **૧૪૮૮૮.૫૯** | |
| ગોંડલ | ૪૯૦૦.૦૦ | ૧૧૦૨૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **૪૯૦૦.૦૦** | **૧૧૦૨૦.૦૦** | |
| જેતપુર | – | ૧૪૭૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| | – | ૧૭૧૪.૦૦ | છાત્રાલય–શૈક્ષણિક. |
| **કુલ** | **–** | **૧૬૪૧૪.૦૦** | |
| ધોરાજી | ૩૮૫૦.૦૦ | ૪૯૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **૩૮૫૦.૦૦** | **૪૯૦૦.૦૦** | |
| જામકંડોરણા | – | ૧૬૧૮.૭૨ | ગોડાઉન બનાવવા માટે. |
| | – | ૯૮૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | | **૧૧૪૧૮.૭૨** | |
| રાજકોટ | – | ૬૦૫૧.૩૯ | રહેણાંકના હેતુ માટે. |
| | – | ૯૮૦૦.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશન માટે. |
| **કુલ** | **–** | **૧૫૮૫૧.૩૯** | |
| **કુલ** | **૧૩૬૫૦.૦૦** | **૧૭૩૦૪૨.૦૪** | |

_________

**વલસાડ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

૧૧૪૩૮ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૮૪ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૫૯ અરજીઓ.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂા. ૫૯,૦૦,૦૦૦/-.

---------

**આણંદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો**

૧૧૫૧૨ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૫૦ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૦૦ |
| | **કુલઃ-** | **૫૦** |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂા. ૨૯૮.૮૪ લાખ.

---------

**કડાણા ડેમમાંથી પાઇપલાઇન દ્વારા પાણી દાહોદ જિલ્લામાં લાવવા બાબત**

૧૧૨૫૩ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કડાણા ડેમમાંથી પાઇપલાઇન દ્વારા પાણી લાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કડાણા ડેમમાંથી પાઇપલાઇનથી પાણી લાવવાની કામગીરી ૯૨ ટકા જેટલી થયેલ હતી. જે હાલમાં ૯૪ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) આ કામ કેટલા સમયમાં, કેટલી રકમના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે અને કયાં સુધીમાં પીવાનું પાણી મળશે,

(૨) આ કામ અંદાજીત રકમ રૂા. ૧૨૭૧૨.૨૭ લાખના ખર્ચે માહે ૯/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે.

(૩) કડાણા ડેમની પાઇપલાઇનનું કામ કઈ એજન્સીને સોંપવામાં આવ્યું છે,

(૩) મે. રામકી ઈંફ્રાસ્ટ્રકચર લીમીટેડ, હૈદરાબાદ

(૪) આ કામની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ છે, તે હકીકત સાચી છે, અને

(૪) હા જી.

(૫) જો હા, તો એજન્સી સામે ટેન્ડરોની શરતો પ્રમાણે પગલાં લેવામાં આવ્યા છે કે કેમ?

(૫) લીકવીડીટી ડેમેજ પેટે રૂા. ૮૩.૦૦ લાખ રકમની કપાત કરેલ છે.

હાલ સમયમર્યાદા પેટે રૂા. ૭૩.૦૦ લાખ રકમ કપાત કરી જમા રાખેલ છે.

---------

**ભાક્ષી-૨ને પીવાનું પાણી મહી યોજનામાંથી આપવા બાબત**

૧૧૫૩૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજુલા તાલુકામાં ધારતવાડી-૧ યોજનાના પુનઃવસન પામેલ ભાક્ષી-૨ ગામનો રાજુલા ગ્રૂપ મહિયોજનામાં સમાવેશ કરવામાં આવેલ નથી, તે ખરૂ છે, અને

(૧) હા જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો ભાક્ષી–૨ ગામના લોકોને પીવાનું પાણી મહિ આધારીત યોજનામાંથી આપવા શું આયોજન છે? | (૨) ભાક્ષી–૨ ગામને મહિ આધારીત સાવરકુંડલા ગ્રુપમાં આંબરડીથી દોલતી જતી લાઇનમાં જોડી પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

---------

**એસ.આર.પી. જૂથ–૯, વડોદરા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

૧૧૪૭૮ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૯, વડોદરામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) ૧,૪૩૩. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ફળઝાડના વાવેતરનાં લાભાર્થી**

૧૨૧૦૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં જૂનાગઢ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૭૯૫ લાભાર્થીઓને. |
| (૨) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂા. ૫૯,૧૫,૦૦૦/–. |

---------

**નર્મદા યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં મડકા શાખા નહેરોના કામ**

૧૧૩૭૩ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મડકા શાખા નહેરોના કામો કયા તબક્કે છે, અને | (૧) નર્મદા યોજના અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મડકા શાખા અને તેની વિશાખા તથા પ્રશાખા (માઈનોર)નહેરોના કામ પૂર્ણ થયેલ છે. પ્રશાખા (સબમાઈનોર)ના કામો હાથ ધરવાના બાકી છે. |
| (૨) આ કામો કયારે પૂર્ણ કરવામાં આવનાર છે? | (૨) પ્ર–પ્રશાખા (સબમાઈનોર) નહેરોના કામો તબક્કાવાર હાથ ધરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**આણંદ જિલ્લામાં પાણીના બોર**

૧૧૪૪૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા બોર પાણી પુરવઠા વિભાગ દ્વારા બનાવવામાં આવ્યા, અને | (૧) ૨૩૨ બોર. |
| (૨) તે પૈકી કેટલા બોર હેન્ડપમ્પ બેસાડી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો? | (૨) ૨૩૦ બોર પર. |

---------

**વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો**

૧૧૪૭૩ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકનાં મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૨૪ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૦ |
| | **કુલઃ–** | **૨૪** |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે.?

(૨) કુલ રૂા. ૧૪૬.૨૫ લાખ.

---------

**ખાનપુર તાલુકાનાં બાકોર મુકામે જેલની સુવિધા**

૧૨૦૫૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં આવેલ ખાનપુર તાલુકાના બાકોર મુકામે જેલની સુવિધા નથી, તે હકીકત સાચી છે, કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત જગ્યાએ જેલની સુવિધા ક્યાં સુધીમાં પૂરી કરવા માગો છો?

(૨) આ અંગે કોઈ આયોજન નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં સ્થાવર મિલકતની મહિલાઓનાં નામે નોંધણી**

૧૧૩૯૬ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્થાવર મિલકતની તબદીલીના કેટલા દસ્તાવેજોની ફક્ત મહિલાઓના નામે નોંધણી થયેલ છે,

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્થાવર મિલકતની તબદીલીના **૩૭૧૦૪** દસ્તાવેજોની ફક્ત મહિલાઓના નામે નોંધણી થયેલ છે.

(૨) આવા કેટલા દસ્તાવેજોમાં અને કેટલી મહિલાઓને નોંધણી ફીની માફી આપવામાં આવેલ છે, અને

(૨) **કુલ ૩૭૧૦૪** દસ્તાવોજોમાં **૩૮૮૫૩** મહિલાઓને નોંધણી ફી ની માફી આપવામાં આવેલ છે.

(૩) કેટલી રકમની નોંધણી ફી માફી આપવામાં આવેલ છે?

(૩) **કુલ રૂા.૧,૦૧,૪૬,૬૩૧**/–ની નોંધણી ફીની માફી આપવામાં આવેલ છે.

---------

**કાલાવડ તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

૧૧૪૨૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧) ૨૦.

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૨) ૧૮,૩૫૨.

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

(૩) ૧૫,૧૫૯.

---------

## નવસારી જિલ્લાની નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના

૧૧૪૯૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નવસારી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નવસારી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ નગરપાલિકાઓ (૧) ગણદેવી (૨) બીલીમોરા (૩) વિજલપોરની ભુગર્ભ ગટર યોજનાઓ રૂ. ૧૦૭.૮૪ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) ત્રણેય યોજનાઓ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે? | |

---------

## ધરોઇ યોજનામાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ વિસ્તાર

૧૧૪૫૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ધરોઇ યોજનામાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૬૫૭૩૩ હેક્ટર. |
| (૨) આ યોજનામાં કેટલી મંડળીઓ કાર્યરત છે? | (૨) ૨૬૦. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં નકલી બિયારણનું વેચાણ

૧૧૨૪૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને નકલી બિયારણ વેચાતું હોવાથી સરકાર વાકેફ છે, | (૧) ના, છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કોઇ નકલી બિયારણ વેચતા હોવાનું ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇસમો પકડવામાં આવ્યા અને આ ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આગામી સમયમાં નકલી બિયારણનું વેચાણ ન થાય તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે? | (૩) આગામી સમયમાં નકલી બિયારણનું વેચાણ ન થાય તે માટે રાજ્ય સરકારે જિલ્લામાં ગુણવત્તા નિયંત્રણ તંત્ર મારફત ૩૦૦ બિયારણના નમૂનાઓ લેવાનું આયોજન કરેલ છે, તેમજ આવા બિયારણના વેચાણ તેમજ હેરફેર રોકવા આંતર–જિલ્લા સ્કવોર્ડની રચના કરેલ છે. |

---------

## ડાંગ જિલ્લામાં બાગાયત મારફતે ખેડૂતોને ગ્રીનહાઉસનો લાભ

૧૨૦૪૫ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં બાગાયત હોર્ટીકલ્ચર મારફતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને ગ્રીન હાઉસનો લાભ આપવામાં આવ્યો ? | એક પણ નહીં. |

---------

**મહેસાણા જિલ્લામાં નર્મદા યોજની નહેરોના કામ**

૧૧૩૭૯ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરોના કામો કયા તબક્કે છે, અને | (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરોના કામોની સ્થિતિ (કિ.મી. લંબાઇમાં) નીચે મુજબ છે. |

| નહેરનો પ્રકાર | મહેસાણા જિલ્લામાં કુલ લંબાઇ (કિ.મી.) | તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | બાકી રહેલ લંબાઇ (કિ.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૫૧.૫૮ | ૫૧.૫૮ | ૦.૦૦ |
| શાખા નહેર | ૯૫.૩૫ | ૯૫.૩૫ | ૦.૦૦ |
| વિશાખા | ૧૫૮.૫૪ | ૧૫૧.૭૧ | ૬.૮૩ |
| માઇનોર | ૫૯૦.૮૮ | ૩૩૦.૩૬ | ૨૬૦.૫૨ |
| સબ-માઇનોર | ૧૫૭૪.૭૨ | ૧૫૧.૪૩ | ૧૪૨૩.૨૯ |
| **કુલઃ** | **૨૪૭૧.૦૭** | **૭૮૦.૪૩** | **૧૬૯૦.૬૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ કામો પૂર્ણ થયેથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે? | (૨) આ કામો પૂર્ણ થયેથી મહેસાણા જિલ્લાના કડી, બેચરાજી અને મહેસાણા તાલુકાના ૧૨૮ ગામોના ૧,૫૩,૩૩૬ એકર પિયત વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે. |

---------

**ઉના નગરપાલિકાનો ડેવલપમેન્ટ પ્લાન બનાવવા બાબત**

૧૨૬૦૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ઉના નગરપાલિકાનો ડેવલમેન્ટ પ્લાન છેલ્લે ક્યારે બનાવવામાં આવ્યો, અને | (૧) તા. ૧૫-૦૯-૮૯ થી મંજુર કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉના નગરપાલિકાનો ડેવલપમેન્ટ પ્લાન ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં તેનો અમલ થશે? | (૨) તા. ૧૬-૧૦-૮૯ થી હાલ અમલમાં છે. |

---------

**સૌની યોજના હેઠળ ભાવનગર જિલ્લાના ડેમ ભરવા બાબત**

૧૧૪૫૪ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સૌની યોજના હેઠળ ભાવનગર જિલ્લાના કેટલા ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે, અને | (૧) ૧૦ ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે. |
| (૨) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૨) આશરે ૨,૧૧,૫૬૬ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

---------

**ગણદેવી તાલુકામાં દરિયાઇ ધોવાણ અટકાવવા કાર્યવાહી**

૧૧૭૭૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં દરિયાઇ ધોવાણ અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ આયોજન | (૧) હા, જી. |

કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામની તા. ૩૧-૩-૨૦૧૪ના રોજ સ્થિતિ શી છે,

(૨) ધોલાઇ ગામે કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે,

(૩) રૂ. ૩૩૦.૧૦ લાખ.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.'

(૫) તેનાથી કેટલી વસ્તીને લાભ થશે?

(૫) ૫૧૫૦.

---------

**અરવલ્લી જિલ્લામાં સિંચાઇ કેનાલોની સફાઇ**

૧૨૦૦૬ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કઇ કઇ સિંચાઇ કેનાલોમાં કાંપ/માટી છે,

(૧) અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કોઇ યોજનાઓની કેનાલોમાં કાંપ/માટી નથી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલા તાલુકાની કેનાલોમાંથી કાંપ/માટીની સફાઇ કરવામાં આવી,

(૨) અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની યોજનાઓની તાલુકાવાર નહેરોમાંથી કાંપ/માટીની સફાઇ કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લો | યોજનાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | વાત્રક | માલપુર |
| | | | બાયડ |
| | | | ધનસુરા |
| ૨ | | માઝમ | મોડાસા |
| | | | ધનસુરા |
| | | મેશ્વો | મોડાસા |
| | | | ભિલોડા |
| | | | ધનસુરા |
| ૩ | | વૈડી | મેઘરજ |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે કુલ રૂ. ૮.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૪) જે કાંપ/માટીનું કામ બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૪) કેનાલમાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કાંપ/માટી હયાત ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાણંદ ખાતે ટાટા નેનો ઉદ્યોગની દેખરેખ માટે મોનીટરીંગ કમિટિ**

૧૨૬૫૬ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ સાણંદ ખાતે ટાટા નેનો ઉદ્યોગને અપાયેલ જમીન પછી તેના દેખરેખ માટે તા.૦૧-૦૧-૨૦૦૯ ના પરિપત્ર અન્વયે અધિકારીઓની મોનીટરીંગ કમિટિ નિમવામાં આવેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કમીટીની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત બેઠકો યોજવામાં આવી ?

(૧) અને (૨)

પ્રસ્તુત બાબતે તા.૦૧-૦૧-૨૦૦૯ ના ઠરાવથી ટાટા નેનો પ્રોજેક્ટ સાણંદ ખાતે ઝડપથી સ્થપાય તે માટે અધિકારીઓની મોનીટરીંગ કમિટિ નિમવામાં આવેલ હતી. આ પ્રોજેક્ટ એપ્રિલ-૨૦૧૦ થી ઉત્પાદનમાં ગયેલ હોવાથી છેલ્લા બે વર્ષમાં મોનીટરીંગ કમીટીની કોઇ મીટીંગ મળેલ નથી.

---------

## પાલનપુર અને ડીસા તાલુકાનાં ગામોનાં ખેડૂતોને કોમ્પ્યુટરાઇઝ નમૂના

૧૧૯૬૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તથા ડીસા તાલુકાના કેટલા ગામોમાં ખેડૂતોને કોમ્પ્યુટરાઇઝ નમુનો–૬ તથા ૭/૧૨ તથા ૮–અ ના નમૂનાની નકલો મળે છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએઃ<br>(અ) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની કુલ–૧૦૨ ગ્રામ પંચાયતો પૈકી ૯૭ ગ્રામ પંચાયતોના ઇ–ગ્રામ સેન્ટરો પરથી ગામ નમુના નં.૬,૭,૧૨ તથા ૮–અ ની નકલો મળે છે.<br>(બ) ડીસા તાલુકાની કુલ–૯૫ ગ્રામ પંચાયતો પૈકી ૮૬ ગ્રામ પંચાયતોના ઇ–ગ્રામ સેન્ટરો પરથી ગામ નમુના નં.૬,૭, ૧૨ તથા ૮–અ ની નકલો મળે છે. |
| (૨) કેટલા ગામોના ખેડૂતોને આ સુવિધા મળતી નથી અને તેના શાં કારણો છે, અને | (૨) પાલનપુર તાલુકામાં ૨ ગ્રામ પંચાયત મહેસૂલી ગામ ન હોવાને કારણે તથા ૩ ગ્રામ પંચાયતમાં વહીવટી કારણોસર જ્યારે ડીસા તાલુકામાં ૪ ગ્રામ પંચાયત મહેસૂલી ગામ ન હોવાને કારણે તથા ૫ ગ્રામ પંચાયતમાં વહીવટી કારણોસર. |
| (૩) બાકી રહેલા ગામોને આ સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

## મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાન

૧૧૫૦૩ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૨) કુલ રૂ.૧૪૬.૯૨ લાખ. |

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૨ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૧ |
| | કુલઃ | 3 |

---------

## દાહોદ અને આણંદ જિલ્લામાં પશુઓને રસીકરણ

૧૨૧૨૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને આણંદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | દાહોદ– ૨૦,૧૫,૦૫૨ અને<br>આણંદ– ૭,૯૦,૩૬૯. |

---------

## વડગામ તાલુકામાં પશુ આરોગ્ય મેળા

૧૨૧૧૮ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩ માં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૫. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૯,૩૦૦. |

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? (૩) ૭૬,૫૦૮.

---------

**પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો**

૧૨૧૧૦ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૨ |
| | **કુલઃ** | **૨** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? (૨) કુલ રૂ.૧૬૧.૫૪ લાખ.

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનો**

૧૧૫૦૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૧ |
| | **કુલઃ** | **૨** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? (૨) કુલ રૂ.૧૦૧.૩૨ લાખ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે ગામોને લાભ**

૧૨૩૨૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કુલ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, (૧) ૩૪૩ ગામ.

(૨) આ યોજનામાં સમાવિષ્ટ કુલ કેટલા ગામો આ યોજનાનો લાભ મેળવે છે, અને (૨) ૧૪૭ ગામ.

(૩) આ યોજનામાં સમાવેશ ગામોને પાણી આપવાના દરો શા છે ? (૩) રૂ.૨ પ્રતિ ૧૦૦૦ લીટર.

---------

**વલસાડ જિલ્લામાં પશુ ચિકિત્સક અને પશુ ડોક્ટરોની સંખ્યા**

૧૧૭૧૯ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પશુ ચિકિત્સક અને ડોક્ટરોની જગ્યા કેટલી છે,

(૧)

| તાલુકાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧ |
| પારડી | ૨ |
| ઉમરગામ | ૨ |
| ધરમપુર | ૧ |
| કપરાડા | ૩ |

| કુલઃ | ૦૯ |
|---|---|

(૨) તે પૈકી કેટલી જગ્યા ખાલી છે,

(૨) વેટરનરી ઓફિસર સંવર્ગની ૪(ચાર) જગ્યા ખાલી છે.

(૩) તે પૈકી કેટલી જગ્યા સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે, અને

(૩)

| પશુદવાખાનાનું/ કચેરીનું સ્થળ | વેટરનરી ઓફીસર સંવર્ગની ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ક્યારથી ખાલી છે તેની વિગત |
|---|---|---|
| ઉમરગામ | ૧ | ૧-૧૧-૧૩ |
| કપરાડા | ૧ | ૧૧-૧-૧૩ |
| સુથારપાડા | ૧ | ૧-૮-૧૨ |
| ફરતા પશુદવાખાના કપરાડા | ૧ | ૨૪-૩-૧૪ |

(૪) ખાલી રહેલ જગ્યા ક્યારે ભરવામાં આવશે ?

(૪) ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપી શકાશે.

---------

**વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો**

૧૧૫૦૬ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૨૪ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૧૬ |
| | કુલઃ | ૪૦ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂ.૩૭૩.૯૯ લાખ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનો**

૧૨૧૧૫ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૭ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૮ |
| | કુલઃ- | ૧૫ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે?

(૨) **કુલ રૂા. ૧૬૯૧.૦૧ લાખ.**

---------

**વલસાડ જિલ્લામાં રેલવે મંત્રાલય, ભારત સરકારને ફાળવેલ જમીન**

૧૧૪૦૨ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના રેલવે મંત્રાલયના ડેડીકેટેડ ફ્રેઈડ કોરીડોર પ્રોજેકટ માટે વલસાડ જિલ્લામાં કોઈ સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે? | (૨) હે. ૧-૨૯-૮૯ ચો.મી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ફૂલપાક માટે સહાય**

૧૧૭૭૬ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ફૂલપાક વાવેતર માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે? | (૨) ૫૯ ખેડૂતોને રૂા. ૨,૭૩,૨૩૪/- |

---------

**ગીર-સોમનાથ જિલ્લામાં તાલાલા તાલુકામાં કેરીના એકસપોર્ટ માટે એકસપોર્ટ ઝોન બનાવવા બાબત**

૧૨૦૭૫ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| (૨) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ? | (૨) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ ઢીમા શાખા નહેરનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. |

---------

**એસ. આર. પી. –જૂથ–૧૭, જામનગરમાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

૧૧૪૮૧ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ. આર. પી. જુથ–૧૭, ચેલા, જામનગરમાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) ૧,૩૬૬. |

---------

**કચ્છ જિલ્લામાં લોક દરબાર**

૧૧૪૭૨ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ સંપાદન કરવા લોકદરબાર યોજવામાં આવે છે. આ ઉપરાંત સરકાર તરફથી લોકાભિમુખ અભિગમ અંતર્ગત પોલીસ દ્વારા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવાના હેતુથી સુરક્ષા સેતુ સોસાયટી નામની યોજના પણ શરૂ કરાયેલ છે. |
| (૨) જો હા, તો કચ્છ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૨૨૧ |

---------

**અમરેલી જિલ્લામાં ખેતીની જમીનોનાં વેચાણ/વારસાઈની ફેરફારની નોંધો**

૧૧૭૬૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૩થી તા. ૩૧મી મે, ૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાં ખેતીની જમીનોના વેચાણ તથા વારસાઈથી થતા ફેરફારની નોંધોને મહેસૂલી દફ્તરે નોંધાવવા માટે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અમરેલી | ૧૪૭૫ |
| લાઠી | ૭૭૭ |
| લીલીયા | ૬૮૮ |
| બાબરા | ૯૪૭ |
| વડીયા | ૬૮૪ |
| બગસરા | ૫૨૨ |
| સાવરકુંડલા | ૧૨૪૬૦ |
| ધારી | ૧૨૨૧ |
| ખાંભા | ૬૫૩ |
| રાજુલા | ૧૨૭૯ |
| જાફરાબાદ | ૬૩૬ |
| કુલ | ૨૧૩૪૨ |

(૨) ઉપરોક્ત મળેલ અરજીઓ પૈકી કુલ કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવેલ છે,

(૨)

| તાલુકાનું નામ | મંજુર | નામંજુર |
|---|---|---|
| અમરેલી | ૧૦૭૨ | ૮૦ |
| લાઠી | ૭૦૨ | ૩૭ |
| લીલીયા | ૫૮૫ | ૨૨ |
| બાબરા | ૭૪૬ | ૫૪ |
| વડીયા | ૬૧૭ | ૩ |
| બગસરા | ૪૦૫ | ૧૧૧ |
| સાવરકુંડલા | ૧૦૨૪૦ | ૨૧૧૯ |
| ધારી | ૯૮૩ | ૪૦ |
| ખાંભા | ૫૭૪ | ૧૬ |
| રાજુલા | ૯૩૩ | ૩૦૫ |
| જાફરાબાદ | ૪૧૦ | ૨૦૭ |
| **કુલ** | **૧૭૨૬૭** | **૨૯૯૪** |

(૩) ઉપરોક્ત મળેલ અરજીઓ પૈકી કુલ કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૩)

| તાલુકાનું નામ | પડતર અરજી | કેટલા સમયથી |
|---|---|---|
| અમરેલી | ૭૨ | ૧૦ તકરારી–૩ થી ૬ માસ<br>૩૧ નોંધો–૨ થી ૩ માસ |
| લાઠી | ૩૮ | ૧ થી ૨ માસ |
| લીલીયા | ૮ | ૧ થી ૨ માસ |
| બાબરા | ૬૫ | ૧ થી ૨ માસ |
| વડીયા | ૧૭ | ૩ માસથી નીચે |
| બગસરા | ૬ | ૩ માસથી નીચે |
| સાવરકુંડલા | ૧૦૧ | ૩ માસથી નીચે |
| ધારી | ૫૯ | ૧ થી ૨ માસ |
| ખાંભા | ૧૨ | ૩ તકરારી પૈકી ૨ ૬ માસથી વધુ અને ૧ તકરારી તથા ૬ નોંધો ૩ માસથી નીચે |
| રાજુલા | ૪૧ | ૩ માસથી નીચે |
| જાફરાબાદ | ૧૯ | ૧ થી ૨ માસ |
| **કુલ** | **૪૩૮** | |

(૪) ઉપરોક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે ?

(૪) તકરારી હોવાથી અને નોટીસ નહી બજવાને કારણે પડતર છે. બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ**

૧૧૩૯૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની છેલ્લી સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે કુલ રૂ. ૧,૬૧,૪૮,૪૪૩/– ફાળવવામાં આવ્યા જેમાંથી વર્ષ |

૨૦૧૨-૧૩માં રૂ. ૧,૩૫,૦૨,૦૨૧/- તથા વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૨૬,૪૬,૪૨૨/- ફાળવવામાં આવ્યા.

(૨) આ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા સાધનોની ખરીદી માટે કરવામાં આવ્યો?

(૨) આ રકમ પૈકી નીચે મુજબ જુદા જુદા સાધનોની ખરીદી માટે કુલ રૂ. ૧,૩૮,૫૬,૬૪૩/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

| ખરીદેલ સાધનો | વર્ષ ૨૦૧૨-૧૩ (રકમ રૂ.) | વર્ષ ૨૦૧૩-૧૪ (રકમ રૂ.) |
|---|---|---|
| વોટર બાઉઝર | ૩૭,૨૪,૩૩૪ | |
| મીની ફાયર ટેન્ડર | ૫૭,૩૨,૬૩૮ | |
| મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઇટીંગ સીસ્ટમ | ૬,૮૨,૮૨૭ | ૧૩,૨૦,૬૩૬ |
| ઇમરજન્સી લાઇટ | ૧૨,૦૨,૧૩૦ | ૧૧,૯૪,૦૭૮ |
| **કુલઃ** | **૧,૧૩,૪૧,૯૨૯** | **૨૫,૧૪,૭૧૪** |

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુલપાક માટે સહાય**

૧૨૧૦૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં કુલપાક વાવેતર માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ?

(૨) ૫૯ ખેડૂતોને રૂ.૨,૭૩,૨૩૪/-

---------

# શોકદર્શક ઉલ્લેખ

સ્વ.શ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડના અવસાન અંગે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ( સભાગૃહના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડનું તારીખ. ૧૨મી જુલાઇ, ૨૦૧૪ના રોજ ૯૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી રાઠોડનો જન્મ ૨૬મી ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ નવસારી મૂકામે થયો હતો. તેઓશ્રીએ અંગ્રેજી ધોરણ-૭ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી રાઠોડ સન ૧૯૫૨ અને ૧૯૫૭માં ચોર્યાસી મત વિસ્તારમાંથી ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તે રીતે પ્રથમ ગુજરાત વિધાનસભામાં ચોર્યાસી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી પ્રજાહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડનો શોકદર્શક ઉલ્લેખ કર્યો છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે ગુજરાત અને મહારાષ્ટ્ર મુંબઇ રાજય નીચે હતું અને એવા વખતે એક સામાન્ય પરિવારમાં જન્મેલા સામાન્ય માણસ ૧૯૫૨ અને ૫૭ની વિધાનસભામાં મુંબઇ રાજયના સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરે છે અને ૧૯૬૦માં જયારે ગુજરાત અલગ બન્યું ત્યારે ૧૯૬૦ થી ૬૨ સુધી બાકીના બે વર્ષોમાં પણ તેઓ ગુજરાત વિધાનસભાના સભ્યપદે રહી ચૂકયા છે એવા એક સામાન્ય પરિવારના, સામાન્ય અભ્યાસુ એવા શ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડ એ ૯૨ વર્ષની જૈફ વયે સ્વર્ગસ્થ થયા છે. તેમના અવસાનથી રાજયએ સારા એવા સામાજિક કાર્યકર્તા ગુમાવ્યા છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના માધ્યમથી તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી જે શોકસંદેશ લાવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાશ્રીએ પણ સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું. મારા નવસારી વિધાનસભા વિસ્તારમાંથી આદરણીય નારણભાઇએ એસ.ટી.અને જે રિઝર્વ સીટ છે તે બન્ને વખત તેનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા તેમની સાથેના ખૂબ પારિવારિક સંબંધો હતા અને ખાસ કરીને એ છેલ્લે ફકત ત્રણ મહિના જ તેમણે હોસ્પિટલમાં ગુજાર્યા હતા. પરંતુ ૯૦-૯૧ વર્ષ સુધી સતત સ્કૂટર ઉપર અને જીપમાં ફરીને એસ.ટી.થી માંડીને એસ.સી.ના જે પ્રશ્નો હોય તેના માટે તે હંમેશા સંવેદનશીલ હતા. હરિજન સેવા સંઘના વર્ષો સુધી એ પ્રમુખ પણ હતા. અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઇ દેસાઇએ ત્યાં નવસારીની અંદર જે ચાંદોલકર ભવનની સ્થાપના કરેલી તે સ્થાપનામાં પણ તે અગ્રેસર હતા. અને ખાસ કરીને એ રકતપિત નાબૂદી માટેના જે ખૂબ મોટું તે ત્યાંનું મંડળ ચલાવતા હતા અને તેમાં છેલ્લે સુધી પ્રમુખ રહ્યા હતા અને તેમની મારફતે ગુજરાત સરકારની જે યોજનાઓ છે તેમાં પણ તે પૂરક રહીને છેલ્લે જૈફ વય સુધી તે સમાજની સેવા કરતા હતા. તેમનો જે શોક ઠરાવ માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને તેમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે તેમાં આપણે સૌ સહભાગી થઇએ એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

શ્રી આત્મારામ મ. પરમાર(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડના શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યાં છે અને વિપક્ષના નેતાએ પણ તેને સમર્થન આપ્યું છે ત્યારે તેમને શ્રધ્ધાંજલિ આપતાં બે શબ્દો હું ગૃહમાં રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીની ચળવળમાં જે કેટલાક સમાજના છેવાડાના કહી શકાય એવા વર્ગમાંથી પણ રાષ્ટ્રની આઝાદીની લડતમાં મહાત્મા ગાંધીજી અને મોરારજીભાઇની સાથે જે લોકો જોડાયા હતા એ પૈકીના એક નારણભાઇ રાઠોડ હતા. સ્વતંત્ર સેનાની તરીકે પણ તેમણે દેશની આઝાદીના જંગમાં કામગીરી કરી હતી. છેવટ સુધી નારણભાઇ શારીરિક રીતે અને માનસિક રીતે પણ સ્વસ્થ હતા. અને છેલ્લે સુધી સમાજના જે લોકો તેમની પાસે પ્રશ્ન લઇને આવે. એ તમામ પ્રશ્નોની યોગ્ય સત્તાધીશો સમક્ષ રજૂઆત કરીને એના નિરાકરણ માટેના એ સતત પ્રયત્ન કરતા આવ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાહેર જીવનમાં અત્યારે જોઇએ છીએ ત્યારે સ્વ. નારાયણભાઇ રાઠોડ જેવાનું જીવન જોઇને અમને એમ થાય છે કે ખરેખર એ લોકોને માટે રાષ્ટ્ર પ્રથમ હતું, પછી સમાજ હતો અને પરિવાર છેલ્લો હતો. આજે એમનો એક વિશાળ પરિવાર પણ કે જેને સુસંસ્કૃત કહી શકાય, શિક્ષિત કહી શકાય એવો પરિવાર પણ તેઓશ્રી મૂકીને જયારે ગયા છે ત્યારે કદાચ આ જાહેર જીવનના ગાંધી યુગ સાથે જોડાયેલા જે કેટલાક લોકો રચનાત્મક કાર્યકર્તાઓ પૈકીના આ છેલ્લા કાર્યકર્તાઓ આપણે ગુમાવી રહ્યા છીએ, ત્યારે એમના અધૂરાં રહેલાં કામો પૂરાં કરવાની આપણને શકિત પણ આપે અને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, એમના આત્માને શાંતિ આપે અને એમના પરિવારજનોને આઘાત સહન કરવાની શકિત આપે એવા હું મારા વિચારો વ્યકત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી આ દેશના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. નારણભાઇ રાઠોડ માટે થઇને શોક પ્રસ્તાવ લાવ્યા અને આ પ્રસ્તાવને માનનીય વિપક્ષના નેતાશ્રી શંકરસિંહજી તેમજ ભાઇ શ્રી પિયુષભાઇ અને શ્રી આત્મારામભાઇએ જે શોકાંજલિ અર્પી છે એની અંદર આપણે પણ આપણો સૂર પૂરાવીએ.

૧૯૬૦ પહેલાં મહાદ્વિભાષી રાજય મુંબઇ હતું, ત્યાર પહલાંના જેટલા લગભગ કાર્યકર્તાઓ હતા એ કંઇકને કંઇક સ્વાતંત્ર્ય સેનાની તરીકે જોડાયેલા હતા અને જે દિવસે મેઘાણીએ કહ્યું છે કે, " ખબર નથી કે, માથે શી શી આફત ખડી છે, ખબર છે એટલી કે, માતની હાકલ પડી છે. "આ લોકોના મનની અંદર કોઇ અપેક્ષા ન હતી કે આ દેશ સ્વતંત્ર થયા પછી મને કોઇ પદ મળશે, મને કોઇ હોદ્દો મળશે, પણ મોતને હથેળીમાં લઇને રાષ્ટ્ર માટે થઇને સમર્પિત થનાર આવા જે લોકો છે એમને ખરેખર આપણે અને આપણા જે દ્વિભાષી રાષ્ટ્રમાં ગુજરાતના પ્રતિનિધિ હતા એવા સ્વઃ નારણભાઇને આપણે સૌ શોકાંજલિ અર્પીએ અને આપણે આપણા સ્થાન ઉપર ઊભા રહીને મૌન પાળીએ અને આપણે સૌ એમને શ્રદ્ધાંજલિ અર્પીએ.

**( બે મિનિટ મૌન બાદ )**

ઓમ્ શાંતિ, શાંતિ, શાંતિ, સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે, સભાગૃહની આ લાગણી સદ્ ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શોકદર્શક ઉલ્લેખ વખતે પોતાનું સ્થાન લેવા કે છોડવા અંગે

શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરવા માગું છું કે, હું માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોના નિર્ણય ૧૯૮૫ થી ૨૦૦૨, નિર્ણય ક્રમાંક-૮૯, પાના નંબર-૧૦૩ તરફ આપનું ધ્યાન આકર્ષિત કરીને મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ જુનિયર સભ્યશ્રી દ્વારા આ ઘટના બની હોત તો હું કદાચ આ મુદ્દો ઉપસ્થિત ના કરત, માનનીય અધ્યક્ષશ્રી, પાના નંબર-૧૦૩ ઉપર સ્વ. શ્રી અશોકભાઇ ભટ્ટે ઊઠાવેલા મુદ્દામાં માનનીય અધ્યક્ષસ્થાને બેઠેલા સ્વ. નટવરલાલ શાહે આપેલો નિર્ણય છે કે, સભાગૃહમાં જયારે શોકપ્રસ્તાવ ઉપરની ચર્ચા ચાલતી હોય ત્યારે વિવેક, શિષ્ટાચાર અને અદબ જળવાઇ રહે તે માટે સભ્યશ્રીઓને સામાન્ય રીતે પોતાનું સ્થાન છોડે નહીં અથવા પોતાનું સ્થાન લે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, એક માનનીય મંત્રીશ્રી ચાલુ શોકદર્શક ઉલ્લેખ લખતે આવીને સ્થાન લે છે અને એ પછી એક જુનીયર સભ્યશ્રી આવીને પોતાનું સ્થાન લે છે. હું નામ ઉલ્લેખ નથી કરતો પરંતુ આ શિષ્ટાચાર જળવાય અને ભૂતકાળના નિર્ણયોનું પાલન ભવિષ્યમાં થાય એવા આપના આદેશની અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો એ આ હાઉસની અંદર પ્રસ્થાપિત થયેલ છે કે, કોઇપણ સભ્યશ્રી જયારે શોક પ્રસ્તાવ શરૂ થાય, સામાન્ય રીતે પ્રશ્નોત્તરી બાદ શોક પ્રસ્તાવ હોય છે. પ્રશ્નોત્તરી બાદ બધાને જવાની બહુ ઉતાવળ હોય છે પણ આપણને પહેલાથી એજન્ડાની ખબર હોય કે આ શોક પ્રસ્તાવ છે તો પોતાની જગ્યાએ જ બેસી રહેવું જોઇએ, શોક પ્રસ્તાવ શરૂ થાય અને જો બહારથી કોઇ વ્યક્તિ આવતી હોય તો એમણે ત્યાં ઊભા રહી જવું જોઇએ, પોતાનું સ્થાન લેવાનું નહીં, પોતાનું સ્થાન છોડવાનું નહીં, આના માટે થઇને ભવિષ્યમાં એ માનનીય મંત્રીશ્રી હોય કે વિપક્ષના સભ્યશ્રીઓ હોય કે શાસકપક્ષના સભ્યશ્રીઓ હોય એ તમામ લોકો પૂરેપૂરી તકેદારી રાખે અને શોક પ્રસ્તાવ વખતે કોઇપણ માણસની એન્ટ્રી ન થાય અને કોઇ એક્ઝીટ પણ ન થાય એનું બરાબર ચૂસ્ત રીતે પાલન કરો એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૧૫૮ અંગે વધારાની માહિતી**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નર્મદા વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧-૭-૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જશુભાઇ બારડના "નર્મદા યોજના અંતર્ગત

સાથી રાજ્યો પાસેથી બાકી રકમ વસૂલવા બાબત"  વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૮ (અગ્રતાક્રમ–૧૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે  મળેલ સત્તાની રુએ હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર તા. ૨૨ મી જુલાઇ, ૨૦૧૪ ના રોજ સવારે ૧૧–૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

(૧)બુધવાર, તા. ૩૦–૭–૨૦૧૪ ના રોજ સભાગૃહની બેઠક ન રાખવી અને તે દિવસની બેઠક રદ થતી હોવાથી તારાંકિત પ્રશ્નોત્તરી રદ ગણવી.

(૨) શુક્રવાર, તા. ૨૫–૭–૨૦૧૪ ના રોજ સભાગૃહની બે બેઠક રાખવી. બીજી બેઠકનો સમય ૧–૩૦ થી ૬–૦૦ નો રાખવો.

(૩)બુધવાર, તા. ૩૦–૭–૨૦૧૪ ના દિવસનું કામકાજ શુક્રવાર તા. ૨૫–૭–૨૦૧૪ ના રોજ  બીજી બેઠકમાં હાથ ધરવું અને આ બેઠકમાં નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર   હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૪ નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૪ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૩)સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૪ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક.

(૪) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૪ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય વિધેયક).

(૫) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૪ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયક.

(૬) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૪ નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૪ નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા)વિધેયક.

(૮) સન ૨૦૧૪ નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૪ નું ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) (સુધારા) વિધેયક.

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ગણપતસિંહ વે. વસાવા  (સંસદીય બાબતોના મંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે  આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં  આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

પોઇન્ટ ઓફ ઓર્ડર

## અંદાજપત્ર પ્રકાશનમાં ગંભીર ક્ષતિ અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, સમય બચાવવા માટે ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના અંદાજપત્ર પ્રકાશનના સંદર્ભે આપેલા મુદ્દાઓ કે જજમેન્ટ ટાંકતો નથી. પરંતુ આજે જે માગણીઓ આવી છે તે માગણીઓના સંદર્ભમાં અંદાજપત્રના પ્રકાશન નંબર ૪૭, સભ્યશ્રીઓ માટે અંદાજપત્રના પ્રકાશનો આધારભૂત દસ્તાવેજ હોય છે, ગયા વર્ષના ૨૫ પાના, આ ઘોર બેદરકારી, સીધે

સીધા એ ૨૫ પાના આ વર્ષમાં બજેટ પ્રકાશન ૪૭ નંબરમાં, મારા પાસે ગયા વર્ષનું ૧૩-૧૪ અને ૧૪-૧૫ ના બન્ને પ્રકાશન નંબર ૪૭ છે, ગયા વર્ષના ૨૫ પાના એમને એમ આમાં છાપી નાખ્યા, નવી બાબતો બદલાઇ જાય છે. આંકડાકીય માહિતી બદલાઇ જાય છે. અમારે સભ્યો માટે તો અંદાજપત્ર પ્રકાશન એ અતિ મહત્વનું છે. એ પછી ધ્યાન દોરાયા બાદ ૨૫ પાનાનો એરોટા આવે છે. આ જ પ્રકાશનમાં, હું આપના પાસેથી રક્ષણ માગું છું અને કડક આદેશની અપેક્ષા રાખું છું કે આ પ્રકારની ગંભીર ક્ષતિ કરનારા અધિકારીઓ હોય, આ વિધાનસભા ગૃહના બજેટ પ્રકાશનને લાઇટલી લેતા હોય તેમની સામે વિભાગ કડક પગલાં ભરે, અને ભવિષ્યમાં આવી ભૂલોની પરંપરા ન થાય એવા આદેશની અપેક્ષા રાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીની વાત સાચી છે. પણ સરકારે પોતે ધ્યાન ઉપર આવ્યું એટલે તરત જ સમય મર્યાદાની અંદર અને સભ્યશ્રીઓને આ પ્રકાશનનો પૂરતો અભ્યાસ કરી અને આજે એમના વકતવ્યો કરી શકે તે રીતે અમે શુદ્ધિપત્રક સમયસર સભ્યશ્રીઓના ખાનામાં મૂકી દીધું છે એટલે આજની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓને અગાઉથી પૂરતી માહિતી શુદ્ધિપત્રક સાથેની અપાઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : જે કંઇ ક્ષતિ રહી ગઇ હોય તે ક્ષતિ માટે તમે શુદ્ધિપત્રક આપ્યું એ શુદ્ધિપત્રક અત્યારે તમે આપ્યું. પરંતુ ચોકકસ અધિકારીને કહેવું જોઇએ કે આજે આ ડિમાન્ડ ઉપરની વાત કરવા માટે કોઇપણ સાહિત્ય પ્રસ્તુત કરે એ પહેલા એમણે પૂર્ણ વિચાર કરીને જ કરવું જોઇએ. આજે શુદ્ધિપત્રક તમારે રજૂ કરવું પડે તેનો અર્થ એવો છે કે તમે ભૂલ કરી છે. આ અધિકારીથી ભૂલ જ કેમ થાય? આ બજેટની કાર્યવાહી એક વર્ષ માટેની નથી, આ તો વર્ષોથી આવતી પ્રણાલિકા મુજબની હોય છે. એની અંદર કોઇપણ ભૂલ થાય એ અધિકારી માટે ક્ષમ્ય નથી. અને જે તે અધિકારી હોય તે, હું તો કહું છું એક નહીં આજે આ એક વિભાગના લોકોએ ભૂલ કરી, પણ તમામ વિભાગને તમે સૂચના આપી દેજો અને આના માટે ન ખબર પડતી હોય તો તમારા સંસદીય બાબતના જે સચિવ હોય એને વિધાનસભાની કાર્યવાહી કેમ કરવી, કયારે કઇ વસ્તુ રજૂ કરવી અને કેવી રીતે રજૂ કરવી એના માટે થઇને તમામ અધિકારીઓને સૂચના આપજો, કે જેના કારણે ભવિષ્યની અંદર આવી ભૂલ થાય નહીં અને આપણે સુધારો મૂકવો પડે નહીં. સુધારો મૂકો એ પ્રીન્ટીંગમાં ભૂલ હોય તો આપણે સુધારો મૂકી શકીએ. પણ આપણી કાર્યવાહીની અંદર ભૂલના કારણે સુધારો મૂકવો, તે કોઇ રીતે વાજબી નથી. તેથી ભવિષ્યની અંદર તમામ અધિકારીઓને આ સૂચના આપજો જ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રા. ક. ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૮૯,૩૩,૧૧,૦૦૦ ની માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૭૧**

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૭,૨૭,૪૮,૭૯,૦૦૦ની માગણી ક્રમાંક ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૧ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી ક્રમાંક–૯૨**

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણની સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ

માટેની રૂપિયા ૭,૮૩,૭૯,૫૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૧૪,૫૩,૦૦૦ની માગણી ક્રમાંક–૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૯૫**

શ્રી રમણલાલ ઇ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજનાની સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૮,૩૭,૫૩,૩૩,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૮,૨૫,૯૯,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **મંગળવાર, તા. ૨૨–૭-૨૦૧૪ (આઠમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | **પંચાયતલ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં ૭૦** | | | |
| ૧ | ૨૫૧૫–અન્ય .... કાર્યક્રમો<br>૧૦૧–પંચાયતીરાજ<br>રૂ. ૩લ૪૨લ૬૩લ૫૩લ૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૪૬ થી ૫૦ | ૧૦૦ | તલાટીઓ દ્વારા સરકારી રેકર્ડમાં અદ્યતન નોંધ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૨ | –– " –– | ૧૦૦ | પંચાયતોની જમીનો ઉપર થયેલા દબાણો દૂર કરી જમીનોનો સદપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | -- " -- | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો વેચાણથી નહી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪ | -- " -- | ૧૦૦ | પંચાયતોના વહીવટમાં થતો રાજકીય હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહંમદજાવીદ પીરજાદા |
| ૫ | ૨૫૧૫-અન્ય .... કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>રૂ. ૨લ૬૩લ૭૯લ૧૨લ૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૫૧ થી ૫૬ | ૧૦૦ | ગ્રામ પંચાયતોને પંચાયત ઘર બનાવવા માટે નાણા ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૬ | -- " -- | ૧૦૦ | રાજીવ ગાંધી ભવનો સત્વરે બાંધવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૭ | -- " -- | ૧૦૦ | તલાટીઓની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૮ | | ૧૦૦ | જિલ્લા પંચાયતોમાં સ્ટાફની ઘટને પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૯ | -- " -- | ૧૦૦ | જિલ્લા પંચાયતોને વિકાસના કામો માટે અપાતી રકમનો યોગ્ય રીતે ઉપયોગ થાય છે કે કેમ તેની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૧૦ | ૨૫૧૫-અન્ય .... કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>રૂ. ૨લ૬૩લ૭૯લ૧૨લ૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૫૧ થી ૫૬ | ૧૦૦ | ગૌચર પરના દબાણો સત્વરે દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૧ | -- " -- | ૧૦૦ | તાલુકા પંચાયતોમાં સ્ટાફની ઘટ દૂર કરી સામાન્ય લોકોના પ્રશ્નો હલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૧૨ | -- " -- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વિકાસના કામો સત્વરે પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઇ વાઘેલા |
| ૧૩ | -- " -- | ૧૦૦ | ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ સુધારવા વધુ નાણા ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૪ | ૨૫૧૫-અન્ય .... કાર્યક્રમો<br>૮૦૦ અન્ય ખર્ચ<br>રૂ. ૭લ૬૭લ૨૭લ૨૯લ૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૫૮ થી ૬૧ | ૧૦૦ | સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પુરસ્કારની રકમ સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |

| માગણી નં ૭૧ | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૨૧૬–આવાસન<br>૦૩– ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨–ભૂમિહીન<br>......જોગવાઇ<br>રૂ. ૪૯૯૯૪૯૯૭૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૧૬–૧૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ભૂમિહીન મજૂરોને ઘરથાળના જમીન ઉપર મકાન બાંધવા માટે પૂરતી રકમની સમયસર ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૬ | –– " –– | ૧૦૦ | ગરીબી નાબૂદી કાર્યક્રમ અન્વયે ઘરથાળના પ્લોટ સત્વરે મંજૂર કરી સરદાર પટેલ આવાસ યોજનાના લાભો સામાન્ય લોકોને મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નવટવરસિંહ ઠાકોર |
| ૧૭* | ૨૫૦૧–ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૬– સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૨ ગ્રામ વિકાસઆયુકત<br>૦૦૧–નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૯૦૦૯૬૭૯૫૬૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૩૪ થી ૩૬ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં માટીવાળા રસ્તાઓને પાકા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૮* | –– " –– | ૧૦૦ | પૂરના પાણી સામેના રક્ષણ માટે સંરક્ષણ દિવાલો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જસુભાઇ બારડ |
| ૧૯ | –– " –– | ૧૦૦ | ગ્રામસભાઓમાં રજૂ થયેલા પ્રશ્નોનો જલ્દી નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૨૦ | ૨૫૦૫–ગ્રામીણ રોજગાર<br>૦૨–ખાસ... કાર્યક્રમ<br>૧૦૧–રાષ્ટ્રીય...<br>કાર્યક્રમ(કે.પુ.યો)<br>રૂ. ૫૯૩૨૯૬૬૯૮૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૪૧ | ૧૦૦ | મનરેગા યોજનાનો વ્યાપ વધારવા તેમજ જોબ કાર્ડ અપાયેલ હોય તેવા શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા તેજશ્રીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૨૫૦૫–ગ્રામીણ રોજગાર<br>૦૨–ખાસ... કાર્યક્રમ<br>૧૦૧–રાષ્ટ્રીય...<br>કાર્યક્રમ(કે.પુ.યો)<br>રૂ. ૫૯૩૨૯૬૬૯૮૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૪૧ | ૧૦૦ | મનરેગા યોજનામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (હીરાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | -- " -- | ૧૦૦ | મનરેગા યોજનામાં ફાળવાતી રકમોનો ખરેખર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૩* | -- " -- | ૧૦૦ | મનરેગા યોજના હેઠળ જોબ કાર્ડવાળા શ્રમિકોને કામ ન અપાય ત્યારે તેમને યોગ્ય ભથ્થું ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં ૯૨** | | | | |
| ૨૪ | ૨૨૨૫ – અનુસૂચિત .... કલ્યાણ<br>૦૩ – પછાત....કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૫૯૭૪૯૩૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં.૧૦ થી ૧૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આવકના દાખલાઓ નજીકના સ્થળેથી સરળતાથી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૨૫* | -- " -- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તી ધરાવતા તાલુકાઓમાં સરકારી આશ્રમશાળાઓ બંધ કરી ખાનગી આશ્રમશાળાઓ ચાલતી રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા |
| ૨૬ | -- " -- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સમાજમાં ચાલતા કુરીવાજો નાબૂદ થાય અને તે અંગેની જાગૃતિ માટે જરૂરી માર્ગદર્શન મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૨૭ | -- " -- | ૧૦૦ | જિલ્લા કક્ષાએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૮ | -- " -- | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની જુદી જુદી યોજનાઓના લાભો મેળવવા લોકોને જરૂરી માર્ગદર્શન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | પછાત વર્ગોના બાળકો માટેની ચાલતી શાળાઓમાં પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૩૦ | -- " -- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જુદી જુદી યોજનાઓનાં બજેટમાં વધારો કરી વધુ લાભો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | ૨૨૨૫ – અનૂસુચિત .... કલ્યાણ<br>૦૩ – પછાત....કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>રૂ. ૫૯૭૮૯૭૯૯૪૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં.૨૫ થી ૪૫ | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશીપમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ.મીતેશભાઇ ગરાસીયા |
| ૩૨ | ૨૨૩૫ – સમાજિક...... કલ્યાણ<br>૦૨ – સમાજકલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૫૯૩૯૯૬૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં.૬૫ – ૬૬ | ૧૦૦ | વિકલાંગોને અપંગતાના પ્રમાણપત્રો મળ્યા પછી જરૂરી સુવિધાઓના લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૩૩ | —— " —— | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આવકના દાખલાઓ મેળવવામાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૩૪ | —— " —— | ૧૦૦ | સમાજસુરક્ષા નિયામક કચેરીની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩૫ | ૨૨૩૫ – સમાજિક...... કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૧–વિકલાંગોનું કલ્યાણ<br>૦૨–SCW–<br>૭અપંગોને....પૂરા પાડવા<br>રૂ. ૨૯૩૬૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૬૭ | ૧૦૦ | મૂક બધીર વિદ્યાર્થીઓને પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદ્કુમાર રીબડીયા |
| ૩૬ | ૨૨૩૫ – સમાજિક...... કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૨–બાળ કલ્યાણ<br>રૂ. ૧૩૯૧૬૯૬૭૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૭૪ થી ૭૮ | ૧૦૦ | અનુસૂચિત જાતિની બાલવાડીઓમાં બાળકોને પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૩૭ | —— " —— | ૧૦૦ | બાળમજૂરોનું યોગ્ય પુનઃ સ્થાપના કરી અભ્યાસ જેવી સૂવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | ૨૨૩૫ – સમાજિક......કલ્યાણ ૦૨–સમાજ કલ્યાણ ૧૦૪–વૃધ્ધો અશકત...કલ્યાણ રૂ. ૧૯૬૬૯૮૫૯૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પા.નં. ૭૯–૮૦ | ૧૦૦ | અનાથઆશ્રમોમાં રહેતી મહિલાઓની સુરક્ષા પ્રત્યે ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી |
| ૩૯ | –– " –– | ૧૦૦ | અનાથઆશ્રમમાં રહેતી બાળાઓને અભ્યાસમાં મદદરૂપ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધારસીભાઇ ખાનપુરા |
| ૪૦ | ૨૨૩૫ – સમાજિક.... કલ્યાણ ૦૨ – સમાજ કલ્યાણ ૮૦૦–અન્ય ખર્ચ ૦૧ – ભિક્ષા.....કાર્યક્રમ રૂ. ૬૯૨૦૯૪૦૯૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પા.નં. ૮૬ – ૮૭ | ૧૦૦ | ભિક્ષા નાબૂદી અન્વયે થતા ભિક્ષુકોના પુનઃ સ્થાપન અંગેની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૪૧ | –– " –– | ૧૦૦ | ભિક્ષા નાબૂદી અન્વયે ભિક્ષુકોને રાખવા માટેના ભિક્ષુક ગૃહોમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨ | ૬૨૨૫ – અનૂસુચિત .... લોન<br>૦૩ – પછાત....કલ્યાણ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>રૂ. ૧૪૯૪૦૯૪૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૧૦૧ થી ૧૦૪ | | ઉચ્ચ અભ્યાસ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરળતાથી લોન/સહાય મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૪૩ | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રેકટીસ કરતા એડવોકેટોને મળતી સહાયમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| | | **માગણી નં. ૯૫** | | |
| ૪૪ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૧૦૬ – પાઠ્યપુસ્તક<br>રૂ. ૬૯૦૦૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૨૪ | ૧૦૦ | માધ્યમિક શાળામાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૪૫ | ૨૨૧૬ – આવાસન<br>૦૩ – ગ્રામીણ આવાસન<br>૧૦૨– ભૂમિહીન ....જોગવાઇ<br>રૂ. ૮૦૯૦૦૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૭૭ | ૧૦૦ | અનુસૂચિત જાતિના ભૂમિહીન વ્યકિતઓને ઘરથાળના પ્લોટની ફાળવણીમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૪૬ | ૨૨૨૫– અનુસૂચિત ..... કલ્યાણ<br>૦૧ – અનુસૂચિત ..... કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૫૯૬૬૯૪૯૯૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૯૪ થી ૧૦૩ | ૧૦૦ | સફાઇ કામદારોને ર્ડા. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનાના લાભો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૪૭ | –– " –– | ૧૦૦ | સફાઇ કામદારોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૪૮* | –– " –– | ૧૦૦ | સફાઇ કામદારોને ગટરોમાં ઉતારી સફાઇ કામ કરવાની પ્રથા સદંતર બંધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯ | -- " -- | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકો માટે ચાલતી વિવિધ યોજનાઓ અંગેના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજયગુરૂ |
| ૫૦ | ૨૨૨૫- અનુસૂચિત ..... કલ્યાણ<br>૦૧ - અનુસૂચિત ..... કલ્યાણ<br>૮૦૦ -અન્ય ખર્ચ<br>૦૯-BCK-૫૭<br>માઇ....સહાય<br>રૂ. ૫૦લ૦૦લ૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૨)<br>પા.નં. ૧૩૬ | ૧૦૦ | સાતફેરા સમૂહ લગ્ન યોજનાને વધુ પ્રોત્સાહન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ અનિલ જોષીયારા |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ વસતિના ૫૭.૪ ટકા વસતિ ગુજરાતના ગામડાંમાં વસે છે. એક સમય એવો હતો કે ગુજરાતનો ધબકાર એટલે ગુજરાતના ગામડાં. એ ગામડાંનો વિકાસ, વ્યવસ્થા અને સંકલન કરવાની જવાબદારી પંચાયત અને ગ્રામવિકાસ વિભાગની છે. જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી ત્યારથી તેની નીતિ રહી કે શહેરો એટલે વહાલા અને ગામડાં એટલે અળખામણાં. આવી નીતિને કારણે આજે ગુજરાતના ગામડાં ખાલી થતાં ગયા અને ગુજરાતના શહેરો ઉભરાતા ગયા. આના પાછળનું મુખ્ય કારણ કે જે ગ્રામ્ય વિસ્તારની માળખાગત સુવિધા હોય, શિક્ષણની વ્યવસ્થા હોય, આરોગ્યની વ્યવસ્થા હોય, રોજગારી માટેની વાત હોય, એ બાબતોમાં સરકારનું ઉદાસીન વલણ મુખ્ય જવાબદાર છે. કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકારની કોઇ પણ યોજના હોય તેનો લાભ ગામડાંની પ્રજા સુધી પહોંચે. ગામડાંનો વિકાસ થાય એટલા માટે આ વિભાગોએ કામ કરવાનું હોય છે. સરકાર બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઇ કરે, મોટી મોટી વાતો કરે, વંચિતોના વિકાસની યાત્રાઓ કાઢે કે ગરીબ કલ્યાણ મેળા કરે પણ જયાં સુધી આ વિભાગમાં જે ખાલી જગ્યાઓ છે એ ભરવામાં નહીં આવે ત્યાં સુધી આપણું બજેટ છેક છેવાડાના માનવી સુધી પહોંચી નહીં શકે. આજે પરિસ્થિતિ એવી છે કે ગામડાંનો તલાટી હોય, ગ્રામ સેવક હોય, તાલુકા પંચાયતનો કલાર્ક હોય કે ટી.ડી.ઓ. હોય ત્યાંથી શરૂ કરીને છેક વિભાગ સુધી હજારોની સંખ્યામાં જગ્યાઓ ખાલી છે. આ તંત્રએ એ માટે જે ભરતી કરવી જોઇએ તેમાં સતત ઉદાસીનતા દાખવી છે. ગામડાંનો વહીવટ તો ચાર્જમાં ચાલે ત્યાં સુધી આપણે માની શકીએ. પણ આજે વર્ષોથી તાલુકાઓનો વહીવટ પણ ઇન્ચાર્જ તરીકે ચાલે એવી દશા આ ગુજરાતના ગામડાં અને વિભાગની જોવા મળે છે. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ખાલી બજેટની જોગવાઇઓને લઇને વાહ-વાહ કરવાને બદલે આ જોગવાઇઓ છેવાડાના માણસ સુધી પહોંચે એ માટે વિભાગની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી તાત્કાલિક કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની બહુ મહત્વાકાંક્ષી અને એના ખૂબ વખાણ કર્યા છે એવી યોજના એટલે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના. ઇ-ગવર્નન્સની વાતો કરી. પણ આપણાં મંત્રીઓ કે અધિકારીઓમાંથી કોઇએ છેવાડાના પછાત વિસ્તારના ગામડાંમાં જઇને જોયું ખરું કે આ યોજનામાંથી કેવા ફળ મળે છે? આપણે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી. આજે વર્ષો થયા પણ આપણે એનો લાભ લોકોને મળે છે કે નહીં તેની ચિંતા કરી ખરી? આજે પણ ગામડાંમાં જઇએ. યોજના સારી હતી કે આના કારણે ગામડાંના છેવાડાના

માણસને જન્મ–મરણનો દાખલો હોય, ૭/૧૨ના ઉતારા હોય કે અન્ય પ્રમાણપત્ર હોય. પોતાના ગામમાં જ કોમ્પ્યુટરાઇઝડ નકલ મળે. પણ આપણે એ હેતુ સર થયો કે નહીં તેના માટેની ચિંતા કરવાની જરૂર છે. આજે પણ અંતરિયાળ ગામડાંમાં કનેક્ટિવીટી ન મળે. તેના માટેના આધુનિક કોમ્પ્યુટર્સ ન હોય, તેના માટેનો સ્ટાફ ન હોય, તેના માટેની સ્ટેશનરી ન હોય કે એવા અનેક કારણોના લીધે આ યોજનાનો પૂરેપૂરો અમલ થઇ શકતો નથી અને તેનો લાભ લોકોને મળી શકતો નથી. આજે અનેક ગ્રામપંચાયતોમાં આઉટડેટેડ થઇ ગયેલા કોમ્પ્યુટરો ધૂળ ખાઇ રહ્યા છે. તેનો લાભ પ્રજાને મળતો નથી અને પ્રમાણપત્રો લેવા માટે આજે પણ પ્રજાને તાલુકા મથકો સુધી ધક્કા ખાવા પડે છે. આ યોજનાનો મુખ્ય જે આધાર હતો. કમ્પ્યુટર ઓપરેટર હોય, કોઇપણ ગ્રામ પંચાયતને કમ્પ્યુટર આપીએ, એને કનેક્ટીવીટી આપીએ પણ કાયમી કમ્પ્યુટર ઓપરેટર ન હોય તો આ યોજનાનો લાભ પ્રજાને મળી શકતો નથી. સરકાર એમ કહે છે કે, કમ્પ્યુટરનો જાણકાર યુવાન હોય એને ત્યાં નોકરીએ રાખવો અને આ યોજના માટે જે પૈસા આપણે લઇએ છીએ એમાંથી એને કમિશન મળે અને એ એનું ગુજરાન ચલાવે અને ત્યાં સેવા આપે. પરંતુ કોઇ નાનું ગામ હોય તો ત્યાં એને ચારસો પાંચસો રૂપિયાની આવક થતી હોય છે. એના કારણે કાં તો આ નોકરી છોડીને જતો રહે કાં તો પછી એ સેવાઓ આપવામાં મોટો ભ્રષ્ટાચાર કરવાની શરૂઆત કરે છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જો આપણે ખરેખર ઇ–ગવર્નન્સ કરવા માગતા હોય તો જે ગામડામાં ઇ–ગ્રામ સેવા કેન્દ્રો શરૂ કર્યા છે ત્યાં કાયમી પૂરા પગારથી કમ્પ્યુટર ઓપરેટરની નિમણૂક કરવામાં આવે તો જ આપણી આ યોજનાનો હેતુસર થશે એમ લાગે છે.

થોડા વર્ષો પહેલાં એક ખૂબ સારી યોજના લાવ્યા અને વાતો પણ ખૂબ કરી. આજે ગુજરાત મોડલ તરીકે કદાચ આખા દેશમાં લઇ જવાની વાત કરીએ. કહેવામાં આવ્યું કે, આત્મા ગામડાનો અને સુવિધા શહેરની. રૂરબન જેવું સરસ નામ આપવામાં આવ્યું. અમને પણ આનંદ હતો કે, અમારા ગામડાઓમાં શહેરો જેવી સગવડ થશે. અમારા આણંદ જિલ્લાની વાત કરું તો ૨૦૦૮–૦૯માં ૨૦ ગામોનો આ રૂરબન યોજનામાં સમાવેશ કરવાની જાહેરાત કરવામાં આવી. આજે છ વર્ષ જેટલો સમય થઇ ગયો. ૨૦માંથી ખાલી એક જ ગામમાં આ યોજના શરૂ થઇ. એ પણ તારાપુર ગામમાં છેલ્લા ૩ વર્ષથી આ યોજના શરૂ કરવામાં આવી. પરંતુ આજની તારીખે આ યોજના શરૂ થઇ શકી નથી. જે રીતે આપણે યોજનાઓ લાવીએ છીએ, જે રીતે બજેટની ફાળવણી કરીએ છીએ એનો લાભ છેવાડાના માણસ સુધી કે ગામડા સુધી પહોંચે એ માટેની જે સક્રિયતા અને ચિંતા કરવામાં આવતી નથી એના કારણે આ યોજનાઓ ખાલી કાગળ ઉપર રહી જતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી સરકારના મુખ્યમંત્રીશ્રી નવા બહેન આવ્યા અને નવો કાર્યક્રમ લાવ્યા– ગતિશીલ ગુજરાત. પહેલાં તો એવું સાંભળ્યું કે ગતિશીલ ગુજરાત. મને એમ હતું કે, કોઇ બીજા પક્ષની સરકાર બદલાઇ હોત અને આવું સૂત્ર લાવ્યા હોત તો યોગ્ય લાગત. પરંતુ છેલ્લા ૧૯ વર્ષથી રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે. અગાઉના મુખ્યમંત્રીશ્રી હવે વડાપ્રધાન બન્યા. પણ એમની સરકારો કદાચ ગતિમાં નહોતી અને હવે આ સરકારને લાગ્યું કે, અમારા આગલા વહીવટદારોએ ગતિ ન કરી એટલે હવે અમે કરીએ એટલે ગતિશીલ સરકાર થઇ. જે કામો ૧૯ વર્ષમાં ન થઇ શક્યા. એ કુપોષણની વાત હોય કે અનેક વાતો હોય એ ૧૦૦ દિવસમાં આ સરકાર કરવા માગે છે. જે રીતે તેઓ વાત કરે છે, આપણે એક પ્રોજેકટ જોઇએ. રૂરબનની જ વાત કરીએ તો આટલા સમયમાં એક જ ગામમાં થઇ શક્યું હોય તો ૧૯ ગામના લોકો રાહ જોઇને બેઠા છે કે, આ સરકાર ક્યારે ગતિમાં આવે અને અમારા ગામને એનો લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં ગરીબ કુટુંબ હોય. એને પાકુ મકાન મળે. ભૂતકાળમાં અનેક યોજનાઓ લાવ્યા અને પાકા મકાન આપવા માટેની ઇચ્છા અને પ્રયત્ન કર્યા. પણ મારે કહેવું છે કે, ગત વિધાનસભાની ચૂંટણી પહેલાં આપણે વાત કરી કે, ગુજરાતમાં જેટલા કાચા મકાનો છે એ તમામ લોકોને પાકા મકાનો આપીશું. એના ફોટા પાડવામાં આવ્યા, એના સરવે કરવામાં આવ્યા, ભાષણો કરવામાં આવ્યા. આજે બે વર્ષ જેટલો સમય થવા આવ્યો. પરંતુ તેના માટેના કોઇ પગલાં લેવામાં આવ્યા નથી. આ બજેટમાં એ લોકોને આશા હતી કે, અમારા માટે પાકા મકાનની કોઇ ચોક્કસ જોગવાઇ કરવામાં આવશે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આપણે જોગવાઇ તો લાવ્યા એ સરદાર આવાસ એ નામ આપ્યું, રકમ કેટલી

કરી? ફક્ત રૂ.૪૦૦૦૦/- મારે તો માનનીય મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરવી છે કે, યુપીએની સરકાર હતી એણે ચિંતા કરી કે, આ મોંઘવારીના સમયમાં આ ગરીબ માણસને આ આવાસ યોજનાનો લાભ આપીએ છીએ એમાં રકમ ઓછી પડવાના કારણે એ મકાન બાંધી શકતો નથી. એટલે સહાયની રકમ રૂ.૪૫૦૦૦/- થી વધારીને રૂ.૭૦૦૦૦/- ઈન્દિરા આવાસ યોજનાના કર્યા. રાજ્ય સરકારની યોજનાઓ ચાલે છે એ સરદાર આવાસ યોજના હોય, એ આંબેડકર આવાસ યોજના હોય, પંડિત દિનદયાળ આવાસ યોજના હોય કે હમણા જ આપણે શરૂ કરેલી માનો કે સરદાર આવાસ-ર યોજના હોય, આ તમામની સહાયની કિંમત વધારવા માટે માનનીય મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરૂ છું.

બીજા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી છે એમાં કહું કે રાજ્યના ગરીબ, વંચિત હોય, અશકત હોય, નિરાધાર હોય, વૃદ્ધ હોય કે વિધવા બહેન હોય આ તમામ વર્ગના લોકોની આશાઓ અને અપેક્ષાઓ આ વિભાગની માગણીઓ પર હોય છે. મારા પક્ષના અન્ય મિત્રો અનુસૂચિત જાતિ, લઘુમતિ એના માટે વાત કરવાના છે પણ મારે તો ખાસ કરીને આ રાજ્યની પર ટકા વસ્તી ધરાવતો બક્ષીપંચ સમાજ કે જેમાં ૧૪૬ જેટલી જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો અને છેલ્લા કેટલાય વર્ષોના બજેટના આંકડા જોઇએ તો કુલ જે આયોજન હોય એમાંથી પર ટકા વસ્તી માટે ૧ ટકા કરતા પણ ઓછી રકમની જોગવાઇ કરવામાં આવતી હોય છે. વસ્તી સૌથી વધારે અને જોગવાઇ સૌથી ઓછી એ જ આ ભારતીય જનતા પાર્ટીની સરકારની બક્ષીપંચ સમાજ માટેની જે પોતાની નીતિ છે એના દર્શન કરાવે છે. મારે માનનીય મંત્રીશ્રીનું થોડુંક ધ્યાન દોરવું છે કે રાજ્ય સરકારનું સ્પીપા, અમદાવાદ ખાતે ચાલે છે જેમાં આઇ.એ.એસ. માટેના ટ્રેનીંગ સેન્ટર ચાલે છે એમાં ૧૦૦ બેઠકો પર ઉમેદવાનોની પસંદગી કરવાની હોય છે, એમાં અનામતની જોગવાઇ મુજબ ૨૭ ટકા બેઠકો પર બક્ષીપંચના યુવાનોને તક મળવી જોઇએ પણ કોઇ કારણસર છેલ્લા કેટલાય વર્ષોથી આ સ્પીપામાં જે અનામતનો અમલ થાય છે એમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ફકત ૧૬ બેઠકોનો લાભ મળે છે. ત્યારે એ બાબતમાં એમના પ્રવચનમાં અમને ખુલાસો કરે તો આનંદ થશે. એવી જ રીતે હાઉસિંગ બોર્ડ અને કોર્પોરેશન વિસ્તારમાં એફોર્ડેબલ હાઉસિંગની સ્કીમ ચાલે છે એના માટે પણ અનામતનો અમલ થતો નથી એના માટે પણ ચિંતા કરે એવી વિનંતી છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની માગણી નંબર ૭૦ અને ૭૧ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. જયારે જયારે હું આ વિધાનગૃહમાં સામેના પક્ષના મિત્રોને સાંભળું છું ત્યારે મારો ગામડાનો આત્મા જાગે છે. ગામડામાં કહેવત હતી કે •(xxxxxx) એવી એક ગામડામાં કહેવત છે. આ લોકોને ગામડાની ટીકા કરવાનો કોઇ અધિકાર નથી એ હું બહુ દબાણપૂર્વક કહુ છું કે કોંગ્રેસના લોકો જયાં સુધી ગામડાની ટીકા ન કરે ત્યાં સુધી જ સારા લાગે છે. મારે એમને એમનો ઈતિહાસ કહેવો છે. ગામડાના વિકાસ કરવામાં એમણે કોઇ દિવસે કોઇ બજેટ આપ્યું નહોતું. એમનું શાસન લાંબો વખત સુધી ગુજરાતમાં રહ્યું, ૧૯૪૭ની આઝાદીથી ૧૯૬૧ સુધી મુંબઇ રાજયમાં પણ કોંગ્રેસના લોકો જ અહીંયા બેઠા તે મહદઅંશે ત્યાં હતા. ગુજરાતનો કેટલો સકકરવાર કર્યો ચૌદ વર્ષ સુધી એ તો એમને ખબર છે. ૧૯૬૧ થી ૧૯૯૫ સુધી આ સામે બેઠેલા કોંગ્રેસના અને એમના સીનીયરો લગભગ ૩૪ વર્ષ સુધી કોંગ્રેસે ગુજરાતમાં શાસન કર્યુ. મારે એમને પૂછવું છે કે આ ૪૮ વર્ષ થયા તમારા હાથમાં ગુજરાતના વિકાસના તમે ગામડાને શું આપ્યું, તમે જે આપતા હતા ગામડામાં એ અમે લેતા હતા. હું ગામડામાં હતો. તમે આપતા હતા મારે તમને પૂછવું છે તમે અમને અમારા ગામડામાં રસ્તા આપ્યા હતા તો તમે જવાબમાં છાતી ઉપર હાથ મૂકીને કહો કે તમે એક પણ રસ્તો કોઇ ગામડાને પાકો આપ્યો હતો? જવાબ ના. હું એમને પૂછું કે અમારી બહેનો કૂવામાં પાણી ભરવા દોરડું લઇને જતી હતી. હવાડામાંથી પશુઓ પાણી પીતા હતા. એમને હું પૂછું કે તમે અમને પીવાનું પાણી આપ્યું હતું? તો જવાબ ના. એમને હું એમ પૂછું કે તમે અમને કોઇ વીજળીનો એક બલ્બ પણ આપ્યો હતો?

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગામડાને સ્ટ્રીટ લાઇટ પણ આપી હતી? એમનો જવાબ હશે કે ના. એમણે જયારે કંઇ આપ્યું નથી અને છતાં પણ (xxxxxx) કે તમે કંઇ કર્યુ નથી.

અધ્યક્ષશ્રી : આપણે આ કહેવત કાઢી નાખીએ છીએ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કહેવત રાખો આ એમને યોગ્ય છે.

અધ્યક્ષશ્રી : પછી બધેય શરૂ થઇ જાય કહેવતો.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સરકારને ગ્રામ પંચાયત માટે અભિનંદન આપવા છે કે આ વર્ષે ૯૮૯ કરોડ અને ૧૭૨૭ એમ કુલ ૨૭૧૬ કરોડ રૂપિયા ગામડાંના વિકાસ માટે આ બજેટમાં પ્રોવિઝન કર્યું છે. ગામડાંના માણસો શહેરમાં જતાં હતાં. હમણાં અમિતભાઇ બોલતા હતા કે શહેરમાં બધું આપી દીધું છે. પહેલાં લોકો ગામડાંમાં રહેતા ન હતાં. હું ગામડાંનો જ છું. આપ રખે એવો ખ્યાલ કરતાં, ગઇ કાલે જ ગામડાંમાં પગલાં પાડીને આવું છું. ગામડું મારી સાથે જોડાયેલું છે. આપ ગામડાંનાં છો અને હું ગામડાં વિશે કશું નથી જાણતો એવો ખ્યાલ ન રાખતા. ગામડાંનાં લોકો ગામડું છોડતાં હતાં. કોઇ વ્યવસ્થા ન હતી. કોઇ ધંધા રોજગાર ન હતા, કોઇ જાતની શાળાઓ ન હતી, જમીનો પાણીના મૂલે વેચાતી હતી. ગામડાંમાં કોઇ ખરીદનાર ન હતું. ખેડૂતોને પાણી જોઇએ તો સિંચાઇનું પાણી ન હતું. એવા સંજોગોમાં ગામડાં તૂટતાં હતાં. અમારી સરકારે સૈદ્ધાંતિક રીતે વિચાર કર્યો કે ગામડાંને તૂટતાં અટકાવવાં જોઇએ અને એ માટે અમે કામ કર્યું છે. ગામડાંના માણસોને કેળવણી ન હતી. મારે એમને પૂછવું છે કે તમે એમને શિક્ષણ આપ્યું હતું? તમારા જૂના જમાનામાં રાજા-રજવાડા હતા ત્યારે એક ધોરણ ન હતું અને તમે ૪ ધોરણ સુધી ન કરી શકેલા અને તમે હવે કોલેજો અને યુનિવર્સિટીની વાતો કરો છો? ધન્યવાદ અને શાબાશી આપવી જોઇએ કે અમારી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૪૯ યુનિવર્સિટીઓ ઊભી કરી. આ બધું જ અમે આપવા તૈયાર છીએ. ખેડૂતોનો વિકાસ કરવો જોઇએ. ગામડાં બે ભાગમાં વહેંચાયેલા છે. ગામડાંમાં એક ભાગમાં ખેડૂતો છે અને બીજા ભાગમાં મજૂરવર્ગ છે. અમારે બન્નેનો વિકાસ કરવો છે. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગામડાંનો વિકાસ કેવી રીતે કર્યો એ મારે કહેવું છે. ખેતીવાડી માટે ગામડાંનાં ખેડૂતો પાણી માટે રાહ જુએ, પાણીના માટે અમે અથાગ પ્રયત્નો કર્યા છે અને ખેતીવાડીને માટે પાણીની વ્યવસ્થા કરી છે. કેનાલો, પંપીંગ સ્ટેશનો, લિફ્ટ ઈરિગેશન, તળાવો ભરીને ખેડૂતોને પંપીંગ દ્વારા પાણી આ બધી વ્યવસ્થાઓ અમે કરી છે. ખેડૂત ત્યાં ટકી રહ્યો છે. અમારી સરકારે શુદ્ધ પીવાનું પાણી ગામડે ગામડે આપ્યું છે એમાં તમે ના પાડી શકો એમ નથી. ગટર વ્યવસ્થા નાની મોટી બધી અમે કરી છે. ગામડાંમાં પાકા રસ્તાઓ થઇ ગયાં છે. કોણે કર્યું છે તમે? આ બધું જ ભા.જ.પ.ના શાસનમાં થયું છે. શિક્ષણ માટે શાળાઓ તમે બનાવી હતી? શિક્ષણ માટે ૩-૪ ધોરણ સુધી આપનારા તમે લોકો અમારી કોલેજોની શું ટીકા કરો છો? શિક્ષણ માટે શાળાઓ અમે ઊભી કરી છે. કુપોષણ માટે આંગણવાડીઓ કરી છે. પહેલાં બાલવાડીઓ હતી ત્યારે એમાં બાળકોને મૂકવા જાઓ અને જુઓ તો એમ થાય કે મરવા ખાતર જીવતાં બાળકો તમે રાખતા હતા.

આજે કુપોષણ સામે અમારી લડત ચાલુ છે. એને નાથવા માટે આંગણવાડીઓ પણ કેટલી સુંદર હોય છે? હરવા-ફરવા માટે ત્યાં આંગણવાડીમાં વ્યવસ્થાઓ કરી છે. સ્વચ્છતા માટે ગામડાંના માણસોને કહ્યું કે તમે વેરો ઉઘરાવો એના અમે ૧૧૦ ટકા ગ્રાન્ટ આપીએ છીએ. આ સરકાર ગ્રાન્ટ આપે છે. આજે બધી જગ્યાએ પંચાયતઘરો છે, પશુઓનું દવાખાનું છે, આરોગ્ય કેન્દ્રો છે, બધા તળાવો ઊંડા કરી નાખ્યા છે. સિંચાઇનું પાણી એમાં ભરીએ છીએ. પહેલાં ખેડૂતો ટ્યૂબવેલોમાંથી પાણી લેતા હતા એના બદલે હવે તળાવોમાંથી પંપીંગ કરીને પાણી પહોંચાડી શકાય એવી વ્યવસ્થા અમે આપી છે. સૌથી વધારે વીજળીની વાત કરું તો આજે ૨૪ કલાક વીજળી આપીએ છીએ. ગામડાંને શું જોઇએ? આ બધી જ બાબતોમાં સામેના મિત્રો ટીકા કરે છે ત્યારે મારે એમને કહેવું છે કે, ગામડાંને મકાનો જોઇએ છે. અમિતભાઇ કહેતા હતા કે ગામડાંના મકાનો તમે બાંધ્યા. મને ખબર છે કે તમે ઇન્દિરા આવાસની એક સ્કીમ ૭૫:૨૫ ટકામાં મૂકેલી. સાહેબ, એમણે ૫૨% પૈસા નહોતા આપ્યાં. બાકીના ૪૮% પૈસા ભારતીય જનતા પાર્ટીના શાસને ગુજરાતમાં આપી ગરીબોને મકાનો અમે પૂરા કર્યા છે. મને તમે ના આપ્યાં તેથી પડ્યાં રહ્યાં. હિસાબ જોઇતો હોય તો મારી પાસે આવજો. કારણ કે, ભૂતકાળ મને ખબર છે. સરદાર આવાસ, હું તમને એટલા માટે કહું છું કે, અમે

એમ કહેતા હતા કે ગુજરાતના ગરીબોને મકાનો આપો. ના આપ્યાં. અમે કાકલુદી કેન્દ્રની યુપીએ સરકારને કરી, ના આપ્યાં ત્યારે અમારી સરકારે નિર્ણય કર્યો કે ૦ થી ૧૬ ના ગરીબો એના પછી ૧૭ થી ૨૦ ના ગરીબો જે છે એ લોકો મકાન વગર રહે છે એમને મકાન આપવા છે ક્યાંથી આપવાના? તમે તો 'હાથ તાળી આપીને બેસી રહ્યાં' અને અમારી સરકારે ૮૮૧૫૯૬ સરદાર આવાસ આ સરકારે બનાવ્યાં છે એનો ખર્ચ એના ઉપર પણ સંવેદના અમારી સરકારમાં જાગી કે ૧૭ થી ૨૦ આંકવાળા ગરીબોને આપ્યાં અને હજુ પણ ૨૧ અને ૨૮ ના ગરીબો છે પૈસાદાર લોકો નથી એમના માટે સરદાર આવાસ સ્કીમ–૨ અમે લઇને આવ્યાં એના માટે પણ ૩ લાખ કુટુંબોને આ વર્ષે આપવા માટેની યોજના બનાવી. ૭૪૪ કરોડ રૂપિયાનું બજેટ આપ્યું અને છતાં કહે છે કે, તમે ગામડાને શું આપ્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાનુ કામ કરવું હોય તો  ગરીબો સુધી પહોંચવું જોઇએ. હળપતિઓને રહેવાનું મકાન નહોતું, તૂટી ગયા મકાનો.  ૫૦૦૦ રૂપિયામાં મકાનો બાંધીને કોંગ્રેસે જે મકાન આપ્યાં હતા, છત પર નળિયા નહોતા. દક્ષિણ ગુજરાતમાં રહેલા હળપતિઓને અમે મકાનો બાંધવા માટે ૭૦૦૦૦ની ગ્રાન્ટ આપી છે અને અમે દરેકના મકાનો શરૂ કરાવ્યાં. (સમય સૂચક ઘંટડી)

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૭૦ અને ૭૧ લઇને આવ્યાં છે તેના ઉપર મારાં વિચારો અને સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુરબ્બી નરોત્તમ કાકા વાત કરતા હતા. •(xxxxxx) ગઇ વખતે જવાબ આપતા હતા આ વખતે એમને સૂચનો રજૂ કરવા પડે એવી પરિસ્થિતિ થઇ છે. આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થયો. ભારત પાકિસ્તાનના ભાગલા, દેશી રજવાડાંઓ આ બધી પરિસ્થિતિ જોતાં મહાત્મા ગાંધીજી સમગ્ર ભારતમાં ફર્યા હતા. ગામડાની પરિસ્થિતિ એમણે જોઇ હતી. ગામડાના સતાના કેન્દ્રીયકરણના કારણે ગામડાની દશા શું થાય છે એ એમણે જોઇ હતી. ગ્રામ સ્વરાજની કલ્પનાનો વિચાર ભારતમાં રજૂ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, કહેતાં આનંદ થાય કે ગાંધી–સરદારની આ જન્મભૂમિ ગુજરાતે એ વિચારને સુપેરે આવકાર્યો. વિશેષમાં વાત કરું તો સ્વતંત્ર ગુજરાત થયા પછી બળવંતરાય મહેતા સમિતિની રચના થઇ. એમાં ગ્રામ સ્વરાજની કલ્પના કરવામાં આવી.  એમાં એક સૂચન થયું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને સંપૂર્ણ સત્તા સ્વરાજ પાસે હોય એની કોઇ સત્તામાં સરકાર ડખલ ના કરે એવું એક સૂચન થયું. એ સૂચનને ખૂબ જ સફળતાપૂર્વક ગુજરાતમાં અમલીકરણ કરવામાં આવ્યું. આની સફળતા જોતાં સ્વ.રાજીવ ગાંધીએ બંધારણની કલમ ૫૪–એ–માં સુધારો રજૂ કર્યો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને પૂરેપૂરી ભાગીદાર બનાવી. આના કારણે મૂળભૂત હેતુ સત્તાનુ વિકેન્દ્રીકરણ થાય, સત્તામાં ગામડાને ભાગીદારી મળે એ મૂળભૂત હેતુ હતો.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી વિચારની વાત કરીએ ત્યારે લોકશાહીનો મતલબ જ એવો હોય છે કે, અહીંયા બેઠેલો માનવી, અમદાવાદમાં બેઠલા માનવીને જે લાભ મળે એ ગામડામાં બેઠેલા માનવીને લાભ મળે, એ જ લાભ ડાંગને મળવો જોઇએ, એજ લાભ રાધનપુર કે સાંતલપુરને મળવો જોઇએ. એવી એક કલ્પના લોકશાહીમાં હતી. પરંતુ આજે જોઇએ તો ધીમે ધીમે સત્તાનુ કેન્દ્રીયકરણ થઇ રહ્યું છે. આજે ગ્રામ પંચાયતને કોઇ સત્તા નથી, તાલુકા કે જિલ્લા પંચાયતને કોઇ સત્તા નથી. ધીરે ધીરે આ પંચાયતીરાજની વ્યવસ્થા તૂટી રહી છે. હું જિલ્લા પંચાયત ગાંધીનગરનો પ્રમુખ હતો. જિલ્લા પંચાયત પરિષદની મિટિંગમાં મળવા જવાનું થતું હતું. માનનીય મંત્રીશ્રી પણ મિટિંગમાં આવતા હતા. દર વખતે રજૂઆતો થતી કે જિલ્લા પંચાયતના પ્રમુખને સત્તા આપો. જિલ્લા પંચાયતના પ્રમુખને પાવર આપો. આજ સુધી આપવામાં આવેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, એટલી વિનંતી કરવા માગુ છું કે આજે તો લગભગ બધી જિલ્લા પંચાયતો તમારા પક્ષની છે. કમ સે કમ હવે પ્રમુખોને સત્તા તો આપો, તો ખબર પડે. કારણ કે, વિશ્વાસ નથી પ્રમુખો ઉપર. આમાં વિશેષ એટલા માટે વાત કરું છું કે, ધારાસભ્યની ગ્રાન્ટ હોય, એમ.પી.ની ગ્રાન્ટ હોય પરંતુ જિલ્લા પંચાયતનો પ્રમુખ, તાલુકા પંચાયતનો પ્રમુખ ત્યાં ગામડામાં જાય અને એકેય યોજનામાં ના આવતું હોય, તો ગામના લોકો વિકાસની વાતની રજૂઆત કરે તો તાલુકા પંચાયતના પ્રમુખને કે, જિલ્લા પંચાયતના પ્રમુખને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

બેસી રહેવું પડે છે, એની પાસે કોઇ વાપરવાની સત્તા નથી હોતી. એટલે ખાસ વિનંતી કરું છું કે, જિલ્લા પંચાયતના પ્રમુખને કે તાલુકા પંચાયતના પ્રમુખને એવી કાંઇક ગ્રાન્ટ આપવી જોઇએ કમ સે કમ એ વિકાસના કામો ગામડામાં જાય ત્યારે એ રજૂ કરી શકે, વાત કરી શકે એવું પણ કરવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રમુખો,સત્તા વગરના પ્રમુખો, ના કોઇ તલાટીની બદલી કરી શકે એટલું જ નહીં પોતાની ઓફિસમાં પટાવાળો હોય તો એની પણ બદલી જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતનો પ્રમુખ નથી કરી શકતો. જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિ ખરી પણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ પાસે કોઇ પાવર આજે પણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ નરોત્તમકાકા વાત કરતા હતા કે, ગુજરાતમાં ચોવીસ કલાક આપીએ છીએ. વધારાની વીજળી અમે પાકિસ્તાન વેચીશું એવી જાહેરાત થઇ હતી. હમણાં નવાજ શરીફજીને ત્યાં બોલાવ્યા અને આજે પાકિસ્તાનનું ડેલિગેશન અમદાવાદમાં તો કયો પાકિસ્તાનનો પ્રેમ ઉભરાય છે, એ મને સમજાતું નથી? ખાસ કરીને આજે ગામડામાં લગભગ ગામડાના બધા ધારાસભ્યોને ખ્યાલ હશે લગભગ રાત્રે લાઇટ આપવામાં આવે છે. ખેડૂતને પાણી માટે રાત્રે ખેતરમાં જવું પડતું હોય છે. ક્યાંક રાત્રે અકસ્માત થાય, સામે દવાખાનાની વાત કરી માનનીય મંત્રીશ્રી તો સી.એચ.સી., પી.એચ.સી.માં આપે પણ રજૂઆત કરી છે, આપે પણ વાત કરી કે, ડોકટરો હોતા નથી. સરકારનો પરિપત્ર છે કે, સી.એચ.સી. અને પી.એચ.સી.માં હેડ કવાર્ટરમાં ડોકટરે રહેવું જોઇએ. પણ ડોકટરો કોઇ ત્યાં રહેતા નથી, ત્યાં જુનિયરને ચાર્જ આપીને બાજુના શહેરમાં રહેવા જતા રહેતા હોય છે. પરિપત્રનું સળંગ ઉલ્લંઘન થાય છે. હું પણ પ્રમુખ હતો, આ પણ રજૂઆત કરી હતી પણ એનું કોઇ કાંઇ એટલા માટે કે, પ્રમુખ પાસે પાવર્સ જ નથી. એના કારણે ક્યાંક ડોકટરી તકલીફ થાય તો કાંઇ જ કરી શકતા નથી, ખેડૂત જાય કયાં ? એક બાજુ રસ્તાના ઠેકાણા ના હોય. બહેનોની ચિંતા કરીએ છીએ, ગામડામાં કદાચ કોઇ ડિલીવરીનો પ્રસંગ આવે, ચોમાસાનો પ્રસંગ હોય તો બહેન જાય કયાં ? ગામડામાંથી શહેર જવાની જ તકલીફ મોટી તકલીફ હોય છે એના માટે. આ બાજુ સ્ત્રી સન્માનની વાતો કરીએ છીએ પરંતુ સ્વ. રાજીવ ગાંધીએ ૭૩મો સુધારો કર્યો એટલે ૩૩ ટકા અનામત બહેનોને આવી બાકી ના આવી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની વાત કરીએ તો બી.પી.એલ.નો છેલ્લા ઘણા સમયથી સરવે થયો નથી. આ પરિસ્થિતિમાં જે સરવે કરવા જાય છે, એ હકીકતમાં સરવે નથી કરતા. એક જગ્યાએ આગેવાનોને ત્યાં બેસીને યાદી બનાવતા હોય છે. એમાં ક્યાંક ટ્રેકટરવાળા, ક્યાંક ધાબાવાળા મકાનોવાળા આ બધા લોકોનો આ યાદીમાં સમાવેશ થાય છે. (સમય સૂચક ઘંટડી) ખાસ કરીને અમીતભાઇને વાત કરું તો ઇન્દિરા આવાસ, સરદાર આવાસના મોટાભાગના કામો બાકી છે. બીજી બાજુ જે વાત કરી એ પ્રમાણે ચૂંટણીઓમાં મોટી જાહેરાતો થઇ હતી અને કમ સે કમ એ જાહેરાતના અનુસંધાનમાં જોઇએ તો ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ૪૩,૬૬૬ મકાનો કાચા હોવાનું બહાર આવ્યું હતું. સરકારે શું આપ્યો ? કેટલા મકાનો બન્યા ? માત્ર ૨૩૩ મકાનો બન્યા. આ કામ કરતી સરકારનો ઉત્તમ નમૂનો કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગામના સરપંચને આપણે ગામનો વડો કહીએ છીએ તો એ ગ્રામ સચિવાલયની વાત કરીએ છીએ પણ ગ્રામ પંચાયતમાં ગામનો વડો ક્યાંક બેસે, કે એની કોઇ ચિંતા કરી ? ગ્રામ સચિવાલયની વાત કરી પણ બેસવાની કોઇ વ્યવસ્થા નથી. રાજીવ ગાંધી ભવનની યોજના છે. આથી સરકારને વિનંતી કરું છે કે, કમ સે કમ આ ગ્રામ પંચાયતો દરેક જગ્યાએ નવા બનાવે અને ક્યાંક ના હોય તો નવી યોજના શરૂ કરીને પણ પંચાયતના મકાનો બને એવી પણ ચિંતા આ સરકારે કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘટની તો વાત કયાં કરવી ? તલાટીઓની ઘટની વાત આપણને બધાને ખબર છે. પણ મહેકમની વાત કરીએ તો ૭૦ ટકા ખાલી તાલુકા પંચાયતમાં અને જિલ્લા પંચાયતમાં છે. અને સૌથી મહત્વનું અંગ જે એસ.ઓ.ને એ બધા ખાલી હોય છે. ત્યારે એમ.એલ.એ.ના કામો, બીજા આયોજનના કામો, એમ.પી.ના કામો આ બધા કામો ત્યાંથી થતા હોય છે. એક જ એસ.ઓ. તાલુકા પંચાયતમાં અને આટલા બધા કામોને એ પહોંચી નથી વળતો. એટલે કમ સે કમ સરપંચ એને બેસાડીને સ્કુટર ઉપર લઇ જાય, ત્યાં

સરવે કરે, પાછો મૂકી જાય અને વહીવટ થાય તો એ સરવે થાય અને તો જ એ બને, બાકી બનતું હોતું નથી. આ પણ ચિંતા આપણે બધાએ કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીનની વાત કરીએ. ગૌચરનું દબાણ ધીરે ધીરે વધતું જાય છે. એનું કારણ વસ્તી વધી, આપણે ગામતળ નીમતા નથી એના કારણે દબાણ કયાંક ક્યાંક વધતું હોય છે. દબાણ દૂર કરવાનું કહેવામાં આવે છે ત્યારે તલાટી કહે સરપંચને, સરપંચ કહે તલાટીને, છેલ્લે પાછું જાય તાલુકા પંચાયતમાં દબાણ ખાતું હોય ત્યાં, એમાં અધિકારી ના હોય એટલે પાછું ત્યાં ને ત્યાં પડી રહે છે. એના કારણે ગૌચરોમાં સતત દબાણ થતું હોય છે અને સમસ્યાઓ ઊભી થતી હોય છે એટલે એના માટે પણ કડક કાયદો કરવો જોઇએ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાને વંચિતોનો વિકાસ એવું સુત્ર આપ્યું હતું. વંચિતો એટલે કોણ? વંચિતો એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, મહિલાઓ, આર્થિક રીતે પછાત વર્ગોનો વિકાસ થાય એ માટે રાજય સરકારે સતત પ્રયત્નો કરેલા છે. વંચિતો પૈકી જે અતિ પછાત જ્ઞાતિઓ છે, વિચરતી અને વિમુકત જાતિઓ છે, આદિમ જાતિઓ છે, સમાજની અંદર જે વિધવા, વિકલાંગો અને નિરાધાર વૃદ્ધો છે એનો વિકાસ થાય એ માટે રાજય સરકારે ચિંતા કરી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ કહ્યું, ‘સૌનો સાથ સૌનો વિકાસ’ એટલે તમામ વર્ગોનો વિકાસ થાય એ માટે રાજય સરકાર પ્રયત્ન કરે છે. ગુજરાત સરકારે ૧૦૯૮ જેટલા ગરીબ કલ્યાણ મેળા કર્યા. ૮૧ લાખ જેટલા લાભાર્થીઓને ૧૨૦૦૦ કરોડ કરતા પણ વધારે રકમની સહાય ઉપલબ્ધ કરાવી. મને કહેતા આનંદ થાય છે કે ગ્રામીણ વિસ્તારની અંદર ૭૦૦૦૦ થી પણ વધારે અનુસૂચિત જાતિના લાભાર્થીઓને મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. અમદાવાદ શહેરની અંદર ૨૦૦૦ થી પણ વધારે સફાઇ કામદારોને કવાર્ટર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. સુરતની અંદર ઘોડદોડ રોડ ઉપર જેની કિંમત કરોડો રૂપિયા થાય એવા વિસ્તારની અંદર સફાઇ કામદારોને મકાન ફાળવવામાં આવ્યા છે. વંચિતોનો વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયો છે. કોંગ્રેસ સરકાર હતી ત્યારે જે વંચિતો હતા, દલિતો હતા એને ફકત ને ફકત એક વોટ બેંક તરીકે ગણવામાં આવતા હતા. જે છેલ્લી યુ.પી.એ. સરકાર ગઇ એણે પોતે રંગનાથ મિશ્રા કમિશનની રચના કરી. જેને દલિત મુસ્લીમ અને દલિત ક્રિશ્ચિયનો માટે અનામતની તરફેણ કરી છે એટલે કે જે વિકાસના નાણા દલિતો માટે, અનુસૂચિત જાતિઓ માટે ઉપલબ્ધ થવાના હતા એ નાણા જેણે ધર્માંતર કર્યું હોય એવા લોકોને ઉપલબ્ધ થાય એ માટેના પણ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીની જે સરકાર છે એણે પોતે જે બજેટની અંદર જોગવાઇઓ કરી છે એમાં અનુસૂચિત જાતિ પેટા યોજના માટે ૬૭૯૪કરોડની જોગવાઇ વર્ષ ૨૦૧૪–૧૫ માટે કરી છે.

મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે એમના પોતાના વિભાગની અંદર ૩૫ ટકાનો વધારો લઇને આજે ગૃહમાં પોતે આવેલા છે. વિભાગ માટે ૧૯૫૭કરોડની જોગવાઇ એમણે સૂચવેલી છે. અનુસૂચિત જાતિ કલ્યાણમાં ૭૪૬કરોડની જોગવાઇ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમને હું અભિનંદન આપું છું. આ દેશની અંદર ભારતનું જે બંધારણ ડો. બાબા સાહેબ આંબેડકર જેમને આપણે ભારત રત્ન તરીકે નવાજયા છે એમણે બનાવ્યું હતું. આ બંધારણની અંદર જે પાયાનો સિદ્ધાંત છે સ્વતંત્રતા, બંધુતા અને સમાનતા રાજય સરકાર આ નીતિ ધ્યાનમાં લઇને અનુસૂચિત જાતિના કલ્યાણ અને વિકાસ માટે પ્રયત્નશીલ છે. મારી વિનંતી છે કે આ જે ખાસ અંગભૂતની જોગવાઇઓ છે, એમાં ખર્ચ જે નથી થતો, એની જે ગ્રાન્ટ લેપ્સ થાય છે એ નોન લેપ્સેબલ બનાવવા માટે પણ વિચારણા કરે એવી મારી વિનંતી છે. આપણે નોન ટ્રાન્સફરેબલ તો બનાવી છે પણ નોન લેપ્સેબલ એટલે એ ગ્રાન્ટ જે વર્ગ માટે અનામત રાખવામાં આવી હોય એ પછીના વર્ષમાં ન વપરાય તો પણ ચાલુ રહે એવું મારું સૂચન છે. શૈક્ષણિક વિકાસ જે છે એમાં અનુસૂચિત જાતિની જે સાક્ષરતાનો દર છે એ સામાન્ય સાક્ષરતા કરતા વધારે છે. સામાન્ય વર્ગની અંદર ૬૯.૧૪ ટકા જેટલો સાક્ષરતાનો દર છે જયારે અનુસૂચિત જાતિમાં ૭૦ ટકા જેટલો સાક્ષરતાનો દર છે. કોંગ્રેસના મિત્રો જે છે

એમના માટે ગૌરવ લેવા જેવી બાબત એટલા માટે નથી કે સયાજીરાવ ગાયકવાડના જમાનાથી શિક્ષણ માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. એના થકી સાક્ષરતાનો દર આજે જોઇ રહ્યા છીએ કે વધારે છે. સાક્ષરતા ફક્ત જરૂરી નથી. ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ ઉપલબ્ધ થાય એ ખૂબ જરૂરી છે, એટલા માટે રાજ્ય સરકારે ૭૨ જેટલી સરકારી છાત્રાલયો, ૫૮૨ જેટલી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો અને ૪૮ આશ્રમશાળાઓ અને ૨૦ આદર્શ નિવાસી શાળા થકી પોતે રહેવાની વ્યવસ્થા કરેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી સ્વામિ વિવેકાનંદ સમરસ છાત્રાલય ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ૬૪૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે અને પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બીજા ૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે ૨૫૦ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે. ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ ગયા અને સર સયાજીરાવ ગાયકવાડે એમને મદદ કરી. ૪ જૂન ૧૯૧૩ના રોજ ૧૧.૫૦ પાઉન્ડની સહાય ૨ વર્ષ માટે દર મહિને એમને મળે તે માટેની વ્યવસ્થા કરી હતી. એને ધ્યાનમાં લઇને ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૦ લાખ રૂપિયાની સહાયની યોજના હતી એના બદલે વિદેશ સહાય માટે ૧૫ લાખની સહાય કરી છે. અત્યાર સુધીમાં ૭૪૨ જેટલા વિદ્યાર્થીઓ જે પૈકી ૧૬૮ જેટલી કન્યાઓએ વિદેશ અભ્યાસ કરેલ છે અને ૬૫.૧૧ કરોડનો ખર્ચ વિદેશ અભ્યાસ માટે કરવામાં આવેલ છે. આવતા વર્ષમાં ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એવી જ રીતે પાયલોટ માટેની તાલીમની અંદર પહેલા ૪ લાખ આપવામાં આવતા હતા જેના ૨૦ લાખ કર્યા. મંત્રીશ્રીને અભિનંદન આપવાના છે. બજેટની અંદર નાણામંત્રીશ્રીએ ૨૫ લાખ રૂપિયા કરવા માટેની જોગવાઇ કરેલ છે. પાયલોટ તાલીમ માટે ૬૦ જેટલા વિદ્યાર્થીઓને ૮.૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આગામી બજેટમાં ૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આજે જયારે ઉચ્ચ શિક્ષણની વાત કર્યા પછી આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. ની પરીક્ષામાં જે લોકો પ્રિલિમની પરીક્ષા પાસ કરે તેને મેઇન પરીક્ષાની તૈયારી માટે રૂપિયા ૫૦,૦૦૦ અને મેઇન પરીક્ષા પાસ કરે તેને ઇન્ટર્વ્યૂ માટે ૨૫,૦૦૦ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવી છે.

મને કહેતા આનંદ થાય છે કે મહિલા મુખ્યમંત્રી દ્વારા આ બજેટની અંદર કોઇપણ જ્ઞાતિની યુવતિ એની જાતિ જોયા વગર જો આ પ્રિલિમ પરીક્ષા પાસ કરે તો ૬૦,૦૦૦ રૂપિયા અને મેઇન પાસ કરે તો ઇન્ટરવ્યૂ માટે ૩૦,૦૦૦ રૂપિયા આપવાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને આના માટે હું અભિનંદન આપું છું. આજે ધોરણ ૧૨ માં જે લોકો ૭૦ ટકા લાવશે છે એમને માટે ટેબ્લેટ આપવાની વ્યવસ્થા કરી છે. વિજ્ઞાન પ્રવાહના કોચિંગ માટે ૨૫૦૦૦ રૂપિયાના બદલે ૩૦,૦૦૦ રૂપિયાની વ્યવસ્થા કરી છે. જે લોકો સ્વ રોજગાર માટે બેન્ક લોન લે તેમને ૧૦ લાખ સુધીની લોન ઉપર ૪ ટકા ઉપરનું વ્યાજ ૩ વર્ષ માટે રાજય સરકાર ભોગવશે એના માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. આજે જે લોકો ઇજનેરી એન્જિનિયરિંગના વિદ્યાર્થી હતા એ લોકોને ૩૦૦૦ રૂપિયાના બદલે ૫,૦૦૦ રૂપિયા અને મેડિકલમાં ૩,૦૦૦ રૂપિયાના બદલે ૧૦,૦૦૦ રૂપિયાનાં સાધનો આપવાં માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. જે ફુડ બિલ એન્જિનિયરિંગ, મેડિકલના વિદ્યાર્થી માટે ૬૦૦ રૂપિયા હતા તેના ૧,૦૦૦ રૂપિયા કરેલ છે. ભાઇશ્રીએ કહ્યું કે ઓ.બી.સી. માટે વ્યવસ્થા કરતા નથી. આજે વિદેશ પ્રવાસ અભ્યાસમાં ૩૦૫ જેટલા વિદ્યાર્થીઓ અમિતભાઇ, (અંતરાય) ભાજપ સરકારની યોજના છે. ૩૦૫ જેટલા વિદ્યાર્થીઓને ૨૩.૯૫ કરોડની લોન આપવામાં આવેલી છે. દીન દયાળ આવાસ યોજના નીચે ૧.૫૫ લાખ ઓ.બી.સી. ના લાભાર્થીઓને ૩૪૫ કરોડની સહાય આપવામાં આવી છે. વિચરતી અને વિમુક્ત જાતિના વિકાસ માટે અલગ નિગમની રચના કરવામાં આવી છે. આ લોકોનું શાસન હતુ ત્યારે એક મકાન હતું અને અત્યારે ૧૫ મકાનમાં છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સરકાર તરફથી ઓ.બી.સી. માટે ૨૫ જેટલા નવા છાત્રાલયો અને ૩૦૦૦ જેટલી બેઠકો તથા મને કહેતાં આનંદ થાય છે કે આગામી બજેટની અંદર ૨૭૭ કરોડ રૂપિયા ગણવેશ અને શિષ્યવૃત્તિ માટે ફાળવવામાં આવનાર છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારુ સમર્થન આપું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરે જે બંધારણમાં રાજકીય અને સામાજિક અનામતની જોગવાઇ કરી તેના કારણે આ ગૃહમાં મને જે બોલવાનો અને બેસવાનો મોકો મળ્યો છે તે બદલ ડો.બાબાસાહેબ આંબેડકરને નતમસ્તક નમન કરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નં.૯૫માં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના બજેટ આયોજનમાં અનુસૂચિત જાતિ પેટા યોજનાની વસ્તીના ટકાવારીના ધોરણે ફાળવણી કરવામાં આવતી નથી. આ વાત અનુસૂચિત જાતિના સામાજિક સંગઠનો, એન.જી.ઓ., અને વિપક્ષમાં બેસતા અનુસૂચિત જાતિના ધારાસભ્યોએ અનેક વખત રજૂઆત કરી છે કે તમે વસ્તીની ટકાવારીના ધોરણે રાજયના બજેટ આયોજનમાં ફાળવણી કરો. પરંતુ વસ્તીના ધોરણે આ ફાળવણી કરવામાં આવતી નથી. રાષ્ટ્રીય આયોજન પંચે ભારપૂર્વક કહ્યું છે કે અનુસૂચિત જાતિની વસ્તીના ટકા કરતાં વધારે તેમના વિકાસ માટે નાણાંના આયોજનની ફાળવણીની જરૂરિયાત છે. ભારત સરકારના પ્લાનિંગ કમિશનની ગાઇડલાઇન મુજબ ફરજિયાતપણે આદેશોનું પાલન કરવાનું હોય છે. છતાં કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ પાલન કરવામાં આવતું નથી. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના ફેરફાર કરેલા અંદાજપત્રમાં રાજય સરકારે કુલ આયોજન ૭૧૩૩૦.૪૪ કરોડમાંથી અનુસૂચિત જાતિ પેટા યોજના માટે ૩૫૫૪.૫૨ કરોડની જોગવાઇ કરી છે એટલે ૪.૯૮ ટકાના પ્રમાણમાં કરી છે. એટલે આ બજેટમાં આપણે સાત ટકા પ્રમાણે જોગવાઇ કરી નથી. બજેટમાં સાત ટકા કરતાં ઓછી ફાળવણી કરવામાં આવે છે અને તે ચારથી પાંચ ટકા જેટલી જ કરવામાં આવે છે.

મારો બીજો પ્રશ્ન છે કે આ ફાળવણીની જે જોગવાઇ કરવામાં આવે છે તેની અમલવારી માત્ર ૫૦-૬૦ કે ૭૦ ટકા જેટલી જ થતી હોય છે. ખાસ કરીને જે સાત ટકા પ્રમાણે જોગવાઇ કરવાની હોય તેમાં ચારથી પાંચ ટકા જોગવાઇ થાય અને તેનો અમલ ૫૦ થી ૬૦ ટકા થાય. છેલ્લા પાંચ વર્ષની ફાળવણી અને અમલીકરણની સ્થિતિ આપણે જોઇએ તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ૨૦૦૯-૧૦માં રૂ.૧૨૯૪.૭૫ કરોડની જોગવાઇ સામે રૂ.૧૦૭૭.૨૯ કરોડનો ખર્ચ થયેલ. જેમાં ૨૧૭.૬૬ કરોડનો ખર્ચ ઓછો થયેલો. ૨૦૧૦-૧૧ની વાત કરીએ તો રૂ.૧૩૩૧.૮૦ કરોડની જોગવાઇની સામે ૧૧૭૪.૭૫ કરોડનો ખર્ચ થયેલો. તેમાં પણ ૧૫૬.૩૩ કરોડનો ખર્ચ ઓછો થયેલો. ૨૦૧૧-૧૨ના બજેટના આયોજનની વાત કરીએ તો રૂ.૨૦૮૪.૦૪ કરોડની જોગવાઇ સામે ૧૫૭૭.૧૪ કરોડનો ખર્ચ થયેલો. તેમાં પણ ૫૦૬.૯૦ કરોડનો ખર્ચ ઓછો થયેલો. તે જ રીતે ૨૦૧૨-૧૩ના બજેટની ફાળવણીની વાત કરીએ તો ૨૮૪૯.૩૨ કરોડની જોગવાઇની સામે રૂ.૨૪૪૦.૯૩ કરોડનો ખર્ચ થયેલો. તેમાં પણ ૪૦૮.૩૯ કરોડનો ખર્ચ ઓછો થયેલો.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪ના બજેટની ફાળવણી જોઇએ તો ૨૩૩૭.૪૧ કરોડની જોગવાઇ સામે ૨૧૩૪.૫૫ કરોડનો ખર્ચ થયેલો જે ૫૦૨.૮૬ કરોડનો ખર્ચ ઓછો થયેલો આમ, છેલ્લા ૫ વર્ષના આંકડા જોઇએ તો જે ફાળવણી ૪ થી ૫ ટકા થઇ હતી અને એમાં જે જોગવાઇ કરેલી એના ખર્ચના આંકડા જોતા કુલ ૧૦૧૯૬.૮૦ કરોડની જોગવાઇ સામે માત્ર ૮૪૦૬.૮૬ કરોડનો ખર્ચ થયેલો છે એટલે રૂપિયા ૧૭૯૧.૩૩ કરોડનો છેલ્લા પાંચ વર્ષમાં ખર્ચ ઓછો થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની જે ફાળવણી અંગે કદાચ એવું પણ કહેવામાં આવશે કે તમારી કોંગ્રેસની સરકારો વખતે તમે ૩ કે ૪ ટકા જોગવાઇ કરતા હતા અમે તો ૫ ટકા કરીએ છીએ પણ એના અમલીકરણમાં અને ખોટી જગ્યાએ એના ખર્ચા થતા હોય છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ પેટા યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નં.૯૫ અંતર્ગત જે ખર્ચ કરવામાં આવે છે પરંતુ ગૌણ સદર માઇનોર હેડ કોડ ૭૮૯ હજુ સુધી ઓપન કરવામાં નથી આવ્યો. આ ૭૮૯ ઓપન કોડ જાહેર કરવામાં આવે તો જે વિભાગમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ફાળવણી થાય છે એ યોજનાનું એ જાતિઓ માટે ખર્ચ થાય છે કે કેમ? તેનું સી.એ.જી. મારફત ઓડીટ થાય તો આ ફાળવણી અન્યત્ર જગ્યાએ ખર્ચવામાં આવે છે એ રોકી શકાય. પરંતુ ભારત સરકારના પ્લાનિંગ કમિશનની ગાઇડ લાઇન મુજબ ફરજીયાતપણે એ આદેશનું પાલન કરવાનું હોવા છતાં એ ગાઇડલાઇન મુજબના આદેશોનું પાલન કરવામાં આવતું નથી. ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં અગાઉ આવકના ધોરણે લાભ અપાતો હતો

તેમાં બી.પી.એલ. દાખલ કરતા જેના કારણે હજારો દલિતો, વિધવાઓને આવાસ યોજનાનો લાભ મળતો નથી. જેઓ ખરેખર ગરીબ છે રહેવાનું ઘર નથી અને દલિતોના નામો બી.પી.એલ. યાદીમાં પણ નથી પરિણામે તેમને યોજનાનો લાભ મળતો નથી. રાજ્ય સરકારે ૨૦૧૨ માં અતિ પછાત જાતિઓ માટે અલગ નિગમની રચના કરવાની આ ગૃહમાં જાહેરાત કરેલ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જેઠાભાઇ.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં જૂનાગઢ જિલ્લાના કોડિનાર તાલુકાના ધારાસભ્ય તરીકે આ ગૃહમાંથી જૂનાગઢ મહાનગરપાલિકાના તમામ મતદાર ભાઇ–બહેનોનો અહીંથી આભાર માનું છું. ૬૦માંથી ભારતીય જનતા પાર્ટીને ૪૧ સીટ મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગ્રામ વિકાસ વિભાગની ૭૧ નંબરની માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારો સૂર પૂરાવું છું અને એ અંગે હું મારા વિચારો વ્યકત કરું છું. સન્માનનીય ગૃહમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોની મારે વાત કરવી છે. આ ગૃહમાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગામડાઓમાં ગરીબીની રેખા નીચે જીવતા ગરીબ કુટુંબો દરેક સમાજના એવા મહિલા મંડળોની રચના કરીને મહિલાઓના સશક્તિકરણ માટે મહિલાઓને એકત્રિત કરીને મહિલાઓને પોતાનું સંગઠન અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટેની ભારતીય જનતા પક્ષની સરકારે ૨૦૦૭માં જ્યારે આ શરૂ કર્યું ત્યારે આપણા ગુજરાતના પનોતા પુત્ર અને ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના વડા પ્રધાનશ્રીએ એને ખૂબ જ વેગવંતો પ્રચાર અને પ્રસાર કરીને ગામડાઓની જાગૃતિનું જે કામ કર્યું છે એ ખૂબ જ અભિનંદનીય અને સરાહનીય છે. સખી મંડળ વિશે વાત કરું તો આ યોજના પહેલાં પણ હતી પણ ત્યારે ગામડાઓમાં કોઇ જાગૃતિ નહોતી, બહેનોનું કોઇ સંગઠન નહોતું પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનની સલાહથી સખીમંડળોનું જે સંગઠન થયું અને દર મહિને એ લોકોની મીટીંગ મળે અને એ સંગઠનમાં જે ભંડોળ ઊભું કર્યું એમાં ૫૦૦૦ સુધીનું એમના ખાતામાં ભંડોળ થાય એટલે એમને બેન્કમાં ખાતું ખોલાવીને બેન્કમાંથી એમને દસ હજાર કરતાં પણ વધુ સહાય આપવાનું ચાલુ કરેલ છે અને એમના સશક્તિકરણની જે વાત કરી છે એમાં અમારા કોડીનાર તાલુકાના અમારા સખી મંડળોએ મસાલા બનાવવાની યોજના પણ શરૂ કરી, પાપડ બનાવવાનો, સાબુ અને પાવડર બનાવવાનો પણ ઉદ્યોગ શરૂ કર્યો એનાથી આગળ વધીને આ સન્માનનીય ગૃહમાં કહેતા મને ખૂબ આનંદ થાય છે કે એમને આ વખતની મગફળીની ખરીદીમાં પણ ખૂબજ કામ કરીને ખેડૂતોને ખૂબ સારા ભાવ આપ્યા છે. એનાથી પણ બહેનોનું સંગઠનનું બળ ખૂબજ વધ્યું છે. આ સન્માનનીય ગૃહમાં ગ્રામ વિકાસ વિભાગની જે વાતો કરી છે. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ, હળપતિ આવાસ હોય આવી અનેક પ્રકારની યોજનાઓ કરી છે. ગામડાઓમાં ગરીબીની રેખા નીચે જીવતા અને નાના અને સિમાંત ખેડૂતોને પણ ગ્રામ વિકાસ વિભાગ તરફથી એમના પોતાના ખેતરમાં કામ કરવા માટે, વરસાદનું વરસેલું પાણી ટીપેટીપું સંગ્રહ કરવા માટે ખેત તલાવડીની યોજના પણ આવી. એ જ ખેડૂત બી.પી.એલ. હોય કે એ.પી.એલ. હોય પણ એને જોબકાર્ડ તૈયાર કરીને એમના પોતાના ખેતરમાં પાણી રોકવા માટે અને ખેતરમાં જવા માટે બંધારા કરવા માટે આ સરકારે ખૂબજ સારું કામ કર્યું છે. વનીકરણની બાબતમાં અને પ્રદૂષણની બાબતમાં ખૂબજ સારું કામ કર્યું છે. વનીકરણમાં કોઇપણ સમાજના નાના અને સિમાંત ખેડૂત હોય તો સરકારશ્રી એમને તાલીમ આપે છે એમના પોતાના ખેતરમાં એ ખાડા ખોદે એના માટેની એમને મજૂરી મળે અને પોતે પોતાના ખેતરમાં વૃક્ષ વાવીને ઉછેરે એના માટે ગ્રામ વિકાસ વિભાગ તરફથી એમને રોજીરોટી આપવામાં આવે છે આ ખૂબજ સરાહનીય અને અભિનંદનને પાત્ર છે. માનનીય મંત્રીશ્રી જ્યારે ૭૧ નંબરની માગણી લઇને આવ્યા છે ત્યારે આવી વિવિધલક્ષી અને વિકાસલક્ષી કામગીરી કરી છે તેથી સામેના મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે, આ ૭૧ નંબરની માગણી ઉપર જે કાપ દરખાસ્તો રજૂ કરી છે તે પાછી ખેંચી લે અને આ માગણી સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર-૯૨ અને ૯૫ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આ સભાગૃહમાં ૧૩ એસ.સી. ધારાસભ્ય અને ૨૭ આદિવાસી ધારાસભ્યો આજે સન્માનભેર જો અહીં બેસી શકતા હોય તેની દેન માત્ર ડો. બાબાસાહેબ આંબેડકરને છે કોઇને કંઇક ભગવાન પાસે માગવું હોય તો એના માટે બાધા આખડી કરે, એ માટે વ્રત માને, ચાલતા જઇશું, શ્રીફળ વધેરીશું તો ભગવાન તું મને આ આપ. ડો. બાબાસાહેબ આંબેડકરે દલિત સમાજને માંગ્યા વગર એટલું બધું આપ્યું છે તો દલિત સમાજના કોઈ સાચા ભગવાન હોય તો એ ડો. બાબાસાહેબ આંબેડકર છે. વંચિતોના વિકાસના ભાગરૂપે માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે અને ખાસ કરીને જે માગણીઓ લઇને આવ્યા છે કોઇપણ રાજકીય પાર્ટીની સરકાર આવતી હોય એ સરકાર સમાજ કલ્યાણના ઉત્થાન માટે, સમાજ કલ્યાણના વિકાસ માટે અલગ અલગ યોજનાઓ લઇને આવે છે એમાં શિષ્યવૃત્તિની વાત હોય, મકાનની વાત હોય કે કોઇ રોજગારીની વાત હોય એ દરેક સરકારો પોતાનું કર્તવ્ય સમજીને એ વંચિતોના વિકાસ માટે કાર્ય કરતી હોય છે. છેલ્લાં ૧૩ વરસની અંદર આ રાજ્યની અંદર દલિતો પર થયેલા અત્યાચાર વિશે કહેવા માગું છું. ખાસ કરીને ખૂનના ૨૩૩ બનાવો બન્યા, બળાત્કારના ૩૯૦ બનાવો બન્યા, અપહરણના ૩૩૯ બનાવો બન્યા, એટ્રોસિટીના ૪૧૦૦ જેટલા બનાવો અને તિરસ્કારના, જેને આભડછેટ કહેવાય એવા ૩૫૪૪ બનાવ બન્યા છે. એટલે છેલ્લા ૧૩ વર્ષમાં આપણે એમ ગણીએ તો આ રાજયમાં દર ત્રણ દિવસે એક આવો બનાવ બનતો ગયો છે. ૨૦૧૨ અને ૨૦૧૩ના પ્રમાણમાં ખૂનના જે ૩૩ બનાવો બન્યા હતા તેમાં ચાર ટકાનો વધારો થયો છે. બળાત્કારમાં ૨૦૧૨માં ૪૫ જે બનાવો બન્યા હતા તેના પ્રમાણમાં આ વખતે ૨૦૧૩માં બળાત્કારના ૭૫ કેસો બન્યા છે અને ૩.૬૨નો વધારો થયો છે. ખાસ કરીને રાજયની અંદર એટ્રોસીટીના જે બનાવોની વાત છે કોર્ટ દ્વારા જે કેસો પોલીસ દ્વારા જે સબમીટ કરવામાં આવે છે અને કોર્ટની અંદર જે કેસો થાય છે તે ૯૫,૨૨૬ કેસો કોર્ટની અંદર થયેલા છે અને પ્રમાણમાં ફકત ૨૯ કેસોની અંદર જે ગુન્હેગારો હતા તેને સજા થઇ છે. તેની સામે ૧૧૩૫ કેસોમાં લોકોને નિર્દોષ છોડી દેવામાં આવ્યા છે. આમ, પેન્ડીંગ પ્રમાણ રાજયમાં જે છે એટ્રોસીટી એકટની બાબતમાં કે દલિત સમાજના કેસોની બાબતમાં તેનું પ્રમાણ ૮૭ ટકા જેવું થાય છે. અને સજાનું પ્રમાણ તે ફકત ૨.૫ ટકા જેવું થાય છે. આ રાજયમાં એટ્રોસીટી એકટ માટે કેસોની સમીક્ષા કરવી જોઇએ એ કેસોની સમીક્ષા માટેના જે રાજયકક્ષાના ચેરમેન છે તે માનનીય મુખ્યમંત્રીશ્રી છે. અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે, કમિટીનો નિયમ છે કે દર છ મહિને આ કમિટીની મિટિંગ મળવી જોઇએ પણ આ કમિટીની મિટિંગ બે-બે,ત્રણ-ત્રણ વર્ષ સુધી મળતી નથી તેના લીધે આ કેસોનું પ્રમાણ છે તે વધતું જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રાજયની અંદર ૧૫૮૯ ગામોની અંદર જે આભડછેટની વાત હતી તે આ સરકાર દ્વારા આભડછેટ માટે સેપ્ટ અહેવાલ ૧૭-૪-૨૦૧૩ના રોજ આ રાજય સરકારમાં સોંપવામાં આવ્યો. આ અહેવાલ સોંપ્યા પછી જેનો અમલ થવો જોઇએ તે અમલ થયો નથી. થાનગઢમાં થયેલા દલિત સમાજના એ ગોળીબારનો જે રિપોર્ટ ગૃહ અધિક સચિવે સરકારને સુપ્રત કર્યો છે જે વિધાનસભામાં રજૂ કરવો જોઇએ. ખાસ કરીને ગયા વખતે વાયબ્રન્ટ સદભાવના ગુજરાત જયારે ઉજવાય ગયુ ત્યારે મારે ખાસ કહેવું છે કે, લઘુમતી સમાજ માટે પવિત્ર યાત્રાધામ માટે હજારો યાત્રીઓ હજ કરવા જતા હોય તો ગુજરાત સરકારે ગાંધીનગરની અંદર હજહાઉસની સ્થાપના કરવી જોઇએ એવી મારી માગણી છે. સરદાર પટેલ આવાસ, ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ, ઇંદિરા ગાંધી આવાસ જે રીતે સરકારની યોજના છે તે રીતે મૌલાના અબ્દુલ કલામ આઝાદના નામે લઘુમતી સમાજ માટે પણ આ સરકારે આવાસની યોજના મૂકવી જોઇએ. દસમા ધોરણ પછી જે લઘુમતીની જે બાળાઓને આપણે સાઇકલ આપીએ છીએ મારી માગણી છે કે, આવનારા દિવસોમાં પણ આ બજેટની અંદર લઘુમતી સમાજની એ બાળાઓને સાઇકલ મળે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વેલ્ફેર વકફ બોર્ડની અંદર પણ જે સેલ્ફ તરીકે પોતાની કામગીરી કરે છે તેમાં સરકારે ગ્રાન્ટ આપવી જોઇએ એવુ મારું ખાસ કહેવું છે. ખાસ કરીને રાજયની અંદર આજે પણ

અમદાવાદ જિલ્લાના ૨૨ ગામોની અંદર આભડછેટના લીધે પીવાના પાણીથી લોકો વંચિત છે. આ રાજયની અંદર ૭૭ ગામો જેણે હિજરત કરી છે એવા બનાવો બનેલા છે. આજે પણ આ રાજયની અંદર ૨૭ ગામો એવા છે કે દલિત સમાજના પરિવારોને પોલીસ રક્ષણ હેઠળ રહેવું પડે છે ત્યારે અને છેલ્લે મારે એક વાત કરવી છે કે, છેલ્લા સાત વર્ષની અંદર રાજય સરકારે જે જોગવાઇઓ કરી એ જોગવાઇઓના ભાગરૂપે ૧૨૧૩૦.૪૭ કરોડની જયારે જોગવાઇ કરી છે ત્યારે તેની સામે ૨૩૦૩ કરોડ રૂપિયા છેલ્લા સાત વર્ષમાં વાપર્યા વગર સરકારની તિજોરીમાં પડયા રહ્યાં છે ત્યારે સરકારશ્રી આમાં ધ્યાન આપે એવી મારી વિનંતી છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૪–૧૫ની અંદર જે નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે તેની અંદર ૧૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ લઘુમતી સમાજના વિકાસ અને શિક્ષણ માટે કરવામાં આવી છે. પણ જે ૧૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે એમાં ૯૩ કરોડ રૂપિયા તો કેન્દ્ર સરકારના છે. રાજય સરકારના માત્રને માત્ર ૧૭ કરોડ રૂપિયા છે. રાજય સરકાર લઘુમતી સમાજના ૪૮ લાખ જે નાગરિકો છે એમની પાછળ વાર્ષિક ફકત ૩૬ રૂપિયા જેને કહેવાય કે મહિને ફકત ૩ રૂપિયા ખર્ચ કરવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખની બાબત તો એ છે કે, ૨૦૧૪–૧૫ના નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં લઘુમતી શબ્દસુધ્ધાંનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જે બજેટની જોગવાઇ કરી એમાં પણ આ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આપણા મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી સમગ્ર દેશની અંદર ફરીને ગુજરાતની લઘુમતી સમાજ જે છે એની આવક ભારતના તમામ મુસ્લીમો કરતાં વધુ છે એવા સાચર કમિટીના •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો કાઢી નાખીએ એનો અર્થ એવો કે, (xxxxxx) અને બીજું, અત્યારના જે હોય એમના માટે કહો, ભૂતકાળના હતા એમના માટે વાત કરશો તો આખો ભૂતકાળ બધાયનો ઉખળશે. (xxxxxx) શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતી કલ્યાણ માટે ૨૦૧૩–૧૪ની અંદર જે ૨૫.૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી એની અંદર પણ ૧૧ ટકા જેટલી રકમ વણ વપરાયેલી રહી છે તો માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, જયારે સૌનો સાથ– સૌનો વિકાસ અને સદ્ ભાવનાની આપણે વાતો કરતા હોઇએ તો સમાજનું એક અંગ અવિકસિત રહે અથવા એની અંદર શિક્ષણનો અભાવ રહે તો હું માનું છું કે સમાજનું પૂરું સશકિતકરણ થઇ શકે નહીં. હું એ કહેવા માગું છું કે, આપણે જયારે એટલી શુધ્ધ ભાવનાથી જયારે આવી વાત કરતા હોઇએ ત્યારે આપણે આનો પણ અમલ કરવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની અંદર અને શિક્ષણની અંદર તો કોઇપણ દિવસે રાજકારણ હોવું જોઇએ નહીં. માનનીય અધ્યક્ષશ્રી,(xxxxxx) દસ કરોડથી વધુની રકમ પ્રિમેટ્રીક (અંતરાય) સ્કોલરશીપની પાછી ગઇ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) શબ્દ એ રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : બિનસંસદીય શબ્દ બોલશો નહીં, (xxxxxx) શબ્દ, એ તમે એ રીતે કહો કે આને બદલે આટલું વપરાવું જોઇએ અને આ નથી વપરાયું એ લાઇન ઉપર આવો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, કે જયારે (xxxxxx)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા જયારે એમને કહેવામાં આવ્યું કે, (xxxxxx) શબ્દ કાઢી નાખો પણ માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટના ચૂકાદાની સામે સમગ્ર ઘટના હાલ સુપ્રીમ કોર્ટમાં પડતર છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : પેન્ડીંગ છે એટલે એ શબ્દો જે છે એ કાઢી નાખું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે વાત કરવામાં આવે ત્યારે કહેવામાં આવે કે વિકાસના બે પૈડાં છે, એક થયું છે, જો એક સમાજનો વિકાસ નહીં થાય તો આખા સમાજનો વિકાસ નહીં થાય, પણ માનનીય અધ્યક્ષશ્રી, જયારે એના અમલીકરણ કરવાની વાત આવે છે ત્યારે આપણે એની અંદર જોઇએ તો એના નામે મીંડું છે. ફકત જયારે માસિક ત્રણ રૂપિયાનો ખર્ચ થતો હોય તેવા સમયની અંદર આપણે કેવી રીતે વિકાસ કરી શકીશું? આજે પરિસ્થિતિ એવી છે કે લઘુમતી સમાજના પાંચ ટકા લોકો બેરોજગાર છે. ૫૬.૫ ટકા મહિલાઓ એનીમીયાથી પીડાય છે. ૬૭.૧ ટકા બાળકો એનીમીયાથી પીડાય છે. આ આંકડો મારો નથી પણ આ ભારતનો  માનવ વિકાસ જે  દર છે માનવ વિકાસ અહેવાલ છે ૨૦૦૦નો છે એના ઉપરથી હું આંકડા આપી રહયો છું. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે વાતો કરતા હોઇએ કે લઘુમતી સમાજનો વિકાસ થશે અને લઘુમતી સમાજ માટે સૌનો સાથ અને સૌનો વિકાસની વાત કરતા હોઇએ ત્યારે એવા સમયની અંદર હું કહેવા માગું છું કે, જે આપણું માઇનોરીટી ફાયનાન્સ કોરપોરેશન ગુજરાતનું છે એની અંદર રાજય સરકાર કેન્દ્ર સરકારનું જે નેશનલ માઇનોરીટી ફાયનાન્સ કોરપોરેશન છે એની અંદર મનીની ગેરંટી છે એ ફકત પાછા ચૂકવાયાની વાત છે એ મની લોસ ગેરંટી આપતી નથી એના લીધે આપણને જે કેન્દ્રમાંથી પૈસા મળવા જોઇએ એ મળતા નથી અને લોકો વિકાસથી વંચિત રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડની અંદર આપણે જોઇએ તો એની અંદર નામમાત્રની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ફકત ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ એની અંદર ફાળવાઇ છે. વકફ એટલું મહત્વનું છે કે, જેની અંદર સમગ્ર રાજયના જે પુરાતત્વ વિભાગ દ્વારા પ્રોપર્ટી છે એની અંદર ઘણી અમારી મસ્જીદ અને મદરેસાઓની જે પ્રોપર્ટી છે જેની કિંમત આજે અબજો રૂપિયાની થતી હોય તો એની સાચવણી અને જાળવણી માટેનું અને કબ્રસ્તાન માટેની જાળવણી માટેનું આની અંદર માનનીય અધ્યક્ષશ્રી, જોગવાઇ કરવામાં આવી છે તો હું એ કહેવા માગું છું કે, ..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ– બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**
**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે ૯૫ નંબરની માગણી લઇને  આવ્યા છે તેને મારું અનુમોદન છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદશર્ન નીચે આ જે માગણીઓ આવી છે એને હું મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે માગણીઓ છે એ અમારા પછાતવર્ગો માટે અને બક્ષીપંચ માટે ખૂબ સારી અને ઉપયોગી છે, એના અનુસંધાને અહીં વિરોધપક્ષ અને શાસકપક્ષના લોકોને બધાને હું આવકારું છું અને સૌને મારા રામરામ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વની સરકારથી આ રાજયમાં બક્ષીપંચની ૩૩ નિવાસી શાળાઓ ચાલુ છે એ સરકારમાં કોઇ સાધનો અને વ્યવસ્થા ન હોવાને કારણે શિક્ષણનો દર ખૂબ નીચો હતો. જયારે ભારતીય જનતા પર્ટીની સરકાર આવ્યા પછી આ શાળાઓ નિવાસી શાળાઓમાં ૪૫ વિદ્યાર્થીઓ વધારે મળ્યા અને તેમને રહેવા, જમવા અને ભણવાની સવલતો આપવામાં આવી રહી છે. અગાઉની સરકારમાં શાળાઓનું એસ.એસ.સી.નું પરિણામ ૪૦ થી ૫૦ ટકા જ હતું, અગાઉની નિવાસી  શાળાઓમાં શિક્ષકો કે સાધનો ન હોવાને કારણે ખૂબ આ વિદ્યાર્થીઓને તકલીફ પડતી હતી. જયારથી આ ભારતીય જનતા પક્ષની સરકાર આ શાસનમાં આવ્યા પછી ખૂબ સારી વ્યવસ્થા શિક્ષકોની અને સાધનોની થઇ, અનેક યોજનાઓ આવી એનાથી પરિણામનો દર ખૂબ ઉંચો આવ્યો છે. વર્ષ ૨૦૦૯–૧૦ માં એસ.એસ.સી.નું પરિણામ ૬૦.૭૧ હતું એની સામે ૯૫.૪૩ ટકા એટલે કે ૩૬.૬૨ ટકાનો વધારો થયો છે, ૨૦૧૦–૧૧ માં ૭૧.૯૬ ટકાની સામે ૯૯.૩૬ એટલે કે ૨૮.૬૦ ટકાનો વધારો થયો છે, ૨૦૧૧–૧૨ માં ૬૯.૧૦ ની સામે ૯૯.૬૭ એટલે કે ૩૦.૫૭ નો

વધારો થયો છે. ૨૦૧૨-૧૩ માં ૬૬.૧૨ ની સામે ૧૦૦ ટકા એટલે કે ૩૩.૮૮ ટકાનો વધારો થયો છે, ૨૦૧૩-૧૪ માં ૬૩.૮૫ ટકાની સામે ૯૭.૦૦ એટલે કે લગભગ ૩૪ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે મારા સાથી મિત્રશ્રી પરેશભાઇ અને બીજા વિપક્ષના મિત્રો ઘણીવાર બોલે છે કે બિચારો અને બાપડો ખેડૂત એમ કહે છે. તો આજે ૪૦-૪૦ વર્ષનાં વહાણાં વાયાં છે તો આજે આ ખેડૂતો તમને કયાંથી યાદ આવ્યા? એ તમને યાદ તો
આવ્યા એનું મને માન છે, પરંતુ આ દેશનો ખેડૂત જ જો બિચારો થાય તો આ દેશનું શું થાય? તો મારો ખેડૂત તો બિચારો થયો નથી, પરંતુ આ કોંગ્રેસ બિચારી થઇ ગઇ છે અને એનું પરિણામ તમે જુઓ જૂનાગઢમાં કે ત્યાં શું થયું છે આજે?

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય નાગરભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી શંભુજી ઠાકોર આપ ચાલુ કરો.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીના વડપણ હેઠળની સરકારમાં માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે અને એમાં સામાજિક અને સુરક્ષા વિભાગ જેના હસ્તક છે તેવા માનનીય રમણભાઇ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં સામાજિક સુરક્ષા અને કલ્યાણ ઉપર હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન કરવા ઊભો થયો છું. માનનીય નાણા મંત્રીશ્રીએ આ વખતના બજેટમાં સામાજિક સુરક્ષા માટે ૪૮.૭૬ ટકા જેટલી જોગવાઇ કરી છે ત્યારે અમારા સામાજિક અને સુરક્ષા વિભાગ જેમના હસ્તક છે તેવા માનનીય રમણભાઇ વોરા સાહેબે પણ આ વખતે વંચિતોના વિકાસ માટે ૧૯૫૭ કરોડની જોગવાઇ આ સમાજ માટે કરી છે. સમાજમાં નિરાધાર બાળકો, નિરાધાર મહિલાઓ, નિરાધાર વૃદ્ધો અને આવા સમાજના બીજા જે વર્ગો છે એમના માટે બજેટમાં જે જોગવાઇ કરી છે અને એના માટેની જે વિવિધ યોજનાઓ છે તેના વિષે મારા વિચારો રજૂ કરું છું. રાજય સરકારમાં બાળકોના કલ્યાણ માટે એકંદરે વિવિધલક્ષી સેવા યોજવા માટે પ્રયત્ન કર્યો છે. હાલમાં જુએનાઇલ જસ્ટીસ એકટ ૨૦૦૬નો અમલ શરૂ કરેલ છે. અને બાળ કલ્યાણ ક્ષેત્રે બાળકોની સારસંભાળ અને આશ્રય આપવા માટે હાલ રાજયમાં ૪૫ સરકારી તથા ૯૬ સ્વૈચ્છીક સંસ્થાઓ મળી ૧૪૧ ચીલ્ડ્રમ હોમ કાર્યરત છે. જુએનાઇલ જસ્ટીસ એકટ હેઠળ રાજયમાં ૯૬ સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળ ગૃહોમાં બાળકોને રક્ષણ, મફત ખાવા પીવાની સગવડ, અને કેટલાક હુન્નર ઉદ્યોગની તાલીમ તથા શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થાઓમાં ૩૪૩૨ બાળકો આશ્રય લઇ રહ્યા છે. જુએનાઇલ વેલ્ફર કમિટી તથા કાયદા સાથે સંદર્ભમાં આવેલ બાળકો માટે કુલ ૨૬ જુએનાઇલ જસ્ટીસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. આવા હોમમાંથી જે બાળકો હોય તેમના અભ્યાસ માટે ઉચ્ચ શિક્ષણ અને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. શિષ્યવૃત્તિનો દર ૪૦૦૦ થી વધારી અને ૧૬૦૦૦ કરવામાં આવેલ છે. માનસિક સારવારની જરૂરિયાત વાળા બાળકો માટે અમદાવાદ ખાતે માનસિક સારવાર સ્વાસ્થ્ય કેન્દ્ર સરકાર દ્વારા તથા ૪ કેન્દ્ર સહાયક અનુદાન દ્વારા ચલાવવામાં આવે છે. અમદાવાદ, ભાવનગર, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે પાંચ બાળ ગુના નિવારણ કેન્દ્રો અને ૧૯ બાળ કેન્દ્રો ચાલે છે. વર્ષ ૨૦૧૩ માં કુલ ૯૪૦ બાળકોને લાભ મળેલ છે. મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે આશ્રય, રક્ષણ અને તાલીમ માટે બધી સગવડો પૂરી પાડવામાં આવે છે. અન્ય સવલતો, સખાવતી ગૃહો દેખરેખ અને નિયંત્રણ ધારો ૧૯૬૦ અમલમાં છે. આ ધારા હેઠળ મહિલાઓ માટે કામ કરતી ૧૮ સંસ્થાઓને લાયસન્સ આપવામાં આવેલ છે. પાલક માતા પિતાની યોજના હેઠળ પણ રૂપિયા ૧૦૦૦ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને ન્યાય વિભાગની જે માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન કરું છું.

શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સન ૨૦૧૪-૧૫ના વર્ષની અનુદાન માટેની માગણી નંબર ૯૫ લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને હું મારું અનુમોદન આપુ છું.

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ, વિચરતી અને વિમુકત જાતિઓનો સર્વગ્રાહી શૈક્ષણિક વિકાસ થાય એ માટે રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ કૃતનિશ્ચય છે.

ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજયમાં લોકકલ્યાણના કામોનું આંદોલન જગાડ્યું છે એ પછી આંદોલનના સ્વરૂપે ગરીબ કલ્યાણ મેળા હોય, શાળા પ્રવેશોત્સવ હોય, ગુણોત્સવ હોય, કૃષિ મહોત્સવ હોય, કન્યા કેળવણી રથ હોય આવી અનેકવિધ યોજનાઓ દ્વારા રાજયના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચે તેવું આયોજન કર્યું છે.

પછાત વર્ગોના વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય અને શ્રેષ્ઠ માધ્યમ છે. પછાત વર્ગના બાળકોને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય પણ ચૂકવવામાં આવે છે. ભૂતકાળના શાસનમાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય શાળાઓ શરૂ થયાં પછી નવેમ્બર, ડિસેમ્બર મહિનામાં આપવામાં આવતી હતી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી શિષ્યવૃત્તિની ચૂકવણીની પદ્ધતિમાં આમૂલ ફેરફાર કરીને પ્રાથમિક શાળાના બાળકોને શાળા ખૂલતાની સાથે જ પ્રવેશોત્સવ વખતે શિષ્યવૃત્તિ અને ગણવેશ આપવાની નીતિ અમલમાં મૂકી છે. સન ૨૦૦૧ પછી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે ૭.૪૪ કરોડ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦૪૮ કરોડની શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષે ૪૨ લાખ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦૭૨ કરોડની શિષ્યવૃત્તિ પ્રવેશોત્સવ દરમિયાન શાળાઓ ખૂલતા ચૂકવવામાં આવશે. ભૂતકાળની સરકારોએ પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવું હોય તો એના માટે કોઇ યોજના અમલમાં મૂકી નહોતી. મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો વિદ્યાર્થી વિદેશમાં મેડિકલ, એન્જિનિયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ, પી.એચ.ડી. સંશોધન જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે પહેલા દસ લાખ સહાય આપવામાં આવતી હતી એમાં સુધારો કરીને ૧૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૪૦૦ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૫.૭૦ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે. ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે એસ.સી., એસ.ટીના વિદ્યાર્થીઓ ફોરેન અભ્યાસ માટે જઇ શકતા હતા, પરંતુ વર્તમાન સરકારે ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સાયન્સ કર્યા પછી એમ.બી.એ. વગેરે કરવા માટે ચાઇના, ફિલીપાઇન્સ કે રશિયા જેવા દેશોમાં જઇ શકે તેવું આયોજન કર્યું છે.

રાજયમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે, બહેનો વધારેમાં વધારે ભણવા જાય એના માટે એને સારી કેળવણી મળે એ માટે ધોરણ ૮ ની બાળાઓને સન ૧૯૯૯ થી સાઇકલ આપવાની યોજના અમલમાં મૂકી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપી વિરમુ છું.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબોની ચિંતા કરતી હોય એવું મને લાગતું નથી. છેલ્લા ૧૫ વર્ષમાં •(xxxxxx) એટલા બધા વધી ગયા છે કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની અંદર જઇએ અને કોઇ પણ યોજનાનો લાભ લેવો હોય (અંતરાય) મારી મિટિંગો આ ચાલુ રાખીશ. આ સરકારમાં (xxxxxx) એટલા બધા વધી ગયા છે...

ઉપાધ્યક્ષશ્રી : તમે (xxxxxx) શબ્દનો વારંવાર ઉપયોગ નહીં કરો.

શ્રી અશ્વિન કોટવાલ : કોઇ પણ જગ્યાએ જવું હોય તો (xxxxxx) આપણે મળવું પડતું હોય છે. ઇંદિરા આવાસનું મકાન લેવું હોય તો મકાનની કિંમત ૭૩,૦૦૦ રૂપિયા છે. (xxxxxx) ઇંદિરા આવાસનું મકાન...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (xxxxxx) આની કોઇ સાબિતી જોઇએ. સાબિતી વગર આવી રીતે ખોટા આક્ષેપ કરવા...

ઉપાધ્યક્ષશ્રી : તમે સાબિતી આપજો. નહીં તો પછી (xxxxxx) શબ્દ રદ કરીશ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ શબ્દો કેન્સલ થવા જોઇએ. વારંવાર (xxxxxx) બોલ્યા.

ઉપાધ્યક્ષશ્રી : વારંવાર તમે (xxxxxx) શબ્દનો ઉપયોગ નહીં કરો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ૭૩,૦૦૦ની જે રકમ હોય છે તેમાંથી (xxxxxx) ઇંદિરા આવાસનું મકાન કોણ બનાવે છે? ઇંદિરા આવાસનું મકાન લાભાર્થી નથી બનાવતો..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આક્ષેપ રિપીટ થાય છે. (અંતરાય) પહેલાં આપવા પડે તમારે. અત્યારે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : રેકર્ડ પરથી આ શબ્દો દૂર કરું છું.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ એટલા માટે કહેવું પડે છે કે સામેના માણસો એમ કહે છે કે (xxxxxx) પણ (xxxxxx) એટલા માટે મારે કહેવું પડે છે.

ઉપાધ્યક્ષશ્રી : ફરીથી (xxxxxx) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું. વારંવાર ન બોલો, નહીં તો મારે તમને બેસાડવા પડશે.

શ્રી અશ્વિન કોટવાલ : આ ઇંદિરા આવાસનું મકાન કોણ બનાવે છે? લાભાર્થી બનાવતો નથી. કોન્ટ્રાકટર આ ઇંદિરા આવાસનું મકાન બનાવે છે. કોન્ટ્રાકટર આ મકાન એવું બનાવે છે કે જયારે પૂર્ણ કરીને પૈસા આપવામાં આવે છે ત્યારે એ ઇંદિરા આવાસના મકાનના બારી-બારણાં પણ હોતાં નથી. તેને પૂર્ણ ગણવામાં આવે છે. સરદાર આવાસની જે રકમ મકાન માટે આપીએ છીએ. એ ૪૦,૦૦૦ રૂપિયા આપીએ છીએ. મારે કહેવું છે કે ૪૦,૦૦૦ રૂપિયામાં કશું નહીં થઇ શકે. એટલે આ ૪૦,૦૦૦ રૂપિયા આપીને આપણે આ ગરીબોની મશ્કરી કરતા હોઇએ એવું લાગે છે. એટલે સરદાર આવાસ યોજનાની આ રકમ વધારવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં મનરેગાના કામો કરવા માટે ગામડાંના ગરીબ લોકોના જોબ કાર્ડ કાઢવામાં આવ્યા. પણ હું પૂછવા માગું છું કે જોબ કાર્ડ પ્રમાણે આ ગરીબ લોકોને રોજગારી મળે છે ખરી? જોબકાર્ડ કાઢીને જયારે ગ્રામવિકાસમાંથી મનરેગાના કામો આપવામાં આવે છે. મનરેગાના કામો કોને આપવામાં આવે છે? ગામડાંના ગરીબ માણસને રોજગારી જોબકાર્ડના આધારે આપવામાં આવતી નથી. આ કામની રકમ ફોરેસ્ટ વિભાગમાં આપવામાં આવે છે. આ કામની રકમ આર.એન્ડ બી.ને આપવામાં આવે છે. આ કામની રકમ સિંચાઇ વિભાગને આપવામાં આવે છે અને આ લોકો જે રોજગારીનો પૂરેપૂરો ઉપયોગ કરતા નથી. મારા સાબરકાંઠામાં મનરેગામાં અઢી કરોડ જેટલો ભ્રષ્ટાચાર થયો છે. કેટલાય અધિકારીઓ સામે ફરિયાદ થઇ છે પણ તેની સામે પગલાં લેવામાં આવતાં નથી. મારા ખેડબ્રહ્મા અને વિજયનગર વિસ્તારમાં કહું તો આ જે પૈસા છે તે મનરેગાના પૈસા છે. દોઢ-દોઢ, બે-બે કરોડ રૂપિયા બાકી છે. અને ગરીબોની મજૂરીના પૈસા આપવામાં આવતા નથી. આ વિભાગના વડાઓને પણ હું મળ્યો પરંતુ હજુ સુધી એમના પૈસાનો હિસાબ આપવામાં આવતો નથી. રાજીવ ગાંધી ભવન મારા ખેડબ્રહ્મા અને વિજયનગરમાં પણ બનાવવામાં આવ્યા. માનનીય મંત્રીશ્રીઓએ ૨૬મી જાન્યુઆરીએ આવીને એનું ખાત મૂહુર્ત કર્યું. પરંતુ હજુ સુધી એમને પૈસા આપવામાં આવ્યા નથી. હું બીજી પણ વાત કરું, મારા ખેડબ્રહ્મા અને વિજયનગરના મકાન જુઓ, તાલુકા પંચાયતનું મકાન જુઓ, તો એ બાબા આદમ વખતનું મકાન બનેલું છે. ખેડબ્રહ્મા તાલુકા પંચાયતનું મકાન નથી, મારા વિજયનગરમાં પણ મકાન નથી. અને બીજી વાત કરું તો તલાટીઓની ભરતીમાં મોટામાં મોટો ભ્રષ્ટાચાર થયો અને એમાં મેઇન કર્તાહર્તા કોણ? એનું નામ છે કોઇ ડો. ચંપાવત. પણ આ ચંપાવત કોણ? એ બધાને ટ્રેનીંગ આપે છે, સરકારની જે યોજનાઓ છે... (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેસો, માનનીય સભ્યશ્રી બેસો, તમારો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી પુનમભાઇ મકવાણા. બેસો..

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા અનુસૂચિત જાતિ કલ્યાણની માગણી નં.૯૫ લઇને આવ્યા છે. એમાં મારા સમર્થન સાથે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની ચર્ચામાં માનનીય વિપક્ષના દંડકશ્રીએ એક વખત કહેલું કે, આ રાજ્ય સરકારે આ વખતે અનુસૂચિત જાતિનું બજેટ ઓછું કર્યું છે. પણ મને કહેતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકારે આ વખતના બજેટમાં રૂ.૧૫૩.૪૭ કરોડનો વધારો કર્યો છે. પૂજ્ય ગુરૂજી કહેતા કે, ગરીબોની આંતરડી ઠારવાનું જે કામ કરે છે એને ઇશ્વરના આશીર્વાદ હંમેશાં પ્રાપ્ત થાય છે. આ સરકારે દલિતોમાં પણ જે અતિ પછાત સમાજો છે. વાલ્મિકી, સેનમા તૂરી હાંડી, ગરો બ્રાહ્મણ તીરબંદા, તૂરી માંતગ, આ જે નાની જ્ઞાતિઓ છે. એ કઇ હાલતમાં કઇ પરિસ્થિતિમાં તેમનું જીવન હતું. એ જીવન સુધારવાનું કામ જો કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અનુસૂચિત જાતિ કલ્યાણનું જે કુલ બજેટ છે એમાંથી ૨૫ ટકા અતિ પછાત માટે વાપરવું એ રાજ્ય સરકારે ધોરણ નક્કી કરેલું છે. ગરીબોના કલ્યાણ માટેની માનવ ગરીમા જે યોજના છે એની અંદર પણ દલિતમાં અતિ પછાત સમાજો છો એના માટે આવક મર્યાદા કાઢી નાંખી છે. એક કવિએ પોતાની પંક્તિમાં કહ્યું છે કે, પથ્થર એટલે મૂર્તિ, જેમ મંદિરમાં મૂર્તિ હોય છે.

"પથ્થર કહે પૂજારીને શાને બાળે ઘી?
દેને કોઇ ગરીબને સૂધરે એનો દિ!
નથી ટીપુંય તેલનું ને તું નાહક બાળે ઘી,
ગરીબોનો જઠરાગ્નિ જાગશે, જરા તો તું બી!"

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસને ગરીબોના મતથી જ મતલબ હતો. ગરીબોની વાસ્તવિક પરિસ્થિતિ શું છે એની ચિંતા ન કરી અને ગરીબોનો જે જઠરાગ્નિ જાગ્યો એના પરિણામે, ગુજરાતમાં વર્ષોથી કોંગ્રેસ વનવાસમાં ચાલી ગઇ. હવે સમગ્ર દેશની પ્રજાએ પણ તેમને વનવાસ આપી દીધો છે. શ્રી નરેન્દ્રભાઇએ પછાતોમાં પણ જે અતિ પછાતો છે એમની આંતરડી ઠારવાનું કામ કર્યું છે. તેઓ ૧૩ વર્ષ ગુજરાતમાંથી શાસન કરીને ગયા છે. પણ તેઓ ગરીબોની દૂઆ લઇને ગયા છે. એટલે નોન સ્ટોપ ૧૩ વર્ષ સુધી તેઓ શાસન કરવાના એમાં શંકાને કોઇ સ્થાન નથી. આ સરકારે અતિ પછાત સમાજો માટે વિકાસ બોર્ડ બનાવ્યું, એ બોર્ડનું નિગમમાં રૂપાંતર કર્યું. આ બોર્ડ નિગમ બન્યું એટલે સીધા ધિરાણની યોજનાઓ પણ બનશે. આગામી સમયની અંદર અતિ પછાતના બેરોજગારો માટે આ નિગમ ખૂબ આશીર્વાદરૂપ થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય રમણભાઇનો હું આ પળે જાહેરમાં આભાર માનુ છું કે આ સમાજો માટે જે અતિ પછાત નિગમ છે એને દસ કરોડ રૂપિયા શેર મૂડી તરીકે સરકારે આપ્યા છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં મેં ઘણા વિષયો લઇ લીધા છે પણ આ પળે હું એટલું જ કહુ છું કે કોંગ્રેસમાં ઘણા મિત્રો આજે નથી. કારણ કે એમના માટે આજનો દિવસ એ દુઃખનો દિવસ છે. વ્યથાનો દિવસ છે કારણ કે આખા ગુજરાતમાં એક જ કોર્પોરેશન એ એમની પાસે હતું જૂનાગઢ એ પણ પ્રજાએ ખૂંચવી લીધું અને ભારતીય જનતા પાર્ટીની ઝોળીમાં ભરી દીધું છે. જે આંબેડકર આવાસ યોજના છે એમાં આજ દિન સુધીમાં છેલ્લા દસ વર્ષમાં ૭૬,૮૫૧ દલિત લાભાર્થીઓને આ સરકારે લાભ આપ્યો છે. સમયની પાબંધી છે. બાકી આ ઘરનું ઘરની જે યોજના છે એનો પણ એવો હું પર્દાફાશ કરવા માગુ છું કે આ લોકો આ જગ્યા પર બેઠા છે કે સત્તા પર બેઠા હોત તો પણ આ યોજના ચાલુ કરી શકવાના નહોતા.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન આનંદીબેનની ગતિશીલ સરકારમાં સર્વાંગી વિકાસને વેગ આપવા માટે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે એમાં માગણી નં. ૭૧ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. માગણી નં. ૭૧ જે ૧૭૨૭,૪૯,૦૦,૦૦૦ ની છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતના ૬૩ ટકા નાગરિકો ગામડામાં વસતા હતા અને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૬૦ ટકા નાગરિકો ગામડામાં વસે છે. ગામડામાં વસવાટ કરતા મોટા ભાગના લોકો

અનુસૂચિત જાતિ આદિવાસી તેમજ આર્થિક રીતે પછાત વર્ગના જમીન વિહોણા ખેતમજૂરો અને કારીગરો છે જે આપણા દેશના વિકાસમાં તેમજ ગામડાના વિકાસમાં ઘણો ફાળો આપે છે પરંતુ તેઓ સુવિધા વગરના હતા. રાજયમાં ગરીબીની રેખા હેઠળ જીવતા કુટુંબોને ૧૯૭૬થી ઇન્દિરા આવાસ યોજના હેઠળ ઘર આપવાની યોજના બનાવવામાં આવી, આપણા મિત્રો કાયમ એના માટે ગૌરવ લે છે કે ઇન્દિરા આવાસ યોજના એ કેન્દ્રની પુરસ્કૃત યોજના છે. મારે ખાસ જણાવવું છે કે આ યોજના હેઠળ ગુજરાતમાં ૧૨ લાખ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે એમાંના ૧૦ લાખ આવાસો માનનીય નરેન્દ્રભાઇના સમયગાળામાં થયા છે. કેન્દ્રની કોઇપણ પુરસ્કૃત યોજના હોય, ગુજરાત સરકારે તેનો ઉત્કૃષ્ટ અમલ કર્યો છે અને આ બધા અમલ માટે ગુજરાત સરકારને વારંવાર કેન્દ્ર સરકારના એવોર્ડો મળ્યા છે તેની નોંધ લેવી જોઇએ.

બીજી એક મહત્વની વાત એ છે કે જયારે કેન્દ્ર સરકારની પુરસ્કૃત યોજના માટેની વાત થાય છે મારે ખાસ જણાવવું છે કે ગુજરાતનું જે મેન્યુફેકચરીંગ પ્રોડકશન ૧૬ ટકા છે અને એકસપોર્ટ ૨૫ ટકા છે આ બધી જે ઇન્કમ ગુજરાત સરકારની કેન્દ્રમાં જમા થાય છે એમાંથી જ આ બધી યોજનાઓ માટે પૈસા આપતા હોય છે અને મળતા જ રહેશે એની સૌએ નોંધ લેવી જોઇએ. જે રીતે ભાઇઓ ઇન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજનાની જે વાત કરે છે એ સંવેદનશીલ ગુજરાત સરકારે આપણા આદિવાસી ભાઇઓ અને ખેતવિહોણા ખેતમજૂરોને સહાય કરવા માટે વારંવાર અનેક પ્રયત્નો કરીને ઊભી કરેલી છે. ગુજરાતના તત્કાલિન મુખ્યપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતના ગ્રામિણ પરિવારો જેઓ ૨૧ થી ૨૭નો ગુણાંક ઘરાવે છે એમના માટે પણ હમદર્દી બતાવીને એમના માટે પણ યોજના બનાવીને એક લાખની કુલ કિંમત એમાં ચાલીસ હજાર રૂપિયાની સહાય આપીને આવા લોકોને પણ મદદરૂપ થવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને આખો દેશ તેમજ આપણા મુખ્યમંત્રી આનંદીબેન પણ કુપોષિત બાળકો માટે ચિંતિત છે ત્યારે એક નવો સર્વે આવ્યો છે કે ભારતમાં કુપોષિત આહારને લીધે તો એક વાત છે પરંતુ જે રીતની આપણી સેનીટિશન સીસ્ટમ અને ગામડામાં રહેવાની જે વ્યવસ્થા છે એ પણ બરાબર નથી અને એના માટે જે રીતે ગુજરાત સરકાર એચ.એસ.જી. ૩ યોજના બનાવીને જે આવી વસાહતોમાં રસ્તા, પાણીની વ્યવસ્થા અને શૌચાલયની જે સુંદર વ્યવસ્થા માટેનું આયોજન કર્યુ છે એના માટે આનંદીબેનની સરકારને અભિનંદન આપી આ માગણીમાં મારો ટેકો આપુ છું.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. પરમપૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સાહેબે ગામડાંના છેક છેવાડે રહેતા માણસનો વિકાસ થાય તે માટે ગ્રામ્ય સ્વરાજની કલ્પના કરી હતી, એ એમની દીર્ઘદ્રષ્ટિ હતી. જુદા જુદા રજવાડાઓ એક કરીને એમણે એક આઝાદ હિન્દુસ્તાનનું નિર્માણ કર્યું હતું. સૌ પ્રથમ દેશના આ સપૂતોને યાદ કરી એમને કોટિ કોટિ વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજના પ્રણેતા શ્રી બળવંતરાય મહેતાએ આ ગ્રામ સ્વરાજની કલ્પના સાકાર કરવા માટે સૌ પ્રથમ આ મોડલને ગુજરાતમાં અમલી બનાવ્યું. આના અમલના કારણે છેવાડાના માનવીને વિકાસના લાભો મળ્યાં. એના કારણે આખા હિન્દુસ્તાનમાં ૧૯૯૨માં સ્વ.રાજીવ ગાંધીએ આને ત્રિસ્તરીય પંચાયતી રાજનો બંધારણીય હોદ્દો આપ્યો અને એમાં પણ ૩૩ ટકા અનામત સાથે. આપ લોકો ઘણીવાર અભિનંદન આપો છો પહેલાં મુખ્યમંત્રીશ્રીને, અમે પણ અભિનંદન આપીએ પણ સાથોસાથ એ પણ કહેવા માગું છું કે, સમગ્ર હિન્દુસ્તાનના પહેલાં મહિલા વડાપ્રધાન સ્વ.ઇન્દિરા ગાંધી હતા અને એમને રાજ સોંપનાર આ જ કોંગ્રેસ પાર્ટી હતી. સૌ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભાદેવી પાટીલ બન્યા ત્યારે આ જ યુ.પી.એ.ની સરકાર હતી. પહેલાં સ્પીકર તરીકે એક મહિલાને આ સર્વોચ્ચ હોદ્દા ઉપર બેસાડનાર આ યુ.પી.એ. ગવર્નમેન્ટ હતી. અમારી વિચારસરણી ઉપર આક્ષેપો થાય છે પણ અમારી વિચારસરણી પણ મહિલાઓના સશક્તિકરણ માટે તમે એમને આગળ લાવવા માગો છો, એમાં અમે પણ તમારી સાથે સંમત છીએ. પણ એની શરૂઆત અમે બહુ પહેલાં કરી ચૂક્યા હતા.

ઘણીવાર અહીંયા તાલુકાઓ અને જિલ્લાઓ છૂટા પાડ્યા એની વાતો થાય છે. આ પહેલીવાર નથી પડ્યા, આ પહેલાં પણ શંકરસિંહ બાપુની સરકારમાં જિલ્લા અને તાલુકા જુદા પડ્યાં હતાં. તમે અમલીકરણની

જાહેરાત કર્યા પછી અમલીકરણ કરી શક્યા ન હતા. એમણે તો જાહેરાત અને અમલીકરણ બન્ને સાથે કરી દીધું હતું. (અંતરાય) એ ગમે તે સરકાર હોય, હતી તો શંકરસિંહ બાપુની ને? નવા તાલુકા અને જિલ્લાની વાત કરીએ તો અમારે ત્યાં ગોઝારિયા જુદો તાલુકો બનાવવાનું નક્કી કર્યું. જે ગામોને એમાં જવું ન હતું એમના ઉપર પુષ્કળ દબાણ કર્યું ત્યારે લોકો રોડ ઉપર ઉતર્યા, જનઆંદોલન થયું અને એ તાલુકાને રદ કરવો પડ્યો ત્યાં સુધીની પરિસ્થિતિ થઇ હતી. સાથોસાથ કલોલના ૧૭ ગામો મારા વિસ્તારમાં આવે છે. છેલ્લા ૧૫-૨૦ વર્ષથી માગણી કરી હોવા છતાં આ સરકાર એને માણસામાં ભેળવતી નથી. મારી લાગણી અને માગણી છે કે એ ૧૭ ગામોને માણસામાં ભેળવો તો તમારું અને અમારું બહુ સારું થશે.

પંચાયતની વાત કરીએ તો અહીંયાથી ૩૦ કિલોમિટર દૂર મહુડી ફેમસ યાત્રાધામ છે. એ વિસ્તારની વાત કરીએ તો હમણાં હમણાં જે પંચાયતો છૂટી પડી એની પાસે નાણાનો અભાવ છે. પાણીના બોર બનાવવાના હોય તો એમની પાસે પૈસા નથી. સિંચાઇની વાત કરીએ તો ત્યાંથી માઇનોર કેનાલ પસાર થાય છે. દર ઇલેકશન વખતે ત્યાં જે.સી.બી. ઉતારી દે અને કહે કે પાણી આવે છે, પાણી આવે છે પણ હજુસુધી પાણી આવ્યું નથી. બાય-ઇલેકશન આવ્યું તો પણ જે.સી.બી. ઉતારી દીધું અને હમણાં સામાન્ય લોકસભાની ચૂંટણી આવી ત્યારે પણ જે.સી.બી. ઉતારી દીધું પણ પાણી તો આપતા નથી. ૩૧ ગામોનો એવો પટ્ટો છે કે જ્યાં પાણીની ખૂબ જ મુશ્કેલી છે. (સમયસૂચક ઘંટડી) એક જ મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, ચડાસણા કરીને એક ગામ છે, બહુ મહત્વનો પ્રશ્ન છે. એક ભાઇએ કરોડો રૂપિયા દાન આપીને સરસ તળાવ વિકસાવ્યું છે. મારી માગણી છે કે સરકાર એ તળાવમાં પાણી નાખે તો ૩૧ ગામોને ફાયદો થાય. હું આ માગણી સાથે સંમત થતો નથી.

**શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત અને ગ્રામ વિકાસની જે માગણી નં. ૭૦ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામનો વહીવટ ગામમાં જ થાય તે માટે માનનીય બળવંતરાય મહેતાએ ત્રિસ્તરીય પંચાયતી રાજની સ્થાપના કરી હતી. ગામડાંમાંથી આવું છું અને હાલમાં ગામડાંની શું સ્થિતિ છે એ માનનીય મંત્રીશ્રી અને સરકારને જણાવવા માગું છું. મારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુલ ૭૭૭ ગ્રામ પંચાયતો આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૫૦% પંચાયતોમાં તલાટીઓ નથી. એકેએક તલાટી પાસે બે-બે, ત્રણ-ત્રણ અને ચાર-ચાર ચાર્જ હોય છે. મોડાસા તાલુકાની વાત કરીએ તો કુલ ૫૭ પંચાયતોમાં અત્યારે ૨૭ તલાટીઓ છે અને એના કારણે એકેએક તલાટી પાસે બે-બે, ત્રણ-ત્રણ અને ચાર-ચાર ચાર્જ હોય છે. કોઇને આવકનો દાખલો લેવો હોય, જાતિનો દાખલો અને ખેત વિષયક કોઇપણ ધિરાણ માટે તલાટીની જરૂર પડતી હોય ત્યારે ગ્રામ પંચાયતમાં ખેડૂત જાય તો ૧૦ દિવસે પણ તલાટી મળતા નથી ત્યારે મારે મંત્રીશ્રીને કહેવું છે કે જલદીમાં જલદી તલાટીની ભરતી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે. ગામડાંમાં અત્યારે રસ્તાઓ, પાણીની અનેકવિધ સુવિધાઓ નથી અને આપણે સુરાજ્યની વાત કરીએ છીએ, ગુજરાત મોડલની વાત કરીએ છીએ. અમારા તાલુકામાં આવીને જોવામાં આવે તો ગામડાની શું સ્થિતિ છે? ઉપર આભ અને નીચે ધરતી હોય છે, લોકો ઝૂંપડાંમાં રહેતા હોય છે.

વીજળીની સમસ્યા હોય છે. અત્યારે મેઇન ગામમાં જ લાઇટ આપવામાં આવે છે અને પેટાપરાઓમાં લાઇટ આપવામાં આવતી નથી, જેના કારણે આપ જુઓ તો પાંચ પાંચ, છ છ દિવસે પણ લાઇટ આપવામાં આવતી નથી. ખેડૂત બિચારો જ્યારે ખેતી કરીને ઘેર જાય છે ત્યારે લાઇટ હોતી નથી. અત્યારે અમે જઇએ તો ફક્ત અને ફક્ત વીજળીની સમસ્યા ઉપસ્થિત થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકાઓ આવેલા છે. આજે પાંચ જેવા તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યા ખાલી છે જેના કારણે આપણા ગામડાનો ગરીબ માણસ તાલુકા પંચાયતે જાય અને પૂછવામાં આવે તો ત્યાં તાલુકા વિકાસ અધિકારી હોતા નથી. હું મારાં ધનસુરા તાલુકાની વાત કરું તો બજારથી દોઢેક કિલોમિટર આ તાલુકા પંચાયત આવેલી છે. ત્યાં અત્યારે ૬૦% થી વધારે મહેકમ મંજૂર હોવા છતાં કર્મચારીઓની ઘટ છે. ત્યાં જઇને પૂછવામાં આવે છે કે કંઇ મારે કામ છે તો ત્યાં આગળ કોઇ અધિકારી

કે કર્મચારી મળતા નથી. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આપ અમારાં વિસ્તારની મોડાસા અને ધનસુરા તાલુકા પંચાયત છે બંનેમાં ૫૦% કરતા પણ વધારે જગ્યાઓ ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા સાત જિલ્લા બનાવવામાં આવ્યાં છે. મોતીભાઇ એક દિવસ કહેતા હતા કે, કોંગ્રેસના શાસનમાં આખો દિવસ ફરતો હતો તો આજે પણ એજ પરિસ્થિતિ છે. અમારો અરવલ્લી જિલ્લો બનાવ્યાંને એક વર્ષનો સમય થયો હોવા છતાં આજે ૫૦%થી વધુ ઓફિસો સાબરકાંઠામાં છે. જિલ્લા પંચાયતનું વિભાજન પણ કરવામાં આવતું નથી એટલે માનનીય મંત્રીશ્રીને જણાવું કે હવે જિલ્લા પંચાયતનું વિભાજન પણ ઝડપી કરવામાં આવે, કારણ કે એક વર્ષ જેટલો સમય થયો છે અને મહત્વની જે ઓફિસો ગણાય છે તે પણ અત્યારે સાબરકાંઠા જિલ્લામાં છે જેના કારણે અમારે કલેકટર કચેરી અહીંયા અને જિલ્લા પંચાયત ત્યાં એટલે ગરીબ માણસો છે એમને તો એવું ને એવું જ રહ્યું છે. જિલ્લા પંચાયતનું કામ કરવા માટે અત્યારે અમારે હાલ પણ સાબરકાંઠામાં જવું પડતું હોય છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપ અમારા જિલ્લાનું વિભાજન થાય અને જે મહત્વની કચેરીઓ છે તે પણ અમારા જિલ્લામાં કાર્યરત થાય.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેમના સમર્થનમાં મારી વાત કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ એટલે આપણો ભારતદેશ અને સમગ્ર વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતીય બંધારણ. આપણા દેશમાં અનેક જાતિઓ, અનેક સંપ્રદાયો, અનેક ભાષાઓ, વેશ આમ વિવિધતામાં એકતા એટલે આપણો ભારત દેશ છે અને આપણા આ દેશમાં વસતાં દરેક નાગરિકોને પૂરતો ન્યાય મળી રહે અને સામાજિક સમરસતાથી સમગ્ર વાતાવરણ રહે તે માટે થઇને બંધારણમાં વિવિધ પ્રકારની દરેક નાગરિકો માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇએ સામેના પક્ષમાંથી કહ્યું કે, ડો.બાબા સાહેબ આંબેડકર દલિત સમાજના મસીહાં છે, ભગવાન છે એમની એ વાત સાચી છે અને એમની એ વાતનો આભાર પણ માનું છું. પરંતુ ડો. બાબા સાહેબ આંબેડકર ફક્ત એક સમાજ પૂરતા સિમિત નહિં, પરંતુ સમગ્ર વિશ્વના વીર પુરુષ હતાં. માનનીય અધ્યક્ષશ્રી, ડોકટર બાબાસાહેબ આંબેડકરે આ જે બંધારણ ઘડ્યું એ બંધારણને સૌથી શ્રેષ્ઠ રીતે સન્માન આપવાનું જો કોઇએ કાર્ય કર્યું હોય તો એ આપણા ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. આપણે અત્યારે ગૌરવ લઇ શકીએ એ રીતે સુરેન્દ્રનગરની ધરતી ઉપર હાથીની અંબાડી ઉપર બંધારણને મૂકી અને પદયાત્રા કરી અને સન્માન અપાવ્યું હતું એના આપણે સૌ સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગૃહમાં એક ચર્ચા એ પણ થતી હતી કે, આ રાજ્ય સરકાર ગરીબોની ચિંતા નથી કરતી. તો હું કહી દઉં કે, કોઇ ગરીબના ઘરે રોટલો ખાવાથી કોઇ ગરીબની ગરીબી દૂર નથી થતી પરંતુ ગરીબ કેવી રીતે રોટલો ખાતો થાય એ ચિંતા કરવાની જરૂર છે અને એ ચિંતા આ ગુજરાત સરકારે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કરી છે એના આપણે સૌ સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જો કોઇ રાજ્યનો અને રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો એ વિકાસના મુખ્ય પ્રવાહમાં જે આર્થિક રીતે પછાત અને નબળા વર્ગોના લોકો છે એને વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા જોઇએ. સામા પક્ષેથી એક બહેન વારંવાર આર્થિક રીતે પછાત અને નબળાવર્ગોની ચિંતા કરતા હોય છે ત્યારે મારે એમને કહેવું છે કે, આ દેશમાં જેણે સૌથી વધારે શાસન કર્યું છે એ લોકોએ ખરેખર જો બંધારણમાં જે જોગવાઇઓ હતી એ પ્રમાણે અનુસર્યા હોત અને વંચિતો માટે, દલિતો માટે, પછાત વર્ગો માટે વિવિધ યોજનાઓ બનાવી હોત ને તો આજે આ દેશની પરિસ્થિતિ કાંઇક અલગ જ હોત. પરંતુ માત્ર ને માત્ર વોટ બેન્કની રાજનીતિ સમજી અને શાસન ચલાવતા આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ રૂપિયા ૧,૯૫૭/– કરોડનું આયોજન કરેલ છે. જે ગત વર્ષ કરતાં પાંત્રીસ ટકાથી પણ વધારે માતબર રકમનો વધારો કરવામાં આવ્યો છે. તે માટે હું આ રાજ્યના મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન, નાણા મંત્રીશ્રી સૌરભભાઇ અને

વિભાગના મંત્રીશ્રી રમણભાઇનો ખૂબ ખૂબ આભાર પણ માનું છું અને સાથે સાથે એ પણ કહીશ કે, લોકો ગૃહમાં ચર્ચા કરે છે કે, તમે નીતિઓ ઘડો છો, નીતિઓ ઘડો છો તો નીતિ તો આ દેશની પ્રજા ઘડે છે અને એટલે જ વારંવાર શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી બન્યા અને આજે વડાપ્રધાન પણ બન્યા છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ જે માગણી નંબર ૯૫ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે આ બજેટમાં જે જોગવાઇઓ કરી છે એ ખરેખર ભૂતકાળમાં ક્યારેય ન કરેલી હોય એવી જોગવાઇઓ છે. આજે જયારે મારે માગણી ઉપર બોલવાનું હતું ત્યારે મારી બાજુમાં બેઠેલા પિયુષભાઇ, હમણાં હાજર નથી પરંતુ પિયુષભાઇએ મને સવારમાં એક ગુલાબનું ફૂલ આપ્યું. ગુલાબનું ફૂલ આપ્યું એટલે મને યાદ આવ્યું અને મેં પિયુષભાઇને કહ્યું કે, પિયુષભાઇ આ ગુલાબનું ફૂલ નથી.

"યે ગુલાબ કા ફૂલ નહીં હૈં,
યે ચમન કા રાજા હૈં.
ચાચા નહેરું ઇસે કોટ મેં લગાયા કરતે થે,
ચાચા નહેરું ઇસે કોટ મેં લગાયા કરતે થે,
ઇસકી મહેક દેશ-વિદેશમેં પ્રસરાયા કરતે થે,
લેકીન અફસોસ ઇસ બાત કા હૈ,
કી વો ફૂલ અપને સાથ લે ગયે,
ઓર કાંટે યહીં પે છોડ ગયે".

ઉપાધ્યક્ષશ્રી : માગણી ઉપર આવો, માગણી ઉપર.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, નટવરસિંહ બાપુ અહીં બેઠા છે. નટવરસિંહ બાપુએ બે દિવસ પહેલા માનનીય અધ્યક્ષશ્રીને નહીં, પરંતુ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલસાહેબ સામે હાથ બતાવીને કીધું હતું કે તમે હથેળીમાં ચાંદ બતાવો છો. ૪૭ વર્ષથી વધુ તેઓના પક્ષે રાજ કર્યું. પહેલાં એમ કહેવાતું બે બળદની જોડી, કોઇ ન શકે તોડી અને એ ૧૯૭૭માં એક ગુજરાતી આદરણીય તે વખતના વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇએ એ જોડી તોડીને બતાવી ત્યારપછી ગાય માતા અને વાછરડાનું નિશાન આવ્યું.

ઉપાધ્યક્ષશ્રી : માગણી પર બોલો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યો માગણીની બહાર પણ બોલે છે એટલે મને પણ બોલવાનું મન થાય છે. સરકાર એટલે મા બાપ (અંતરાય) નટવરસિંહબાપુ, આપણે બોલવાની ક્ષમતા રાખીએ તો સાંભળવાની ક્ષમતા પણ રાખવી જ પડે. અહીં એવી પણ વાત કરવામાં આવી કે સરકાર એટલે મા બાપ, પૈસો હોય તો પેસ નહીં તો બહાર બેસ. આ બધું વીસમી સદીમાં ચાલતું હતું. આ ૨૧ મી સદી ભારતીય જનતા પાર્ટીની સદી છે એમાં આ કાંઇ ચાલતું નથી. આ સરકારે સરકારી છાત્રાલયો, ઘણી બધી એવોર્ડની યોજનાઓ અનુસૂચિત જાતિ માટે હું વાત કરું તો મહાત્મા ગાંધી એવોર્ડ, સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ, દાસી જીવણ એવોર્ડ એવા ઘણા બધા એવોર્ડોની પણ જોગવાઇ કરી છે અને આ પંજાની અંદર જે ચાંદની વાત કરી તો તેની સામે હું એક વાત કરવા માગું છું કે ચૂંટણી આવે એટલે કોંગ્રેસ ગરીબોને, દલિતોને એમ કહે કે આ ગલે લગ જા અને ચૂંટણી પતે એટલે એમ કહે હમ આપકે હૈ કૌન. આ મંત્રીશ્રી રમણભાઇ વોરાસાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને જેમ આ દેશનું સુકાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સંભાળી રહયા છે ત્યારે આ દેશને એક સારું નેતૃત્વ મળ્યું છે અને અમારા જેવા યુવાનોને એ નેતૃત્વમાં પિતૃત્વના પણ દર્શન થાય છે ત્યારે આ માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરાસાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપી વિરમુ છું.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં ઘણા બધા સભ્યોએ રાજય સરકાર મારફત જે વિવિધ યોજનાઓ ચાલુ છે એની વાત કરી પણ ગામડાંની અંદર વાસ્તવિક રીતે આ ગૃહની અંદર જે યોજનાઓ વિશે વાત થાય છે એનાથી વિપરીત અસર ગ્રામ્ય કક્ષાએ થતી હોય છે. હું રાજકોટ જિલ્લાનો દાખલો આપવા માગું છું કે આ રાજય સરકાર દ્વારા સમરસ ગ્રામ પંચાયતની જે યોજના દાખલ કરી કે સમરસ ગ્રામ પંચાયત થાય ત્યાં આપણે ગ્રાન્ટ વધારે આપીએ પણ રાજકોટ જિલ્લાની અંદર પાંચ તાલુકાની અંદર આજની તારીખે ૨૯(ક) રજૂ નહીં કરવાના કારણે આખા જિલ્લાને સમરસની ગ્રાન્ટ મળી નથી. તા. ૨૦-૬-૧૪ જે ફરિયાદ સંકલન કાર્યક્રમ, કલેકટરના અધ્યક્ષસ્થાને જે મિટિંગ મળે એમાં પણ ડી.ડી.ઓ.શ્રીએ કીધું હતું કે હું ૨૦ દિવસની અંદર સમરસ ગ્રામ પંચાયત જે થઇ છે એની માગણી છે એ સરકારમાં રજૂ કરીશ. આજની તારીખે પણ આખા જિલ્લાની અંદર એક વખત, બે વખત, ત્રણ વખત જે ગ્રામ પંચાયત સમરસ થઇ છે તેવી અંદાજે ૨૦૫ ગ્રામ પંચાયત છે પણ આજની તારીખે સરકારે જે હેતુ માટે જાહેરાત કરી હતી એનો આજની તારીખે રાજકોટ જિલ્લાની અંદર કોઇ ફાયદો મળ્યો નથી. ઘણા સાથી ધારાસભ્યો આ યોજના વિશે વાત કરે છે. ગામડાની અંદર ખરેખર વિકાસ થવો જોઇએ તે આજની તારીખે ભલે યોજના ઘણી આવી છે, પણ અમલવારીમાં તાલુકા કક્ષાએ અધિકારીઓ નહિ હોવાના કારણે જે નાના માણસોને લાભ મળવો જોઇએ તે મળતો નથી. તાલુકા કક્ષાએ ટી.ડી.ઓ. કહો તો ઇન્ચાર્જમાં, ગ્રામ સેવક કહો તો ચાર્જમાં, ગ્રામ્ય વિસ્તારમાં ૪૦-૫૦ કિ.મી.થી આવતા અરજદારોને જવાબદાર અધિકારી મળતા નથી. તલાટી, મંત્રીઓ ગામની અંદર ૩-૪ ગામ વચ્ચે એક-એક તલાટી ફરજો બજાવે છે, ત્યારે આ વિવિધ યોજના વિષે સરકાર વિચારે.

ઇ-કનેક્ટિવિટીની વાત કરી. તો ઇ ગ્રામ વિશ્વ ગ્રામ યોજના કનેક્ટિવિટી ગ્રામ્ય વિસ્તારોમાં નહિ મળવાના કારણે ગરીબ ઘરના માણસોને આનો લાભ મળતો નથી. સૌરભભાઇએ જેમ ૪ ઝોન પી.જી.વી.સી.એલ.ના પાડ્યા એમ સરકાર યોજનાવાઇઝ સરવે શરૂ કરાવડાવે તો લાભ મળે. નરોત્તમ કાકા અત્યારે નથી, પણ એમના શાસનમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી મળી રહે એના અનુસંધાને યોજનાઓ કરી, પણ અમુક ગામડાઓ આજની તારીખે પણ નર્મદા મહી પરી યોજના આધારિત પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. આ ગુજરાત રાજયની અંદર વિકાસ થયો છે. શહેરી વિસ્તારોમાં વધારે, પણ અંતરિયાળ, ડુંગરાળ ગામડાની અંદર આજની તારીખે અન્ય જગ્યાએ વિવિધ લાભો મેળવે છે જે આજની તારીખે મળતા નથી. તાલુકા પંચાયતની અંદર અગાઉ બીન ખેતીના પાવર પ્રમુખ પાસે હતા. વસ્તીના ધોરણે એક એકરથી વધારે બીન ખેતી કરવી હોય તો જિલ્લા કક્ષાએ જવું પડે છે. આમાં તાલુકા પંચાયતમાં થોડાક પાવર પ્રમુખશ્રીને મળે એના વિશે વિચારે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય રમણભાઇ વોરા સાહેબ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માગું છું.

હમણા અમારા મિત્રો બધા પાટલી તોડી નાખે એટલા જોરજોરથી હાથ પછાડતા હતા. આ ભાજપની સરકાર દર વર્ષે બજેટમાં મોટી રકમ ફાળવે છે. આ જે મોટી રકમ ફાળવે છે, તે રકમ વસ્તીના ધોરણે ૭.૯ ટકા હોવી જોઇએ, એના બદલે ૪.૫ ટકા રકમ ફાળવે છે અને એ રકમમાંથી પણ જે બજેટમાં ફાળવણી કરે છે એમાંથી પણ ખૂબ મોટી રકમ વાપરતા નથી. ૨૦૧૨-૧૩ માં ૨,૮૪૯ કરોડની રકમ ફાળવી એમાં ૨,૪૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો અને ૪૦૯ કરોડ રૂપિયા બાકી રહી ગયા. અનુસૂચિત જાતિના લોકો આ રકમના લાભથી વંચિત રહી ગયા. ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ૫૦૩ કરોડ રૂપિયાનો ખર્ચ ઓછો કર્યો. ખાસ અંગભૂત યોજનામાં આ ખર્ચ કરવામાં આવે છે. એ નગરપાલિકા હોય કે તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત હોય આ જે ખાસ અંગભૂત યોજનામાં જે રકમ ફાળવણી કરવામાં આવે છે, તે રકમ કોઇ ચોક્કસ વ્યક્તિના અનુસૂચિત જાતિના ઘરેથી આ કામગીરી મૂકીને આખો વિસ્તાર જેની અંદર કામ કરવામાં આવે તે બિન અનુસૂચિત જાતિનો વિસ્તાર હોય છે. એટલે આખી રકમ હોય છે તે બીજા જ વિસ્તારમાં ફાળવવામાં આવે છે. આપના

ધ્યાન ઉપર મૂકું કે આ જે સફાઇ કામદાર લોકો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ૯૭ કામદારોના મૃત્યું થયા. ૪૭ લોકોને આજની તારીખ સુધી કોઇપણ જાતનું વળતર આપવામાં આવેલ નથી. અનામતના અમલમાં રોસ્ટર એકટ લાવવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, રોસ્ટર એકટ નહીં લાવવાના કારણે અનુસૂચિત જાતિના લોકોને ખૂબ જ મોટું નુકસાન થયેલ છે. સરકારી નોકરીઓમાં અત્યારે ટેમ્પરરી ૧૧ માસના કરારે ભરતી કરવામાં આવે છે. આજે ૧૧ માસની નોકરી આપવામાં આવે છે તેમાં અનુસૂચિત જાતિના લોકોને કોઇપણ જાતનું પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી. સ્થાનિક સંસ્થાઓ જે ભરતી કરતી હોય છે, સરકારની ગ્રાન્ટ ઉપર નભતી જે સંસ્થાઓ છે તે અનામતનો અમલ કરતી નથી. તેના કારણે અનામતમાં આવતા અનુસૂચિત જાતિના લોકોને ખૂબ જ મોટો અન્યાય થયો છે. મારી લાગણી છે કે અનુસૂચિત જાતિના આ લોકોની આ તમામ જગ્યાએ ભરતી કરવામાં આવે. અમારી ૭.૫ની ટકાવારી છે તેની ભરતી સમયે નોંધ લેવામાં આવે તેવી અનુસૂચિત જાતિના લોકો તરફથી માંગણી છે.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર આ વિધાનસભામાં વીસેક સભ્યોએ ભાગ લીધો છે. કોઇએ સૂચનો કર્યા છે. કોઇએ વિભાગની કામગીરીને બિરદાવી છે અને કોઇએ ટીકા પણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ ગામડાંનો બનેલો દેશ છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે તમારે સાચા ભારતના દર્શન કરવા હોય તો ગામડાંઓમાં જવું જોઇએ. ગામડાંનો સર્વાંગી વિકાસ સધાશે તો જ દેશ સમૃદ્ધ બનશે. એ જ સાચુ સ્વરાજય છે. પૂજય બાપુના સ્વરાજયનું સપનું પૂર્ણ કરવા સતત બાર વર્ષ સુધી સતત જાગીને આ ગામડાંનો વિકાસ કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાને અનેક પ્રયાસો કરીને આ ગામડાંને ગતિ અને વિકાસ આપ્યો છે. તે વિકાસની ગતિની અંદર જેની સાથે, નરેન્દ્રભાઇના મંત્રીમંડળમાં સાથે રહીને અનેક વિભાગનો જેને અનુભવ છે તે આજના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ રાજયની ધુરા વિકાસની ગતિને ઓપ આપવા માટે સંભાળી છે અને કહ્યું કે ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસ. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સભ્યોએ ૧૦૦ દિવસની ટીકા કરી. ૧૦૦ દિવસ જયારે થશે ત્યારે તેના આંકડાથી આપ તે ગતિને જોઇ શકશો. ગુજરાતના અંતરિયાળ ગામડાંમાં ૪૦ વર્ષ પછી પાણીની વ્યવસ્થા ન હતી, લાઇટની વ્યવસ્થા ન હતી. ગામડાંને સુવિધા આપવાનું કાર્ય કર્યુ હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની ૨૦૧૪-૧૫ ની કામગીરીનો અહેવાલ આપની પાસે લઇને આવ્યો છું. મારે કહેવું છે કે ૨૦૦૩-૦૪ની અંદર આ વિભાગનું પ્લાન બજેટ ૨૯૭ કરોડ હતું. આજે હું ૧૬૨૯ કરોડનું બજેટ લઇને આવ્યો છું. સાડા પાંચ ગણા વધારા સાથેનું આ બજેટ છે. તેવી જ રીતે ૨૦૦૪-૦૫ની અંદર ગ્રામ વિકાસનું બજેટ ૨૩૭ કરોડ હતું. આજે ૨૦૧૩-૧૪ અંદર ૨૧૯૪ કરોડનું બજેટ છે. જેમાં નવ ગણો વધારો છે. અને સરેરાશ આજે ૭.૫ ગણો વધારો છે. પંચાયત વિભાગ માટે ૧૬૨૯ કરોડની જોગવાઇ છે, જનરલ સદરે ૧૧૦૭ કરોડની જોગવાઇ છે, આદિજાતિ વિસ્તાર માટે ૩૭૧ કરોડની જોગવાઇ છે, ખાસ અંગભૂત માટે ૧૫૦ કરોડની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામેના માનનીય સભ્યશ્રીઓ હમણા કહેતા હતા ત્યારે મારે એક વાત આ ગૃહના ધ્યાને મૂકવી છે ૨૦૧૨ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કહ્યું હતું કે, અમે આ ગુજરાતની અંદર જે કાચા મકાનો હશે એને પાકા કરવા માટે સહાય કરીશું. સરદાર આવાસ યોજના ગુજરાત સરકારના ૧૦૦ ટકા આર્થિક ભંડોળથી ચાલે છે અને અત્યાર સુધીમાં સરદાર આવાસ યોજનામાં ૭.૨૯ લાખ મકાનો બનાવવામાં આવ્યા છે, ૩૪૦૦ કરોડનો એની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે અને હજુ ૧.૫૨ લાખ મકાનોનું આજે કામ ચાલુ છે ગુજરાત રાજયની અંદર. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે, હમણા અમિતભાઇ એમ કહેતા હતા કે સરદાર આવાસમાં ૪૫ હજાર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇને હું કહેવા માગુ છું કે, ૧૭ થી ૨૦ની અંદર ૪૫ હજાર હતા અને ૮ થી ૧૩ને અને ૧૭થી ૨૦ના લાભાર્થીને ૭૦ હજારનો લાભ આપીએ છીએ. અમિતભાઇ સ્પષ્ટતા કરી લેજો અને તમારી પાસે કેસ હોય તો મને આપજો ૭૦ હજાર ૧૭ થી ૨૦ના લાભાર્થીને આપવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ હમણા વાત કરી કે કાચા મકાનોનો સર્વે કરવામાં ૮ થી ૧૦ મહિના લાગ્યા. આખા ગુજરાતની અંદર કાચા

મકાનોનો સર્વે કરવામાં સમય લાગ્યો અને ૧૫ લાખ કાચા મકાનોની યાદી અમારા વિભાગને મળી. ૧૫ લાખ મકાનોમાંથી મારે કહેવું છે આ ફ્લોર ઉપર કે આ દેશમાં પ્રથમ ઘટના હશે કે ૨૦ના સ્કેલ ઉપરના કોઇ પણ લાભાર્થીને લાભ આપવામાં આ રાજય સરકાર પહેલી હશે. ૦ થી ૫૨ સુધી કોઇ સમાજ હોય એ સમાજમાં ગરીબ માણસો હોય છે, કોઇ સમાજ સુખી સમાજ હોય તોય એમાં પણ ગરીબ માણસો હોય છે. કોઇ ૩૦નો લાભાર્થી હોય, કોઇ ૨૨નો લાભાર્થી હોય, કોઇ ૪૦નો લાભાર્થી હોય આ પહેલા જ વર્ષે ૩ લાખા કાચા મકાનો ૨૧ થી ૨૮ના સ્કેલ ઉપર આવતો કોઇ પણ લાભાર્થી હોય એ.પી.એલ.હોય અથવા બી.પી.એલ.હોય એને ૪૦ હજારની સહાય કરવાનું આ રાજય સરકારે નક્કી કર્યું છે. ૫ વર્ષની અંદર ૬ હજાર કરોડની યોજના, ૬ હજાર કરોડ ૧૫ લાખ મકાનો છે અને એક વ્યક્તિને ૪૦ હજાર આપવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને મારે કહેવું છે કે, આ યોજના મૂકનાર દેશની અંદર આ પ્રથમ રાજય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમીતભાઇ એમ કહેતા હતા કે બીજી કઇ યોજનામાં વધાર્યા છે. બાકી ઘરના ઘર ગામડે ગામડે લઇને આપણે કાગળીયા લખ્યા છે એના કરતાં તો સારી છે સાહેબ આ યોજના. મારે સન્માનનીય સભ્યને કહેવું છે, અમીતભાઇ મારે આપને કહેવું છે કે હળપતિ આવાસ યોજનામાં ૪૫૦૦૦ હતા એના પણ ૭૦,૦૦૦ કરવામાં આવ્યા છે અને મારે એટલા માટે કહેવું છે કે એ યોજનામાં લાભાર્થી પોતે મકાન નથી બનાવતો પણ એજન્સી બનાવે છે અને એને નવું મકાન નથી આપતા પણ એને ૨૦ વરસ પહેલાં જે મકાનો આપ્યા હતા એ આજે રહેવા લાયક નથી એ લાભાર્થીને આ મકાન આપવાનું છે અને એમાં રકમ ખૂટતી હતી એના માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આમાં નવેસરથી કરવામાં આવી છે. હમણાં અમારા અમીતભાઇ એમ કહેતા હતા ઇ–ગ્રામ વિશે. ઇ–ગ્રામ, વિશ્વગ્રામ થકી પંચાયતોને ટેકનોલોજીથી સજજ કરી ગામને જોડતું દુનિયામાં પ્રથમ રાજ્ય છે. વી–સેટ નેટવર્ક ઊભું કરવામાં આવેલ છે અને ગમે તેવા સંજોગોમાં આ સેટ કામ કરે છે. એમણે જે કહ્યું એમાં મારે આંકડા સાથે કહેવું છે કે ચાર કરોડ પાંચ લાખ ૭–૧૨ના ઉતારા આ જ કમ્પ્યુટરમાંથી કાઢવામાં આવ્યા છે. ૧૮ કરોડ પીડીએસ કાર્ડ અને બે કરોડ ૨૮ લાખ લાઇટબિલ ભરવામાં આવ્યા છે. ગામડામાં જ એનું લાઇટબિલ ભરી શકે. હું સમજું છું કોઇક યોજનામાં મુશ્કેલી હોઇ શકે છે. આ ગુજરાતની અંદર ૧૩૬૮૫ ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટર છે. એને નેટવર્ક ઓછું મળતું હતું જે ૩૭ મળતું હતું તેનું ૯૬ કરવામાં આવ્યું છે અને હવે એ કામગીરી સારી રીતે ચાલી શકે તે માટે આમ કરવામાં આવેલ છે. મારા સાથી મિત્ર અમીતભાઇ એમ કહેતા હતા કે જ્યાં નાના ગામડા છેને ત્યાં વીસી કોઇ કામ કરતાં નથી. એની તો અત્યારે અહીંયા માગણી મૂકી છે. એક હજારથી નીચેની વસતી ધરાવતી ગ્રામ પંચાયત હોય ત્યાં પ્રોત્સાહન માટે એક દીકરી કે દીકરો હોય એને ૧૫૦૦નું માનદ વેતન આપવાનો પણ નિર્ણય કર્યો છે. તમે સૂચન કર્યું છે અમે નિર્ણય કરીને આવ્યા છીએ. આવી ૧૦૦૦થી નીચેની વસતિ ધરાવતી ગ્રામ પંચાયતો ૨૮૪૯ છે. હમણાં કોઇ સભ્ય કહેતા હતા કે •(xxxxxx) ત્યારે આપણને દુઃખ થાય છે

સભાપતિશ્રીઃ તમે (xxxxxx) શબ્દનો વિરોધ કરતા હતા એટલે તમે એ શબ્દ નહિ બોલો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના જે તે વખતનાં મુખ્યમંત્રીને વિચાર આવ્યો કે મારો ગામડાનો ગરીબ માણસ અનેક યોજનાઓમાંથી જિલ્લા પંચાયત એક નહીં અનેક વિભાગની યોજનાઓ સાથે જોડેલો ગરીબમાં ગરીબ માણસ તેને સીધો લાભ આપવા માટે ૧૦૯૮ ગરીબ કલ્યાણ મેળાઓ કરીને, ગામડે ગામડે જઇને, ગામડાંના ગરીબ માણસને તેના ઘરેથી બોલાવીને ૮૧ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે ૧૨ હજાર કરોડનો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એમ કહેવું છે ટૂંક સમયમાં જ ૧૨૭ ગરીબ કલ્યાણ મેળાઓ કરવા માટે અહીંયા બેઠેલી ટીમ જવાની છે. તેમાં ૧,૯૧,૦૦૦ લાભાર્થીઓ અને ૨૦૨ ડેટા એન્ટ્રી થઇ ગઇ છે. ડેટા એન્ટ્રી થઇ ગઇ છે અને આટલા લોકોને લાભ આપવાનો છે. ગરીબ કલ્યાણ મેળાઓ છે જે રીતે ગરીબમાં જાગૃતતા આવી, જે રીતે ગરીબમાં વિચાર આવ્યો આજે કડિયો કોન્ટ્રાકટર બન્યો છે,આજે દરજી ઘરની દુકાન

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

લઇને સીવવા લાગ્યો છે, આજે જે દીકરીને ભણાવવાની ના હોય એ દીકરી સાઇકલ લઇને જાય છે અને એ દીકરી આજે ભણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, **આત્મા ગામડાંનો, સુવિધા શહેરની**. મારે તો એમ કહેવું છે કે, કોઇએ પણ આ વિચાર કર્યો છે આજે દેશના વડાપ્રધાને આ વિચાર કર્યો હતો કે મારે ગામડાંને સમૃધ્ધ બનાવવું છે. મારે ગામડાંને શહેર જેવું બનાવવું છે જેના આધારે આ રાજયમાં ૧૦ હજારથી વધારે જે ગામની જનસંખ્યા હોય એવા ગામો, આદિવાસી વિસ્તારની અંદર ૭ હજારથી વધારે વસતિના ગામો અને તાલુકા પંચાયતનું મથક હોય એવા ગામોની કોઇ જનસંખ્યા નહીં એ ગામને લાભ આપવાનો જ. મારે કહેવું છે કે આજે ૭૯ ગામોની અંદર કામ ચાલુ છે તેમાંથી ૨૦ ગામના કામો પૂરાં કર્યા છે ૩૨ ગામનું કામ ૮૦ ટકાએ પહોંચ્યુ છે અને ૧૭૧ જેનો ડી.પી.આર.બની ગયો છે. અમિતભાઇ, તમારા ૧૯ ગામ આમાં આવે છે તે જોઇ લો.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગામની નોંધ લેવી જોઇએ ગુજરાતમાં નહીં પણ આ દેશમાં આવુ રાજય પહેલું હશે કે એક ગામ પાછળ ભૂગર્ભ ગટરની અંદર પાંચ કરોડનો ખર્ચો કરે, દસ કરોડનો ખર્ચ કરે, પંદર કરોડનો ખર્ચ કરે. હમણાં ભોળાભાઇ કહેતાં હતા, તો આ સન્માનનીય ગૃહના સન્માનનીય સભ્યોને મારે કહેવું છે કે, **વાદ નહીં વિવાદ નહીં પરંતુ સ્વાદ જોઇએ છીએ** તે સમરસ ગામની અંદર છે. જો અહીંયા બેઠેલાં સન્માનનીય સભ્યો આપણે સારા વિચારથી, રાજકારણથી પર ઉઠીને મારે કંઇક કરવું છે એવી ભાવના સાથે જો આપણે કામ કરશું તો ઘણી ગ્રામ પંચાયતો સમરસ થશે અને એ સમરસ ગ્રામ પંચાયત નથી થતી તેની અંદર. માનનીય અધ્યક્ષશ્રી, જે ગામો સમરસ નથી થતા, આ જૂનાગઢમાં, જૂનાગઢની જનતાએ જડબાતોડ જવાબ દીધો છે. કલ્પના બહારની ભારતીય જનતા પાર્ટીનો જૂનાગઢની પ્રજાએ સ્વીકાર કરીને ૨/૩ બહુમતી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહ્યો હતો એ બહુ સારી વાત કરી રહ્યો હતો કે સમરસ ગામ કરવામાં આપણે બધાય લોકો આ પક્ષના હોય કે સામેના પક્ષના હોય, જો ગામડાનો વિકાસ કરવો હોય, જો ગામડાને દિશા આપવી હોય તો સમરસ ગામ છે એ પહેલું પગથીયું છે. સમરસ થશે એટલે વિકાસ થશે એની અંદર અત્યાર સુધીમાં ગ્રામ પંચાયતોને ૧૪૮ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે અને મારે માનનીય ભોળાભાઇને કહેવું છે કે, સમરસ ગામનો એક રૂપિયો બાકી હોય તો એ કાલે મારી ઓફિસે આવે કાલે, કાલે આવે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ગ્રામ સ્વસ્થ કામની યોજના છે. અહીં બેઠેલા માનનીય સભ્યશ્રીઓને મારે કહેવું છે કે, જેની ગ્રામ પંચાયત પાણી વેરો અને સફાઇ વેરો જે ઉઘરાવે છે એમાં ડબલ વધારો કરવામાં આવ્યો છે, ડબલ વધારો ૫૦૦૦નો કોઇ ગ્રામ પંચાયત પંચાયત વેરો ઉઘરાવે તો એને દસ હજાર રૂપિયા રાજય સરકાર આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે પાવન ગામ તીર્થ ગામની યોજના પણ એવી છે કે, ગામડાની અંદર સારો વિચાર રહે. ગામડાના સમાજ- સમાજ વચ્ચે ભાઇચારાનું વાતાવરણ રહે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના ધ્યાને એક બાબત મૂકવી છે કે, ઇન્દિરા આવાસ યોજના આવી ત્યારથી અત્યાર સુધીમાં ૨૦૦૧ સુધી ૧ લાખ ૯૭ હજાર મકાનો બનાવવામાં આવ્યાં છે અને ત્યાર પછી દસ લાખ મકાનો બનાવવામાં આવ્યાં અને દસ લાખ મકાનો બનાવ્યાં છે, અને માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મહેન્દ્રસિંહભાઇને કહેવું છે કે, તમે જૂનાગઢની વાત કરી છે. જૂનાગઢમાં ૨૩૩ મકાનો બન્યાં છે એવો એમને સવાલ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૨૦૦ મકાનોનાં કામ ચાલુ છે અને આ કામ લાભાર્થી જાતે બનાવે છે એટલે ૨૩૩ મકાનો પૂર્ણ થયાં છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી મેં આપી છે એ તો સરકારના આપેલા પ્રશ્નોત્તરીના જવાબમાં આપેલી છે , બીજી કોઇ માહિતી નથી આની ચોખવટ કરવા માટેની વિનંતી કરું છું.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ મારી ચોખવટ છે કે એ સાચા છે, ૨૩૩ મકાનો બન્યાં છે, ૨૨૦૦માંથી ૨૩૩ મકાનો પૂર્ણ થયેલાં છે પણ બાકીના ૨૨૦૦ જે મકાનો છે એનું કામ

ચાલુ છે અને લાભાર્થી જાતે બનાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ જે દિલ્હી ગયાં અને એમણે ત્યાંના અધિકારીઓ સાથે ચર્ચા કરી કે આ ઇન્દિરા આવાસનાં મકાનોમાં જે ૭૦ હજાર રૂપિયા આપવામાં આવે છે એને જો મનરેગા યોજના સાથે આપણે જોડી દઇએ તો કેમ? અને ભારત સરકારે એનો નિર્ણય પણ લઇ લીધો છે. આ વાત હું ઓન રેકર્ડ કહેવા માગું છું કે કોઇપણ લાભાર્થીને ૭૦ હજાર તો મળવાના જ છે. તો એ મકાન બનાવે એમાં મકાનમાં એણે જાતે જ કામ કરવાનું, એ ત્યાં પાણી છાંટે, મકાનના પાયા ખોદે એમાંથી એનું ૯૦ દિવસનું જોબ કાર્ડ બને, એ મારફતે એને એમાંથી ૧૫ હજાર રૂપિયા મળે. તો આ એક બહુ જ મહત્વનો નિર્ણય ભારત સરકારે લીધો છે. તો એને ૭૦ હજાર તો મળે જ છે, એમાં આ મનરેગાના ૧૫ હજાર મળશે અને બીજા ૧૦ હજાર શૌચાલય માટેના મળશે, એટલે એને આ મકાન માટે કુલ એ રીતે ૯૫ હજાર રૂપિયા આ ઇન્દિરા આવાસની સહાય નીચે મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશ્વિનભાઇ કહેતા હતા કે આ ઇન્દિરા આવાસ યોજનામાં કયાંકને કયાંક •(xxxxxx) આવે છે. તો મારું કહેવું છે કે આમાં તો ઓનલાઇન આ મકાનોની ફાળવણી થાય છે અને તુરત જ એ મંજૂર થઇ જાય છે.

ઉપાઘ્યક્ષશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપની પાસે હવે ૩ જ મિનિટ બાકી છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ઓહ, સાહેબ,એટલો જ બાકી સમય છે? માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ વિકાસ વિભાગ છે એની વાત કરું તો ગ્રામજનોની સુખાકારી માટે રાજય સરકારનો ગ્રામ વિકાસનો અલાયદો વિભાગ છે. મિશન મંગલમના માઘ્યમથી આ રાજયમાં ૨ લાખ ૨૧ હજાર સ્વ સહાય જૂનોની રચના કરવામાં આવી છે જેમાં ૨૬ લાખ આ રાજયની મહિલા સભ્યો છે. એને દિશા આપવા માટે, એને વિચાર આપવા માટે આજે આપણે સ્વાભાવિક રીતે કુલ ૧ લાખ ૮૪ હજાર સખી મંડળોનું ગ્રેડિંગ કરીને ૧ લાખ ૭૮ હજાર સખી મંડળોને રિવોલ્વિંગ ફંડ આપીને ૨૪૨ કરોડ રૂપિયા, ૧૧૨૬ કરોડ રૂપિયાની બેંક ગેરન્ટી, ૯૯ કરોડ રૂપિયાનું રાજય સરકારનું રિવોલ્વિંગ ફંડ એમ કુલ મળીને ૧૪૬૭ કરોડ રૂપિયાનો વહીવટ આ બહેનો કરે છે. મંગલ મિશન હેઠળ ચાલતી પેન્શન યોજનાને પ્રોત્સાહન આપવા માટેની યોજના અમે લઇને આવ્યા છીએ. આ યોજના નીચે ૨૦ તાલુકા અને ૯ જિલ્લાનો અત્યારે પાયલોટ પ્રોજેકટ તરીકે લઇને સમાવેશ કરવામાં આવ્યો છે. જે સખી મંડળમાંથી જે સભ્ય ૧ હજાર રૂપિયા ૧૨ મહિને ભરવા તૈયાર થાય તો એને ભારત સરકાર બીજા ૧ હજાર રૂપિયા ફ્રી ઓફ આપશે અને રાજય સરકાર પણ ૫૦૦ રૂપિયા આપશે. એટલે કુલ ૨૫૦૦ રૂપિયા એ બહેનના ખાતામાં એક વર્ષમાં જમા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિભાગ એ ગામડાના છેવાડાના માનવીને લાભ આપતો વિભાગ છે. મારા આ વિભાગ ઉપર જે વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે. મારો વિભાગ એ ગરીબમાં ગરીબ માણસોને સેવા આપતો વિભાગ છે. તો કાંઇક વિચારીનેઆ કાપ દરખાસ્તો પાછી ખેંચીને સર્વાનુમતે ટેકો આપો એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ''અગર ભીમ દલિતોમેં પૈદા ન હોતા, તો દલિતો કા ગુજારા ન હોતા, ચુંહી ડૂબ જાતી દલિતોકી નૈયા, અગર ભીમ નૈયા સહારા ન હોતા,'' પરમ વંદનીય, પૂજનીય ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાસુમન સાથે મારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મહિલા મુખ્યમંત્રી, કિસાનપુત્રી, યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ, શિક્ષક, પ્રિન્સિપાલ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, દસ દસ વર્ષ સુધી જેમણે શિક્ષણ મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો છે એવા પરમ સ્નેહી સન્માનનીય બહેનશ્રી આનંદીબહેન પટેલ અને પરમ સ્નેહી નાણામંત્રી શ્રી સૌરભ ભાઇ પટેલે ૨૦૧૩-૧૪ માં આ વિભાગમાં જે ૧૩૫૫ કરોડ રૂપિયાનું બજેટ હતું તેમાં આ વર્ષે ૨૦૧૪-૨૦૧૫ ના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

બજેટમાં ૨૧૦૨.૧૪ કરોડ રૂપિયા સાથે ૩૫ ટકાનો વધારો કર્યો છે જે કદાચ ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત સન્માનનીય આદરણીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં આ વિભાગને મળ્યો છે.

ડો. બાબા સાહેબ આંબેડકરે દલિત, પિડીત, શોષીત સમાજ માટે અનેકવિધ વાતો કહી છે. પરંતુ એ વાતો ઉપર હું આવું તે પહેલા સમયની પાબંદીને ધ્યાનમાં રાખીને મારા વિભાગમાં જે નવી બાબતો થઇ છે અથવા વિભાગ આગામી દિવસોમાં જે વિશેષ કરવા જઇ રહ્યો છે તેની વાતો આપની સમક્ષ રજૂ કરું છું. મેં કુલ બજેટ રજૂ કર્યું છે એમાં આ રાજ્ય સરકારે શિક્ષણ પાછળ વધારે ધ્યાન આપીને ૧૩૫૩.૭૦ કરોડ રૂપિયા એટલે કે ૮૪.૭૦ ટકા બજેટ માત્ર શિક્ષણ પાછળ આ વિભાગે ખર્ચ કર્યો છે. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ પાછળ ૮૯.૧૭ કરોડ રૂપિયા, આરોગ્ય, વસવાટ અને સામાજિક યોજનાઓ માટે ૧૨૧.૪૯ કરોડ રૂપિયા, બક્ષી પંચમાં પણ અતિ પછાત જાતિ જેને વિચરતી અને વિમુકત જાતિ કહીએ છીએ એના માટે અલગથી ૪૫.૫૮ કરોડ રૂપિયા, અને લઘુમતી સમાજ માટે, આઝાદીના ૬૭ વર્ષમાં પહેલી વખત સૌથી વધારે બજેટ ૧૧૦.૪૨ કરોડ રૂપિયા આ રાજ્ય સરકારે મૂકયા છે.

હું નવી યોજના ઉપર આપનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં અનુસૂચિત જાતિ, દલિત સમાજ અને ઓ.બી.સી. એટલે કે બક્ષી પંચ વિભાગ આ બન્ને વિભાગની કોમન યોજનાઓ છે અને એક સાથે પેરલલ જે અમે ચલાવીએ છીએ એ બન્ને વિભાગની એકીસાથે વાત કરું તો અત્યાર સુધીમાં દીકરીઓને એટલે કે કન્યાઓને ધોરણ ૬ થી ૮ માં વાર્ષિક ૨૫૦ રૂપિયા શિષ્યવૃતિ આપવામાં આવતી હતી. અને ધોરણ ૯ થી ૧૦ ની વિદ્યાર્થીનીઓને ૪૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. આ રાજ્ય સરકારે પહેલી વખત અનુસૂચિત જાતિ અને આ બક્ષી પંચની કુલ ૮,૭૯,૦૦૦ દીકરીઓને ૭૫૦ રૂપિયા શિષ્ય વૃત્તિ એટલે સીધે સીધો ૫૦૦ રૂપિયા અને ૩૫૦ રૂપિયાનો વધારો આ રાજ્ય સરકાર કરવા માગે છે. પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચ શિક્ષણ હોય, આ સમાજનો વિદ્યાર્થી એન્જિનિયરીંગમાં જાય, મેડિકલમાં જાય અને પોતાનું, પોતાના કુટુંબનું અને સમાજનું ભલું કરે એ સ્વાભાવિક આ રાજ્ય સરકારની અપેક્ષા છે. અને એટલા માટે મેડીકલ અને એન્જિનિયરીંગમાં જે ફૂડ બિલ આવે છે તે બિલ અત્યાર સુધીમાં માત્ર ૬૦૦ રૂપિયા આપણે આપતા હતા, અગાઉ મારા પ્રશ્નોતરીના જવાબમાં પણ મેં કહ્યું હતું કે એ ફૂડ બિલ ૬૦૦ રૂપિયામાં વધારો કરી અને હવે તેને ૧૦૦૦ રૂપિયાનું ફૂડ બિલ આપવાના છીએ. એ સાથે સાથે પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ અને આ વિકસતી જાતિના આવા ૧૧૦૨૮ વિદ્યાર્થીઓ પાછળ ૬.૬૦ કરોડ રૂપિયાનો રાજ્ય સરકાર ખર્ચ કરવાની છે. એ જ પ્રમાણે આની પણ માહિતી અગાઉ આ સભાગૃહમાં માનનીય શૈલેષભાઇ પરમારના પ્રશ્નના જવાબમાં આપેલી હતી. મેડિકલ અને એન્જિનિયરીંગમાં જે વિદ્યાર્થીઓ જાય છે એને સાધન સહાય આપીએ છીએ. મેડિકલ સ્ટુડન્ટને ૩ હજાર રૂપિયા સાધન સહાય આપવામાં આવતી હતી પરંતુ આ મોંઘવારીના કારણે અતિ આધુનિક સાધનો આવવાને કારણે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે અત્યાર સુધી જે ૩ હજાર સાધન સહાય આપવામાં આવતી હતી એના બદલે હવેથી ૧૦ હજાર રૂપિયા આપવામાં આવશે. એ જ રીતે એન્જિનિયરીંગની વાત કરું તો ડીગ્રી એન્જિનિયરનો વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય એને ૩ હજાર અત્યાર સુધી આપવામાં આવતા હતા એમાં વધારો કરીને પાંચ હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. એ જ રીતે ડિપ્લોમામાં ૩ હજાર રૂપિયા આપવાનો નિર્ણય કરેલ છે. આનો લગભગ ૧૦ હજાર વિદ્યાર્થીઓને સીધો લાભ સાધન સહાયના કારણે થવાનો છે.

આ સભાગૃહના બધા સભ્યો જાણે છે તેમ, ડો. બાબાસાહેબ આંબેડકર માટે વાત થઇ છે ત્યારે સર સયાજીરાવ ગાયકવાડે ડો.બાબાસાહેબ આંબેડકરને શિષ્યવૃત્તિ આપવાને કારણે વિદેશમાં ગયા અને તેઓએ બાર એટ લોની પદવી ધારણ કરી. આ દેશને સમગ્ર વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ આપ્યું એવા ડો. બાબાસાહેબ આંબેડકરના કારણે તેઓના વિદેશની ધરતી ઉપર જવાને કારણે દલિત, પીડિત અને શોષીત સમાજની ૭૨ પેઢીને બાબાસાહેબે તારવી દીધી છે. આ વિષય વસ્તુને મહારાજા સયાજીરાવને ધ્યાનમાં રાખીને આ રાજ્ય સરકારે સાત સમંદર વિદેશની ધરતી ઉપર જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જાય છે એને

રાજય સરકાર દસ લાખ આપતી હતી હવેથી આ વિદ્યાર્થીઓને ૧૫ લાખ રૂપિયા ચાર ટકાના વ્યાજે આપશે. અત્યાર સુધીમાં રાજય સરકાર ૭૪૨ જેટલા વિદ્યાર્થીઓને ઓલરેડી આની સહાય ચૂકવી ચૂકી છે.

એ જ પ્રમાણે ભૂતકાળમાં દલિત સમાજને મળે તો શું મળે, રીક્ષા મળે, રીક્ષાનો ડ્રાઇવર, છકડાનો ડ્રાઇવર બને બહુ કરે તો જીપનો ડ્રાઇવર બને. ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની અપેક્ષા હતી કે મારો દલિત, પીડિત, શોષીત સમાજ મારો બક્ષીપંચનો સમાજ એનો દીકરો દીકરી પણ તેજસ્વી હોય એ માત્ર વિમાન જોઇને રાજી થાય એમ નહિ, એ પોતે વિમાન શા માટે ન ઉડાડે અને એટલા માટે કોમર્શીયલ પાઇલોટની યોજના રજૂ કરી. હું ૨૦ વર્ષ સુધી રાષ્ટ્રીયકૃત બેંકમાં અધિકારી તરીકે નોકરી કરી આવ્યો છું. પાંચ હજારની લોન લેવી હોય એની શું સ્થિતિ થાય એનાથી તમે અને હું બધા વાકેફ છીએ. આ રાજય સરકારે આ સમાજ માટે કોમશીર્યલ પાઇલોટ માટે ૨૦ લાખ રૂપિયા આપતી હતી એમાં વધારો કરીને હવેથી ૨૫ લાખ રૂપિયા આ સમાજને દલિત અને બક્ષીપંચ સમાજને આપવામાં આવશે.

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે, ટેકનોલોજીની સદી છે અને જયારે ટેકનોલોજીની સદી છે ત્યારે પહેલી વખત ગુજરાત સરકાર ધોરણ–૧૨ સાયન્સમાં ડિસ્ટીન્કશન માર્કસ એટલે કે ૭૦ ટકાથી ઉપર આવનાર તમામ એસ.સી. અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને મફત ટેબ્લેટ આ રાજય સરકાર આપવા માગે છે.

એની સાથે આપણે બધા જાણીએ છીએ કે કુંવરબાઇના મામેરાંની યોજના શરૂ થઇ, પાંચ હજારમાંથી દસ હજારનો સમાવેશ કર્યો. એક દીકરી માટેની યોજના હતી હવે પછી જયારે દીકરી બચાવોની વાત કરીએ છીએ, દીકરીઓ ભણાવવાની વાત કરીએ છીએ ત્યારે આ દીકરીના લગ્ન પ્રસંગે અત્યાર સુધીમાં એક દીકરી માટે કુંવરબાઇના મામેરાની યોજનાનો લાભ આપતા હતા હવે પછી બે દીકરીઓને લાભ આ રાજય સરકાર આપવાની છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ નેટની પરીક્ષા આપે, જીની પરીક્ષા આપે એની પૂર્વ પરીક્ષા તાલીમ આપવા માટે એની આર્થિક સ્થિતિ નબળી છે એને અન્ય સમાજ સાથે સાંકળવો હોય એને ત્યાં લઇ જવો હોય તો આ રાજય સરકારે નક્કી કરેલ છે કે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મેડિકલ અને એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવવો છે અને એની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પહેલી વખત ૩૦ હજારની સહાય કરશે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે પહેલાં દલિત અને બક્ષી પંચનો વિદ્યાર્થી રાજયમાં પહેલાં, બીજાં અને ત્રીજા ક્રમે આવે તો ૪૧,૦૦૦, ૨૧,૦૦૦ અને ૧૧,૦૦૦ રૂપિયાનું ઇનામ આપતા હતા. આ રાજય કક્ષાની યોજના હતી. પહેલી વખત રાજય સરકારે નિર્ણય કર્યો છે કે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં દરેક જિલ્લાવાર જેટલા અનુસૂચિત જાતિના ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડના દલિત અને બક્ષી પંચના વિદ્યાર્થીઓ જે પહેલાં, બીજાં અને ત્રીજાં ક્રમે આવે તેને ૬,૦૦૦, ૫,૦૦૦ અને ૪,૦૦૦ના ઇનામો આ રાજય સરકાર આપવાની છે. એ જ પ્રમાણે આઇ.આઇ.એમ.માં જવું હોય, સેપ્ટમાં જવું હોય, નીફ્ટમાં જવું હોય, આપણે બધા જાણીએ છીએ કે આ ટેકનિકલ કોર્સીસ છે. આ કોર્સીસની આમ જનતાને, વાલીઓને તો ખબર પણ નથી પણ આ જે તેજસ્વી વિદ્યાર્થી મિત્રો જાય છે તેવા વિદ્યાર્થીઓ માટે ધોરણ–૧૨ પાસ પછી જયારે જવાનું છે ત્યારે આવી એન્જિનિયરીંગની પરીક્ષા માટે, પોલીટેકનિક માટે, ગુજકેટ માટે, ગુજસેટ માટે, પી.એચ.ડી. માટે, નેટ માટે, સ્લેટ માટે તૈયારી કરવા માટે રાજય સરકાર ૧૫,૦૦૦ રૂપિયા આપશે. વિકસતી જાતિના અત્યાર સુધીમાં ૭૧૯ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, અનુસૂચિત જાતિના ૫૮૨ છાત્રાલયો કાર્યરત છે. નવા વર્ષથી વિકસતી જાતિના ૨૫ અને અનુસૂચિત જાતિના ૧૫ ગ્રાન્ટ ઇન એઇડ નવા છાત્રાલયો આ રાજય સરકાર શરૂ કરશે. તદ્ઉપરાંત હયાત છાત્રાલયનો અનુસૂચિત જાતિ માટેના ૨,૦૦૦ વિદ્યાર્થીઓ અને વિકસતી જાતિના ૩,૦૦૦ નવા વિદ્યાર્થીઓની ભરતી કરીને કુલ ૫,૦૦૦ વિદ્યાર્થીઓને નવા છાત્રાલયોમાં પ્રવેશ આપવાનું કામ આ રાજય સરકાર કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં રાઇટ ટુ એજયુકેશન એકટ આવ્યો. એ કાયદા પ્રમાણેની તો વ્યવસ્થા મળશે જ. પરંતુ આ દલિત અને બક્ષી પંચ સમાજના વિદ્યાર્થીઓ તેને ખ્યાતનામ સ્કૂલમાં જવું છે. તેના મા–બાપની મેં કહ્યું એ પ્રમાણેની તકલીફ છે. તો તેના માટે રાજય સરકાર પહેલેથી શિક્ષણ વિભાગ

સાથે તાલમેલ કરીને ટેલેન્ટપુલ બનાવીને ધોરણ પથી ૧૦માં જે તેજસ્વી વિદ્યાર્થીઓ છે અને ખાનગી શાળામાં જેને અભ્યાસ કરવા માટે જવું છે તેના માટે રાજય સરકાર આ ખાનગી સ્કૂલો માટે ટેલેન્ટપુલની યોજના માટે એ ખાનગી સ્કૂલમાં જવાનો જેટલો ખર્ચ થશે એ તમામ ખર્ચ હવેથી રાજય સરકાર ભોગવશે. આમ દલિત અને બક્ષી પંચના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ માટે આગામી દિવસોમાં તેની આજીવિકા માટે રાજય સરકારે પહેલી વખત ખૂબ સારા નિર્ણયો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં અનુસૂચિત જાતિ, બક્ષી પંચ અને સમાજ સુરક્ષા ત્રણ વિભાગ છે. અનુસૂચિત જાતિ કે જેને ભારતના બંધારણમાં ડો. બાબાસાહેબ આંબેડકરે વિશેષ લાભ આપ્યા છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહ માટે અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ રૂપિયા ખાનગી ટ્યૂશનમાં આપતા હતા. હવેથી રાજય સરકાર આ ૨૫,૦૦૦ના બદલે ૩૦,૦૦૦ રૂપિયા આપશે. પહેલાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાંથી પહેલાં ૨૫૦ વિદ્યાર્થીઓ જે આવે તેમને આ ખાનગી ટ્યૂશનનો લાભ આપવામાં આવતો હતો ધોરણ–૧૨માં પાસ થયેલા વિદ્યાર્થીઓને. હવેથી ૨૫૦ વિદ્યાર્થીઓના બદલે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં અનુસૂચિત જાતિના પહેલેથી ૧ થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ સુધી ૩૦,૦૦૦ ખાનગી ટ્યૂશનનો લાભ આ રાજય સરકાર આપશે.

મરણોત્તર સહાય યોજના–અંત્યેષ્ઠી યોજના માટે અત્યાર સુધી ૨૫૦૦ રૂપિયા રાજય સરકાર આપતી હતી. હવેથી બમણાં કરીને તેને ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. એ રીતે ધંધાનું સ્થળ કોઇને ગ્રામ્ય કક્ષાએ હોય, નગરપાલિકા કક્ષાએ હોય, મહાનગરપાલિકા કક્ષાએ હોય તેની પણ અમારા વિભાગની અપેક્ષા છે કે જયાં પણ નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય, નગરપાલિકા પોતે મકાન બનાવતી હોય તો તેમાં પણ દલિત, બક્ષીપંચ અને આદિવાસી માટેના રીઝર્વેશનો રાખે તેના માટેની રાજય સરકારની કલ્પના છે. રીઝર્વેશન તો રાખે, પરંતુ તેના માટેની તો બોલી બોલાય. તો આ લાવે કયાંથી? એટલા માટે આવો કોઇપણ દલિત સમાજનો માણસ હશે એને અત્યાર સુધીમાં માત્ર રૂ.૬૦૦૦૦/–ની સહાય આપતા હતા અને રૂ.૧૫૦૦૦/–ની સબસિડી આપતા હતા. આવા ઇસમોને દસ લાખ રૂપિયા આ રાજય સરકાર આપશે. બેંકમાંથી લોન લેવામાં આવે છે. બેંકનો વ્યાજનો દર જે હોય તે. પરંતુ આ લાભાર્થીને માત્ર ચાર ટકાના દરે આ લોન આપવામાં આવશે. એને ત્રણ વર્ષ સુધી રાજ્ય સરકાર સહાય આપશે. આદરણીય દેશના વડાપ્રધાન સમરસ છાત્રાલયની યોજના મૂકીને ગયા છે. દલિત, આદિવાસી અને બક્ષીપંચના બાળકો એકી સાથે ભણે. ગયા વર્ષે રૂ.૬૬૨/– કરોડ રૂપિયા સમરસ છાત્રાલયો પાછળ મિત્રો ખર્ચ્યા હતા. આ વર્ષે બીજા ત્રણ સમરસ છાત્રાલયો બનાવવા આ રાજ્ય સરકાર ઇચ્છે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે આ રાજ્ય સરકાર માત્ર ગરીબ વર્ગ માટે વિચારતી નથી. આ રાજય સરકારની અપેક્ષા છે કે, દલિત સમાજનો દિકરો પણ આઇએએસ બને, એ પણ આઇપીએસ બને અને આઇએફએસ બને. એના માટે યુપીએસસીની પરીક્ષા આપવી પડે. યુપીએસસીની પરીક્ષા આપવા માટે પહેલાં એણે પ્રિલિમનરી પરીક્ષા પાસ કરવી પડે. પોતાના બલબૂતા ઉપર પ્રિલિમનરી પરીક્ષા પાસ કરે પછી શું? મહેનત કરવી પડે. ઘણા બધા વિદ્યાર્થીઓ ખાનગીમાં જતા હોય છે, ઘણા બધા વિદ્યાર્થીઓ દિલ્હી જતા હોય છે. પ્રિલિમનરી પરીક્ષા પાસ કરે પછી દલિત સમાજના કુમારો માટે રૂ.૫૦૦૦૦/– ની સહાય આ રાજ્ય સરકાર કરશે. એમાંય દિકરી હશે તો એને રૂ.૧૦૦૦૦/– વધારે એમ કરીને રૂ.૬૦૦૦૦/–ની સહાય કરશે. આઇએએસ, આઇપીએસ અને આઇએફએસ માટે આ રાજ્ય સરકાર સહાય કરશે. પ્રિલિમનરી પરીક્ષા પાસ કર્યા પછી મેઇન પરીક્ષા પાસ કરવાની હોય છે અને એના પુસ્તકો મોંઘા હોય છે. એની વ્યવસ્થા કરવાની હોય છે. અત્યાર સુધી કોઇપણ પ્રકારની વ્યવસ્થા નહોતી. રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે, આ મેઇન પરીક્ષા પાસ કરે તો કુમાર માટે આ રાજ્ય સરકાર રૂ.૨૫૦૦૦/– આપશે અને દિકરી હશે તો રાજ્ય સરકાર રૂ.૩૦૦૦૦/–ની સહાય કરશે. જેથી દલિત સમાજનો દિકરો–દિકરી આઇએએસ, આઇપીએસ અને આઇએફએસમાં સારો અધિકારી થાય એના માટેની આ રાજ્ય સરકારની યોજના છે. વિકસતી જાતિ માટે, બક્ષીપંચ માટે અત્યાર સુધીમાં એમને વિજ્ઞાન પ્રવાહની અંદર ટ્યૂશન ક્લાસીસ માટેની કોઇ વ્યવસ્થા કે એના માટેની સહાય આપવામાં આવતી નહોતી. દલિત સમાજના વિદ્યાર્થીને જ્યારે આ લાભ મળે છે ત્યારે

એમાં પણ વિચરતી, વિમુકત અતિ પછાત જાતિઓ અને જેની પોતાની આજે પણ આર્થિક વ્યવસ્થા બરાબર નથી અને એટલા માટે હવેથી બક્ષીપંચની અંદર પણ અતિ પછાત વિચરતી અને વિમુકત જાતિના વિજ્ઞાન પ્રવાહના ધોરણ –૧૧માં રૂ.૧૫૦૦૦/–, ધોરણ–૧૨માં રૂ.૧૫૦૦૦/– એટલે બન્નેના કુલ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને રૂ.૩૦૦૦૦/– ખાનગી ટ્યૂશન માટે પહેલી વખત રાજ્ય સરકાર આપશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં ધોરણ–૧થી ૪માં કોઇ શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવતો નહોતો. ધોરણ ૧થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૨૫૦/– શિષ્યવૃત્તિ આપવાનું આ રાજ્ય સરકારે નક્કી કર્યું છે.

મેં કહ્યું તેમ રાજ્ય સરકારે અનેક જોગવાઇઓ કરી છે ત્યારે માત્ર આ જોગવાઇઓ કાગળ ઉપર રહે તો એનો મતલબ નથી, માત્ર આ ભાષણ વિધાનસભા પૂરતું રહે. એનું સખ્તાઇથી અમલીકરણ કરવું પડે અને અમલીકરણ કરવાની દિશાની અંદર પહેલી વખત તમે બધા જુઓ છો તેમ જ્યારે રાજ્ય સરકાર કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરે છે, સત્ર ખૂલે એના ચોથા દિવસથી આ કાર્યક્રમ શરૂ થાય છે અને ચોથા દિવસથી ૩ દિવસ દરમિયાન કન્યા કેળવણી કાર્યક્રમ, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સાથે દલિત અને બક્ષીપંચના તમામ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા શિષ્યવૃત્તિ આપવામાં આવે અને ત્રણ દિવસની અંદર એને ગણવેશ આપવાની વ્યવસ્થા આ રાજ્ય સરકાર કરે છે. સરસ્વતી સાધના યોજનામાં પહેલાં તમે બધા જાણો છો તેમ ૨.૫ કિલોમીટર અને ૩ કિલોમીટરની મર્યાદા હતી. આ રાજ્ય સરકારે આ મર્યાદા કાઢી નાંખી છે અને એની સાથેસાથે સરસ્વતી સાધના યોજનાની અંદર વિકસતી જાતિની કન્યાઓને પણ વિનામૂલ્યે સાઇકલ મળે,એના માટે ૨૮.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજય સરકારે કરી છે.

ડોકટર બાબા સાહેબ આંબેડકરના નામની ડોકટર બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળજીના નામે આવાસ યોજના, સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, સંત શિરોમણી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રો, આ તમામ યોજના સાચા અર્થમાં ગરીબના છેવાડાના ઘર સુધી પંચાયત વિભાગ તો પંચાયત વિભાગનું કામ કરશે એ પંચાયત વિભાગ ઉપરાંત આ રાજય સરકાર આવા ગરીબ લોકો માટે કામગીરી કરી રહી છે. મારા વિભાગ હસ્તક સરકારને પૂરક થવા માટે અનેકવિધ બોર્ડ કોર્પોરેશનો પણ એમાં કામ કરી રહ્યા છે. ગુજરાત પછાત વર્ગ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઇ કામદાર નિગમ, પહેલી વખત ગુજરાતમાં અનુસૂચિત જાતિની અંદર પણ અતિ પછાત જાતિઓ માટેનું આ રાજય સરકારે બોર્ડ બનાવ્યું, બોર્ડ બનાવ્યા પછી એનું નિગમમાં રૂપાંતર કર્યુ અને એ નિગમમાં રૂપાંતર કરવાના કારણે દલિત સમાજમાં પણ જે અતિપછાત જે ૧૨ જ્ઞાતિઓ છે તેમને પણ પૂરતો લાભ મળે એની રાજય સરકારે વ્યવસ્થા કરી. અગાઉ વાત થઇ હતી એ પ્રમાણે વિચરતી અને વિમુકત જાતિ, બક્ષીપંચ સમાજની અંદર કુલ ૧૪૬ જ્ઞાતિ છે અને ૧૪૬ જ્ઞાતિનો આના પહેલાના વિધાનસભાના સત્રમાં ૪૦ જે અતિ પછાત જાતિઓ છે, વિચરતિ અને વિમુકત જાતિઓ છે એના માટે પણ બોર્ડના બદલે સીધેસીધું નિગમમાં રૂપાંતર કરી ઐતિહાસિક નિર્ણય આ રાજય સરકારે લીધો છે અને જયારે અમારા વિભાગની આ કોઇપણ યોજનાઓનો લાભ મળશે ત્યારે આ યોજનાઓનો ૨૫ ટકા લાભ આ વિચરતિ અને વિમુકત જાતિઓ માટે સ્પેશિયલ ખાસ વ્યવસ્થા કરીને એમનું પણ આમૂલચૂર પરિવર્તન કરવાનું કામ આ રાજય સરકાર કરી રહી છે.

આના પહેલા છાત્રાલયોની અંદર જે કર્મચારીઓ કામ કરતા હતા એ છાત્રાલયના કર્મચારીઓના પગારમાં અમે લગભગ ડબલ વધારો કર્યો છે. એની સાથે સાથે અનુસૂચિત જાતિના જે છાત્રાલયોની સાથે જે નિવાસીશાળાઓ ચાલે છે એ નિવાસીશાળાઓના અનેકવિધ પ્રશ્નો છે. કર્મચારીઓના પણ પ્રશ્નો છે, એમના પણ અલગ પ્રશ્નો છે. આ ગૃહની જાણ માટે એમના જે તે સંબંધિત જે મંડળો છે એ મંડળો સાથે રાજય સરકાર ચર્ચા વિચારણા કરી રહી છે અને આગામી દિવસોમાં જેમ છાત્રાલયોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ એમ એમની પણ જે માગણીઓ હશે, વ્યાજબી માગણીઓ હશે એ વાજબી માગણીઓને પૂરું કરવાનો આ રાજય સરકાર પ્રયાસ કરશે. એક માત્ર આ ગૃહના ધ્યાન પર મારે મૂકવું છે. રાજય સરકાર સરકારી આદર્શ નિવાસી

છાત્રાલયો ચલાવે છે જયારે ધોરણ-૧૨નું પરિણામ આવતું હોય, ધોરણ-૧૦નું પરિણામ આવતું હોય અને રાજય સરકાર જયારે ચલાવતી હોય ત્યારે સન્માનનીય ગૃહના ધ્યાન પર મૂકવું છે, માર્ચ-૨૦૧૪માં લેવાયેલી પરીક્ષાઓમાં ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૨૦ આદર્શ નિવાસી શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા પરિણામ છે, બાકીનામાં ૯૦ થી ૧૦૦ની વચ્ચે છે, મારા કહેવાનો મતલબ છે કે આ રાજય સરકાર જેની પાછળ ખર્ચ કરે છે એ તમામનું ધોરણ- ૧૦ અને ૧૨નું માધ્યમિક શાળાનું પરિણામ ૯૦ ટકાથી ઉપર આવે એના માટેના આ રાજય સરકારના પ્રયાસો છે અને એનો સીધેસીધો લાભ આપણને મળી રહ્યો છે.

વિકલાંગતા માટેના રાજય સરકારે અને કેન્દ્ર સરકારે અનેકવિધ કાયદાઓ કર્યા છે. વિકલાંગો માટે મિત્રો બિચારા બાપડા નહીં, એમને પ્રેમની જરૂર છે, એમને હુંફની જરૂર છે એને સહારાની જરૂર છે અને આ રાજય સરકાર એમને સહારો આપવા માટે ૨૦૦૨ની અંદર જયારે આ વિભાગનો હું મંત્રી હતો એ વખતે સમાજ સુરક્ષા વિભાગનું બજેટ હતું ૧૫ કરોડ રૂપિયા. આજે જયારે તમારી સામે વાત કરી રહ્યો છું ત્યારે સમાજ સુરક્ષા વિભાગનું બજેટ છે ૪૯૫,૯૭,૦૦,૦૦૦ રૂપિયા. ક્યાં ૧૫ કરોડ અને ક્યાં ૪૯૫ કરોડ એટલા માટે કે આ સંવેદનાનો વિષય છે. કોઇ ઘરમાં એક વિકલાંગ બાળક હોય અને એના મા-બાપને પૂછો તો આખા ઘરની સ્થિતિ દયનીય હોય છે. એટલા માટે માનવતાના ધોરણે ઘરમાં એક વિકલાંગ બાળક હોય તો એના મા-બાપને સહારો પૂરો પાડવા માટે પહેલેથી છેક સુધી પોતે કમાય અને પોતાના પગ ઉપર ઊભો રહે ત્યાં સુધીની યોજનાઓ આ રાજ્ય સરકારે કરી છે. પાટણ ખાતે હમણાં ૧૧૮ લાખના ખર્ચે એક ચિલ્ડ્રન હોમ અમે બનાવી રહ્યા છીએ. અત્યાર સુધીમાં મંદબુદ્ધિના બાળકો છે એને એસ.ટી.માં મફત મુસાફરી મળતી ન હતી. પહેલી વખત આ મંદબુદ્ધિના બાળકોને પણ એસ.ટી.માં મફત મુસાફરી કરી શકે એના માટેની વ્યવસ્થા કરીને ૧૧ કરોડ ૨૧ લાખની જોગવાઇ અમે કરી છે. માનસિક ક્ષતિવાળા બાળકો માટે વડોદરા અને રાજકોટ ખાતે વ્યવસ્થાઓ કરી છે. અત્યાર સુધીમાં જે વિકલાંગો છે એમના માટેના પસંદગી મેળાઓ પણ થતા હોય છે. રાજય સરકાર પણ વ્યવસ્થાઓ કરતી હોય છે અને એન.જી.ઓ. મદદ કરતા હોય છે. રાજય સરકાર દ્વારા આવા વિકલાંગના લગ્ન માટે ૧૦ હજારના બદલે હવે ૨૦ હજાર આપવામાં આવશે.

મારા બજેટની જોગવાઇઓમાં ઘણા મિત્રોએ સૂચનો કર્યાં છે. ટીકાઓ તો નથી થઇ એવું મારા ધ્યાન પર આવે છે. છતાં બે-ચાર મિત્રોએ વાત કરી છે એમાં અમિતભાઇ ચાવડાએ કહ્યું કે સ્પીપામાં માત્ર ૧૬ વિદ્યાર્થીઓ જાય છે. મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે રાજ્ય સરકારે પહેલી વખત વિચાર કર્યો છે, દલિત, આદિવાસી અને બક્ષીપંચના ત્રણેય વિભાગની ગ્રાન્ટ ભેગી કરીને જેમ સ્પીપા નામની સંસ્થા છે એમ અલગથી સંસ્થા ઊભી કરીને બારેમાસ સતત કાર્યક્રમો લઇને એક,બે, ત્રણ અને છ મહિનાના કોર્સ, એના માટેની સ્ટાઇપેન્ડની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા, આવવા-જવાની વ્યવસ્થા આ બધાનો રાજ્ય સરકારે વિચાર કર્યો છે અને એટલા માટે દલિત, આદિવાસી અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ પણ આઇ.એ.એસ, આઇ.પી.એસ. બને એના માટેની અલગ યોજના આ રાજ્ય સરકારે વિચારી રાખી છે. એના માટે સ્પીપાની અંદર જે વ્યવસ્થાઓ હશે એ જ વ્યવસ્થાઓ રાજ્ય સરકારે આ સંસ્થામાં કરવા મેં કહ્યું એ પ્રમાણે સળંગ આ વ્યવસ્થા ચાલે એની વ્યવસ્થા કરેલ છે. ભાઇશ્રી મણીભાઇ વાઘેલા, શૈલેષભાઇ અને રમેશભાઇએ ઘણી બધી આંકડાકીય માહિતી પણ આપી છે. એમાં કલેરિફિકેશન માટે મણીભાઇએ કહ્યું કે ૪.૯૮ લાખની જોગવાઇ છે. મારા પ્રમાણે તો ૭ ટકા હોવી જોઇએ. આ ૪.૯૮ ટકા એ માત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જોગવાઇ છે. રાજ્ય સરકારના તમામ વિભાગોમાં ખાસ અંગભૂત યોજના છે અને મને આ સન્માનનીય ગૃહને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આના માટેની અલગથી મિટિંગ કરીને ૧૦૦ સામે ૭ ટકાની વ્યવસ્થા કરવા માટેની ફરજ પાડી છે અને કહેતા આનંદ થાય છે કે આ રાજ્ય સરકારના બજેટમાં ૭.૦૯ ની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે. એટલે માત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટની નહીં પણ તમામ વિભાગોમાં જ્યાં ખાસ અંગભૂત યોજના છે એમાં વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે.

એવી વાત પણ થઇ કે ખર્ચ ઓછો થાય છે. આંકડા જુદા જુદા છે. પણ એના માટે મારે કહેવું છે કે મારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સિવાયના જે વિભાગો છે એમાં દર ત્રણ મહિને મોનિટરીંગ

કરીએ છીએ અને દર ૬ મહિને જિલ્લા કક્ષાએ મોનિટરીંગ કરીએ છીએ. અહીંથી બજેટ આપવામાં આવે છે, સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાનમાં બજેટ આપવામાં આવે છે એ બરાબર વપરાય છે કે નહીં અને ન વપરાયું હોય તો કારણો શું છે, તમે જે બજેટ મૂકો છો એનો આ વિભાગને સાચા અર્થમાં લાભ મળે છે કે નહીં એના માટેની ચિંતા આ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કરી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં કાળજીપૂર્વક અને ચીવટતાપૂર્વક આ રાજ્ય સરકાર નિર્ણય કરશે. એક તો રમેશભાઇએ કહ્યું કે ૪૭ જેટલા સફાઇ કામદારોને વળતર મળ્યું નથી. મારે એમને કહેવું છે કે ૪૭ કામદારોની વિગતો મને આપશો તો પૂરતા સમયગાળા દરમિયાન સકારાત્મક રીતે ૪૭ જણાને વાજબી વળતર આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. એનાથી જે વ્યવસ્થા આપશો એના માટે રાજ્ય સરકાર ચકાસણી કરશે અને ચકાસણી કર્યા પછી લાગે કે આ વિષય વસ્તુ બરાબર છે તો એમને આપવામાં જરાય વાંધો નથી. રાજ્ય સરકાર સંવેદનશીલતા સાથે જ્યારે આ વાત કરશે ત્યારે, આ ૪૭ ની વાત કરું છું ત્યારે મારે આ સભાગૃહમાં (સમય સૂચક ઘંટડી) સાહેબ, બે મિનિટ,

અધ્યક્ષશ્રી : બે મિનિટ નહિ, અડધી મિનિટ હોય. ચાર મિનિટ પહેલા તમને કીધું હતું એને પાંચ મિનિટ થઇ ગઇ. આ રહી જાય તો વાંધો નહિ પ્રશ્નો તો આવવા જોઇએ.

શ્રી રમણલાલ ઇ. વોરા : પ્રશ્નોના જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અનેક સભ્યો, અમારા સભ્યો બેનશ્રી ભાનુબેન, ભાઇશ્રી ઇશ્વરભાઇ, ભાઇશ્રી પુનમભાઇ, અનેક લોકોએ સફાઇ કામદારો માટેની ચિંતા કરીને અનેક પત્રો પણ આપ્યા છે. એ પત્રોને મિત્રો હું ચકાસણી કરાવી લઇશ. જેમ રમેશભાઇએ કહ્યું એમ મારી પાસે હજુ એની વિગતો મારી પાસે પૂરતી આવેલ નથી. આવી કોઇ પણ બાબત હશે તો હું ચકાસી લઇશ. ચકાસ્યા પછી આવી કોઇ બાબત હશે તો એને કરીશું અને રોસ્ટર એક્ટની વાત કરી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આજે રોસ્ટર એક્ટની કોઇ જરૂરિયાત દલિત સમાજના હિત માટે નથી રમેશભાઇ. એના માટે તમે પણ પૂરતો અભ્યાસ કરજો, મેં તો પૂરતો અભ્યાસ કર્યો છે. નફાના બદલે નુકસાન વધારે છે. આ નહિ કરવાની રાજ્ય સરકારની કોઇ જોગવાઇ નથી. કોઇએ કહ્યું કે, મૌલાના આઝાદ માટેની એક યોજના બનાવો. તમારે ત્યાં તો બેથી, ત્રણથી, ચોથું નામ નથી. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત આ દેશમાં ત્રણ લોકોને મરણોત્તર ભારતરત્ન (અંતરાય)

અધ્યક્ષશ્રી : બે મિનિટ પણ નથી રહી.

શ્રી રમણલાલ ઇ. વોરા : ડો.બાબા સાહેબ આંબેડકર, મૌલાના આઝાદ અને સરદાર વલ્લભભાઇ પટેલ(અંતરાય) ડો.બાબા સાહેબ આંબેડકર, મૌલાના આઝાદ ને ભારત રત્ન (અંતરાય)

અધ્યક્ષશ્રી : પુરું થાય છે. એક જ પ્રશ્ન પૂછે. વધારે પ્રશ્ન નહિ પૂછવાના આ પ્રશ્નોત્તરી નથી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા નામજોગ મારા પ્રવચનને ટાંકીને કીધું હતું કે સરદાર આવાસ યોજનાની સહાય ૪૫૦૦૦થી વધારીને ૭૦૦૦૦ કરવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કઇ તારીખના પરિપત્રથી કરવામાં આવી છે? હું સ્પષ્ટપણે કહેવા માગુ છું કે આવો કોઇ વધારો થયો નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના મંત્રી હમણાં ખૂબ જુસ્સામાં ગામડાની ચિંતા કરતા હતા, ગામડાની પંચાયતોની ત્યારે મારે આપના માધ્યમથી પંચાયત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગુજરાતના ગામડાઓની ગ્રામ પંચાયતોની જે મોટરો છે એ મોટરો બળી જાય છે અને પંચાયતોની આર્થિક નબળાઇના કારણે એ મોટરો બંધાવવાનું કામ દસ થી પંદર દિવસ સુધી એ કામ પૂર્ણ થતું નથી એટલે ગામડાઓમાં લોકો પંદર – વીસ દિવસ સુધી પાણી વગર રહે છે તો એના માટે કોઇ અલગથી વ્યવસ્થા કે ગ્રાન્ટ ફાળવવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામડાઓની જે પાણીની વ્યવસ્થા છે એ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. નર્મદા આધારિત છે, જુથ યોજના છે અને કોઇ ગ્રામ પંચાયતની સ્વતંત્ર યોજના છે. પણ એ પાણી પુરવઠા વિભાગ આ કામગીરી કરે છે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કે, ગાંધીનગર જિલ્લા પંચાયત એ ગાંધીનગર તાલુકા પંચાયતના બિલ્ડિંગમાં કયા વર્ષોથી ચાલે છે? અને આ માગણી પણ ગાંધીનગર જિલ્લા પંચાયતે અનેકવાર સરકારને મોકલી આપી નવી જગ્યા માટે તો એ માગણી આપ પૂર્ણ કરવા માગો છો કે કેમ અને ક્યારે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકું છે કે, અત્યાર સુધી જે તાલુકા પંચાયતના મકાનના એંશી લાખ હતા, હવે પછી એક કરોડ અને પચાસ લાખની જોગવાઇ કરી છે પણ તમારો જે પ્રશ્ન છે ગાંધીનગરના મકાનનો, સાહેબ એ તપાસ કરી અને વહેલામાં વહેલી તકે એનો શું રસ્તો કરવો જરૂરી બાબત પૂછાવી લઇએ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, અગાઉ તાલુકા પંચાયતમાં સામાન્ય સભા મળતી હતી. એમાં સરપંચશ્રીઓને આમંત્રણ આપવામાં આવતું હતું. હાલ આમંત્રણ સરપંચશ્રીઓને આપવામાં આવતું નથી. તો આ સરપંચશ્રીઓને તાલુકા પંચાયતની સામાન્ય સભામાં બોલાવવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સમરસ થયેલી ગ્રામ પંચાયતોને લાંબા સમય પછી પણ ગ્રાન્ટ ન ફાળવવા પાછળના કારણો કયા છે અને આ સમરસ થયેલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ક્યારે આપવા માગો છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી સ્પીચમાં જ ભોળાભાઇને કહ્યું કે, તમારા રાજકોટ જિલ્લાની કોઇ પણ ગ્રામ પંચાયત સમરસ થઇ હોય અને એના પૈસા આપને ન મળ્યા હોય તો કાલે જ મારી ઓફિસે આવે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સરદાર આવાસ–૨માં ચાળીસ હજારની મર્યાદા છે, તો એ મર્યાદા વધારવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે બોલતા હતા ત્યારે કહેતા હતા કે, મારા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને વિજયનગરમાં મનરેગાનો મોટો ભ્રષ્ટાચાર થયો છે, એમાં પી.એ. કમ ટી.ડી.ઓ. અને મનરેગાના ચાર અધિકારીઓ અને વિજયનગર તાલુકામાં મનરેગાનું દફતર બાળી નાખવામાં આવ્યું છે તો એની સામે કોઇ પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ જિલ્લામાં તપાસ ચાલે છે અને એ તપાસની અંદર જે કાંઇ નિર્ણય આવે, આમાં કોઇએ ખોટું કર્યું હોય તો રાજ્ય સરકાર કોઇ સંજોગોમાં એને બચાવવા માગતી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, આ રાજ્યમાં આભડછેટ અને એટ્રોસિટીના લીધે ઘણા બધા જ્યારે બનાવો બને છે ત્યારે રાજ્ય સરકાર પાસે તા.૧૭–૪–૨૦૧૩ના રોજ આભડછેટ માટેનો સેફનો જે અહેવાલ આવ્યો છે એ અહેવાલ સરકાર ક્યારે રજૂ કરવા માગે છે અને એટ્રોસિટી કેસની અંદર જે સમીક્ષા કરવાની હોય છે, જેના ચેરમેન માનનીય મુખ્યમંત્રી હોય છે એ સમીક્ષામાં લોકલ જે ધારાસભ્યશ્રીનો સમાવેશ કરીને સમીક્ષા છ મહિનામાં થાય એવું કાંઇ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં નિયમિત આ મિટિંગ મળતી હોય છે, કયારેય વહેલું મોડું થતું હોય છે. વિરોધ પક્ષના નેતાશ્રી પણ એના સદસ્ય છે, ધારાસભ્યોનો પણ એમાં સમાવેશ છે. જ્યાં સુધી એટ્રોસિટીના અત્યાચારના બનાવો છે ત્યાં સુધી દિલ્હી સરકારના આંકડાઓની સરખામણી આપણે કરીએ તો ગુજરાતમાં ઘણા બધા ઓછા છે પરંતુ હું માનું છું કે, ઓછાથી વાત પતતી નથી, ન થાય એ દિશામાં રાજ્ય સરકારના અને અહીંયા બેઠેલા સન્માનનીય સભાગૃહના તમામ, મારી–તમારી આપણી સૌની ફરજ છે અને એ દિશામાં રાજ્ય સરકાર જરૂર આગળ વધશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯ અને ૫૦ એક સાથે મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૭૦, ૭૧, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૩–૭–૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષયસૂચિ | | ચોથી શ્રેણી |
|---|---|---|
| **પુસ્તક.૧૬)** | **વિષય** | **પાના નંબર** |


| | | |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | જિલ્લા અને તાલુકા કાનૂની સત્તામંડળ ખાતે લીગલ લીટરસી | ૨૪ |
| | નવસારી જિલ્લામાં વિદ્યાસાધના યોજના હેઠળ અનુસૂચિત | ૧૪૩ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના પછાત તાલુકા મથકોએ | ૧૩૬ |
| | અરવલ્લી જિલ્લામાં આંબેડકર ભવનોનું બાંધકામ | ૩૨ |
| | ડૉ. બાબસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય | ૫૪ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત | ૪૦૯ |
| અમિત ચૌધરી | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક | ૧૫૬ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પશુ સારવાર કેન્દ્ર/પશુ | ૪૨૬ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર | ૧૭૧ |
| | ભૂંડ અને રોઝના ત્રાસથી થતું નુકશાન અટકાવવા માટે | ૧૨૯ |
| | મહેમદાવાદ તાલુકાનાં ગામમાં જમીનનાં નામફેરનું રેકર્ડમાં | ૪૫૦ |
| | માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં મોટા-મધ્યમ નાના | ૩૮૬ |
| | રાજ્યનું જાહેર દેવું | ૩૧૮ |
| | રાજ્યમાં સી.એન.જી. અને પી.એન.જી. ગેસ પર વેટ/સેસ | ૩૦૫ |
| | રાજ્યમાં સોલર પાવર પ્રોજેક્ટની ઉત્પાદન ક્ષમતા | ૨૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૯૪ |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને | ૧૩૨ |
| | આણંદ જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ. | ૨૯૫ |
| | આણંદ જિલ્લામાં ગામોને રૂર્બન કાર્યક્રમ હેઠળ સમાવેશ કરવા | ૩૧૨ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં મોનીટરીંગ અને | ૧૫૯ |
| | આણંદ જિલ્લામાં વીજ જોડાણની પડતર અરજીઓ | ૨૫૧ |
| | આણંદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગ્રાન્ટની | ૧૭૨ |
| | ખંભાતને બંદર બનાવવાની જાહેરાત બાબત | ૪૨૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૭૭ |
| અરૂણસિંહ અ. રણા | આમોદ તાલુકામાં પશુ આરોગ્ય મેળા | ૪૩૯ |
| | ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૩ | ૧૦૧ |
| | ઝઘડીયા તાલુકામાં ન્યાયિક અધિકારી માટે મકાનનું બાંધકામ | ૪૪ |
| | ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ | ૨૮૧ |
| | ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો | ૧૪૨ |
| | ભરૂચ જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ | ૪૫૮ |
| | ભરૂચ જિલ્લામાં હેન્ડ પંપ | ૪૦૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૯૫ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૨૬૬ |
| | અમદાવાદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો | ૧૧૨ |
| | અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૧૭ |
| | ધાનેરા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીના નિવાસનું બાંધકામ | ૨૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન | ૧૫૧ |
| | વિજયનગર ખાતે ન્યાયાલયના સ્ટાફના ક્વાર્ટર્સનું બાંધકામ | ૫૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત | ૩૦૩ |

| પુસ્તક.૧૬) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અરવિંદભાઈ કે. લાડાણી | કેશોદ તાલુકામાં પશુ આરોગ્ય મેળા | ૪૨૧ |
| | જૂનાગઢ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાળકોને | ૧૪૮ |
| | જૂનાગઢ જિલ્લામાં સાત ફેરા સમુહલગ્ન યોજના હેઠળ સહાય | ૩૩ |
| | પોરબંદર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૪૯ |
| | પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહન અનુદાન | ૨૪૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છટ્ઠો દિવસ) | ૨૦૯ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | છાપરી ખાતે કોર્ટ મકાનમાં વધારાનું બાંધકામ | ૨૮ |
| | દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૩૭૩ |
| | દાહોદ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ શૌચાલયો | ૨૬૭ |
| | પંચમહાલ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી | ૧૬૨ |
| | પંચમહાલ જિલ્લામાં ગરીબોને રીફાઈન્ડ આયોડીન યુક્ત | ૧૩૬ |
| | લુણાવાડા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના | ૪૨૩ |
| અશ્વિન કોટવાલ | ખેડબ્રહમા તાલુકાના ખેડવા ખાતે બાંધેલ જળાશયના | ૪૧૨ |
| | ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય સરકારે ફાળવેલ રકમ | ૧૫૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ૭/૧૨ના ઉતારામાં નામ/અટકમાં ભૂલ | ૪૪૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં પોશીના નવો તાલુકોમાં સ્વતંત્ર તાલુકા | ૨૯૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ભાડાના મકાનમાં ચાલતી કોર્ટો | ૩૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં રૂર્બન ભૂગર્ભ ગટર યોજનામાં મંજૂર કરેલ | ૨૫૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે | ૧૨૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતી | ૫૩ |
| અશોકકુમાર ર. પટેલ | કરાઈ ખાતેની પોલીસ તાલીમ અકાદમીમાં પોલીસ | ૪૨૫ |
| | ગુજરાત બિન–નાશવંત કચરો(નિયંત્રણ) વિધેયક,૨૦૧૩ | ૮૮ |
| | ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર | ૨૩૯ |
| | ગાંધીનગર જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો | ૧૩૧ |
| | ગાંધીનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | ૨૮૮ |
| | ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ–મેટ્રિક | ૫૯ |
| | ગાંધીનગર શહેરમાં બનાવેલ ટી. પી. સ્કીમો | ૩૮૩ |
| | માણસા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોનું | ૪૦ |
| આત્મારામ મ. પરમાર | સ્વ.શ્રી નારણભાઈ માધવભાઈ રાઠોડના અવસાન અંગે. | ૪૬૪ |
| આનંદીબેન મ. પટેલ | સ્વ.શ્રી નારણભાઈ માધવભાઈ રાઠોડના અવસાન અંગે. | ૪૬૩ |
| ઈન્દ્રનિલભાઈ સં. રાજયગુરૂ | રાજકોટ શહેર અને જિલ્લામાં ટ્યુશન સહાય યોજના અંતર્ગત | ૪૩ |
| ઈશ્વરભાઈ ઢે. પટેલ | પોઈન્ટ ઓફ ઓર્ડર | ૭૮ |
| | વલસાડ જિલ્લામાં તલાટી ક્મ મંત્રીની ખાલી જગ્યા | ૩૧૯ |
| | વલસાડ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો હેઠળ | ૨૭૪ |
| | વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૩૭ |
| | વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૩૦૫ |
| | વલસાડ જિલ્લામાં જંગલની જમીનોની સનદો | ૧૩૫ |
| | વલસાડ જિલ્લામાં નવી સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવા | ૧૬૨ |

| પુસ્તક.૧૬) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં રાસાયણિક ખાતરની ફાળવણી | ૪૪૧ |
| | વલસાડ જિલ્લામાં સહકારી મંડળીઓને ફાળવેલ રાસાયણિક | ૪૫૯ |
| | વિલ્સન હિલ્સને પ્રવાસધામ તરીકે વિકસાવવા બાબત | ૪૧૦ |
| | શિક્ષણ વિભાગ | ૩૫૮ |
| ઈશ્વરભાઇ ર. પરમાર | ચીખલી તાલુકામાં ગણોતિયાઓ પાસેથી બાકી વસુલ રકમ | ૪૨૬ |
| | બારડોલી તાલુકા ખાતે નવી કોર્ટનું બાંધકામ | ૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૯૭ |
| | વલસાડ જિલ્લામાં વેલાવાળા શાકભાજીનાં પાકો માટે સહાય | ૩૮૪ |
| | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને | ૧૪૫ |
| | સુરત જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની | ૨૫૫ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | અંકલેશ્વર તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના | ૪૨૧ |
| | ઝઘડીયા અને વાલીયા તાલુકામાં વિદ્યા સાધના યોજના હેઠળ | ૧૪૫ |
| | ભરૂચ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો | ૨૫૧ |
| | ભરૂચ જિલ્લામાં વાલીયા તાલુકામાં ગણોતિયાઓ પાસે ખરીદ | ૪૪૮ |
| ઋષિકેશ ગ. પટેલ | કડી તાલુકામાં ન્યાયિક અધિકારીઓ માટે મકાનનું બાંધકામ | ૫૭ |
| | ધરોઇ યોજનામાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ વિસ્તાર | ૪૩૨ |
| | મહેસાણા અને વિસનગર તાલુકામાં સામાજિક વનીકરણ | ૧૪૩ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન | ૩૧૪ |
| | મહેસાણા જિલ્લામાં તીર્થગામ/પાવનગામ જાહેર કરવા બાબત | ૨૯૭ |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૪૫૪ |
| | મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | ૨૫૪ |
| | વિસનગર ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૩૬ |
| | વિસનગર તાલુકામાં પશુ આરોગ્ય મેળા | ૩૯૩ |
| કેતનભાઈ મ. ઇનામદાર | આણંદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો | ૪૨૯ |
| | ખેડા અને સાબરકાંઠા જિલ્લામાં પશુઓને રસીકરણ | ૩૮૯ |
| | ખેડા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથોનું | ૨૭૪ |
| | વડોદરા જિલ્લામાં ઉચ્ચ કુશળતા તાલીમ યોજના હેઠળ થયેલ | ૩૩ |
| | વડોદરા જિલ્લામાં શાળાઓને મંજૂરી | ૧૨૬ |
| કનુભાઇ મો. દેસાઇ | ડાંગ જિલ્લામાં ઇકોટુરિઝમના વિકાસ માટેની યોજના | ૧૨૫ |
| | પારડી તાલુકામાં દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત | ૪૦૨ |
| | પારડી તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ | ૪૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૯૩ |
| | વલસાડ જિલ્લામાં ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો | ૧૭૧ |
| | વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની | ૧૫૪ |
| | વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો | ૨૪૧ |
| | વલસાડ જિલ્લામાં રેલવે મંત્રાલય, ભારત સરકારને ફાળવેલ | ૪૩૭ |
| | વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ | ૩ |
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપવા બાબત | ૧૬૯ |
| | અમદાવાદ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન માટેની અરજીઓ | ૧૧૪ |

| પુસ્તક.૧૬) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પકડાયેલ દેશી/વિદેશી દારૂ | ૪૧૨ |
| | નાનોદરા સરકારી માધ્યમિક શાળામાં શિક્ષણ ગણનો | ૧૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છટ્ઠો દિવસ) | ૨૧૦ |
| કેશુભાઇ હી. નાકરાણી | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય | ૨૭ |
| | ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો-૮ શરૂ કરવા | ૧૨૯ |
